ॐकार ब्रह्म-उपासना

और

मूर्ति पूजा.

ॐ

ॐ श्रीमन्महागणाधिपतये नमोनमः ॥ १ ॥

श्री गायत्री पुरश्चरणालय(व)स्वानंदोद्भव बुद्धिस्थान वेदविद्यालय
पुस्तकालय–श्री गणपति मंदिर, लुणावाडा.
ग्रंथांक. २६

શ્રી શ્રૌત સ્માર્ત્ત પ્રતિપાદિત સનાતન વૈદિક ધર્મના
અસ્ખલિત સિદ્ધાન્તોનો અપૂર્વ અદ્વિતીય વિદ્યાવારિધી
तथा सनातन वेदविहित धर्म्मकल्पतरू.

(सगुणनिर्गुण अभेदात्मक)

ॐकार ब्रह्म–उपासना

અને

मूर्तिपूजा.

(પંચાયતન પાદક્રમઅદ્વિતીય યોગ) (બ્રાહ્મણોપયોગી)

લેખક,
શ્રી બ્રહ્મવિદ્વરિષ્ઠ મહાત્મા શ્રી સદ્‌ગુરૂ–સુપ્રસિદ્ધ દ્વારકા
શારદાપીઠના બ્ર. બ્ર. પૂર્ણાનન્દસ્વરૂપ મહારાજ.
મુ. લુણાવાડા.

પ્રસિદ્ધ કર્તા,
ભુલેશ્વર જેઠારામ મહેતા.
રવિશંકર ભોળાનાથ પંડ્યા.
શ્રી ગણપતિ મંદિર—લુણાવાડા.

મૂલ્ય રૂ. ૨—૦—૦
પાછળથી રૂ. ૨—૮—૦ } પોષ્ટેજ જુદું.

ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું
પાંચકુવા-અમદાવાદ.

પ્રત ૨૦૦૦. આવૃત્તિ ૧ લી. સંવત ૧૯૭૧



ગુજરાતના માન્યવર વકીલ મંડળમાં અગ્રગણ્ય, સનાતન ધર્મનિષ્ઠ ઔદાર્ય શિરોમણી, સદ્ધર્મજ્ઞાનવૃદ્ધિદાનવીર, સાધુ જીવન સ્વરૂપ,

શ્રીયુત રા. રા. ગુલાબદાસ ભાઇદાસભાઇ

વકીલ—સુરત.

ॐकारमूर्त्तेनमोनमः ॥

॥ अर्पण पत्रिका. ॥

(દુહા.)

સુવર્ણ ને સુગંધમાં, તુજ સમ અન્ય ન એક:
લજે સુવર્ણ સુગંધ વિણ, ગુલાબ! શી તુજ મ્હેક !! ૧
નિજ આબે તેં ગુલ કર્યાં સુમન સર્વ જગમાંય;
આબ દિસે ગુલ માંહિ તે તેજ તેજ જગરાય. ૨
પરબ્રહ્મ માયાતણું, વ્યકત સગુણ રૂપ તુંજ
પૂર્ણાનન્દ પ્રફુલ્લતાં, વંદ્ય જગત સુખરૂપ. ૩.

(ॐ)

શ્રી સનાતન સદ્વિદ્યા વૃદ્ધિ દાતાર—આત્મયોગી

શ્રીયુત્ રા. રા. ગુલાબદાસ ભાઈદાસ વકીલ,—સુરત.

સકલ શુભગુણ સંપન્ન મહાશય !!!

આપશ્રીના જીવનના આદર્શમાં કાંઈ અનેક ચિત્રવિચિત્ર રંગો તથા રૂપો દૃષ્ટિગોચર થાય છે. તેઓ આપશ્રીની કુશાગ્ર બુદ્ધિની પ્રભાથી કાંઇક અલૌકિક તેજથી તેજોમય થતાં માલમ પડે છે. આપશ્રીના ધંધામાં આપશ્રીની નિપુણતાથી આખી ગુર્જર ભૂમિ આપે દેદીપ્યમાન કરી છે. અને સર્વે લોકો એકે અવાજે આપની પ્રવીણતાથી સાનંદાશ્ચર્ય પામે છે. આપના નિષ્કલંકપણાની શુભ્રતાએ આપના અનેક વિઘ્નોનું નિરસન કર્યું છે. જેથી આપશ્રીની સુકિર્તિ વિશેષે પ્રકાશન પામી છે. પ્રકાશની તેજસ્વિતા—ધ્વાન્તનું નિરસન થયા પછી જેવી માલમ પડે છે. તેવી મૂળમાં માલમ પડતી નથી. પૂર્ણ કલામાં તે ત્યારેજ આવી શકે છે. એજ સૃષ્ટિ નિયમાનુસાર આપશ્રીનું જીવન પૂર્ણ પ્રકાશને પામ્યુ છે.

આપશ્રીએ લોકોપકારાર્થે દ્રવ્યનો સદુપયોગ કીધો છે. આપના દેશની અવનતિનું કારણ આપે પ્રત્યક્ષ અનુભવથી પારખી લીધું કે જ્યાં સુધી સ્ત્રીઓ કેળવાશે નહિ, ત્યાં સુધી દેશની કદી પણ ઉન્નતિ થનાર નથી. એ કારણથી આખા શહેરની તમામ જ્ઞાતિ તથા કોમ—હિંદુ—પારસી, મુસલમીનની બાળાઓ ગુજરાતી તથા અંગ્રેજી કેળવણીનો લાભ લઈ શકે, એ હેતુથી આપે ઘણાજ ઉત્સાહ પૂર્વક કેવળ સ્વાત્માર્પણ બુદ્ધિથી એકે હાથે ખર્ચ વ્હોરી લઇ **કન્યાશાળા** સ્થાપી આપશ્રીનું નામ અમર કીધું છે. એ ઉપરાંત નવસારી તથા સુરતમાં જે કેલવણીની ખોટ હતી. તે પુરી પાડવા વ્યાપારી તથા અન્ય પ્રકારની આપે ઉદારતા દર્શાવી છે. અને તેથી આપે આપના દ્રવ્યને સાર્થકતા આપી છે. ધૈર્ય અને ખંતથી અનેક શુભ કાર્યો પાર પડે છે. જેનો પ્રત્યક્ષ પુરાવો આપશ્રીએ દર્શાવી આપ્યો છે.

આપશ્રીએ પોતાના જીવનનો મોટો ભાગ પોતાના ધંધામાં પ્રમાણીકપણે ગુજારી જે સુકિર્તિ અને ઉત્કૃષ્ટ યશ પ્રાપ્ત કીધાં છે. તેવાં બીજાં જીવનો ઘણાંજ

થોડાં છે. આપશ્રીએ પોતાની ઉત્તરાવસ્થામાં પણ જનહિતાર્થ કાર્યો કરવા પાછળ જે કાળજી રાખી છે તે ખરેખર સ્તુતિપાત્રજ છે. મનુષ્ય ચતુર્થાવસ્થા (ચતુર્થાશ્રમ) માં દાખલ થાય છે. ત્યારે તે દુનિયાંથી વિરક્ત થાય છે. એથી પોતાને કે અન્યને તેનું **જીવન** ફળદાયી થતું નથી. સત્વગુણી શુભકાર્યો કરવાથીજ આત્માનું કલ્યાણ છે. અને આપણાં શાસ્ત્રો પણ એમજ પ્રબોધે છે.

આધુનિક કળિકાળમાં જ્યારે સનાતન વૈદિક ધર્મનું ખરૂં રહસ્ય ન સમજતાં તેના ઉપર મતાન્ધ લોકો અનેક રીતે પ્રહાર કરે છે. ત્યારે તેનું ખરૂં સ્વરૂપ સમજાવી લોકોને સન્માર્ગ દર્શાવવા પ્રયત્નો કરવા એ ખરેખર આદરણીય છે. અને આ ભારત ભૂમિની પ્રત્યેક વ્યક્તિની તે તરફને માટે ફરજ છે. એવાં કાર્યો કેટલાક પોતે જાતે કરે છે. અને કેટલાક પરમાર્થ બુદ્ધિથી **અન્યને આશ્રય આપી** તેની પાસે કરાવે છે. જ્યાં સુધી મનુષ્યના હૃદયમાં **જ્ઞાન વૈરાગ્ય** વિકાસ પામ્યો નથી. ત્યાં સુધી આવી બુદ્ધિ ઉત્પન્ન પણ થતી નથી. જ્યારે આવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ત્યારે તેનામાં સત્વગુણનો પ્રકાશ થયલો સિદ્ધ થાય છે. અભિમાન દંભ અને કિર્તિના લોભનું આવું પરિણામ આવતું નથી. એ વાતને પ્રત્યક્ષ પુરાવાની જરૂર નથી. જે સ્વતઃસિદ્ધ છે તેને સાબીત કરવાની જરૂર નથી. **જીવનની સાર્થકતા સ્વધર્મ પાલન કરવાથી તથા પોતાના બન્ધુજનોને તેમ કરવા માર્ગસૂચક સાધનો પુરાં પાડવાથીજ છે.**

એકંદર નિરીક્ષણ કરતાં આપની **જગ વિખ્યાત ઉદારતા** તથા આ ભારતીય બન્ધુઓના હિતાર્થે અનેક દિશામાં આપશ્રીની ધર્મ પરાયણ **વૃત્તિ** અને **કૃતિ** ખરેખર અન્ય **ઉદાર** જનોને **અનુકરણીય** છે. સ્ત્રી-પુરૂષ-ઉભયના લાભાર્થે આ કર્મ ક્ષેત્રમાં વાવેલાં બીજોનાં વૃક્ષ ઉછેરી તેને પૂર્ણ ફલદાયી કરવામાં આપશ્રી જે દ્રવ્ય રૂપી અમૃત જળનું સિંચન કરો છો. તેથીજ કિર્તિ અને યશ આપની તરફ દોડતાં આવી આપશ્રીને પ્રેમાલિંગન કરે છે. તેઓ નવિન શરચ્ચન્દ્રની તેજસ્વિ કળાની પેઠે વૃદ્ધિંગત થતાં જાય છે. એ સર્વ ઉપરાંત, ધર્મ જેવા પવિત્ર કાર્યમાં, સ્વધર્મ રક્ષણમાં, પંડિતોના કેવલ જન હિતાર્થ કૃત્યોને જે ઉત્તેજન આપો છો. તથા તેઓ પ્રત્યે પ્રત્યક્ષ સમભાવ તથા સદ્ભાવ પ્રદર્શિત કરી જે તન, મન અને ધનથી ઉદાર આશ્રય આપો છો તેથી આકર્ષાઈ આ **ૐકાર બ્રહ્મ ઉપાસના અને મૂર્તિ પૂજા** પુસ્તક આપશ્રીને પરમ સ્નેહ અને પ્રેમ પૂર્વક **અર્પણ** કરતાં અંન્તઃકરણથી તે પ્રણવ સચ્ચિદાનંદ પરમાત્મા પાસે માગુ છું કે આવાં વિશેષ સત્કાર્યો કરવા, તે પરમાત્મા આપને સદાએ સદ્બુદ્ધિ અર્પો !!! અને આપશ્રીનું હવે પછીનું જીવન સુખમય અને દીર્ઘ થાઓ !!! અને તેવોજ શુદ્ધ અંન્તઃકરણનો આશિર્વાદ તેઓશ્રી ફળીભૂત કરો. તથાસ્તુ.

સંવત ૧૯૭૧ ના આષાઢ શુદી ૧૫ સોમવાર
(ગુરૂપૂર્ણિમા) તા. ૨૬-૭-૧૫.
મુ. સુરત—દયાળ માળવીની વાડી.

ૐતત્સત

ॐ

नमो नमस्ते गुरवे महात्मने विमुक्तसंगाय सदुत्तमाय ।
नित्याद्वयानन्दरसस्वरूपिणे भूम्ने सदापार दयाम्बुधाम्ने ॥
यत्कटाक्ष शशिसान्द्र चन्द्रिका पातधूत भवतापजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्दमात्म पदमक्षयं क्षणात् ॥

આપ સદ્ગુરૂ કે જે મહાત્મા છો. (દેહના) સંગથી રહિત છો. સત્પુરૂષોમાં ઉત્તમોત્તમ છો. નિત્ય શાશ્વત અને અદ્વિતીય આનંદ રસ સ્વરૂપ છો. સદા સર્વદા અંતર્બાહિર વ્યાપક છો અને અપાર દયાના સાગર રૂપ છો. તેમને વારંવાર નમસ્કાર છે.

જેમના કૃપા કટાક્ષરૂપી શિતળ ચન્દ્રમાના એકરસ કિરણો પડવાથી હું સંસારરૂપી તાપના અથાગ પરિશ્રમથી મુક્ત થઇને આનંદ સ્વરૂપ અને અખંડ વૈભવવાળા અક્ષય પરમાત્મપદને સ્હેજે પામ્યો છું.

स्वाराज्य साम्राज्य विभूतिरेषा भवत्कृपा श्रीमहिमप्रसादात् ।
प्राप्तामया श्रीगुरवे महात्मने नमोनमस्तेऽस्तु पुनर्नमोऽस्तु ॥

આપશ્રી સદ્ગુરૂ મહાત્મા કે જેમની કૃપાના અતિ ઉત્તમ મહિમાના પ્રસાદવડે હું આ બ્રહ્માનંદરૂપી સ્વરાજ્ય અને સામ્રાજ્યરૂપ ચક્રવર્તિ પણાની વિભુતિને પ્રાપ્ત થયો છું. હે પ્રભો !!! આપને વારંવાર પ્રણામ છે.

॥ अन्तःस्वयं चापि बहिः स्वयंच स्वयं पुरस्तात्स्वयमेवपश्चात् ॥
॥ स्वयं ह्यवाच्यां स्वयमप्युदिच्यां तथोपरिष्टात्स्वयमप्यधस्तात् ॥

અંતરમાં પણ આપ પોતેજ છો; બાહેર પણ આપ પોતેજ છો, પૂર્વમા પણ આપ પોતેજ છો; પશ્ચિમમાં પણ આપ પોતેજ છો; દક્ષિણમાં પણ આપ પોતેજ છો; ઉત્તરમાં પણ આપ પોતેજ છો; ઉર્ધ્વદિશામાં પણ આપ પોતેજ છો; અને અધોદિશામાં પણ આપ પોતેજ છો.

" ॐ "

न खिद्यते नो विषयैः प्रमोदते न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन्सदा क्रीडति नन्दति स्वयं निरन्तरानन्दरसेन तृप्तः ॥

અખંડ આનંદરસથી તૃપ્ત થયેલો જીવન્મુક્ત પુરૂષ કદાપિ ખેદ પામતો નથી, તેમ વિષયોથી રાજી પણ થતો નથી. વા તેથી કંટાળતો પણ નથી. છતાં, પોતેતો પોતાના સ્વરૂપમાંજ સર્વદા ક્રીડા કરતો આનંદજ કરે છે.

तमसाग्रस्तवद्भानादग्रस्तोऽपि रविर्जनैः ।
ग्रस्त इत्युच्यते भ्रान्त्या ह्यज्ञात्वा वस्तुलक्षणम् ॥
तद्वद्देहादि बन्धेभ्यो विमुक्तं ब्रह्मवित्तमम् ।
पश्यन्ति देहवन्मूढाः शरीराभास दर्शनात् ॥

અંધકારથી (રાહુથી) સૂર્ય નહિ ગળેલો છતાં જેઓ સૂર્યની સ્થિતિથી જાગૃત નથી, એવા અજ્ઞાતજનો રાહુથી સૂર્ય ગળેલા જેવા જણાયાને લીધે સૂર્યને ઘેરાયેલો માને છે. તેમજ ઉત્તમ બ્રહ્મવેત્તા જીવન્મુક્ત પુરૂષ દેહાદિક બંધનોથી કેવળ મુક્ત છતાં પણ તેઓની સ્થિતિની જેમને જાગૃતી નથી એવા અજ્ઞાન લોકો શરીરનો આભાસ દેખાવાને લીધે મુક્ત પુરૂષને શરીરવાળો જાણે છે.

शैलूषो वेषसद्भावा भावयोश्च यथा पुमान ।
तथैव ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्मैव नापरः ॥

જેમ વેષધારી નટ—વેષ પહેર્યો હોય ત્યારે અને ના પહેર્યો હોય ત્યારે પણ પોતેતો પુરૂષજ છે. તેમ બ્રહ્મવેત્તા જીવન્મુક્ત સત પુરૂષો દેહ હોય ત્યારે અને ના હોય ત્યારે પણ, સર્વદા બ્રહ્મ સ્વરૂપથીજ સિદ્ધ છે. તે કદાપિ પણ દેહરૂપ નથીજ નથી.

विलक्षणं यथा ध्वान्तं लीयते भानु तेजसि ।
तथैव सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते ॥
क्षीरं क्षीरे यथाक्षिप्तं तैलं तैले जलं जले ।
संयुक्तमेकतां याति तथात्मन्यात्मविन्मुनिः ॥

જેમ અંધકાર—પ્રકાશ સ્વરૂપથી વિલક્ષણ છતાં પણ તે અંધકાર સૂર્યના પ્રકાશમાં લય જાય છે. તેમ યાવત્ દૃશ્ય દેહાદિક જગત્--બ્રહ્મથી વિલક્ષણ છતાં પણ પરબ્રહ્મમાં વિલય પામે છે.

દુધમાં દુધ, તેલમાં તેલ, અને પાણીમાં પાણી જોડાયાથી અભેદ સ્વસ્વરૂપ થાય છે. તેમ આત્મવેતા મુનિ–સંત પુરૂષ પરમાત્મામાં જોડાતાં સ્વસ્વરૂપાવસ્થાને પામે છે.

बन्धं च मोक्षं च मृषैव मूढा बुद्धेर्गुणं वस्तुनि कल्पयन्ति ।
दृगावृतिं मेघकृतां यथा रवौ यतोऽद्वयासंगचिदेतदक्षरम् ॥

જેમ વાદળાં થવાથી જોનારની દૃષ્ટિને આવરણ થાય છે અને તેથી–આવરણ દૃષ્ટિના લોકો તે આવરણ સૂર્યમાં કલ્પે છે. તેમજ બુદ્ધિના બંધન અને મોક્ષરૂપ મિથ્યા ગુણોના આવરણથી ઢંકાયેલા મૂઢ બુદ્ધિના જનો-તે બંધન મોક્ષરૂપ મિથ્યા ગુણો–પરબ્રહ્મ પરમાત્મામાં કલ્પે છે. પણ બ્રહ્મ વસ્તુ તો અદ્વિતીય, અસંગ, ચૈતન્ય અને અક્ષર સ્વરૂપ છે કે જેમાં બંધન અને મોક્ષની કલ્પનાનો સંભવ પણ નથી.

ૐ

" આર્યાવૃત્ત. "

ખંડન મંડન વિરહિત, અખંડ બ્રહ્માંડ ઇશને ગાવા.
પ્રચંડ પાપ નિવારણ, અકલિત વિભૂતિ જ્ઞાનગંગ ન્હાવા. ૧

બહિરાંતર છો પોતે, દશ દિશ અધ ઊર્ધ્વ આપ પૂર્ણપ્રભુ.
તે નિજ નાથ ચરણમાં, પ્રણમું વારંવાર કૃપાલ વિભુ. ૨

કૃપા કટાક્ષ કરજો, સનાતની બંધુ કેરી જ્ઞાન મતિ:
શ્રદ્ધા ભક્તિ દિપાવી, તદાત્મ ભાવે બ્રહ્મભૂય પ્રગતિ. ૩

અધિષ્ઠાન સત આપજ. અધ્યસ્તે પણ આપ વિલાસો છો.
આપ અભિન્ન ન કાંઇ, સર્વ સ્વરૂપે આપ પ્રકાશો છો. ૪

છીપ તણા અજ્ઞાને, રૂપુ માને જનકો અજ્ઞાની:
સ્વયં તણા એભાને. દેહ માનતા અજ્ઞ અભિમાની. ૫

ચેતન સ્વય ભર્યો છે, છતાં જુએ અજ્ઞાની જડભાવે:
નિર્મળ બુદ્ધિ કરજો, જડ દૃષ્ટિનોજ ભેદ ભરમાવે. ૬

પૃથ્વી ઘટને નામે, તનુ પટ નામથીજ સત્ય દિસે:
પ્રભુ જગતના નામે, ચેતનને દેહને અહોજ નિશે. ૭

પોતે સર્વ સ્વરૂપે, છતાં અજ્ઞ જન જડભાવે જોતા.
જડ દૃષ્ટિનું દર્શન, સ્પર્દ્ધામાં જડમાની હીન ખોતા. ૮

જેમ માટીના કુંભો. માટી મય અનુભવો તણી વાણી.
આત્માનાત્મ વિભાગો, કદી ન પાડે જ્ઞાની ગુણખાણી. ૯

અંજ્ઞ જનોની દૃષ્ટિ, દેહ રૂપ અજ્ઞાન વિસરવાને:
દેહ ભેદ વર્ણન છે. ભ્રમણા જડ અભિમાની તજવાને. ૧૦

(ૐ)

ૐ

ભારતભૂમિની સનાતન વેદધર્મિ ચાતુર્વર્ણ્ય પ્રજાના સ્વધર્મ કર્મ, ભક્તિ, અને જ્ઞાનના સમુદાયરૂપે ઉદ્ધારાર્થે પ્રગટ થતા આ ૐકાર **ब्रह्म उपासना** અને **મૂર્તિપૂજા** નામક ગ્રંથને કેવળ પરમાર્થ ઉદાર આશ્રય આપી પ્રસિદ્ધિમાં લાવનાર ગુર્જર ભૂમિકાના વકીલ મંડળમાં નામાંકિત અગ્રગણ્ય ગણાતા વિદ્યાવૃદ્ધિ કર્ત્તા–ઉદાર શિરોમણી–સદ્ધર્મ ધુરંધર–જીવન્મુક્ત સ્વરૂપ–નિરભિમાની ભક્તરાજ શ્રીમાન્ રા. રા. ગુલાબદાસભાઇ ભાઈદાસભાઈ વકીલના કરેલા ઉપકારનો સત્કાર—

संतोषयेद्वेदविदं द्विजं यः संतोषयत्येष स सर्वदेवान् ॥
तद्वेद विप्रे निवसन्तिदेवा इतिस्म साक्षाच्छ्रुतिरेववक्ति ॥
गृही गृहस्थोऽपितदश्नुतेफलं यत्तीर्थसेवाभिरवाप्यते जनैः ।
तत्तस्य तीर्थं गृहमेवकीर्तितं धनीवदान्यः प्रवसेन्न कश्चन ॥

शंकरादिग्विजये ॥

જે ગૃહસ્થ વેદ (જ્ઞાન) જાણનારા બ્રાહ્મણને રાજી કરે છે. તેને સર્વ દેવતાઓ રાજી કરવાનુ પુણ્ય મળે છે. કારણ કે વેદ જાણનારા બ્રાહ્મણમાં સર્વ દેવતાઓજ વસે છે. એમ સાક્ષાત્ શ્રુતિજ કહે છે.

લોકોને તીર્થોનાં સેવન કરવાથી જે પુણ્ય મળે છે. તે પુણ્ય ગૃહસ્થને ઘેર બેઠાંજ મળે છે. કે ગૃહસ્થનું ઘરજ તીર્થરૂપ કહેવાય છે. આમ છે એટલા માટે ધનવાન ગૃહસ્થે તો ઉદારતાજ ધારણ કરવી જોઇએ. કેમકે સ્વધર્મમાં નિષ્ઠાવાળા, તત્વજ્ઞાનને જાણનારા, સઘળા તીર્થોનું સેવન કરનારા, જીતેન્દ્રિય અને પરોપકારી સર્વ મહાત્માઓ ગૃહસ્થોને ઘેર આવે છે–

લખવાને અતિ આનંદ થાય છે કે–પ્રારબ્ધવશાત્ બેસી રહેનાર–જ્ઞાનાધિકારી કે અન્ય કાંઇ પણ અધિકારી અભિલાષાને યોગ્ય નથી. તેમ પુરૂષાર્થ બળથી "હું કરૂં છું" એવા મિથ્યાભિમાનીની મિથ્યાભિમાની વૃત્તિને શિખામણ મળે છે. કે **अहंकर्त्तेति मूढात्मा** એ ભગવદ્વાક્ય પ્રમાણે કહેનાર મૂઢ બુદ્ધિમાન્ ઠરે છે. કેમકે શ્રુતિ સિદ્ધ **त्वमेवकेवलं कर्त्तासि** આ અનંતકોટી બ્રહ્માંડનો અધિપતિ–પ્રિયપતિ તે પરમાત્માજ છે. જો આમ નિશ્ચય સમજાય તો તો તેની કૃપાથીજ કાંઇ બને. માણસનુ અભિમાન કશું કામનું નથી. પરમાત્માની કૃપાનીજ જરૂર છે. ત્યારે પ્રારબ્ધવાદ–અને પુરૂષાર્થ વાદનો હૃદયમાંથી પરિહાર કરી. તે પરમાત્માની કૃપા સંપાદન કરવા માટે **कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन ।** આપણો અધિકાર કર્મ કરવા સબંધેજ છે તેની ફળની અપેક્ષા રાખવાના સબંધે નથી. ફળ કેટલું અને કેમ આપવું તે તેમણે પોતાને હાથ રાખેલું છે–કેમકે આવી રીતે કરેલાં કર્મ બ્રહ્માર્પણ બુદ્ધિથી પરમાત્માનેજ અર્પણ કરવાનાં છે. અને તે પ્રમાણે કરતાં પ્રભુની સહાયતા અને કૃપા દેખાય છે. એ નિર્વિવાદ છે.

બુદ્ધિના પ્રેરક, બુદ્ધિના પ્રકાશક, બુદ્ધિના અંતર્યામી બુદ્ધિમાં વ્યાપક–બુદ્ધિના સાક્ષી અને બુદ્ધિને ગુપ્ત થવાના સાગર સ્વરૂપ બુદ્ધિના **પતિ**–પરબ્રહ્મપરમાત્મા ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સનાતાત્મક (અભેદ) યોગાધિપતિની જગત્ ઊદ્ધારાર્થ પ્રેરણારૂપ કહો કે ભારતભૂમિના સનાતન વેદધર્મના ચાતુર્વર્ણ્યના જીવાત્માઓના ઊદ્ધારાર્થ કહો. પણ પ્રભુ કૃપારૂપ આ ગ્રંથ સદ્ગુરૂ મહારાજની સ્વયંસત્તાએ લખાઇને તૈયાર થયો જણાયો. બાદ ગ્રંથની પ્રસિદ્ધીમાં શ્રી નિર્વિઘ્નકર ઇષ્ટ સિદ્ધિપતિની વારંવાર સ્તુતિ કરતાં આખરે અધિક માસમાં સુરત મુકામે પ્રભુએ સ્હાયતા કરી જણાઇ–આવાં કામ કરતાં પ્રથમજ ધનની સ્હાયતા જોઇએ છીએ. કેવળ ઇશ્વરઇચ્છાએ પ્રાપ્ત થતું ધન યત્ કિંચિત્ હોય છે. અને તેથી ધર્મસ્થાનોના નિભાવને માટે પણ આ કાળમાં સંકોચ સમજાય છે ત્યારે આવી મોટી રકમની ઉદારતાથી પરમાર્થ સ્હાયતા આપનાર પરમાત્મા સ્વરૂપ વીરપુરૂષ થોડાજ દેખાય છે. નાના પ્રકારના વ્યવહારોમાં, લગ્નાદિ સમારંભમાં, ને માનનાં ભુંગળાંની મહત્તાના મિથ્યાભિમાનમાં હજારો રૂપીઆ ખર્ચ થાય, તેને માટે આગળ પડીને કરવામાં આવે. અને લુલાં લંગડાં આંધળાં પાંગળાં બ્હેરાં વિગેરેને સ્હાયતા આપવામાં, અથવા દેવાલયો શિવાલયો ધર્માલયોને સ્હાયતા આપવામાં અથવા એવાં એવાં ધર્મ કાર્યોમાં આગળ પડીને મદદ કરવાને પરમાત્માની કૃપાના જન શિવાય કોણ હશે ? ? કોઇ નહિ. ત્યારે કેવલ પરમાર્થ દૃષ્ટિએ સનાતન વૈદિકધર્મના ઊદ્ધારરૂપ બ્રહ્મવિદ્યાની વૃદ્ધિરૂપ, અનેક વાચકગણ જીવાત્માઓના કલ્યાણ રૂપ, ધન ઉપરથી મોહ ઊતારનાર **નિર્મોહી,** અને કેવળ પરમાર્થ રૂપે ઊદારતાથી આવા પુસ્તક પ્રકટ કરાવી બ્રહ્મવિદ્યા જ્ઞાનથી જાગૃતી આપનાર તો કેવલ નિરભિમાની સંત પુરૂષ સમાન, નિર્મોહી ભક્તરાજ વિના અન્ય કોઈ નજરે પણ ચડનાર નથી. એ વાત કેવળ નિર્વિવાદજ છે—

કેમકે આ કામમાં તેમને માનની અપેક્ષા તો હોતીજ નથી અહિંયાં કયા માનનો ઇલકાબ મળે તેમ છે ? ? પણ એટલું યાદ રાખવું કે અહિયાંનો ઇલકાબ યાને પદ્વીદાન અનંતકોટી બ્રહ્માંડાધિપતિ પરબ્રહ્મ પરમાત્માના ઘરનો કૃપાપ્રસાદરૂપ દુનીયાંના ઇલ્કાબ કરતાં કોટાનકોટી મહત્વથી ભરેલો છે અને તે વાત કોઇ વિદ્વાનજ જાણે છે. દુનિયાનો ઇલ્કાબ તો તેના શરીર સાથે લય જાય છે. પણ આતો "**નામરહંતાં ઠાકરો નાણાં નહિં રહંત–કિર્તિ કેરાં કોટડાં પાડયાં નહિં પડંત**" આ પ્રખ્યાત દુહા પ્રમાણે આ સનાતન ધર્મ મર્યાદાનો અપૂર્વ ગ્રંથ આ ગુર્જર ભૂમિકામાં અગર ભારતવર્ષમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી તેને પ્રસિદ્ધ કરનારનું **નામ** અને એકંદર સનાતન ધર્મની સાથે અમરજ રહે છે. આવા ધર્મબલને ઉછેરનાર અને પરમાર્થરૂપે ઊદાર આશ્રય આપનાર પરમભક્ત **નિરભિમાની** ધનવાન, મુક્ત દશાનો અનુભવી પુરૂપ હોય તેનેજ બ્રહ્મવિદ્યા પ્રકાશ તરફ અને અનંત જીવાત્માના કલ્યાણ તરફ પરમાર્થ દૃષ્ટિ હોય છે. તેઓને સમજાયેલું હોય છે કે–ધનવાનોનો ધર્મ છે કે સત્ય રીતે સર્વ પ્રકારના દાનોમાં શ્રેષ્ટ દાન તે આ **બ્રહ્મ વિદ્યા-દાન** છે. માટે પોતાના પવિત્ર ધનનો ઉપયોગ બ્રહ્મવિદ્યા પ્રકાશ કરવામાંજ વાપરવો એજ શ્રેષ્ટતા છે. કેમકે આપણામાં કહેવત છે કે "**દુધના દુધમાં અને પાણીના પાણીમાં**" જેવી રીતથી ધન આવેલું હોય છે તેવીજ રીતે તે ધનનો ઉપયોગ થાય છે જો ખરી મેહેનતથી અને સત્ય પરિશ્રમથી આવેલું ધન હોય તો તે ધન–સ્વધર્મ આદિ વિદ્યાવૃદ્ધિના

સન્માર્ગમાંજ વપરાય છે. અને દગા, ફટકા, વિશ્વાસઘાત–દંભ, પાખંડ અને લોકની આંતરડી કકળાવી, છેતરીને જો ધન ભેગું કરવામાં આવ્યું હોય તો લૌકિક લીલાના વ્યવહાર માર્ગે નાના પ્રકારના બહિર અને અભિમાનના માર્ગે જતાં પણ–અંતે ચોર અગ્નિ આદિના ભોગમાં જાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે ધન શુદ્ધ અંતઃકરણની સત્ય મેહેનતથી આવેલું હોય છે તેજ ધન કેવળ પરમાર્થ ઉદારતાના માર્ગે અન્નક્ષેત્ર બાંધવામાં, શિવાલય આદિ બાંધવામાં, યજ્ઞયાગાદિ બ્રાહ્મણ ભોજનાદિકમાં, અને સર્વથી શ્રેષ્ઠતર બ્રહ્મવિદ્યા પ્રકાશ કરવામાં, વિદ્યાદાનના માર્ગે અનંત ભ્રાતૃવર્ગના કલ્યાણના માર્ગમાંજ વપરાય છે. માટે આવાં પુસ્તકો કે જે સનાતન વૈદિક ધર્મના સત્ય રહસ્યરૂપ હોઇને અનંત કાળપર્યંત અનંત જીવાત્માઓને માટે ઉપયોગી છે–તેને પરમાર્થ ઉદાર રકમના દાનરૂપી ખર્ચથી પ્રસિદ્ધિમાં મુકવા ઇચ્છનાર પુરૂષ, આ દુનીઆના ઇલકાબથી ઊંચો અને અમર ઇલકાબ પ્રાપ્ત કરી સદાકાળને માટે પ્રભુચર્ણમાં તન્મયતા મેળવે છે. એટલો તેનો અધિકાર મોટો છે. કે તેને ધન ઉપરથી મોહ ઉતરેલો છે. એટલે તેની ઉદારતા ખુલી છે–ધન ઉપરથી મોહ ઉતરેલો છે તેની પરીક્ષા તે ઉદારતાજ છે–અને તે સત્ય ઉદારતા લૌકિક માન મેળવવા રૂપ હોતી નથી. એજ તેનુ મહત્વ છે–સાધુ વૃત્તિની સંપૂર્ણ ભાવનાથીજ બ્રહ્મવિદ્યાના દાન ઉપર પ્રીતિ હોય છે. અને તેથી સ્વધર્મ સાહિત્યની વૃદ્ધિ ઇચ્છે છે—

એવા શાસ્ત્ર સિદ્ધ સત્ય વિચારોપૂર્વક કોઇ સંસ્કારી ધનવાન, ઉદાર ગૃહસ્થનાં દર્શન કરાવવા પ્રભુપ્રાર્થના હતી. તેવામાં શ્રી બુદ્ધિપતિ પરમાત્માએ પ્રેરણા કરી. અને સુરતના સુપ્રસિદ્ધ વકીલમંડળના અગ્રગણ્ય ગણાતા. ઉદાર દાનવીર–સાધુ ચરિત્રવાન–સુવિદ્યાવિલાસી પવિત્ર બ્રહ્મચર્યવાન રા. રા. ગુલાબદાસભાઈ ઉપર એક વિનંતીપત્ર લખવા પ્રભુ પ્રેરણા થઇ. પત્ર લખાણો–પોતે નવસારી હતા–ત્યાં પત્ર પહોચતાંજ આ પરમાર્થ ઉદાર બુદ્ધિવાન પુરૂષે બહુજ વિસ્તારથી પત્રનો જવાબ આપ્યો અને જણાવ્યું કે–હવે નાસ્તિકત્વ વ્યાપી ગયુ છે. સુધારો કે જેને કુધારો કહીએ ને હદબ્હાર વ્યાપી ગયો છે–પ્રીતિ ભોજન પ્રકટ રીતે પ્રવેશ કરવા પામ્યું છે. અને બ્રાહ્મણ દેવાદિકની નિંદાનો પાર રહયો નથી–માટે આપણા શ્રેષ્ટ સનાતન ધર્મના અને નીતિના ગ્રંથો ઘણા અને વેળાસર બહાર પાડવા જોઇએ–રોજ રોજ વધારે લખવા રહેવા જોઇએ–અને તેમ કરી આપે મહાત્મા અને તારક અને રક્ષણકર્ત્તાની પદવી પ્રાપ્ત કરવી જોઇએ વિગેરે–

વિશેષમાં જણાવ્યું છે કે આ સૃષ્ટિમાં સર્વ પ્રાણીની ઉત્પત્તિ આપણી ભારત ભૂમિ યાને આર્યભૂમિમાંથી છે. સર્વ ભાષા લિપિનાં માતાપિતા આપણી સંસ્કૃત ભાષા છે. આપણા પૂજ્ય દેવો પંચાયતન આદિ–સર્વ ધર્મમાં અને સર્વ જ્ઞાતિમાં વા સર્વ દેશના ભાગમાં માન્ય અને પૂજ્ય છે. પછી ઓછા કે વત્તા જુદા જુદા રૂપમાં અને ભાષામાં થાય. પરમાત્મા કોઇ ભેદ રાખતો નથી અને કંઇ પણ તેમાં હોવો જોઇએ નહિં. માત્ર કર્મથીજ ભેદ પડી ગયેલા છે અને પડે છે તથા પડવાના છે તે દૂર કરવાને હવે જેટલા પ્રયત્નો થાય તેટલા આપણે કરો. " **નિંદા** " એ તો પુષ્પની અમૃત વૃષ્ટિ છે. તે આપણી સાથે આવવા શક્તિ ધરાવતી નથી. અને સુધારકોને આપણે અટકાવી શકવાના નથી. વિગેરે—

પુનઃ જણાવે છે કે આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવાની આપની ઇચ્છા છે. અને તેને લગતો સર્વ ખર્ચ અત્રેથી કરાવવાની ઇચ્છા છે તો ખરે તે આપણા શ્રીગણેશજી શ્રીપરબ્રહ્મ શ્રી મહેશ્વરીની પ્રેરણાથીજ છે. માટે તેનો સ્વીકાર કરશો એ ધર્મ હોઇ તેમાં સમતા મહા આનંદથી અપાય છે. વિગેરે વિગેરે—

આ પ્રમાણે જવાબ વાંચતાં આનંદનો પાર રહ્યો નહિ. મને પોતાને તેમના સ્વભાવનો તેઓએ તેટલો અનુભવ નહોતો. છતાં સ્વધર્મ તરફની તેમની ઉત્કટ શુભેચ્છા અને લાગણી કેટલી અને કેવી છે તેનો વિચાર થતાં અને તેની સાથે આવા અનીતિથી થતા પ્રચારને અટકાવવાને માટે સનાતન વૈદિક ધર્મનાં પુસ્તકો પ્રકટ કરવાની કાળજી કેટલી છે, તેનો વિચાર થતાં તેમનાં સુવિચારોને સહસ્રશઃ ધન્યવાદજ આપવો ઘટે છે. શંકરાચાર્ય મહારાજના બોધ પ્રમાણે સમજાય છે કે.

विद्यते न खलु कश्चिदुपायः सर्व लोक परितोष कृतो यः
सर्वदा स्वहितमाचरणीयं किं करिष्यति जनो बहु जल्पन् ।

સર્વ લોકના મનનુ સમાધાન કરવાને આ સૃષ્ટિમાં કોઇ પણ ઉપાય જણાતોજ નથી. ત્યારે સજ્જન પુરૂષોએ પોતાના કલ્યાણ રૂપ માર્ગનું સદા આચરણ કરવું. પછી બહુ બોલનારા બોલીને શું કરશે ? ? ?

કોઇ એક પુરૂષને સૃષ્ટિના તમામ લોકો સારો કહે એમ બનવું મુશકેલજ છે. સનાતન વૈદિક ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારને અને તેના આશ્રય દાતાને સનાતન વૈદિક ધર્મના વિરોધીઓ નીંદે, તેથી તેની મહત્તાને હાની તો થતીજ નથી પણ તેથી તેની મહત્તા વધે છે શ્રીમત્ શંકરાચાર્ય મહારાજ કહે છે કે.

निंदावमानात्यंतं भूषणं यस्य योगिनः ।
धी विक्षेप कथं तस्य वाचाटैः क्रीयता मिह

નિંદા અને અપમાન એ બંન્ને યોગી જનોના દૂષણ રૂપ નથી પણ ભૂષણ સ્વરૂપ છે માટે તેમાં યોગી જનોએ બુદ્ધિને વિક્ષેપ કરવા દેવો નહિં એતો માત્ર નિંદા અપમાન કરનારના મુખની વૈખરીજ છે. એમ જાણો.

પણ આવા કલિકાલમાં સ્વધર્મ સાહિત્યની વૃદ્ધિએ પરમાર્થ બુદ્ધિને અને આવી મોટી રકમના પરમાર્થ ઉદારતા રૂપ મોટો ઉપકાર કરવા ખર્ચ કરનાર કોણ છે ? ? આવા વખતમા આવા પરોપકારી નરને વારંવાર ધન્યવાદજ આપવા ઘટે છે.

પુસ્તક છપાવવા મોકલતાં **ઉદારરત્ન.** રા. રા. ગુલાબદાસભાઇ પાસે, તેમનું જીવન ચરિત્ર પ્રસિદ્ધિમાં મુકવા મારો વિચાર દર્શાવ્યો. ત્યારે તેમનો એક સાથી—મહાન્ સદ્‌ગુણ મારી દૃષ્ટિએ આવ્યો. અને તે એકે જ્યારે મેં લખ્યુ ત્યારે તેમણે અતિ નિરભિમાનતાએ જવાબ વાળ્યો કે મારા જીવનચરિત્રને પ્રકટ કરવાની મારી ઇચ્છા નથી. અહાહાહા !!! કેટલી બધી નિરભિમાનતા !! કે જેના જીવનમુક્ત સમાન સ્વરૂપના સાધુ જીવનવાળા શરીરના અભિમાનથી તેની કિર્તિની અપેક્ષાજ નથી. બાકી લોકમાન અને લોક કિર્તિને માટે લોકો લાખો રૂપીઆ ખર્ચે છે. ત્યારે આ પુસ્તક છપાવવાને તેઓને પરમાર્થ ઉદારતા નિરભિમાનતાથી કરવી કેમજ સારી લાગે ? ? તે આ દાતાર પુરૂષનો તે તરફ પ્રેમ નથી અને આ ધર્મના તરફ કેટલી બધી લાગણી છે. આવી નિરભિમાનતા જોઇ મને ઘણોજ પ્રેમ ઉત્પન્ન થયો. અને બહુજ આલ્હાદની સાથે આ તેમના પવિત્ર ગુણનું સ્વરૂપ પ્રસિદ્ધીમાં મુકવા લખવાને ઇચ્છા થઇ. આવા પવિત્ર ઊદાર દાનવીર દાતાર પરમાર્થી પુરૂષ અમારી ભારત માતાના કુક્ષીમાં ઉત્પન્ન થાઓ !! અને આવીજ રીતે સનાતન વૈદિક ધર્મને સદાએ સ્હાયના આપી

કલિના દુરાચારથી. ભારત પ્રજાને બચાવવાને ઊતકંઠીત દેખાઓ, એવો અમારો શુદ્ધ હૃદયનો સત્ય આશિર્વાદ છે. એટલુંજ નહિં પણ આવા કેવળ જનોપકારાર્થ ભારત વર્ગની સનાતન વૈદિક ધર્મની પ્રજા ઉપર જે ઉપકાર કરી આ ગ્રંથ પ્રસિદ્ધિમાં લાવ્યા છે. તેને માટે બહુજ માન સાથે આભાર પ્રદર્શિત થાય છે.


વિરોધી બુદ્ધિના પાક્ષિક પુરૂષો—સ્વધર્મ સાહિત્યના વૃદ્ધિ કર્ત્તા. ઉદાર નરને તેમ સંત જીવન્મુક્તના સબંધમાં પણ વિરોધની દૃષ્ટિએ જુએ છે અને જોશે—અને નિષ્કલંક ચરિત્રને કલંકિત કરવા મિથ્યાભિમાન ધારણ કરશે. પણ એટલું યાદ રાખવું યોગ્ય છે કે—આશ્રય દાતાની યોગ્ય આશ્રય મહત્તા તેના દાનની સાથે પ્રકાશિતજ છે. તેમાં વાક્ ચાતુર્યથી નવિન વિશેષ નથી છતાં તતસ્થાને પોતે વિરાજમાન હો તોપણ તેજ મહત્તા પોતાને માટે યોગ્ય ગણાય એ વાત નિઃશંક છે.

સાહિત્ય તરફની શુભેચ્છાઓ પ્રગટ થતી ગુર્જર ભૂમિકામાં દૃષ્ટિગોચર થાય છે. છતાં જે સાહિત્યના લાલિત્યનો પાયો સ્વધર્મની સાથે સબંધ ધરાવે છે. તે પાયો જ્યાં સુધી જનસમૂહમાં નિર્બલતાએ ધરાયો છે ત્યાં સુધી સાહિત્યની સંપૂર્ણતાની સેવા કર્ત્તા બન્યા છો એ વાત ખ પુષ્પવત છે. સાહિત્યનું સંપૂર્ણ બળ સ્વધર્મમા છે. સ્વધર્મ મર્યાદા સંસ્કૃત રૂપે સ્વય પ્રકાશમય સંસ્કૃત ગ્રન્થોમાં ગુપ્ત પણે પ્રકાશ પામેલી છે. અને તે સંસ્કૃત વિદ્યાના યોગે ગુર્જર ભાષામાં તે સાહિત્યનું લાલિત્ય પ્રગટ થાય તેમ કરવાને પરિશ્રમ ઉઠાવવો વિદ્વાનો ઉચિત માને છે. અને તે સર્વાંગે સત્ય છે. અક્ષરો અને વાક્યોમાં અને તેની લિપિમાં મારામારી ચાલતી રાખી કાળક્ષેપ કરતા. કરતાં હેતુ સિદ્ધિ તરફ નજર દોડાવી જનારા સાક્ષરો સાહિત્યમાં સારી વૃદ્ધિ કરે છે એમ કહેવાને દોષ નથી. બેશક—લિપિનો સુધારો સાહિત્યનુ અંગજ છે. અને સાહિત્યના બળમાં માન્ય રૂપ છે. પણ તેમાં વિદ્વાન સાક્ષરોએ શાસ્ત્ર મર્યાદા અને સ્વધર્મની વૃદ્ધિના સાહિત્ય તરફ પુરતું ધ્યાન આપવું. એ તેમનું ભૂષણ છે. જેમ લિપિ અને તેની સાથે સાહિત્ય પક્ષના વિચારવંતો—નવિન પદ્ધતિના સાક્ષરો અને વિદ્વાનો તરફ માનની દૃષ્ટિએ જુએ છે. તેમજ નિષ્પક્ષપાત બુદ્ધિએ સ્વધર્મ સાહિત્યના જાગૃત વિવેકી અને મહાન ગણાતા સાક્ષરો પંડિતો વિદ્વાનો, તત્વજ્ઞાન દૃષ્ટિના લેખકો તરફ તેટલાજ માનની દૃષ્ટિએ જોઇ. પ્રજા વર્ગને સર્વ સાહિત્યની ખોટ પુરી આપવી યોગ્ય છે. તેની સાથે તેવા સ્વધર્મ સાહિત્યને પ્રગટાવનાર ઉદાર નરો તરફ પણ ગંભિરતાથી જોવાની ટેવ રાખી સર્વના માનની ધારણાએ આ સાહિત્ય સેવકો અતૂલ્ય માન્યસ્પદ ગણાશે આ વિવેક વિસરી જવા જેવો નથી—વિદ્વાન વર્ગની શ્રેષ્ઠ બુદ્ધિની ઉચ્ચતર ભૂમિકાને આલેખતી કલમ અન્ય વિદ્વાન વર્ગના માન્યમાં પોતાના ઉચ્ચ સ્થિતિના અનુભવને જુએ છે. એ વિદ્વાન ગણાતા મહતજનોની નિરભિમાની શ્રેષ્ઠતા છે. માન્ય મેળવવાની અભિલાષાથી માન્યતા રૂપ ગણાશે નહિ. પણ માન્ય આપવાથી માન્યતાના શિખરે પહોચશો. અન્યને માન્ય આપવામાં આપણા માનને ધોકો પહોચે છે. આ વિચાર વિદ્યાગર્વ ધનગર્વ, મદગર્વ, એકંદર દેહાંધપણાના ગર્વિષ્ઠ પણાનો ચિતાર છે. સાહિત્ય સેવકોમાં વિદ્યા, વિનય ગુણની અભિવૃદ્ધિ—એ સાહિત્યનો અને તેના સેવકોનો શિર્ષ ભાગ છે—તે તરફ ધ્યાન આપવું યોગ્ય છે, અન્ય પ્રસંગે સાહિત્યના વિષય વિષે પ્રભુ કૃપારૂપ ચિત્ર દર્શનમાં આવશે. **इतिशम् ॐ**

ॐ

ॐकार परब्रह्म परमात्माना निर्गुण अने सगुण प्रकारनी–तेम ईश्वर अने जीव तथा प्रकृति प्रकारनी वेदव्याख्याओ.

प्रकार.	वेद व्याख्या.	गुजरातीमां अर्थ.
निर्गुण ब्रह्म प्रकार.	अखिलोपाधि विनिर्मुक्तमनाद्यंतं शुद्धं शान्तं निर्गुणं निरवयवं नित्यानन्दमखण्डैकरसमद्वितीयं चैतन्यं ब्रह्म.	समग्र एवी उपाधि (अव्यक्त, महत्तत्व, विद्या, अविद्या, ईश्वर, जीव)थी रहित, आदि अंतथी रहित, शुद्ध, शान्त स्वरूप, निर्गुण, निरवयव, नित्य आनंद स्वरूप, एकरस, अखंड, अद्वितीय चैतन्य ते ब्रह्म छे.
सगुण ब्रह्म प्रकार.	अव्यक्तं महदहंकार पृथिव्यप्तेजोवाय्वाकाशात्मकत्वेन बृहद्रूपेणाण्डकोषेन कर्मज्ञानार्थं रूपतया भासमानं सकल शक्त्युपबृंहितं शबलं ब्रह्म.	अव्यक्त ने आद्य लइने महत्तत्व, अहंकार, पृथ्वी, जळ, तेज, वायु, आकाशना महान् रूपवडे अंड कोषवाळो (ब्रह्मांड कोषवाळो) के जे कर्म, (उपासना) ज्ञान, अर्थ, अने स्वरूपतावडे भासमान थतो पोतानी सर्व शक्तिथी वृद्धिरूप थतो जणातो अथवा बृंहित एवो उच्चार करतो ते (निर्गुण छतां) सगुण ब्रह्म छे.
ईश्वर ब्रह्म प्रकार.	एतल्लक्षणं ब्रह्मैव स्वप्रकृतिशक्त्याभिश्लेषमाश्रित्यलोकान् सृष्ट्वान्तर्यामित्वेन प्रविश्य ब्रह्मादिनां बुद्ध्यादीन्द्रियानियंतृत्वादीश्वरः ।	उपर बतावेला लक्षणवाळो सगुण ब्रह्मज पोतानी प्रकृति शक्तिना संयुक्त आश्रयरूप लोकोने सृजी तेमां अंतर्यामीपणाथी प्रवेश करी ब्रह्मा, आदि बुद्धि विगेरे ईन्द्रियने स्वाधीनमां राखवापणाथी तेज पोते नियंता ईश्वर छे.
जीव ब्रह्म प्रकार.	ईश्वर एव प्रकृति गुणविकारमयत्वात् ब्रह्मा विष्णु विश्वेशेन्द्रादि नामरूपद्वाराहमित्यध्यासवशात्स्थूलो जीवः सो यमेकोपि देहोहं भेदवशात्तदंशा बहवो जीवाः ।	उपर वर्णवेलो ईश्वरज–प्रकृतिना त्रण गुण विकारथी ब्रह्मा, विष्णु, विश्वेश (रुद्र) इन्द्र आदि नामरूप द्वारा "हुं" एवा अभ्यास वडे स्थूल शरीरवाळो जीव थयो ते आ एक छतां पण "हुं" एवा भेद वशपणाथी बहुरूप ते आ जीवो छे. एकोऽहं बहुस्याम्.
प्रकृति प्रकार	ब्रह्मणः सकाशान्नानाविध जगद्विचित्रनिर्माण सामर्थ्यात् बुद्धिरूपा ब्रह्मशक्तिरेव प्रकृतिः ।	ब्रह्म (सगुण ब्रह्म)ना घणा नजीकमां रहेवावाळी जुदा जुदा प्रकारना विचित्र जगतने निर्माण करवाना सामर्थ्यने धारण करवाथी ते बुद्धि स्वरूप ब्रह्म शक्तिज प्रकृति छे (तेज अव्यक्त नामथी प्रसिद्ध छे)


મહાવાક્યો નિર્વર્તિત આ શ્રુતિના નિશ્ચયરૂપ
ૐ
સ્વરૂપ સ્વયંપ્રકાશ સ્વતઃસિદ્ધ પરબ્રહ્મ પરમાત્મા
(તૂર્યાતીત)—નિર્ગુણ સગુણ અભેદ
ૐ
(પ્રકૃતેઃપુરુષાત્પરમ્) અધિષ્ઠાન (અધ્યસ્ત માયા)
શુદ્ધ સત્વ-તૂર્ય-શિવ—(ઈશ્વર)—પુરૂષ-અમાત્ર (મહત્તત્વ-ત્રિગુણાત્મકી માયા)
(પ્રકૃતિ)
સમષ્ટિ
વ્યષ્ટિ
સત્વગુણ વિશિષ્ટ "વિદ્યા"માં પ્રતિબિંબ સ્વરૂપ.
રજો તમો ગુણ વિશિષ્ટ "અવિદ્યા"માં પ્રતિબિંબ સ્વરૂપ.
સમષ્ટિના ત્રિપાદ ત્રિગુણ જીવો.
અવ્યાકૃત (૩)
હિરણ્યગર્ભ (૨)
વિરાટ્ (૧)
(૩) પ્રાજ્ઞ
(૨) તૈજસ
(૧) વિશ્વ
વ્યષ્ટિના ત્રિપાદ ત્રિગુણમય જીવો.
(જગત)

ॐ પરમાત્મા પરબ્રહ્મની પાંચ પાદની અનુક્રમ સમજણ.

[અ]નુક્રમ.	ઉપાસ્ય સ્વરૂપ.	સ્વરૂપનું ધારણ.	પદનો અનુક્રમ.	સંજ્ઞા.	બ્રહ્મસ્વરૂપનું ધારણ.	માયાના સ્વરૂપનું ધારણ.	પ્રતિપાદનની અનુક્રમ શ્રુતિઓ.
૫	ૐકાર સ્વરૂપ શ્રીગણપતિ ब्रह्म	पति	ॐ (અથવા) पूर्णपाद तुर्यातीत	प्रकृतेः पुरुषात्परम् । श्रुतेः । (પરપુરૂષ) (ઊત્તમ પુરૂષ) (પુરૂષોત્તમ)	निर्गुण सगुण अभेद अधिष्ठान.	અધ્યસ્ત-વિકલ્પ સ્વરૂપ-અવ્યક્ત-ગુમાલયરૂપ માયા	सत्यं ज्ञानमनंतंब्रह्म
૪	शिवब्रह्म	साक्षी	तूर्यपाद	पुरुष	तूर्य-कूटस्थ ¼ (अध्यस्त)	પ્રધાન પ્રકૃતિ-મહત્તત્ત્વ ત્રિગુણાત્મકી-શુદ્ધ સત્વ પ્રધાન-	नेहनानास्ति किंचन (अयमात्मा ब्रह्म)
૩	विष्णुब्रह्म	व्यापक	समपाद	प्रकृति	अंतर्यामि (સત્વ ½ (अध्यस्त)	માત્ર સત્વ રજોગુણી પ્રકૃતિ	प्रज्ञानमानन्दंब्रह्म
૨	सूर्यब्रह्म	देही	सत्पाद	प्रकृति	प्रकाशक (રજો) ¾ (अध्यस्त)	રજો તમોગુણી પ્રકૃતિ	एकमेवाद्वितीयं ब्रह्म
૧	शक्तिब्रह्म	देह	असत्पाद	प्रकृति	बुद्धि (अध्यस्त) (पूर्ण) (તમો)	કેવળ તમોગુણી પ્રકૃતિ	सर्वखल्विदं ब्रह्म

॥ ॐकार पंचायतनने लगती केटलीएक पंचपुटीओनुं दर्शन ॥

ક્રમ.	ॐ	પાદપંચક	બ્રહ્મ પંચક	ઉપાસ્ય પંચક	જ્ઞાન પંચક	ચૈતન્ય પંચક	માત્રા પંચક	ભાવ પંચક.	સમષ્ટિ પંચક	વ્યષ્ટિ પંચક	દેહ પંચક	અવસ્થા પંચક	યોગ પંચક	પ્રકૃતિ પંચક	પ્રકૃતિરૂપ પંચક
निर्गुण सगुण अभेदप्रकार	૫	પૂર્ણપાદ અથવા સ્વાનંદપાદ	ૐ સ્વાનંદ બ્રહ્મ	ગણેશ બ્રહ્મ	બુદ્ધિનો પતિ	પતિ	અનંત માત્રા બિંદુ	અસ્તિ	તૂર્યાતીત	તૂર્યાતીત	બિંદુ દેહ	તૂર્યાતીત મુક્ત	एक	અવ્યક્ત	અધ્યસ્ત
ईश्वरप्रकार	૪	તૂર્યપાદ અથવા નેતિપાદ	નેતિ–તૂર્ય બ્રહ્મ	શિવ બ્રહ્મ	બુદ્ધિનો સાક્ષી	સાક્ષી દૃષ્ટા	અમાત્રા નાદ	ભાતિ	તૂર્ય	તૂર્ય	મહા કારણ દેહ	(તૂર્ય) જ્ઞાન જાગૃતિ	अहं	મહત્તત્ત્વ	સ્વાભાવિકી
जीव प्रकार.	૩	સમપાદ	વ્યાપક સમ બ્રહ્મ.	વિષ્ણુ બ્રહ્મ.	બુદ્ધિનો વ્યાપક	અંતર્યામિ	મકાર.	પ્રિય	અવ્યાકૃત	પ્રાજ્ઞ	કારણ દેહ.	સુષુપ્તિ	बहु स्याम	બુદ્ધિ.	જ્ઞાન
	૨	સત્પાદ	સત્બ્રહ્મ.	સૂર્ય બ્રહ્મ.	બુદ્ધિનો પ્રકાશક.	દેહી	ઊકાર	નામ	હિરણ્ય ગર્ભ.	તૈજસ	સૂક્ષ્મ દેહ	સ્વપ્ન		મન	બલ
	૧	અસત્પાદ	અસત્ બ્રહ્મ	શક્તિ બ્રહ્મ.	બુદ્ધિ	દેહ	અકાર	રૂપ	વિરાટ (વૈશ્વાનર)	વિશ્વ	સ્થૂલ દેહ.	જાગૃત અજ્ઞાન		વાણી	ક્રિયા

આ શિવાય કર્મેન્દ્રિય પંચક, જ્ઞાનેન્દ્રય પંચક, વિષય પંચક, ભૂત પચક, પ્રાણ પંચક, ઉપપ્રાણ પંચક, કોષ પંચક, વાણી પંચક, ચિત્ત પંચક, લોક પંચક, મુક્તિ પંચક, વર્ણ પચક, આશ્રમ પંચક, સંકેત પંચક, યોગ પંચક, આદિ પચકોનો ખુલાસો **"પ્રણવ દર્શન રહસ્ય"** નામના નકશામાં છે—

અભિપ્રાય પત્રો.

માંડવી—જી. સુરત. તા. ૨૮—૫—૧૫.

ॐकार ब्रह्मउपासना અને मूर्त्तिपूजा ॥

આ એક અપૂર્વ વૈદિક વિષયના અધ્યાત્મ મર્મની સંજ્ઞાવાળા ગ્રંથનું અવલોકન કરી તેનો અભિપ્રાય આપવાને યોગ્ય નહિં. છતાં સનાતન વેદધર્મિ બંધુઓની શ્રદ્ધાને દઢ કરવાને લખવું ઠીક લાગે છે. સંવત ૧૯૭૧ ના માગસર માસમાં વેદાન્ત શાસ્ત્રના પૂર્ણ અનુભવી, અને ઉપાસના ભક્તિના જાગૃત પ્રેમમય જીવન રસાસ્વાદી શ્રી સદ્દગુરૂવર્ય શ્રી શારદાપીઠના શ્રીમત્ બ્ર. બ્ર. શ્રી પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજ માંડવીના ભાવીક સનાતની બંધુઓના આમંત્રણથી પધાર્યા હતા તે સમયે તેઓશ્રી આજ ગ્રંથ લખતા હતા. ઉપાસનાની સિદ્ધિ પ્રાપ્ત થયા વિના વેદાન્ત જ્ઞાનના પૂર્ણ અનુભવવાળી **જીવન્મુક્તતા** હૃદયમાં ખીલતી નથી. એ પ્રત્યક્ષ સિદ્ધજ છે, આ સ્વદેશભૂમિમાં તે **ઉપાસનાના અદ્દભૂત ગુપ્ત મર્મની** ખોટ—સર્વ રીતે પુરી પાડનાર આ **એકજ અદ્વિતીય અને અપ્રતિમ ગ્રંથજ છે.** એમ કહેવામાં અતિશયોક્તિ ગણાશે નહિં. જ્ઞાન તથા ઉપાસનાને ચોબાજુથી અમૃત કરનાર—સાધનોની પુરણી સાથેની યુક્તિ મર્યાદા આ ગ્રંથમાં ઊભરાતીજ જોવામાં આવે છે. પંચાયતન પૂજાનો લીટો અત્યારે સનાતન ચાતુર્વર્ણ્ય પ્રજામાં મૂળ રૂપે અસ્ખલિત છે ખરો. પણ તે ૐકારના ચાર પાદ સાથેના અને તે વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણની ઐક્યતા સાથે—અર્થ અને સત્તાપૂર્વક વેદાન્ત શ્રેણીના મર્મની સંજ્ઞાથી કેવી રીતે સિદ્ધ થાય છે. એ વાત જોતાં પંચાયતન સ્વરૂપ—સચોટ રીતે નિષ્કલંક સમજાતાં શ્રીસનાતન વૈદિક ધર્મના પુનરૂદ્ધાર કર્ત્તા શ્રી આદ્ય શંકરાચાર્ય મહારાજની પવિત્ર વૈદિક શ્રેણીનું ખરેખરૂંજ દર્શન છે. સનાતન બંધુઓનું સનાતન સ્વરૂપ—ૐકારમય મૂર્તિપૂજાનું પ્રતિપાદન—જીવાત્માને ઉપાસનાની જરૂર—જીવબ્રહ્મની ઐક્યતા જગત તથા શરીરનું મિથ્યાભાન—પુનર્જન્મનો નિષેધ—એમ ૐકાર બ્રહ્મનું વિધ વિધ પ્રકારનું વિવરણ—વિગેરે વારંવાર વાંચતાં છતાં પણ તેમાં ગરકાવ રહેવાય છે. એ આ ગ્રંથનું અનિવાર્ય સ્વરૂપ છે—એકંદર વેદાન્ત સિદ્ધાન્તનો મહાન્—ગૌરવથી ભરેલો આ ગ્રંથ ગુર્જર ભૂમિકાના પ્રખ્યાત—સાક્ષર વિદ્વાન વર્ગને માટે—તેમ ઉપાસનાના અભ્યાસીઓને માટે તેમ સનાતન ધર્મ સાહિત્યના વિદ્યાવિલાસી બંધુઓને માટેજ વિચારવા યોગ્ય છે—વિદ્વાન વર્ગને ગ્રંથના સ્વાનુભવથી જે આનંદ આવશે તેજ. સ્વકલ્યાણાર્થ છે. બ્રહ્મ વિદ્યાવિલાસી વિદ્વાન વર્ગે સુભાશ્રય આપવા સરખોજ આ ગ્રંથ છે.

પરિશ્રમના પ્રમાણમાં કીંમત રૂ ૨—૦—૦ રાખી છે તે કંઇ વિસાતમાં નથી, વિદ્વજ્જનો વિદ્યા, યુક્તિ, પ્રમાણ, અને તાત્પર્યની કિંમત ગણે છે.

આ સમયાનુકુળ અને જરૂરીઆત પ્રસંગે આ ગ્રંથની સુપ્રસિદ્ધિને માટે ગ્રંથ છપાવવાની ઉદારતા દર્શાવનાર સુરતના સુપ્રસિદ્ધ વકીલ રા. રા. ગુલાબદાસ ભાઇદાસને બ્રહ્મવિદ્યા સાહિત્યની વૃદ્ધિને માટે ખરેખર ધન્યવાદજ ઘટે છે એજ વિનંતી.

આપનો,

Labhshankar S. Dvivedi,
Mamlatdar
MANDVI-Soorat.

સુરત—ગોપીપુરા–લીમડી કુઈ. તા. ૨૭–૬–૧૫.

શ્રી શારદાપીઠના બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શ્રીમત્ પૂર્ણાનન્દસ્વરૂપ મહારાજશ્રીએ રચેલા “ૐકાર બ્રહ્મ ઉપાસના અને મૂર્તિપૂજા” નામના ગ્રંથનો કેટલોએક ભાગ મારા વાંચવામાં આવ્યો છે. ગ્રંથનો વિષય તત્ત્વજ્ઞાનથી ભરપુર–ઉપાસના–ધર્મને લગતો છે ભાષા બને તેટલી સરળ છે.

પ્રથમ દૃષ્ટિએ કદાચ એમ લાગે કે હિંદુ ધર્મ ઉપર લક્ષ રાખીને આ પુસ્તક રચાયેલું છે. છતાં કોઇ પણ ધર્મના માણસને તે સમજવા લાયક અને ઉપયોગી થઇ પડે એવું છે. ધર્મનાં પુસ્તકોમાં કેટલીએક બાબત તે ધમના મૂળ સિદ્ધાન્તોને અને કેટલીએક ધર્મના આચારને લગતી હોય છે. બ્રહ્મચારીશ્રીએ રચેલા ગ્રંથમાં આચાર કે જે જુદા જુદા ધર્મમાં જુદો જુદો હોઇ શકે છે. તેને ગ્રંથના વિષયથી ઘણે ભાગે અલગ રાખેલો છે. મુદ્દાની વાતને લઇનેજ તે ઉપર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ લખાણ કરવામાં આવેલું છે અને એમાં લખેલા સિદ્ધાન્તો વેદશાસ્ત્ર અને પુરાણને આધારે છે. એમ બતાવવાને તથા જેમ બને તેમ સ્પષ્ટ રીતે સમજાવવાને પ્રયત્ન કરેલો છે. હિંદુ ધર્મ શિવાયના અન્ય ધર્મવાળા પણ જો ગ્રંથ વાંચીને સમજવાને તથા કદાચ કોઇ બાબતમાં ખુલાસાની જરૂર પડે તો કોઇ જાણનારને પુછી પોતાના સંદેહનું નિવારણ કરવાને પ્રયત્ન કરશે તો ધર્મને નામે અનેક તકરારો ખરી રીતે જોતાં પાયા વગરની છે. એમ માનવા તરફ તેનું વલણ થવાનો સંભવ છે. હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો યાને મતમતાંતરો છે. તે પોતાને એક બીજાને જુદા ગણે છે. તેથી તે સંપ્રદાય વિગેરેના માનનારાઓનાં મન એક બીજા જોડે પૂર્ણ અંશે મળતાં નથી હોતાં. અને આ સંપ્રદાયો અને મત મતાંતરોના તાર બરાબર મળેલા ન હોવાથી જ્યારે હિંદુ ધર્મનું વાજીંત્ર વાગે છે. ત્યારે તેમાંથી નીકળતા બેસુરા અવાજ અન્યધર્મિઓથી પોતાની હાંસી કરાવે છે. સર્વનું મૂળ એકજ છે અને જુદાપણાની માન્યતા ખરી રીતે જોતાં આધાર વગરની છે. એમ બતાવવાને આ ગ્રંથ અગત્યનો થઈ પડશે–અને સત્ય સમજાતાં તે પ્રમાણે વર્તન થશે તો ઐક્યતા વધશે.

વામનશંકર મણીશંકર દીક્ષિત.

બી. એ. એલ. એલ. બી. વકીલ.

સુરત.

સુરત—સંઘાડીયાવાડ સંવત ૧૯૭૧ ના જેષ્ટ સુદી ૧૫ રવિવાર

પરમ પૂજ્ય. શારદાપીઠના બ્ર. બ્ર. મહારાજશ્રી પૂર્ણાનન્દસ્વરૂપજી.

લી. આપની કૃપા તથા આશિષના અભિલાષી સેવક. મધુવચરામ બળવચરામના સવિનય સાષ્ટાંગ પ્રણામ અગીકાર કરશો.

આપની કૃપાથી આપે રચેલા “ૐકાર બ્રહ્મ ઉપાસના અને મૂર્તિપૂજા નામક ગ્રંથનું કંઇક અવલોકન કરવાને હું ભાગ્યશાળી થયો છું. એ ઉપર મારો અભિપ્રાય દર્શાવવાની આપની આજ્ઞા થઇ છે. તોતે મારે સન્માન સહિત મસ્તકે ચડાવવી એ મારૂં કર્તવ્ય

સમજાું છું. પરંતુ મારે કહેવું જોઇએ કે. આવા મહાન્ સમર્થ ગ્રંથ વિષે અભિપ્રાય બાંધવાને અને આપવાને હું બિલકુલ માત્ર નથી. આપે ૐનું સગુણ નિર્ગુણ અભેદાત્મક બ્રહ્મરૂપે જે દર્શન કરાવ્યું છે. તે પરમ શ્રેષ્ટ છે. ઉત્પન્ન કર્ત્તા–પાલન કર્ત્તા–સંહાર કર્ત્તા એજ ઇશ્વર છે. ઇશ્વરથી પણ પર એજ છે. સર્વ વ્યાપક, અનાદિ અનંત, અવિકારી, સર્વના સાક્ષી, સર્વનું મૂળકારણ, બીજ એ ૐકારજ છે. એમ આપે સંપૂર્ણ પ્રતિપાદન કીધું છે. ભિન્ન ભિન્ન મતોની ઐકયતા, અને પંચાયતન ઉપાસનાનું, બ્રહ્મ, માયાપ્રકૃતિનાં દેખાઇતાંજ, ભિન્ન ભિન્ન સ્વરૂપનું, અનેક અવસ્થાનું, ગોલોક, અને અન્ય મુક્તિ પદની, દિવ્ય કોટિઓનું, સર્વ પાતક વિનાશિની ગંગાજીના અધ્યાત્મ સ્વરૂપનું, શ્રી બદ્રિનારાયણ આદિ પવિત્ર ક્ષેત્રોનું, શ્રીમદ્ ભગવદ્ગીતાનુ, અને અન્ય અનેક વિષયોનું આશ્ચર્યકારક ગહન રહસ્ય, જન મંડળના કલ્યાણને અર્થે આપે જે યુક્તિથી અને વિદ્વતાથી સ્પષ્ટ સમજાવ્યું છે તે આપની ઊંચી બુદ્ધિનો ઝળકારો દર્શાવીને માણસને, વાંચનારને, આશ્ચર્ય પમાડયા વિના રહે તેમ નથા. આખો ગ્રંથ જ્ઞાન અને ઉપદેશથી ભરપુર છે. એમાં એક પણ પ્રષ્ટ એવું નથી કે જેમાંથી વાંચનારને નવિન શિક્ષણ નહીં મળે. મૂર્તિપૂજનના ખંડનનાં વ્યર્થ થતાં પ્રયત્નોનું સમૂળું ખંડન કરી આપણા સનાતન આર્ય ધર્મનું આપે મહાન્ પાંડિત્ય અને ચાતુર્યથી જે મંડન કીધુ છે તેને માટે એ ધર્મના અનુયાયીઓ આપનો જેટલો આભાર માને તેટલો થોડો છે. વેદ, ઉપનિષદ્, પુરાણ આદિ અનેક ગ્રંથોનું આપનું જ્ઞાન કેટલું વિશાળ અને આપનું સંશોધન કેટલા પરિશ્રમવાળું છે તે પદે પદે વાંચનારને સ્પષ્ટ થાય છે. આ ગ્રંથ માત્ર વાંચી જવાનો નથી. તેના શબ્દેશબ્દ સમજીને તેનો સારી પેઠે અભ્યાસ કરવાનો છે. અરે !! એટલુંજ નહિં પણ અભ્યાસ કરીને શાન્ત ચિત્તે મનન કરવાનું છે. આ ગ્રંથ આ પ્રકારે મનુષ્ય જીવનનો હેતુ સફળ કરાવવાવાળો છે અને તેથી પોતાનું કલ્યાણ ઇચ્છનારા પ્રત્યેક મનુષ્યે–નિરંતર તેને પોતાની સન્મુખ રાખવાનો છે.

લી. આપની કૃપાને આશિષનો અભિલાષી.
સેવક. મણીવચરામ બળવન્તરામના
સાષ્ટાંગ પ્રણામ—

સુરત. જ્યેષ્ઠ વદી ૪ સંવત ૧૯૭૧

શ્રી શારદાપીઠના શ્રીમચ્છંકરાચાર્યના પટશિષ્ય પદ વિરાજીત સકલ શુભ ગુણ ગણાલંકૃત જ્ઞાનૈશ્વર્ય સમ્પન્ન શ્રીમાન્ બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી ધર્મમૂર્ત્તિ શ્રી પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજ.

આ વિચાર સ્વાતંત્ર્યના યુગમાં સનાતન વૈદિક ધર્મ વિષે પ્રાચીનકાળના ત્રિકાલદર્શિ ઋષિમુનીઓએ જે કાંઇ લખ્યું છે તેના ઉપર કેવલ નિર્મુલ અચલ શ્રદ્ધા રાખી તેને સત્યજ માનવું ને તે વિષે કાંઇ પણ શંકાને સ્થાન ન આપવું એ કાર્ય અતિ દુર્ઘટ થઇ પડેલું છે. મનુષ્ય બુદ્ધિનું સ્વરૂપ અનેક કારણોને લઇને નિરંતર બદલાયાંજ કરે છે. અને તેથી હજારો તર્કવિતર્કને હૃદયમાં સ્થાન મળે છે. આની સીમા ક્યાં સુધી એ અકથ્ય છે. આધુનિક અપકવ વિચારનાં માણસો જેઓની બુદ્ધિમાં અનેક જાતનું મિશ્રણ થયુ છે. તેઓ આવી પરિસ્થિતિને લીધે એક સિદ્ધાન્ત ઉપર આવી શકતા નથી. એક તરફથી શ્રદ્ધાનો કાંઇક

અંશે અભાવ-અને બીજી તરફથી ગૂઢ તત્વો સમજવામાં બુદ્ધિની ઊનતા-પ્રત્યેક દેશનું ભવિષ્ય તેના ભૂતમાં અંકિત છે. એ સિદ્ધાન્ત જે ઇતિહાસવેત્તાઓ અને તત્વવેત્તાઓએ સ્થાપન કીધેલો છે. તે તેઓની દૃષ્ટિ બહાર છે. ભૂતમાં જે જે ધર્મ વિચાર શ્રેણી પ્રાચીન ઋષિમુનીઓએ જગતના કલ્યાણાર્થે જણાવી છે. તે શ્રેણીને વળગીને જવાય અને પોતાની બુદ્ધિ ચાંચલ્યની રાશ જરા તાણી પકડાય તો ઇચ્છિત સ્થાને પહોંચવાની આશાનો અંત નિરાશામાં ન આવે-આધુનિકકાલમાં વિદ્યા વિષય ઉપર તેમજ ધર્મ વિષય ઉપર અનેક પુસ્તકો મુદ્રાંકિત થાય છે. તે પુસ્તકો ઉપર જીજ્ઞાસુનું લક્ષ ખેંચાય છે. તે વાંચી તેઓ પોતપોતાની બુદ્ધિના અવધી સુધી જાય છે. પણ વિષયની ગૂઢતા અને ગૌરવથી, અને કંઇક અંશે પોતાના જ્ઞાનના અભિમાનથી આખર થાકી ગમે તે તટ ઉપર વિરામ પામે છે. એટલુંજ નહિં પણ કોઇ કોઇ વખતે **દીવાદાંડી** રૂપ ગુરૂના અભાવથી કોઇ ખરાબા ઉપર અફળાઇ કુટાઇ જાય છે. એવામાં જો પરધર્મી ઉપદેશકના મુખથી વૈદિક ધર્મનું ગૌરવ તેના સાંભળવામાં આવે તો બુદ્ધિ ચક્રનો આંટો ફરી જઈ સ્વધર્માવલંબી થવા તે પ્રેરાય છે. પણ ધર્મ તત્વો સમજવાનો માર્ગ સિધો ને સરલ હોઇ શકતો નથી. તેથી આખર થાકી કંટાળી તે અભ્યાસને છોડી દે છે. ખરૂં જોતાં ધર્મતત્વો સમજવાને લગતી કેટલીએક કુંચીઓ ગુરૂ પાસેજ હોય છે. સાધારણ **પુસ્તક પંડિત** બોધથી એ કાર્ય સંપાદન થઇ શકતું નથી. જેનું ગુરૂ પરંપરા સાથે સંયોજન હોય તેવાજ ગુરૂ અથવા ઉપદેશકો ધર્મતત્વના રહસ્યનું કોકડું સંતોષકારક રીતે ઊકેલી શકે અને જીજ્ઞાસુના મનને શાન્તિ આપી શકે.

આ પૃથ્વી તલ ઉપરના સર્વ ધર્મોને તથા તેના મર્મોને સમાનતાથી પ્રકાશમાં આણી શકે એવો જો કોઇ પ્રકાશ હોય તો તે કેવળ-વેદાન્તજ છે. વેદાન્ત એક એવો સિદ્ધાન્ત છે કે-જેના અન્ય-સર્વ ધર્મો યાચક ભિક્ષુક સમાનજ છે. એવું પાશ્ચમાત્ય પંડિત મેકસમ્યુલરનું પણ કહેવું છે. આ સૂર્યપુરના સુભાગ્યે આપ સરખા સમર્થ, બહુશ્રુત, ધર્મપોષક, વેદાન્ત વિષયમાં ઊંડું જ્ઞાન ધરાવનારા અને જીજ્ઞાસુને સ્ફુટ રીતે વિષય સમજાવવાની યુક્તિ અને શક્તિ ધારણ કરનારા મહાપુરૂષ મળ્યા તેથી સનાતન વૈદિક ધર્માનુરાગીઓનો પ્રેમ તથા શ્રદ્ધા ચમત્કારિક રીતે આપશ્રી તરફ આકર્ષાયાં છે. આપશ્રીના વ્યાખ્યાનોથી સંસ્કારી જનોનાં મન ઉપર ઘણી સારી અસર થઇ છે-એ વ્યાખ્યાનો પુસ્તકરૂપે પ્રકટ થાય તો ગુર્જર પ્રજાને ઘણો લાભ થાય એવી કેટલાકોની વિનંતી આપશ્રીએ ઘણી પ્રીતિપૂર્વક અને કેવળ પરમાર્થ બુદ્ધિથી ઉપાડી લીધી તેથી સુરત નિવાસીઓ આપશ્રીના ઘણા આભારી છે. આપના આ પુસ્તકમાં ૐકાર અથવા પ્રણવ-જેમાં સર્વ વાતો-જડ ચૈતન્યાત્મક-નો અંતર્ભાવ થઇ જાય છે. તેનું વિવેચન એવી તો ઊત્તમ રીતે કરવામાં આવ્યું છે કે-જે વાંચી અનેક સંશયો તથા તર્કવિતર્કો આપોઆપ વિરામ પામી જાય છે. તેમજ તેના ઉપરથી સિદ્ધ થતી પંચાયતન ઉપાસના માર્ગ એવી તો સરળ રીતે સમજાવ્યો છે. અને પુનઃ પુનઃ તેનું એવું ચર્વણ કીધું છે કે વાંચનારને પાચન થતાં જરા પણ આયાસ થાય નહિં. એ ઉપરાંત સાકાર નિરાકારનું-સગુણ નિર્ગુણનું અભેદત્વ એવું તો સ્પષ્ટ કરી આપવામાં આવ્યું છે કે-જે જે આક્ષેપો વૈદિકધર્મ ઉપર હાલના કેટલાએક મતવાદીઓ કરે છે તેનું ઝટ નિરસન થઇ જાય છે. એ શિવાય બીજા પરચુરણ આચાર વિચારનાં આમનાં પ્રકરણો મન ઉપર ઘણો પ્રકાશ આપે છે.

મનુષ્ય જીવનની ઉન્નતિને માટે આપશ્રીનો આ પ્રયાસ ઘણોજ વંદનીય અને ભાવી પ્રજાને ઘણો લાભપ્રદ છે. જો આ નવનીત દોહનનો રસાસ્વાદ નિષ્પક્ષપાત બુદ્ધિથી આર્યબંધુઓના ચાખવામાં આવે તો લોકો પરધર્મમાં જતા અટકે. અને આપણા સનાતન વૈદિક ધર્મના આન્તર કલેશો નષ્ટ થયા વગર રહે નહિં. એટલુંજ નહિ પણ જે પામર જનોને ગાડરાં પ્રમાણે સામ્પ્રદાયિક વાડાઓમાં ગોંધી તેઓનાં મન ઉપર જે વિપરીત ભાવનાઓ બેસાડી છે. તે આ પુસ્તકના વાંચન અને મનનથી બરફના ટુકડાની પેઠે ઓગળી ગયાવિના રહેશે નહિં. આપશ્રીએ આ પુસ્તકરૂપી જે આદર્શ તેઓનાં હૃદય ચક્ષુ આગળ ધર્યો છે. તેમાં નિર્મળ નિષ્ઠાથી અવલોકન કરતાં આગ્રહી પુરૂષો જેઓ માંહે માંહે ભિન્નતાની દૃષ્ટિએ જોય છે. તે ટળી જઇ **ઐક્યતાનો** મિષ્ટ સ્વાદ ચાખ્યા વગર રહેશે નહિં. વળી જે એક દેશી વિચારનાં મનુષ્યો જે વિરોધ પરાપૂર્વથી રાખતા આવેલા છે. અને ઉપાસનાની ખરી રીત અને ગૂઢ હેતુ તથા રહસ્યથી અજ્ઞાન હોવાને લીધે તેના ઉપર અભાવ અને કેટલેક અંશે દ્વેષ પણ રાખતા જણાય છે—છતાં ખરી ઉપાસના અનેક પ્રસંગે બ્રાહ્મણદ્વારા તેઓ કર્યાજ જાય છે. તેઓને ખાતરી થશે. અને ખેદ થશે કે આપણે આપણા વાડાના શૃંખલા બંધનથી નકામાજ અફળાઇ મુવા છીએ. અને આપણો વિરોધ ખરેખર રેતીના પાયા ઉપર જ છે, મને આશા છે કે આપશ્રીએ રચેલા આ ગ્રંથના વાંચનથી હિંન્દુ જન સમાજમાં એકાત્મભાવ ઉત્પન્ન થયા વગર રહેશે નહિં. કારણકે આપની **કૃતિ** સર્વ **સંપ્રદાય**નાં માણસોને આદરણીય અને શ્રેયસકર છે. સ્વાર્થહીન કર્ત્તવ્ય પરાયણતા તરફ જેઓના મનનું વલણ હશે. તેઓને તો આ આપના ગ્રંથમાં સર્વમાન્ય તત્વોનો સંગ્રહ દૃષ્ટિ ગોચર થયા વિના કદી પણ રહેશે નહિં. માટે સત્ય સોધકોએ, સદાચારીને સુખી જીવન ગુજારવાની અભિલાષા રાખનારાઓએ, અનીતિના શ્યામ પટને ફાડી નાખી નૈતિકમાર્ગે પ્રવર્તવા ઇચ્છનારાઓએ, અને છેવટે, પોતાનું મનુષ્ય જીવન ઉચ્ચતર પ્રદેશમાં વિહારવા મથન કરનારાઓએ, આ પુસ્તક અવસ્ય ધ્યાન પૂર્વક, નિષ્પક્ષપાતપણે અને નિર્મળ બુદ્ધિથી વાંચી એમાંના અમૃતનું પાન કરવા ચુકવું નહિ. એવી મારી નમ્ર ભલામણ છે.

લલિતાશંકર લાલશંકર વ્યાસ.
નાગર ફળીયા—સુરત.

ૐ

સુરત—ગોપીપુરા લીમડી. કુઇ તા. ૪—૭—૧૫

"**ॐकार ब्रह्म-उपासना अने मूर्तिपूजा**" નામનો ગ્રંથ સનાતન ધર્મના વિષય ઉપર એક અપ્રતિમ ગ્રંથ છે. વિષય કઠીણ છતાં ભાષા જેમ બને તેમ સરળ રાખવામાં આવેલી છે. ગ્રંથ અગત્યનો છે. જાણવા સમજવા લાયક છે. હિંદુજનોને ઘણોજ કામનો છે. બીંજા ધર્મવાળાને પણ એમાંથી ઘણું સમજવાનું મળે એમ છે. ૐકારના વિષય ઉપર એવો બીજો ગ્રંથ પ્રસિદ્ધ થયેલો જણાતો નથી. વેદ, શાસ્ત્ર. પુરાણ હિંદુધર્મનો પાયો છે. એ સર્વને એક દોરીમાં પરોવી તેમાં એકરસ જામી રહ્યો છે. તે બતાવવાને આ ગ્રંથ અતી ઉપયોગી થઇ પડશે. શ્રી શારદાપીઠના બ્ર. બ્ર. શ્રીમત્ પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજે આ ગ્રંથ

લખીને જન સમૂહ ઉપર એક મોટો ઉપકાર કરેલો છે. એમ આ ગ્રંથ વાંચવા સમજવાથી જરૂર જણાઈ આવશે એમાં કાંઇજ સંદેહ નથી.

બાળકૃષ્ણ વીરભદ્ર પાઠકજી.
બી. એ. એલ. એલ. બી. વકીલ. **સુરત.**

શ્રી શારદાપીઠના પ્ર. પ્ર. મહારાજશ્રી ૧૦૮ મહાત્માશ્રી પૂર્ણાનન્દસ્વરૂપ પ્રણીત " સગુણ નિર્ગુણ અભેદાત્મક **ૐકાર બ્રહ્મોપાસના અને મુર્તિપૂજા** " નામના અપ્રતિમ તેમજ અપૂર્વ ગ્રંથના ફોર્મો ઘણા આદર પ્રેમરસ તેમજ શ્રદ્ધા ભાવપૂર્વક મેં વાંચ્યાં છે. ઇષ્ટ કૃપાથી આજપર્યંત વિવિધ ભાષાના ઉક્ત પ્રસંગ, તેમજ વિષય સંબંધક ઘણા ગ્રંથો દૃષ્ટિગોચર થયા છે. એ બધાની તુલનામાં નિષ્પક્ષપાત લખી શકુછું કે શ્રૌત–સ્માર્ત્ત પ્રમાણોની, પરિપુષ્ટિમાં, વિષય નિરૂપણનાં કલા વિધાનમાં, કરગ્રત વિષયના અવિકલ તેમજ સરલ પ્રતિપાદનમાં, ભાષાનાં માધુર્ય–લાલિત્ય તેમજ યુક્ત સ્વરૂપમાં, અને દેશ કાળ સ્થિતિનો વિચાર કરતાં નિરવદ્ય સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોનુ અનાયાસે પ્રસ્થાપન કરવાના અત્યાવસ્યક કાર્યમાં ખરેખર આ ગ્રન્થ એક અમોઘ રત્ન ભંડાર તુલ્ય છે.

આજના તાર્કિક યુગમાં (Age of Reason) લોકોની જે સામાન્ય બુદ્ધિ માત્ર શબ્દ પ્રમાણથી સંતુષ્ટ થતી નથી, એવી અર્ધદગ્ધ–અપક્વ વૃત્તિને સયુક્તિ તેમજ રસીક પ્રમાણોથી પરિતૃપ્ત કરવાનો આ ગ્રથનો હેતુ અવસ્ય ચરિતાર્થ થશેજ.

ૐકારનાં વિશ્વ વ્યાપક સગુણ નિર્ગુણ સ્વરૂપનો પ્રભાવ, પ્રબલ તેમજ ઓજસ્વી ભાષામાં ઝળકી રહ્યો છે. અને એ પ્રણવાન્તર્ગત પંચદેવ પચાયતનનુ પ્રતિપાદન–પૂજન બહુ સંતોષકારક તેમજ શ્રોત–સ્માર્ત્ત દર્શનાદિ પ્રચુર પ્રમાણોથી ઉક્ત વિષયને બુદ્ધિવાદ પૂર્વક અચ્છી રીતે ઘૂમાવવામાં આવ્યો છે.

ઉક્ત પ્રતિપાદનમાં પૌરાણિક પ્રથાનુસાર વિદ્વાન પ્રણેતાએ પોતાના ઇષ્ટ શ્રી ગણનાયકનું યથોચિત ઔચિત્ય અને પ્રાથમિક પૂજન મહત્ત્વ પણ બુદ્ધિ કૌશલ પૂર્વક સિદ્ધ કરી–પોતાના ઇષ્ટ પ્રત્યેની અવિકલ શ્રદ્ધાનું દિગદર્શન કરાવ્યુ છે.

તત્ પશ્ચાત્ ભારતીય અધ્યાત્મવિદ્યા–વેદાન્તવાદ શ્રી આદ્ય શંકરાચાર્ય ભગવાનની દિવ્ય પ્રસાદીનો ચમત્કારિક પ્રભાવ–પણ અનેક દૃષ્ટાન્ત પ્રમાણ પુરઃસર નિરૂપિત કર્યો છે.

મૂર્તિપૂજાના આજકાલ સર્વત્ર ચર્ચાતા વિષય ઉપર બહુ વિધ દૃષ્ટિથી ચર્ચા કરીને ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સંક્ષેપમાં આસ્તિક–નાસ્તિક સર્વને ઉપકારક આ અપૂર્વ ગ્રંથમાં કવચિત્ જણાતી મુદ્રણ યંત્રની ભાષા સંબંધી ક્ષતિ શિવાય અનેક પ્રકારની આત્માને જાગૃત કરી–આત્મસ્વરૂપમાં લીન કરનારી દિવ્ય સામગ્રી પ્રાપ્ત થઈ શકે તેમ છે. અને આ પુસ્તક ખરીદી વાંચવામાં લીધેલો શ્રમ સહજાધા સફળ થાય તેમ છે.

ઇત્યલમ્.

વસંતમંદિર—બાલાજીરોડ
સુરત.
તા. ૭–૭–૧૫

સનાતન ધર્માવલંબી બંધુઓનો દાસાનુદાસ.
દીન—**વસન્ત.**

ॐ श्रीसिद्धि विनायकाय नमोनमः

॥ उपक्रम ॥

(શાર્દૂલ વિક્રીડિત)

જે છે યોગ અયોગથી પર સદા શાન્તિ સ્વરૂપાતિતા,
જેને વેદ ઋચા સ્તવે અનુભવે નેતીતિ બોધાતિતા;
શબ્દા શબ્દ સહીતને રહિત છે, વાણી મને યોજના,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧

જેથી અન્ય ન કલ્પના પ્રભવતી અસ્તિ સ્વરૂપે ગૃહ્યા,
જેને નિર્ગુણ કે સગુણ વદતા આદ્યંત વ્યાપી રહ્યા;
જે છે નિત્ય પરાત્પરે સમરસે આનંદ સ્વાનંદ આ,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના ૨

ઇશોના ઇશ દેવ છે પરપ્રભુ સામ્રાજ્ય સત્તાધિશા,
ભેદાભેદ રહિત પૂર્ણ પદથી પૂર્ણાત્મ શ્રી વાગિશા;
શ્રુત્યાત્મા સ્તુતિ સારના અનુભવે બુદ્ધિ પતિને કથ્યા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૩

જેના લેશ વિષે વિવર્ત્ત રચના અવ્યક્ત માયામયી,
વંધ્યા પુત્ર સમાન શબ્દ સમુહે કલ્પિત વેદે કહી;
જેમાં ના જગ ઉત્પતી લય સ્થિતી ભાસે કદી કલ્પના,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૪

જો ભાસે ભ્રમ માનીએ સમજવું ઘાટે ભર્યું હેમ છે,
થાતું ના કદિ ના થશે નજ થયું આ જેમનું તેમ છે;
દષ્ટિની વિકૃતિ હદે વિલસતિ જેમાં જગદ્રુપ આ,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૫

જેના સત્ય સ્વરૂપની વિધિ હરી માહેશ સ્તુતિ કરે,
જેના સત્ય પ્રકાશમાં રવિશશિ આપે પ્રકાશી ઠરે;
જેના સત્ય વિલાસમાં વિલસતું બ્રહ્માંડ કોટિકધા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૬

જેને શાસ્ત્ર સગુણ બ્રહ્મ કથતા માયા તણા ભાવથી,
શબ્દાનુકુલ શબ્દ બ્રહ્મ રૂપમાં નિર્ગુણ સદ્‌ભાવથી;
જ્યાં એ ભાવ અભાવનું રૂપ નહિં જેના વડે સિદ્ધતા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૭

વેદો વાદ ભણે "યવેદ નિહિત" શાસ્ત્રો પુરાણો સ્મરે,
સર્વાદી નિજ નામ આદ્ય સ્મરણે પૂજા વિધિ આચરે;
જીવો ઇશ્વર આદિ જે પ્રભુ તણી નિત્યે કરે વાંછના,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૮

શૈવો શિવ ભણે સદા રવિ તણા ભક્તો ભણે ભાસ્કર,
શાક્તો વાદ વદે સુશક્તિ પ્રભુને વિષ્ણુજ નારાયણ;
ગાણેશો ભજતા ગણેશ પ્રભુને જ્ઞાનાર્થ રૂપે સદા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૯

માયાકાર **અ**કાર વિષ્ણુ વદતા **ઉ**કાર શંભુ ગણે,
આદિત્યેજ **મ** કાર નામ વદતા **નાદે** પ્રકૃતિ ભણે
બિંદુ રૂપ સગુણ એ ગણપતિ પાંચે તણી ભાવના,
છયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૦

સોયં આત્મ ચતુષ્પદે પ્રભવતું માયા વિલાસે ખરે,
બ્રહ્માત્મા અવિકાર પંચમ પદે નિર્ગુણ ભાવે ઠરે;
એવા ભાવ અભાવથી પરવસે શુદ્ધાત્મ ચૈતન્ય આ,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૧

આ સૌ ભેદ અભેદ આ જીવતણી નિશ્રેયસા ભક્તિનો,
જ્ઞાતા વાદ વિવાદને તજી દઇ હંસો યથા મુક્તિનો;
સારા સાર સનાતને પ્રચલીતા ધર્મે ધરી ભાવના,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૨

મૂર્તા મૂર્ત્ત સમાન ને રહિત છે, જ્યોતિ સ્વરૂપે પ્રભુ,
સાકારે ગણતા બહુ પદ થકી આદ્યંત પોતે વિભુ;
નિરાકાર વિવેચને શ્રુતિભણે એકાત્મતા સિદ્ધ આ,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૩

જ્યાં ત્યાં જે રૂપ કે અરૂપ સમસ્યા તે બ્રહ્મની જાણવી,
લ્હેરી વીચિ તરંગમાં જળ ભર્યું અન્યે વૃથા નાણવી;
શબ્દોમાં અથવા અશબ્દ પદમાં આકાર તે શર્કરા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૪

ખંડો મંડન કલ્પના નિજ વિષે અજ્ઞાતની દ્રષ્ટિએ,
કાયાવાદ વિવાદ ભેદ ભ્રમણા જીવો તણી સૃષ્ટિએ;
મિથ્યા ભ્રાંત ટળેમળે ગુરૂ કૃપા તાપો જતા વાસના,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૫

બિંદુ તૂર્ય સુષુમ સૂક્ષ્મ જડના રૂપેજ જે ભાસતા,
દ્રષ્ટા દર્શન દ્રશ્ય આપ થઇને આપે સ્વયં રાજતા;
અવ્યક્તા મહતી અહં નમ મયી માયા સ્વયં જે બન્યા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૬

આપે ઇશ્વર પ્રાજ્ઞ તૈજસ અને વિશ્વાત્મ ભાવે રહી,
સ્વામિ સાક્ષિ નિયંતૃ પ્રેરક અને બુદ્ધ્યાત્મતાને ગ્રહી;
આદ્યંતે પ્રભુ આપ વિકૃતિ અને નિર્વિકૃતિ નામનાં,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૭

સર્વેના રસરૂપ જે સહુ વિષે સર્વત્વની પ્રેયતા,
આનંદાત્મ વિભુત્વ વ્યાપક મહામાંગલ્ય પ્રેમાર્દ્રતા;
જેના તેજ થકી રવિ શશિ મણિ તારા પ્રકાશીથતા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૮

નિત્યે આત્મ સ્વરૂપતા અમૃતતા કલ્યાણ શંમૂર્તિ જે,
અદ્વૈતાત્મક નિષ્પ્રપંચ મહિમા વિજ્ઞાન સાક્ષી પદે;
જ્ઞેયં બ્રહ્મ **શિવં તૂરીયમિતિ** જે વેદે અજન્મા કહ્યા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૧૯

પોતાના મહિમા વિષે સ્થિત રહી જે નિર્વિશેષે સદા,
તૂર્યાત્મા સમ સત્તથા અસત જે આપે સ્વયં ભાસતા;
જેનો સત્ય સ્વયં પ્રકાશ વિલસે નિઃસિમ યોગે સદા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૨૦

જે બ્રહ્માત્મ સ્વરૂપ વિસ્મૃત થતાં વિજ્ઞાન હીણા જનો,
નષ્ટ પ્રાય બની લહે મૃતક આ દેહે સ્વયંતા અહો!!!
જેના ભાન વિના જનિ મૃતિ તણા ચક્રે જનો ભ્રામતા;
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૨૧

જ્યાં ના જીવ ન ઇશ્વિરો નહિ કદા માયા અવિદ્યાવતી,
ના ભ્રાન્તિ ભર જગ્ત કે શરીર છે ના ચિત્ત સોહંમતિ;
માયાવી જડ ચેતનાત્મક નહિ નિત્યાત્મ જે સર્વદા,
છૈયે સત્ય સદા ઉપાસક અમો તે બ્રહ્મ ૐકારના. ૨૨

સદ્ધર્મે દ્રઢ ટેક ધારણ કરી શાસ્ત્રાનુગામી થજો,
જ્ઞાની સંત તણો સુબોધ ગ્રહીને આચારમાં મુકજો;
કર્તા ભાવ પ્રભુ તણા ચરણમાં નિર્માનતા ધારજો,
શીર્ષોવંદ્ય તદાત્મ્ય પ્રેમરસથી ૐકાર ઉપાસજો. ૨૩

દેહોનું નહિં ઐકય ચિત્ત ભૂમિની બીજાનુસારે સ્થિતિ,
આત્મા એક—અનેક દેહ ઘટના, દર્શાય નાનાવિધિ;
માટે આત્મપણું અખંડ લહીને દેહૈક્યતાને ત્યજો,
શીર્ષોવિંધ તદ્દાત્મ્ય પ્રેમ રસથી ૐકાર ઉપાસજો. ૨૪

જાણી બ્રહ્મ સ્વયં સદા સગુણને નિર્ગુણરૂપે રહ્યા,
ત્યાગો ખંડન મંડનો સકળ જે મૂર્તિ અમૂર્તિ કહ્યા;
પૂર્ણાનન્દ સ્વરૂપમાં રત રહી દેહાત્મતા ટાળજો,
શીર્ષોવિંધ તદાત્મ્ય પ્રેમરસથી ૐકાર ઉપાસજો. ૨૫

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

॥ ॐ श्रीगणेशाय नमः ॥

ભૂમિકા.

આ ભારતવર્ષમાં **સનાતન વૈદિક ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, મુસલમાની ધર્મ, પારસી ધર્મ** વિગેરે મુખ્ય મુખ્ય ધર્મ પ્રચલિત છે. તેમ તેઓના પેટા વિભાગ પંથ, મતો પણ પ્રચલિત જોવા દેખાય છે. આ સર્વમાં ઘણા લાંબા કાળથી ચાલતો આવતો આર્ય પ્રજાનો સનાતન વૈદિક ધર્મ છે જે ઘણોજ જુનામાં જુનો છે એમ હાલના પાશ્ચમાત્ય વિદ્વાનો અને તત્વવેત્તાઓને પણ કહ્યાવિના ચાલતું નથી. અને તેના સિદ્ધાન્તોપણ અન્યધર્મોના સિદ્ધાન્તોથી ઉચ્ચ કોટીના સૂક્ષ્મ વિચાર યુક્ત અને અગમ્યજ છે. એમ મોટા મોટા વિદ્વાનો કબુલ કરે છે. આ સનાતન વૈદિક ધર્મમાંથી અન્ય અન્ય દેશોના પ્રવાહે અન્ય અન્ય ધર્મોનુ બંધારણ થયુ છે. એટલે સર્વ ધર્મોનુ મૂળ આ સનાતન વૈદિક ધર્મજ છે એ વાત નિઃશંસય છે.

કાળચક્રની ગતિમાં ઘણાજ લાંબા વખતે આ સનાતન વૈદિક ધર્મના અસ્ખલિત સિદ્ધાન્તોને મારી મચરડી આગ્રહથી ખેંચાખેંચી કરી, પરમાત્માના અર્થસ્નાત્મક પાદક્રમ ભાવવાળા નામોના મત પંથો બંધાયા. સનાતન વૈદિક ધર્મને પ્રતિપાદન કરનાર **વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો** અને **ઇતિહાસો** એ આર્ષ ગ્રંથો ગણાય છે. અને તે પ્રમાણોથી એકંદર રીત્યા સનાતન વૈદિક ધર્મ પ્રતિપાદન થાય છે, જેથી આ મત પંથો બંધાયા ખરા. છતાં આધાર તો આ ઉપર બતાવેલા **આર્ષ** ગ્રંથોનોજ લેવામાં આવ્યો છે. **અપૌરૂષેય** એવા વેદોમાં બહુજ ટુંકા શબ્દો વડે કરેલી પ્રભુની સ્તુતિઓ, પ્રભુના સ્વરૂપનુ જ્ઞાન અને તેને પામવા ઇચ્છતા મુમુક્ષુજનોની રહેણી—અર્થાત્ વર્ત્તન, અનુક્રમ, અધિકારપૂર્વક પાદ પાદવાર પ્રતિપાદન કરેલું છે. તે સત્યયુગ પછીની પ્રજાના હૃદયમાં બરાબર ઉતરી શકનર નથી અને જેમ છે તેમ બરાબર જાણી પણ શકનાર નથી. એવા સત્ય વિચારથી શાસ્ત્રો સ્મૃતિઓ અને પુરાણોનું બંધારણ છેક સરળતા રૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ મહાન્ ગણાતા પ્રભુરૂપ મહર્ષિઓનો ઉપકાર છે.

“**मंत्र ब्राह्मण यो र्वेद नाम धेयं**” આથી સિદ્ધ સમજાયુ છે કે, **મંત્ર** એટલે વેદોનો **સંહિતા** ભાગ—અને **બ્રાહ્મણ** નામાત્મક મંત્રો મળીને **વેદ** એવી એક સંજ્ઞા પૂર્ણ થાય છે. બ્રાહ્મણ નામાત્મક વેદના મંત્ર વિભાગમાં અને સંહિતામાં મળીને ચારે વેદનાં ૧૦૮ ઉપનિષદોનો પણ સમાવેશ છે. આ બાબત જુના વિદ્વાનોનું અને આર્ષ બ્રાહ્મણોનું સમજવું એવું છે કે, આ વેદની સંહિતા બ્રાહ્મણ ઉપનિષદ્ એ સર્વ સમકાલિન છે. ત્યારે આ પાશ્ચમાત્ય બુદ્ધિના વિદ્વાનોના લેખોનો આધાર માનનારા આધુનિક વિદ્વાનો તેમાં સમકાલિનતા અંગીકાર કરતા નથી પણ જુદા જુદા કાલે થયા એમ માની તેના પ્રમાણના બલમાં કાંઇક વધારો ઘટારો કરે છે. અસ્તુ. ગમે તેમ હોય તોપણ બહુજ જુનામાં જુના કાલના મહાત્માઓની આ રચના મહાન્ બુદ્ધિના પ્રભાવવાળી અને કેવલ પરમાર્થ દૃષ્ટિએ રચાયેલી છે. એટલે વેદો બરાબરજ સત્ય રીતે શ્રદ્ધાથીજ તે ઉપાસના કરવા યોગ્ય છે. કેમકે તેમાં વેદોની માફક વિસ્તારમાં પણ તેજ ગુપ્તરહસ્ય ભરેલું છે. તેના કાળની કલ્પનાને પ્રતિપાદન કરવામાં શું પંડિતાઇ

જણાવવા જેવી છે ?? આપણે તો **હંસો યથા** સાર ગ્રાહી થવું અને તેમાંથી ઝરતાં અમૃતનાં ઝરણારૂપી **જ્ઞાન**ના પાન કરતા થવું એજ આપણું કર્ત્તવ્યજ છે. અત્યારે પણ શ્રદ્ધાથી જાણવા વાલા છે. અને શ્રદ્ધાથીંજ તેમાંનાં વાક્યોના **અર્થ**ના વિચારે જોવાવાળા છે તેઓ જુના જમાનાના મહર્ષિઓની માફક **યથાર્થ** વસ્તુ જાણી પણ શક્યા છે. અભેદ દૃષ્ટિએ જોનારને અભેદજ દેખાય છે. અને ભેદ દૃષ્ટિએ જોનારને ભેદજ જણાય છે. જેવાં ચશ્માં પહેરવામાં આવે છે તેવુંજ તેને દેખાય છે. રંગવાળાં ચશ્માંથી રંગીજ દેખાય એ સ્વભાવિકજ છે. યથાર્થ જોવાવાળા મહાત્માના સંગથી અભેદરૂપે યથાર્થ જોવા લાગે તો વેદથી લગાયત પુરાણ અને ઇતીહાસ સુધી એકજ રીતની અભેદ સ્વરૂપનીજ લક્ષણા લખી છે. એમ આપોઆપ સાબીત સમજી શકે છે. પણ પોતાની બુદ્ધિથી અને પોતાથી મનાયેલા અને પોતે જે સિદ્ધાંત સિદ્ધ માને તેવી દૃષ્ટિએ જોનારને યથાર્થ સમજાતું નથી. એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. ઋષિ મુનિજનોએ **સનાતન વૈદિક ધર્મની** જે યથાર્થ બુદ્ધિએ સ્મૃતિ પુરાણાદિકની રચના રચી હોય. અથવા જે જે પ્રકારે સિદ્ધાન્તો વર્ણવ્યા હોય તેજ પ્રકારથી અને તેજ બુદ્ધિના અનુક્રમથી આપણે પણ જોવા લાગીએ તો આપણને પણ તેમના જેવું સમજતાં વાર લાગે નહીં.

પરમાત્મા પરબ્રહ્મ ૐકાર સ્વરૂપમાં સગુણ નિર્ગુણ બે પ્રકાર અભેદ છે. માંડુક્ય ઉપનિષદ્‌માં **ॐ मित्ये तदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद्भविष्यदिति । सर्वं ॐकार एव । य चान्य त्रिकालातीतं तदपि ॐकार एव ॥** આમ લખે છે. અને તેનો અર્થ નિચે પ્રમાણે છે. (ॐ) આવી રીતનો આ અક્ષરજ સર્વ છે. તેનું જાણવા યોગ્ય સ્વરૂપ–ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનરૂપ આ સર્વ ૐકાર સ્વરૂપજ છે. વળી જે અન્ય ઉપરના ત્રણે કાલથી અબાધિત (ત્રણે કાલથી અતીત) (છતાં) ત્રિકાલાતીત કહેવાય છે. તે પણ ૐકારજ છે. આમાં ત્રણ કાલ અબાધ સ્વરૂપ એટલે ત્રણ કાલમાં વ્યાપક તે **સગુણ બ્રહ્મનું** સ્વરૂપ કહ્યું અને ત્રિકાલાતીત તે **નિર્ગુણ બ્રહ્મનું** સ્વરૂપ કહ્યું. છતાં ૐકાર તો તેનો તેજ કહેવાય છે. વળી આગળ ચાલતાં તેજ ઉપનિષદ્ પ્રતિપાદન કરે છે કે—

सर्वं ह्येतत् ब्रह्मायमात्मा ब्रह्म सोयमात्मा चतुष्पात् ॥

સર્વજ આ બ્રહ્મ છે. આ આત્મા બ્રહ્મ છે. તે આ આત્મા ચાર પાદ વાળો છે. પરોક્ષપણા વડે કથન કરેલા બ્રહ્મસ્વરૂપને પ્રત્યક્ષપણાથી સિદ્ધ કરતાં **अयम् आत्मा ब्रह्म.** એમ ઉપરની શ્રુતિ વર્ણવે છે. તે આ આત્મા (બ્રહ્મ) પૂર્ણ સ્વરૂપે છે. છતાં તેના **ચાર** પાદ છે એમ જણાવે છે. જેના આ ચાર પાદ છે. તે **પાંચમો** અથવા પૂર્ણ એવી સંજ્ઞાથી અથવા જેમાં ચાર પાદનો સમાવેશ થાય છે એવો આ **પાંચમો** પૂર્ણ—ચાર સહિત અથવા ચાર રહિત–તે છે. ચાર સહિત તે **સગુણ બ્રહ્મ**—અને ચાર રહિત તે **નિર્ગુણ બ્રહ્મ** એમ ગણાય છે. એમ સગુણ નિર્ગુણ સમાનાત્મક અને રહિત તેજ આ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા છે. નિચેના ત્રણપાદો તે **વ્યષ્ટિ** કહેવાય છે. તેના ઉપરનો ચોથો પાદ **વ્યષ્ટિ** તે **સમષ્ટિનો** ઇશ્વર કહેવાય છે. અને પોતે તો સમષ્ટિ વ્યષ્ટિ સહિત અથવા રહિત **પૂર્ણ પંચમપાદ સ્વરૂપ** પરબ્રહ્મ પરમાત્મા છે. આ પાંચપાદરૂપે સમજવામાં પ્રથમપાદ **વિશ્વ** અથવા **વૈશ્વાનર** જે કે **असत्ब्रह्म** પાદ કહેવાય છે દ્વિતીયપાદ **તૈજસ** જે કે **सत्ब्रह्म** પાદરૂપ કહેવાય છે. તૃતીય

પાદ **પ્રાજ્ઞ** કે જે **સમબ્રહ્મ** પાદ રૂપ કહેવાય છે. અને **તેઓની** અવસ્થા **જાગૃત, સ્વપ્ન,** અને **સુષુપ્તિ** છે. અને તેઓના અભિમાની **જીવ** સંજ્ઞાથી છે. તેમ તેમના દેહો પણ **સ્થૂલ, સૂક્ષ્મ** અને **કારણ** નામથી પ્રસિદ્ધ છે. આ ત્રણની ઐક્યતાને **વ્યષ્ટિ** એવું નામ આપવામાં આવે છે.

આ ત્રણ સહિત અને ત્રણથી રહિત. **મહાકારણ** વા **અસ્મિતાખ્ય** દેહવાળો જેની **તૂર્યા** નામની ચોથી અવસ્થા છે, એવો જેને **નેતિબ્રહ્મ** પાદરૂપે વેદોમાં અને શાસ્ત્રમાં વર્ણવ્યો છે તે **તૂર્યબ્રહ્મ** પાદથી **સમષ્ટિનો** ઇશ્વર રૂપે છે. આ ચારની ચોથી **સંજ્ઞાને તૂર્ય** એમ ઓળખાવે છે. એમ આ **સમષ્ટિના** પણ તૂર્ય રૂપ બ્રહ્મને વા તૂર્યાવસ્થાનો **અભિમાની** તે **ઈશ્વર** કહેવાય છે.

એમ વ્યષ્ટિ સંજ્ઞાત્મક **જીવરૂપ** ત્રિપાદ—તથા સમષ્ટિના તૂર્ય સંજ્ઞાત્મક **ઇશ્વરરૂપ** ચતુર્થપાદ તે જેના છે એવો પૂર્ણપાદ સ્વરૂપ પૂર્ણબ્રહ્મ તૂર્યાતીત **સ્વાનંદબ્રહ્મ** ૐકાર સ્વ:પાત્મક અથવા ૐકારાકૃતિસ્વરૂપ **સગુણ નિર્ગુણ અભેદાત્મક** છે. તેજ **જીવ** અને **ઈશ્વરથી** રહિત પણ છે. અને સહિત પણ છે **એમ** ચાર પાદ સહિત ગણાતાં તે સ્વાનંદ બ્રહ્મ પાંચમો ૐકાર **સગુણ** બ્રહ્મ છે. અને ચાર પાદ રહિત ગણાતાં તે **સ્વાનંદ બ્રહ્મ** પાચમો ૐકાર **નિર્ગુણ** બ્રહ્મ છે. એમ આ પાંચમો ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ **અભેદ** છે. આ વિષયને આગળ વિસ્તારથી વર્ણવવામાં આવ્યો છે–માટે અત્રે વિશેષ જણાવ્યો નથી.

આ ઉપરથી સિદ્ધ સમજાય છે કે ૐકાર પરબ્રહ્મ પરમાત્મામાં સગુણ નિર્ગુણ પ્રકારે ભેદ નથી. અર્થાત્ જે ૐકાર **નિર્ગુણ** કહેવાય છે તેજ **ૐકાર સગુણ** બ્રહ્મ કહેવાય છે અને તેમાં સમષ્ટિ વ્યષ્ટિ ભાવનાવાળા **ચાર**–અને જેના આ ચાર પાદ ગણાય તે પૂર્ણ અથવા પાંચમો–**તથા** જેમાં આ સમષ્ટિ વ્યષ્ટિરૂપ ચારપાદોનો લય ગણાય. તે પૂર્ણ અથવા **પાંચમો** એમ પાંચપાદ રૂપે ઉપાસના કરવા યોગ્ય નામો.—**તૂર્યાતીત** બ્રહ્મ–**તૂર્ય**પાદ બ્રહ્મ–**સમ**પાદ બ્રહ્મ–**સત્** પાદ બ્રહ્મ–અને **અસત્** પાદ બ્રહ્મ–અનુક્રમે વર્ણવેલાં છે. **એમ** સર્વ રૂપથી પોતેજ **ૐકાર** પરમાત્મા હોવાથી **સદાએ** અભેદજ છે. એમ વેદશાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, સિદ્ધ સમજાવે છે. **આમ** અભેદ **એવા સનાતન વૈદિક ધર્મ**ના સિદ્ધાન્તમાથી **એક એક નામવાર** પાદ **ક્રમથી** ઉંચે ચઢનાર અધિકારી ભક્તજનોને સમજવા માટે **અર્થ**સત્તાત્મક નામ રૂપ **ભાવનાએ** પુરાણોની રચના રચવામાં આવી છે. જેમ **ગણેશ** પુરાણ, **શિવ** પુરાણ, **વિષ્ણુ** પુરાણ, **સૂર્ય** પુરાણ, **દેવી** પુરાણ, આદિ બીજા પુરાણો તે દરેક દરેકને **સાર્થતા** આપવા રૂપે આ પાંચજ ખાતામાં રચાયેલાં છે. આ પાંચે નામવાળા ભાવમાં તે તે નામ–**સગુણ બ્રહ્મ**ની સાથેની સંધીમાં અને નિર્ગુણ બ્રહ્મની સંધીમાંજ સગુણ નિર્ગુણના **અભેદ** રૂપે–જ્ઞાન વર્ણવી રહ્યાં છે. પાદક્રમની રચનાથી અનુક્રમે ચઢી આવનાર ઉત્તરોત્તર **ગતિનો** અધિકારી જે પાદમાં રહી **ઉપાસના** કરતો હોય તે તે પાદની સંપૂર્ણતા **સમજવા** માટે તેજ સગુણ નિર્ગુણ રૂપે છે **એમ** સિદ્ધ સમજાવેલું છે તેનો **અર્થ** પોતાની **જીવબુદ્ધિથી** કલ્પના કરતાં અવળો **એટલે** આટલેથીજ પૂર્ણતા રૂપે સમજીને લોકોમાં ભ્રમ ઉત્પન્ન કરે છે. પણ તે સર્વ સગુણ નિર્ગુણની સમાનતા સમજાવવા માટે છે. એમ શાસ્ત્ર બુદ્ધિના વિચારથી પોતે સમજતા નથી. એ તેમની ખોટ પ્રભુ જ્યારે પુરી પાડે

ત્યારે ખરી. **પુરાણોની** રચના રચવામાં બહુજ યુક્તિ વપરાયેલી છે. અને તે એવી રીતે કે મનુષ્યોની બુદ્ધિ ઉત્તરોત્તર ઉતરતાં ઉતરતાં કેવળ શરીર દૃષ્ટિથી નિર્બલ થતી ચાલી એટલે તેનાથી વેદાદિ ઉપનિષદ્નું ગુપ્ત રહસ્ય ધ્યાનમાં આવવા લાગ્યું નહિ. ત્યારે વેદ મર્યાદા અને પ્રમાણુ ધ્યાનમાં રાખી વેદ વ્યાસ નારાયણે લોક કલ્યાણાર્થ બુદ્ધિથી પરમાર્થતાએ પુરાણો રચ્યાં અને વેદોની શ્રુતિઓના મહાન્ રહસ્યવાળાં સૂત્રોના વિચાર ઉપર વિસ્તારથી વર્ણવવા માટે ઉપાસનાના યોગથી વાર્તા વિલાસરૂપ અનુક્રમ બાંધ્યો અને તેવી રીતે પણ વેદો શાસ્ત્રો ઉપનિષદોનું ગુપ્ત રહસ્ય સમજાવવા પ્રયત્ન કીધો છે. અને તેમાં પણ સગુણ નિર્ગુણનું અભેદ સમજાવેલું છે. જેમાં ભેદ દૃષ્ટિનો મિથ્યા પ્રલાપ તો કર્યો નથી. પણ **અધ્યાત્મ** બુદ્ધિથી જોયા વિના તેવું ગુપ્ત રહસ્ય હાથમાં આવતું નથી અને આવનાર પણ નથી. અસ્તુ. સમજણ ના પડે તો તેવા **અધ્યાત્મ** બુદ્ધિ સમજાવનારને શરણે જઇ તેનો ખુલાસો કરવો અને સમજવો. પણ નાસ્તિકતા તો કરવીજ નહીં એમ પોતાના કલ્યાણ રૂપ છે. આ પુરાણો બ્રાહ્મણોની પેટ રૂપી ટપાલ ઓફીસનું **રક્ષણ** નથી. પણ એમ મિથ્યા વૈખરી કરનારના અજ્ઞાનનું **ભક્ષણ** છે. એમ જાણો તો તુરતજ શ્રદ્ધાથી આનંદ આવશેજ આવશે.

"**શ્રદ્ધા**" શબ્દનો અર્થ કરતાં શ્રીમદ્ ભગવાન ભાષ્યકારે "**गुरु वेद वाक्येषु विश्वासः श्रद्धा**" વર્ણવ્યું છે કે બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રોત્રિય વિશેષણોયુક્ત તત્વજ્ઞાન દૃષ્ટિથી જાગ્રત **જીવન્મુક્ત** સંત સદ્ગુરૂમાં અને વેદ વચનોમાં જે વિશ્વાસ છે. તેજ **શ્રદ્ધા** છે. આ શ્રદ્ધા ષટ્ સંપત્તિમાંનું એક સાધન છે. સાધનની પૂર્તિ શિવાય આમ જેવા કરવા જોઇએ તેવા સત્ય અર્થ વિચારો બુદ્ધિમાં પ્રકાશ પામતા નથી. જેથી શ્રદ્ધા થતી નથી અને આક્ષેપ બુદ્ધિની પ્રતિકુલ લતાઓ તેમના મનના ઉપર અવળી અસર કરી નાસ્તિકતા પ્રગટાવે છે. એ અફસોસ કર્તા છે.

આમ સમજનાર અને સમજાવનારની ખોટને લીધેજ અત્યારે સગુણનું ખંડન કરવામાં, પુરાણોને ગપોડાં બનાવવામાં, અને ધર્મ શાસ્ત્રોને મન કલ્પિત વ્યવહારમાં ખડા કરી શિરચ્છેદ કરવાના કામમા આત્મ બંધુઓ ઉપરા ઉપરી તૈયાર થવા લાગ્યા છે. અને માત્ર નામ રૂપ વાળી પદાર્થ ભાવનાની દેહદૃષ્ટિનો પરિહાર કરવાની કુંચી શાને માટે હતી. અને તે કુંચી ક્યાં વાપરવાની છે. તેની થાપ ખવરાવી ન સમજાતાં નામ રૂપ સંજ્ઞાથી સગુણ બ્રહ્મનું ખંડન કરી પ્રભુના અર્થ સત્તાત્મક નામ અને રૂપમાં ભ્રાન્તિઓ ઉપજાવી શોરબકોર કરી મુક્યો છે. અને સ્વદેશ ભૂમિકાની અધમતા લાવવાનો પ્રયત્ન આદરી મુકયો છે કેમકે આમ ઉલટ માર્ગ ચલાવી ઉલટી રીતે લોકોને ભમાવી પ્રભુ કૃપાથી વિમુખ રાખવાનો પ્રયત્ન કરવા માંડયો છે. તેનું ફળ એજ કે **સ્વદેશી** બંધુઓને પ્રભુની કૃપારૂપ સ્હાયતા જોઇએ છીએ તે જગોએ પ્રભુની અકૃપાની સ્હાયતા મેળવવાનો યત્ન થવા લાગ્યો છે. તો જેવું ઇચ્છે તેવુંજ મળે એ નિશ્ચયજ છે. ખેતરની એક બાજુની **નિંદા** અને બીજી બાજુની **સ્તુતિ** એમ કરતાં તે ખેતરનીજ સ્તુતિ નીંદા થાય છે તે ઉપર ધ્યાન જાય છે કે ? ? એમ છેજ નહિં. સ્તુતિ કરો તો કરો—બાકી અણસમજથી નિંદા તો કરતાજ નહિ પણ માને છે કોણ ? ? ? સ્વદેશ ભૂમિકાની અને સ્વદેશી બંધુઓની ઉન્નતિ ધારતા હો તો સગુણ નિર્ગુણ એવા બે પ્રકારથી અભેદ ૐકાર પ્રભુ પ્રતિપાદનરૂપ સ્વતઃસિદ્ધ છે તો બેઉ પ્રકારથી જેમ છે તેમજ પ્રતિપાદન કરો. અને ઉભય પ્રકારરૂપે અદ્વૈત ૐકાર પરમાત્માને સેવો તોજ તમને પરમાત્માની સ્હાયતા

મળતાં તમારો **સનાતન વૈદિક ધર્મ** અને તેનું અભ્યુદય બળ હાથમાં આવશે. એટલે **ધર્મ** શબ્દની વ્યાખ્યા પ્રમાણે તમને ફળ પણ મળશે. **વૈશેષીક** શાસ્ત્રકાર ધર્મની વ્યાખ્યા કરતાં લખે છે કે **યતોऽभ्युदय निःश्रेयसः सिद्धि सधर्मः।** જેમાં પોતાના શારીરિક ધર્મની ઉન્નતિ અને **કલ્યાણની** ગતિ બન્ને સિદ્ધ થશે—શરીર સંબંધી ધર્મ મર્યાદાના ભંડારમાં સ્વદેશભૂમીની અને સ્વદેશ બંધુઓની અનેક પ્રકારની વિદ્યા, કળા, હુન્નર, ઉદ્યોગ, આદિ **લક્ષ્મી**, યશ, કિર્તિ, આબાદીની ઉન્નતિ આપોઆપ થશે. અને તત્વજ્ઞાનરૂપ **નિઃશ્રેયસ** મોક્ષથી પરબ્રહ્મસ્વરૂપ સિદ્ધિ પણ થશે. આમ ઉભય પ્રકારનો લાભ ધર્મ મર્યાદામાં છે. તે તો જનસમુહમાં ઉત્પન્ન કરવો ગમતો નથી પણ ઊલટા જનસમૂહને ઉલટ માર્ગે ચઢાવી આરૂ ફળ (શા) રીતે પ્રાપ્ત કરશો ? ? તે કંઇ સમજાતું નથી.

વેદાન્તશાસ્ત્રની પરીપાટીની સમજણથી તપાસતાં માલમ પડે છે કે, **વ્યાપ્ય વ્યાપક ભાવ સબંધરૂપે**—દેહ દેહીભાવ સબંધ અભેદ સ્વરૂપે છે. વ્યાપ્ય વિના વ્યાપક નથી અને વ્યાપક વિના વ્યાપ્ય નથી. એવો એકબીજાના અર્થથીજ મેળ સમજાય છે. તેમ દેહ વિના દેહી નથી અને દેહી વિના દેહ નથી એવો એકબીજાના અર્થનોજ મેળ અભેદ સંબંધવાળો છે. **अस्ति भाति, प्रिय, नाम** અને **रूप** આ પાંચ સ્વરૂપ બ્રહ્મના અભેદપણાએ સિદ્ધ કરવામાં આવે છે અને તે એવી રીતે કે પહેલાંના ત્રણ (**अस्ति, भाति, प्रिय**) વ્યાપક સાક્ષી અને પતિરૂપથી અને પછીનાં બે (**नाम, रूप**) વ્યાપ્ય એટલે દેહ—દેહીભાવથી સિદ્ધ છે. એટલે આ નીચેનાં બે વ્યાપ્યભાવથી દેહરૂપે સિદ્ધ છે ત્યારે ઉપરનાં ત્રણ વ્યાપકભાવથી દેહિ સ્વરૂપે સિદ્ધ છે. એમ દેહદેહિ ભાવની ઐક્યતાના સબંધવાળા અભેદભાવથી પાંચ પ્રકારની ગણતરીએ **પાંચપાદ**, વા પાંચના અભેદ સ્વરૂપે (પંચાયતન) સગુણ નિર્ગુણ સમાનાત્મક ૐ પરબ્રહ્મ પરમાત્મા છે અને તે અનુક્રમે તપાસતાં **દેહ, દેહી, વ્યાપક, સાક્ષી,** અને **પતિ** એવી ઉત્તરોત્તર સંજ્ઞાવાળા અર્થથી **રૂપ, નામ, પ્રિય, ભાતિ** અને **અસ્તિ** સ્વરૂપે અનુક્રમે **असत्** બ્રહ્મથી **स्वानंद** બ્રહ્મ પર્યંત બરાબર છે. ઉપરથી [૧]**અસ્તિ**, [૨]**ભાતિ**, અને [૩]**પ્રિય**. એ [૧]**પતિ** સંજ્ઞાત્મક [૨]**સાક્ષી** સંજ્ઞાત્મક અને [૩]**વ્યાપક** સંજ્ઞાત્મક છે અને [૪]**નામ**, [૫]**રૂપ** એ **દેહી** સંજ્ઞાત્મક અને **દેહ** સંજ્ઞાત્મક છે. આ નામ અને રૂપના અન્યભાવને ચેતન—અને જડ એમ પણ કહેવામાં આવે છે. એમ **જડ, ચેતન, વ્યાપક સાક્ષી** અને **પતિ** એવી સંજ્ઞાથી ઉત્તરોત્તર એક બીજાથી ઊંચી કોટીએ જીવ બ્રહ્મની ઐક્યતાનો તેમ જગત અને બ્રહ્મનો અભેદ છે. ઉપર વર્ણવ્યા પ્રમાણે દેહ તે દેહીથી ભિન્ન નથી અને દેહિ તે દેહથી ભિન્ન નથી. તેમજ જડ તે ચેતનથી ભિન્ન નથી અને ચેતન તે જડથી ભિન્ન નથી. એટલે બ્રહ્મસતાથી એ પાંચે પાદ ભિન્ન નથી. અવિદ્યારૂપ અજ્ઞાન દેહની દ્રષ્ટિએ જેને જડ એમ કહેવામાં આવે છે. તેનેજ **ચેતનની** સત્તાએ અને ચેતનની દ્રષ્ટિએ ચેતન કહેવામાં આંવે છે, એમ છતાં તે જડ ચેતન (દેહદેહી) શબ્દોના પ્રવાહમાં ભિન્ન હોઇ શકે નહિં. આ શરીર જડ છે એમ કહેનારો દેહી (ચેતન) તે શરીરથી ભિન્ન થતો નથી માટે તે પોતાને કહે છે. શરીરનો **દેહી**(જીવ)અભેદ ના હોય તો દેહને શી રીતે જાણી શકે ? ? ? માટે દેહદેહી ભાવ અભેદ છે. દેહ વિના દેહી ક્યાં રહે ? ? અને દેહી વિના દેહ શું ? ? આ બેનું અર્થસત્તાથી છુટાપણું થતાં અને એવું કેવળ અજ્ઞાન સમજાતાં બુદ્ધિના ભ્રમથી **દેહ** જોવાય છે. પોતાને **દેહી** જોઇ શકતો નથી. જેથી દેહનેજ માની પડનારા દેહાત્મવાદીઓ દેહનેજ પ્રતિ-

પાલન કરી રહે છે અને દેહનેજ માને છે. પણ તે લોકો જાણતા નથી કે દેહી વિના દેહ છેજ નહીં. કહો દેહીનેજ જાણી શકતા નથી. તો તેથી સૂક્ષ્મ બુદ્ધિએ જાણવાલાયક **વ્યાપકને** તથા તેથી પણ વિશેષ સૂક્ષ્મ બુદ્ધિએ જાણવા યોગ્ય **સાક્ષી** કે નેતિ પદ કે જેને **તૂર્ય** એમ કહે છે તેને તો શી રીતેજ જાણશે ? ? ? અને **તેથી** અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા **પતિ** સંજ્ઞાત્મક ૐ પૂર્ણબ્રહ્મના સ્વરૂપને તો જાણવું સ્વપ્ને પણ દુર્લભ ગણાય ! ! ! દેહ દેહી અર્થસત્તાત્મક છે એ વાત સ્વતઃ સિદ્ધ છે એમ દરેક વ્યક્તિમાં પણ સમજી લેવું. નામ અને રૂપ ભિન્ન નથી, વૃક્ષ અને રસ ભિન્ન નથી, વસ્તુ પદાર્થ અને સ્વાદ ભિન્ન નથી. એમ દેહ દેહી ભિન્ન નથી પણ આવા સત્ય સિદ્ધાન્તને અનુસરનારા લોકો દેહ દેહીની અભેદ સંજ્ઞાને ભિન્ન ભિન્ન કરી ચેતન અને જડ એમ ખુલ્લા ખુલ્લા ભાવ કરી દે છે. અને જડ દશ્ય સંજ્ઞાવાળો ભાવ ખોટો છે, એમ ભિન્નતાથી ઠરાવે છે. અવિદ્યા અજ્ઞાનથી અધિષ્ઠાનજ અધ્યસ્તરૂપે તેમ-ચેતનજ જડ રૂપે દેખાય છે. એટલે ચેતન સત્તા અભેદ રૂપે ન રહે તો જડ એવું કાંઇપણ રહેતુંજ નથી—વળી દેહ એકલો તો છેજ નહીં. પરમાત્માના વ્યાપકપણાના સિદ્ધાન્તથી જડ છેજ નહીં, અવિદ્યાથી છે એમ કહો પણ **આત્મા** વિના રહી શકતું નથી માટે ચાર્વાક સિદ્ધાન્તવાળા દેહનેજ માને તે પણ ખોટું અને દેહને **જડ** માનનારા ચેતન દેહીને જુદો પાડે તે પણ ખોટું છે. કેમકે દેહના વ્યાપ્ય ભાવમાંજ ઠેઠ પંચમ પૂર્ણ **પતિ** સંજ્ઞાત્મક પરમાત્માના જ્ઞાનને પામી જીવન્મુક્ત દશાનો અનુભવ યોગીજનો કરે છે. તે જ્ઞાન પ્રકારવાળા તત્વજ્ઞાની યોગીજનોનુ કલ્પિત શરીર ૐ પરમાત્માના જ્ઞાનથી વિલય કરેલું છે. પણ દેહદષ્ટિના જોવાવાળા અને દેહ કહેનારાની દષ્ટિમાંથી તેવા જ્ઞાનીજનોનો દેહ વિલય ગએલો જણાશે નહિં એટલે દેહ એ દેહીથી ભિન્ન નથી માટેજ **જીવન્મુક્ત** દશામાં દેહ રહેતો છતાં જીવન્મુક્તોને દેહ તરફની અજ્ઞાનરૂપની ઇજા નથી. છતાં આ દેહ જીવનમુક્તની દષ્ટિએ નથી. જીવનમુક્તની દષ્ટિએ તો દેહનો લય દેહીમાં—દેહીનો લય વ્યાપકમાં—વ્યાપકનો લય સાક્ષીમાં—અને સાક્ષીનો લય પતિપણાની પૂર્ણ સત્તામાં કરી સગુણ નિર્ગુણના અભેદત્વે બ્રહ્મસ્વરૂપજ છે. એટલે **ब्रह्मवेद ब्रह्मैव भवति** એ યથાર્થ છે.

આ ઉપરથી સિદ્ધ સમજાય છે કે દેહદેહિ અગર જડ ચેતન ભાવના એક બીજાથી ભિન્ન નથી. પણ અજ્ઞાત બુદ્ધિના જનો કે જેને **પામર** એમ કહેવામાં આવે છે. અગર જે લોકો કેવળ દેહદર્શિ સ્વભાવથી દેહ અને દેહનાં સુખ દુઃખમાં ગરક થએલા, દેહના માન અપમાનને વશ રહેલા, માત્ર દેહ સ્વભાવથી દેહ બુદ્ધિથી દેહમય બની પોતાના દેહી ભાનને ભુલી માત્ર દેહરૂપ બનેલા જનો જે પોતાને દેહ દષ્ટિથી જોઇ રહ્યા છે. તેમણે દેહી (જીવ) ને જાણ્યો નથી. જેથી દેહ મોહ ઉતારવા અને દેહને ભુલી દેહીને યાદ દેવરાવવા અગર દેહીને ઓળખાવવાના પ્રયત્નમાં દેહનો મોહ ઉતારવા રૂપ સાધનની પૂર્તિમાં પ્રથમજ વિવેક અને વૈરાગ્ય સમજાવવામાં આવે છે. દેહને પાડી નાખવાનો પ્રયત્ન કરાવવામાં આવતો નથી કેમકે દેહને પાડી નાખવાથી દેહી ચેતન ભાવ ટકી શકે નહીં અગર દેહીને પછી કોણ ઓળખે ? ? માટે દેહના વૈરાગ્ય માત્રની જરૂર ધારી દેહ મિથ્યા ભ્રાન્તિરૂપ સ્વપ્નરૂપ કલ્પિત છે અને દેહી એટલે જીવ તે મુમુક્ષુ ભાવથી બ્રહ્મ વિદ્યાનો અધિકારી છે. એમ સમજાવી તેને બ્રહ્મ વિદ્યા માર્ગ ઉપર ચઢાવવામાં આવે છે. માટે દેહ દેહી ભાવનારૂપ જડ ચેતન ભાવના અભેદ સ્વરૂપે સિદ્ધ છે. આ વાત સારી રીતે સમજવી હોય તો જીવનમુક્ત સંત સદ્‌ગુરૂ પરમા-

ત્માનો સમાગમ કરવો અવશ્ય જરૂરનો છે. કે જેથી યોગ્ય રીતે સમજ પડવાથી કલ્પિત દેહ વિગેરે તમામ બાબતનુ સમાધાન થતાં વાર લાગશે નહીં.

નામ-રૂપ-અથવા દેહી દેહ અથવા ચેતન અને જડનો સબંધ વ્યાપ્ય વ્યાપક ભાવ સબંધથી ઐક્ય અભેદ રૂપે સિદ્ધ છે. રસ અને વૃક્ષ જેમ અભેદ રૂપ છે. તે દેહ દેહીમાં બાહ્ય દૃષ્ટિ અને અંતર દૃષ્ટિથી જોવાય છે. બાહ્ય દૃષ્ટિથી વૃક્ષ દેખાય છે. અને અંતર દૃષ્ટિથી રસ સમજાય છે. તેમજ બાહ્ય દૃષ્ટિથી **દેહ** દેખાય છે અને અંતર દૃષ્ટિથી **દેહી** દેખાય છે. એમ બાહ્ય દૃષ્ટિથી **જડ** મનાય છે પણ અંતર દૃષ્ટિથી **ચેતન** સમજાય છે તથા બાહ્ય દૃષ્ટિથી **રૂપ** દેખાય છે ત્યારે અંતર દૃષ્ટિથી **નામ** દેખાય છે. એમ બાહ્ય દૃષ્ટિથી **વ્યાપ્યભાવ.** સમજાય છે ત્યારે અંતર દૃષ્ટિથી **વ્યાપકભાવ** સિદ્ધ સમજાય છે. એવી આ શાસ્ત્ર મર્યાદાની યુક્તિએ જેને જોતાં આવડે તે અભેદ રૂપેજ જોઈ શકે છે. બાહ્ય દેહ દૃષ્ટિથી જોનારાને દેહજ દેખાય છે. અને અંતર દૃષ્ટિથી જોનારાને દેહી સમજાય છે. આ સિદ્ધાન્તમાંની બાહ્ય દૃષ્ટિ તે બરાબર નથી અને અંતર દૃષ્ટિ બરાબર છે. જેમ વૃક્ષની છાયા એમ કલ્પનાથીજ સિદ્ધ છે. તે અજ્ઞાનથીજ છાયાની સત્યતા અંગીકારે છે. તેમજ દેહીને વિષે છાયા રૂપ કલ્પના તેજ આ દેહ છે. અને તેને અજ્ઞાનથીજ સત્ય રૂપે સ્વીકારેલો છે. તેમજ ચેતનને ન સ્વિકારનારા માત્ર ચેતનની છાયા રૂપ કલ્પનામય જડ ભાવને સ્વીકારી દેહને જડ રૂપે અંગીકાર કરે છે. અને તેજ દૃષ્ટિએ જોયાથી તેને આ જગત ચેતન (બ્રહ્મ) રૂપે ન જણાતાં જડ રૂપેજ જણાય છે. તેથી તે વસ્તુ પદાર્થના રૂપને જડ રૂપે અંગીકારે છે. એ કેવી મોટી ભુલ થાય છે તેનો સજ્જન પુરૂષો વિચાર કરશે તો સ્હેજ સમજાશે.

શાસ્ત્ર દૃષ્ટિથી જણાય છે કે સત્યયુગમાં આગળ વર્ણવેલી શ્રુતિ તાત્પર્ય રૂપ **જીવન્મુક્ત** પુરૂષનેજ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપે માનતા હતા. અને તે વખતે જે જે **ઉપાસકો** થયા છે. તે માત્ર **ગુરૂમૂર્તિ** મુક્ત પુરૂષમાં પરમાત્મા સ્વરૂપ અંગીકાર કરી તેમનીજ ઉપાસના સેવા પૂજા કરતા હતા. તે પછી અન્ય યુગમાં જ્યારે મનુષ્યોની બુદ્ધિ મંદ થતી ચાલી ત્યારે તેમણે વેદ મર્યાદાની **द्वावेव ब्रह्मणो रूपे मूर्त्तं चैवामूर्त्तं च इति** આ શ્રુતિના આધારે જીવન્મુક્તને બદલે મૂર્તિ પૂજા સિદ્ધ માની એમ સમજાય છે બુદ્ધિની મંદતા કેટલી થઇ તે ઉપર વિચાર કરતાં જણાય છે કે સત્યયુગમાં વેદની મર્યાદા પ્રમાણે સાક્ષાત્ બ્રહ્મ મૂર્તિ સ્વરૂપ જીવન્મુક્ત સંત સદગુરૂ ભાવનારૂપ મૂર્તિ અમૂર્તિ અભેદ સ્વતઃસિદ્ધ હતી. ત્યારે તેમાં દેહદૃષ્ટિની ભાવનાથી જોવાવાળાએ પોતાની દૃષ્ટિસમાન દેહ ભાવનાની અધમ બુદ્ધિથી બ્રહ્મસ્વરૂપ સંતમાં ભ્રષ્ટતા જાણી. મુક્ત પુરૂષોમાં પૂર્ણ બ્રહ્મભાવ કમી માન્યો. તેના પરિણામે દેહ દૃષ્ટિથી દેહરૂપે જાણવામાં આવતા જીવન્મુક્તોમાં બ્રહ્મભાવ કમી થયો મનાયો. તેથી દેહભાવનાથી ભેદભ્રષ્ટતા ન સમજાય અને સદગુરૂ પરમાત્મા વિશેની ભક્તિ પણ કમી ના થાય. એવી યુક્તિએ દેહબુદ્ધિના પામરોને એ યુક્તિ ૐકાર પરમાત્માની મૂર્તિપૂજા સિદ્ધ કરી બતાવી દસ્યા દસ્યની અભેદતાએ ધાતુ પાષાણાદિને વિષે પરમાત્માના વ્યાપ્યવ્યાપક ભાવ ઐક્યાત્મ અભેદ સબંધના સ્વરૂપનો સત્ય બોધ આગળ લાવી મૂર્તિ પૂજા પ્રસરાવી તે તેમણે બહુજ ડહાપણનું કામ કરેલું છે. એટલે વેદોથીજ અને વેદોના મંત્રોમાં અજ્ઞાન દહનને માટે વા અજ્ઞાન દૃષ્ટિના દેહભાનથી મુક્ત રહેવા વા અજ્ઞાનથી તરવાને માટે વા અજ્ઞાનથી જાગૃત થવાને માટે જે બોધરૂપે કહેવામાં આવ્યું

છે. તેજ આ અજ્ઞાનરૂપે **શરીરની** દૃષ્ટિજ માત્ર છે એટલે જોવામાં દૃષ્ટિનોજ ભેદ છે. એમ સાબીત કરી આપે છે હવે વ્યાપ્ય વ્યાપક ભાવ સબંધવાળા જગત અને બ્રહ્મ સ્વરૂપની અભેદ સત્તામાં પણ વ્યાપ્ય વ્યાપક ભાવ સંબંધ છે એમ સમજાતાં બાહ્યદૃષ્ટિથી જોવાતા યાવત્ જગતના દૃષ્ટિગોચર થતા જડરૂપ પદાર્થોમાં પણ ચેતનભાવની વ્યાપ્ય વ્યાપકભાવની ઐક્ય અભેદ સંબંધવાળી સત્તા અભેદરૂપે છે એટલે ધાતુ પાષાણુની મૂર્તિમાં પણ અંતર દૃષ્ટિથી પરમાત્માજ સિદ્ધ કરે છે. માત્ર બાહ્યદૃષ્ટિથી જોનારને પાષાણુ દેખાતો હોય તો તે બાહ્યદૃષ્ટિના અજ્ઞાનજનોને જોતાં આવડતું નથી તે અંતરદૃષ્ટિથી જોઈ શકતા નથી એમ સાબીત કરે છે. એટલે અજ્ઞાન દૃષ્ટિએ ધાતુ પાષાણાદિ દેખે છે. માટે અજ્ઞાની જનો પાષાણુ માની મૂર્તિપૂજાનું ખંડન કરતા હોય, તો સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તી જનોને સમજવું ઘટે છે કે, તેણે આ વૈદિક શાસ્ત્રીય ગુપ્ત મર્યાદા અને યુક્તિ **જ્ઞાન** જાણ્યું નથી તેથીજ આ મૂર્તિ રૂપનું ખંડન કરવા ઉભા થયા છે. કેમકે મૂર્તિ સ્વરૂપ બાહ્ય દૃષ્ટિ છે અને અંતર દૃષ્ટિથી તે પરમાત્મા છે. તે તેઓ જાણી શક્યા નથી. એટલે અજ્ઞાત જનો આમ જીવન્મુક્ત સંત સદ્‌ગુરૂના સમાગમમાં આવે અને શાસ્ત્ર બુદ્ધિની શ્રદ્ધાથી આવી રીતે સમજે તોજ જડ—અને ચેતનની અભેદ સત્તા—તેના સમજવામાં આવતાં મૂર્તિ અને તેની પૂજાનું કોઇપણ કાલે ખંડન કરવાના મિથ્યા પાણીના વલોણાની મેહેનત કરેજ નહિં. બાહ્ય દૃષ્ટિના અવિચારી અજ્ઞાત જનો જેમ વૃક્ષને જોઇ રહ્યા છે રસના અનુભવવાળા નથી. તેમ જે પાષાણાદિની મૂર્તિને જોઇ રહ્યા છે તે અંતરાત્મા વ્યાપક પરમાત્માની સત્તાના અનુભવવાળા નથી એમ ખાત્રીજ થાય છે.

જે સમયે સત્ય રીતે ૐકાર પરમાત્મા પરબ્રહ્મ સ્વસ્વરૂપ અભેદ યોગે સંત **જીવનમુક્ત** પરમાત્માને જાણી ગુરૂ અને **શાસ્ત્રના** અભેદત્વે અધિકારી જીવાત્માઓ પરમાત્મ તત્વ જ્ઞાનને જાણુતા હતા. તે કાળ વ્યતિત થતાં તે પછીના કોઇ એક કાળે તેમના શરીરને જોનારા અને તેથી ભ્રમિત થનારા પ્રાણીઓના સમાધાનાર્થે—વા પામરત્વના દોષ પરિહારાર્થે ધાતુ પાષાણાદિની મૂર્તિપૂજાથી અંતર દૃષ્ટિના સત્ય સિદ્ધાન્તને મજબુતી આપી વેદ માન્યતા વર્ણવેલી જણાય છે. પામરત્વના ભ્રમથી પામર જનોને પણ ઊંચા લેવાનો આ પ્રયત્ન જો વેદોમાં વર્ણવેલો છે તો તેથી અધિકારી વર્ગના પુરૂષોને સમજવા યોગ્ય **જીવનમુક્ત** પુરૂષ વિશેના પરબ્રહ્મ સ્વરૂપના સિદ્ધાન્તને હાની પહોચતી નથી એવી અભેદ શ્રેણી કાયમજ સમજવાની છે. એટલે જીવનમુક્તતામાં જેમ **શરીર નથી**, તેમ પાષાણાદિમાં **પાષાણ** નથી, એવો અભેદ સિદ્ધાન્ત કાયમ જ રહી શકે છે. છતાં આ કાળમાં તો તે કાળના પામર બુદ્ધિના દોષના પરિહારાર્થે સમજાવેલો **અભેદ** બુદ્ધિ યોગ પણ રહી શકતો નથી. આધુનિક પ્રજા તો પામરની પણ પામર બનેલી સમજાય છે કે—હવે તો જીવનમુક્તોને પણ શરીરધારી પોતાના જેવાજ પામરવૃત્તિવાળા જાણવા છે અને ધાતુપાષાણાદિકની મૂર્તિઓમાં તો પાષાણબુદ્ધિથી જોઇ તેમાં **પ્રેમભક્તિ** થતી નથી. એટલે સંતમાં પણ પ્રેમ ભાવ નહિ અને મૂર્તિમાં પણ પ્રેમભાવ નહિં. તેમ શાસ્ત્રમાં તો છેજ નહિં. વેદના ખોટા **અર્થ** કરવા છે. શાસ્ત્રપુરાણને તો **ગપોડાંજ** માનવાં છે એટલે આ પુરૂષોને હવે કયે માર્ગે પ્રભુમાં પ્રેમ જોડવો છે તે કંઇ સમજાતું જ નથી. વા પ્રભુમાંજ શંકા ધારણ કરી બેઠેલાઓના મનનું સમાધાન કરવાને બ્રહ્મા આવે તો સમાધાન થવાનું નથી. કેમકે બુદ્ધિની અધમમાં અધમ દશા રૂપ પામરના પામરપણાને પ્રાપ્ત થયા છે.

એટલે આવા કુતર્કો સનાતનધર્મિ પ્રજામાં **પરમાત્મ** તત્વનુંજ ખંડન કરનારા છે એમ સિદ્ધ થાય છે.

આવી ઉંડી સૂક્ષ્મ બુદ્ધિના નિશ્ચયથી આરંભેલી અને વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, અને પુરાણોથી પ્રતિપાદિત આ બ્રહ્મ સ્વરૂપ–મૂર્તિપૂજા એ પરમાત્માના સિદ્ધાન્તમાં સ્વતઃ સિદ્ધ છે તેને માત્ર સગુણ બ્રહ્મરૂપે ભિન્ન સમજી જુદું પાડી, ખંડન કરે છે એમ સમજાય છે. માટે સનાતન વૈદિક ધર્મની ગુપ્ત મર્યાદા બહુજ સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે. એકલી બાહ્ય દૃષ્ટિનું જોવું મિથ્યાજ છે, અને જોનારની મૂર્ખતા છે.

વૃક્ષ એ દેહ–અને રસ એ તેનો દેહી–તે જેમ દેહ દેહી ભાવ અભેદ છે. તેમ શરીર અને શરીરી આત્મા–જીવ એ બે નથી પણ સત્ય રીતે અભેદ છે. ચેતન વિના જડ કલ્પાયજ નહિં. જેમ રસ વિના વૃક્ષ કલ્પાયજ નહી તેમજ શરીરી વિના શરીર કલ્પાયજ નહિં. આ શરીરી આત્માનું નામ **જીવ** શબ્દથી શાસ્ત્રો વર્ણવે છે કેમકે દેહને વિષે મોહ પામેલો દેહનો અભિમાની આત્મા તેજ **જીવ** છે. બ્રહ્મવિદ્યા જ્ઞાન જે **વેદાન્ત** શાસ્ત્ર કહેવાય છે. તેમાં જીવ અને બ્રહ્મની ઐક્યતાનો સંબંધ વિચારતાં અને સમજાતાં **જીવ** દશા અજ્ઞાન દશાનુંજ **નામ** છે અને સત્ય રીતે તે બ્રહ્મજ છે પણ ઉપાધિના ત્યાગથી તે પોતાનું બ્રહ્મ સ્વરૂપ જાણે છે. એટલે બ્રહ્મ સ્વરૂપ થાય છે. પણ **દેહ** એ બ્રહ્મ નથી. દેહ તો મિથ્યાજ કલ્પનારૂપ સ્વપ્ન સમાન–શશ શૃંગવત્, વંધ્યા પુત્રવત્–એવા દૃષ્ટાન્તોથી સિદ્ધ કરે છે. ત્યારે તેનો અભિમાની પણ તેવોજ કેમકે દેહ નહીં તો દેહનો અભિમાની પણ નહિં. એટલે ખરી રીતે દેહ અને દેહી બન્ને મિથ્યાજ છે. પણ એની સમજણ એવી રીતે કે પ્રથક્ પ્રથક્ દેહનો સ્વભિમાની પણ પ્રથક્ પ્રથક્તાથી દેખાય વા ઠરે. હવે પ્રથક્ પ્રથક્ દેખાતા દેહ મિથ્યા ઠરે ત્યારે તેનો સાભિમાની પણ મિથ્યા ઠરેજ. પણ ભિન્ન ભિન્ન ચેતન ભાવને **જીવ** કહેવામાં આવે છે તેથી આ પ્રથક્ પ્રથક્ ઠરતું નથી. માટે વ્યાપક ભાવથી તે એક કોટી ઉંચીએ પ્રથક્ પ્રથક્થી પરે **વ્યાપક** સિદ્ધ ઠરે એટલે જડ ભાવનો બાધ થતાં ચેતન સત્તા **વ્યાપક**પણાની સિદ્ધિ એ દેહી મટીને **વ્યાપક** સમજાય એટલે દેહ અને દેહી બંન્ને વ્યાપક સમુદ્રમાં ડુબે તોજ **વ્યાપક** પરમાત્માનુ ઓળખાણુ પડે આ વ્યાપક પદ **ત્રીજું** છે. તે પણ શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ નથી. કારણ એમાં પણ વ્યાપ્ય રૂપ **દેહનો** સંબંધ છે. વ્યાપ્ય વિના વ્યાપક વિશેષણ લાગતું નથી માટે આ વ્યાપક સત્તા પણ **નેતિ** બ્રહ્મ તૂર્ય બ્રહ્મ કે જેને દ્રષ્ટા અગર **સાક્ષી** કહે છે તે ચતુર્થ પાદમાં વિલય જાય છે. વ્યાપ્ય વ્યાપક સમરસ ભાવ છે તેમાંથી વ્યાપક આત્મા **સાક્ષી** ઠરે તો સમરસ **વ્યાપ્ય વ્યાપકતા** ડુબે એમ થતાં અને તે પદનું જ્ઞાન સમજાતાં તે જીવ આત્મા પોતે વ્યાપ્ય વ્યાપકતા ત્યાગી તેથી પરે સાક્ષી ભાનમાં **શિવ સ્વરૂપ** થાય છે. અથવા સાક્ષી દ્રષ્ટા પોતાને જાણે છે. એટલે તેની વ્યાપ્ય નામની ઉપાધિ વ્યાપક સત્તા સાથે નીચે રહી જાય છે. અને પોતે પોતાને દ્રષ્ટા જાણે છે. આમાં સાક્ષ નામનો **જગત** કે મહાકારણ દેહ ભાવ છે. પણ સાક્ષી સાથે સંબંધ ધરાવતો નથી સાક્ષી દૂર રહે છે. તેથી **સાક્ષી** કહેવાય છે. સાક્ષી દૂરથીજ સાક્ષ વસ્તુને જોવાવાળો છે ઐક્યભાવ સંબંધવાળો નથી. જેથી આ પદ વ્યાપક રૂપ ત્રીજા પાદથી પરે **નેતી તૂર્ય પાદ** કહેવાય છે. અને તે જાણવા યોગ્ય વેદ વર્ણવે છે. જીવનો **શિવ** થતાં દેહની સાથેનો વૃક્ષ રસ પેઠેનો ઐક્ય અભેદ ભાવ તુટી જાય છે. ભિન્ન પડે છે. માટેજ **घट द्रष्टा घटात् भिन्नः** એમ આચાર્ય ભગવાન પણ લખે છે

કે એમ ઘડાનો જોવાવાળો ઘડાથી ભિન્ન છે તેમ નિચેના ત્રણે દેહ અને તેની ઐક્યતા ભાવ વાળા સબંધ વાચક ત્રણે જીવો વા ત્રણે પાદોને જોવા વાળો વા જાણવાવાળો તે ત્રણે દેહ અને ત્રણે તેના અભિમાની જીવ (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ) થી જુદો–ચોથો તેતી તૂર્ય, **સાક્ષી,** દૃષ્ટા, એવા સિદ્ધાન્તથી **શિવ** સ્વરૂપ છે. આ શિવ સ્વરૂપનો **તૂર્ય** અથવા **અસ્મિતાખ્ય** દેહ તે શિવ સ્વરૂપથી જુદોજ પડે છે. સાક્ષ વસ્તુની પીડા સાક્ષીને નથી માત્ર દૃષ્ટા હોવાથી જોવાપણાની ઉપાધિ વાળો છે. છતાં પણ પોતે તો **નિર્મળ** છે. આ ઉપાધિના જ્ઞાનની સમજણથી તે જીવાત્મા સાક્ષી પદનો પણ ત્યાગ કરી ઉપાધિથી મુકત થતાં માત્ર દેહ કલ્પનામય કલ્પિત માયાનુંજ કારણ સમજાતાં તે માયા રૂપ કલ્પનાના અધિષ્ઠાની ભૂત **પંચમપાદ સગુણ બ્રહ્મને** જાણે છે. આ કલ્પિત માયાવાળા દેહને કોઇ કોઈ જગોએ **બિંદુ** દેહ રૂપે વર્ણવ્યો છે. પણ તે અધિષ્ઠાનમાં **અધ્યસ્ત** સ્વરૂપે સિદ્ધ સમજાતાં દેહ નહિંજ. તે માત્ર **કલ્પનાજ.** વાસ્તવિક સગુણ બ્રહ્મજ કે જેને ઉપાસનામાં **પતિ** રૂપે વર્ણવ્યો છે તે વિના અન્ય કાંઇપણ નહિં. એમ થતાં આ જીવાત્મા કેવળ પોતાના વાસ્તવિક સ્વરૂપ અધિષ્ઠાનને પામતાં ચારે પાદરૂપ દેહોની ઉપાધિમાંથી **મુક્ત** થાય છે અને પોતાને વિષે અધ્યસ્ત રૂપે કલ્પાયેલા અધ્યસ્ત **બીંદુ** રૂપ દેહની કલ્પનાને શશશૃંગવત્ જાણે છે. જેથી તેને આસ્થાને એ દેહભાન **અહં** મમતા કે રાગદ્વેષ કે સુખદુઃખ, કે હર્ષશોક રૂપે કષ્ટ આપતું નથી. એમ આ જીવાત્મા **સગુણ બ્રહ્મ** સ્વરૂપને પામતાજ **સગુણ** તેજ **નિર્ગુણ** છે. અધિષ્ઠાનરૂપ વિશેષણયુક્ત તે સગુણ અને અધિષ્ઠાનરૂપ વિશેષણથી રહિત તે નિર્ગુણ એમ **યુક્ત** અને **રહિત** પણારૂપ ભાવાભાવથી પરે ૐ **પરબ્રહ્મ પરમાત્મા** સ્વતઃસિદ્ધ છે. એમ જીવાત્મા પોતાના નિજ **પરમાત્મા** સ્વરૂપને પામે છે. તેજ **જીવન્મુક્ત** યોગી છે.

આ સંસારના જનો દેહ સુખદુઃખમાં, દેહ મોહમાં, દેહના હર્ષશોકમાં, દેહના માનાપમાનમાં એવા ગરકાવ થએલા છે કે માત્ર દેહ દેખી દેહ રક્ષણરૂપ વા દેહના સુખને માટે અનેક યત્નો કરતાજ રહ્યા છે. દેહનું ગમનાગમન કે હલનચલન. દેહીની સત્તાથી છે. એ વાત તેમના સમજવામાંજ નથી. દેહી તેજ **જીવાત્મા** નામથી કહેવાતો છતાં **અમૃત આત્મા** છે છતાં સંસારના અનેક માણસો આ વાત જાણતા નથી અને પોતાના મોક્ષને માટે તે **અમૃત આત્માની** ઉપાસના પણ કરતા નથી. **મુકત સ્વરૂપને જાણવાને યત્ન કરનારો** તેજ **મુમુક્ષુ** કહેવાય છે. બાકીનાને **વિષયી** અને **પામરની** સંજ્ઞા આપેલી છે. અને તે મુમુક્ષુથી ઉતરતી બુદ્ધિની સ્થિતિવાળા છે. દેહનેજ જોવાવાળા દેહીને ઓળખતા નથી અને જાણતા નથી કે દેહીની સત્તાથી દેહ ગમનાગમન કરે છે. તેતો હું કરૂંછું. એ "હું" એવા નામનો દેહીજ છે ને દેહી છે તે દેહમાં તદરૂપે ગરકાવ થએલો દેહ રૂપજ છે જેથી દેહ દેહી અભેદ સંજ્ઞાથી ઓળખાયો છે. જેમ મૂળમાં અધિષ્ઠાનજ અધ્યસ્ત રૂપે કહેવાય છે. જેમ રસજ વૃક્ષરૂપે દેખાય છે. તેમજ આ દેહીજ દેહરૂપે દેખાય છે. સાચી સમજણ દેહી રૂપની છે. દેહરૂપની નથી. જેમ પાણીના પરપોટામાં પાણી એ સાચી સમજણ છે અને પરપોટા એ સાચી સમજણ નથી. જેમ અલંકાર એ સાચી સમંજણ નથી. પણ સોનું એ સાચી સમજણ છે. જેમ અનંત આકારો તે સાચી સમજણ નથી પણ માટી તે સાચી સમજણ છે. તેમ દેહ એ સાચી સમજણ નથી પણ દેહી તે સાચી સમજણ છે.

એમજ જડ એ સાચી સમજણ નથી, પણ **ચેતન** એ સાચી સમજણ છે. જેમ દેહીની સાચી સમજ છતાં દેહનો વિલય કે ખંડન કરી શકતા નથી. કેમકે વસ્તુ એક અને દૃષ્ટિ બે છે—તેમ ચેતનની સાચી સમજણ પડયા છતાં જડનો વિલય કરી શકતા નથી. જેમ કોઇ માણસના દેહની નિંદા કરવાથી વા તેના દેહને ગાળો ભાંડવાથી તે પોતાની નિંદા કે પોતાને ગાળો ભાંડી એમ માની લે છે. તેમ જડની નિંદા કરવાથી વા જડને ગાળો ભાંડવાથી તે **ચેતનની** નિંદા કે ગાળો ભાંડયા બરોબર છે. જડ ભાવનું ખંડન તે ચેતનભાવનુંજ ખંડન છે તેમ **સગુણ બ્રહ્મનું** ખંડન તેજ **નિર્ગુણ બ્રહ્મનું** ખંડન છે. જો તે માણસ એમ માનતો હોય કે અમારા દેહની નિંદા તે અમારા દેહીને લાગતી નથી. અમારૂં તત્વ સર્વ વ્યાપક છે અગર સાક્ષી છે કે બ્રહ્મ છે તો પછી તેનાથી ખંડન મંડન થતુંજ નથી. કેમકે તે પોતાને સર્વ વ્યાપક જાણે તો તે કોનું ખંડન કરે ?? જે કંઇ છે તે પોતાના વ્યાપકપણામાંજ સમાય છે. જડ હો કે ચેતન પણ પોતાના નિત્યવ્યાપકપણામાં હોવાથી ખંડન મંડનની જરૂરજ નથી. તેમ બ્રહ્મ સ્થિતિમાં તો હોયજ નહિં. એટલે આ ખંડન મંડનનો પ્રકારજ દેખાતો હોય. અગર કરાતો હોય તો તે કરનારને જાણજો કે જીવ દશાના અને ઉપાસના કરવાની બુદ્ધિની નિચેની દશામાં રમતા પામર દશાના માત્ર **દેહાધ્યાસી** જનોજ છે. એટલે કેવળ દેહનેજ જાણવાવાળા વા જડદષ્ટિના અનુભવીની **વૈખરી** ક્રિયા માત્રજ છે એમ નિશ્ચય જાણો. અર્થાત્ ચાર્વાકના સગા ભાઇ છે એમ જાણો.

અસ્તુ—બુદ્ધિની ઉત્તરોત્તર સ્થિતિએ **અધ્યસ્ત** ભાવના **અધિષ્ઠાનમાં** ગરક ન થાય અને સગુણ નિર્ગુણના અભેદ સ્વરૂપે પોતે પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત ન થાય ત્યાં સુધી સદ્‌ગુરૂ **જીવન્મુક્ત** પુરૂષના સદ્‌બોધની જરૂરીયાત સાથે તત્સ્વરૂપાત્મક બ્રહ્મસ્વરૂપ મૂર્તિપૂજા સ્વતઃસિદ્ધજ ઠરે છે. જ્યારે સત્યયુગની પેઠે જીવન્મુક્ત સંત **સદ્‌ગુરૂમાં** પ્રભુરૂપની ઉપાસના સેવાભક્તિ સિદ્ધ થાય તે પણ સંત પરમાત્મામાં વૈદિકરીત્યા **મૂર્તિપૂજાજ** સિદ્ધ થવાની. ત્યારે સંત સદ્‌ગુરૂ પરમાત્મામાં જેની બુદ્ધિ સ્થિર ના થતી હોય અને તેના માત્ર બળેલી દોરડીના વળ સમાન દેખાતા શરીરની ભ્રાન્તિઓ સમજાતી હોય તેવાને આ જીવન્મુક્તના બદલારૂપ ધાતુ પાષાણાદિને વિષેની સંસ્કારિક **વૈદિક મંત્રની** ક્રિયાની શુદ્ધિની બ્રહ્મરૂપ **મૂર્તિપૂજા** અવશ્યજ જરૂરની છે અને તે પ્રમાણરૂપજ છે. અને એમ કરતો કરતો મહાન્ ભક્તિ પ્રેમના યોગથી સંત સદ્‌ગુરૂ પરમાત્માને વિષેના શરીરથી નિર્ભ્રાન્ત થતાં ધાતુ પાષાણાદિકને વિષેથી ધાતુ પાષાણ બુદ્ધિનો ત્યાગ થઇ શકશે અને અંતે સંત જીવન્મુક્તને પરમાત્મા સ્વરૂપ માનશે એ વાત પણ નિઃસંશય છે. અને પોતાને પણ તદ્‌રૂપ જાણશો.

વ્યાપક પણાના સિદ્ધાન્તથી **પરમાત્મા** જ છે. જેથી વ્યાપ્ય વ્યાપકની અભેદ સત્તાએ કોનું ખંડન અને કોનું મંડન !! આ ખંડન મંડન કલ્પના જ છે, એ તો સ્વતઃસિદ્ધ જ **સ્વયંપ્રકાશ** છે. માટે ખંડન કરનારા પોતાના સ્વતઃસિદ્ધ પરમાત્માના વ્યાપક તત્વનુંજ ખંડન કરે છે. એમ સમજવું.

એમ મૂર્તિ અને અમૂર્તિની અભેદ સમજણથી ધાતુ પાષાણાદિક દેહ બુદ્ધિનો ત્યાગ કરી સગુણ નિર્ગુણ અભેદ ભાવનાએ પરમાત્માની ઉપાસના કરવી યોગ્ય છે. ખંડન મંડનની ભાંજગડમાંથી છુટા રહી કોઇ પણ વસ્તુ ખંડન કરવા યોગ્ય નથી ભેદબુદ્ધિ સદાએ ખંડનરૂપજ

છે એમ સમજી હવે પછીનો પોતાનો અમુલ્ય કાળ પ્રભુ ભક્તિમાં ગાળવો એવી સારી સમજથી પ્રભુ પરાયણુતા લેવાય તોજ મનુષ્ય જન્મનું **સાર્થક** છે. એમ જાણો.

ખાંડનાં રમકડાં બનાવવામાં આવે છે. આ રમકડામાંનાં એકેએક રજકણો ખાંડ—અને મીઠાશથી ભરેલાં છે. રમકડાંરૂપે જોશો તો પણ ખાંડ અને મીઠાશ વિના અન્ય નથી. ખાંડ એ વ્યાપક છે, અને રમકડાંનો નામ અને રૂપ ભાગ તે વ્યાપકરૂપ ખાંડની સાથે વ્યાપ્યછે. આ વ્યાપક ભાવ વ્યાપ્ય ભાગથી અભેદ છે. તે સજ્જન પુરૂષોની જાણુબહાર નથી. એમજ સર્વ વસ્તુ પદાર્થ માત્રમાં વ્યાપ્ય વ્યાપકભાવ અભેદ સબંધ છે. ખાંડ સ્વતઃ સિદ્ધ છતાં **રમકડાં** ભાવથી જોનારો જેમ ભુલ કરે છે. તેમજ પરમાત્મામાં જડ ભાવથી જોનારો અને માનનારો અવસ્ય ભુલ કરેછે. ખાંડમાં રમકડાં **એ કલ્પના** છે તેમ ચેતનમાં જડ એ કલ્પનાજ છે. જડની દૃષ્ટિથી જોનારાને જડ દેખાય, પણ ખરીરીતે તે ચૈતન્યજ છે. એમ જ્યારે જોતાં આવડે અને સર્વત્ર પરમાત્માનું અભેદપણું સમજાય. એટલે જડ દૃષ્ટિ સમૂળગી નષ્ટ થતાં અગર વ્યાપકમાં સમાતાં **મુર્તિને** પાષાણરૂપ જડ કહેતાં પાછા હઠાશે. અને સનાતન વૈદિક માર્ગના સ્વધર્મમાં અનુકુળતાથી શ્રદ્ધાવડે અનુભવ સાથે પ્રવેશ પામશે. એ વાત નિઃસંશય છે. પછી ખંડન મંડન કરવાનું કશું રહેતું નથી. એમ **વૈદિક સનાતન ધર્મ**ની અભેદ સત્તા ઐક્યભાવથી પ્રકાશને પામતાં આત્મ્યૈક્યતા, સ્હેજે ઉત્પન્ન થશે. આત્મ્યૈક્યતા ભક્તિ પ્રભુમાં સમર્પણુ થાય છે તે ભક્તિબળ સામ્રાજ્ય સ્વરૂપના અભેદત્વથી પોતાની બુદ્ધિમાં મહાન્ **અભેદ સત્તા** પ્રગટાવશે તે સત્તા **પ્રભુરૂપે**જ નિવાસ કરી રહે છે. જેથી **પ્રભુકૃપા** મનાતાં તે દર્શનમાં આવી સર્વ **સ્વદેશી** બંધુઓનું અને **સ્વદેશનું** હરેક રીતે કલ્યાણ કરવામાં સહાયકારી થશે. એટલુંજ નહીં પણ મૂળનો ભારત પ્રદેશ જે સ્થિતિમાં સર્વ રીતે પ્રકાશીત હતો તેજ રીતે પ્રકાશમાં આવી શકશે. આવી રીતે વર્તન ચલાવવામાં તમો સર્વ આત્મબંધુઓમાં જે ખોટ હોય તે પુરી પાડવામાં **વૈદિક સનાતન ધર્મ**ની મર્યાદા સાચવો અને પ્રભુની પ્રસન્નતા મેળવવા ઉત્કંઠિત **થાઓ એજ** દેશનું **હિત** છે.

મૂર્તિપૂજાના ખંડનથી—વિષયોની વૃદ્ધિને આશ્રય આપી પુનર્લગ્ન કરાવવાથી—વર્ણ સંકર પ્રજાની વૃદ્ધિ કરાવવાથી—ધર્મ મર્યાદાના કર્મોમાં અશ્રદ્ધા કરાવી વૈદિક કર્મોનો દાટ વાળવાથી—દેહની ઐકયતાના બધરહુડ જેવા અધર્મ અને અધમ કર્મોના બલને પ્રસરાવી વર્ણાશ્રમ ભ્રષ્ટ કરાવવાથી—કરોડો કલ્પ સુધી પરમાત્માની કૃપા સંપાદન થવાની નથી એતો **સ્વદેશ અને **સ્વધર્મ**ને અવનતિના ખાડામાં ઉતારવાનોજ ઉપાય થાય છે. સ્વદેશના બંધુઓ ઉન્નતિ ને બદલે અવનતિના મહાન્ કાળચક્રમાં સપડાય છે. પણ પરમાત્માની કૃપાથી ભરેલા વિચારવાળી બુદ્ધિની ખોટને લઇને **સદ્ વિચારો** કરતા નથી અને જ્યાં સુધી વૈદિક **સનાતન** ધર્મની મર્યાદા પૂર્વક સદ્ વિચારો એક સરખી રીતે પ્રકાશમાં આવતા નથી ત્યાં સુધી પ્રભુ કૃપા મેળવવામાં **ભારતીય** વા **ગુર્જર પ્રજા** નિર્બલજ છે એમ જાણો. આવો ધર્મમાં અવનતિ રૂપ કુસંપ પ્રસરાવવો ઊચિત નથી નથી ને નથી. ઘરમાં પાંચ માણસ હોય અને તે એક સંપથી વર્તન ચલાવી જો કંઇ કામ કરવા ધારશે તો તે સ્હેજે રીતે કરી શકશે. અને સંપ બુદ્ધિથી પ્રભુની સહાયતા પણ થશે. તેમ આપણો જુનામાં જુનો અને બહુજ દીર્ઘ વિચારે વેદોથી પ્રકાશમાં આવેલો અને અત્યારસુધી ઘણા ઘણા વિઘ્નો આવ્યાં છતાં સામ્રાજ્ય બળથી ટકી રહેલો, ઋષિ મુનિના અપાર અગાધ બુદ્ધિ બળના યોગરૂપ, પ્રભુકૃપાના મહાન્ આધાર રૂપ, આ

સનાતન વૈદિક ધર્મના વિચારોનો ઊલટ અર્થ કરી, ઊલટ અર્થવાળા બોધો **સ્વદેશી સ્વધર્મિ** બંધુઓમાં પ્રસરાવીતેમની શુદ્ધ બુદ્ધિના વિચારોનો ઉચ્છેદ કરી-તેમને **અધર્મ અવનતિ**ના અધમ માર્ગે ચઢાવી રાગદ્વેષરૂપી **કુસંપ**નો બહોળો વિસ્તાર કરો છો **એ** ભારત વર્ષની ઉત્તમોત્તમ વર્ણાશ્રમવાળી **આર્ય** પ્રજાને ઘટતું નથીજ. આમાં તમો કદાપી પણ ફતેહ પામવાના નથી. કુસંપમાં **ધર્મ** યોગની ઉન્નતિ થતી નથી તો અંતરદષ્ટિવાળી **આત્મોન્નતિ** તો કેમ જ થશે ??

અરે આર્ય પ્રજાના આર્યબંધુઓ ?!! જરા સૂક્ષ્મ બુદ્ધિથી જુઓ. અને આ અમારી અલ્પ એવી વિનંતિ ધ્યાનમાં લઇને આ બધા કકલાટ અને **કુસંપ** ભર્યા અને **દેહધ્યાસી** વિષયાદિકની વૃદ્ધિ રૂપના વિચારોને સદાયને માટે **તિલાંજલી** આપો. અને સર્વ બધુઓ સનાતન **વૈદિક** ધર્મ માર્ગની મર્યાદાએ **એક સંપી બનો.** તમારો જુનો ધર્મ અને તેની મર્યાદા પ્રમાણે તમારા વર્ણાશ્રમ ધર્મને ચલાવવાનો શુદ્ધ પ્રયત્ન આદરો. મૂર્તિ પુજા ધર્મ અને જ્ઞાનને ઊભય પ્રકારે શ્રેયકર્ત્તાજ છે. માટે તેને સ્હાયતા આપી તેનું માન વધારી પોતે કરો. અને અન્યને શીખવો. મિથ્યાભિમાન છોડી પ્રભુનું શરણ ગ્રહણ કરો અને શુદ્ધ વૈદિક સનાતન ધર્મની શ્રેણી પ્રમાણે આચારોને શુદ્ધ વિચારની સાથે મેળવી **ઐક્ય સ્વધર્મિ** બનો. એકસંપી પ્રજા શું કરી શકતી નથી ?! એક ધર્મિ પ્રજા પ્રભુની સ્હાયતા જેવી રીતે માગશે તે રીતે મેળવવા શકિતમાન છેજ છે. આપણા શુદ્ધ અને દીર્ઘ કાળથી ચાલતા આવેલા **વદિક સન તન ધર્મ**માં નિંદવા લાયક કોઇ એકપણ મર્યાદા નથી. તમારી જીવ બુદ્ધિથી તમને તેનો ઉલટો અર્થ કરવાનો હક નથી. સનાતન વૈદિક **ધર્મ** મર્યાદાને માન્ય આપનાર **સ્વદેશ સ્વધર્મ**ના હિત ચિંતક પુરૂષો મહર્ષિઓ વત્ જે રીતે સમજ્યા છે. તેજ રીતે તમને સમજાવવાનો પ્રયત્ન કરે છે તેઓ અંધશ્રદ્ધાર્થી માત્ર **મુર્તિપુજા** માન્ય કરી બેઠા નથી. તેઓએ જે સમબુદ્ધિથી વિચાર યોજનાને હૃદયમાં ધારણ કરેલી છે. તે પ્રમાણે તમો સર્વને જરૂર છે. એમ સમજીને તમોને સમજાવે છે એમ માનો. મહત્ જનોના બોધને ધારણ કરી પ્રભુકૃપાના અનુક્રમમાં પોતાનું શુદ્ધ વર્તન ચલાવો તેથી તમો **એક સંપી** અને **ઐક્ય ધર્મિ** બનશો અને સ્વદેશનો પણ **ઊદય** કરી શકશો. અને અંતે સ્વધર્મબળને ઉપજાવી પ્રભુભક્તિમાં સમાનતા ધારણ કરી શકશો તો જે તે રૂપે જેની તેની ઉન્નતિ થતાં વાર લાગશેજ નહીં.

સનાતન વૈદિકધર્મના અનુયાયીઓ આ ભારતવર્ષની તેત્રીસ કોટી પ્રજામાં લગભગ અર્ધો અર્ધ નીકળશે એમ અનુમાનથી આશરે કહીએ તો આટલા બધા સનાતન વૈદિક ધર્મિ બંધુઓ એકે અવાજે અને એક નિષ્ઠાથી, અને એક મર્યાદાથી, એક સંપથી, એવી ઐક્યાત્મ બુદ્ધિથી પોતાનો સનાતન વૈદિક ધર્મ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસની અભેદ મર્યાદાએ જો પાલન કરે અને રાગદ્વેષ, કુસંપ વિષય તૃષ્ણા, માન મોહ, વિગેરે રજોગુણી તમોગુણી સાભિમાની કૃત્યોને ત્યાગ કરે તો **યતો ધર્મ સ્તતો જયઃ** આ શ્રુતિના આધારે જેટલો વિજય મેળવવા માગશો તેટલો તે તે રીતે વિજય પ્રાપ્ત કરશો તેમાંજ સ્વદેશોન્નતિ સ્વધર્મ બુદ્ધિની ઉન્નતિ સ્વધર્મિ બંધુઓની ઉન્નતિ–એટલુંજ નહીં પણ આખા ભારતવર્ષની ઉન્નતિ યથાર્થ રીતે તે પ્રભુની ભક્તિથી કરી શકવા શક્તિમાન થશો. માણસનું બળ કંઇ કામ કરતું નથી. માણસોની બુદ્ધિ પણ કાંઇ કામ કરવાની નથી. માણસોની સાધ્યતા પણ કાંઇ કરી શકનાર નથી. પણ એથી લક્ષગણું બળ, લક્ષગણી બુદ્ધિ અને લક્ષગણી પ્રભુ સાધ્યતા

બલકે અનંત પ્રકારે અને અનંતબળથી પ્રભુ આપવા સમર્થ છે. કેમકે તે સર્વ સિદ્ધિનો પતિ અને સર્વ બુદ્ધિનો પતિ છે. તેને ત્યાં તમારા જીવોના વિજયને માટે ખોટ નથી. પણ તમારા કર્ત્તવ્યમાં કેટલુ ભુલમાં જાય છે તે તમારા સાભિમાની જીવ સ્વરૂપી અંધ નેત્રોથી જોઇ શકાતું નથી તમોને મનમંતવ્યના વિતર્કોનં અભિમાન આડુ આવી તમારો એ અભિમાનરૂપ શત્રુ જેને અત્યારે તમોએ મિત્ર માન્યો છે તે હિતશત્રુ તમારા અનુભવી અને સૂક્ષ્મ આત્મબળનો નાશ કરે છે. પણ સત્ય હિતૈષીજનોનાં હિતકર વચનો સાંભળવાં છે કોને ' ' અને માનવાં છે પણુ કોને ' ! '

સનાતન વૈદિક ધર્મમાં આટલા બધા માણુસો છતાં કુસંપે એવો નિવાસ કર્યો છે કે કંઈ મણા નથી. હવે લખ્યાથી કે કહ્યાથી કંઇ પણુ વળે તેમ નથી. એવો આ સમય પણુ વિપરીત આવ્યો છે, કોઇનુ કહ્યું કોઈ માનતુંજ નથી. ઘરમાં કુસંપ, ગામમાં કુસંપ, દેશમાં કુસંપ અને આખી સનાતન વૈદિક ધર્મની પ્રજામાં કુસંપ. અરેરે ' , ' શું થવાનું ' સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તને માન્ય કરનારા બ્રાહ્મણુ, ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર આદિ વર્ણુ અને-આશ્રમ ધર્મ પ્રમાણે વર્ત્તનારા માણુસોની સંખ્યામાં સનાતન વૈદિક ધર્મના ચાર **આચાર્યોની** યોગ્ય માન્યતા સદ્ગુરૂ સ્વરૂપે સદોદિત ચાલુ રહી છે. આ ચાતુર્વર્ણ્ય પ્રજામાંથી કેટલોએક ભાગ શ્રી વલ્લભાચાય ને માનવાવાળો તથા કેટલોએક ભાગ શ્રી રામાનુજાચાર્યને માનવાવાળો અને કેટલોએક ભાગ મધ્વાચાર્યને માનવાવાળો અને મોટો ભાગ શ્રીમદ્ ભગવાન ભાષ્યકાર શ્રીમત્ શંકરાચાર્યને માનવાવાળો છે. આ ચારે આચાર્યો પોતપોતાનો મત **વૈદિક સનાતન** ધર્મની મર્યાદાનો છે એમ મનાવે છે. અને તેઓ ચારે આચાર્યોને, વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો અને ઇતિહાસો માન્ય છે. આ ચારે આચાર્યમાં પ્રથમ આચાર્ય શ્રી શંકરાચાર્ય છે. નિષ્પક્ષપાત બુદ્ધિએ આ **ચારે આચાર્યો એકજ સનાતન વદિક ધર્મ મતને અંગીકાર કરવાવાળા છે.** તો તેમાં આપણે એટલુંજ જોવાનું છે કે એકજ **અદ્વિતીય** ધર્મના નામથી પોતાને આચાર્ય મનાવનારાઓ તમો ચારેમાં કુસંપ શી રીતે પવર્ત્ત થયો ?? તેઓ અદ્વૈત મંતવ્યને વિશેષણુ સાથે જોડી બોલે છે તે તો સર્વ કોઇ જાણે છે છતાં વિશેષણુરૂપ અલંકારનો ત્યાગ કરો તો આ કુસંપ શાથી ?? વૈદિક સનાતન ધર્મની જેમ તેમ ચાલતી આવતી કુલ મર્યાદા શંકરાચાર્યે યથાર્થ રીતે સાચવી. તેથી વર્ણાશ્રમ ધર્મના નેતા **બ્રાહ્મણોએ** તે **સર્વથા** માન્ય રાખી વેદોમાં વર્ણુવેલાં પાંચ પાદની માન્યતાએ બ્રહ્મ પ્રાપ્તિની યોગ્યતા અનુક્રમે ભક્તિયોગથી સાચવવા **ગણુશ, શિવ, વિષ્ણુ, સૂર્ય** અને **શક્તિ** સ્વરૂપ બ્રહ્મપાદની પરમભક્તિ એક અક્ષર અક્ષરાતીત સગુણુ નિર્ગુણુ સમાન રહિત પરમાત્મા ૐકારને વિષે જેમ વેદો ઉપનિષદોમાં અને તેજ પ્રમાણે પુરાણોમાં વર્ણુવી છે તેમજ શ્રીમન્ શંકરાચાર્ય મહારાજે માન્ય રાખી. વેદમાન્ય પંચાયતન ૐકાર સ્વરૂપ પૂજાભક્તિ લોકસમુહમાં પ્રકાશમાન કરી. તેથી બ્રાહ્મણાદિ ચાતુર્વર્ણ્ય પ્રજાએ કાંઇપણુ વિરોધ વિના માન્ય કરી. અને ધર્મના નેતા બ્રાહ્મણોએ માન્ય કરી તે ચાતુર્વર્ણ્ય પ્રજામાં અત્યારપર્યંત અસ્તિ ધરાવે છે. તેમજ ૐકાર બ્રહ્મના પાચ પાદમાં નીચેથી અસત્પાદ, સત્પાદ, સમવાદ, તુર્યપાદ, અને સ્વાનંદપાદ અથવા પૂર્ણપાદના પ્રમાણથી તેના ચાર પાદ અને તે પાંચમો એવા સ્વરૂપે પંચાયતન બ્રહ્મની અભેદ ૐકાર સ્વરૂપની સગુણનિર્ગુણુ અભેદ ઉપાસના વૈદિક રીત્યા. સનાતન

ધર્મિજનોએ અત્યારપર્યંત જાળવી રાખી છે અને મતામત થવા દીધો નથી. આ વૈદિકરૂપ **કૈવલ્યાદ્વૈત સંપ્રદાયનું** સનાતન ધર્મ રહસ્ય વૈદીક મંત્રોની ક્રિયાથી સિદ્ધ હોવા રૂપે અને નિરાગ્રહરૂપ હોવાવડે વેદના પ્રમાણથી અપૌરૂષેય રૂપજ છે. આ શ્રીમત્ શંકરાચાર્યનો પ્રાદુર્ભૂત અવતાર સનાતન વૈદિક ધર્મના જીર્ણોદ્ધારરૂપ છે. તેમના અવતાર સમયે બૌદ્ધ ધર્મ પ્રવૃત્ત હતો અને તેમણે પરમાત્મ તત્વનું અસ્તિત્વ ઉડાવી આ જગત અનાદિ છે. એનો કર્તા કોઇ નથી એવો માયાવી કેવળ દેહ દૃષ્ટિનો દૃશ્ય સિદ્ધાન્ત સ્વદેશ ભૂમિકામાં બહુ બળવાન રૂપે પ્રસરાવી મૂક્યો હતો અને તેથી સગુણોપાસના અને બ્રહ્મવિદ્યાજ્ઞાનનો સમૂળો હ્રાસ થયો હતો. યજ્ઞાદિ ધર્મ કર્મનો લોપ થયો હતો. આ વખતે પ્રજામાં ધર્મનો ક્લેશ વિશેષ થયો નથી, પૂર્ણાત્મા પ્રભુના તૂર્યપાદરૂપ શિવનો અવતાર વા શંકરાચાર્ય થયા એમ નિશ્ચયજ છે. અને તેમણે વૈદિક સનાતન ધર્મનો પુનઃ ઉદ્ધાર કરી વર્ણાશ્રમ ધર્મ મર્યાદા ચલાવી—બ્રહ્મવિદ્યાજ્ઞાન પૂર્વક કર્મ, ૐ પંચાયતન ઉપાસનાને યથાર્થ રૂપે પ્રતિપાદન કરી બ્રહ્મ બોધથી ભારતવર્ષ પાછો સનાતન વૈદિક ધર્મની મર્યાદામાં મૂકયો. જે કે અત્યારસુધી એક સરખી રીતે ચાલ્યાજ કરે છે. શારદાપીઠની પરંપરા ઉપરથી જણાય છે કે આ મૂળ પુરૂષ આદ્ય શંકરાચાર્યને લગભગ ૨૪૦૦ વર્ષ થવા આવ્યા છે. આ શંકરાચાર્યનો મત સનાતન વૈદિક ધર્મ મર્યાદાથી કોઇ પ્રકારે પણ જુદો નથી જેમ વેદોએ ૐ બ્રહ્મનું પ્રતિપાદન સગુણ નિર્ગુણ એવા ઉભય પ્રકારથી રહિત સ્વરૂપે અને ઉભય પ્રકારના સમાન સ્વરૂપે વર્ણવ્યુ છે તેમજ તેમણે પણ કરેલુ છે. તેમણે કોઇ એક પ્રકારનો પોતાની વિદ્વત્તા ભરેલો આગ્રહ મત બતાવ્યો નથી. કેમકે "**કૈવલ્યાદ્વૈત**" બ્રહ્મવાદ એમ શંકરાચાર્યના મતનુ નામ કહેવાય છે. તેનો અર્થ કૈવલ્યરૂપ અદ્વૈત એવો થાય છે. અદ્વૈત પણ કૈવલ્ય રૂપથી સિદ્ધ છે. એવો સગુણ નિર્ગુણાતીત વૈદિક સનાતન ધર્મ સગુણ નિર્ગુણની સમાનતાનેજ ધારણ કરેછે માટે શ્રી શંકરાચાર્ય મહારાજનો આગ્રહી સંપ્રદાય નથી એમ વિદ્વાનો જાણે છે.

રામાનુજાચાર્યનો "**વિશિષ્ટાદ્વૈત**" સંપ્રદાય. તેમજ મધ્વાચાર્યનો "**દ્વૈતાદ્વૈત**" સંપ્રદાય અને સૌથી છેલ્લામાં છેલ્લા શ્રી વલ્લભાચાર્યનો "**શુદ્ધાદ્વૈત**" સંપ્રદાય—અત્યારે સનાતન વૈદિક ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજામાં માન્યરૂપ ગણાય છે. ચારે આચાર્યો અદ્વૈત સિદ્ધાન્તને પ્રતિપાદન કરતા છતાં વિશેષણોના પ્રભાવે એક બીજાના ખંડનમંડનરૂપી બાણોના યુદ્ધથી કુસંપરૂપ વડે પ્રવેશ કરી પ્રજાના બુદ્ધિબળનું હનન કરી રહ્યા છે એ અફસોસકારક છે! તે સર્વ વિદ્વાન બ્રાહ્મણાદિ પ્રજાની જાણબહાર નથી વિશેષ લખવાની જરૂર નથી. ૐકાર પંચાયતન પાંચ પાદરૂપ **ગણેશ, શિવ, વિષ્ણુ, સુર્ય.** અને **શક્તિ** એ અભેદ સ્વરૂપ તેમનાથી ટાળી ટળાવી શકાયા નથી છતાં પોતાના મંતવ્યોના આગ્રહરૂપ એક આગ્રહી નામની ભક્તિ ઉપાસના પ્રસરાવી મુકી છે. તેથી નામ પ્રકારથી કુસંપનો ઉદ્ભવ થવાનો સંભવ પ્રકાશમાં આવી શકવાથીજ કુસંપની સત્તા બેહેકી રહી છે. વૈદિક કર્મોની રીતીએ તો તેમને પંચાયતનનું પૂજન અર્ચન કર્યા વિના ચાલતુંજ નથી પણ પોતાના આગ્રહીમતના સાભિમાની એક આગ્રહી નામનું સ્વરૂપ પ્રજામાં ઠસાવી એવું મજબૂત ચોંટાડી ધાલ્યું છે કે અત્યારે આ અદ્વૈતવાદી સાંપ્રદાયિકો કહેવડાવતાં છતાં પંચાયતનમાં સમાનબુદ્ધિ

ધારણ કરતા નથી અને પ્રભુના પાંચ સ્વરૂપની અભેદ સત્તામાં અને નામમાં નિંદા કરવા લાગ્યા છે. મતાભિમાની આચાર્યો એક બીજાના મતનું ખંડન કરવા સમર્થન કરી રહ્યા છે તો મતાભિમાની પ્રજા પણ તેમજ ચલવે તેમાં શું નવાઇ!!! એમ એક સનાતન વૈદિક ધર્મની પ્રજામાં મહાન્ મતભેદ ઉત્પન્ન થયો છે. પોતાની ભુલ કોણ કબુલ કરે ?? પોતાના આગ્રહી મતનું ખંડન પોતેજ કેમ કરે ?? પોતાનો માનેલો એક નામવાળો મત તો ખરોજ અને બાકીના મતનું ખંડન કરવું એવું મતાભિમાની આચાર્યોનું સમજવું વ્યાજબી ગણાશે કે ?? શંકરાચાર્યનો કોઇ પણ મત નથી. શંકરાચાર્યનો કોઇપણ આગ્રહ નથી. એ આ ભારતવર્ષના અગ્રણી મોટા મોટા વિદ્વાનો સારી પેઠે જાણે છે અને વૈદિક સત્ય મતના માત્ર ઉદ્ધાર કર્ત્તા શ્રી **શંકરાચાર્ય** છે. તેઓએ પોતાનો આગ્રહી કોઇ મત જણાવ્યો કે વર્ણવ્યો નથી. તેમણે વેદની મર્યાદાપૂર્વક પરબ્રહ્મ પરમાત્મા ૐકારનું સગુણ અને નિર્ગુણ પ્રકારથી યથાર્થ વર્ણન અને પ્રતિપાદન કીધું છે. છતાં આ શંકરાચાર્યથી ઉદ્ધરીત એવા સનાતન વૈદિક ધર્મના કુલ મુખ્ય અદ્વિતીય સિદ્ધાન્તને ખંડન કરવાવાળા અન્ય આચાર્યો કોનું ખંડન કરે છે અને કોને મંડન કરવા માગે છે ? તે કંઇ સમજાતું નથી. આ ત્રણે આચાર્યના મતમાં વિષ્ણુ રૂપે રામ કૃષ્ણનું પ્રતિપાદન છે. તો તે શંકરાચાર્યના મતના અભેદ ૐકાર પંચાયતન સ્વરૂપનું ખંડન કરે છે. તો તેમાં વિષ્ણુ પણ આવી જાય છે. શંકરાચાર્યે તો ઉપાસનામાં પંચાયતનનું પ્રતિપાદન કર્યું છે. તેમાં તેમણે વિષ્ણુનું ખંડન કર્યુ નથી. કેમકે વિષ્ણુ તે પણ બ્રહ્મ સ્વરૂપનું વ્યાપકસંજ્ઞાનું એક નામ **અર્થ સત્તા વાચક** છે. અને તે પંચાયતનના સમાન ભાવમાં **સમ** સ્વરૂપે આવે છે તો કોનું ખંડન થાય છે ?? પણ તે વાત આ આચાર્ય મતના માણસો પોતાના આગ્રહી મતવાદી મતથી પોતાની ભુલ જણાવી કે જાણી શક્તા નથી. અને કુસંપ ઉદ્ભવ કરી બેઠા છે. શ્રીમત્ શંકરાચાર્ય મહારાજે આગ્રહી **ગાણપત્યોનું** આગ્રહી **શૈવોનું** આગ્રહી **વૈષ્ણવોનું** આગ્રહી **સૌરોનું** અને આગ્રહી **શાક્તોનું** યોગ્ય રીતે ખંડન બતાવી સર્વને ૐકાર પંચાયતન સમાન અભેદરૂપ માનવાનું યથાર્થ સમજાવી અભેદ ભાવરૂપ પરમાત્માના પ્રતિપાદનથી લોકને યથાર્થ સનાતન વૈદિક ધર્મનો બોધ બતાવ્યો છે. તે વાત વિદ્વાનોની જાણ બહાર નથી. ત્યારે આવો મત ભેદનો કુસંપ શંકરાચાર્યના મનમાં વા તેમના લેખોમાં નથી. એમ સાબીત થાય છે. આદ્ય શંકરાચાર્ય મહારાજે શ્રી મહા **ગણપતિની, શિવની, વિષ્ણુની, સૂર્યાદિની** અને **શક્તિની** સ્તુતિઓ પ્રથક્ પ્રથક્ અને અભેદ રૂપે કરેલી છે અને તે જગપ્રસિદ્ધ છે. ત્યારે આ સનાતન વૈદિક ધર્મના નેતા સર્વ આચાર્યોને ઘટે છે કે તેમણે આવી કલિ પ્રચાર કલુષિત બુદ્ધિવાળી પ્રજામાં પોતાના સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોને પ્રસરાવવા એક બીજાનું ખંડન મંડન ન કરતાં સર્વ પ્રજા માત્રને વર્ણાશ્રમ ધર્મની બરાબર મર્યાદા શીખવી વૈદિક કર્મો કરાવી ભક્તિ ઉપાસનામાં ૐકાર સ્વરૂપ **ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય** અને **શક્તિનું અર્થ** સત્તાત્મક અભેદત્વ પાંચપાદરૂપે યથાર્થ ઉત્તરોત્તર સ્વરૂપ સમજાવી પરમ પ્રેમ ભક્તિ ઉત્પન્ન કરાવી, બ્રહ્મવિદ્યા જ્ઞાનનો યથાર્થબોધ સમજાવી તેમને આ મિથ્યા કલ્પનારૂપ સૃષ્ટિના સ્વપ્નવત્ ભાસમાન થતા દેહાધ્યાસથી મુક્ત કરી સ્વરૂપામૃત પાઇ અમૃત સમાન કરી જન્મ મર્ણાદિક બંધનમાંથી તારવા જોઇએ. તોજ તમારો પ્રભુ રૂપનો ઉપકાર પ્રજા કદાપી પણ ભુલશે નહી અને રૂડા પ્રકારે તમારા ગુણો ઇશ્વર રૂપથી ગાશે. અને તેથી કલિ કલુષિત

દુર્બુદ્ધિનો વિલય થતાં સ્વદેશ અને સ્વદેશી બંધુઓ ધર્મ, કર્મ, ભક્તિ અને જ્ઞાનની ઉન્નતિ ઉપર આવશે. આચાર્ય મતાવલંબી પ્રજાની આ કુસંપ રૂપ લડાઇમાં નાસ્તિકતા ઉત્પન્ન થવાનો સંભવ આવ્યો. તે જો આમ શુદ્ધ રીતે ચાલતું હોત તો આવત નહિં. આ ભારત વર્ષની ભાગ્યવાન પ્રજા એટલીકે આ આચાર્યોના મતો લડાઇખોર દેખાયા ખરા પણ તે ચારે આચાર્યો એ ૐ બ્રહ્મનું આગ્રહી તો આગ્રહી પણ સગુણ અને નિર્ગુણ બન્ને પ્રકારનું સ્વરૂપ અભેદ રૂપેજ વર્ણવ્યુ છે તેથી ચારે આચાર્યોના મતમાં મૂર્તિપૂજાનું ખંડન નથી. કદાપી નિર્ગુણને કે સગુણને રાખવાનો પ્રયત્ન દેખાડયો હશે છતાં નહીંજ જેવો છે માટે એટલો એક મોટો ઉપકારજ છે.

આ ઘરની લડાઈ મટે તો વધારે સારૂ. એવા વિચારમાંને વિચારમાં વળી હાલ થોડા એટલે પાંત્રીસ ચાલીસ વર્ષમાં એક નવો તુકતોજ ખડો થયો દેખાયો છે! સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તના નામને વળગી ગ્હાને કેટલાએક પંથો પણ આ ગુજરાતમાં દાખલ થયા છે. અને યત્ કિંચીત્ પ્રજા તે પંથને અનુસરવા લાગી છે પણ તેઓને પણ ઉપર પ્રમાણે સમજવા સૂચના કરવામાં આવે છે. કે પૂજાવા માત્રની મહત્તા ધારણ કરતાં આ ખંડન મંડન વૈભોગને ધારણ કરી કુસંપ કલેશના પિતા બનવાની ઉત્કંઠા ધારણ કરી તો કરી પણ હવે તમારી શી વલે થશે?? તેનો વિચાર વિદ્વાનો કરે છે. અને તમો પણ કરશો એમ આશા રાખવામાં આવે છે. વળી "**વૈદિક ધર્મના સિદ્ધાન્તને અમો માનીએ છીએ.**" એવા બાહ્યડોળ વિચારો પ્રસરાવનારા બંધુઓએ મિથ્યા ધાંધળ ગુજરાતમાં અને ભારત વર્ષના કોઈ કોઇ ભાગમાં મચાવી મુકયુ છે કે કંઇ લખતાં પાર આવે તેમ નથી. આ ધાંધલના આગેવાન બંધુઓ સનાતન વૈદક ધર્મના સિદ્ધાન્તિ વર્ણાશ્રમ ધર્મને માનવા વાળા બ્રાહ્મણો ક્ષત્રીયો વૈશ્યો અને શદ્રાજ છે. તો તેમને બહુજ વિવેકથી જાણવાનું છે કે તમારો સનાતન વૈદિક ધર્મ તમારા વડીલોના વડીલોથી કે તમારી પાંચસેં પેઢીથી કાયમજ ચાલુ આવે છે. તે થોડા વખતમાં એટલે તમારા પિતા કે દાદાના વખતમાં ઉદ્ભવ પામેલો નથી. કે તેનો તમે ફેરફાર કરવા માગો તે થઇ શકે પણ વેદથી પ્રતિપાદન થનો જેમાં ફેરફાર કરવા તમે શકિતમાન નથી. વેદના કોઇ કોઇ ટુકડા લઇને વા શાસ્ત્ર સ્મૃતિના કોઈ કોઇ ટુકડા લઇ તેનો ખોટો અર્થ કરી લોકોમાં પ્રસરાવી અણસમજના, થોડી બુદ્ધિના, શાસ્ત્ર રહિત બુદ્ધિના અવિચારી અને અજ્ઞાત જનોને સમજાવી ઉલટ માર્ગે દોરો છો. એ દેશની ઉન્નતિ કરો છો કે અવનતિ કરો છો?? ઉન્નતિવાળો ધર્મ તે પરાપૂર્વનો અને તેના ખોટા અર્થ સમજાવી દેશને અવનતિમાં નાખનાર તમો દેશનું અહિત રહ્યાઓ છો. તે તમારૂંજ અહિત છે એમ નિશ્ચય છે કેમકે તમારાજ ભ્રાતૃઓમાં અવનતિ પ્રસરાવી દેશના જનોને સનાતન વૈદિક ધર્મ વિરૂદ્ધ કૃત્ય કરાવી. ઇશ્વર કૃપામાંથી વિમુખ રાખવાનો પ્રયત્ન કરો છો આ તમારો ઉપકાર કે અપકાર??? મૂર્તિપૂજા સમજાવવાનો ખોટો પ્રયત્ન કરવાને વેદો શા માટે વર્ણવતા હશે?? અથવા મહાન્ ઋષિમુનિ સંતો જીવ-મુક્ત મહાત્મા અને આચાર્યોએ તે શા માટે કાયમ રાખ્યો હશે?? ભાઇઓ તમે તો ચાળીસ વર્ષની વાતની બાજી માંડી બેઠા છો પણ સનાતન ધર્મના મૂર્તિપૂજાના સિદ્ધાન્તનો પાયો તો વેદ પરમાત્માથીજ સિદ્ધ છે. એટલે તમારી આ પીપુડી થોડો કાળ વાગતી રહેશે તો પણ

અમારા સનાતન વૈદિક ધર્મના નગારાનો અવાજ તો એટલો બહોળો છે કે તમારી પીપુડી આખરે અમારામાંજ સમાઇ દટાશે અને તમારે હાથેજ **તિલાંજલી** સાથે દ્વાદશા ત્રયોદશા કરવાનો વખત આવશે. હજુ એમજ સમજજો કે સનાતન વૈદિક ધર્મરૂપી સિંહ ગર્જના કરી ઉઠયો નથી. જ્યારે ૐ પરમાત્મા પરબ્રહ્મની કૃપા થશે તે દિવસે તમામ સનાતની પ્રજા સાથે **આચાર્યોનું** એક મહાન્ સંમેલન થશે અને સર્વ આચાર્યો સાથે સર્વ પ્રજા સંમત થશે. જે વખતે **સનાતન સિંહ** એક મોટી ગર્જના સાથે જાગૃત થશે તે વખતે નાનાં નાનાં શિઆળવાં, કુતરાં, સસલાં વિગેરે તેનાજ ચર્ણમાં લોટશે. એ વાત નિશ્ચયજ છે. અત્યારે પણ સનાતન વૈદિક ધર્મ **સિંહજ** છે. અદલ ઇન્સાફી નેક ન્યાયી ધર્મધ્વજ ધારણકર્તા કૃપાળુ દયાળુ **અંગ્રેજ સરકારનું** રાજ્ય આ ભારતવર્ષના ઉપર તપી રહ્યું છે અને હજુ હજારો વર્ષપર્યંત પ્રભુ કૃપાથી તપો એવી અમારી પ્રભુપ્રત્યે યાચના છે કે તેમના વખતમાં અમારી **સંસ્કૃત** મહાવિદ્યા **બ્રહ્મવિદ્યા** પોતાની અનંત કલાઓ સાથે આ ભારતવર્ષમાં સર્વપ્રજાને દર્શન દેવા લાગી છે તેથી હવે લોકો જાગૃત થવા લાગ્યા છે. અને દેશની અવનતિ કરવાના તમારા ગુપ્ત મર્મોને પણ સમજવા લાગ્યા છે. એટલે હવે અમારીજ એટલે સનાતન વૈદિક ધર્મની જીત છે એ નિશ્ચય છે. એવાં તો હજારો સંકટો આવ્યાં. હજારો પરધર્મિ અને જુલ્મી રાજાઓ થયા, અને તેમના રાજ્ય અમલમાં મહામહા કષ્ટ વેઠાયાં અને તેવા વખતે આ ભારતભૂમિની બ્રાહ્મણાદિ પ્રજાએ તે કષ્ટ સહન કર્યા છે પણ મૂર્તિપૂજા અને સનાતન વૈદિક ધર્મનો ત્યાગ કર્યો નથી. તો આવા નેક અમલમાં તો કેમજ કરશે ?? જે અનાગ્રહી વૈદિક સનાતન સ્વધર્માભિમાની પ્રજા છે તે તમારા આવા ગુપ્ત મર્મવાળા દેશના અહિત કરનારા, અધમ વિચારોને કદાપિ માન્યજ આપતા નથી અને એક બાળકના બોલ જેવા ગણી હાસ્યરૂપ કાઢી નાખે છે. અને હજુ પણ સત્ય સમજી કાઢી નાખશેજ.

સ્ત્રીઓના ધર્મસંબંધીમાં માત્ર એટલુંજ સમજવાનું કે વિધવાઓને દોષિત આક્ષેપો મુકી તેને વિષય પ્રવાહવાળા કાળ અગ્નિમાં જંપલાવવાને જ્યારે બોધ કરો છો. અને પુનર્લગ્ન કરાવો છો તો મનુસ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રની મર્યાદાથી વર્ણાશ્રમની મર્યાદામાં રહી શકે એવા વિધવા ધર્મપાલન કરાવવાને મોટું એક ખાતું ઉઘાડી હજારો વિધવાઓને **વિધવાધર્મ** પલાવવા કેમ પ્રયાસ કરતા નથી ?? વિષયોનો પ્રવાહ વધારતાં દેહાભિમાન દેહાધ્યાસ વધે છે. તો જે દેહાભિમાન અને દેહાધ્યાસ છોડવતાં મોક્ષકાર્ય સિદ્ધ થવાનું છે તેનાથી ઊલટ રીતે બિચારી નિરપરાધી વિધવા સ્ત્રીઓને વિષય માર્ગે દોરી પ્રભુભક્તિમાંથી વિમુખ કરી દેશની ઉન્નતિ ઇચ્છો છો કે ?? **આમ લખનારા કે આમ સાચું બોલનારા તમને તો શત્રુ જેવા લાગશેજ.** પણ ભાઇઓ !!! કડવી દવાઓ હમેશ સુખકર્ત્તાજ છે. ભલે સનાતન ધર્મિજનો તમારે મન નિંદારૂપ હોઇએ તોપણ તેઓ દેશની અવનતિ ઇચ્છનારા તો નથીજ. દેશના બંધુઓની અનેક પ્રકારની અવનતિના બળને અટકાવવાનો પ્રયત્ન સનાતન ધર્મિનો સાચો હશે તો પ્રભુ તેઓને સદાયે સ્હાયકારીજ છે. અને તેનું ચિન્હ એવુંજ છે કે સનાતનીજનોની બુદ્ધિ કોઇને દુઃખકર્ત્તા નથી એટલુંજ નહીં પણ ધાર્મિક શ્રદ્ધાવાન છે. તેમ હજુ સનાતન ધર્મના અનુભવી પંડિતો, રાજા, રાણા ગૃહસ્થો છે. એજ પ્રભુ કૃપાનું ચિન્હ છે. અસ્તુ. ગમે તેમ હોય પણ આ સમયે ધન્યવાદ આપવોજ ઘટે છે કે હાલમાં સુરત

ખાતે ધર્મમૂર્તિમાન વિદુષી બાઇ **બાજીગૌરી** બ્હેને તથા વિદુષી બાઇ **નાનીગૌરી** બ્હેને એક મોટી વનિતાવિશ્રામની સંસ્થા બાંધી બાઇઓને સુનિતિને માર્ગે દોરી બહુજ મોટો પરોપકાર ગુજરાત ઉપર કર્યો છે. એ વાત ગુજરાતમાં ગણાતા અગ્રગણ્ય પુરૂષોની જાણ બહાર નથી. તેને જોઇને હાલમાં એક વનિતાવિશ્રામ **મુંબાઇમાં** અને **અમદાવાદમાં** પણ સ્થાપન થયું છે. બહુજ ખુશી થવા જેવું છે કે એવી ધર્મવિધવા નિરપરાધી સ્ત્રીઓને ધર્મ, કર્મ સાથે કેટલું નીતિનું જ્ઞાન મળશે અને તેથી સ્વદેશ ને સ્વદેશી બ્હેનોને કેટલો લાભ મળશે. તેનો વિચાર કરો. બીચારી બાળાઓને કામની જવાલામાંથી બચાવી નીતિને માર્ગે ચઢાવી સ્વધર્મકર્મ ભક્તિનો બોધ આપી પોતાના નિર્વાહરૂપ, વ્યવહારીક ઉન્નતિરૂપ કાર્ય શિખવીને તેના કલ્યાણનો માર્ગ સૂચવ્યો એ શું ? ? ઉત્તમોત્તમ નથી કે ? ? વાહ ભાઇઓ જેમ ઇચ્છામાં આવે તેમ કરો. બોલો. તમે તમારા હૃદયના અને તમારા મોંઢાના અભિમાની માલીક છો. તે તમને ગમે તેમ કરવાને અને ગમે તેમ બોલવાને બક્ષીસ છે. પણ ના ભાઇઓ ! ! ! દેશની ઉન્નતિનો માર્ગ તે બન્ને **બાઇઓએ** કરી બતાવ્યો તેવોએ પણ તમોએ કરી બતાવી તેમની બરોબરી કરી છે ? તેના કરતાં પણ તમે તો ક્યાંક × × × × અસ્તુ.

આવુંને આવું સ્વદેશ સ્વધર્મ અને સ્વદેશી બંધુઓની ઉન્નતિ ક અવનતિમાં જેમ સમજો તેમ ખરૂં. પ્રભુ તમને ઊન્નતિના માર્ગમાં સ્હાયકારી થઇ સનાતન વૈદિક ધર્મના બંધુઓના જેવી પવિત્ર બુદ્ધિ આપો એજ અમારો આર્શીર્વાદ છે.

આચાર્યો પોતાના મનકલ્પિત મતના આગ્રહી નામને ભલે કાયમ રાખે તેની કોઇને પરવા નથી પણ ગણેશાદિ પુરાણમાં વર્ણવ્યા પ્રમાણે વૈદિક સનાતન ધર્મની કુલ મર્યાદા સાચવવાને માટે અને વેદોના પ્રમાણથીજ સિદ્ધ એવા **ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય** અને **શક્તિ** એમ અનુક્રમ અર્થ મન્ત્રાત્મક નામવાળા પાંચ પાદમાં અભેદ ભાવના કરી તે અભેદ કેમ અને કેવી રીતે છે તે સમજીને સમજાવવાનો પ્રયત્ન કરે તો લોકોમાં નાના પ્રકારના આગ્રહવાળા મતાભિમાનથી લોક આપોઆપ મુક્ત રહી શકશે પછી ભલે તે **ગણેશ** માનતો હશે તોપણ પાંચેમાં અભેદ સમજશે અને **શિવ** માનશે તોપણ પાંચેમાં અભેદ સમજશે. તથા **વિષ્ણુ** માનશે તોપણ પાંચેમાં અભેદ સમજશે—એટલે લોક સમુહમાં જે ભેદ પ્રસરી રહ્યો છે અને **વિષ્ણુ**ને માનનારા **શિવ**ને માનતા નથી કે **શિવ** બોલતા નથી. એમ જે દેખાય છે તે આપોઆપ વિલાઇ જશે અને દેશમાં સર્વમાન્ય સર્વદેશી, સમાન અભેદભક્તિ પ્રકાશમાન થશે તેમાં મોટો સુધારો થશે. અને લોકસમુહ સારી જાગૃતિમાં આવશે એજ સ્વદેશની ઉન્નતિ છે. **શ્રી શંકરાચાર્ય એ શિવ મતના નથી.** શંકરાચાર્યને કેટલા-એક શિવ મતના **આચાર્ય** માને છે પણ તે શિવ મતના આચાર્ય નથી. શિવ મતના આગ્રહીઓનો તો શંકરાચાર્યે વાદમાં પરાજય કર્યાનું શંકર દિગ્વિજયમાં લખ્યું છે. અને ત્યાં વિશેષ ખુલાસો જણાવ્યો છે કે, **શિવમત**ને માનવાવાળા—શૈવ, રૌદ્ર, ઊગ્ર, ભાક્ત જંગમ, અને પાશુપાત એવા છ શૈવ માર્ગો છે. જેના નિયામક આચાર્યો સાથે શ્રીમત્ જગદ્‌ગુરૂ શંકરાચાર્યને સારી પેઠે વાદ થયાનું લખ્યું છે. વાદમાં આચાર્યશ્રીએ તે છએ મતના શૈવોનો પરાજય કર્યો હતો. તેમજ આગળ જતાં આગ્રહી વૈષ્ણવ મતાનુયાયી-ઓને પણ તેઓ સાથે જબરો કલહ થયો હતો. અને તેઓનો પરાજય કરવામાં આવ્યો હતો.

અને તેઓને અભેદ ૐકાર સ્વરૂપ પંચાયતનમાં સમતા રાખવા બોધ કરવામાં પણ આવ્યો હતો. એમ ઇતિહાસ વર્ણવે છે—માટે શંકરાચાર્યને શિવમતના માનનારા ભુલ કરે છે—શંકરાચાર્ય તો પંચાયતન અભેદ સ્વરૂપ ૐકાર પરબ્રહ્મ પરમાત્માને માનવા કે ઉપાસનાવાળા હતા અને તેજ સિદ્ધાન્ત લોકપ્રસિદ્ધ છે—શિવને માનવાવાળાએ પાઠશાળા સ્થાપી હોય તો શિવને પ્રમુખપદ આપી ભજતાં શિખવે ત્યારે વલ્લભાચાર્યજીની પાઠશાળા હોય તેમાં કૃષ્ણને પ્રમુખપદ આપી કૃષ્ણ ભજવા શિખવે, અને આર્યસમાજી બંધુઓના ગુરૂકૂલમાં મૂર્તિપૂજાનું ખંડન કરવાના વાદો શિખવે. અન્યમાર્ગીઓ પોતપોતાના મંતવ્યોને શિખવે. કૃષ્ણવાલા કૃષ્ણને અને રામવાલા રામને અને કુદરતવાલા કુદરતને અને નાસ્તિક જનો નાસ્તિક વિચાર શિખવે. એમ એમ પોતપોતાની તાણાતાણ કરે પણ સર્વ આગ્રહી બંધુઓ, મિથ્યા આગ્રહ મન મંતવ્યોનો ત્યાગ કરી સનાતન વૈદિક ધર્મની મર્યાદા પ્રમાણે પંચાયતનને અભેદસ્વરૂપે ૐકાર સમજી જાણી ૐકારને ભજવા શીખે અને શિખવે એ વધારે ઉત્તમોત્તમ ખરૂં કે નહીં ? ?

વળી આગ્રહી મતાંતરવાંઓએ એમ પણ સમજાવેલું હોય છે કે. તમો તો **વૈશ્ય** છો. પણ તમને ૐકાર બોલવાનો તેમ તેને સમજવાનો વા જપવાનો અધિકાર નથી. એમ કરી તે ભ્રાતૃઓને કેટલા બધા અંધારમાં રાખ્યા છે ? જુઓ જો વૈશ્ય છે તો તેને વૈદિક કર્મનો અને વેદ ભણવાનો પણ અધિકાર ધર્મશાસ્ત્રકારોએ બતાવ્યો છે. જ્યારે વેદ ભણવાનો અને વૈદિક કર્મ કરવાનો અધિકાર છે ત્યારે ૐકાર બોલવાનો અને ૐકારના સ્વરૂપને સમજવાનો અધિકાર કેમ નથી ? ? ત્રિવર્ણને વેદમંત્રનો અધિકાર અને ચોથી વર્ણને પુરાણ મંત્રનો અધિકાર છે. તેમને ત્યાં વેદોક્ત અને પુરાણોક્ત કર્મ થાય છે. જો તપાસીને જોશો તો માલમ પડશે કે જેમ વેદમાં ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનું વર્ણન છે તેમ પુરાણોમાં પણ ૐકાર સ્વરૂપનું પંચાયતન પરબ્રહ્મ પરમાત્માનું વર્ણન છે. તેમ ઇતિહાસમાં પણ છે. શ્રીમદ્ ભગવત્ ગીતા પણ ઇતિહાસ એટલે મહાભારતમાંનું એક આખ્યાન છે. અને તેમાં પણ ૐકાર સ્વરૂપ એક અક્ષર બ્રહ્મની ઉપાસના કરવા શ્રીકૃષ્ણ પરમાત્મા જેવા વેદાધિકારી અર્જુનને બોધ કરે છે. કહો ત્રિવર્ણ પ્રજા પર્યંત ૐકાર પરમાત્મા સ્વરૂપના ધ્યાનને માટે બોધ કરવામાં આવ્યો છે. ત્યારે પુરાણોક્ત કર્મ કરનારા ૐકાર સ્વરૂપ પંચાયતનુ અભેદ સ્વરૂપે ધ્યાન શા માટે ન કરે ? ? પણ તેમને અંતરથી શૂદ્ર તરીકે માનનારા અને અંધકારમા રાખનારા "**બહારથી વૈશ્ય છો.**" એમ કહેનારા જનોએ આ લોકો કે જે સનાતન વૈદિક ધર્મના વર્ણાશ્રમની વ્યવસ્થાવાળા છે. તેમને કેવા અંધારામાં રાખ્યા છે તેનો વિચાર કરો. ૐકારજ પરમાત્મા પરબ્રહ્મ સર્વગત વ્યાપ્ત છે ત્યારે જ ચાતુર્વર્ણ્ય પ્રજાને પોતના પરમાત્માના જ્ઞાનનો અધિકાર કેમ નથી ? ? વા તેનું ધ્યાન કરવાનો અધિકાર કેમ નથી. ? ? ભક્તિ સામ્રાજ્ય તત્વ છે પરમાત્માની સર્વ કોઇ ભક્તિ કરો. પાંચપાદથી પંચાયતનમાંના ગમે તે નામથી તેને ઉપાસો તે ૐકારજ છે અને તે પાંચે સ્વરૂપે અભેદ છે એમ તેમને કેમ ના સમજાવો ? ?

પોતાના કલ્યાણને માટે સર્વ વર્ણાશ્રમ ધર્મવાન બંધુઓને વેદાદિ શાસ્ત્ર સમજાવવાને પ્રયત્ન છે કે, યજુ૦ અધ્યાય ૨૬ મં. ૨ જો.

यथेमां वाचं कल्याणी मावदानि जनेभ्यः। ब्रह्म राजन्याभ्याᳲ शूद्राय चार्याय च स्वाय चारणाय।

यथा जनेभ्यः इमाम् कल्याणीम् वाचं आवदानि—જેમ (હું) સર્વલોકને માટે આ મુક્તિ આપનારી વાણીનો ઉપદેશ કરૂં છું. (તે કોને કોને??)**ब्रह्मराजन्याभ्याम्...**બ્રાહ્મણ અને ક્ષત્રિયને. (તથા) **अर्याय** વૈશ્યને તથા શૂદ્રને (તથા) **स्वाय** આપણા ભૃત્ય (વર્ગને) (તથા) **अरणाय**—અતિ શૂદ્રને—

આ ઉપરથી સાબીત થાય છે કે પરમાત્માની પ્રેમ ભક્તિ અને જ્ઞાન કે જે સર્વ જીવોના કલ્યાણ સ્વરૂપ છે તે તેમણે સારી પેઠે જાણવું જોઇએ. તેઓને અંધારામાં રાખવાનો વેદનો અભિ.ાય નથી—

ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માજ ગણેશ સ્વરૂપ—ગણેશ નામથી, શિવસ્વરૂપ—શિવનામથી—વિષ્ણુ સ્વરૂપ વિષ્ણુ નામથી—સૂર્ય સ્વરૂપ સૂર્યનામથી અને શક્તિ સ્વરૂપ શક્તિનામથી અર્થ સત્તાત્મક પોતે અભેદ છે. એમ વેદાદિનો સિદ્ધાન્ત છે. આ વાતથી અજાણ્યા રાખી પોતાના એક મતાભિમાની આગ્રહી નામની ઉપાસના સમજાવીને પોતાના વાડામાં આંતરી રાખી સફાચટ કરવા ધારેલા મનસુબાથી ઊંધું છતું સમજાવી એવા બંધનો નાખી સમજાવેલું હોય છે કે, તે વાડા બહાર જઇ શકેજ નહીં. વાડા બહાર જાય તો પોતાની આવક જાય. એવા સ્વાર્થિ હેતુનું બંધારણ ધર્મના બ્હાને ધર દબાવીને રાખવા રૂપ થઇ રહ્યું છે, એટલે આપણો તો અમુકજ ધર્મ એમ માની બેસે છે. પણ આપણે સત્ય રીતે સનાતન વૈદિક ધર્મિજનો છીએ એવો અનુભવ વાડામાં બંધાયેલા બકરાઓને જેમ પોતાના વાઘપણાનો હોતો નથી તેમ થયો છે. આ સનાતન ધર્મીજનોને અંધારામાં રાખવાનો હેતુ શાને માટે છે ? ? શું તેમના કલ્યાણને માટે છે ? ? જો કલ્યાણને માટે હોય તો ૐકાર સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મના **ગણેશ, શિવ. વિષ્ણુ, સુર્ય** અને **શક્તિ** રૂપ અર્થ સત્તાત્મક અભેદ સ્વરૂપનો શાસ્ત્ર મર્મ યથાર્થ સમજાવી સનાતન વૈદિક ધર્મ આપણો છે. એમ સમજાવી. તેમને જુદા પાડો પણ નહીં અને જુદા પડો પણ નહીં. અને ગણેશજીની શિવની, વિષ્ણુની કે જગદંબાની મૂર્તિને પ્રભુરૂપે માન્ય કરી કરાવી કોઇ મોટા નાના છે એમ કદાપી પણ કહેશો કે સમજાવશો નહીં ત્યારે ખરી વાત છે,—

એટલે વેદ શાસ્ત્ર પુરાણોમાંની અભેદ ઉપાસના સિદ્ધ થશે અને તેજ ગણેશ છે, તેજ શિવ છે, તેજ વિષ્ણુ છે, તેજ સૂર્ય, તેજ શક્તિ, તેજ ઇન્દ્ર, તેજ ચન્દ્ર, તેજ વરૂણ, તેજ વાયુ, તેજ સૂર્ય, તેજ અગ્નિ, તેજ ઇશ્વર, તેજ જીવ, અને તેજ પોતે સચરાચર વ્યાપક પરબ્રહ્મ પરમાત્મજ છે, એમ સમજશે. આ તો એમ સમજાવી દે છે કે **અન્ય માર્ગીના મુખની કથા સાંભળવી નહિં.** અને **અન્યાશ્રય કરવો નહીં**—આ શું !! **અન્યમાર્ગી** કોણ? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ બધાં એકજ સનાતન વૈદિક ધર્મિજનો છે. ત્યાં **અન્યમાર્ગી** કોણ બનશે! જે સનાતન વૈદિક ધર્મથી જુદો આગ્રહી—અન્યમાર્ગ સમજાવે તેજ અન્યમાર્ગી છે એમ જાણો. પરમાત્માના પાંચે નામ અભેદ છે. તેમાં અન્ય માર્ગ શું ??? અરે ભાઇઓ,

આવો અભેદ સનાતન વૈદિક ધર્મ છતાં **આચાર્યજ** જ્યારે આવો અવળો ઉપદેશ આપી લોક સમુહને ભ્રાન્તિમાં નાખે ત્યારે હવે જીવાડશે કોણ ? ?

જો આ ભારતવર્ષ અથવા જેને તમો સ્વદેશ કહો છો તેમાં વસતા સનાતની સ્વધર્મી સ્વદેશી બંધુઓને સત્ય માર્ગ ઉપર ચઢાવવા હોય અને હાલમાં ચાલતા અનેક પંથ મતાદિકના સાભિમાનીઓના અવનતિના બોજામાંથી મુક્ત કરવા હોય તો **આચાર્ય** ગણાતા અને અગ્રેસર ગણાતા **રાજા, મહારાજા,** ધાર્મિક પુરૂષોની એક સભા સ્થાપી. સંપ બુદ્ધિથી મૂળ સનાતન વૈદિક ધર્મની રીતિએ અર્થ સત્તાત્મક **પંચાયતન** સમરસ અભેદ સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક ૐકારની ઉપાસના અને બ્રહ્મવિદ્યા જ્ઞાન પ્રસરાવવા લોકોને સાધન સંપન્ન બનાવી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવા યોગ્ય અધિકારી જનોને સલાહ આપો. અને તેવાજ પંડિતો, વિદ્વાનો, સાધુજનો, પોતપોતાના માનથી, સમદર્શિ બુદ્ધિથી સર્વને એકરસ બોધ કરે એવો નિશ્ચય કરો.તોજ તમો **આચાર્ય** પુરૂષો વા **રાજા,** મહારાજા ધાર્મિક યોગ્યતા મેળવી શકશો. અને અવનતિ માર્ગે દોરનારાઓનો પરાજય પણ કરી શકશો. અન્ય રસ્તાથી કદાપિ તમારો વિજય થવાનો નથી. એ નિશ્ચયજ છે.

અન્ય રીતે તો સનાતન વૈદિક ધર્મિ બંધુઓને પરાજય પણ કોનોજ કરવાનો છે ? ? પોતાના દેશના પોતાના સનાતન ધર્મિ આત્મબંધુઓ વેદશાસ્ત્ર સ્મૃતિ પુરાણની અભેદ મર્યાદા અને તેમાંનું ગુપ્ત રહસ્ય સમજી શક્યા નથી. પણ તેથી ઉલટી રીતે સમજ પાડનારા અજ્ઞાત જનોના સહવાસથી તેમ બોલવા લાગ્યા છે અને તેમ વર્તનમાં મુકવા પણ ઉભા થયા છે. તેમને સત્ય સમજાવવાનો પ્રયત્ન કરવાનો છે. કણબી લોકોના સહવાસથી જેમ **ક્યાંને** બદલે **ચ્યાં** બોલાય. દક્ષિણી લોકોના સહવાસમાં જેમ **અહિંયાંને** બદલે ઈકડે બોલાય. એમ વેદોના ગુપ્ત મર્મને ન સમજનારા અને ઉલટો અર્થ કરનારાના સહવાસમાં તેમજ સમજાય. બહુ પ્રસંગ તેઓનો રહે તો તેમનાજ વિચારો ઘર કરી બેસે એ સ્વભાવિક છે એમ આ થયું છે. માટે તેઓને વેદ, શાસ્ત્ર, સ્મૃતિ પુરાણ ઇતિહાસની અભેદ મર્યાદાએ પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપી સગુણ નિર્ગુણ સમાન પ્રકારવાળા અને એ બન્ને પ્રકારથી રહિત પ્રભુની યથાર્થ ઉપાસના શિખવી તેમને સન્માર્ગે દોરવા એ સનાતન વૈદિક ધર્મના આગેવાન ગણાતા. **આચાર્યોનું** અને રાજા **મહારાજા** ગૃહસ્થોનું સત્ય કર્ત્તવ્ય છે. માર્ગના ભુલેલાને સવળે માર્ગે દોરવો. અને અનેક જીવોનું કલ્યાણ ઇચ્છવું. એજ પરોપકારી, વિદ્યાવાન, ધનવાન વા આચાર્યો, સાધુ સંતો, જીવન્મુક્ત, બ્રહ્મચારી, સંન્યાસીઓનો તેમ રાજા મહારાજાઓનો ધર્મછે. અજ્ઞાન બાલકજનો અજ્ઞાત અવસ્થામાં કે અજ્ઞાત સ્થિતિમાં ગમે તેમ બોલે. વા જેને સન્નિપાત થયો હોય તે પોતાના આપ્ત અને **હિતૈષી** જનોને પણ ગમે તેમ બોલે તેથી આપ્ત પુરૂષો તેના તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોતા નથી, પણ ગમે તેમ કરીને તેના રોગરૂપી અજ્ઞાનને મટાડવાને યત્ન કરે છે. તેમ સનાતન વૈદિક ધર્મિ બંધુઓને કરવું ઘટિત છે. અજ્ઞાત જનો પોતાને તો પરિપૂર્ણ માને તેમાં નવાઈ નથી. પણ જ્ઞાતાજનોએ સમજવું જોઈએ કે તે પોતાની ભુલ જાણી શકતો હોય તો તુરત સન્માર્ગમાં પ્રવર્ત્તજ થાય. પણ અજ્ઞાત જનો મિથ્યાભિમાનીજ હોય છે. ત્યારેજ તેનાથી અજ્ઞાનપણાનું પુંછડું પકડી રહેવાય છે. તેને સમજાવવાની મીઠી મીઠી અને તિરસ્કાર બતાવ્યા વિનાની અર્થાત્ ભ્રાતૃભાવથી

યોગ્ય કદરથી બાલકના ઉપર જેમ પ્રેમ રાખીને શિખવવામાં આવે તેમ યોગ્યતા પુર્વક દ્વેષબુદ્ધિના પરિત્યાગથી સમજાવવામાં આવે તો તે અવશ્ય જાણી શકે છે. જાણ્યા પછી પોતાના અજ્ઞાનપણાથી થએલા દોષોનો તેને પસ્તાવો પણુ થાય છે. અને પછી સન્માર્ગ સારી રીતે સાચવે છે. **સનાતન વેદધર્મ** કોઇનો પણ પ્રતિપક્ષી નથી પણ સર્વનું મૂળ છે એટલે તેને **પ્રતિવાદી** થવાની જરૂર નથી. સનાતન ધર્મને પ્રતિવાદી જાણુ-નાર—પંથમતના વાદીઓને પોતાની વાત સાબીત કરવાને હજારો જુઠ અને વિશેષ ગુન્હા કરવા પડે છે. અને ઉલટો તે એવડા ગુન્હામાં પડે છે ત્યારે જો સનાતન ધર્મિજનો પ્રતિ-વાદી બને તો પોતાના અજ્ઞાન આત્મબંધુઓને એવડા ગુન્હામાં નાખે છે. ત્યારે આ શું બરોબર થાય છે ? ? ના સનાતન વૈદિક ધર્મિ બંધુઓ અજ્ઞાન અને અવળે માર્ગે ચઢનારા પોતાના બંધુઓના મૂળરૂપ **જેષ્ઠભ્રાતા** છે. અને સત્ય રીતે મુખ્ય **હિતૈષી** છે. જેથી તે પ્રતિવાદી નથી. એમ તેમને સારી પેઠે સમજાતાં તે વાદીની મિથ્યા પીડામાંથી મુક્ત રહીને સાચી વાત સમજવા પ્રેમપૂર્વક શક્તિમાન થાય છે. અને આખરે સન્માર્ગ સમજતાં વિ-જયી નિવડે છે માટે સનાતન ધર્મિબંધુઓએ—પંથમતાદિક બંધુઓના પ્રતિવાદી થવું ઉચિત નથી. પ્રતિવાદીના રૂપથી તેમના મન મંતવ્યોનો સહાર કરવાની બુદ્ધિ રાખવી. એ સનાતન ધર્મિજનોને માટે ફરજ નથી. પણુ હિતૈષીની રૂઢીએ સત્ય સિદ્ધાન્તો સમજાવવાની ફરજ છે. સનાતન વૈદિક ધર્મી બંધુઓના ઉપાસના સબંધીના આવા આવા જુદા જુદા નામના કલ-હોમાં અને આચાર્યોના મતના આગ્રહની તાણાતાણમાં સત્ય સમજવાની બુદ્ધિ ન રહી એટલે અજ્ઞાન અને અવિચારી ધર્મરૂપી **કલિને** પેસવાનો વખત આવ્યો છે. કલિએ **પ્રવેશ** કરીને અવળા ઉલટા ધર્મવિરૂદ્ધ બુમાટાઓથી આ ભારતભૂમી ગજાવીને ભ્રાતૃઓનાં હૃદય કલુષિત, પાપી, અને દ્વેષી બનાવ્યાં ત્યાં પર્યંત આ સનાતની ગણાતા છતાં તાણાતાણુ કરનારા આ-ગ્રહી મતાંતર વાદીજનોની આંખો ઉઘડતી નથી કે ઘરમાં સળો પેઠો. **બ્રાહ્મણોમાં ક્ષત્રી-ઓમાં** પણુ, **વૈશ્યોમાં** પણુ, અને શૂદ્રોમાં પણુ, એવા ધર્મવિરૂદ્ધ મંતવ્યોને માનનારા ઉભા થયા. વર્ણાશ્રમ ધર્મ બગડયો. ઉપાસના બગડી—નીતિ બગડી—સાધનો બગડયાં—ભક્તિ ભ્રષ્ટ થઇ. જ્ઞાન નિરસ થયુ. **સાધુઓ** સંતાપરૂપ દિસવા લાગ્યા. **આચાર્યો** જીવરૂપ બની મોજમ-જામાં ગીરફતાર થયા અને અંતે સનાતન વેદધર્મ **શુષ્ક** જેવો ભાસ્યો. **સુધારો—સુધારો** એવા કલુષિત વ્યવહારનો જાપજ થવા લાગ્યો. પણ સુધારાને બદલે કુધારાના દર્શનરૂપે કે-વળ **બ્રધરહુડ** થઇ ગયુ. આ શું સારૂ થયુ છે કે ? ? માંસ ખાનારને માંસ પ્રિયજ લાગે, વ્યભિચારીને વિષય લંપટતા પ્રિયજ લાગે, તેમ અવળા ઉલટા વિચારના અધર્મિ પામર જનોને નાસ્તિક વિચારો પ્રિયજ લાગે એ સ્વભાવિક છે. પણુ તેમને દુશ્મન જાણી તેમનો તિરસ્કાર રાખવો ઉચિત બુદ્ધિના જનોનું કર્ત્તવ્ય નથી. માંસના ખાનારને રજો તમો બુદ્ધિ થાય છે અને તેથી સત્વગુણી કાર્ય થતાં નથી એમ યોગ્ય સમજાવવું ઘટે છે તેમ વિષયી ને નિતિના સરળ માર્ગ વા વિષયસેવનથી થતું નુકશાન સમજાવવાની જરૂર છે. તેમ અધર્મિને સદ્ધર્મ સમજાવવો ઘટે છે. એ મોટા ગણાતા મૂળરૂપ સનાતન વેદધર્મિ બંધુઓનું મહત્વજ છે.

જુદા છવાયા શાસ્ત્રીઓ, પંડિતો, વિદ્વાનો, વક્તાઓ, સનાતન વેદધર્મનો બોધ કરે છે. અને તે વેદધર્મની મર્યાદા જનસમુહમાં સમજાવે છે. અને સત્ય રીતે ગણેશ, શિવ,

વિષ્ણુ, સૂર્ય, અને શક્તિમાં અભેદત્વ સમજાવી વર્ણાશ્રમ ધર્મની માન્યતા ધારણ કરાવી નીતિના પંથને દૃષ્ટિમાં લાવી કાંઈ કાંઇ પોતાના કર્તવ્યને ધારણ કરી રહ્યા છે. પણ તે થોડા જણાયાથી એ પંથ મત આદિ સમાજમાં જોડાયેલા આપણા બંધુઓ તેમને પ્રતિવાદીમાં ગણી તેમના ઉપર આક્ષેપોનો વરસાદ વરસાવી તેમને માન આબરૂમાં ઢીલા પાડે છે. અને દબાવે છે. એટલે નિર્બળ મનના પોતાની માન્યતાને હાની પહોચે છે એમ સમજી પાછા હઠી જાય છે. સંત, સાધુ, સંન્યાસી, બ્રહ્મચારી, અને જીવન્મુક્ત યોગીઓ પ્રયત્નપૂર્વક બોધ કરે છે ખરા. પણ તેમની ફજેતી આપણાજ સનાતન બંધુઓના આગળ એવી રીતે કરે છે કે–"ભાઇ, તેઓ વિદ્વાન છે સારા વક્તા છે. બાહોશ છે અને તેમને માટે મને માન હતું. પણ તેઓની વર્તણુક એટીકેટ–કેરેક્ટર રીતભાત સારી ન જણાયાથી મારી આસ્થા ઉઠી છે. બાકી તેઓ સારા બાહોશ વક્તા છે ખરા પણ તેઓની આ એક મોટી કુટેવ જણાયાથી મારો ભાવ ઉતર્યો છે. આમ જણાવી સનાતન વેદ ધર્મિ બંધુઓમાંના સજ્જનોની આસ્થા ઉઠાડવાનો પ્રયત્ન એટલા માટે કરે છે કે તેઓના બોધમાં લોકો જઇ શકે નહિ. અને જાય તો પણ આસ્થા બેસે નહીં. કેમકે તેમને માટે લોક વાયકા સારી નથી. એમ સાંભળવામાં આવ્યાથી પ્રભુ રૂપ ધારણા બાંધી શકાતી નથી. એટલે લોક સમૂહમાં તેનો સત્ય બોધ આગળ આવી કાર્ય કરી શકતો નથી. દૃઢ મનના તો કદાપી બીજાના બોલવા ઉપર વિશ્વાસ લાવતાજ નથી. સજ્જન અને મહાન્ વક્તા બોધક અને બ્રહ્મ સ્વરૂપથી જાગૃત પુરૂષો દેહાધ્યાસી વિચારમાં ગફલત ખાતા નથી એવું સમજનારાઓ તો એવા ઉલટ વાણી બતાવનારાને નિંદક કહે છે. પણ કાચા મનના માણસોનાં કાળજાં ક્ષુલ્લક હોવાથી ડામાડોળ થઇ જાય છે. એમ સત્યને નીચું પાડવાનો પ્રયત્ન કર્તા બંધુઓના નિંદક વિચાર ઉપર સત્ય સમજનારા ધ્યાન આપતા નથી તેને મદદ જોઇએ. એવા જ્ઞાની જનોને પુરૂષ કે સ્ત્રી એવા શરીરોની ગફલત હોતીજ નથી. તે તો ચૈતન્ય આત્માને જાણવા વાળા છે. જેથી તેને શરીર બાધ કરી શકતું નથી વા તેના હૃદયમાં મોહ ઉપજાવી શકતું નથી. પણ આ વાત સમજનારા અનુભવી વિના સત્ય કોણ અંગીકાર કરે ?? સેંકડે નવાણું ટકા દેહાધ્યાસ વાળા પામર જનોની દૃષ્ટિ દેહના સબંધ વાળી અને એકની દેહાધ્યાસ વિનાની તેને પેલા પામર નિંદકો કેમજ ઓળખશે ?? વળી તેવા સંતજનો પોત્તાના કલ્યાણને ટાળશેજ કેમ ?? પોતાનું નુકશાન કોઇ કરેજ નહીં પણ આ સમજણ એકદમ પ્રવેશ કરવા પામતી નથી આ સમજવાને બુધિબળ સૂક્ષ્મ રીતે વિશેષ જોઇએ એમ છે સનાતન વૈદિક ધર્મના વિરોધીઓની વિદ્વાન અને મહાત્માઓ પ્રત્યે આમ બોલવાની યુક્તિ એટલાજ માટે છે કે આવા પ્રખર વક્તાઓના સમાગમમાં જતા સનાતનીજનો શાસ્ત્ર યુક્તિથી મૂર્ત્તિ પૂજા આદિ તમામ ધર્મ યથાર્થ જાણશે તો આપણા મન મંતવ્ય રૂપ સિદ્ધાન્તોને અવશ્ય વિરોધી અને નિતિથી ભ્રષ્ટ કરનાર વા અવનતિ ઉપર લઇ જનાર છે એમ સમજી જશે. માટે એવા વિદ્વાન સંત મહાત્માઓના સમાગમમાં ન જાય તો પછી શી રીતે સત્ય સમજી શકે ?? એવા વિચારથી આપણા સનાતની પણ ક્ષુલ્લક કાળજાના નબળ મનના અને ક્ષીણ નપુંશક બુદ્ધિના જનોના આગળ આવી નિંદાયુક્ત વાત કરવાથી તેની શ્રદ્ધા તુટી જાય છે. અને તે શ્રવણમાં આવતા અટકે છે. પછી તેમને સમજાવવાને તેઓ પોતાની કાબુ વાપરી પોતાના મનમંતવ્યના કલુષિત વિચારોનો તેના ગળામાં હાર પહેરાવી. શાસ્ત્રી,

વર્મા, અને અધર્મા બનાવી થર્મા મેટરની શીશીનું જ્ઞાન આપી ભર્માવીને ભ્રાન્તિના મહાસાગરમાં સ્નાન કરાવી નાસ્તિકતાના શિખરે નિંદાના મેહેલમાં નિવાસ કરાવી. તેને સંપૂર્ણ દેહદર્પિ બનાવે છે. સનાંતની બંધુઓ પોતાના સનાતન ધર્મના બળવાન સિદ્ધાન્તોથી અજાણ્યા રહે તોજ તેમાં અન્યને પેસવાનો લાગ મળે. વાઘની આળસાઇમાંજ વરૂઓનું ભક્ષ થઇ પડવાનો સંભવ છે. આ તેઓની પ્રપંચ યુક્તિના પંહેરામાંથી બચવાને આ મિથ્યા ડોળ ઘાલુ બંધુઓની કપટજાળમાં ન સપડાતાં તેમનો દાંભિક હેતુ જ્યારે પકડાય છે. ત્યારે બિચારા રાંકની માફક રહે છે. પોતાના કપટ વૃત્તિઓની જાળ પાથરી રાખેલી જેમાં જાગ્રત વાઘ તો પડેજ નહીં. પણ એટલું યાદ રાખવાનું છે કે આખરે તમારા પ્રપંચો તમામ બ્હાર આવવા લાગ્યા છે. અને બ્રાહ્મણ નિંદા, અને ધર્મ નિંદા, તથા સંત નિંદાનાં ઘોર પાપો એજ તમારી દેહાધ્યાસી અધમ વૃત્તિઓએ તમારી અધમતા બતાવવાનો નિર્ણય ધાર્યો છે એ નિશ્ચય સમજો. “બહોત છણે સો કંકર ખાય” “अति सर्वत्र वर्जयेत्” બ્રાહ્મણ, ક્ષત્રીય, અને વૈસ્ય જેવા ઉત્તમ અવતાર રૂપ શરીરને પામીને પણ શૂદ્રો અને અતિ શૂદ્રોએ પણ જેનો ત્યાગ કરવાનો નિશ્ચય કીધો છે. એવા મદિરાપાન, પરસ્ત્રીગમન, માંસાહાર, અને બ્રાધરહુડ જેવા અધમ કર્મોમાં જોડાયા પછી પોતાની આવી મોટી પાપ વાસનાવાળી અધમ વૃત્તિઓ જ્ઞાતિ જાતિમાં કે વિદ્વાન, સભ્ય, મંડળમાં ઉઘાડી પડે તો મહાન્ મોટો કોળાહળ થાય. છુપી રીતે તો જાણવામા હોયજ અને તેવા અધમ વૃત્તિઓના કુર કર્મનો ત્યાગ કરવા મહાત્મા સંત પુરૂષો પોતાના આત્મબંધુઓના કલ્યાણને માટે તેવી અધમ વૃત્તિઓના સંહાર રૂપ પરશુ, અંકુશ ધારી મહાન્ સ્વતંત્ર આત્મબળથી યાવત્ જન સમુહમાં બોધ વૃષ્ટિ કરે તેથી તેઓના સમજવામાં આવે કે આપણે આવાં નિચ કર્મો કરીએ છીએ. માટે આપણનેજ કહે છે. અને આપણનેજ સંબોધીને વાત કરે છે. તેથી આવા સાર્વજનીક બોધ કર્ત્તા સંત મહાત્માઓને પોતાના શત્રુરૂપ જાણી પછી તેમની નિંદા કરવામાં આગળ પડે છે. પણ તમારી આવી નિંદક વૃત્તિથી પોતાની ભુલ છુપાવવાનો અગર પોતાના અધમ કર્મ છુપાવવાનો પ્રયત્ન છે એમ વિદ્વાન વર્ગ સારી પેઠે સમજે છે. કેમકે તેવા જીવનમુક્ત મહાત્માઓ તેવા અધમ કર્મમાં કદાપિ પણ પ્રવર્ત્ત થતા નથી. એટલુંજ નહિં. પણ એવો કોણ મૂર્ખ હોય તે પોતાના કલ્યાણના માર્ગનો નાશ કરે, છતા બોધકોનો ધર્મ છે કે તેમણે આવા દુષ્ટ બુદ્ધિના અધમ વૃત્તિવાળા નિચ સંસ્કારી જનોને તેવા પાપ કર્મોથી બચાવવા પોતાના ઉપર પડતી નિંદારૂપ ક્ષુલ્લક અપમાનની લાગણીથી ક્ષોભ ન પામી વિશેષ ઉત્સાહ પુર્વક સદ્બોધની વૃષ્ટિ કરી સાર્વજનીક પ્રવાહ સ્વદેશ હિતચિંતક સ્વભાવથી કાયમજ રાખવો. ભાસ્કર દેવતાએ તો પોતાનો ઉજ્વળ પ્રભાવ જગત ઉપર પ્રસરાવવો અને આત્મ બંધુઓનું કલ્યાણજ ઇચ્છવુ પછી ઘુવડની જાતના સૂર્યને શત્રુરૂપ જોનારા ભલે તેમને અનેક પ્રકારના અપમાનો અને નિંદા વચનોથી નવાજે. પણ તેટલા માટે સૂર્ય પોતાના પ્રકાશીત સ્વભાવનો કદાપિ પણ ત્યાગ કરતાજ નથી. અંધકારનો નાશ કર્ત્તા ચન્દ્રમા પોતાના શિતળ કિરણોથી અતિ ઉષ્ણતાથી તપ્ત થયેલાઓને શાન્તિદાતા છે. એવો સર્વ જનને સુખાવહ આ ચન્દ્રમા—સ્વધર્મ શીતળતાના વિરોધી અને ભક્તિજ્ઞાન પ્રકાશના પ્રતિપક્ષી ચોર—તસ્કર ના મનને તો અવસ્યજ નિંધ છે. એ વાત કોની સમજણ બ્હાર છે??'

શ્વાનના ભસવાથી હાથીઓ પોતાની ગૌરવતા છોડતાજ નથી એ સર્વે કોઇ સમજે

છે. હાથીઓનો સ્વભાવ વિષ્ટા ખાનારો નથી. વાઘનો સ્વભાવ ઘાસ ખાનારો નથી. ભમરનો સ્વભાવ દુર્ગંધી ઉપર ઠરવાનો નથી. શ્વાન તો સારાને પણ ભસે છે અને નઠારાને પણ ભસે છે. બ્રાહ્મણોની, સનાતન વૈદિક ધર્મની, જીવન્મુક્ત સંતો, સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ આદિ સ્વધર્મના બોધકોની ચટ્ટી ઉડાવતાં તમારી જીભ—નિંદારૂપ ગંધાતા પદાર્થોથી કેવી શોભે છે. તેનો તો જરા વિચાર કરો. તમને જ્યાં ત્યાં તમારા છીદ્રાન્દેષિ સ્વભાવથી તેવુંજ શોધી કાઢવાનું મળે છે. એ તમારા મલિનતા ધોવાના સ્વભાવનો મોટો ઉપકાર માનવાનો છે કે. બ્રાહ્મણાદિકના યત્ કિંચિત્ જ્ઞાતા અજ્ઞાતાપણાના પાપરૂપ મલના દોષમાંથી તે બિચારા આ પેજ મુક્ત થાય છે. ધન્ય છે મારા વિરાઓ !!! સદાકાળ ઢોલ. અને વાજાં સાથે બ્રાહ્મણાદિક સંત સાધુઓને નિર્મલ બનાવવા આપ ધોવાનું કામ કરતાં સહસ્ત્ર વર્ષો જીવજો.

निंदकाः सूकराश्चैव हरिणा निर्मिता भुवि ॥
शुद्धयन्ति निंदकाः साधुन् ग्राम शुद्ध्यन्ति सूकराः ॥

બિચારા કાગડાઓને તો સદાકાળની શોધ પ્રમાણે ચાદાંજ દૃષ્ટિમાં આવે. બગલાના સ્વભાવ પ્રમાણે બીચારા રાંક બગલાઓ નીંદક સ્વભાવરૂપી માછલાંના આહારને માટે મચ્યા રહે છે અને હંસ તો હંસના સ્વભાવ પ્રમાણે દુધ પાણીના બંડાળમાંથી દુધ દુધ પી લેઇને મોતીનોજ ચારે ચરે છે. સમુદ્રના કિનારે બેસે તેથી મોતી ચરનાર—હંસ—માછલીનો ભોગી છે એમ જોનારનાં ચક્ષુજ વિપરીત છે એમ નિશ્ચય સમજાય છે. પણ તેમનાં દુર્વચનોથી મહાત્મા જનો પોતાના સ્વાભિમાની સ્વદેશ હિતચિંતક સ્વભાવનો કદાપિ પણ ત્યાગ કરતાજ નથી. ખરી રીતે તેઓ સદાકાળને માટે દેહાભિમાનથી રહિત છે. તેઓ પરમાત્માની કૃપાથી સનાતન વૈદિક ધર્મ, ભક્તિ અને જ્ઞાન પ્રબંધ સ્વદેશી સ્વધર્મિ બંધુઓમાં પ્રસરાવવાને આત્મભોગ દાતા છે. તેઓ પોતાના માનેલા મિથ્યા વાજારૂપ દેહને માટે માનના મોહને સ્વિકારતાજ નથી. તેમને સદા સર્વદા શરીર તો નિંધજ છે. તેથી શરીરની નિંદામાં તેમને કદાપિ ક્રોધ પણ ચઢે તેમ નથી. તેમ તેવી નિંદાથી ગ્લાનિ પામીને સ્વધર્મિ બંધુઓના કલ્યાણરૂપ બોધને કમી પણ કરનાર નથી. ભગવાન શંકરાચાર્ય મહારાજ લખી ગયા છે કે—

॥ आत्मानं यदि निंदन्ति स्वात्मानं स्वयमेवच ॥
॥ शरीरं यदि निंदन्ति सहायास्ते जना मम ॥

નિંદા કરનાર ભાઇઓપ્રતિ શ્રીમન્ જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજ કહે છે કે

હે ભાઇઓ !!! આત્મા અને શરીર એવી બે વસ્તુઓમાં જો તમો આત્માની નિંદા કરતા હો તો મારો આત્મા તેજ તમારો આત્મા છે અને તમારો આત્મા તેજ મારો આત્મા છે. આત્મા અભેદ અને એકજ છે તેથી જો તમો મારા આત્માની નીંદા કરતા હશો તો તમારોજ આત્મા હું હોવાથી તમો પોતાના આત્માની નિંદા કરવાવાળા આત્મઘાતીજ છો. તમો કહેશો કે અમો તો તમારા આત્માની નિંદા કરતા નથી. પણ તમારા શરીરની નિંદા કરીએ છીએ તો પણ તમો મને તો સહાયજ કર્ત્તા છો કમકે શરીર તો

અમારે પણ નિંદ્યજ છે. કેમકે છે નહિં તે ભાસવાથી તેના અભિમાનવડે જીવદશા ભોગવવાનો દુર્દૈવ પ્રગટ કરનારો યોગ થાય છે. માટે એ શરીર તો સંતપુરૂષોને પણ અવશ્ય નિંદ્યજ છે. તેમાં તમે વિશેષ શું કહો છો ??? એટલે સંતોને પણ નિંદ્ય એવા શરીરને તમો નિંદો એમાં તમારૂ બુદ્ધિબળ શું ?? શાસ્ત્રથી પણ શરીર તો નિંદ્યજ છે. આ ઉપરથી એમ પણ સાબીત થાય છે કે, શાસ્ત્રથી સિદ્ધ નિંદ્ય વસ્તુની નિંદા કરી તેને નિંદવા યોગ્ય કહેવું. તેમાં સાધુજનો ખોટું શા માટે માનશે ??? વળી દેહ બુદ્ધિવાળા, દેહાધ્યાસવાળા, વા દેહદૃષ્ટિવાળા, દેહને જોઇને તેને પોતાના વિચારથી સંતજનોનાં શરીર પણ પોતાના જેવા વિચારવાળાં દેખાતાં હોય અને પોતે જેવાં કર્મ કરતા હોય તેવાંજ કર્મ બધાંજ શરીરોથી થાય. એમ માની પોતાની બુદ્ધિના વિચારોને અનુસરી બ્રાહ્મણાદિક સાધુ જનોને નિંદે. તેમાં પોતાની આત્મદૃષ્ટિવાળા બ્રાહ્મણાદિક સંતજનોએ શા માટે પોતાની આત્મદૃષ્ટિ ત્યાગવી જોઇએ ??? આવા નિંદા કરનારને પણ સત્ય જોનારા આત્મજ્ઞાનીઓએ તો પરમાત્મા રૂપજ જોવાનો નિશ્ચય રાખવો એજ તેમની **પ્રભુતા** છે. સ્વદેશ અને સ્વધર્મનો ઉદય કરવામાં સનાતન વેદધર્મિ બંધુઓએ આવા સત્ય નિશ્ચયોનો અડગ સિદ્ધાન્ત દૃષ્ટિમાં રાખી પોતાના સનાતન વૈદિક સ્વધર્મના નેતા **આચાર્યો** મહાત્માઓ, તરૂની સત્યશીલ વૃત્તિને યથાર્થ જાણી નિંદકોના વચન ઉપર વિશ્વાસ ન રાખતાં પોતાના કલ્યાણને માટે બોધ શ્રવણમાં જાગ્રત રહેવું—એટલુંજ નહિં પણ આવી રીતે આપણા સ્વધર્મના નેતા આચાર્યોની ઐક્યતાના સમાગમ સાથે પંડિતો, શાસ્ત્રીઓ, વિદ્વાનો, સંતો, યોગીજનો વિગેરેની એક **કોંગ્રેસ** વા મંડળ સ્થાપવામાં આવે અને તેમાં વર્ણાશ્રમ ધર્મના યોગ્ય સુધારા વધારાની સાથે પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપી **ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિની** અભેદરૂપે ઉપાસના પ્રેમભક્તિ સમજાવવામાં આવે. અને સર્વ સ્વરૂપ વ્યાપક સાક્ષી અને **અપરોક્ષ** પરમાત્માનો બોધ લોકમાં પ્રકાશ પામે એવી યોજનાઓ ઘડાય. **નીતિ, સદાચરણ** અને સ્વધર્મ રક્ષણના મહાન્ કાર્યો તરફ ધ્યાન અપાય. અને આવુ એક મોટું ખાતું ઉઘાડવામા સ્હાયતા અપાય. વિગેરે. યોગ્યતા ગોઠવાય તો આ વિપરીત કલિકાલની દુઃખ પ્રગટાવનારી જ્વાલામાંથી આ ભારતવર્ષનાં જીવડાં બચી શકે. એ વિના બીજો માર્ગ નથી.

ઉપાસના પ્રેમ ભક્તિમાં પરમાત્માના અર્ધ સત્તાત્મક પંચાયતન અભેદ સ્વરૂપ ૐકારના સ્વરૂપને જાણ્યાવિના કોઇ કોઈ નામની જુદી જુદી ઉપાસનાઓ પ્રસિદ્ધિમાં આવી જવાથી, પ્રભુની ભક્તિમાં જે કલહ ઉત્પન્ન થયો છે તેથી પ્રભુભક્તિ કોઇપણ માર્ગની મર્યાદાવાળી પરિપૂર્ણ ન હોવાથી, તેઓનાથી પોતાનું પણ હિત કરી શકાતું નથી તેમ પોતાના બન્ધુઓનું અને આખરે દેશનુ પણ હિત કરી શકાતું નથી. **પ્રભુકૃપા વિના, સ્વદેશની ઉન્નતિ થવાની નથી.** પ્રભુની સ્હાયતાથી જેમ ઇચ્છીએ તેમ ઉન્નતિ બની શકે છે. પ્રભુની સ્હાયતામાંજ કલ્યાણ પણ છે અને અભ્યુદય પણ છે, માટ પ્રભુની સ્હાયતાને માટે બ્રાહ્મણાદિ ચાતુર્વર્ણ્ય પ્રજાએ યોગ્ય રીતે ભકિત ઉપાસના કરવી જોઇએ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનુ વર્ણન જેમ વેદોમાં છે તેમજ શાસ્ત્ર સ્મૃતિઓમાં પણ છે અને તેમજ પુરાણ ઇતિહાસ પર્યન્ત પણ યથાયોગ્ય છે. છતાં તે પંચાયતન અભેદ શી રીતે છે. તે સમજાવવાનો આ ગ્રંથમાં વિધવિધ યુક્તિનો પ્રયત્ન છે. પ્રભુને ઓળખીને ઉપાસના ભકિત કરવામા આવે તો બરાબર

ધ્યાન પૂજા ભક્તિ બની શકે છે **ઓળખાણ** વિનાની યોજના શી ? ? **યોજના** વિનાનું ધ્યાન શું ? ? અને **ધ્યાન** વિનાની સમરસતા શી ? ? અને **સમરસતા** શિવાય શાન્તિ શું ? ? માટેજ આ ગ્રંથ પ્રગટ કરી સર્વને અભેદ ઉપાસનારૂપ પરમાત્મા ૐકાર સ્વરૂપનું ઓળખાણ આપવાની જરૂર ધારી છે. યોગ્ય રીતે સમજવાથી જીવો પોતાના બ્રહ્મ સ્વરૂપના ધ્યાનથી બ્રહ્મસ્વરૂપતાને પામી જન્મ મર્ણની કલ્પનાવાળા દુર્ઘટ સંસારમાંથી મુક્ત થાય છે. ઉપાસના પ્રેમ ભક્તિના પ્રકારથી ગણપતિ નામથી ઉપાસના કરનાર તે **ગાણપત્યો** પણ સ્વદેશભૂમિકામાં છે. તેમ શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિ નામથી ઉપાસના કરવાવાળા **શૈવો વૈષ્ણવો, સૌરો** અને **શાકતો** પણ છે. અને તે સૌ બ્રહ્મરૂપ સમજીને ઉપાસના કરે છે. પણ બ્રહ્મ વસ્તુ એ ચાર પાંચ પચીસ નથી તેતો **એક** અને **અભેદ** સ્વરૂપે ૐકારજ છે ત્યારે આ **ૐકાર** એક અને અભેદ સર્વ નામમાં અર્થ સત્તાત્મક પંચાયતનના પાદપાદ વાર શી રીતે છે તે સમજાવવાનો આ પ્રયત્ન છે કે પછી હું મોટો અને તું ખોટો એમ કહેવાને કશો આધાર રહેશેજ નહીં અને બધાએ એ સર્વ સ્વરૂપ ૐકારના ઉપાસક છેએમ સમજાતાં ભેદાભેદ કરશે નહિં.

સનાતન ધર્મિ બંધુઓને તો પાંચે સ્વરૂપ અર્થસત્તાત્મક પાંચ માત્રાથી—પાંચ પાદથી સમરસ ૐકાર સ્વરૂપ પરમાત્મા છે એમ વેદ, ઉપનિષદ્, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણો, ઇતિહાસથીજ જાણવામાં છે. તેથી ગાણપત્ય પણ પોતે છે. શૈવ પણ પોતેજ છે વૈષ્ણવ પણ પોતેજ છે સૌર, શાકત પણ પોતેજ છે એમ સર્વ સ્વરૂપ ૐકાર સ્વરૂપના ઉપાસક પણ પોતેજ છે. એમ નિશ્ચય મનાય છે જે નથી જાણતા તેમને સરળતાથી સમજવાને આ સાહસ સ્વદેશી સ્વધર્મિ બંધુઓના લાભાર્થે ખેડવામાં આવ્યું છે. તો યોગ્ય લાભ લેશે. અને કૃતાર્થ થશે વા કરશે.

સનાતન વૈદિક ધર્મના સજ્જન બંધુઓ પાંચે નામના અભેદ ઉપાસક છે. અને એવી અભેદ શ્રેણીથીજ બ્રહ્મ સ્વરૂપની પ્રાપ્તી છે. એ વિશે યોગ્ય ખુલાસા ગ્રંથદ્વારા કરવામાં આવ્યા છે. જે પ્રભુનું આ વર્ણન છે. તેજ પ્રભુ તમારા હૃદયમાં નિવાસ કરે છે તેથી તમને તે સદાએ યોગ્ય ખુલાસા બુદ્ધિના પ્રકાશમાં સમજાવે એજ ગ્રંથકર્તાની પ્રભુપ્રત્યે **વિનંતી** છે.

જ્યાં પરમાત્મા પરબ્રહ્મ ૐકારનું સગુણ નિર્ગુણ અભેદાત્મક સ્વરૂપ પ્રતિપાદન થયું કે, તે **અર્થસત્તાત્મક** સ્વરૂપનું પણ પ્રતિપાદન થાય છે. અને વેદોથીજ મૂર્તિપૂજા સિધ્ધ સમજાય છે—તેથી સનાતનધર્મ મર્યાદા સારી રીતે સચવાતાં મૂર્તિપૂજાજ સ્વયંમૂર્તિ અપરોક્ષ સ્વરૂપતાને પમાડે છે. આજકાલ કેટલાએક કાષાય વસ્ત્ર ધારણ કર્ત્તા પંડિતાઇના ડોળઘાલું સંન્યાસીના ધર્મથી હિન—કલિયુગના પટાવાળાઓ કલિયુગાચાર પ્રવર્ત્તાવવા સનાતની બની સનાતની બંધુઓને ઠગવા પ્રયત્નો આદરી રહ્યા છે. અને લોકમાં—મુખ્ય અને ગૌણ—ભાગ સમજાવી પ્રસિધ્ધ બોલે છે કે મૂર્તિપુજા તો ગૌણ છે. અને પોતે સ્વતઃઆડંબરી ગુરૂ મુખ્ય છે. અહા ! ! ! ધન્ય છે મોભાયબુધ્ધની પરિપાક દશાને કે વેદમાં મુખ્ય અને ગૌણ ભાગ કીયા મંત્રમાં લખ્યો છે. તે આપણા સનાતનીઓને આવો ઉપદેશ સમજાવો છો ? ? બસ રહેવાદો. ઘરમાં આગ લગાડશો નહીં. તમારા કરતાં આર્યસમાજી બંધુઓ ઘણા દરજ્જે સારા કે પ્રત્યક્ષ બોલી, જાણે સત્ય સમજવા માગતા હોય એમ સ્પષ્ટ દેખાવ આપે છે.

અને તમો તો સનાતનના નામથી રગી બેરંગી બની વિષયોની વાંછનામાં બુદ્ધિની ભ્રમણતાએ મોહ મદિરાના પાનમાં યાવત્ તાવત્, યથા તથા—યેન કેન—આંધળા બંધુએ ને—**મૂર્તિપૂજા** છોડાવી પોતાની પૂજાને મુખ્ય સમજાવો છો તો તમો તમારી પુજાને પણ મૂર્તિપૂજા રૂપે સિદ્ધ જાણો છો કે કેમ ?? તમારૂં શરીર તે પાષાણ વા ધાતુ—અથવા માટીનું—અને તમારો આત્મા તે રામ—એમ સિદ્ધ ઠરતાં પાષાણાદિક ધાતુની મૂર્તિના પ્રમાણમાં નમોજ ઠર્યા કે નહીં ?? જરા ખ્યાલ કરો. આમ કરીને વિરોધીઓની એક બાજુ પકડી સનાતની ગણાવી સનાતનીઓના બુદ્ધિબળને ભ્રમિત કરોછો તે જરા સંભાળો. વિદ્વાનની ગણત્રીમાં ગણાવવા માટે બરાડા પાડયાથી પોતાનું કલ્યાણ જાણ્યું નથી તો અન્ય ભ્રાતૃઓનું શું કરશો ??? પોતાનું ઘર તો જાણો. પચાયતનમાંના કોઇ એક નામનો આગ્રહ કરી મોક્ષ ધર્મ સમજાવો છો એ વેદશાસ્ત્રમાંથી જડનાર નથી. એ તો પંચાયતન સમરસ ૐકારજ છે. માટે ઘરમાં આગ ન લગાડતાં અને મિથ્યા ટોળઘાલુ **કાશીના** પંડિત ન બનતાં જરા વિચાર કરી પોતાનુ અને સર્વ ઓતાજનોનું કલ્યાણ ઇચ્છી **પંચાયતન** ૐકારને સમાન પ્રતિપાદન કરો. તોજ સ્વદેશ હિતચિંતક ગણાશો. (બંધનને મોક્ષની અપેક્ષા છે.)

બંધુઓ !!! યાવત્ સૃષ્ટિ માત્રમાં **તમામ ધર્મના લોકો મૂર્તિપૂજકોજ છે એમ** કહેવાને કશો બાધ નથી. કોઇ કેવા રૂપે અને કોઇ કેવા રૂપે પણ પરમાત્માના મૂર્ત સ્વભાવ રૂપનુ પૂજન કરે છે. તે હવે સારી રીતે સમજાશે. કે કોઇ સદ્ગુરૂ પરમાત્માની ધાતુ પાષાણ **મૃતિકા** આદિની મૂર્તિ કરી પૂજે છે. ત્યારે કોઇ તેની **છબીને** પૂજે છે, ત્યારે કોઇ તેવાં **સ્થાન**કલ્પને પુષ્પ ચઢાવે છે, ત્યારે કોઈ **અગ્નિ** રૂપે પૂજે છે. ત્યારે કોઇ **આકાશ** સામુ જોઇ જ્યોતિ કે અદૃશ્યભાવથી પૂજે છે. ત્યારે કોઈ **સંત** સદ્ગુરૂને પ્રત્યક્ષ જાણી પૂજે છે. એમ અનેક અનેક પ્રકારથી મૂર્તિરૂપ પૂજનનો મહિમા સાચવે છે. અને દેવધર્મનાં સ્થાનો પણ બનાવે છે. એ સર્વ મૂર્તિપૂજાની યોગ્યતા છે એમ સિદ્ધ છે. નિર્ગુણ કહો તે પણ રૂપકજ છે. અને સગુણ કહો તે પણ રૂપકજ છે. માટે સગુણ નિર્ગુણમાં ભેદ ન રાખી પોતાના સત્ય કલ્યાણને માટે ૐકારસ્વરૂપ સ્વતઃ સિદ્ધ સગુણ નિર્ગુણ સમાન અભેદ **પંચાયતનમાં** વેદશાસ્ત્રા દેકના પ્રમાણભૂત આસ્થા ધારણ કરી પ્રભુભક્તિ કરી વિરમો. તોજ કલ્યાણ ! કલ્યાણ અને કલ્યાણ !!!

આ વૈદિક સનાતન ધર્મની મર્યાદા પંચાયતન સ્વરૂપ અભેદ યોગરૂપ મૂર્તિપૂજાના સ્વતઃસિદ્ધ પ્રમાણ પૂર્વક ૐકાર સ્વરૂપ પરમાત્માનેજ સમજવા અને તેમની કૃપાથી તત્ સ્વરૂપ સ્વસ્વરૂપાવસ્થાને પામવા રૂપ છે—અને તેમાંજ તુર્યાતીત, તુર્ય, વ્યાપક, દેહી, અને દેહ આવા પાંચ પાદના **સ્વાનંદપાદ** અથવા **પૂર્ણ પંચમપાદ—તુર્યપાદ** અથવા **નેતિપાદ**-વ્યાપક અથવા **મમપાદ—દેહી** અથવા **સત્પાદ** અને છેલ્લું **દેહ** અથવા **અસત્પાદ**થી પંચાયતન ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિ નામથી અભેદ સ્વરૂપ ૐકાર છે. આ વૈદિક સિદ્ધાન્તનો ગુપ્ત મર્મ કેવળ સનાતન વૈદિક ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજા આધુનિક સમયમાં મર્યાદાના યોગરૂપ શાસ્ત્રગતિના અનાભ્યાસથી સમજી શકી નથી પણ સાપના લિસોટા સમાન વૈદિક મર્યાદાનાં તમામ કાર્યોમાં યોગ્ય રીતે પ્રતિપાદન કરતી ચાલે

ત્યાર પછી તે તે પંચાયતનના નામોમાં યોગ્ય અનુક્રમથી ચઢી આવતા સનાતની બંધુઓની પોતાના અધિકાર પૂર્વકની ઉપાસનાના યોગે જે જે નામમાં ઇષ્ટ ભાવના બંધાય

તે તે નામથી મહત્તા પૂર્વક અનુભવ મેળવવાને તે તે નામના પુરાણોનો પાઠ—અભ્યાસ
રે છે અને તે તે નામથી તૂર્યાતીત ભાવના પુર્ણ જાણે છે અને તેવી અસ્ખલિત તે તે
ામની પૂર્ણ ભક્તિ અને પંચાયતન સમતાની દૃષ્ટિથી આખરે તે પોતાની ઉપાસનાના
પરની ઉપાસનાના અનુક્રમમાં એટલે પરેના પદની ઉપાસનાનો અધિકારી થાય છે. એમ
રતાં કરતાં **તૂર્યાતીત** પરબ્રહ્મ પરમાત્માના સ્વસ્વરૂપમાં બ્રહ્મ સ્વસ્વરૂપતાને પામે છે. પુરાણ
ર્તા વ્યાસ મહારાજે દરેક પુરાણોમાં તે તે નામોના જ્ઞાનની પ્રાપ્તિને માટે ગીતાઓ રચેલી
. ગણેશ પુરાણમાં **ગણેશગીતા** શિવ પુરાણમાં **શિવ ગીતા—ભગવદ ગીતા—સૂર્ય**
ીતા—દેવી ગીતા વિગેરે ઘણી ગીતાઓ છે. અને તે દરેક દરેક નામના જ્ઞાનરૂપ મહત્વને
તિપાદન કરે છે. એટલુંજ નહીં પણ તે સર્વ ગીતાઓમાં મૂળરૂપ પરમાત્મા **ૐકારનેજ**
ેદ્ધ કરે છે. એ વાત વિસરી જવા જેવી નથી. એટલે સર્વ ગીતાઓમાં સર્વ નામોનુ
ળ સ્વરૂપ ૐકારજ છે એમ સાબીત સમજાવે છે. અર્થાત્ જેમ વેદ ઉપનિષદ્દમાં છે તેમજ
ુરાણોમાં છે. એટલે દેવીનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર—સૂર્યનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર
િષ્ણુનું મૂળ રૂપ પણ ૐકાર—શિવનું મૂળ સ્વરૂપ પણ ૐકાર તેમ ગણપતિનું મૂળ સ્વરૂપ
ણુ ૐકારાકૃતિથી ૐકારજ છે છતાં તે પણ ૐકારમાં અભેદપણાથી વર્ણવેલુ છે. અર્થાત
ુરાણોની દૃષ્ટિએ ભેદભેદ લાગે પણ સર્વ નામો અને સર્વ પુરાણોનું અંતિમ **બિંદુ**—તૂર્યા-
ીત ૐકારજ છે એમ સાબીત થાય છે. માટે સનાતન વૈદિક ધર્મમાં અભેદ ભાવના છે.
ેક એક નામના આગ્રહી મતાંતર વાદીઓ થાય તો પોતાના વાડાના બંધારણને માટે
ૈદિક સનાતન ધર્મની અભેદ મર્યાદામાં નામભેદ પાડી લોક સમૂહને પક્ષપાત મતાંતર
મજાવે અને પછી કલહોનાં બીજ રોપાય એમ થવામાંજ આ ભારતવર્ષની પડતી
ાવવાનાં અકૃપારૂપ કારણો બ્હાર પડેલાં છે જાણો. કારણ પંચાયતનમાંના કોઇ એક ના-
થી પોતાનો ઇષ્ટ માનતાં અન્ય નામની નિંદા કરતાં અને ભેદ માનતાં પોતાના ઇષ્ટની
િંદા થાય જેથી પોતાનો ઇષ્ટજ પોતાને અકૃપારૂપે દર્શનમાં આવે. કેમકે અન્ય નામ પણ
ોતાના ઇષ્ટિનાંજ છે. જેથી પોતાના ઇષ્ટની નિંદા કરવાના પ્રાયશ્ચિતના ભોગી થવામાં પ્રભુની
અકૃપારૂપે આ દેશ દીનપરદીન અધમ સ્થિતિ ઉપર આવી ગયો છે. અન્ય વિદ્વાન સાક્ષર
ર્ગ અન્ય અન્ય રૂપે દેશની પડતીનાં કારણો દર્શાવે છે. તેમ ઉદયનાં પણ અન્ય અન્ય કા-
ણો દર્શાવે છે છતાં ભારત વર્ષની સનાતન વૈદિક ધર્મિ પ્રજાએ ખાસ ધ્યાન રાખવું ઘટે છે કે
યાં સુધી, આ વાડાઓ બાંધી બેઠેલા આચાર્ય ગણાતા આગેવાન પુરૂષોએ મન મતવ્યરૂપી
ાડાઓના બંધારણરૂપ આગ્રહી મતની તાણાતાણ કરી મુકી છે. તેનો ત્યાગ કરી પંચાયતન-
ાં અભેદ ભાવના બાંધી લોકોને અભેદ ભૂમિકાના **ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની**
ગુણ નિર્ગુણ અભેદ **ઉપાસના** સમજાવશે નહિં. ત્યાં સુધી, આત્માની અભેદ દૃષ્ટિ થશે નહિ
અને ત્યાં સુધી પરમાત્માની નિંદા કાયમ રહેવાની. એટલે ત્યાં સુધી **દેશનો ઉદય** પણ નથી.
અને **પ્રજાનો પણ ઉદય** નથી. અને પરમાત્માની અકૃપારૂપ દુઃખમાંથી છુટવાના પણ નથી.
પરમાત્માની કૃપામાં સર્વ પ્રકારની રિતોનો સમાવેશ થાય છે. એટલે સર્વમાં શ્રેષ્ટ એવી પ્રભુ
કૃપા પ્રાપ્ત થઇ તો અન્ય સર્વ સુલભજ છે. એમ જાણો. દેશની પડતીના અનેક કારણોમાં
વિશેષ પ્રબલ કારણ માત્ર પ્રભુની અકૃપારૂપનાં કર્મો છે. માટે જે જે કર્મો કરીએ છીએ તે તે
ધારી પ્રભુકૃપારૂપ ધર્મકૃત્યો અને સર્વમાં ભ્રાતૃભાવરૂપે આત્માના અભેદ દર્શનમાં જોડાઇ-
ગુના પંચાયતનભાવની પૂર્ણ બ્રહ્મની ઉપાસના કરો. ચાતુર્વર્ણ્ય પ્રજામાં સત્વ ગુણની વૃદ્ધિ

સાથે–ધર્મકૃત્યોની યોગ્ય ખીલવણી થાય એવા પ્રબોધો પ્રસરાવો. અને તમારા વૈદિક ધર્મની સનાતન મર્યાદા પ્રમાણે પંચાયતનમાં તો અભેદ બુદ્ધિ ધારણ કરો એટલુંજ નહીં પણ તે તમારો ઇષ્ટ ૐકાર પરમાત્મા–મુસલમાન ધર્મમાં **અલ્લાહ** નામથી કહેવાય છે–પારસીમા **પરવરદિગાર** કહેવાય છે એમ જાણી કોઇના પણ ધર્મની વા કોઇ પણ પ્રજાની **નિંદા** ન કરો. અને સર્વમાં આત્મા પરમાત્મા એક છે એવી બુદ્ધિ પ્રાપ્ત કરવાને, અને એવી **સર્ચ લાઈટ** બુદ્ધિમાં ઉત્પન્ન થતાં સુધી તૈયાર થાઓ–એટલે જુઓ કે પ્રભુ કૃપાનો વરસાદ વરસે છે કે નહિં ?? અને દુઃખ દારિદ્રય ટળે છે કે નહિ ?? પ્રભુકૃપાવિના સર્વ ક્રિયા મિથ્યાજ છે પણ તમારે તો હવે આત્માની ઐક્યતાનો જ્ઞાનયોગ છોડીને શરીરની ઐક્યતાનું **બ્રધરહુડ** કરવું છે. એટલે વિવેક ધર્મ મર્યાદાને લાત મારવી છે–ધર્મ લગ્નની પવિત્ર મર્યાદાનો ભ્રંશ કરીને **અગીયાર** પતિ કરવાની આજ્ઞા આપવી છે–અને વર્ણસંકર પ્રજાનો વિસ્તાર કરી દેશને અધમ બનાવી પ્રભુભક્તિની સત્ય શ્રેણીનો ત્યાગ કરાવવો છે. એટલે પ્રભુકૃપા મેળવવાને બદલે અકૃપાનાં ચિન્હ પ્રગટાવીને શું સુખી થવા ધારો છો ? ?? સર્વ સર્વ જાતી પોતપોતાના કર્મ સંસ્કારે શરીર ધારણ કરે છે–તે એકજ પ્રકારનું નથી ત્યારે શરીર એકીકરણ શી રીતે થશે ?? આતો ઉલટો પંથ ચલાવી દેશને છેક પાતાલને છેડે મોકલવાના પ્રયત્ન થાય છે. માટે આંખ ઉઘાડો. અને પ્રભુકૃપા પ્રાપ્ત કરવા યોગ્ય, ધર્મ શાસ્ત્રમાં વર્ણવેલાં યોગ્ય કર્મો કરી પ્રભુ પ્રસન્નતા મેળવો તો **દેશની આબાદી, દેશની ઉન્નતિ** અને પરમભક્તિ યોગની અભેદ ભાવનાએ–ઉત્તરોત્તર કૃપાનુસાર પ્રાચિન કાલમાં આપેજ ઉચ્ચ શિખર ઉપર જેવા હતા તેવા થશો. એ વાત નિઃસંશય છે.

આ ગ્રંથનુ યથાર્થ રીતે શાસ્ત્ર બુદ્ધયાનુસાર સંશોધન કરવાને માટે સુરતના વેદ, શાસ્ત્ર સંપન્ન, જીવન્મુક્તજ્ઞાનાધિકારી સજ્જન સર્વોત્તમ પરમ ૐકારના ઉપાસક ભક્તિ વિભૂષણ, પંડિત **રા. રા. લલીતાશંકરભાઇ લાલશંકરભાઈ વ્યાસે**–પોતાના ધર્મ કાર્યક્રમમાંથી, વખત રોકીને લોકકલ્યાણાર્થ પરમાર્થ વૃત્તિએ યોગ્ય સચના સાથે–સુધારો વધારો કરી જે ઉપકાર કર્યો છે–તેને માટે અતીવ ઉપકારની વૃત્તિએ તેમને વારંવાર અભિનંદન આપતાં, પરમાત્મા પરબ્રહ્મને વિનંતી કરવાની કે તેમની પરોપકારી બુદ્ધિ અને શરીરની ઉજ્વલ કીર્તિ સાથેની સુખાકારી આ ગુર્જર પ્રજાને વિશેષ સુખ અને આનંદની દાતા થાઓ !!!

બંધુઓ !!! પરિપૂર્ણ તો પરમાત્માજ છે. સંતજનોની જગતના અનેક પ્રકારના જીવો પ્રત્યેની પરોપકારી વૃત્તિથી તેઓ ખરેખર પરમાત્મા સ્વરૂપજ છે–કેમકે વેદાન્ત શાસ્ત્રના નેતા શ્રીમત્ વિદ્યારણ્ય સ્વામીએ જણાવ્યુ છે કે—**गुरु शास्त्र विनात्यंत गंभिर ब्रह्मवेत्तिकः।** ગુરૂ એટલે જીવન્મુક્ત સંત સદ્ગુરૂ પરમાત્મા, કે જેઓ બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સ્વભાવથી જગતના જીવોના કલ્યાણાર્થ પોતાની યાવત્ જીંદગીનો નિરાભિમાનતાએ આત્મભોગ આપ્યો છે. એવા મહાત્મા અને શાસ્ત્ર વિના અત્યંત ગંભિર એવા બ્રહ્મ સ્વરૂપને કોણ જાણે છે ??? તેમણે અતિ પરિશ્રમે શ્રીમાન પરમાત્માની અત્યંત કૃપા રૂપ જે સુબુદ્ધિ સાગરની શ્રેણીને તરીને ઠેઠ પ્રભુચરણમાં તદ્રૂપ સ્થિતિ મેળવી છે–તેવા મહાત્મા જનો અનેક અનેક થઈ ગયા છે અને જીવોના ઉદ્ધારાર્થે હજુપણ થતા ચાલે છે. એજ પ્રભુની કૃપાજ છે અને તેવા મહત્ જનોના લેખોએ આ ભારતવર્ષને દુર્દશામાંથી હજુ સુધી ટકાવી રાખ્યો છે અને હજુપણ આવા

પરોપકારી ગ્રંથો લખાઇ જગતના જીવોના સંરક્ષણને માટે તેમ ધર્મ કર્મ ભક્તિ, જ્ઞાનના પ્રકાશને માટે કોઇપણ પ્રકારના આગ્રહી મતમતાંતરનો ત્યાગ કરી ॐ પરમાત્મા પરબ્રહ્મના સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપને સમજાવી, હવે પછી આવતી દુદવ સ્થિતિને અટકાવવા જે ગંભિર પ્રયત્નો ઉઠાવી રહ્યા છે. તેજ આપણું મહત્ ભાગ્ય છે—હે **ભારત માતેશ્વરી ! ! !"** તમારી પવિત્ર કુક્ષિમાં આવા જનોપકારી મહત પુત્રોને નિવાસ કરાવી સ્વદેશ સેવા કરાવતાં જીવોનું કલ્યાણ ચ્હાશો. એમ અમારી દીન બાલકોની યાચના છે. કે જેથી અમો અમારા જેવા ભાઇઓની વ્યવહારિક કાલ્પનિક અહં મમતવાળી દુર્બુદ્ધિના ભોગોમાં સપડાયેલી સુબુદ્ધિનો ઉદ્ધાર થતાં અમારા સ્વરૂપની જાગૃતી અનુભવીએ. અને અમૃત પદમાં અમૃતતા પામીએ.

વળી સત્ કર્મ કુશળ અભેદ ૐકારની ઉપાસનાના અભેદ ઉપાસક અને બ્રહ્મવિદ્યા જ્ઞાનના વિલાસી ભ્રાતૃઓ પરમપવિત્ર બુદ્ધિના અગાધ બલ શિવાય, માત્ર "**अहं ब्रह्मास्मि**" એવા શુષ્ક વેદાન્તના બકવાદથી દેશની અધમતાનો પણ છેડો આવનાર નથી અને આવા કલિયુગના સમયમાં **कुशला ब्रह्मवार्त्तायां**—શ્લોકથી શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય મહારાજે સમજાવેલા નિશ્ચયો પ્રમાણે કર્મ ઉપાસનાનો ત્યાગ કરનારાઓ પણ દેશની અધમતા લાવનારાઓમાંના **એક** છે. પણ સત્ય વેદાન્તની સત્ય કુંચી તો **ઉપાસના**જ છે વેદાન્તના મહત્તા પ્રાપ્ત કરતાં ઉપાસના વડેજ ભક્તિના સંયોગમાં અહં મમતા છુટે છે. તે ઉપાસનાને તિલાંજલિ આપનારા, નાસ્તિકના કનિષ્ટ બંધુઓ **શુષ્ક વેદાન્તી** ભાઇઓની વ્યવહારમાંની અહં મમતારૂપ શત્રુઓની સાથેની રમત તો છુટી નથી તે પહેલાં આમ બોલવાથી લાભ નથી. એમ આવા સંત જીવન્મુક્ત મહાત્માઓના વેદાન્ત વિચારના ભક્તિરસથી ભરપુર લેખો આપણને સ્પષ્ટ સમજાવી આપણી અજ્ઞાનતાને ટાળે છે—તે ધ્યાનમાં રાખવાનું છે. માટે વેદાન્ત જ્ઞાનની સત્ય કુંચીના જ્ઞાતા, સંત મહાત્મા ખરેખરાજ **પ્રભુ** છે. તેવા પરમાત્મા સંતની કૃપાથી આપણને સમજવાની બુદ્ધિ પ્રાપ્ત થાય છે. કર્મ ઉપાસના અને જ્ઞાનનો અભેદ વિષય બહુજ ગંભીર છે. શાસ્ત્રમાં અનેક પ્રકારે તેની રચના છે—તે સર્વરચના અને યુક્તિને સમજાવવાને એના એ વિષયને વારંવાર ચાવી ચાવી કહેવાની જરૂર પડે છે—પણ એમ વારંવાર ચાવી ચાવીને ભોજન કરવાથી પચવામાં સંદેહ રહેતો નથી તે ધ્યાનમાં રાખવાનું છે—દરરોજ સવારનો પ્રહર થયો કે, તુરતજ **એનો એ ચુલો, એની એ તપેલીયો, એની એ થાળીઓ,** એની એ વાડકીઓ અને એની એ અન્નની **કોઠીઓ** અને એનુ એ વીણી વીણીને રાંધવાનું અને ચાવી ચાવીને ખાઇ પચાવવું તેનો કંટાળો આવતો નથી. તેમજ વિવેકી વિચારવાન, ભક્તજનો પણ વારંવાર આવતા તેના તેજ **વિષયને** વારંવાર વાંચીને અને તેમાં આવતી **યુક્તિને** વારંવાર યાદ કરીને તેને પોતાના હૃદયમાં **પચાવશે**—તો મોટો ઉપકાર ભારત વર્ષને થશે અને તેને લઇને સનાતન વૈદિક ધર્મને માટે પણ ઉપકાર લેખાશે.

દૃસ્ય દોષે રહી ગએલી ભુલચુક વિચારીને વાંચનારને વિનંતી છે કે, યોગ્ય મર્યાદાએ ખપ યોગ વિષયની સૂચના થતાં અન્ય વખતે તેનો યોગ્ય વિચાર થશે.

પ્રકાશક.

॥ ૐ ॥

શ્રી ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પંચાયતન પરબ્રહ્મ પરમાત્માના સનાતન વેદ ધર્મનું બોધગ્રંથ રૂપે દિગ્દર્શન.

લગભગ પચાસ સાઠ વર્ષથી અર્થાત્ એક સૈકાના આંતરમાં આ ભારતવર્ષની સનાતન વેદ ધર્મિ ચાતુર્વર્ણ્ય પ્રજાને જાણવાના વેદોક્ત શાસ્ત્રોક્ત અને પુરાણોક્ત સિદ્ધાન્તો માંના **મૂર્તિ પૂજા–શ્રાદ્ધ, પુરાણો** સંબંધમાં અત્યંત ઉહાપોહ ચાલુ થયો છે. **એટલુંજ** નહિં પણ વૈદિક સનાતન ધર્મ વિરૂદ્ધ પુનર્લગ્ન–અને સુધારાને નામે **કુધારો**–આત્મ્યૈક્યતા ત્યાગી દેહૈક્યતાનું બધરહુડ વા પ્રીતિભોજન ઇત્યાદિ અનેકાનેક માત્ર દેહાધ્યાસી **અવનતિ** માર્ગો પ્રવેશ પામવા લાગ્યા છે. એક તરફથી જ્યારે **પાશ્ચાત્ય** તત્ત્વ વેત્તાઓ વૈદિક ધર્મનુ મહત્વ સમજવા લાગ્યા છે અને તેની પાછળ લાગી અનેક જાતની ધર્મ સંબંધી શોધો પાછળ મંડ્યા છે ત્યારે અફસોસની વાત એ છે કે આપણા આર્ય બન્ધુઓ મનસ્વી કુતર્કોના વમળોમાં ઘેરાવા લાગ્યા છે! આવા જીવાત્માઓ તરફ બ્રહ્મ સ્વરૂપથી ભેદ માની તેમના તરફ અભાવની દૃષ્ટિએ જોવાનું નથી. પણ તેઓની રજો તમો ગુણી બુદ્ધિના વિચારોએ તેમને જે અવળો માર્ગ સૂચવ્યો છે. તે ઉલટ વિચારોની શાન્તિ થતાં શુદ્ધ વૈદિક ધર્મ મર્યાદાના શ્રદ્ધાળુ વિચારો તેમની બુદ્ધિમાં પ્રકાશ પામે એમ કરવું વધારે યોગ્યતા ભરેલુ છે. સમજીને ચોબાજુથી વિચાર કરી આ ગ્રંથ લખવાનો આરંભ થયો હતો.

વળી બીજી બાજુથી વિચાર કરતાં એમ જણાયું કે, સનાતન વેદ ધર્મિ ચાતુર્વર્ણ્ય પ્રજાના **વર્ણાશ્રમ** ધર્મની મર્યાદા અને વર્ત્તન કેટલેક દરજ્જે અસ્ત વ્યસ્ત થવા લાગ્યું છે એટલુંજ નહિં પણ સનાતન વેદ ધર્મના અસ્ખલિત સિદ્ધાન્તોની બાજુ પડતી મુકી **ઉપાસના**–ભક્તિના ક્રમમાં એવો ગરબડાટ પેઠો કે ૐકાર બ્રહ્મની ઉપાસના **પંચાયતન** અભેદ સ્વરૂપે કરવાની અને તે પાદપાદ ક્રમક્રમવાર સ્વરૂપનો **અર્થ** અને સત્તાના આધારે જાણવાની યુક્તિ તદ્દન વિલાયા સરખી દીસવા લાગી. કેમકે પંચાયતન અભેદ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની ઉપાસનાના અભેદ પ્રકારમાં **ગણપતિ** જુદા, **શિવ** જુદા, **વિષ્ણુ** જુદા, **સૂર્ય** જુદા, અને **શક્તિ** જુદાં–એમ થતાં આગ્રહી મતવાદી ભાવનાના બોધે આગ્રહી મતના સાભિમાનથી બુદ્ધિમાં સંકોચ થયો. અને પછી કુવાનો દેડકો જેમ સાગરના સ્વરૂપને જાણી શકતો નથી તેમ આગ્રહી વાડાઓના બંધારણમાં આ સનાતની ચાતુર્વર્ણ્ય પ્રજા સંકડાઇ જતાં બુદ્ધિરૂપી કમલની ખીલવટ કરવા શક્તિમાન ન રહી અને તેથી ઉલટું જુદું રૂપજ પ્રગટ થતું જણાયું. અને તે આખરે એવી સ્થિતિ ઉપર આવતું જણાયું કે **શિવને** માનનારા **વિષ્ણુની** નિંદા કરવા લાગ્યા. અને **વિષ્ણુને** માનનારા **શિવની** નિંદા કરવા લાગ્યા. પેલો પેલાને **અવૈદિક** કહે છે ત્યારે પેલો પેલાને **અવૈદિક** કહે છે. એટલે એકજ પ્રભુના **અભેદ પંચાયતનમાં** વૈમનસ્ય બંધાયાં. સાપના લીટા સમાન વ્યવહારમાં સનાતન વેદ વિધિ કાયમ રહ્યા ખરા. પણ આગ્રહની તાણાતાણમાં શાસ્ત્ર મર્યાદાનું સત્યાનાશ વળ્યું.

એક પક્ષના સાતમને દિવસે આઠમ કરે ત્યારે બીજા આઠમે આઠમ કરે ત્યારે ત્રીજા નવમીને દીવસે આઠમ માને વળી ચોથા તે અષ્ટમિનો ઉત્સવ અગીયારસે કરે એવો વૈમનસ્ય ભાવ પ્રત્યક્ષ થયો જણાયો. આ કંઇ **તિથિની** તકરાર નથી. પણ આગ્રહી મતના અભિમાનના વિચારોની તકરાર છે એમ સજ્જન વિદ્વાનો સમજી શક્યા છે. માત્ર પ્રભુ ભક્તિના આગ્રહી વાડાઓના આ દૂષણ રૂપ વિચારોનો મતભેદ પ્રભુમાં પણ મતભેદ રૂપ થયો જણાયો.

વ્યવહારની પણ બુરી દશા બેઠી અને તેનો ઇતિહાસ લખવા બેસીએ તો એટલો લાંબો થવા ભય છે કે તેનો કદી પણ પાર ન આવે પણ તેનો સારાંશકે, વ્યવહારની કળા, કૌશલ્ય, હુન્નર, ઉદ્યોગ, વૃદ્ધિ આદિ અનેક પ્રકારની ઉન્નતિમાં પણ **અવનતિના** દરવાજા ઉઘડયા જણાયા. આ એકંદર ભારતવર્ષની સનાતન વેદ ધર્મિ ચાતુર્વર્ણ્યની આવી દયાજનક, અને કલુષિત વિચારોની અધમતા, અને રોગાદિકથી પીડિત સ્થિતિ કેમ આવી તેનુ કારણ અન્ય જનો અન્ય અન્ય પ્રકારે વર્ણવે છે ખરા. પણ સત્ય રીતે **સ્વધર્મના** શ્રદ્ધાળુ વિચારે વિચાર કરતાં સત્યજ માલમ પડે છે કે પ્રભુની **ઉપાસના ભક્તિમાં** જે ઘોંટાળો થયો છે. અને ૐકાર પંચાયતન અભેદ સંસ્થાના નિશ્ચયોમાં જે વિખવાદ ઉત્પન્ન થયો છે. તેથી કોઇ કોઈ અંશે **શિવ, વિષ્ણુ, ગણપતિ, શક્તિ, સૂર્યની** ઉપાસના ચાલતાં પણ આગ્રહી અને મન કલ્પિત વિધિથી સત્ય વેદ ધર્મની **વેદ વિધિ** ડુબી છે. અને સત્ય વેદ **વિધિ** ડુબી. એટલે વિધિ પ્રમાણે કર્મ ન થતાં ઉલટ કર્મનું ફળ ઉલટું દર્શાય એમાં શુ નવાઇ ??? પાંચ પાદ એટલે પાંચ સ્થાન અનુક્રમનાં પાંચ નામ વેદોથી સમજાવીને અભેદ બુદ્ધિએ અભેદ ઉપાસના કરવી તેમાં શોર્ટ સાઇટ બુદ્ધિના કુતર્કોએ ભેદ પાડી **"મેં માન્યુ"** એજ સત્ય એવો ખ્યાલ થતાં પ્રભુમાં નિંદા ઉત્પન્ન થઇ તેનું ફળજ આ તેની **અકૃપાનું** દર્શન આ ભારતવર્ષની સનાતની પ્રજા ભોગવે છે. અને હજુ જ્યાં સુધી આમ અભેદ બુદ્ધિએ પંચાયતન સ્વરૂપ અભેદ ૐકારની ઉપાસના કરવામાં ન આવે ત્યાં સુધી આથી પણ વિશેષ દુર્દશા ભોગવવાની છે એમ સમજવું. અભેદ બુદ્ધિની સાત્વિક લક્ષણા છે. જેથી અભેદ બુદ્ધિ સત્વ ગુણના મર્મને સમજાવે છે. તેથી રજો તમોનો વિલય પણ છે એ અનુભવી જનો સમજી શક્યા છે. પ્રભુના અપરાધમાંથી બચતાં આપણી મૂળ સ્થિતિમાં આવવાને વાર લાગવાની નથી. જ્યાં સત્ય રીતે આપણા **સનાતન વેદ ધર્મરૂપી** પોતાના ઘરની તકરાર શાન્ત પડી અને પાંચે નામથી ઉપાસના કરનાર પોતાની ઉપાસનાને પાદપાદ વાર ક્રમક્રમમાં છે એમ સિદ્ધાન્ત સમજવા લાગ્યા કે પ્રભુની કરૂણાકર–કૃપા કર દૃષ્ટિ આપણા તરફ થયા વિના રહેનાર નથી એ પણ સત્યજ છે. એટલે પ્રભુ કૃપામાં આપણે સત્વ ગુણી પણ થઇશું એટલુંજ નહીં પણ પ્રભુ કૃપામાં આપણા વ્યવહારની, આપણી, અનેક પ્રકારથી ઉન્નતિ થતી પણ જણાશે. અને આખરે પોતપોતાની ઉન્નતિમાં ભ્રાતૃ વર્ગની ઉન્નતિનો પ્રકાશ નજરે આવશે. અને આખરે તે ઉન્નતિ આખા ભારતવર્ષને માટે દર્શનમાં આવશે. **"પ્રભુકૃપા શિવાય ઉન્નતિનો અન્ય માર્ગ નથી"** તેમજ **ઉદ્ધારને માટે** પણ પ્રભુ કૃપા શિવાય અન્ય માર્ગ નથી.

સત્વમતિ પ્રકાશમાન થતાં રજોગુણી તમોગુણી કાર્ય થતાં અટકશે. અને તેથી ધર્મ વિચારોમાં જે સડો પેઠેલો છે તે સડો આપો આપ વિણસશે એટલું જ નહિ પણ વેદ વિધિથી અભેદબુદ્ધિએ પ્રભુ ભક્તિ થશે. તેથી ઉલટ, અવનતિના માર્ગોને આ પ્રજાજન

સમજવા લાગશે કે આ દુર્બુદ્ધિના પરીણામ રૂપ શૉર્ટ સાઇટ વિચારો ટુંકા, દેહદર્શિ અને અધમતા ભરેલા છે, તેથી આપોઆપ તેવા નિંદા અને કલ્પનાના વિચારોને ત્યાગી સનાતની મહા સમુદ્રમાં ખેલતા થશે. અને કુસંપ આદિ જે કલેશો દેખાય છે તે એવી રીતે સમુદ્રને તળીએ બેસસે કે સર્વત્ર સંપ, સંપ અને સંપ વ્યાપક રૂપે દર્શન આપશે. વર્ણાશ્રમ ધર્મની મર્યાદામાં ઐહિકયતાનાં પ્રીતિ ભોજનરૂપ બધરહુડે જે બુદ્ધિની મંદતા કરવાના ઉપાયો યોજ્યા છે. તે પવિત્ર આચરણોના યોગે અને સાત્વિક બુદ્ધિના વિચારોની ગંભીરતાથી આપોઆપ નિકળી જશે. એમ થવામાં કોઇને વાદી બનવાની પણ જરૂર પડશે નહીં અને કોઇને પ્રતિવાદી બની ખંડન મંડનની તકરાર વાપરવાની પણ જરૂર પડશે નહીં. એમ પ્રભુકૃપામાં દેશ અને પ્રજા ઉન્નતિના શિખર ઉપર આવશે.

શૉર્ટ સાઇટ બુદ્ધિના વિચારોને સન્માન આપનારા આપણા બંધુઓ અન્ય અન્ય દેશોની ઉન્નતિમાં અન્ય અન્ય પ્રકારો વર્ણવે છે. અને તે કેટલેએક બાહ્ય દર્શનના અંશે લોકોમાં ઠીક લેખાય પણ ખરા. છતાં તેને વિચારવંત ગંભીર પુરૂષો સત્ય ઉન્નતિ માનતા નથી. ઉન્નતિનો મુખ્ય દેખાવ સાત્વિક બુદ્ધિ છે. સાત્વિક બુદ્ધિ ધર્મ વૃદ્ધિનું કેન્દ્રસ્થાન છે. ધર્મ વૃદ્ધિમાં અનાચાર, દુરાચાર, ના અંશ પણ નથી તેની સાથે પ્રભુ કૃપા પ્રાપ્ત કરનારી પ્રભુપ્રત્યેની પ્રેમભક્તિ પ્રકાશે છે. તેવી પ્રેમભક્તિથી તત્વજ્ઞાનનો અનુક્રમ હાથ આવતાં બ્રહ્મદૃષ્ટિ સિદ્ધ થાય છે. અને ઉન્નતિના શિખર ઉપર પહોચે છે. તે વાત અન્ય દેશો સાથે સંબંધ ધરાવતી નથી. માટે ખરી રીતે તે ઉન્નતિ નથી. ઉન્નતિનો સત્ય આધાર સનાતન વેદ ધર્મના સિદ્ધાન્ત પર્વક વેદવિધિમાં છે. એ વાત સર્વાંશે સત્ય છે. માટે અભેદ પંચાયતન ૐકાર પરબ્રહ્મ પરમાત્માની (ઉપાસના ભક્તોની વૃદ્ધિને માટે અને સનાતની બંધુઓના કેવળ કલ્યાણને માટે તથા વેદ વિધિ વિરૂદ્ધ મંદબુદ્ધિના વિચારોની શાન્તિને માટે આ બોધગ્રંથ ભારત વર્ષમાં ૐકાર પરબ્રહ્મ પરમાત્માની કૃપારૂપે પ્રકાશમાં આવ્યો છે—તો સનાતની ભ્રાતૃવર્ગ માત્ર પોતાની ઉન્નતિ અને પ્રભુકૃપામાં ઉદ્ધાર સમજી હંસક્ષીર ન્યાયે સારગ્રાહી થશે.

આ ચાલતા વર્ષમાં વળી સુરત ખાતે આર્યસમાજ મંડળના ભ્રાતૃવર્ગની પરિષદ્ ભરવામાં આવી હતી. અને તે વખતે સનાતન વેદધર્મ વિરૂદ્ધ કેટલાએક મનમંતવ્યો પ્રજાના શ્રવણમાં આવતાં સનાતન વેદધર્મિ બ્રાહ્મણાદિ ચાતુર્વર્ણ્ય પ્રજામાં બહુજ મોટો કોલાહલ થયો હતો. સામા સામી વૈમનસ્ય વિચારનાં અદ્ભૂત આશ્ચર્યકારક (ભાષણો) વ્યાખ્યાનોનો ઉહાપોહ થયો. અને પ્રજાજન સમક્ષ વિચિત્ર દેખાવ રજુ થયો. સત્ય રીતે વિચાર કરતાં નિડરપણે કહેવામાં આંચકો ખાતાં આપણા ભ્રાતૃવર્ગ પ્રત્યેની પ્રેમ લાગણીમાં ધોકો પહોચે છે. છતાં શાસ્ત્રમર્યાદાએ **सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात्सत्यमप्रियं ॥** સાચુંજ બોલવું અને તે સાથે પ્રિય બોલવું. સત્ય હોય છતાં અપ્રિય લાગે એવું હોય તો તે સત્ય પણ ન બોલવું અર્થાત્ તે દબાવી દેવું. એટલે છિદ્રાન્વેષી સ્વભાવથી કે અન્યનું અપમાન કરવાની ઇચ્છાએ કે પોતાનું મહત્વ જણાવવાની લાલસાએ કે તેજદ્વેષબુદ્ધિના વિચારથી કંઇ પણ બોલવું કે લખવું કે કહેવું. અથવા માનની ભરેલી બુદ્ધિથી વિચારવું તે યોગ્ય ગણાશે નહિં. તેમ વાચક વર્ગે પણ રાગદ્વેષવાળી વૃત્તિનો પરિહાર કરી સત્ય જાણવાની અપેક્ષાથી

જાણવું-સાંભળવું કે વાંચવું. લેખકના ઉપર આક્ષેપબુદ્ધિ કરી છિદ્રાન્વેષી બનવું નહિં. **એવો નિર્મળ** સ્વભાવ રાખી જોવાથી નિશ્ચય સમજાશે કે સનાતન ધર્મ વેદ વિધિપૂર્વક જુનામાં જુનો આદિ છે. અને તેના સિદ્ધાન્તો-સિદ્ધાન્તોની દૃષ્ટિથી જોતાં સત્ય છે.

હવે શોર્ટ સાઇટ દૃષ્ટિવાળા સંકુચિત વિચારના જનો-તેવા વિચારોના ઉપર બુદ્ધિની ખામીને લીધે દોષારોપણ કરે છે. કેમકે તેમને દોષ દૃષ્ટિએ જોવાની ટેવ પાડેલી અને પડેલી હોવાથી તેમને ગુણો પણ દોષરૂપે દેખાય એ બુદ્ધિની ઉલટ વિપરીતતાનું પરિણામ છે. આ દોષારોપણ એ બુદ્ધિજ છે. તેને સત્ય માર્ગની મહત્તા હાથ લાગે અને પોતાનું મિથ્યાભિમાન છુટે ત્યારે તો તે સત્યજ સમજી શકે તેમ છે ખરી. બુદ્ધિના વિષય પર્યંત ગુણદોષ જણાય તેથી બુદ્ધિની પારના વિષયમાં તેમનાથી ગરબડ થવાની નથી. જ્યારે બુદ્ધિમાંજ ખામી છે તે ખામી કૃપાળુ પરમાત્માની કૃપાથીજ દૂર થાય તેમ છે. વાદી પ્રતિવાદી બનવાથી બુદ્ધિની ભ્રમિત દશાના માણસોનું માન વધારવા સરખું થાય છે માટે એવા ભ્રમિત દૃષ્ટિના જનોના વિચારોને લેખામાંજ ગણવા ઘટિત નથી. હવે બીજી બાજુ સનાતની વેદધર્મિ બંધુઓ કાગનો વાઘ બનાવી જુદુંજ રૂપાંતર પકડે છે તે પણ વ્યાજબી નથી. કારણ તેઓ વેદશાસ્ત્ર સ્મૃતિ પુરાણોની અભેદ સત્તા સમજવા પ્રયત્ન કરતાજ નથી. આગ્રહીવાડાઓના બંધનને ખાતર ૐકાર પરમાત્માના સગુણ નિર્ગુણ સમાન અભેદ પંચાયતન સ્વરૂપમાં પ્રેમ ન રાખતાં માત્ર આગ્રહી નામથી ઉપાસના કરતાં ઘરમાં ને ઘરમાં સળગાવી ઘરજ બાળવા બેઠા છે અને એટલો બધો કુસંપ પ્રગટાવ્યો છે કે પોતાના આગ્રહીવાડાના બંધારણનાં વચનોમાં કેવળ વિશ્વાસ ધારણ કરી સનાતન વેદ ધર્મના સત્ય વિધિના બોધકોનાં વ્યાખ્યાન સાંભળવાં પણ નહિં અને તેમના ગ્રંથોનુ મનન પણ કરવું નહિં. પછી કહો ભાઇ આ કુસંપના યોગમાં પોતાના વાડાના બંધારણ જેટલું ઉદરનિમિત્તાર્થે ભણીને તેમાંજ નિર્વાહ કરી ગૃહ પોષણની પેટીરૂપ બની-કુવાના દેડકાજીની પેઠે સંતોષ માની બેસવું એ સનાતની બન્ધુઓને શોભાસ્પદ છે કે ??? સનાતન વૈદિક ધર્મની કુલ મર્યાદાએ નિત્ય કર્મ આદિ તમામ કર્મો કરી પ્રારબ્ધવાદનો અને પુરૂષાર્થવાદનો ત્યાગ કરી તે કર્મો બ્રહ્માર્પણ કરતાં રજોગુણી તમોગુણી વૃત્તિનો પરિહાર થાય છે અને **સાત્વિકતા** ઉદય પામે છે તે તરફ ધ્યાન ન આપવું.-એ સનાતની ચાતુર્વર્ણ્ય પ્રજાના બંધુઓને ઘટે છે કે ??? ૐકાર સ્વરૂપ પરમાત્માના અભેદ પંચાયતનના અમૃત સિદ્ધાન્તથી પરમાત્માને સેવી નવધાભક્તિના અભેદ બુદ્ધિયોગમાં **આત્મ નિવેદનતા** સિદ્ધ કરી પોતાના બંધુઓને તે માર્ગે ચઢાવવામાં કેમ અસંતોષ ધારણ કર્યો છે ??? સનાતન વેદ ધર્મના સત્ય સિદ્ધાન્તોના સ્વરૂપને સમજાવનારા સંત જનો, યોગી જનો, જીવન્મુક્ત મહાત્માઓ, સંન્યાસીઓ આદિ બોધક પુરૂષોનાં વ્યાખ્યાનો શ્રવણ કરી પોતાનું પોતાને જાણવાને પોતાને શું શરમ લાગે છે ??? આપણા પગ નીચે તાપણી બળતી હોય તેને ઓલવવી નથી અને બીજાઓની ભુલો દર્શાવવા ખડા થઇએ. તો તે આપણી ભૂલો કાઢશેજ. **"વંદન શબ્દ સુણો કહી વંદન"** ત્યારે પોતાની ભુલોને સુધારી અન્યની સુધારવાની વૃત્તિ કરીએ તો તેઓને આપણા તરફ ભાવ થાય. પણ શ્વાનની સાથે શ્વાન થવાની વૃત્તિઓ યથાર્થ ગણાય નહિં એવી જાગૃતિ આપનાર તમારા શત્રુ હોય ખરા કે ???? પોતાના બોધકો તરફ-એટલે પોતાની ભુલો સુધારનાર ખરા હિતૈષી પુરૂષોના તરફ તેજદ્વેષી બુદ્ધિએ જોવું, અને

પરધર્મિ જનોની **સુશ્રુષા** ઉઠાવી પોતાની **અજ્ઞાનતા** ભરેલી વર્ત્તણુકને છુપાવી સનાતનીમાં એકડો ભરવો એ સત્ય નિરીક્ષણ કર્ત્તાને છાજે છે કે ??? **એમાં આપણી** જાગૃતિ કેટલી તેનો તોલ કરાય છે કે ?? ખરી રીતે જાગ્રત થવાની જરૂર છે ?? તેનો વિચાર કરો સનાતની છું એમ બોલવાથી કલ્યાણ માનો છો કે તેવા વર્ત્તનથી કલ્યાણ માનો છો ?"

સનાતન ધર્મ મર્યાદાના વિરોધી **અનાર્ય પંથના નાયક**રૂપે લેખાતાં છતાં તેવાઓને આર્ય વેદિક ધર્મના સ્તંભરૂપે ગોઠવી કેટલાક સ્વાર્થી પુરૂષો કપોલ કલ્પિત વિશેષણો **તેના** નામને લગાડી પોતાના ઉદર પોષણાર્થે વા માન્યાર્થે ભોળા જનોને ભેગા કરી કેટલાક **ધર્મ સંકરો** સનાતન ધર્મનો ઝુંડો લઇ આગળ નીકળે છે. તેઓએ પોતાના સ્વાર્થિ કૃત્ય તરફ એકવાર પણ જોવું જોઇએ કે આપણા અઘટિત વર્ત્તનથી દેશનું અને સ્વધર્મનું કેવું સત્યાનાશ વળે છે. અને તેવા આચરણોથી સ્વદેશ સ્વધર્મનુ હિત સચવાય છે કે ???

સંકુચિત બુદ્ધિને તિરસ્કાર કરવા કરતાં સત્યમર્યાદામાં સત્ય નિરીક્ષણ કરવાનો બોધ-રૂપથી મુક્ત કરે છે. અને સત્ય સિદ્ધાન્ત ભૂમિકાનાં ગુપ્ત મર્મોથી પોતાના બંધુઓને જાગૃત કરતાં અજાન વિલાય છે. તે તરફ પુરતું ધ્યાન આપો તો રાગદ્વેષવાળી અને તેજદ્વેષવાળી વૃત્તિનો પરિહાર થતાં ઉભય બાજુથી **સનાતનની** મહત્તા પ્રગટ થશે. અને સમજાશે કે **સનાતન ધર્મના** બોધકો નિષ્પક્ષપાતી અને **સત્ય વર્ત્તનવાળા સત્યાનુભવી સત્યમાર્ગ** દર્શક્દ છે. એમ સત્ય સમજાવવા માટે પરમાત્માની કૃપાથી આ ગ્રંથ દર્શનમાં આવ્યો છે.

ॐ अमोघसिद्धये नमोनमः ।

નિવેદન. "હેતુ"

સાંપ્રત સમયમાં **સનાતન વૈદિક ધર્મને** માનનારી ચાતુર્વર્ણ્ય પ્રજાનાં હૃદય અનેકાનેક પ્રકારના સહવાસથી ધર્મ વિરૂદ્ધ કલુષિત વિચારવાળાં **થયેલાં** દેખાય છે. અને દિનદિન પ્રતિ નવા નવા **પંથ** મતોનાં ભુંગળાંજ ફુંકાતાં **અને** તેના પ્રતિધ્વનિએ ગરબડાટ પ્રસરાવેલો દૃષ્ટિમાં આવે છે. એક કાળ એવો હતો કે આ ભારતવર્ષની ચાતુર્વર્ણ્યપ્રજા એકે અવાજે **સનાતન વૈદિક ધર્મના** સિદ્ધાન્તોથી જાગૃત અને પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદ ભાવથી ૐકાર સ્વરૂપ પ્રભુની ભક્તિમાં પંચાયતન સ્વરૂપની ઐક્યરસ બુદ્ધિના યોગે વિરમી જ્ઞાનવિલાસી બની **જીવન્મુક્તતાનો** બ્રહ્માનંદરસ ચાખતી હતી. ત્યારે અત્યારે તેની સામી બાજુએ અધમમાં અધમ દેહબુદ્ધિના દૃશ્યભોગમાં ગીરફતાર બની નિધનબુદ્ધિએ જ્ઞાનભક્તિના અમૃતનો ત્યાગ કરી અનેક કલ્પિત વિચારોને અનુસરી ધર્મ આદિ કલ્યાણકારી તત્વોના ઉપર અતિ ક્રૂરતાથી આક્ષેપરૂપ બાણોનો વરસાદ વરસાવવા લાગી છે. આ અતિશયોક્તિ નથી-પણ ભારતીય પ્રજાના હતભાગ્યને સૂચન કરે છે. કે જે કર્મોથી આ ભારતીય પ્રજા અતિ દુઃખમય, ત્રાસમય, ભોગવાતી સ્થિતિમાં શું જુએ છે. અને રાત્રી દિવસ કેમ નિર્ગમન કરે છે. તે તેનો વિચાર કરનારાજ જાણે છે. એક બાજુએ સામાન્ય વ્યવહારના વિનાશ સ્વરૂપ દુર્બલતા બતાવનારા **દુષ્કાળોથી** પ્રજા કેવી સ્થિતિ ઉપર આવી છે. તથા બીજી બાજુએ પ્લેગ, રોગ આદિથી કેવી હાડમારી ભોગવાય છે. ત્રાસના નગારામાં દુઃખના ભેરી નાદે મનને ચગડોળ ચઢાવ્યું આ તે આ વસતી પ્રજાનાં કેવી જાતનાં કર્મ થાય છે કે તેનું ફળ આવું ભોગવવાનું જણાય છે તે વિચારવા સરખું છે. જ્ઞાતિ જ્ઞાતિવાર કુસંપ, વર્ણ વર્ણવાર કુસંપ, પિતા પુત્રમાં કુસંપ, ભાઇ ભાઇઓમાં કુસંપ, ભાઇ બ્હેનમાં કુસંપ, સ્ત્રીપુરૂષમાં કુસંપ, જ્ઞાતિઓમાં તડો, ગુરૂ ચેલાઓમાં વિરોધ. એક ઘરનાં પાંચ માણસોમાં છ પંથ મતના આગ્રહો-(શીઆળ તાણે શીમ ભણી અને કુતરૂં તાણે ગામ ભણી) સનાતન ધર્મશાસ્ત્રો ઉપર અન્ આસ્થા, વેદનાં વચનોમાં કુતર્કો, પુરાણો ઉપર આઘાતો, મૂર્તિપૂજા ઉપર તિરસ્કાર, શ્રાદ્ધમાં અશ્રદ્ધા, પુનર્લગ્ન ઉપર પ્રીતી, આત્મૈક્યતાના સિદ્ધાન્તનો સમૂળો ત્યાગ રાખી દેહૈક્યતાના સિદ્ધાન્તને સત્ય સ્વરૂપ જાણી વર્ણાશ્રમ ધર્મમર્યાદાનો ભંગ કરી પ્રિતીભોજન કરી બ્રધરહુડમાં આનંદ, અને માન-પરમાત્માની ઓળખાણ અને પ્રેમ ભક્તિમાં શૂન્યતા-સનાતની બોધક સંતો ઉપર અવિશ્વાસ-સત્ય ધર્મશિક્ષણની ખામી-સનાતનમાર્ગિ આચાર્યોમાં માંહોમાંહે વિખવાદ-વૈર, તેજ દ્વેષ, અને છિદ્રાન્વેષણ-મતાભિમાની પ્રજાઓમાં મારામારી-પરધર્મિ જનોના વિચારોનુ દિગ્દર્શન કરવાની સ્વેચ્છા-વિષય ભરેલી, પ્રપંચ ભરેલી, દંભ ભરેલી, સ્વાર્થતા ભરેલી, મિથ્યાભિમાન ભરેલી ઇત્યાદિ અનેક દુર્વાસનાઓથી દેહના માનમાં, દેહની કીર્તિમાં લાખો ધન લુંટાવી દેવામાં મહત્વ-અને આંધળાં, લુલાં, લંગડાં, બહેરાં બોબડાં આદિ અપંગ જનોના રક્ષણમાં કૃપણતા-ધર્માલયો, દેવાલયો, પાણીની પરબો કે અન્નક્ષેત્રો બાંધવામાં ઉદાસીનતા સાથે નિષ્ઠુર વચનોનો પ્રહાર કરવામાં કુશળતા વાપરી પોતાની કંજુસ બુદ્ધિને છુપાવી દક્ષ ગણાવવાનો ડોળ કરનારૂં ચાતુર્ય-પરમાર્થમાં પોચા અને સ્વા-

ર્થમાં લોચેલોચા—ભક્તિની મર્યાદાએ ઇશ્વરસ્તવન કરવામાં લાજ—અને દારૂ, માંસ, અને હોટેલમાં બોટલ ઊડાવતાં બેશરમ-પાઇની કમાઇ નહિં, અને ઘડીની નવરાશ નહિં સત્સંગ ઉપર ધિક્કાર—અને હવા ખાવામાં હોંશિઆર—મોહ, વિષય, અને શૃંગારનાં ભરેલાં ન્હોવેલોમાં આસક્તિ—અને સ્વધર્મ ભક્તિ, જ્ઞાનના સદ્બોધક તરણ તારણ ગ્રંથોમાં વૈમનસ્ય—બાલલગ્નથી થતી હાની બતાવવાને હોંશિયાર—અને યોગ્ય ઊમર થયા છતાં કન્યાઓને ન પરણાવી શાસ્ત્ર મર્યાદાનો ભંગ કરી થતાં ઘોર પાપો અને દુરાચારને છુપાં રાખવાની ગોઠવણી—એક બાજુએ સ્ત્રીઓને ગુલામ તરીકે ગણવાનો અને રાખવાનો દુષ્ટ રિવાજ—ત્યારે બીજી બાજુએ સ્ત્રીઓને અતિ અપરિચીત ગમે ત્યાં જવા આવવાનો છુટનો દેખાવ તથા ત્રીજી બાજુએ સ્ત્રીઓને ધર્મશિક્ષણથી વિમુખ રાખી સ્તોત્ર, પાઠ, ગીતા, પૂજા, જાપ, ધ્યાન, ઇત્યાદિક સ્વધર્મબળવૃદ્ધિના અને ઉદાર ચરિત્રના જ્ઞાનવાંચન ભાગથી વિમુખ રાખી, તથા વૈરાગ્ય વિવેક આદિ સાધન સંપન્નતાથી વિમુખ રાખી, પોતાના આત્મારૂપી પરમાત્માના જ્ઞાનને જાણવાને સંતના સમાગમથી વિમુખ રાખી, માત્ર દેવાલયે દેવાલયે અજ્ઞાનતાથી દોડતી જાણે પ્રભુ એકજ જગોએ છુપાઈ રહ્યા હોય એવાજ ભાવથી સર્વત્ર **વ્યાપક** ભાવનો સમૂળો બોળાયો જાણતી—વિષયબળને ઊછેરતી, પરપુરૂષમાં રત રહેતી, નીચમાં નીચ આવરણોથી ઢંકાતી, ધન ધુતારા અને વિષય લંપટની જાળમાં ગુંચવાતી, પોતાના પતિવ્રતાના પરમ ધર્મને પાતાળે ઘાલતી, માતા પીતા ના શ્વસુરપક્ષને ખોબ લગાડતી આ કુલાંગાર કપટ ચરિત્રથી દર્શાતી નટડીનો વિચિત્ર દેખાવ—જુદા જુદા વેષો, જુદા જુદા દેખાવો, જુદા જુદા વિચારો અને જુદા જુદા પ્રકારનાં કર્તવ્યો કે જેનો લખવાથી પાર આવે એવો નથી. એવો આશ્ચર્યકારક વિપરીત દેખાવ, અતિ દિલગીરી દર્શાવી રહ્યો છે. આ વાત સજ્જન, વિવેકી, વિદ્વાન વર્ગની જાણબાહાર નથી. આવી આવી અધમતાભરેલી વર્ત્તણુંકનાં કર્મરૂપ વૃક્ષોનાં ફળ કેવાં આવે છે અને તે ફળોના સ્વાદ આ પ્રજા કેવા વિચારે ચાખે છે. તે ચાખનારની દૃષ્ટિ બહાર નથી !!! "**પાપીઓની પ્રબળતા—અને ધર્મિજનને ધાડ**" આ ચાલતો જમાનો દર્શન આપે છે તે સવજનો પોતાનાં ઊઘાડાં ચક્ષુએ જુએ છે. "**સ્વદેશ**" "**સ્વદેશ**" ની બુમો ઘણીવાર સ્વપ્નામાં સંભળાતી હોય તો પણ તે મિથ્યા પ્રલાપજ છે. સ્વદેશી મંડળમાં—બોલવામાં તો નંબર વન—અને ચાલવામાં એકડા વિનાનાં સો મીંડાંની કિમ્મત—સ્વદેશી કઢી જીભમાં કંઇક સ્વાદ આવતો હોય તો તે જાણે—બાકી બહારની રીતભાત તમામ પરદેશી—કોઇને સંધ્યા કરવાનો કે પૂજા કરી સ્વદેશ સ્વધર્મની સત્ય મર્યાદા શિખવવામાં આગેવાની કરવી નથી. પણ તેઓજ ક્યારે સંધ્યા વંદન કરે છે કે પૂજા પાથરે છે?? કે ધ્યાન જપમાં જોડાય છે?? પોતેજ ધોએલા મૂળા જેવા સાફ—કોરાકટ—ત્યાં તેમનો બકવાદ કોને ગળે ગોવિંદા થાય તેમ છે?? અરે ભાઇ કડવાં વચનો કટુ કરીયાતા જેવાં છે ખરાં અને બોલનારને છેક મૂર્ખ બનાવો. પણ ભાઇઓ તમારી પંડિતાઇ અને વિવેકમાં તો ભસ્મજ ઊડતી દેખું તો !!! સાચા બોલનાર ને તામસી કે ક્રોધી કહેજો—તેમને તિરસ્કાર આપજો. લુચ્ચા, વ્યભિચારી લેખજો. તમારા હિતકર્ત્તાને હણજો—અને કાંઇક રીતે બોધથી પણ જાગૃત કરતા હોય તેમને છેક તળીએ ઘાલી તેમને ખરાબ કેરેકટરવાળા ગણાવી પોતાનાજ પગમાં કુહાડો મારજો. ફીકર નહિં. પોતાનાજ પગ નીચે બળનારી તાપણી પોતાની શિતળતા ઉડાડનારી માની સુખી રહેજો. છતાં બોધક પુરૂષો પોતાની સત્યતા પાતાળમાં પેઠા પેઠા

ગજવશે અને તમારૂં હિત કરશેજ કરશે–હવે ભલે સ્તુતિ કરો કે નિંદો. મારા વ્હાલા બંધુઓ !!! મીઠા બોલા શત્રુજ છે જાણો. શિખા સૂત્રને પનોતી બેઠી છે. સંધ્યાને પાંચ શેર લોટથી ઉજવી નાખી. પુજા પરવારી ગયા. હવે ભારત માતાના લાડકવાયા ચાતુર્વર્ણ્ય પુત્રો કેવાં કેવાં સુખ ભોગવે છે, તે ધ્યાન બારણે છે કે ??? સાડા દોઢ ચોપડી અને સાડા અગીઆ રેકું સાડા અગીઆરો. ભણનારા અને યશ નોટ ના પાસામાં ચોસર ખેલનાર અંગ્રેજી ૫૨-દુષી કવિ–સંસ્કૃતનો બોંટો પણ દૃષ્ટિ બહાર છે એવા વિદ્વાનો **મૂર્તિપૂજા જડ છે તેને માનનારા સનાતનીઓ આંધળા છે.** કહી ગર્જના કરે ત્યારે તે બોલનારની બુદ્ધિનો વિચાર ન કરનારા ઉતાવળીઆ સનાતનીઓ શાસ્ત્રાર્થનો વાદ કરવા આગળ આવે. પણ નથી જાણતા કે કોની સાથે વાદ કરવો ??? "**ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી**" ક્યાં સનાતન વૈદિક ધર્મ અને ક્યાં પચાસ વરસુડીનો મન મંતવ્યનો દેશની અવનતિને ઉછેરનાર આ જડ દૃષ્ટિનો મિથ્યા પ્રલાપ !!! અને ગપગોળો !!! શાને ગભરાણા !!! અરે ઓ સનાતની ભાઇઓ !!! એ તમારી અવનતિ ઇચ્છનાર–તમને અવળે માર્ગે દોરનાર કોણ છે ?? તમો ઓળખો છો ?? વેદ પ્રમાણ રૂપ મૂર્તિપૂજા, સંત સેવા, ધર્મ વ્યવહાર, ભક્તિ જ્ઞાન મય જીવનનો સમુળો વિનાશ કરનારા આગળના વખતમાં અસુરોજ હતા. તે ભુલી ગયા કે ?? પણ તેમને અસુર એટલે રાક્ષસ નહિં. પણ સત્વ ગુણી વર્ત્તનવાળા સુર–અને રજો તમો ગુણી વર્ત્તનવાળા અસુર–એમ માનવામાં હાની નથીજ નથી. ત્યારે તમારા આ ભાઇઓ રજો તમો ગુણી કેમ બન્યા ??? તેનું કારણ તમો સનાતનીજ છો. પૂર્વકાળમાં તમોએ જે જે કર્મ કર્યાં તે તે કર્મોનાં ફળ તમને અત્યારે આ રૂપે પ્રાપ્ત થાય છે એ વાત સત્યજ માનશો અને હજુ પણ સત્ત્વ ગુણ વૃત્તિથી કર્મ કરશો નહીં ત્યાં સુધી તેવાં તેવાં કર્મનાં ફળ તમારેજ ભોગવવાનાં છે એ પણ ચોક્કસ સમજજો. હજુ સનાતની બંધુઓ !!! પ્રતિપક્ષી ન બનો. વાદી પ્રતિવાદી ન બનો. તમો જાતે પોતે સનાતન ધર્મ શાસ્ત્રોના અભ્યાસ પૂર્વક પોતાનું સત્વ ગુણી વર્તન મુકો અને તમારા સ્વધર્મિ ભ્રાતૃઓને તેમ વર્ત્તનમાં મુકતાં શિખવો. તમો નિત્ય કર્મ કરો અને સત્વ ગુણી વૃત્તિ ધારણ કરો. અને તમારા સ્વધર્મિ બંધુઓને નિત્ય કર્મ કરવા સમજાવી સત્વ ગુણના કાર્યોની વૃદ્ધિ ઇચ્છો. આવાં આવાં સત્કર્મો કરો એટલે પછી આંબાનાં વૃક્ષ રોપી કાંટા ખાવા પડનાર નથી. તમારા કર્મનાં સારાં ફળ પણ તમારે ભોગવવાનાં છે. શાસ્ત્ર મર્યાદાના વેદ વિધીના મહાન્ **યજ્ઞો** બંધ થયા. અને હજુ કંઇક થતા હશે તો ઉકરડાના મોટા ઢગલા ઉપર ઝીણામાં ઝીણી અભિષેકની અવિચ્છિન્ન ધારા–ઉકરડાને કેમજ તાણી નાખશે. વેદ વિધિના યજ્ઞો બંધ થયા. અને મન મંતવ્ય રૂપ કુતર્ક ઉપનિષદ્‌ની વૈખરી શ્રુતિઓના અનુવાદ પૂર્વક અવિધીના સ્વાહાકારના યજ્ઞો–ના ઠામ ઠામ ધુમાડાના ગોટે-ગોટા ભારત ભૂમિના પુત્રોની આંખોમાં ધુસી કેવા અંધ બનાવ્યા છે ??? હવે આંખો ચોળે પાર આવવાનો નથી. એક વાર જોઇ ખાત્રી કરો કે અવિધિ કેટલી–અને વેદ વિધિ કેટલી ?? તે ઉપર તોલ બાંધી પછી તેમાં સુધારો કરો તો તો ઠીક. નહિં તો પછી જો જો સુધારાને બદલે કુધારાઓ પ્રવેશ પામી ન જાય !!! બ્રહ્મચર્યાશ્રમ રજવાયો. ગૃહસ્થાશ્રમ અટવાયો. વાન પ્રસ્થાશ્રમ ભચકાયો. અને સંન્યાસ્તાશ્રમ લજવાયો. ઢોંગી ધુતારાનો પ્રવેશ અને સાચાનું સત્યાનાશ મહાત્મા ગણાવાને–"**ભાગ્યાનો ભીરૂ ગોપીચંદન કે ગેરૂ**"

જે હોય તે તૈયાર—ના જાણી જાત કે ના જાણી ભાત—ના જાણ્યો લુવાણો કે ના જાણ્યો બ્રાહ્મણ—ભગવાં પહેર્યાં કે અંધ શ્રદ્ધાના બ્રાહ્મણોએ સંન્યાસી માન્યો. આંધળો કે દેખતો પણ કોઇ તપાસતું નથી. અને આ બ્રાહ્મણોના ચોકામાં જમવા તૈયારજ !!! આવી શ્રદ્ધા—નિંદાય તેમાં શું નવાઈ !!! સંન્યાસીને કનક કાન્તાનો ત્યાગ તે સંન્યાસી સોનાનાં આભૂષણ પહેરે અને સાથે દેવીઓને ફેરવે વાહરે મારા કલિયુગભાઇ !!! બિચારા અંધશ્રદ્ધાળુઓનાં હૃદય પણ શલ્યકારજ—ઢોંગીઓ પ્રપંચ યુક્તિમાં કાવ્યા બોલવામાં વાક્પટુતા વાપરી ધન લુટી ચાલ્યા અને વળી એક બે ચેલીયો ચપાટીયા ચુંથતા ચાલ્યા. પછી જાગતા હોય તો તે પણ નકામા—અને સાચા હોય તે પણ ઢોંગીજ—કેમકે સાચા અને સત્ય માર્ગે જનારા પણ એવાજ ગણાય. કારણ પરીક્ષા શુ ?? બ્રહ્મ વિદ્યાના ગુપ્ત મર્મોના અજાણ્યા જનો—જીવન્મુક્ત સંતને શી રીતે ઓળખે ?? એતો બહારના વેષને જોઇ ઓળખવાવાળા છે. સાધુ જનોએ સાધુતા બાજુને બાવન લાખની ગણત્રી કરાવી તો કરાવી પણ કાયદાઓ ઘડાવ્યા. અલ્યા સાધુ જનો !!! હવે તો જાગો !! તમારા દેશને જુઓ તમારા વેદ શાસ્ત્રને જુઓ. તમારા પુરાણોને દૃષ્ટિ નીચે કાઢો કે હજુ ઉંઘવું છે ?? કે હજુ પણ લાતો ખાવી છે ?? કે હજુ પણ કઠોર વચનો સહન કરવાં છે ?? અરે !!! આ બધી બાબતોમાંથી મુખ્ય મુખ્ય લખી છે આ ઉપરથી વિચાર કરો કે દેશની અને ધર્મની ઉન્નતિમાં આ શ્રેષ્ઠ કર્મ છે કે નેષ્ટ કર્મ છે ?? તેનો વિચાર કરો. રોગોનું બળ કેમ વધ્યું ?? કોણ જવાબ આપશે?? સાચું બોલનારો શત્રુ !? પણ જેમ થાય તેમ ખરી. સાચોજ જવાબ સમજાવવો ઘટિત છે. અતિ વિષયી પ્રજાના સહવાસથી રજો તમોગુણની વૃદ્ધિ થતાં આ સત્વગુણી ભારતવર્ષની સાત્વિક પ્રજા મિથ્યા દેશાભિમાનના શિખર ઉપર ચઢી, વિષયવાસનામાં ફસાઈ, ક્રૂર કર્મની ભાગી બની. બ્રહ્મચર્ય અને તપનું સત્યાનાશ વાળ્યું. મગજ ખરાબ થયાં, શરીર નિર્માલ્ય થયાં. પછી **भोगे रोग भयं** શાસ્ત્ર સિદ્ધાન્ત દૃષ્ટિમાં આવ્યો. **"ઈશ્વર ભક્તિનો દાટ વળ્યો"** હવે **જ્ઞાનની** તો આશાજ શું ??? એક બાજુએ જેવાં કર્મ તેવાંજ ફળ—અને બીજી બાજુએ ઈશ્વરનો પ્રકોપ—હવે ચોતરફથી દાવાનળનો પરિતાપ—અહો !! મારી વ્હાલી માતા **ભારતભૂમી !!!** તું યોગી લોકોને રહેવાના સ્થાનરૂપ—તાપસી લોકોને તપશ્ચર્યા કરવાના પવિત્ર સ્થાનરૂપ—સાત્વિક જનોને શીતલતાના સ્થાનરૂપ—જ્ઞાનીજનોને જીવન્મુક્તતાના સ્થાનરૂપ—તરણ તારણ પવિત્ર ગંગા, યમુના, નર્મદા, ગોદાવરી આદિ તીર્થોના નિવાસરૂપ—આ તારા ઉદરમાં ઉત્પન્ન થયેલા—માતાના વચનોને તિરસ્કાર આપનારા—તારા કૃતઘ્ની પુત્રોને માફ કરી પુનઃ એક વખત તારી માતૃવાત્સલ્ય ભાવનાથી તેને ખોળામાં બેસાડી સનાતન ધર્મની શુદ્ધિરૂપ પયપાન કરાવ કરાવ. હે માતા !! **"कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति"** પુરાણો તરફ પ્રેમભરી સત્ય દૃષ્ટિથી જોતાં જણાય છે કે, રજો તમોગુણી આસુરી સંપત્તિ વાળા રાવણાદિ રાક્ષસોએ જ્યારે, પોતાની આસુરી મતિથી આસુરી રાજ્ય સ્થાપન કર્યું, અને સનાતન ધર્મને નસાડયો. ત્યારે આખરની સ્થિતિએ—દેવો, ઋષિઓ અને મુનિઓએ—પોતાના અભિમાનનો ત્યાગ કરી પરમાત્માની સહાયતા માગી છે. તેમ હે સનાતની બંધુઓ !!! હવે તમારા ઉપર તમારી બુદ્ધિના ઉપર તમારા બાળકોના ઉપર—રજો તમોગુણી આસુરી સંપત્તિઓ જેવી કે કામ, ક્રોધ, મોહ, લોભ, દંભ, પાખંડ, મદ મત્સર, મિથ્યાભિમાન, અધર્મ, અન્યાય, અશ્રદ્ધા, અભક્તિ, આદિ અન્ય બીજા પ્રકારની સંપત્તિઓએ પોતાનું બળ

અજમાવવાનો આરંભ કીધો છે તો હવે તમે નિરભિમાન થાઓ--અને આ ગ્રંથમાં વર્ણવેલી વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણુની એકમરસ ભાવનાએ--ૐકાર પરમાત્માનું જે વર્ણન કર્યું છે--તે પરમાત્માને તેવીજ રીતે સગુણ નિર્ગુણની સમાનતામાં, પંચાયતનની અભેદતામાં ઓળખો અને પછી પાછળ બતાવેલી દુર્બલ બુદ્ધિના અવનતી ભરેલા વિચારોને તિલાંજલી આપી, તેના બરાબર વેદ શ્રદ્ધાપૂર્વક **ઉપાસના** કરો. અને અન્ આસ્થાનો ત્યાગ કરી પ્રભુને ઉપાસો. તો તે ઉપાસવાથી પ્રભુ પ્રસન્ન થઇ તમારા ઉપર આવતાં વાદળોનો વિધ્વંસ કરી. પડેલાં વાદળોને પોતાની સ્વસત્તાથી વિખેરી નાંખશે--તે પ્રભુ ગમે તેમ કરવાને સમર્થ છે--તમારા અબજ સંખ્યાના હાથો અને તેની એક કૃપા કટાક્ષ દૃષ્ટિજ બસ છે. એમ સત્ય સમજથી આ ગુર્જર ભૂમિકાના--સનાતની બંધુઓને **સનાતન વૈદિક ધર્મની** સત્ય મર્યાદાથી જાગૃત કરવા આ પ્રભુકૃપાનો પ્રયાસ દેખાય છે. તો તે પ્રયાસને સફળ કરવા ચાતુર્વર્ણ્ય બંધુઓ, શાસ્ત્રસિદ્ધ વિચારોથી પરમાત્માને અભેદ રૂપે જાણીને ઉપાસના કરશે--એજ સફળ હેતુ છે.

भिषाऽस्माद्वातः पवते अने भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।

भयादिन्द्रश्च वायुश्च मृत्यु र्धावति पंचमः । कठ उ० २ वल्ली.


આદિ શ્રુતિઓ એમ સમજાવે છે કે તે પરમાત્માની આજ્ઞાથીજ પવન વાય છે—તેની આજ્ઞાથીજ સૂર્ય ઉદય થાય છે. પરમાત્માનીજ આજ્ઞાથી અગ્નિ, વરુણ, વાયુ, ઇન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર ઇત્યાદિ દેવો જગતના કલ્યાણાર્થ કર્મમાં પ્રવૃત્ત થાય છે. એમ શ્રુતિઓનો મર્મ છે. તે વાત હે ભારતવાસી પવિત્ર સજ્જનો!! તમારી દૃષ્ટિ બહાર કેમ રહે છે ??? તમો જાણો છો કે **कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाच न** ।। આપણો મુમુક્ષુ જનોનો તો કર્મોને વિષેજ અધિકાર છે. ફલની અપેક્ષામાં આપણો અધિકાર નથી. છતાં ફલ ભોગવવાની અપેક્ષાએ માત્ર કર્મના અધિકાર અને યુક્તિના ગુપ્ત મર્મનો ત્યાગ કરી **પુરૂષાર્થ** રૂપ **અહં** અભિમાનવાળી વૃત્તિથી પરમેશ્વરની આજ્ઞાનુ અપમાન કરો છો એ વ્યાજબી છે ??? અહં વૃત્તિથી **પુરૂષાર્થ** કરી ફળ મેળવવાની અપેક્ષાએજ આ ભારત વર્ષ અત્યાર સુધી નિચે ઉતરતોજ ચાલ્યા કર્યો છે, અને તે એટલે સુધી બગડતો બગડતો ચાલ્યો છે કે—ધર્મ ગયો, કર્મ ગયાં, સાધનસંપન્નતા ગઇ, વિવેક ગયો, સત્વગુણી મર્યાદા ગઇ, નીતિ ગઇ, વિનય ગયો, નમ્રતા ગઇ, પવિત્રતા ગઇ, વર્ણાશ્રમ ડુબ્યો, સંપ ગયો, શાન્તિ ગઇ, પરમ પ્રેમાસ્પદ ભક્તિ ગઇ. **જ્ઞાન તો "સમૂળે ન વિનશ્યતિ"** હવે સિદ્ધાન્ત ભૂમિ ઉપર ઉભા રહ્યા વિના પ્રભુની સ્હાયતા કેમજ મળશે ??? હજુ નિરભિમાન બનીને નિષ્કર્મ કર્મ કરો. હજુ "વડીયો પાપડ વંહી ગયાં નથી." બાજુ બદલો. નિરભિમાની બની પ્રભુ ભક્તિના રસમાં બ્રહ્મચર્યાદિકનું સારૂં સેવન કરતા **તપનો** આરંભ કરો. આ બધા પચીડાંમતીડાંના ઘોંઘાટને વિખેરવા માટે **સનાતન વૈદિક ધર્મ** મર્યાદાને માન્ય કરી તે પ્રમાણે વર્ણાશ્રમ ધર્મ ચલાવવા તત્પર થાઓ, અને ૐકાર સ્વરૂપ પંચાયતન સમર સતાના સિદ્ધાન્તે પ્રભુ ભક્તિમાં પ્રવેશ કરી સર્વ આત્મા પરમાત્માને એક અને અદ્વિતીય જાણી આરૂઢ બનો. જુઓ પ્રભુની આજ્ઞામાં આ બ્રહ્માંડ છે તેથીજ તેને બ્રહ્માંડાધિપતિ કહેવાય છે માટે તેમ કરો તો તે તમારે માટે દોડશેજ દોડશેજ. **"ભગવાનને ભક્ત વ્હાલા છે"** પણ ક્યારે ?? કે ભક્ત જન વૈદિક વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે પોતાનું સાત્વિક

વર્ત્તન રાખી કેવળ પ્રભુનું **આત્મનિવેદનભક્તિથી** શરણ ગ્રહણ કરી કેવળ નિરભિમાન બની સર્વાત્મા પરમાત્મા રૂપે ઐક્યતા ધારણ કરી દેહ મોહને તપશ્ચર્યાથી બાળી જો પ્રભુ સન્મુખ થાય. તોજ ભક્ત જનોનું કાર્ય સરે તેમ છે. **એ વિના બીજો માર્ગ નથા નથી અને નથી** એ નિર્ણય સમજજો. અત્યારે ભારત વર્ષની એકંદર સ્થિતિનો વિચાર કરી એકંદર રીતે જોતાં જણાય છે કે અનેક અનેક પ્રકારના સ્થૂલ બુદ્ધિના વિચારોથી **ધર્મ**ની વ્યાખ્યા પ્રમાણે **અભ્યુદય** કે જેમાં દેશનો અને ધર્મનો સર્વ પ્રકારથી સર્વ બાજુથી સર્વનો ઊદય એવો સમાસ થાય છે તે **અભ્યુદય** જોવો હોય તો તેમાં **અહં** અભિમાનની મર્યાદાવાળી યુક્તિ પ્રયુક્તિનો ત્યાગ કરો. કારણ તમારા "**અહં**" કરતાં–કલિકાળ નૃપતિની સામ્રાજ્ય સત્તા **અહં**ની વિકલ્પ ગતિના પરિપૂર્ણ મર્મને જાણવાવાળી છે. જેમાં તમારી અહં યુક્તિ એક દેશીય હોઇ નિર્બલતા સમજાવે છે કેમકે પરિપૂર્ણ (અવ્યક્ત) **પ્રકૃતિ** તત્વ પર્યંતના મર્મને પાર પામેલો આ રજોતમોગુણી **કલિકાલ**–તમારી દાઢને ગળી થવા દેનાર નથી. ત્યારે તે યુગના ધર્મ ઉપર સંપૂર્ણ સત્તા ચલાવનાર **પતિપતિનાં** આ શ્રુતિસિદ્ધ પરમાત્મા શિવાય અન્ય કોઇ નથી. માટે ડાળ ડાળાં પકડી કુદવાનું છોડી દઇને **મૂળ પુરૂષથી** કૃપા સંપાદન કરવાનો રૂડો યત્ન થશે—તોજ તમે વિજય મેળવી શકવા યોગ્ય ગણાશો, અને નિરભિમાનતાથીજ તમને પ્રભુની સ્હાયતા પણ સારી રીતે સમજાશે અને જેવો જોઇએ તેવો અભ્યુદય દેખાશે.

સનાતની બ્રાહ્મણાદિ ચાતુર્વર્ણ્યને સમજવાને એક સારી તક છે કે જ્યારે સનાતન ધર્મથી અન્ય મતના, અન્ય વિચારના અને અન્ય રીતે સનાતન ધર્મને નિંદવાવાળા દેખાય છે. ત્યારે તો તમારે પોતાના સ્વગૃહને સાચવવાને જાગૃતી રાખવી જોઇએ. તમારી ભડ વેરવાનો પ્રયત્ન નથી. તેમ તમારા સનાતન ધર્મના ચારેઊ આચાર્યોની ખામી બતાવવાનો આ પ્રયત્ન નથી–પણ તમારી સત્ય શ્રેણી અને સ્વધર્મ, કર્મ, ભક્તિ, જ્ઞાન પ્રતિપાદનની વેદોક્ત શાસ્ત્રોક્ત અને પુરાણોક્ત મર્મની યુક્તિઓથી તમને જાગૃત કરવાનોજ આ પ્રયત્ન છે. તમારી અજ્ઞાનતાના પરિણામે તમે ઉંધું સમજીને જીવબુદ્ધિના **અવિદ્યાજનક** એવા વિચારો કરો છો કે– આ **બોધક** આપણું પોગળ ઉઘાડું પાડી લોકોમાં આપણી અને સનાતન ધર્મની ફજેતી કરે છે. પણ ઉદર પોષણાર્થ માત્ર નાભી પુરાણનાં કે વહેમી શાસ્ત્રનાં વચનો અંધ શ્રદ્ધાળુ પ્રજા આગળ હવે નભી શકનાર નથી. એ તમો બરાબર યાદ રાખજો કેમકે તમારા સામા ઢાલ તલવારોવાળા રજો તમોગુણી બંધુઓએ સનાતન ધર્મનો સમૂળો શિરચ્છેદ કરવા ધાર્યો છે. ત્યાં તમો ખાલી હાથે મિથ્યાની, પાછળ પાછળ **અમો સનાતની–અમો સનાતની** એવી બુમો મારો છો તેથી તે ગભરાવાના નથી. અને પાછા પણ હઠવાના નથી. માટે તમારાં વેદોક્ત–પુરાણોક્ત સિદ્ધાન્તરૂપ શાસ્ત્રોનો હવે કાટ ઉતારી બરાબર જાગૃતીથી તે ધારણ કરવાની હોંસને ખાતર તમને આ સદ્બોધામૃતનું પાન કરાવવા નિશ્ચય ધારેલો છે. **સનાતની બોધકો સનાતની બંધુઓના કદાપિ શત્રુ હોયજ નહીં.** પણ તમોએ સનાતની નામ ધરાવી જે નિર્બલતાને હૃદય દેશમાં નિવાસ આપ્યો છે. તે નિર્બલતાનો સત્વર ત્યાગ કરો, અને સનાતની બોધક પોતાનાજ જાણી તેમના ઉપરનો અભાવ છોડી શ્રવણ કરી જાગૃત થાઓ. અને ગંભીરતાથી સનાતન ધર્મનો ઉચ્છેદ થતો બચાવવા, સ્વધર્મી ભ્રાતૃઓમાં સત્ય વાત

સમજાવી પોતાથી થયેલી ભૂલોનો પસ્તાવો કરી કરાવી તેમને પણ સત્ય વાતથી જાગૃત કરો. બોધક સંતપુરૂષો-કોઇપણ પ્રકારના આગ્રહી વાડાના બકરા બન્યા નથી. તેઓ સનાતની નિષ્પક્ષપાતી સિદ્ધ છે એમ સત્યજ જાણો. પછી તમારૂં પ્રારબ્ધ ! ! ! માટે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર બન્ધુજનો, તમારા અતિ પ્રાચીન સનાતની ધર્મની તિજોરી તમો એકત્ર થઇને ખોળશો તો તેમાં અપાર સમૃદ્ધિ તમારે હાથ લાગશે ને અનેક નાનાસરખા ખાનામાં જે ફાટીયાં સેરેનો મોહ તમને લાગ્યો છે તે હવામાં ઉડી જશે, તમો ખરૂં તત્ત્વ જાણશો, અનેક પેઢીનો ખજાનો તમને પુનઃ પ્રાપ્ત થશે, તે તમો આનંદથી વાપરતાં તમારા મોક્ષનુ સાધન થઇ પડશે. અને ત્યારેજ આ પુસ્તક વાંચવાની સાર્થકતા થશે. તમારો જય ને તમારૂં **શ્રેય** એમાંજ છે એમ નક્કી માનજો.

ૐ ૐ ૐ **શાન્તિ:**



॥ ब्रह्मविद्वरिष्ठ महात्मा श्री सद्‌गुरु ब्र. ब्र. श्रीमन् पूर्णानन्द स्वरूप महाराज ॥

लुणावाडा.

ॐ श्रीमन्महागणाधिपतये नमोनमः ॥ १ ॥

ॐ

શ્રીશ્રૌત સ્માર્ત્ત પ્રતિપાદિત સનાતન વૈદિક ધર્મના અસ્ખલિત
સિદ્ધાન્તોનો અપૂર્વ અદ્વિતીય વિદ્યા વારિધી–તથા વેદ
વિહિત સનાતન ધર્મ કલ્પતરૂ—

(सगुण निर्गुण अभेदात्मक)

ॐकार ब्रह्म–उपासना

અને

मूर्तिपूजा

(પંચાયતન પાદક્રમ અભેદ યોગ.)

॥ मंगलाचरणः ॥

नमस्तस्मै गणेशाय ब्रह्मविद्या प्रदायिने
यस्यागस्त्यायते नाम विघ्नसागर शोषणे ॥ १ ॥

यं ब्रह्म वेदान्तविदो वदन्ति
परं प्रधानं पुरुषं तथान्ये
विश्वोद्गतेः कारणमीश्वरं वा
तस्मै नमो विघ्न विनाशनाय ॥ १ ॥

सर्वे वेदा यत्पदमामनन्ति । तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति । तत्ते पदं सङ्ग्रहेण ब्रवीमि ॐ (ॐ)

॥ प्रथम पाद ॥

किरण १ लुं.

" मोह एव महामृत्यु र्मुमुक्षो र्वपुरादिषु ।
मोहो विनिर्जितो येन समुक्ति पदमर्हति ॥

जगत्–આ શબ્દ **गच्छतीति** ભાવથી સિદ્ધ છે. કોઈપણ શબ્દની સિદ્ધિ તેના અર્થની સિદ્ધિથી તેના ખરા ભાવનું અને સત્તાથી સ્થિતિનું સ્વરૂપ દેખાડી આપે છે. આ નિશ્ચયથી "**જગત્**" શબ્દનો અર્થ હમેશાં ઉત્પત્તિ, સ્થિતિ, અને પ્રલયવાળા ભાવથીજ સિદ્ધ છે. અર્થાત **જગત્**–શબ્દાર્થપૂર્વક અને જગત કહેવાતા પદાર્થમાં તેમાંનું કાંઈ પણ અક્ષય કે સત્ય નથી એમ સ્પષ્ટ સૂચન થાય છે એવો એક અર્થ થાય છે. "**જગત્**" શબ્દ "**સમૂહ**" ના ભાનથી સમજાઈ રહ્યા છે. જેમાં મનુષ્યોનો સમૂહ, પશુઓનો સમૂહ, પક્ષીઓનો સમૂહ, ઈત્યાદિ અનેક જીવોનો સમૂહ–તેમ વૃક્ષ, લતા, વેલા, આદિનો સમૂહ, જલ નદી, તલાવ, આદિ જલ સ્થાનોના સમૂહ, અને પાષાણાદિ વસ્તુપદાર્થ નામ માત્રનો સમૂહ આદિ અનેક પ્રકારના દૃશ્યાદૃશ્ય અને નામરૂપવાળા, અનંત શબ્દ પ્રવાહવાળા સમૂહોના ઐક્યત્વને સમજાવનાર આ "**જગત્**" શબ્દ છે. જેમ ઊધો, જુંસરી. નાડી, પૈડાં લઠ્ઠા, છત્રી, બેઠક, પાંજરી વિગેરે અનેક નામવાળા જોડાતા પદાર્થ (લાકડા) નો સર્વના ઐક્યત્વથી સમૂહ ઐક્યતારૂપ નામ તે "**ગાડું**" અથવા "**રથ**" છે તેમજ આ જગત્ છે. તથા જેમ હિંદુ, જૈન, પારસી, મુસલમાન. યાહુદી, ખ્રીસ્તી, વિગેરે ઘણી જાતના માણસોના ઐક્ય સમૂહને "**મંડળ**" "**સોસાયટી**" "**સભા**" વિગેરે નામથી બોલાવાય છે તેમજ અનેક પદાર્થમય ઐક્ય ભાવને "**જગત્**" એમ કહેવામાં આવે છે. આ જગત ને જગત્, સંસાર, વિશ્વ, **બ્રહ્માંડ** આદિ નામથી કહેવાનો શાસ્ત્રભાવ વ્યવહારમાં પ્રસિદ્ધજ છે.

જગત્ શબ્દનો શબ્દાર્થ અને તેનું સ્વરૂપ.

વળી અનેક પદાર્થો તથા તેઓનાં અનેક **લક્ષણો** જે આપણી દૃષ્ટિએ વ્યક્ત થાય છે, જણાય છે, તથા આપણી વિચાર શક્તિએ સમજાય છે એ પ્રથક્ પ્રથક્ માટે એક શાસ્ત્રીય શબ્દ **व्यक्ति** છે **એ** સર્વ વ્યક્તિઓનો સમૂહ તેજ આ **जगत्** છે.

આ દૃષ્ટિગોચરભાવવાળી એક સંધિમાં **એક** જગત કહેવાય છે. પણ શાસ્ત્રદૃષ્ટિથી આવાં અનેક બ્રહ્માંડો છે અને તે સર્વ બ્રહ્માંડો જેમ આકાશના મહાન્ સ્વરૂપમાં અનંત તારાઓનાં બ્રહ્માંડો દીપી રહ્યાં છે તથા જેમ જળનિધિ (સમુદ્ર) માં અનેક તરંગો, પરપોટા દેખાઇ રહ્યા છે. તેમ એકજ પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ ૐ પ્રભુના મહાન્ (લંબ) ઉદર યોગ સ્વરૂપમા આવાં અનંત બ્રહ્માંડોનો સમાવેશ તત સ્વરૂપથીજ છે. એમ શાસ્ત્રદૃષ્ટિથી સિદ્ધ સમજાતાં પરમાત્મા પરબ્રહ્મને "**અનંતકોટી બ્રહ્માંડાધિપતિ**" કહેવાય છે. એટલે કલ્પિત ઉત્પત્તિ, સ્થિતિ, અને લય તેમાંજ સમાતા તત સ્વરૂપાત્મક સિદ્ધ અનંત બ્રહ્માંડોનો વિશેષ કરીને તે **નાયક** છે.

હવે બીજા અર્થથી અનેક પદાર્થની વ્યક્તિનુ સમૂહ રૂપ એક નામ તેજ "**જગત**" છે. જેથી પદાર્થ આદિની સ્થિતિ ઉપરથી જગત નું સ્વરૂપ પણ તેવુંજ ગણાય છે. કેમકે "જગત્" નામનો કોઇ પદાર્થ અસ્તિત્વ ધરાવતો નથીજ. પણ અનેક પ્રકારના પદાર્થોનું સામ્રાજ્યત્વ, ઐક્યત્વ, તે **જગત** શબ્દથી ઓળખાવે છે. પદાર્થો વારવાર રૂપાંતર ભાવથી લયવિલય રૂપ જતા અને થતા એમ સ્પષ્ટ જણાયાથી અથવા સમજાયાથી સામાન્ય બુદ્ધિના અશાસ્ત્રીય વિચારના જનો "**જગત્**" એવા શબ્દમાં ઉત્પત્તિ, પ્રલય કલ્પે છે ખરા. પણ અર્થનો સ્પષ્ટ અને વાસ્તવિક વિચાર કીધા વિના, તેમ સદ્ગુરૂ સંતપુરૂષદ્વારા તેના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના, એવી કલ્પના સત્ય નથીજ નથી. અર્થાત્ તેવા માણસોનો બોલવાનો કે સમજવાનો ભાવ વિદ્વાનોને માન્ય નથી એવો શાસ્ત્ર નિર્ણય છે.

અનેક જાતના માણસો અને તેમના સહવાસી ખપમાં લાગતા પશુ, પક્ષીઓ આદિના એક રહેઠાણને જેમ ગામ, પુર, નગર આદિ કહેવામાં આવે છે તેમ ઘણા પ્રાંતોનો દેશ અથવા ઘણા દેશોનો જેમ ખંડ કહેવામાં આવે છે એમ ઘણા ખંડો મળીને એક "**જગત્**" કે બ્રહ્માંડ કહેવાય છે. આ પૃથ્વી પાણી વિગેરેની ઐક્યતાનો સમૂહ વાચકભાવ થાય છે.

જ્યારે આ "**જગત્**" એવા સમૂહવાચક નામવડે કહેવાતા શબ્દથી કોઇ પદાર્થ તો નથીજ નથી. ત્યારે દરેક પદાર્થની વ્યક્તિઓના સમૂહને માટે આ શબ્દ વપરાય છે શાસ્ત્રીય શબ્દોમાં કહીએ તો જગત્ એટલે કર્મ વ્યક્તિની પરંપરા અથવા તો **કર્મ** એટલોજ અર્થ થઇ શકે. કેમકે જગત્ના સ્વરૂપથી માત્ર ક્રિયાજ દૃશ્યમાન છે. શ્વેતાશ્વતરમાં કહ્યુ છે કે, **સ્વાભાવિકી જ્ઞાન બલ ક્રિયાચ ॥** પરબ્રહ્મ પરમાત્માની અદ્‌ભૂત અને અકલિત બ્રહ્મશક્તિ અનુક્રમે **સ્વાભાવિકી, જ્ઞાન, બલ,** અને **ક્રિયા** રૂપથી કેવલ કર્મના સ્થુલ રૂપે પ્રગટી

રહી હોય એમ સમજાય ત્યારે તેને **જગત્** અથવા શરીર એવી સંજ્ઞાથી કહેવાય છે. કર્મ વસ્તુ સિદ્ધ સ્વરૂપથી **"બલ"** સ્વરૂપ છે. કેમકે **"બલ"** નું પરિણામજ કર્મ છે. તથા બલ એ વસ્તુ સિદ્ધ સ્વરૂપથી **"જ્ઞાન"** છે. તથા જ્ઞાન એ પરમાત્માની કોઈ અવ્યક્ત (ગુપ્તા) શક્તિરૂપ પરિણામ છે. જેને **"સ્વાભાવિકી"** નામથી 'ઉપનિષદો વર્ણવે છે. આ સ્વાભાવિકી પણ પરમાત્મા પરબ્રહ્મ સ્વરૂપથી અભિન્ન જલ છાયાવત્ હોઇને તેમાંજ લયરૂપે વર્ણવાય છે. આમ જગત્ શબ્દનો શાસ્ત્રીય અર્થ વિચારતાં પરમાત્માને વિશે અભિન્ન અને ગુપ્ત લય ભાવવાળી પરમાત્મશક્તિનો અલૌકિક ચમત્કારજ માત્ર નિર્વિકલ્પ જેવો સ્પષ્ટ સમજાય છે અને તે કર્મ પર્યંત ઉતરી આવતાં કેવળ સ્થૂલરૂપ દર્શનથી આ જગત માત્ર કર્મ સ્વરૂપે સ્થૂલ દૃષ્ટિરૂપ છે એમ શાસ્ત્રનો મત છે. અર્થાત્ શાસ્ત્રદૃષ્ટિએ જેને પરમાત્મા અભિન્નશક્તિ કહેવાય છે તેને અવિચાર રૂપ અશાસ્ત્રીય વિચારથી **જગત્** એમ કહેવાય છે.

જગત્ શબ્દ સમૂહવાચક કલ્પિત શબ્દ છે. ખરેખર તે કલ્પનાજ છે. આ દૃષ્ટિ સિદ્ધ દૃશ્યભાવનારૂપ દેખાતીજ બાહ્યદર્શનની ભાવનારૂપ છે એટલે અનેક વ્યક્તિઓવાળી વસ્તુઓ વા પદાર્થો જેમાંની આ દૃશ્ય બાહ્ય દર્શનરૂપ સ્થૂલત્વની ભાવના છે. પણ આ અનેક વ્યક્તિઓવાળા પદાર્થો વા વસ્તુઓના સમૂહની સાથે (જગત્) નો દૃશ્યભાવ અધિષ્ઠાનમાં અધ્યસ્ત રૂપે તથા જે સત્ય સ્વરૂપ પરમાત્મામાં કલ્પના માત્ર સ્વરૂપે **રજ્જુસર્પવત્** વિવર્ત્તથી કલ્પાય છે. તે **"અનંતકોટી બ્રહ્માંડાધિપતિ"** પરબ્રહ્મ પરમાત્મા તે કલ્પિત દૃશ્યભાવમાં સ્વયં પ્રકાશત્વ સ્વરૂપથી એક અને અદ્વૈત સ્વરૂપે–અને તે પછી વ્યાપક વ્યાપ્યભાવ સંબંધની ઐક્યતાએ–વ્યાપ્તમાન થઈ રહ્યો છે, કે જે દેહી અને દેહરૂપે જણાતાં પણ પોતેજ છે. આ એક અપરિમિત અલૌકિક દૃષ્ટિ અગમ્ય છે. અને તેજ પરમાત્મતત્વ અનેકાત્મ સ્વરૂપે પ્રકાશમાન થતાં પણ જેમ છે તેમનું તેમજ છે. એટલુંજ નહીં પણ અંતરદર્શનથી અને બાહ્ય દર્શનથી પણ તે પોતેજ છે છતાં ક્ષુલ્લક બુદ્ધિના, ક્ષુલ્લક વિચારના સ્થૂલ ગતિના, અબોધી, કર્મ, ઉપાસનાથી હીન બાહ્યદર્શનનાજ અભ્યાસીજનો–તેનેજ સ્થૂલ દૃષ્ટિએ જગત્ રૂપે જોઈ રહ્યા છે. આ એક નવનવીન આશ્ચર્યજ છે!!!

જગતદૃષ્ટિ કલ્પનારૂપ છે.

સમૂહવાચક અંતર્ગત પદાર્થો અને સમૂહની વ્યક્તિઓને કલ્પવાનું કોઈ એક સત્ય (સ્થાન) કારણનું પણ કારણ સ્વરૂપ તો હોવુંજ જોઈએ. કેમકે કોઈ એક વસ્તુ સિદ્ધતત્વ ઉપર સત્ય અને અસત્યભાવ કલ્પાય છે. કોઈ એક એવી વસ્તુ સ્વતઃસિધ્ધ છે કે જેના ઉપર અગર જેમાં આ અનંતકોટી

શબ્દ માત્રથી સિદ્ધ–કાર્યરૂપ બ્રહ્માંડોની કલ્પના કલ્પાય છે. કોઇ એક સ્વતઃસિદ્ધ વસ્તુ ઉપરજ કલ્પનાઓ કરવાનો સંભવ છે. કલ્પના જેના ઉપર કલ્પવામાં આવે તે **સ્વતઃપ્રમાણ–સ્વતઃસિદ્ધ**–પરમાત્માજ છે. " **સ્વતઃસિદ્ધ** " સમજવા માટે બે દૃષ્ટિ છે.

૧. **यथार्थ दृष्टि** અથવા અંતરદૃષ્ટિ અથવા આત્મદૃષ્ટિ—

૨. **कल्पित दृष्टि** અથવા બહિરદૃષ્ટિ અથવા દેહ કે જગત દૃષ્ટિ—

જગત કલ્પના જ છે તે સમજવાનાં દૃષ્ટાંન્તો.

જેમ સમુદ્રના કિનારા ઉપર ઊભા રહેલા બે માણસ પૈકીનો એક માણસ માત્ર જળરૂપની અખંડ ભાવનાથી સર્વ પ્રકારથી દૃષ્ટિગોચર થતા વિકારોને જોતો છતા પણ તે " **જળજ** " એમ નિશ્ચય માને છે. તેને યથાર્થદૃષ્ટિ અથવા અતરદૃષ્ટિ અથવા આત્મદૃષ્ટિ કહેવાય છે. ત્યારે બીજો માણસ લેહેરી, તરંગ, પરપોટા, આદિ જળમા દેખાતા જળરૂપ છતાં પણ તેને નામરૂપવાળી કલ્પનાથી કલ્પિત વિકારોના ઉપલક્ષથી તે તે રૂપથીજ જોતો જળની સમૂળી દૃષ્ટિનો વિચાર ન કરતાં વિકારરૂપે અનુભવ કરી રહ્યો છે. તે કલ્પિતદૃષ્ટિ અથવા બહિરદૃષ્ટિ અથવા દેહ કે જગત દૃષ્ટિ છે. આ બંન્ને વિચારો કેળવનારા બંન્ને દૃષ્ટિ ભેદથી સમજી શકયા છે કે જળરૂપે જોનારની દૃષ્ટિ સત્ય છે—અને લેહેરી, તરંગ, પરપોટારૂપે જોનારની દૃષ્ટિ કલ્પિતજ છે. કેમકે તેની વિકારવાળી બુદ્ધિના વિચારો હજુ જળરૂપ સ્વતઃસિદ્ધ જોવાની ટેવ પાડી શકયા નથી; અર્થાત્ સત્ય જોવાને તેની બુદ્ધિ ના લાયક છે. જળ વિના લહેરી, તરંગ, પરપોટા, વિગેરે ક્યાં કલ્પાય ? ? ? જેના ઉપર કલ્પાય છે તે માત્ર " **જળજ** " સ્વતઃસિદ્ધ વસ્તુ છે. એમજ સ્વતઃસિદ્ધ પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ અનેકાનેકથી રહિત તત્ત્વ ઉપરજ આ અનેક બ્રહ્માંડો એવો શબ્દ પ્રભાવ કલ્પાય છે; માટે અનન્ત બ્રહ્માંડોની દૃષ્ટિ કલ્પિત છે. અને વસ્તુ-સિદ્ધ પરમાત્માજ છે. એમ સમજવાનું છે. **વિકારીત** દૃષ્ટિ બાદ થાય તો સ્વતઃસિદ્ધ તત્ત્વ હાથ લાગે છે. એમ સમજવાને. નિચેનાં બીજાં દૃષ્ટાન્તો પણ તપાસી જોવાની અનુકુળતા ધારવી જોઇએ.

બીજા દૃષ્ટાન્તમાં—ખાંડનાં અનેક કૃત્રિમ રમકડાં બનાવી કંદોઇ લોકો વેચે છે. વેચનાર કંદોઇ ખાંડની અને પોતાના પરિશ્રમની કોઇએક હદથી તે રમકડાંની કિમ્મત બાંધે છે. ત્યારે લેનાર બુદ્ધિમાન પુરૂષ પણ યોગ્ય રીતે ખાંડ વિગેરેનો હિસાબ તપાસી તેની યોગ્ય કિમ્મતનો વિચાર કરે છે. પણ નાનાં બાળક અભણ છોકરાં કે જેઓ હજુ બુદ્ધિ વિચારની સત્ય નિશ્ચય ભૂમિકા

ઉપર આવ્યાં નથી તેવાઓ તો માત્ર ખાંડના ઘોડાના મોહથી કે ઉંટના મોહથી, કે શ્રીફળ, જમરૂખ, હાર, એવા આકારોની મોહિક ભાવનાથી પસંદગી કરી લેવા માગે છે. પણ આ ખાંડ અને આકાર બનાવવાના પરિશ્રમ–એમ ઉભય તરફના વિચારમાં સત્ય નિશ્ચયથી જોનાર ખાંડની કિમ્મતનોજ વિચાર કરી લે છે. તે કંઈ ઘોડા વિગેરે આકારની કિમ્મત આપતો નથી. પણ ખાંડની કિમ્મત આપે છે. ત્યારે બાલકની અજ્ઞાનદૃષ્ટિએ ખાંડની કિમ્મત સમજાઈ નથી. આકારો ખાંડમાંની કલ્પના નથી. ખાંડમાં કલ્પના છેજ નહીં. ખાંડ તો ખાંડજ છે. અને તે સત્યજ છે. કલ્પિત આકારોનો કલ્પનારો આ કંઈ તે ખાંડ નથી. ખાંડ એ સત્ય વસ્તુ છે. આકારો તે કલ્પિત છે. આકારોની દૃષ્ટિ ત્યાગ થતાં તે ખાંડજ છે. આકારોની દૃષ્ટિ છતાં પણ સત્ય રીતે તો તે ખાંડજ છે. એમ ખાંડ સત્ય અને આકારો કલ્પના છે. તેમજ આકારોની કલ્પનામાં મોહ પામેલા બાળકો યથાર્થ જોવાવાળા નથી. એમ સમજાય છે. ખાંડ ન હોય તો રમકડાં શામાં કલ્પાય ? ? ?

વળી ત્રીજા દૃષ્ટાન્તમાં– સુવર્ણ (સોનું) એવા એક સ્વતઃસિદ્ધ પદાર્થવડે સોની લોકો અનેક અલંકારો કરી શરીરના જુદા જુદા અંગમાં પહેરવા યોગ્ય બનાવે છે. સોની લોકો આ અલંકાર વેચતાં સોનાની અને પોતાના પરિશ્રમની હદ બાંધી વેચે છે. અને લેનાર પણ તેવાજ નિશ્ચયથી લે છે. અલંકારના મોહમાં ખુશી થનાર બાલક બુદ્ધિનાં માણસો જો આકારથીજ ખુશી થતા હોય તો તે એક પ્રકારથી મોહજ સમજાય છે. મોહને લીધે અલંકારમાંજ ભાન રહે છે. અને અલંકાર રૂપને અલંકાર રૂપથીજ જોઈ રહે છે તેનોજ મોહ છે. તેને સુવર્ણની કિમ્મત કે પરીક્ષા નથી. પણ બાલકને તે સોનાનું છે એમ સમજાયું હોતું નથી. તેથીજ અલંકારરૂપ ઉપર મોહજ સચોટ હોય છે.

સ્વતઃસિદ્ધ સોના વિના આ ઘાટોની કલ્પના અને અલંકારોનાં રૂપકો ક્યાં બધાય ? ? એમ અલંકાર ભાવના તે કલ્પના સિદ્ધ છે અને સુવર્ણભાવના તેજ સત્ય છે.

આવાં અનેક દૃષ્ટાન્તોથી સિદ્ધ સમજાય છે કે–સ્વતઃસિદ્ધ વસ્તુ શિવાય કલ્પનાને માર્ગ નથી. સત્ય વસ્તુ ઉપરજ અસત્ય કલ્પિત ભાવનાનો આરોપ મૂકવામાં આવે છે તેને **અધ્યારોપ** કહે છે. તેજ પ્રમાણે સત્ય વસ્તુ પરમાત્માને વિષે **જગત્** શબ્દ કલ્પિત છે. એટલે તે **અધ્યારોપ** છે. બાલક બુદ્ધિવત્ અશાસ્ત્રીય બુદ્ધિનાં માણસો સત્ય વસ્તુ ન સમજતાં મોહથી કલ્પિત ભાવનાવાળી વસ્તુમાં સત્યભાવ ધારણ કરે છે. અને કલ્પના રૂપનેજ સત્ય માને છે તેજ બહિર્દૃષ્ટિ છે. અંતર્દૃષ્ટિથી તો જેના ઉપર આ જગત્ એવો **અધ્યારોપ** કરવામાં આવ્યો છે. તે અપવાદ રૂપથી માત્ર તે સત્યતત્વ **સ્વતઃ**

સિદ્ધ **અધિષ્ઠાન** પરમાત્માજ છે. જંગલમાં રાત્રીએ જરા જરા સળગતું ઠુંઠુંજ વાઘરૂપ ભય સમજાવે છે. રસ્તામાં અંધારાની સંધીકાળમાં વાંકીચુંકી સર્પના આકારથી પડેલી દોરડી તે સર્પનોજ ભાસ કરાવે છે. પણ સત્ય સમજાવનાર જીવન્મુક્ત સંત સદ્ગુરૂના બોધ વિના તે સત્ય સમજવાને યોગ્ય થતા નથી. સમજાવનારના કૃપા કટાક્ષથી આ ભ્રાન્તિઓ દૂર થાય છે.

વ્યષ્ટિ એ શરીર અને સમષ્ટિ એ જગત્ અથવા બ્રહ્માંડ છે.

શરીરના જુદા જુદા અવયવોનાં જુદાં જુદાં નામ પણ કલ્પવામાં આવેલાં છે. હાથ, પગ, માથું, નાક, કાન, આંગળી, પેટ, પેઢુ, ઉપસ્થ, ગુદા, ઘુટણ, ઘુંટી, તળીયાં વિગેરે અનેક સ્થાનો રૂપ વ્યક્તિ સમૂહનું જેમ એક “**શરીર**” કહેવાય છે તેને શાસ્ત્રમા **વ્યષ્ટિ** નામથી ઓળખાય છે. આવાં અનંત શરીરો વા વસ્તુ પદાર્થોના સમૂહને એક “જગત” એવું નામ આપવામાં આવે છે. એટલે જેમ અનેક સ્થાનોરૂપ વ્યક્તિના ભાગોની કલ્પના એક શરીરમાં ઘટાવાય તેમ બાહ્યદૃષ્ટિથી કલ્પાયેલા અનંત દૃશ્ય પદાર્થોની કલ્પના માત્ર એકજ જગતમાં ઘટાવાય છે. અને તેવીજ રીતે આ ઉભય વ્યષ્ટિ સમષ્ટિની કલ્પિત કલ્પનાઓ તેના સત્ય અને સ્વતઃસિદ્ધ અધિષ્ટાન **પરબ્રહ્મ પરમાત્માને** વિષેજ લય પામવારૂપે ઘટાવી જગત્‌ની બાહ્ય દૃષ્ટિ ઉઠાવતાં **સત્યત્વ** અવશેષ રહે છે. આ ગુરૂગમ યુક્તિ તે પરમજ્ઞાતા જીવન્મુક્ત સંત સદ્ગુરૂ મહાત્મા પુરૂષોજ જાણી શકયા છે. અને તેમના અનુભવમાં આવનાર કૃપા કટાક્ષના ભોગી અધિકારી જનો પણ જાણી શકવા શક્તિમાન થાય છે.

અનંત કોટી બ્રહ્માંડોની કલ્પનાનો અધ્યારોપ જેના ઉપર કલ્પાય છે. તે અધિષ્ઠાન “**अस्ति**” વાચક ભાવથી પરમાત્માજ સિદ્ધ છે. અહિંયાંથી કલ્પના અથવા વિકલ્પનો યોગ જોડાય છે. કેમકે **अस्ति** પદ વાચ્ય સત્ય—અને તે વિરૂદ્ધ ઉલટ **नास्ति** પદ વાચ્ય તે અસત્ય છે. આ બન્ને યોગ બુદ્ધિમાંજ સમજાય છે. બુદ્ધિમાંના સત્ય સ્વરૂપ **अस्ति** નામના સિદ્ધાન્તને દોષરૂપમાં **नास्ति** એમ કહેવાય માટે **अस्ति** પદ વાચક સત્ય સિદ્ધ વસ્તુની અપેક્ષાએ **नास्ति** એટલે “**છે**” થી ઉલટો “**નથી**” એવો સિદ્ધાન્ત કલ્પનાથી ખડો કરાય છે. જે સ્વતઃસિદ્ધ પરમાત્વ તત્વ છે. જેમાં **अस्ति** અને **नास्ति** બન્નેનો સમાવેશ છે. અને તે **સ્વતઃસિદ્ધ** પરમાત્મતત્વ મનવાણીનું અગોચર છે. એમ વેદ કહે છે. તેમાં **अस्ति** એ સત્ય અને **नास्ति** એ વિકલ્પ એટલે કલ્પનારૂપે અસત્ય છે.

અધિષ્ઠાનનો સિદ્ધાન્ત

अस्ति ઉપર **नास्ति** એવી કલ્પના થતાં વા કરતાં **अस्ति** સ્વરૂપ વિસ્મૃતિમાં રહે છે અને **नास्ति** પણાની બુદ્ધિમાં ભ્રમતા ઉત્પન્ન થાય છે

नास्तित्व માનનારાનું **नास्तित्व** કલ્પિત છે. અને **अस्तित्व** સત્ય છે. કેમકે **" પોતે નથી "** એમ કદાપિ પણ હોઈ શકેજ નહિં. ત્રણે કાળમાં પોતાનું **अस्तित्व** સ્વત:સિદ્ધજ છે. માટેજ **अस्ति** પદ બોલાતાં વાણી મન અગોચર પરમાત્માના પ્રતિપાદનનો નિશ્ચય છે. માટે આ જગતરૂપની કલ્પના **अस्ति** વાચ્ય પરમાત્મા ઉપરજ ઘટાવી શકાય છે પણ તે સત્ય રીતે પરમાત્માજ છે. અજ્ઞાતાનું જગત્ તે જ્ઞાતાજનનું પરમાત્મ તત્વ . એમ વેદની માન્યતા છે. આ સર્વ ઉપરથી સમજાશે કે **" જગત્ "** આ સમૂહવાચક કલ્પિત નામ છે. અને તેમાં અનેક વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તેમાં મુખ્ય અને શ્રેષ્ઠ ઉચ્ચતર વ્યક્તિ **" મનુષ્ય "** દેહ ધારણ કર્ત્તા વા મનુષ્ય દેહરૂપની જ છે. મનુષ્ય દેહધારી જીવોજ ધર્માધર્મ, વા સત્યા સત્ય સમજવાને યોગ્ય છે. કેમકે માણસને અંગજ્ઞાન અને વિચારશક્તિ બન્ને છે. જ્યારે બીજી વ્યક્તિઓમાં માત્ર અંગજ્ઞાનજ હોય છે. ત્યારે જગતની બીજી કેટલીએક વ્યક્તિઓમાં તો તે પણ હોતું નથી. માટે માણસ શરીર અંગજ્ઞાન પૂર્વક સારાસારના નિશ્ચયથી. ઘણીજ ઉચ્ચ અને સૂક્ષ્મ બુદ્ધિએ પરમાત્મ તત્વ પર્યંતનો વિચાર પ્રાપ્ત કરી શકે છે અને પોતાના સ્વરૂપથી જાગૃત રહેતાં વ્યષ્ટિંગત **દેહ** અને સમષ્ટિંગત **જગત્** એવી મિથ્યા કાલ્પનિક દૃષ્ટિને ત્યાગી સત્ય સ્વરૂપમાં તદ્દરૂપાવસ્થાને પામે છે **માટે મનુષ્ય શરીર** જ્ઞાન અધિકારમાં વધારે યોગ્ય છે.

किरण २ जुं.

આ મનુષ્ય શરીર ધારણ કર્ત્તા દેશના નામ ઉપરથી જુદા જુદા માણસો કે જીવાત્માઓ કહેવામાં આવે છે. દેશ દેશના વિભાગ પરત્વે જુદિ જુદિ જાતના માણસોને વર્ણવાય છે. અને તે સર્વ જાતના માણસોને તેમ જુદા જુદા નામવાળાં ધર્મોના સિદ્ધાન્તોને પ્રતિપાદન કરનારા ગ્રંથો જે હાલ પ્રસિદ્ધિમાં છે. તે તે ગ્રંથો તે તે દેશના અને તે તે જાતના માણસના વિચારને પ્રભુ તરફ વહન કરાવવા ધર્મરૂપ ગણાય છે. દરેક જાતના પોત પોતાના ધર્મના ગ્રંથોનું બરાબર અવલોકન કરનારા વિચારવાન પુરૂષો બહુજ ગંભીરતાથી તપાસ કરતાં છેલ્લે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે આ જુદા જુદા સર્વ દેશની અને તેમાં પ્રચલિત સર્વ ધર્મની મૂળ માતા **गीर्वाण भाषा** (માતા) છે. એટલે હિંદુ, મુસલમાન, પારસી, યાહુદી, ઈગ્રેજ. ફ્રેન્ચ, જર્મન,

સર્વ ભાષાઓની માતા ગીર્વાણ ભાષા અને સર્વ ધર્મના પિતા સનાતન વૈદિક ધર્મ છે.

તુર્ક વિગેરે લોકોમાં જુદા જુદા દેશની જુદી જુદી ધર્મ ગ્રંથોની ભાષા બોલાતી હોય. તોપણ તે સર્વ ધર્મની ભાષાઓની માતા આ **गीर्वाण भाषा** છે. એમ નિર્ણય ઉપર આવ્યા છે. કે જે ગીર્વાણ ભાષા અપૌરૂષેય અને અનાદિ સિદ્ધ વેદોના નામથી સિદ્ધ હતી. તે વ્યાકરણ સંસ્કાર વડે સંસ્કારને પામતાં **"સંસ્કૃત"** એવા નામથી વ્યવહારમાં આવી છે. આ ગીર્વાણ માતાની સંસ્કારરૂપ **સંસ્કૃત** ભાષા જેવીને તેવી. એટલે જે રૂપથી આદિમાં છે તેવાજ રૂપથી આર્યભૂમીની આર્ય પ્રજામાં અત્યાર પર્યંત એક સરખી રીતે પ્રકાશમાન છે. આ સંસ્કૃત ઉપરથી જુદા જુદા દેશમાં જુદી જુદી ભાષાના શબ્દોની રચના સાથે જુદા જુદા ધર્મોના ગ્રંથો રચાયેલા સ્પષ્ટ છે. જેથી આ **ગીર્વાણભાષા** સર્વ ભાષાઓની માતા અને સર્વ પ્રજાઓની પણ માતા છે. તેમજ તે વડે તેજ ભાષામાં પ્રતિપાદન થતો **"सनातन वैदिक धर्म"** સર્વ દેશોના સાંપ્રત પ્રચલિત સર્વ ધર્મોના **મૂલ પિતા** સ્વરૂપ સિદ્ધ છે. કેમકે સંસ્કૃતમાં વર્ણવેલો આ **સનાતન વૈદિકધર્મ** સર્વ ધર્મનો આદિ એ સ્પષ્ટ છે. આથી સત્ય સમજાશે કે આ ભૂમંડળ ઉપર વસતા યાવત્ મનુષ્ય પ્રાણી માત્રના જુદા જુદા ધર્મોનો ત્રાતા આ આર્યાવર્ત્તમાં અત્યાર પર્યંત ઝગઝગાટ પ્રકાશમાન રહેલો આ **સનાતન વૈદિક** ધર્મજ છે તેમજ ભૂમંડળની યાવત્ મનુષ્ય પ્રાણી માત્રની ભાષારૂપ શાખાઓનું મૂળ તે આ આર્યવર્ત્તમાં વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો, ઈતીહાસો વિગેરે સનાતન વૈદિક ધર્મના આર્ષ ગ્રંથો સાથે સબંધ ધરાવનારી આ **ગીર્વાણ** માતાજ છે.

લોક સમૂહમાં "ધર્મ" શબ્દથી શરીરને શુદ્ધ રીતે વર્ત્તનમાં ચલાવવાના વેદ વિધિના નિયમોનું બંધારણ એમ સામાન્ય અર્થથી સમજવું જોઇએ. તેને બદલે બીલકુલ સરળ કરતાં **ફરજ** એમ હાલ કહેવામાં આવે છે. તો ઠીક પણ એવા સામાન્ય અર્થથી **ધર્મ** શબ્દના અર્થની સંપૂર્ણ અથ ઈતિ સમાઈ શકતી નથી. માટે તેની સંપૂર્ણ રીતે શાસ્ત્ર મર્યાદાથી અથ ઇતી જાણવા માટે સ્પષ્ટ વર્ણવવામાં આવે છે. તે ઉપર ધ્યાન આપવું યોગ્ય છે.

"ધર્મ" શબ્દનો શાસ્ત્રીય–અર્થ. **यतोऽभ्युदय निःश्रेयस सिद्धिः सधर्मः ।** વૈશેષિક શાસ્ત્રમાં ધર્મની વ્યાખ્યા કરી વર્ણવે છે કે–જેનાથી ઈહિલૌકિક તથા પારલૌકિક ઊદય થાય તેનું નામ **ધર્મ** છે.

આ લોકમાં પણ પોતાની અનેક રિતે ઉચ્ચતર સ્થિતિ થવામાં સાહ્ય કર્ત્તા પણ આ પોતાનો **ધર્મ** છે. અને પરમાત્મા સ્વરૂપના જ્ઞાનમાં પણ અનેક રીતે ઉચ્ચતર સ્થિતિ થવામાં સાહ્ય કર્ત્તા પણ આ પોતાનો **ધર્મ**જ છે આ લોકમાં ઉચ્ચતર સ્થિતિમાં લાવનાર સ્વધર્મની સાત્વિક ગુણ લક્ષણો છે. અને

તેને માટે મનુ મહારાજ કહે છે કેઃ—

वेदाभ्यास तपो ज्ञानं शौचमिन्द्रियनिग्रहः ।
धर्मक्रियात्मचिन्ता च सात्त्विकं गुण लक्षणम् १२–३१

વેદનો અભ્યાસ–તપ–જ્ઞાન–બાહ્યશુદ્ધિ, ઇન્દ્રિયોનો નિગ્રહ, દાનાદિક ધર્મ ક્રિયા, અને આત્માનું ચિંતવન આ સત્વગુણનાં કાર્ય છે આ સાત્વિક ગુણ લક્ષણ પ્રમાણે પોતાનું વર્ત્તન રાખનાર આ લોકમાં એટલે વ્યવહારમાં અભ્યુદય રૂપ ઊંચ માનની ઊંચસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. તેમજ નિઃશ્રેયસ એટલે કલ્યાણના માર્ગથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન છે. અને તેને માટે પણ મનુ-મહારાજ કહે છે કે—

वेदाभ्यास तपो ज्ञान मिन्द्रियाणां च संयमः ।
अहिंसा गुरु सेवा च निःश्रेयस करंपरम् ॥ १२–८३ ॥

વેદોનો અભ્યાસ તપશ્ચર્યા, જ્ઞાન, ઇન્દ્રિયોનો સંયમ તથા અહિંસા અને આત્મજ્ઞાની જીવન્મુક્ત સંત ગુરૂની સેવા એ સર્વ કલ્યાણકર્ત્તા અર્થાત **બ્રહ્મભૂય** સ્થિતિને આપનાર છે. માટે સર્વ મનુષ્યો માત્રને પોતાના ધર્મની મર્યાદા સંભાળવાની ખાસ જરૂર છે.

આ **સનાતન વૈદિક ધર્મ**ના સિદ્ધાન્તરૂપ ગ્રંથોમાં જાતી વર્ણાદિક સંસ્કારને પામેલી **બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય** અને શૂદ્ર પ્રજા ગણાય છે. મનુ મહારાજ કહે છે કે **चातुर्वर्ण्यं त्रयो लोकाश्चत्वारश्चाश्रमाः पृथक् । भूतं भव्यं भविष्यं च सर्वं वेदात्प्रसिद्ध्यति ॥ १२-९७ ॥** ચાર વર્ણ, ત્રણ લોક, ચાર આશ્રમ તથા ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાળમાં રહેનાર સર્વ વસ્તુ રૂપ આ સર્વ વેદોથી જાણવામાં આવે છે—અર્થાત્ વૈદિક સનાતન ધર્મમાં વેદથીજ પ્રતિપાદન રૂપ આ ચાર વર્ણ છે અને તે પણ સર્વ દેશોની જાતિવાળી પ્રજામાં મૂળ રૂપે એટલે તે સર્વ જાતીના માણસોમાં શુદ્ધ શ્રેષ્ઠ રૂપે સિદ્ધ છે.

ચાતુર્વર્ણ્યમાં બ્રાહ્મણ સર્વોત્તમ છે.

આ ચાતુર્વર્ણ્ય પ્રજામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, આ ત્રિવર્ણ વેદ ભણવાના અધિકારવાળી "**દ્વિજ**" પ્રજા ગણાય છે. તેમજ વૈદિક કર્મો કરવાને તેમને અધિકાર છે. આ ત્રણ શિવાયની ચોથી **શૂદ્ર** નામની વર્ણ સાધારણ રીતે પૂરાણોક્ત કર્મ કરવાના અધિકારવાળી છે. કર્મનું ફળ ઉભયને સમાન છે. તેમાં ઉત્તરોત્તર શૂદ્રથી વૈશ્ય શ્રેષ્ઠ છે. **વૈશ્યથી ક્ષત્રિય શ્રેષ્ઠ** છે અને **ક્ષત્રિયથી** બ્રાહ્મણ તો સર્વોત્તમોત્તમ છે.

उत्पत्तिरेव विप्र[illegible] मूर्ति धर्मस्य शाश्वती
स हि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ॥ १–९८ ॥

બ્રાહ્મણની ઉત્પત્તિજ ધર્મની સનાતન મૂર્તિજ ગણાય છે. તે ધર્માચરણ કરવા માટેજ ઉત્પન્ન થયો છે. અને તે બંધન મોક્ષથી પરે **બ્રહ્મભૂય** સ્થિતિનો પણ અધિકારી છે. એ વિગેરે મનુસ્મૃતિના શ્લોકો બ્રાહ્મણના દેહને પરમ દૈવત ગણે છે. આવી તેની પરમ ઉત્કૃષ્ટતા સાચવી રાખવા માટે બ્રાહ્મણ દેહ ધારીને તપોમય, ભક્તિમય, અને જ્ઞાનમય જીવન ગાળવાની ન ચાલે એવી ભારે આવશ્યકતા છે કેમકે સંધ્યા કર્યા વિનાનો બ્રાહ્મણનો દેહ સાત દિવસે શૂદ્રતાને પામે છે. ઈત્યાદિક સ્મૃતિ વાક્યો કર્મ, ભક્તિ અને જ્ઞાનના માર્ગથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણના દેહને પતિત થયેલો ગણે છે. અને તેની પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ પણ વર્ણવે છે. પણ બાળહત્યા, ગૌહત્યા, બ્રહ્મહત્યા જેવાં ઘોર પાપો કરનારને પ્રાયશ્ચિતજ નથી. તેથી તે તેજ દેહમાં શૂદ્રજ થઈ જાય છે, બલકે, તેથી પણ નીચ દશાને પામે છે. એમ બ્રાહ્મણ દેહ ભ્રષ્ટ થઈ જાય છે. અને પછી તેની ગમે તેટલી શુદ્ધિ કરવામાં આવે તોપણ ગંગાજળની યોગ્યતા ને તે પુનઃ પામતું નથી. તેમ ઉત્તમ જાતિના દેહમાંથી જેનું પ્રાયશ્ચિત નથી એવાં અધમ કર્મો કરતા નિકૃષ્ટ જાતિના અધિકારમાં આવી પડેલો મનુષ્ય પુનઃ એજ દેહથી ઉત્કૃષ્ટપણાને પ્રાપ્ત થઈ શકતો નથી. વળી જેમ ખાળકુંડીનું પાણી કેવાએ સંસ્કારોને પામતાં પણ ગંગાજળ સમાન કદાપિ થતું નથી. તેમ નિચેની વર્ણનો દેહધારી મનુષ્ય ઉપરની વર્ણમાં તેજ દેહથી આવી શકવો શક્ય નથી. બ્રાહ્મણનાજ મંત્રવાળા ચરૂથી પ્રગટેલા પણ ક્ષત્રાણીના ઉદરથી જન્મવડે ક્ષેત્રદોષ એવો લાગી ગયો કે શ્રી વિશ્વામિત્ર ઋષિ સાઠહજાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યાથી પણ પૂર્ણ બ્રાહ્મણપણાને પામી શકયા નહોતા. ઇત્યાદિ ઇતિહાસો પુરાણોમાં સુપ્રસિદ્ધજ છે. આથી નિચેની વર્ણમાથી ઉપરની વર્ણમાં તેજ દેહથી આવવું કેટલું દુર્લભ છે. તે સહજ સમજાશે.

તેમજ માતંગનું વૃતાન્ત જોતાં બ્રાહ્મણી ક્ષેત્રમાં શૂદ્ર બીજથી પ્રગટ થયાનો દાખલો મહાભારતમાં છે. આ શૂદ્ર વીર્યથી ઉત્પન્ન થયેલો હોવાથી અત્યંત ઉગ્ર તપશ્ચર્યા કરેલી છતા પણ ઈન્દ્ર તેને આ શૂદ્ર શરીરથી બ્રાહ્મણ બનાવી શકયા નથી. આખરે તેણે બ્રહ્માને પ્રસન્ન કર્યા. ત્યારે બ્રહ્માએ કહ્યું કે તારા ઉગ્ર તપથી ત્રૈલોક્ય પ્રકાશમાન થઈ રહ્યું છે ખરૂં. પરંતુ આ તારા શૂદ્ર દેહમાં તું બ્રાહ્મણ થઈ શકતો નથી. બ્રાહ્મણત્વ અતિ દુર્લભ છે. માટે હજી તું ત્રીજે જન્મે બ્રાહ્મણપણાને પામીશ. એવું વરદાન આપ્યું. તેજ માતંગ તેજ તપશ્ચર્યાના બળથી બીજા જન્મમાં વિશ્વામિત્ર થયા છે. અને તે અવતારથી સાઠહજાર વર્ષના તપમાં પણ દુર્લભતા દેખાઇ છે. આથી એમ સમજાય છે કે ઉત્કૃષ્ટ વર્ણથી નિકૃષ્ટ વર્ણમાં વિનાશ્રમે જલદી આવી શકાય છે. પણ નિકૃષ્ટ વર્ણથી ઉત્કૃષ્ટ વર્ણમાં આવવું

દુર્લભતર છે. આ ઉપરના દૃષ્ટાન્તોથી સિદ્ધ સમજાય છે.

ब्राह्मणो जायमानोहि पृथिव्यामधि जायते ।
ईश्वरः सर्वभूतानां धर्म कोशस्य गुप्तये ॥ १ ॥

આ બ્રાહ્મણ–સનાતન વૈદિક ધર્મરૂપી ભંડારની રક્ષા કરવા માટેજ જન્મથી પૃથ્વીનો **અધિપતિ** થઈને જન્મે છે. તેથી સર્વ મનુષ્યોનો વા સર્વ પ્રાણીઓનો **પ્રભુ** ગણાય છે. આ ઉપરથી સમજાશે કે સનાતન વૈદિક ધર્મરૂપી ભંડારનો રક્ષક **ધર્માધિપતિ** આ બ્રાહ્મણ છે માટે સર્વનો ગુરૂ થવા યોગ્યજ છે. **वर्णानां ब्राह्मणो गुरुः ।** આ ઉપરથી સત્યજ છે કે બ્રાહ્મણપણું જન્મથીજ સિદ્ધ છે. અને સર્વ વર્ણજાતિમાં શ્રેષ્ઠત્વરૂપ શાસ્ત્ર પ્રમાણપૂર્વક છે. અર્થાત બ્રાહ્મણના ઉપર અન્ય ત્રિવર્ણ કંઈપણ આજ્ઞા કરવા યોગ્ય નથી. આ બ્રાહ્મણ–અનુક્રમે સનાતન વૈદિક ધર્મમર્યાદા સેવતાં, અને વૈદિક કર્મો યથાર્થ કરતા, શાસ્ત્ર સ્મૃતિ આદિના અભ્યાસથી વિદ્વાન થતાં, અંતે સારાસાર વિચારના વિવેકથી સાધન સંપન્ન અને ઉત્તમ ભક્તિવાન બનતાં, અને વેદ આજ્ઞાપૂર્વક બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંત સદ્ગુરૂ મહાત્માના ચર્ણકમળની સેવા કરી **જ્ઞાન** સંપાદન કરતાં, **અનુભવવડે** નિરભિમાનતાએ પોતાના આત્માસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની ઐક્યતા અને અભેદ જ્ઞાનના લક્ષથી જીવન્મુક્ત સ્થિતિ ભોગવવા ભાગ્યશાળી બને છે. અંતે સદ્ગુરૂ પરમાત્માથી અભેદ ભાવનાએ જન્મ મર્ણના મહાન્ પ્રતિબંધનરૂપ અજ્ઞાન દેહાધ્યાસમાંથી મુક્ત થઈ પરાકાષ્ટા **બ્રહ્મભૂય** સ્થિતિને પામે છે. એથી **બ્રાહ્મણ** સર્વોત્તમ પદ છે.

પોતાનું અને પોતાના મનાતા અજ્ઞાન દ્વૈતાભાસ શરીરનું ઓળખાણ.

પોતાના તરફ જોતાં જણાય છે કે એક તો આ પોતાનું અજ્ઞાન દશામાં મનાતું શરીર જણાય છે. અને તે દ્વૈતાભાસરૂપ શરીરની અંતરમાં કોઈએક ચૈતન્યમય આત્મા સમજાય છે. આ ચૈતન્યમય આત્માના પ્રકાશથી તેમાં રહેલાં બુદ્ધિ, મન, ચિત્, અહંકાર, ઇન્દ્રિઓ, પ્રાણ, વિષય, વિગેરે સર્વ પોત પોતાના કામમાં મચ્યાં રહેલાં જોવામાં આવે છે. પછી અવળે કે સવળે પણ તે આત્માની સત્તાથી બધાં પોત પોતાનું કામ કરી રહ્યાં છે. પછી જેવા સંસ્કાર પડયા હોય છે તેવાં તેવાં કામોમાં જોડાયેલું શરીર આત્માની સત્તાથી કરતું દેખાય છે. ચૈતન્યમય સત્તાથી રહિત થતાં તે શરીર મરી ગયું એમ મનાય છે. માટે સત્તાધીશ તે આત્માજ છે.

किरण ३ जुं.

આત્માના ઘણા નજીકપણામાં બુદ્ધિ છે-અંતઃકરણનું સ્વરૂપ તે ચાર તત્વ છે.

આ શરીરના બધા જુદાં જુદાં નામવાળાં તત્વોમાં "**બુદ્ધિ**" નામનું તત્વ આત્માના ઘણા નજીકપણામાં સ્થિતછે. જેને શાસ્ત્ર બુદ્ધિએ **અવ્યક્ત, માયા, પ્રકૃતિ, પ્રધાન.** એવા નામથી વર્ણવવામાં આવે છે–વા અંતઃકરણ ચતુષ્ટય પણ કહેવામાં આવે છે. એટલે આત્માની પ્રકાશ સત્તાનો પ્રથમ અમલ બુદ્ધિ નામના તત્વ ઉપર થાય છે. જેથી આત્મા તેનો **પતિ** અને બુદ્ધિ તેની **પત્નિરૂપ** છે. આ આત્માને કોઈ **જીવ** પણ કહે છે. અને સત્ય સમજનારા તેને **પરમાત્મા** પણ કહે છે. શરીર અને અંતઃકરણના અભિમાન સાથે તે **જીવ** કહેવાય છે. અને અભિમાનથીરહિત અને નિર્વિકાર રૂપે તે **પરમાત્મા** કહેવાય છે. એ વાત આગળ આવશે. આ બુદ્ધિ ચાર પ્રકારથી કહેવાય છે.–(૧) **બુદ્ધિ,** (૨) **મન,** (૩) **ચિત્ત,** (૪) **અહંકાર.** એમ ચાર તેમાંજ વિભાગ છે. બુદ્ધિ–ઉપરનો ઉચ્ચ યોગ છે. તેથી નિચે મન કહેવાય છે–તેથી નિચે ચિત્ત અને સૌથી નિચે અહંકાર છે.મઆ ચારે વિભાગ મળીને એક **અંતઃકરણ** કહેવાય છે. આત્માની પ્રકાશ સત્તાનો અમલ બુદ્ધિમાં થઈને મન ઉપર જાય છે અને ત્યાંથી એકદમ ચિત્ત ઉપર આવે છે અને ત્યાંથી અહંકાર નામની છેલ્લી શ્રેણીમાં આવતાં ઈન્દ્રિયો અને કાર્ય ઉપર પ્રકાશ પડે છે. એવી સમજણ છે. બુદ્ધિ તત્વ **નિશ્ચયાત્મક** અને સત્ય જ જણાવનારૂં છે. મન તત્વ **સંકલ્પ વિકલ્પ** રૂપ ડામાડોળ વિચારને કરવાવાળું અને સત્ય અસત્યની **ભ્રાન્તિવાળું** છે. ચિત્ત તત્વ **ચંચળતા** ધારણ કરવા વાળું છે અને અહંકાર તત્વ શરીર આદિ તમામ કાર્યનો **હુંપણાથી** ભાર ઉપાડી ચાલનાર તત્વ છે. વૃત્તિઓની શાન્તિ રૂપ અથવા વૃત્તિઓની સ્થિરતા રૂપ સત્યાસત્યનો નિર્ણય કરનાર તત્વ તે **બુદ્ધિ** છે. વૃત્તિઓનું સત્તા રૂપના અમલથી પ્રબલતાને ધારણ કરી રહેવું તે **મન** છે. વૃત્તિઓનું ચલવલ કરવું તે **ચિત્ત** છે. અને વૃત્તિઓનું અનંતરૂપે અનંત પ્રકારે હુંપણાથી અનંત કાર્યમાં વ્યવહરવું તે **અહંકાર** છે. આ અહંકાર–શરીર કે જગતની બાજુમાં પહેલો છે. તેથી પરે ચિત્ત છે તેથી પરે મન છે. અને સૌથી પરે બુદ્ધિ છે. આ બુદ્ધિથી પરે આત્માજ છે–**यो बुद्धेः परतस्तु सः** બુદ્ધિથી પર આત્માછે. માટે બુદ્ધિ–આત્માની બાજુમાં પહેલી છે. બુદ્ધિની નિચેનાં ત્રણ તત્વ ના પાયાદાર એટલે મલિનતાવાળાં છે. માત્ર બુદ્ધિજ સારા સાર વિચારથી નિશ્ચય કરવાવાળી અને આત્માને ઓળખનારી છે. છેક શરીર તરફનો અત્યંત મલિન ભાગ–તે

અહંકાર છે. તેથી કમી મલિન ભાગ તે ચિત્ત છે તેથી મલિન કમતાનો ભાગ તે મન છે. અને તેથી વધારે શુદ્ધ તત્વ **બુદ્ધિ** છે. આ બુદ્ધિમાં પણ અંતર યોગે ત્રણ દોષ શાસ્ત્રકારે કલ્પેલા છે—(૧) **मल** (૨) **विक्षेप** (૩) **आवरण** એમ છે, જે આગલ આવે છે. આ ત્રણે દોષથી બુદ્ધિ શુદ્ધ થાય તો પરમાત્મામાં તદ્દરૂપ થવા યોગ્ય ગણાય છે. અત્યંત મલિનતાવાળા રજો તમોગુણવાળા અહં-કાર વડે છાઈ રહેલા હૃદયને માટે શાસ્ત્ર બોધ નકામા સરખો છે. એટલે તેવા-ને અધિકારી ગણવામાં આવતો નથી પણ વૃત્તિઓના સ્ફૂરણવાળા ચિત્તથી વિચારવાન ગણાતાં બોધનો અમલ થાય છે. યોગ શાસ્ત્રકાર લખે છે કે—

योगश्चित्तवृत्ति निरोधः। ચિત્ત વૃત્તિનો નિરોધ કરવો તેજ **યોગ** કહેવાય છે.

ચિત્તના પ્રાંચ પ્રકાર છે. અથવા ચિત્તવૃત્તિ પાંચ પ્રકારથી છે—

पंचधा चित्तवृत्तिश्च वर्त्तते नृप सत्तम ।
क्षिप्ता मूढा च विक्षिप्तै काग्रापि च निरोधिका ॥

ચિત્ત વૃત્તિઓ પાંચ પ્રકારથી વર્ત્તન ચલાવે છેઃ—(૧) **ક્ષિપ્તા** (૨) **મૂઢા** (૩) **વિક્ષિપ્તા** (૪) **એકાગ્રા** (૫) **નિરોધિકા.** જે મનુષ્યની ચિત્તવૃત્તિ વ્ય-

ક્ષિપ્તા ચિત્તવૃત્તિનું લક્ષણ.

વહારગ્રસ્ત અહંકારથી ભરેલી તમોગુણમય કાર્યને કરવા વાળી અને મારૂં ધન, મારી સ્ત્રી, મારો પુત્ર, હું સુખી હું દુઃખી વિગેરે અહં મમતાના આદરવાલી, વ્યવહાર સગાસંબંધીથી ચુસ્ત, રાગદ્વેષવાલી કામ ક્રોધ, લોભથી ભરેલી, મોહથી છવાયેલી, ધર્મ અધર્મના વિચારથી રહિત, લોકેષણાના માન વાલી, હુંજ કરૂં છું એવા વિચારની ચેષ્ટાવાળી, સત્સંગથી રહિત, દેવોપાસનાથી રહિત, કર્મ નિષ્કર્મથી રહિત, અવિચારી હોય છે. તેને **ક્ષિપ્તા** ચિત્તવૃત્તિ કહે છે. આવા અવિચારીનું શાસ્ત્રીય નામ **પામર** નામનો જીવાત્મા છે. અને તે કોટીની ગણતરીમાં છે, પણ નિચો છે. કેમકે આ વૃત્તિને લીધે માત્ર કુટુંબનેમાટે ગામને માટે, દેશને માટે, કે માત્ર આંધળાં, લુલાં લંગડાં, ગરીબોને માટે કરેલો પુરૂ ષાર્થ પોતાના સાર્થક રૂપે પોતે માની લેછે. અને તેમાંજ તન મન ધનથી યત્ન કર-તો રહેછે તેથી બાહ્ય દૃષ્ટિથી તેને માન, આવકારની પ્રાપ્તિ થાયછે અને પોતાને કૃત કૃત્ય જાણે છે. એમ બુદ્ધિની સમજણ નીચી હોવાથી તે અધિકારીપદમાં નિચો **પામર સંજ્ઞાનો અધિકારી** ગણાય છે. શરીરનાં કૃત્યોમાં રાતોમાતો, શરીરના માનમાં રાતોમાતો, શરીરના સુખમાં રાતોમાતો રહેવાથી તે શરીર રૂપથીજ ઉપાસના કરવાવાળો છે. તેથી તેને શરીરરૂપ અસત્ ભાવની ઉપાસનાનો ઉપા-સક ગણવામાં આવે છે. એટલે શાસ્ત્રીય બુદ્ધિથી તે **અસત્ બ્રહ્મની** ઉપાસનાનો

અધિકારી છે અને પરમાત્મ શક્તિને શ્રેષ્ઠ માનવાવાળો છે. આ પુરૂષ સંકષ્ટ સમયે મનુષ્ય બળની સહાયતાની અપેક્ષાવાળો છે. દેવોની સહાયતાને ઇચ્છતો નથી. તેમ દેવ છે કે કેમ ? ? એવો શંકાશીલ છે.

મૂઢા ચિત્તવૃત્તિવાનનું લક્ષણ.

તેથી પરે **મૂઢા** ચિત્તવૃત્તિવાળો કહેવાય છે. આ મનુષ્ય વ્યવહારમાં રહેતાં મનુષ્ય બળની સહાયતાથી જ્યારે ફતેહ પામતો નથી ત્યારે આખરે વખતો વખત ઇશ્વરના સામર્થ્યે તરફ દૃષ્ટિ કરે છે. ઇશ્વરને કોઇ એક રીતે માને છે. બાધા રાખે છે અને પરમેશ્વરથી પોતાના શરીર વ્યવહારમાં પુત્ર, ધન, માન, કીર્તિ વિગેરેની અપેક્ષા રાખે છે. વખતોવખત આ અપેક્ષામાં નિષ્ફળતા ભોગવે છે. કેમકે તેની પરમેશ્વરની સહાયતામાં બલકે તેના આસ્તિક્યત્વમાં દૃઢ શ્રદ્ધાનો નિશ્ચય હોતો નથી તેથી ફળમાં પાછો પડે છે. દુનિયાના માનની અને પોતાને મહત્તાવાન ગણાવવામાં લોક કીર્તિના મહાન્ કાર્યમાં જોડાતો છતાં પોતાને ભક્ત ગણાવવા કોશિષ કરે છે. આગ્રહી, વૈભવભોગી, નિરભિમાની કહેવરાવતો છતાં અભિમાની, અને સુશ્રુષા સેવાથી ખુશી થતા માનની માતબરતાએ પોતાને કૃતકૃત્ય માને છે. સંસારના અનેક પ્રકારના સુખની અપેક્ષા રાખવાવાળો છતાં માત્ર દુઃખથી છુટવાના પ્રયત્નવાળો છે. સંસારનું સુખ મિથ્યા છે એમ બહારથી બતાવતો છતાં અને પોતાના માનને માટે અપેક્ષા નથી એમ બહારથી બતાવતો છતાં અંતરનો અભિલાષી છે. ગુપ્ત રીતે વિષયોમાં લોલુપ્ત રહેતો છતાં અભાવવાળી વૃત્તિ રાખે છે ખરો. છતાં કદાપિ કદાપિ ગબડી પણ જાય છે. કેવળ ક્ષિપ્તા ચિત્તવૃત્તિવાનની પેઠે પરમેશ્વરમાં શંકાશીલ નથી. પરમેશ્વર કર્ત્તા છે એમ નિશ્ચય માને છે. છતાં શરીર વ્યવહારમાં રાચતો મુઢ દશા ભોગવે છે તેને શાસ્ત્રકાર **વિષયી** નામનો મંદ અધિકારી કહે છે. કાંઇક **અસત્**પણાની ભાવનામાં રહેતો અને કાંઇક **સત્** સ્વરૂપની ભાવનાવાળો સિદ્ધ તેનો ઉપાસક હોવાથી **સત્ બ્રહ્મ**ની ઉપાસનાનો તે અધિકારી છે. અને તે કર્મને પ્રબળ માને છે. તેથી તેની વેદોક્ત સત્ કર્મમાં પ્રીતિ રહે છે. વિગેરે—

વિક્ષિપ્તા ચિત્તવૃત્તિવાનનાં એટલે અધિકારી જીવાત્માનાં લક્ષણ.

તેથી પરે **વિક્ષિપ્તા** નામક ચિત્તવૃત્તિવાળો કહેવાય છે. આ મનુષ્ય કેવળ પરમેશ્વરના બળની અપેક્ષાવાળો છે. પ્રભુને પ્રસન્ન કરવા વારંવાર જાગૃતીથી યત્ન કરતો ચાલે છે. કાંઇક રજોગુણી ધર્મને ધારણ કરતો ફળની અપેક્ષાથી કર્મની ઇચ્છા ધારણ કરી તેમાં અધીરતા, અને વિષયોમાં વૃત્તિને રમાડતો છતાં પણ સાત્વિકરૂપે જાગૃત રહે છે. અને લોભ તૃષ્ણા, નિદ્રાળુતા, અધીરતા, ક્રુરતા, નાસ્તિકતા, આચાર—

ભ્રષ્ટતા, યાચકતા, પ્રમાદ, અશ્રદ્ધા, આદિ તમોગુણનાં કાર્યને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. અને કેવળ સત્વગુણ વૃત્તિથી નિરભિમાનતાએ પોતાના વ્યવહારનો નિર્વાહ ચલાવે છે. સત્વગુણ તરફ સંપૂર્ણ પ્રેમ રાખે છે. તેને આ શરીર સબંધે સંસારની ભાવનાઓ દુઃખદ લાગે છે. સ્ત્રી પુત્રાદિક ધનાદિક પદાર્થો અશાશ્વત્ છે એમ જાણી પરમેશ્વરની કૃપામાં રાચે છે. વિષયવૃત્તિને કેવળ દુઃખરૂપ માને છે. શુદ્ધ આચાર વિચારથી કાંઇક અંશે બ્રહ્મચર્યાદિકનું સારૂં સેવન કરે છે. જે કંઈ કર્મ કરે છે તે સર્વે બ્રહ્માર્પણ બુદ્ધિથી કરે છે. ફળની અપેક્ષા રાખતો નથી. કર્તવ્ય સમજીને કરે છે. બાહ્ય માન મહત્તામાં પોતાની મહત્તા માનતો નથી. શાસ્ત્ર પ્રમાણે વ્યવહારમાં રહેતો ઇષ્ટાપૂર્ત દાનપુણ્યાદિકમાં તત્પર રહી દેવસ્થાનો, ધર્મશાળાઓ, કુવા, વાવો, બંધાવવા આદિ સતકર્મ કરતો **પરમાત્માની કૃપાથી થાય છે.** એમ માને છે. હું કરૂં છું એમ માનતો નથી. દેવ અને સ્વધર્મમાં અત્યંત પ્રીતિ રાખે છે. જેમ બને તેમ નાસ્તિકતાનો ત્યાગ કરતો—જે થાય છે તે સારાને માટે થાય છે એમ માની દુઃખ દેખાતાં પણ પ્રભુ સારાને માટેજ કરે છે એમ નિશ્ચય સમજેલો હોવાથી દેવ પરમાત્મામાં વિશેષ ભક્તિ કરવા લાગે છે. સત્ય બોલવામા પોતાનું ભુષણ સમજે છે. નીતિ સદાચરણને અગ્રગણ્ય માને છે. પવિત્રતા ને શિરસાવંદ્ય માન્ય કરે છે. શાસ્ત્રશ્રધા ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધારણ કરે છે. અંધશ્રદ્ધાથી દૂર રહી પોતાના આત્માના જ્ઞાનને જાણવા માટે મહાન્ સદ્બોધમાં જોડાય છે. ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય શક્તિ, અગ્નિ, વાયુ, ચન્દ્રમા, વરૂણ, વિગેરે એકજ પરમાત્માનાં અનેક નામો છે. જેથી સર્વ દેવના નામ સ્મર્ણમાં નમસ્કાર કરતો ચાલે છે. કોઈ પણ આગ્રહી મતમતાંતરવાળા વાડાને માન્ય કરી બકરાની પેઠે બંધાતો નથી. પરમાત્મા સર્વ વ્યાપક છે તેથી તેને આ સ્થાને પરમાત્મા નથી. એવી ભ્રાન્તિ કદાપિ થતીજ નથી. શાસ્ત્રી પંડિત જનોના સહવાસમાં રહેતો પરમાત્માના સ્વરૂપને જાણવાની અપેક્ષાથી દિનપર દિન પ્રભુના ધ્યાનની ભાવનામાં શુભેચ્છા ધારે છે. સંતવિના પરમાત્માને કોઇ પણ બતાવતું નથી. શાસ્ત્ર સાંભળવાથી સાબીત થયું છે કે બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંત જીવન્મુક્ત સદ્ગુરૂની પાસે દિક્ષા મંત્ર ધારણ કરી પછી ઉપાસના કાર્ય યથાર્થ વૈદિક રીત્યા કરવું. એમ યથાર્થ સમજી ગુરૂ દિક્ષા ધારણ કરી સંત સેવામાં અનુકુળ થાય છે. સદ્ગુરૂને પરમાત્માનું સગુણ સ્વરૂપજ માને છે. અને દિનદિન પ્રતિ ગુરૂ પ્રત્યે પ્રેમભક્તિનો વધારો કરી આ પ્રત્યક્ષજ બ્રહ્મ છે એમ વેદાન્ત સિદ્ધાન્તથી સદ્ગુરૂનેજ પરમાત્મા સ્વરૂપે અંગીકાર કરે છે. અને તેથી તેઓ જે બોધ કરે છે તે એક ચિત્તે શ્રવણ કરતો તે પ્રમાણે વર્ત્તનમાં કુશળ બને છે. ઉદાસીન વૃત્તિને ત્યાગી, રાગ-

દ્વેષી વૃત્તિને સંહારી, દ્વૈતદ્વંદ્વને તરછોડી, ભાવાભાવથી દૂર રહી અહં મમતવાળી કલ્પનાનો સમુળો લય ઇચ્છે છે. આવા અનેક પ્રકારથી આત્મ કલ્યાણ ઇચ્છતો પોતાના દેહના અધ્યાસને અહં મમતા સાથે ત્યાગ કરતો દિનદિન પ્રતિ સંતનો સમાગમ ઇચ્છે છે. તેને શાસ્ત્રકાર **મુમુક્ષુ** નામનો અધિકારી કહે છે. અને તે સત્ અસત્ ભાવનાથી પરે સમ પણાના યોગમાં **સમબ્રહ્મ**ના વ્યાપક પણાના આદેશ પૂર્વક ઉપાસનાનો શ્રેષ્ઠ અધિકારી છે.

વૈદિક સનાતન ધર્મના મુમુક્ષુ નામક અધિકારી જીવાત્મા બંધુઓનો આ અવસર–માત્ર સત્ય રીતે તપાસતાં પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ પ્રભુની ઉપાસના કરી તે ઉપાસનાથી પરમાત્માના સ્વતઃસિદ્ધ સ્વરૂપને સ્વતઃ પ્રમાણ રૂપ સ્વસ્વરૂપ જાણીને જીવન્મુક્ત સ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત કરી અંતે ભ્રાન્તિરૂપ શરીરની અંતિમ દશા પર્યંત તે જ્ઞાનનો અપાર આનંદ દૃષ્ટિમાં રાખતાં નિમગ્ન રહેવું અને હવે પછીના કરોડો કલ્પ સુધી પણ જન્મમરણાદિક ભ્રાન્તિના શરીરરૂપ દેહાધ્યાસની મહાસકષ્ટવાળી ભાવનામાંથી મુક્ત રહેવું. માત્ર એટલાજ માટે છે. પણ અપાર દુઃખના મિશ્રણવાળા છતાં પણ કલ્પનારૂપ એવા મિથ્યા ભાસમાન થતા, અવિચારી સુખાનુભવવાળા, ક્ષણસ્થાયી આભાસને પ્રગટાવનારા આ દેહાદિકના શબ્દ સ્પર્શાદિક વિષયભોગોના મોહપાશમાં ફસી, તેની અહં મમવાસનાવાળી આસક્તિમાંજ મનુષ્ય શરીરવાળા દુર્લભમાં દુર્લભ જીવનનો અંત આણવા માટે આ અવસર નથી. એ વાત બુદ્ધિમાનોને સ્પષ્ટજ છે.

આ પોતાનો મનુષ્ય દેહ સર્વ પ્રકારના દેહોમાં શ્રેષ્ઠ અને જીવન્મુક્ત જ્ઞાનથી પોતાના આત્માપરમાત્માની અભેદતા જાણવાને પરમ સાધનરૂપ છે. બીજા બધા દેહો કોઇ કોઇ રીતે ઉપકારી અને ગુણવાળા, જરૂરીયાત જેવા જણાતા હોય તથાપિ તે દેહોથી પરમાત્માની પ્રાપ્તિમાં સહાયતારૂપ અનેક સાધનોનો યોગ પ્રાપ્ત થતો નથી. અને મનુષ્ય શરીરથી તે બની શકે છે. એટલુંજ નહી પણ જેમ જેમ ઉચ્ચ ઉચ્ચ બુદ્ધિ વિચારની સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી ઉચ્ચ અમૃત સ્થિતિ મેળવાય છે તેમ તેમ અન્ય આત્મબંધુઓને તેવી અમૃત સ્થિતિ મેળવી આપવામાં પરમ સહાયકારી થવાય છે. આહાર, નિદ્રા, ભય, અને મૈથુન તો અન્ય પશુ પક્ષીઓના અવતારમાં પણ મળી શકે છે. પણ પરમાત્માનું જ્ઞાન તેવા અવતારોમાં મળતું નથી. તે તો આ એક મનુષ્ય શરીરમાંજ મળે છે. માટે મનુષ્ય શરીર અવતાર દુર્લભમાં દુર્લભ મનાય છે. વળી શરીર સાધનદ્વારા શાસ્ત્રઅધ્યયન, વેદોક્ત કર્મ, અને પ્રભુની ઉપાસના; રૂપ અંતરૂબળ તથા ગુરૂકૃપારૂપ સંત સમાગમ, અને છેવટે જીવનમુક્તતાનો અનુભવ મેળવી ત્રણે ગુણના સામ્રાજ્યરૂપ ઉત્તમ સુબુદ્ધિની પ્રાપ્તિદ્વારા પોતાનું

પોતાના સ્નેહીઓનું, સગાસંબંધીઓનું, અને વિશેષત્વે પોતાના દેશનુ, વા સ્વદેશી બંધુઓનું નિઃશ્રેયસ્ ઇચ્છી શકાય છે. કેમકે **नृदेहमाद्यं खलु धर्म साधनम्.** ઇત્યાદિક શ્લોકનો બોધ પ્રમાણભૂત છે.

અંતરંગ અને બહિરંગ સાધનનું સ્વરૂપ—અને તેથીજ પરમાત્મા સ્વરૂપને ઓળખાય છે.

પરમાત્મા પરબ્રહ્મને ઉપાસવા અને જાણવા અને તદ્દરૂપ થવાને બે સાધનની જરૂર છે. ૧ **અંતરંગ સાધન** ૨ **બહિરંગ સાધન**—શ્રદ્ધાવાળી, ગુરૂકૃપારૂપ પરમપવિત્ર સત્વગુણ-યુક્ત જ્ઞાનાત્મક **બુદ્ધિ** તે **અંતરંગ** સાધન છે. અને વેદાધિકારી **મનુષ્ય શરીર બહિરંગ** સાધન છે. આ બન્ને સાધનનો યોગ બહુજ ઊંચા પ્રકારનો અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગતિવાળો અને શ્રદ્ધાવાળો હોય તોજ કાર્ય-સિદ્ધિ મેળવી શકાય છે. અતરંગ સાધનરૂપ "**બુદ્ધિ યોગ**" સર્વથી શ્રેષ્ઠ ગણાય છે. અને બુદ્ધિયોગ પણ મુમુક્ષુ વિચારવાળોજ ઉત્તમ છે. તેમ બહિરંગ સાધનરૂપ આ શરીર ઉચ્ચ પ્રકારનું, ઉચ્ચ સંસ્કાર વાળું, પૂર્વના પુણ્યબળના પ્રભાવથી ઉચ્ચવર્ણ જાતિવાળું, તેમ ઉચ્ચશ્રેણીની મહત્તાવાળું જોઇએ. ત્યાં કર્મના બળથી શરીરની પ્રાપ્તિ શાસ્ત્ર વર્ણવે છે—અર્થાત્ ઉચ્ચ—નીચ્ચ કર્મોના બળમાં ઉચ્ચ નીચ્ચ વર્ણજાતીનું શરીર ઉત્પન્ન થાય છે. શાસ્ત્ર સ્મૃતિ પુરાણાદિમાં વર્ણવ્યા પ્રમાણે મનુષ્ય કોટિમાં નીચામા નીચું શરીર અંત્યજથી લઇને તેથી ઉચ્ચ વર્ણ જાતીમાં શૂદ્ર—શૂદ્રથી ઉચ્ચ વૈશ્ય—વૈશ્યથી ઉચ્ચ ક્ષત્રિય, અને ક્ષત્રિયથી ઉચ્ચ એટલે કેવળ ઉચ્ચ સ્વભાવ-રૂપ, ઉચ્ચ ગુણરૂપ, ઉચ્ચ કર્મરૂપ, ઉચ્ચ ભક્તિરૂપ, ઉચ્ચ જ્ઞાનરૂપ આ ઉચ્ચ સંસ્કારવાળું "**બ્રાહ્મણ**" નું શરીર સર્વ માન્ય સ્વરૂપ છે.

વલી ૪ થી.

ઉચ્ચ નીચ્ચ વર્ણ જાતીમાં જન્મ પામવાનું ધોરણ.

જેવાં જેવાં કર્મ કરવામાં આવ્યાં છે. તે તે પ્રકારે કર્મરૂપ શરીરો ઉચ્ચ નીચ્ચ વર્ણ જાતીમાં અવતાર પામેલાં છે. અને આવીજ રીતે ઉચ્ચ નીચ્ચ કર્મ કરવાથીજ સૃષ્ટિના અંતપર્યંત જન્મ પામવાનાં છે. એક વખત જે વર્ણ જાતિમાં જન્મ પામે તેજ વર્ણમાં શાસ્ત્રાધાર વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે યથાર્થ વર્ત્તન ચલાવી ઉચ્ચ બુદ્ધિથી ઉચ્ચ કર્મ કરે તો તે આ શરીર છુટયા પછી અન્ય જન્મમાં તેથી ઉચ્ચ શરીરરૂપ શ્રેણીમાં આવે છે.

અને નીચ્ચ કર્મ કરે, વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે વર્ત્તન રાખે નહીં સ્વચ્છંદપણે ગમે તેમ વર્ત્તન ચલાવી અન્ય વર્ણ જાતિનાં કર્મો કરે, તો તે હવે પછીના અવતારમાં નીચ્ચ શરીરરૂપ જન્મને પ્રાપ્ત થાય છે.

ઉચ્ચ શરીરવાળો નીચ્ચ કર્મ કરે, વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થા પ્રમાણે ચાલે નહિં તો આ શરીરેજ નીચ્ચ જાતિમાં જઈ શકે છે. પણ નીચ્ચ શરીરવાળો આ પોતાના શરીરથી બ્રાહ્મણ સમાન વર્ણાશ્રમ મર્યાદા સેવે તો પણ તે આ શરીરથી ઉચ્ચ શરીરધારી તો બની શકતોજ નથી. જો આ વખતે સદ્ગુણ પૂર્વક સત્ધર્મ આચરતો હશે તો અન્ય અવતારમાં તેથી ઉચ્ચ કોટીની વર્ણ જાતિમાં આવી શકશે એ સ્પષ્ટજ છે. પણ અત્યારના શરીરથી તો કદાપિ પણ નહિં. કોઈ એક શરીર તેજ શરીરમાં ઉચ્ચ કર્મ કરી શકે પણ ઉચ્ચ શરીર વણ વ્યવસ્થારૂપ કહેવાયજ નહિં. એ વાત પાછળ વર્ણવવામાં આવી છે.

વેદવિદ્યા ભણવા-ના અને ત્રિવર્ણને ભણાવવાનો અધિ-કાર બ્રાહ્મણનો છે.

નર જન્મ અથવા મનુષ્ય દેહમાં **બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય,** આ ત્રણ વર્ણ **દ્વિજાતી** કહેવાય છે. અને તેમને વેદમાં વર્ણવેલા અડતાળીસ કે તે પૈકીના સોળ સંસ્કારો કરવાનો તથા વેદવિદ્યા, શાસ્ત્રવિદ્યા, સ્મૃત્તિ પુરાણ, ઇતિહાસાદિક ભણવાની આજ્ઞા છે. ક્ષત્રિય, વૈશ્યાદિ બ્રાહ્મણને ભણાવી શકે નહિં. તેમજ વૈદિક કર્મો પણ બ્રાહ્મણોજ કરાવી શકે છે. અન્યને કરાવવાનો અધિકાર નહિં. તેમ ચોથા **શૂદ્રને પુરાણોક્ત** કર્મ કરવાનો અધિકાર તેમ પુરાણાદિક શ્રવણનો પણ **અધિકાર** છે. છતાં તેમને ત્યાં બ્રાહ્મણજ કર્મ કરાવી શકે. એમ આ ચારે વર્ણ સનાતન વૈદિક ધર્મની અધિકારી પ્રજા ગણાય છે.

સનાતન વૈદિક ધર્મ-ના પ્રમાણરૂપ આર્ષ ગ્રંથો.

વૈદિક સનાતન ધર્મના પ્રમાણભૂત ગ્રંથોથીજ ધર્મ મર્યાદા ચાતુર્વર્ણ્ય પ્રજામાં માન્યરૂપ છે. અને તેજ પ્રમાણથી વૈદિક કર્મ, ઉપાસના અને જ્ઞાન યથાર્થ સચવાયું છે. ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ આ ચારે સંહિતાઓ મળીને એક વેદ તે અપૌરૂષેય છે. કેમકે **नकश्चित् वेदकर्त्तास्यात् वेदस्मर्ता चतुर्मुखः ।** વેદોનો કોઈ કર્ત્તા નથી વેદનું સ્મરણ જેમને છે તે બ્રહ્મા છે. અર્થાત્ વેદ સાક્ષાત પરમાત્મા સ્વરૂપ અકર્ત્તા છે. **अस्य महतो भूतस्य निःश्वसितमेतदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेद इतिहासः पुराणाश्च ।** શ્રુતિ કહે છે કે—ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, બ્રાહ્મણોમાં કહેલા ઇતિહાસો અને પુરાણો એ પરમાત્માના નિઃશ્વાસરૂપ છે એટલે અપૌરૂષેય છે. તે વેદોનાં **ઉપનિષદો, બ્રાહ્મણો,** તેના ઉપર વિશેષ ખુલાસારૂપ **શાસ્ત્રો, માનવધર્માદિ**

સ્મૃતિઓ, **અષ્ટાદશ** પુરાણોપપુરાણો, તથા **રામાયણ મહાભારતાદિ** ઇતિહાસો તથા વૈદિક સનાતન ધર્મની શ્રેણીપૂર્વક બીજા અન્ય ઋષિઓ મુનીઓ તથા મહત્ પુરૂષોના સર્વ માન્યવર ગ્રંથો પણ આર્ષપ્રમાણરૂપ ગણાય છે.

સનાતન વૈદિકધર્મ, કર્મ, ઉપાસના અને જ્ઞાનપર્યંતનો સંપૂર્ણ બોધકરવાનો અધીકાર બ્રાહ્મણ વર્ણને છે.

સનાતન વૈદિક ધર્મના **ઉપદેશકો**-સંન્યાસી, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ શાસ્ત્રીઓ પંડિતો અને પુરાણીઓ, સનાતન ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજાને **બોધકર્ત્તા** છે. પણ આદિમાં દ્વિજાતિ સંસ્કારના અધિકારીને જાણી સર્વ વર્ણને એક સરખો બોધ કરે એવો નિર્ણય છે. કેમકે પરમાત્માની ઉપાસના ભક્તિ કરી તેમને ઓળખી, જાણી, ધ્યાન કરી, ગુણ ગાવાને સર્વ વર્ણને સરખો હક છે. **બ્રાહ્મણ** શિવાય કોઈ બોધ કરી શકે નહિ. વેદમાં વર્ણવેલાં કર્મ માત્રનો-તેમ ૐકાર સ્વરૂપના પંચપાદની ઉપાસનાના અનુક્રમનો અને તેની મર્યાદાનો-તેમ બ્રહ્મવિદ્યા જ્ઞાનનો સંપૂર્ણ રીતે જાતે કરવાનો અને ત્રિવર્ણને તેમ કરાવવાનો પરમ અધિકાર-સદ્ગુરૂ રૂપ મહાત્મ્ય વાળો આ ઉચ્ચમાં ઉચ્ચ વર્ણનો **બ્રાહ્મણ** છે. અને તે વૈદિક સનાતન ધર્મની શ્રેણી પ્રમાણે અનુક્રમે પ્રથમ **વર્ણાશ્રમ ધર્મ**-પછી **વૈદિક કર્મ** પછી વૈદિક રીત્યા ૐકારની **પંચપાદ પૂર્ણ બ્રહ્મની ઉપાસના**-અને પછી સાધન સંપન્નતા સહ બ્રહ્મવિદ્યા જ્ઞાન પ્રાપ્ત કરી જીવન્મુક્ત સ્વરૂપે સ્થિત રહે છે. માટેજ નીચેના ત્રિવર્ણને તેજ પ્રમાણે યથાર્થ બોધ આપી અધિકારપૂર્વક, સંસ્કારપૂર્વક, કર્મ, ઉપાસના, અને જ્ઞાન સમજાવે છે. એમ જીવન્મુક્ત સદ્ગુરૂ યોગી સ્વરૂપ બનવાને યોગ્ય આ **બ્રાહ્મણ** છે. મનુ મહારાજ કહે છે કે-

॥ भूतानां प्राणिनः श्रेष्ठाः प्राणिनां बुद्धिजीविनः ॥
॥ बुद्धिमत्सु नराः श्रेष्ठा नरेषु ब्राह्मणाः स्मृताः ॥
॥ ब्राह्मणेषु च विद्वांसो विद्वत्सु कृतबुद्धयः ॥
॥ कृतबुद्धिषु कर्त्तारः कर्त्तृषु ब्रह्मवेदिनः ॥
॥ तेषां न पुजनीयोन्य स्त्रिषु लोकेषु विद्यते ॥

સ્થાવર અને જંગમ પ્રાણીયોમાં-આહાર અને નિદ્રા આદિ કરનારાં પ્રાણીયો શ્રેષ્ઠ છે, તે પ્રાણીયોમાં પણ બુદ્ધિવડે આજીવિકા ચલાવનારાં પ્રાણી શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન પ્રાણીયોમાં મનુષ્યો શ્રેષ્ઠ છે. મનુષ્યોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોમાં વિદ્વાનો શ્રેષ્ઠ છે. વિદ્વાનોમાં શાસ્ત્રોક્ત કર્મને જાણનારા શ્રેષ્ઠ છે. શાસ્ત્રોક્ત કર્મ જાણનારાઓમાં શાસ્ત્રોક્ત કર્મ કરનારા શ્રેષ્ઠ છે. શાસ્ત્રોક્ત કર્મ કરનારાઓમાં

પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને જાણનારા બ્રહ્મવેત્તા પુરૂષ (જીવન્મુક્ત) શ્રેષ્ઠ છે. આ ઉપરથી સમજાય છે કે, બ્રહ્મવેત્તા થનારા પુરૂષો બ્રાહ્મણ શરીરથીજ વસ્તુ સિદ્ધ ભૂમિકા ઉપર પહોંચી શક્યા છે. અન્ય જાતીના નહિ. આ બ્રાહ્મણોને પૂજવા યોગ્ય ત્રણલોકમાં અન્ય નથી. બ્રાહ્મણ જો પૂજા કરે તો બ્રાહ્મણ શરીરે જીવન્મુક્ત સ્થિતિએ જનારા **બ્રહ્મવેત્તાનીજ** પૂજા કરે–અને તે સંત યોગી રૂપનીજ પૂજા કરે. એટલાજ માટે નૈષ્ઠિક બ્રહ્મચારી કે સંન્યાસીજ યોગી છે અને તેજ ધર્મશાસ્ત્ર પ્રમાણે પૂજન યોગ્ય ગણાય છે–પણ સંન્યાસી બ્રહ્મચારીના વેષથી માથુ મુંડાવી કે જટા વધારી ક્ષત્રિય વૈશ્ય કે શૂદ્ર જાતિનો માણસ પોતાને *સંન્યાસી બ્રહ્મચારી મનાવતો હોય, કાષાય વસ્ત્ર ધારણ કર્યા હોય અને કદાપિ કદાપિ વાક્ચાતુર્યે કે ગોખી રાખેલાં વ્યાખ્યાનો આપતો હોય. તો તેથી બ્રાહ્મણોને તે પૂજવા યોગ્ય નથી. બ્રાહ્મણોજ સર્વથી શ્રેષ્ઠ અને પ્રભુરૂપ છે. **(धर्म तो ब्राह्मण: प्रभू: ।)**

કર્મ–અકર્મ–અને વિકર્મનું સ્વરૂપ.

વેદ શાસ્ત્રાદિકમાં આજ્ઞા કર્યા પ્રમાણે વૈદિક કર્મ કરીને તે કર્મ પરમાત્માને અર્પણ કરવું તે **कर्म** છે. અને વેદ શાસ્ત્રાદિકમાં જે કર્મ કરવાનો નિષેધ કર્યો છે. તે સર્વ **अकर्म** કહેવાય છે. તથા વેદ શાસ્ત્રમાં જેમ કરવાને કહ્યું છે તેમ ન કરતાં તેથી વિરૂદ્ધ અને ઉલટ પ્રકારથી કરવું તેનું નામ **विकर्म** કહેવાય છે. આ કર્મ સબંધીનો વિષય બીજા ગ્રંથોમાં સ્ફૂટ વર્ણવાયેલો છે. તેથી આ જગોએ વિષયાંતર રૂપથી તેને વર્ણવ્યો નથી. પણ આ કર્મને વર્ણવવાની જરૂર એવા પ્રકારે છે કે જે માણસ સનાતન વૈદિક ધર્મની શ્રેણીપૂર્વક વર્ણાશ્રમ ધર્મ મર્યાદાથી નીતિ રીતિએ ચાલી વૈદિક કર્મોને સેવે છે. અને પરબ્રહ્મ પરત્માને અર્પણ કરી નિષ્કામ બુદ્ધિએ પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છે છે. તેજ આગળ વૈદિક **उपासना**નો અધિકારી થાય છે. વૈદિક કર્મોને સેવતાં સનાતન વૈદિક ધર્મની મર્યાદા પ્રમાણે અત્યારે પોતે જે જે વર્ણાશ્રમ વર્ગમાં હોય. તેની શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે મર્યાદા સંભાળવામાં આવે તોજ વૈદિક કર્મોનું શુદ્ધ પુણ્ય બળ ઉત્પન્ન થાય છે. તેની સાથે રાજસી તામસી બુદ્ધિના વિચારોનો

---

* હાલમાં કેટલાએક ઢોંગી કાષાય વસ્ત્ર ધારણ કરી મોઢે ગોખી રાખેલાં પાંચ સાત વ્યાખ્યાનો જ્યાં ત્યાં આપે છે. સાથે સ્ત્રીઓ રાખે છે અને તે સ્ત્રીઓમાં વ્યાખ્યાન આપે છે. પણ દેશના બ્રાહ્મણોએ યાદ રાખવું જોઇએ કે જેની જાત ભાત જાણવામાં આવતી નથી એવા અચોક્કસ માણસના પ્રસાદરૂપ ઉચ્છિષ્ઠ લેવું એ યોગ્ય ધર્મચુસ્ત બ્રાહ્મણોને છાજતું નથી. જે વટલે છે તે પોતાના ધર્મથી વટલે છે. પણ બોધક પુરૂષોએ જાગૃતી આપવી જરૂરનીછે. સંન્યાસીની સાથે દીનનીશનો સ્ત્રી સહેવાસ યોગ્ય ગણાતો નથી તે ધ્યાનમાં રાખવા સરખું છે. વિવેકી તો સમજે છે પણ અંધ શ્રદ્ધાળુઓની આંખો ઉઘાડવા જેવી છે.

સર્વથા ત્યાગ કરી સાત્વિક વિચારો સેવવા જોઇએ. પણ પોતાની જાતીની વર્ણાશ્રમ મર્યાદા પ્રમાણે વર્ત્તન રાખવું. પણ જો પોતાના વર્ણાશ્રમથી રહિત સ્વચ્છંદી અન્ય પ્રકારે ધર્મ મર્યાદા સંભાળવામાં આવે અને તે કર્મો ઉચ્ચ જાતીને યોગ્ય હોય. તોપણ વિપરીત ફળને આપવાવાળાં છે. એમ ભગવદ્‌ગીતામાં પ્રમાણ છે. (**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।**) તે ધ્યાનમાં રાખવું જોઇએ. આ ઉપરથી સમજાય છે કે, રામાયણમાંનો તપ કરતો શૂદ્રક અધર્મને ઉપજાવતો હોવાથી તેનો વધ કર્યાની કથા પ્રસિદ્ધજ છે. માટે એ વિપરીત પરિણામથી જાગૃત રહેવું. કોઇના ઉપર રાગ દ્વેષ રાખવો નહિ. જેમ બને તેમ બ્રહ્મચર્યાદિકનું તથા ઉત્તમ સદ્‌ગુણોનું સેવન કરવું–કર્મના ફળની અપેક્ષા રાખ્યાશિવાય હરેક કર્મ બ્રહ્માર્પણ બુદ્ધિથી કરવાં. સડેલાં ફળ જેમ રાજાના આતિથ્યમાં ધરાવાતાં નથી. તેમ રાજસી તામસી નિંદ્ય કર્મો પ્રભુને અર્પણ થતાં નથી તે ધ્યાનમાં રાખવું. સ્નાન, સંધ્યા, ભૂશુદ્ધયાદિક કર્મ, ૐકારસ્વરૂપ પંચાયતનપૂજા સંત સમાગમ, ગુરૂ ભક્તિ, મુમુક્ષુતા, સાધન સંપન્નતા, આદિ તત્વજ્ઞાન પ્રકાશક શુદ્ધ ધર્મોનું સેવન કરવું. દંભ, પાખંડ, છળ, કપટ, વિશ્વાસઘાત, ચોરી, ચાડી, નિંદા, અશ્રધ્ધા, નાસ્તિકતા ઈત્યાદિક અધર્મના બળનો સમૂળો નાશ કરવો વિગેરે સંપૂર્ણ સનાતન વૈદિક ધર્મ મર્યાદા સેવનાર પુરૂષ વૈદિક કર્મો કરતાં કરતાં એ ઉત્તમ સ્વધર્માચારથી પોતાની બુદ્ધિમાંના દોષો (મલ, વિક્ષેપ આવરણ) પૈકીનો પ્રથમનો **મલદોષ** નિવૃત કરી શકે છે. એટલે તે કર્મ કરનારો પુરૂષ **ઉપાસના**નો અધિકારી થાય છે. **ઉપાસના** કરવાથી **વિક્ષેપદોષ**ની શાન્તિ થાય છે. મલ દોષ બુદ્ધિનો બાહ્ય દોષ છે. અને વિક્ષેપ દોષ તે બુદ્ધિની અંદરનો દોષ છે. બુદ્ધિમાંથી વિક્ષેપ દોષ જાય ત્યારેજ તે બુદ્ધિ–જ્ઞાનની અગમ્યતા રૂપ અખંડ અવિભક્ત અભેદ શ્રદ્ધાને ધારણ કરવા સમર્થ થાય છે. માટે બુદ્ધિમાંથી વિક્ષેપ દોષ દૂર કરવાની ખાસ જરૂર છે–કે ઉપાસના બરાબર થાય.

વલ્રી ૫ મી.

પ્રકૃતિ એટલે બુદ્ધિનું સ્વરૂપ અને પ્રમાણ.

ચાલતા વિષયમાં "**બુદ્ધિ**" નામાત્મક શબ્દથી વિશેષ જાણવાની જરૂર ધારી છે. વેદો અને શાસ્ત્ર પુરાણોમાં "**પ્રકૃતિ**" શબ્દ વાપરેલો છે. તેનેજ "**બુદ્ધિ**" કહેવામાં આવે છે. નિરાલમ્બોપનિષદ્‌માં પ્રકૃતિ શબ્દની વ્યાખ્યા નિચે મુજબ છે. **ब्रह्मणः सकाशान्नाना च [illegible] चित्रजगन्निर्माण साम-**

ध्यांत् [illegible]द्धिरूपा ब्र[illegible]शक्तिरेव प्रकृतिः । (અર્થ) પરમાત્મા પરબ્રહ્મ ચૈતન્ય સ્વરૂપના ઘણા નજીકમાં રહેવાવાળી–જુદા જુદા પ્રકારના વિચિત્ર જગતને નિર્માણ કરવાના સામર્થ્યથી જેનું સ્વરૂપ “ **બુદ્ધિ** ”જ છે તેજ પરમાત્મા પરબ્રહ્મની સ્વયં સત્તારૂપ તેજ **પ્રકૃત** છે. આ ઉપરથી સમજાશે કે પરમાત્માની સ્વયં સત્તારૂપ એટલે વસ્તુરૂપ પરમાત્માની સત્તા–વસ્તુરૂપ પરમાત્માથી ભિન્ન હોઈ શકેજ નહીં. અર્થાત્ આ પ્રકૃતિ તત્વ પુરૂષ પરમાત્મામાં અભેદ સ્વરૂપે સિદ્ધ છે. જેથી પ્રકૃતિતત્વ (બુદ્ધિ)ની પૂર્ણતાએ બુદ્ધિરૂપ સત્તા જે ચૈતન્ય સ્વરૂપમાં તદ્રૂપતાને પામે તેજ પરમાત્મા છે એવો નિશ્ચય વેદોનો છે.

હવે આ પ્રકૃતિતત્વ એટલે બુદ્ધિજ સિદ્ધ છે. એમ સમજાતાં તે બુદ્ધિ તત્વરૂપ સત્તાવડે પરમાત્મ તત્વનું ભાન છે. એટલે આ પરમાત્માની સત્તાને “ **બુદ્ધિ** ” એવા નામથી એક તત્વ ગણવામાં આવે છે. અને તેને “ અંતઃકરણ ”માંના મુખ્ય શ્રેષ્ઠ ભાગરૂપે વર્ણવે છે. જેટલી બુદ્ધિ તત્વની શુદ્ધતા અથવા નિર્મળતા હોય તેટલીજ પરમાત્મ તત્વ પ્રકાશની પ્રાપ્તિ થાય છે. **બુદ્ધિ તત્વના ઉપર આ જન્મમાં સંગદોષ લાગી શકે છે. તેમ જન્મ જન્માંતરોના સંસ્કારો પણ બીજરૂપે રહી શકે છે.** માટે બુદ્ધિ તત્વને બાહેરથી અને અંતરથી શુદ્ધ કરવાની શાસ્ત્રાધારે જરૂર છે. આ મનુષ્યાવતારમાં અન્ય મનુષ્યાદિનો સંગદોષ લાગવાથી બુદ્ધિ તત્વના ઉપર મલ ચઢી જાય છે. અને તે એવી રીતે કે જેમ એક તાંબા પીતળનું વાસણ ઘણાં વર્ષ સુધી અવાવરૂ પડી રહ્યું હોય અગર વરસાદનાં પાણી ભરાઈ રહેવાથી અગર મલીન પદાર્થોના સંસર્ગથી તેને ઘણાં વર્ષ સુધી અજવાળવામાં ન આવે તો તે વાસણના ઉપર કાટ ચઢી જાય છે. અને તે ઘણા વખત સુધી સાફ કરવાને બહુજ પરિશ્રમ ઉઠાવવો પડે છે. કાટ કે તેવા ડાઘા નીકળી શકતા નથી ત્યારે મજબુત રીતે અસર કરનાર તેજાબ વિગેરે લગાડી તેને સાફ કરતાં તે પોતાના મૂળ સ્વરૂપને પામે છે. એમજ આ બુદ્ધિનો આ જન્મમાં જ્યાંથી ઉપયોગ કરવામાં આવે ત્યાંથીજ દ્વૈતબળ આપનારા માતા, પિતા, બંધુ, સહોદર આદિથી દ્વૈત પ્રવાહમાં વહેવા લાગતાં તે શબ્દો અને વિચારોની સારી માઠી અસર થાય છે વળી શરીર જેમ વૃદ્ધિને પામે તેમ તેમ કામી પુરૂષના, ક્રોધી પુરૂષના, લોભી મનુષ્યોના, દાંભી મનુષ્યોના અને શાસ્ત્રનિંદક વા સર્જ્જન પુરૂષોના સમાગમમાં આવતાં જેવો જેવો સંગ તેવી તેવી અસર બુદ્ધિના ઉપર થવા લાગે છે, અને તે પછી એવી રીતે ધાડી બની જાય છે કે, આ બુદ્ધિના ઉપરનો સંગદોષનો ચઢેલો

બુદ્ધિના મલદોષનું સ્વરૂપ અને તેનો લય કરવાને વેદોક્ત નિષ્કામ કર્મ કરવાની જરૂર છે.

મલ સાધારણ બોધરૂપી જળથી અગર સાધારણ સજ્જન પુરૂષોના સમાગમથી સુધરી શકેજ નહીં. જેની બુદ્ધિ ઉપર મોટી ઊમ્મર થયા પછી કાંઇક સગની અસર લાગી હોય અને તેથી ઊલટ દશાને પામ્યો હોય તેવા સાધારણ સ્મૃતિ ભ્રંશ બુદ્ધિના નિશ્ચયને સજ્જનોનો સમાગમજ અસર કરી ઠેકાણે લાવે છે. પણ જેને નાનપણથીજ અહં મમતા ક્લેશ, કંકાશ, દંભ, પાખંડ, લોભ, તૃષ્ણા, સુખદુ:ખ, માનાપમાન, અશ્રદ્ધા વિગેરે માતાપિતાના આદિ સહોદરોના સમાગમમાંથીજ ટેવ પડી હોય તે કાઢવાને માત્ર સજ્જનોનો સગ બસ નથી તેમને માટે શાસ્ત્ર પ્રમાણે મલદોષ નિવર્ત્યે નિષ્કામ કર્મ કરવુંજ જોઇએ. અને એમ કરતાં તે ઘણા દિવસે સુધરી શકે છે—એવા પુરૂષની બુદ્ધિના મલદોષની નિવૃત્તિને અર્થે જેમ પેલા વાસણને માટે **તેજાબ** અને વિશેષ પરિશ્રમની જરૂર પડે છે તેમજ એને માટે તેજાબરૂપ વૈદિક કર્મો અને તેમાં વિશેષ પરિશ્રમરૂપ ગાયત્રી આદિનો જાપ તથા તેમાંજ વખતનું રોકાણ અને એવા કર્મઠોનો સમાગમ અગર વિશેષત્વે દયાવાન ક્ષમાવાન આદિ સદ્ગુણસંપન્ન સજ્જનોનો સમાગમજ અસર કરી શકે છે એમ આજ જન્મમાં બુદ્ધિ તત્વના ઉપર સગદોષ લાગી શકે છે તેનું વર્ણન થયું.

બુદ્ધિના વિક્ષેપ દોષનું સ્વરૂપ અને તેનો લય કરવાને ઉપાસનાની જરૂર છે.

હવે જન્મજન્માંતરોના સંસ્કારો પણ બુદ્ધિ તત્વમાં બીજરૂપે રહી શકે છે. તેને **વિક્ષેપ** અથવા **વિક્ષિપ્ત** કહેવામાં આવે છે—આ બુદ્ધિમાંનો વિક્ષેપ દોષ તે બુદ્ધિની આંતરનો દોષ કહેવાય છે. આગળ વર્ણવી ગયા પ્રમાણે વાસણની ઉપરના કાટરૂપ દોષનો નિકાલ થવા માટે જેમ વૈદિક કર્મ અને સાત્વિક સતકર્મોની જરૂર છે. તેમજ બુદ્ધિના આંતરના વિક્ષેપ દોષનો નિકાલ થવા માટે વૈદિક **ઉપાસનાની** જરૂર છે. વિક્ષેપનું સ્વરૂપ બુદ્ધિની આંતરનું છે. અને તે એવી રીતે કે સો ટચનું સોનું તે પૂર્ણ કિમ્મતવાન છે. પણ જે સોનામાં રૂપારાય કે તાંબારાય ભળેલી હોય તો જે પ્રમાણે તે ભળેલી હોય તે પ્રમાણમાં તે સોનાની કમી કિમ્મત ગણાય છે. એટલે તે સો ટચનું સોનું નથી. અર્થાત્ આ સોનાના આંતરૂમાં રૂપું કે તાંબુ ભેળસેળ થયેલું છે. તે જેમ વાસણને અજવાળવાને તેજાબ તથા ખટાશ વિગેરે પાણી અને પરિશ્રમ કામ લાગે તેમ આ આંતરૂમાં ભેળસેળ થયેલા મળને કાઢવાને તે વસ્તુ કામ લાગે નહીં. આ અંતર્ગર્ભિત રૂપા તાંબાના ભેગને ટાળવા માટે બીજો ઉપાય કરવાની જરૂર છે. સોનાને ઉપર ઉપર અજવાળ્યાથી આંતરનો વિક્ષેપ રૂપ મળ નીકળી શકેજ નહિં એ સ્પષ્ટ છે—તેમ વૈદિક કર્મોજ અગર તેવી રીતેજ અન્ય પણ સતકર્મો કરવાથી બુદ્ધિના આંતરૂનો વિક્ષેપ કાઢી શકાતો નથી. જેમ સોનાની

અંદર ભેળસેળ થયેલા રૂપા તાંબાના ભાગને બાળવા માટે તે સોનાને સારી રીતે દેવતા ઉપર ચઢાવવું પડે અને તેમાં તેના શોધનને માટે અથવા ભેળસેળને બાળવા માટે જેટલો જોઇએ તેટલો **તેજાબ** અને **ખાર** વિગેરે પણ નાખવું પડે–ત્યારે સોનાના આંતરડાં એટલે રોમરોમમાં પ્રવેશ થઇ બેઠેલો આ ભેળસેળરૂપ રૂપા તાંબાનો ભાગ બળીને ભસ્મ થાય છે. પછી તે માત્ર કેવળ સોનુંજ સો ટચનું શુદ્ધ રહે છે તેમ બુદ્ધિના રોમ રોમાંચમાં જન્મ જન્માંતરોની સંસ્કારરૂપ વાસનાના યોગે ભરાઇ બેઠેલો આ વિક્ષેપ (વિક્ષિપ્ત ચિત્ત) રૂપ ભેળસેળ પદાર્થ કે જે બુદ્ધિની સ્થિરતા અને નિર્મળતામાં ખામી લાવનારો છે. તેને કાઢવા માટે જેમ સોનું સોનીને સ્વાધિન કરવાની જરૂર પડી હતી. તેમ આ બુદ્ધિને–તત્ત્વજ્ઞાની જીવન્મુક્ત બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ટ સદ્‌ગુરૂ સતપુરૂષના સ્વાધીનમાં મુકવાની જરૂર પડે છે. અને તેઓ પોતાની વેદ આજ્ઞારૂપી કુલડીમાં ઘાલીને પછી શરૂણ દિક્ષા મત્રના જપ રૂપી અગ્નિમાં તપાવવાનુ કામ શરૂ કરે છે. અને બીજા પ્રકારથી અગ્નિ સ્વરૂપ બનાવવાનો પૂર્ણ યત્ન પણ કરે છે પછી વિક્ષેપરૂપ અંતરના મલને સારી રીતે બાળવા સારૂ ગુરૂસેવા, ગુરૂશ્રદ્ધા, ગુરૂધ્યાન, ગુરૂભક્તિ અને અતે ગુરૂમાં તદ્દરૂપતા એટલે પરમાત્મારૂપ સદ્‌ગુરૂમાં પરમાત્મતા સમાન કરવાને વિવેક વૈરાગ્યાદિક રૂપી **તેજાબ** અને ષટ્ સપત્તિ સાથે શાસ્ત્રજ્ઞાન બોધરૂપ શ્રદ્ધા ખાર નાખી તમામ વિક્ષેપ રૂપ મળને બાળી સાફ કરે છે. એટલે આ ઉપાસનામાંજ તે પરીપાક દશાની પ્રાપ્તિને પામે છે તેજ મોક્ષ તૂર્ય સ્વરૂપ તદ્દરૂપ સુવર્ણમય બને છે. અને તેટલાજ માટે ઉપાસના એટલે ભક્તિની સર્વોપરી શ્રેષ્ઠતા શ્રીમદ્‌ભગવાન ભાષ્યકાર શ્રીમત્ આદ્ય શકરાચાર્ય મહારાજે પણ વર્ણવી છે. (**मोक्षकारण सामग्र्यां भक्तिरेवगरीयसी**) અને તેમજ શ્રીમદ્ વિદ્યારણ્યસ્વામિ મહારાજે પણ વર્ણવી છે.

ઉપાસના અથવા ભક્તિનું સ્વરૂપ–અને તેની આવશ્યકતા.

उपासना—એ શાસ્ત્રીય નામ છે તેમ **भक्ति** પણ શાસ્ત્રીય નામ છે. છતાં લોક સમુદાયમાં સામાન્ય ભાવથી "**ભક્તિ**" શબ્દ વિશેષ વપરાયેલો જણાય છે. બંન્ને શબ્દોની અર્થ સત્તા એકજ ભાવને સૂચવે છે–વેદના ત્રિકાંડમાં–કર્મકાંડ–ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ–એ એકબીજા સાથે અભેદપણાને પામેલા છે. કર્મ વિના ઉપાસનાનો અધિકારી નથી. અને કર્મ, ઉપાસના શિવાય જ્ઞાનનો અધિકારી નથી. અને ત્રણેના અભેદમાં એટલે ત્રણેની સમાપ્તિમાં સ્વયંબ્રહ્મ સ્વરૂપની પ્રાપ્તિ છે. છતાં અનુક્રમે આવ્યા શિવાય કોઇપણ અધિકારીને છુટકોજ નથી. કેવળ જીવન્મુક્ત દશાની પ્રાપ્તિ પર્યંત તેમ વર્ણાશ્રમ ધર્મમર્યાદાથી પણ વર્ણાશ્રમના અંતપર્યંત

ત્રણે કાંડનો અભેદ અનુભવ હોય તોજ સિદ્ધાન્તભૂમિકા ઉપર પહોંચે છે. એવો વૈદિક મર્યાદાનો યોગ છે. જેમ કર્મના ત્યાગને માટે **न कर्मणा न प्रजया** આ શ્રુતિનો અર્થ વર્ણવાય છે. તેમજ ઉપાસનાની શ્રેષ્ટતા સાચવવા "**श्रद्धा भक्ति-ध्यान योगाद्वेवेहि** આ શ્રુતિ પ્રતિપાદનરૂપ છે. તેમ જ્ઞાનની શ્રેષ્ટ મર્યાદા સાચવવા માટે **ज्ञानादेव कैवल्यम्** અથવા **ऋते ज्ञानान्नमुक्तिः** વિગેરે શ્રુતિઓ યોગ સમજાવી રહી છે. આખરે **ब्रह्मविदाप्नोति परम्** । આ શ્રુતિથી જીવન્મુક્તતાની પૂર્ણતા સમજાવે છે. યુક્તિ પ્રધાન છે. યોગમય સ્થિતિનો અનુભવ—અયોગ સ્વરૂપના અંતે શાન્તિસ્વરૂપ બ્રહ્મસદનમાં વાણી મનની શાન્તિને સમજાવે છે. પણ આ અનુભવનું વર્ણન કરવું તે વાણી બહારજ છે. શાન્તિના પ્રથમપાદ અયોગમાં આવી ત્યાંથી યોગની પૂર્ણતા જાણે અને ત્યાંથી અસંપ્રજ્ઞાત્—સંપ્રજ્ઞાત નામના પ્રદેશની નિર્વિકલ્પ—સવિકલ્પ રચનાને જુએ તેજ તેની નિચે પરસંવેદ્ય—સ્વસંવેદ્ય (ઊત્થાન નિરૂત્થાન કાળ) ભૂમિકામાં આવી તેજ સ્વસંવેદ્ય ૐકાર છે એમ અનુભવે એટલે ૐકાર પરબ્રહ્મ પરમાત્મા—અને શાન્તિ. આ ઊભયની અભેદતામાં વચ્ચે જેટલી ભૂમિકા આવે છે. તે સર્વે યોગમય સ્વાનુભવિક છે. એમ યોગીજનોની ઉત્તમોત્તમ પંક્તિ છે અને તે પંક્તિના યોગીયો **અમૃતનુંજ** સેવન કરતા કરતા અનુભવની પરે શાન્તિને પામે છે. એવો મહાન્ ગણાતા ઋષિઓ, મુનિઓ, અને પરમ યોગેશ્વરો તેમ શ્રીમત્ જગદ્ગુરૂ શ્રીશંકરાચાર્યનો નિશ્ચય છે. પણ આ વાતના અધિકારીજનોની પ્રથમ ભૂમિકા પરબ્રહ્મ પરમાત્મા ૐકારજ છે. માટે ત્યાંથી વેદવચન અપૌરૂષેય વિધિ વેદોમાં સ્પષ્ટ અર્થને સૂચવી રહી છે. અને તેના ઉપરની પાછળ વર્ણવ્યા પ્રમાણેની મહાન્ મર્મવાળી સ્વાનુભવિક વિધિ યોગીજનોનેજ ગમ્ય છે. અસ્તુ.

ૐકારજ ઉપાસ્ય છે. એ વાત વેદોમાં સ્પષ્ટ છે. **ॐ मित्येतदक्षरमुद्गीथ मुपासीत** । એટલે આ તો નિશ્ચય છે કે ૐ એવું પરમાત્માનું નામ અને તેજ પરમાત્માની મૂર્તિરૂપ—એમ અસ્તિ—ભાતિ, પ્રિય, નામ, રૂપ પર્યંત એક સરખોજ ૐકાર છે. તેજ ત્રણે કાળમાં **અસ્તિ**સિદ્ધ હોવાથી—અને તેજ ત્રણ કાળથી રહિત હોવાથી તે સગુણ—અને નિર્ગુણ ઊભય પ્રકારે વર્ણવાય છે. માટે તેજ ઊપાસના કરવા યોગ્ય છે. આમાં સ્વસ્વરૂપાવસ્થાથી થવું એજ જીવન્મુક્તતા છે. આ ઉપાસના નવ પ્રકારથી વર્ણવાયેલી છે. અને નવે પ્રકારથી પરિપૂર્ણતા થતાંજ ઉપાસનાની સિદ્ધિરૂપે સ્વસ્વરૂપાવસ્થાથી થવાય છે. (૧ શ્રવણ. ૨ કિર્તન. ૩ સ્મરણ. ૪ પાદસેવન. ૫ અર્ચન. ૬ વંદન. ૭ દાસ્ય. ૮ સખ્ય. ૯ આત્મનિવેદન.) આ નવે પ્રકારના સમાન પ્રવાહરૂપ યોગથી ઉપાસક પુરૂષ—જીવ—ઇશ્વર—માયા—અવ્યક્ત—વિદ્યા—અવિદ્યા—જગત—શરીર—અસત્—સત્—સમ તૂર્ય.

આ સર્વ ઉપાધિઓથી મુક્ત થઈ આત્મનિવેદનતાથી-ઉપાસક સ્વરૂપના હેતુના દ્વૈત વિકલ્પરૂપ **અહં** નામના મૂળનો સમૂળો ઉચ્છેદ કરી અદ્વૈત સ્થિતિના યોગે સ્વસ્વરૂપાવસ્થાથી પૂર્ણ મર્મને પ્રાપ્ત થઈ જીવન્મુક્તતા અનુભવે છે. અને શનૈઃ શનૈઃ દ્વૈતાદ્વૈતથી પરે યોગના અનુક્રમમાં શાન્તિપર્યંત પહોંચે છે. ઉપાસનાનો અંતિમ છેડો તે જ્ઞાનજ છે. જ્ઞાનની પરિસીમા બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ છે. આમ ઉપાસનાજ-**બ્રહ્મ** સ્વરૂપની પ્રાપ્તિ સ્વરૂપ છે. માટેજ

मोक्षकारण सामग्र्यां भक्तिरेव गरीयसि ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्य भिधीयते ॥

મોક્ષ કારણની સામગ્રીમાં "**ભક્તિ**" (ઉપાસના) સર્વોત્તમ સાધન છે. ભક્તિ શબ્દનો સંપૂર્ણ અર્થ તપાસતાં સ્વસ્વરૂપાવસ્થાથી સ્થિતિરૂપ થવું. એજ "**ભક્તિ**" છે. એમ સ્વસ્વરૂપાવસ્થાથી થતાં ભક્તિના નવ પ્રકારમાંની "**આત્મનિવેદન**" જે નવમો પ્રકાર છે. તેનો સંપૂર્ણ અર્થ સમાય છે. આત્મનિવેદન એટલે આત્માર્પણ એવો અર્થ થાય છે. આત્માર્પણમાં હું એવા નામવાળા શબ્દથી **જીવ** અને યાવત્ શરીરના અંતપર્યંતના તમામ તત્વો તે સર્વ શ્રી બ્રહ્માર્પણ કરવાં એવો અર્ધ થાય છે. એટલે હું એટલે શરીરાભિમાની જીવની સાથે-બુદ્ધિ, મન, ચિત્ત, અહંકાર, ભૂતત્વો, કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો-વિષયો, વ્યવહાર, આદિ જે જે આ સર્વની સાથે વ્યવહરતાં હોય તે સર્વ બ્રહ્મસ્વરૂપ ૐકાર પરમાત્મામાં નિવેદન-(અર્પણ) કરવાં એટલે માત્ર બ્રહ્મસ્વરૂપજ સિદ્ધ રહે છે. એવી આત્મનિવેદન ભક્તિથીજ સ્વસ્વરૂપાવસ્થાથી જીવન્મુક્તતા આપોઆપ પ્રાપ્ત થઇ સમજાય છે. આવો અર્થ ઉપાસના-ભક્તિમાં સમજાય છે. માટેજ ભક્તિ અને જ્ઞાનની સમરસતા છે. "**અહં**" નામના વિકલ્પથી ઉત્પન્ન થતા સંસાર નામના વૃક્ષનો સમૂળો ઉચ્છેદ કરવાને-**ઉપાસના** એજ પરમ સાધન છે. "**અહં**"નો ઉચ્છેદ થતાં અવશેષ પરબ્રહ્મ પરમાત્માજ છે. માયા જગત અને જીવ ઇશ્વરરૂપ મિથ્યા પ્રવૃત્તિનું મૂળ આ "**અહં**" નામનોજ વિકલ્પ છે. માટે ઉપાસના અને જ્ઞાનરૂપી સુવિચાર ચક્રની સમાન ગતિના રથ ઉપર બેસનારો પુરૂષ બ્રહ્મસ્વરૂપતાને પ્રાપ્ત કરતાં અહં વિકલ્પવાળા દુર્દૈવમાર્ગનો પરિત્યાગ કરી જન્મમરણાદિક ભવાટવી તરે છે.

ચિત્તની પાંચ અવસ્થા પૈકી પહેલી અને બીજી અવસ્થાના જીવો-તત્ત્વ જ્ઞાનના અધિકારી નથી. માત્ર ત્રીજી ચિત્તની અવસ્થાવાળો તે જીવ-અધિકારી મુમુક્ષુ-કે જીજ્ઞાસુ છે. જીવની સંજ્ઞા ચૈતન્ય તત્વના વિશેષ્યપણામાં સમાય છે માટે દેહોના સબંધથી **જીવ** એ વિશેષણ છે. યોગગીતામાં લખ્યું છે કે દેહને વિષે મોહ પામેલો દેહનો અભિમાની તેજ **જીવ** છે. એટલે જીવ કે જે

મૂળ ચૈતન્યમય ૐકારસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા છે તે બુદ્ધિ તત્વના વિક્ષેપ પણાના સંયોગથી તથા બુદ્ધિના સાભિમાનથી પોતે છતાં પોતાને જાણી શકતો નથી તે જો બુદ્ધિમાંથી વિક્ષેપ કાઢી અને તે બુદ્ધિને સ્થિરતાવાન અને નિર્મળ બનાવી શકે તો અવશ્ય તેથી બુદ્ધિની ચોથી અવસ્થા **એકાગ્રતાને** પ્રાપ્ત કરી શકે છે. તેનેજ **તૂર્ય** સ્થિતિ અથવા નિર્મળતારૂપે મોક્ષના સિદ્ધાન્તરૂપ કહેવામાં આવે છે. અને તે પછી જેમ સુવર્ણને ગેરૂ લગાડી સાફ કરતાં જેમ તેના પરમ સ્વરૂપે બનાવાય છે. તેમ ચોથા પદની એકાગ્રતાવાળી સ્થિરતારૂપ અને નિર્મળ બુદ્ધિના મોક્ષ સ્વરૂપનો આવરણ દોષ કાઢી નાખવા માત્ર ગેરૂ રૂપ અપૂર્વ બુદ્ધિનો નિદિધ્યાસનતાનો અભેદ યોગ સતત્ થવાથી બુદ્ધિની પાંચમી અવસ્થાએ મોક્ષથી પરે સ્વયં મુક્ત બ્રહ્મ સ્વરૂપ **નિરૂદ્ધ** ચિત્ત અવસ્થાને પ્રાપ્ત થાય છે. આ તાદાત્મ્ય સ્વસ્વરૂપાવસ્થામાં રહેનાર જીવાત્મા તેજ શાન્તિ યોગમાં ચૈતન્યમય ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માજ સ્વતઃસિદ્ધ છે એમ **જીવ** ઉપાસના કરવાથી તદ્દરૂપતાને પામે છે. માટે સ્વતઃ સિદ્ધ પરબ્રહ્મ પરમાત્મા **ૐકાર સ્વરૂપ** પ્રભુ ઉપાસ્ય દેવ છે.

વિક્ષિપ્ત ચિત્ત વૃત્તિને બુદ્ધિમાંનો **વિક્ષેપ** દોષ પણ કહેવામાં આવે છે. વિક્ષિપ્તની વ્યાખ્યા નિચે પ્રમાણે છે.

વિક્ષિપ્તા ચિત્તવૃત્તિ અથવા વિક્ષેપ દોષની વ્યાખ્યા–

रजस्तम स्तिरस्कृत्य केवल सत्वयुक्तो भवेत् सएव मोक्ष कामुको नान्येच्छा युक्तः सएवांतरं बाह्यं च कर्म ब्रह्मार्पण तया करोति—तत्र ब्रह्मानुभवहीनोपि न जगत् सुख मिच्छाति वैराग्य युक्तत्वात्, तस्यान्त्रित्तं विक्षिप्तं, उभयत्र सुख हीनत्वात् । इति. मु० । यो० मा० ।

રજોગુણ તમોગુણનાં કૃત્યોનો સ્વભાવ સાથે તિરસ્કાર કરતાં કેવળ સત્વ ગુણ સ્વભાવ અને સાત્વિક કર્મોમાં પ્રવૃત્ત રહેવું જોઇએ તેજ મોક્ષ માર્ગની કામનાવાળો અન્ય સર્વ ઇચ્છાનો ત્યાગ કરતાં તે બાહ્યાંતર તમામ કર્મ બ્રહ્માર્પણ બુદ્ધિથી કરે છે. બ્રહ્મના અનુભવ વિના–પણ જગત્ સુખની ઇચ્છા નથી કેમકે તે વૈરાગ્ય યુક્ત છે તેવા ઉભય પ્રકારથી સુખ રહિત ચિત્તવાળો તે **વિક્ષિપ્ત** ચિત્તવાળો કહેવાય છે.

અર્થાત્ બ્રહ્માનંદના સુખનો પરીપૂર્ણ અનુભવ નથી અને જગત્માં સુખ સમજાતું નથી. આમ ઉભય પ્રકાર સુખથી રહિત સ્થિતિનો તે જ્ઞાનાધિકારી છે. આ પ્રમાણે પ્રમાણ ભૂત વિક્ષેપ દોષનું સ્વરૂપ બુદ્ધિનું છે. તે માટે શ્રી પંચદશીકાર પણ વર્ણવે છે કે–

बहु जन्म दृढाभ्यासा देहादिष्वात्मधीः क्षणात् ।

पुनः पुन रुदेत्येवं जगत्सत्यत्वधीरपि ॥
विपरीता भावनेयमेकाग्रयात्मा निवर्त्तते ।
तत्वोपदेशात्प्रागेव भवत्येतदुपासनात् ॥

ઘણા જન્મના દૃઢ અભ્યાસથી દેહાદિકને વિષે ક્ષણે ક્ષણે આત્મ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને એ રીતે જગતમાં સત્યપણાની બુદ્ધિ પણ ઉત્પન્ન થાય છે આજ **વિપરીત** ભાવના કહેવાય છે એજ **વિક્ષેપ** દોષ (બુદ્ધિનો) છે. આ વિપરીત ભાવનારૂપ બુદ્ધિનો **વિક્ષેપ** દોષ એકાગ્રતા (ચિત્તની ચોથી તૂર્ય અવસ્થા) થીજ નિવૃત્ત થાય છે. માટે એકાગ્રતા પ્રાપ્ત કરવાને તત્વજ્ઞાનના ઉપદેશ પહેલાં એ તત્ શબ્દાત્મક એકાગ્રતાકારક અર્થ સત્તા વાચક પરમાત્મા ૐકાર સ્વરૂપ (સગુણ નિર્ગુણ સમાનાત્મક) પરબ્રહ્મની ઉપાસના કરવી.

वल्ली ६ ठी.

પરમાત્માજ છે.

આગળ વર્ણવી ગયા પ્રમાણે સ્વતઃ **સિદ્ધ પરબ્રહ્મ** પરમાત્મા ૐકાર સ્વરૂપ સ્વતઃ પ્રમાણથી **અસ્તિ** પદ વાચ્ય છે તેનું પ્રતિપાદન કરવાને અન્ય પ્રમાણની જરૂર નથી. આ અક્ષરાતીત અક્ષર સ્વરૂપ પરમાત્માથી સર્વ શબ્દાદિકનું પ્રતિપાદન થાય છે, એટલે શબ્દાશબ્દનું પ્રતિપાદન—પરમાત્માના **અસ્તિત્વ** સાથે સબંધ રાખે છે. " **પરમાત્મા નથી** " એમ કદાપિ હોઈ શકેજ નહિ. પોતે નથી એમ કદાપિ કહેવાયજ નહિં. પોતે નથી એમ કહેનારો પ્રત્યક્ષ પ્રમાણથી—ભ્રાન્તિવડે બોલે છે. **પોતે છું કે પોતે નથી** એમ સત્ય કે અસત્ય પણ વાણી દ્વારાએ પ્રકાશમાં આવતો આ બુદ્ધિનોજ પ્રકાશક—બુદ્ધિનો પ્રેરક, ને બુદ્ધિનોજ સાક્ષી, બુદ્ધિનોજ પતિ સાક્ષાત્ સ્વયં આત્મા પરમાત્મા પ્રભુ છે. માટે પરમાત્માનું અસ્તિત્વ તો સદાએ છે છે ને છેજ—

પરબ્રહ્મમાં સગુણ નિર્ગુણ ભેદ પ્રકાર માયા વાચક છે.

આ ૐકાર પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ સ્વતઃ પ્રમાણસિદ્ધ એટલે તેને પ્રતિપાદન કરવાને કોઈ પ્રમાણની જરૂર નથી એમ છે. તે સ્વયં ૐ શાન્તિ સ્વરૂપે સિદ્ધ સમજાતાં વાણી અને મનથી રહિત **અયોગ** સ્વરૂપે તથા વાણી મન જેમાં સમાય એવા **યોગ** સ્વરૂપે છે. તેનેજ યોગ શાસ્ત્રકાર ઊત્થાનના અભાવરૂપે **પરતોત્થાન** અને જેમાં ઊત્થાનની ઊત્પત્તિ લય સમજાય તે **સ્વતોત્થાન** સ્વરૂપે પણ કહે છે તેજ અવિનાશી, સમગ્ર ઉપાધિ રહિત, આદિ અંત ભાવના રહિત, શુદ્ધ નિર્વિકલ્પ, અખંડ એક

રસ અભેદ, ગુણાતીત, શબ્દાતીત, અક્ષરાતીત, અવસ્થાતીત (જાગૃત સ્વપ્ન, સુષુપ્તિ, તૂર્યથી રહિત.) કાળાતીત, દેહાતીત (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ મહાકારણથી રહિત) અને માયાતીત (અવિદ્યા, વિદ્યા, મહત્તત્વ, અવ્યક્તથી રહિત) છે, તેમજ માયા, દેહ, દેહી, કાળ, અવસ્થા, શબ્દ, ગુણ આદિ કાર્યના કારણરૂપ એટલે કાર્યની ઉત્પત્તિથી બીજ સુધી લય થતાં અંતે સ્વયંરૂપે સ્થિત એવા કારણના ભાવથી સંયુક્ત સ્વસંવેદ્ય **સગુણબ્રહ્મ સ્વરૂપે** તથા ઉપર વર્ણવેલા કાર્ય કારણના ભાવથી રહિત અભાવ સ્વરૂપ પરસંવેદ્ય **નિર્ગુણ બ્રહ્મરૂપે** પણ તેનેજ કહેવામાં આવતાં વાસ્તવિક સગુણ નિર્ગુણ બ્રહ્મના ભાવ અભાવરૂપવાળા પ્રકારથી પરે યોગ સ્વરૂપ તે **યોગાતીત** છે. કેમકે સગુણ અને નિર્ગુણ ભેદ પ્રકાર પણ ભાવ અને અભાવરૂપ હોવાથી માયાવાચક છે. અને પોતાના વિષે કલ્પાયેલા હોવાથી પોતાનાથી અભેદ છે. એમ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ એકમતે વર્ણવે છે. અને તેને યોગીજનો જાણે છે.

વેદાદિક શાસ્ત્રમર્યાદા પ્રમાણેની ૐકાર પરમાત્માની સગુણ નિર્ગુણ પ્રકારના સ્વસંવેદ્ય સ્વરૂપની સ્વતોત્થાન લક્ષણા સુધીની જાગૃતી એક સરખી રીતે સામાન્ય બુદ્ધિવાનોને સમજી શકવામાં બહુ કરીને હરકત પડતી નથી. પણ પરે **પરતોત્થાન, યોગ, અયોગ,** અને અંતે **શાન્તિ** સ્વરૂપપર્યંતની સમજ શક્તિના તત્ પ્રમાણ વર્ત્તન ચલાવનારા યોગીજનો—અનુભવમાં આગળ વધેલા હોય છે એટલે આ સૂક્ષ્મ બુદ્ધિના બોધથી પરે સ્વરૂપની સ્થિતિને માટે સૂક્ષ્મ અનુભવવાળા યોગીજનોજ પ્રયાણ કરી શકે છે. એટલે માત્ર **સગુણ નિર્ગુણ** અભેદસ્વરૂપમાં બોધથી પહોંચવાનો ખ્યાલ સામાન્ય રીતે અધિકારીનેજ થાય છે. માટે અધિકારી જનોના લાભાર્થે સગુણ અને નિર્ગુણ પ્રકારવાળી સ્વરૂપની વ્યાખ્યાથી પ્રારંભ કરવો ઉચિત છે. યોગીજનોને તેથી આગળ સમજવાને માટે યોગ અભ્યાસના અનુભવવાળા મહદ્ યોગીઓ અનુક્રમથી અનુભવમાં ખેંચે છે. એટલે તેઓ ગુરૂ કૃપાથી વધી ઠેઠ પૂર્ણબ્રહ્મ **શાન્તિ** સ્વરૂપમાં કેવળ સ્વસ્વરૂપ સ્વસ્વાનંદ દશાને પામે છે.

આ સિદ્ધાન્તપૂર્વક સનાતન વૈદિક ધર્મના નિશ્ચયો યુગાન્તરથી ચાલ્યાંજ કરે છે. જ્યારે કલિયુગના પ્રારંભમાં નાના પ્રકારના મતવાદીઓ અને બૌદ્ધાદિકોનું બહુ બલ વધ્યું. ત્યારે વૈદિક સનાતન ધર્મનો પુનરૂદ્ધાર કરવારૂપે શ્રી ભગવાન ભાષ્યકાર શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય, શ્રીમદ્ ભગવદ્પૂજ્યપાદાચાર્ય મહારાજે જરૂર જેટલા ભાવથી અને જરૂરીયાત પાદથી એટલે ૐકારના નિર્ગુણ સગુણ ઉભય અભેદ પ્રકારના સિદ્ધાન્તથીજ આરંભ કરી મુમુક્ષુઓને માટેજ બોધને જાગૃતિમાં લાવ્યા છે. તે ઉપરાંતના સિદ્ધાન્તની લક્ષણાઓ ખપ જોગ

કોઈ કોઈ સ્થાને વા બોધમાં તેમણે વર્ણવી માત્ર તેના અધિકારી યોગીજનોને જાગૃતી આપી છે. પણ તે યોગીજનોની શ્રેણી યોગીજનોજ જાણી શકયા છે.

ॐकार स्वतोत्थान ब्रह्मनुं स्वरूप.

ॐकार સ્વતોત્થાનથી આરંભ કરતાં આ સ્વતોત્થાન બ્રહ્મ સત્ય રીતે તો **एकानेकादि वर्जितम्** એટલે એકાત્મક **સત્** સ્વરૂપ (સૌર બ્રહ્મ) અને અનેકાત્મક **અસત્** સ્વરૂપ (શાક્ત બ્રહ્મ) તથા **આદિ** પદ વડે **સમાત્મક** સ્વરૂપ (વિષ્ણુ બ્રહ્મ) અને **સહજાત્મક** સ્વરૂપ (શિવ બ્રહ્મ) એમ ચાર પાદો સહિત અથવા ચાર પાદોસ્વરૂપ બ્રહ્મોથી પણ રહિત તે **યોગ** સ્વરૂપ **સ્વાનંદ** બ્રહ્મ છે. એમ ચાર પાદોરૂપ બ્રહ્મોનો પતિ—સાક્ષાત્ ચાર પાદોથી **રહિત** (નિર્ગુણ) અને ચારપાદ જેમાં છે એમ (**યોગ રૂપ**) **સહિત** (સગુણ) તે **બ્રહ્મણસ્પતિ** ॐ સંજ્ઞાવાચક છે એમ નિર્ગુણ અને સગુણ પ્રકારથી વેદ વર્ણવે છે. આ **બ્રહ્મણસ્પતિ** ॐ સંજ્ઞાવાચક પરમાત્માને આધાર આધેય સંબંધવાળા ભાવથી સ્વતોત્થાન **નિર્વિકલ્પ સ્વસંવેદ્ય** બ્રહ્મ એમ પણ સંજ્ઞા આપેલી છે. તેથી સ્વસંવેદ્યજ આદ્યબ્રહ્મ પરમાત્મા છે.

આ સ્વતોત્થાનને વિષેજ બ્રહ્મસૃષ્ટિ કલ્પનાભાસનો આરંભ જાણવો અને તે શાસ્ત્રાધારે એવી રીતે કે **સ્વતોત્થાન** ॐબ્રહ્મે મિથ્યાભાન કરનાર **સદૃશ** વિકલ્પ કર્યો (જે બીજા નામથી સ્વેચ્છા કહેવાય છે) **સદૃશ** એટલે જેમ દરપણમાં પ્રતિબિંબ ભાસે તેમ પોતાનામાં વિકલ્પ ભાસે–યોગ શાસ્ત્રમાં વિકલ્પની વ્યાખ્યા નિચે પ્રમાણે છે.

शब्दज्ञाना-पाती वस्तु शून्यो विकल्पः । योग सूत्रे.

વિકલ્પની કલ્પના અને વ્યાખ્યા.

અર્થ—શબ્દ જ્ઞાન માત્રથીજ ઓળખાણ આપતો પણ વસ્તુ તસ્તુ રૂપે સદાએ શૂન્યજ એટલે "**કંઈ નહિ**" "**કલ્પના માત્રજ**" **બ્રહ્મ નિર્વિકલ્પ છતાં વિકલ્પ** છે. જેમ **વંઝાપુત્ર** એ શબ્દજ્ઞાન માત્ર છે. **કદલી ગર્ભ** એ શબ્દ જ્ઞાનમાત્ર છે. શશશૃંગ એ શબ્દ જ્ઞાન માત્ર છે. વસ્તુ તસ્તુ રૂપે કંઈ પણ નથી.

એવા **વિકલ્પની** **अहमास्मि** વસ્તુ શૂન્ય ભાવનાવડે **अहं** સ્વરૂપાત્મક ભાવનાની **अहं** કૃતિને પરબ્રહ્મજ ધારણ કરતો હવો. પણ વાસ્તવિક રીતે બ્રહ્મ સ્વરૂપમાં અહં ભાવનું અદર્શન છે. તેથી તે '**વિકલ્પ**–વસ્તુ શૂન્ય સ્વભાવવાળો હોવાથી એક રીતે અનુસ્યુતપણાવડે બ્રહ્મથી ભિન્ન રૂપે અસ્તિત્વમાં અંગીકારાતો નથી. તેજ આ **વિકલ્પ** સૃષ્ટિની કલ્પનાના આરંભ કાળમાં પરબ્રહ્મથી ભિન્ન

બિંબ સ્વરૂપે નિકળી પ્રગટ થયો એમ કહેવાય છે. પણ **अहं** વિકલ્પ કૃતિમાં વસ્તુશૂન્યતાને લીધે બીજી રીતે દ્વૈત અભાવ છે. તેથી તે વ્યતિરેક રૂપે સ્વરૂપ સિદ્ધિથી અદ્વૈત છે. માટેજ ચાર પાદ રૂપ બ્રહ્મનો તત્ સ્વસંવેદ્ય સ્વતોત્થાન પરબ્રહ્મમાં અભેદ છે. કેમકે પરબ્રહ્મ તત્વ સદાએ શાસ્વત્ અને અભેદ સ્વરૂપ છે. માટે અન્વય સ્વરૂપે દર્શનમાં આવે છે–છતાંરૂપાના ભાસવાળા કાળમાં રૂપાનો ભાસ કલ્પાયો છતાં તે ભાસ પણ છીપજ છે. એમાં શંકા નથી. રૂપાનો ભાસ છીપ અભિન્ન છે. એટલે વાસ્તવિક સગુણ નિર્ગુણ અભેદ છે.

એમજ આ સ્વસંવેદ્ય સ્વતોત્થાન બ્રહ્મ **નિર્વિકલ્પ** અને નિર્ગુણ પ્રકારે ગણાતો છતાં તેજ પોતે સૃષ્ટિના આદિ કાળમાં બોધની દૃષ્ટિએ **अहं** વિકલ્પ સાથે તાદાત્મ્ય ભાવમાંજ **સવિકલ્પ** એટલે **સગુણ બ્રહ્મ** કહેવાય છે. છતાં જેમાં **अहमस्मि** વિકલ્પ–સ્વભાવથી વસ્તુ શૂન્ય છે. માટે સગુણ બ્રહ્મ તેજ નિર્ગુણ બ્રહ્મ–એમ અનુસ્યુતપણાથી વ્યતિરેકાન્વય લક્ષણાએ અભેદ પરબ્રહ્મ પરમાત્મા છે. એટલે વિકલ્પ શબ્દની સંધિમાં નિર્વિકલ્પ અને સવિકલ્પ અર્થાત્ સગુણ નિર્ગુણ એવા બે પ્રકાર કલ્પાય છે.

આ **अहमस्मि** નામનો સદૃશ વસ્તુ શૂન્ય વિકલ્પ સૃષ્ટિની ઉત્પત્તિના પ્રકરણમાં પ્રધાન છે. અને તેથીજ પ્રથમ પ્રકાર—નિર્ગુણ અને સગુણ એમ કલ્પાય છે. છતાં અભેદત્વે તે ૐકારજ છે. અને તેથીજ–**ઇશ્વર સૃષ્ટિ** તથા અનંત **જીવ** સૃષ્ટિઓનો ઉદ્ભવ બ્રહ્મના અભેદ સ્વરૂપની સિદ્ધિ સાથે માનવામાં આવે છે એટલે આદિથી અંત પર્યંતની સમષ્ટિ વ્યષ્ટિરૂપ દેહ ભાવનાની યાવત્ કલ્પિત સૃષ્ટિ–પરબ્રહ્મના અભેદ સ્વરૂપની સિદ્ધિ સાથે આ વસ્તુ શૂન્ય **વિકલ્પ**વાળા પ્રધાન બીજમાંથીજ ઉત્પન્ન થાય છે એમ સત્ય સમજવાનું છે. વસ્તુશૂન્ય વિકલ્પ કલ્પિત હોવાથી યાવત્ દૃશ્ય (જગત્) તેનાથીજ બનેલું ગણાયાથી તે પણ કલ્પિતજ છે. પણ મુમુક્ષુ અધિકારી જનોની દૃષ્ટિમાં અનાદિ અજ્ઞાનને લીધે દૃશ્ય પ્રત્યક્ષસિદ્ધ જેવું સત્ય મનાયાથી તેમણે ઉપર વર્ણવેલી શુદ્ધ ભાવના ધારણ કરેલી હોતી નથી અર્થાત્ તે શુદ્ધ સત્વબુદ્ધિ વિના વર્ત્તનમાં મુકી શકાતું નથી.

વિકલ્પની કલ્પના કરવાનું કારણ.

મુમુક્ષુ અધિકારીજનોની દૃષ્ટિમાં વિકલ્પ અવિચારરૂપ દૃશ્ય સ્વરૂપે દેહ અને તેની અહંમમત્વવાળી ભાવનાએ સુખદુઃખ, માનાપમાન, રાગદ્વેષ, હર્ષ શોક વિગેરે સત્ય રૂપેજ ભાસી રહેલું હોય તેથી પરમાત્મા છે એમ માનતાં છતાં જોઇએ તેટલી ભક્તિ જ્ઞાન શ્રેણી બુદ્ધિથી સાચવી શકતા નથી. અને ભુલવણી રૂપ ભ્રાન્તિમાં આ દેહાદિ દૃશ્ય જગત–વસ્તુ શૂન્ય વિકલ્પભાવેજ–દૃષ્ટિમાં આવે

છે. એમ કદાપી સમજી શકતા નથી. તસ્માત્ આ શરીરને વિષેની સત્ય બુદ્ધિનો વિલય કરવા સારૂ આ વસ્તુ શૂન્ય વિકલ્પની જેમાં કલ્પના છે. એવા નિર્ગુણ સગુણ અભેદાત્મક સ્વતોત્થાન સ્વસંવેદ્ય ૐકાર પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના કરવી વેદોથી શાસ્ત્રોથી અને સ્મૃતિઓ, પુરાણોથી સિદ્ધ સમજાવવામાં આવી છે. કેમકે વિક્ષિપ્ત ચિત્તવાળા મુમુક્ષુ અધિકારીને પોતાના માનેલા દેહભાનની દૃઢતા તેની સર્વ ઉપાધિ સહિત દ્વૈતના વ્યવહાર ભાનથી સત્યરૂપે નિશ્ચયમાં છે. તેથી તેની તે દેહ જેવીજ તાદાત્મ્ય ભાવના બની રહે છે. તેનો વિલય કરવાની અધિકારી મુમુક્ષુને આવશ્યકતા છે. અને ગુરૂ કૃપાથી તેનો વિલય કરી શકે અને પરમાત્માના અનુભવમાં પોતે રહી શકે તો અવશ્ય પોતાના સત્યરૂપ ૐકાર પરબ્રહ્મમાં અભેદ નિવાસ કરી પણ શકે કેમકે અધિકારી ગણાતા મુમુક્ષુએ જોયેલા આ દૃશ્ય શરીરનું બીજ ખરેખરી રીતે આ **વસ્તુશૂન્ય વિકલ્પજ** છે. તેથી જ્યાં સુધી આ પોતાના માનેલા દૃશ્ય શરીરનો તાદાત્મ્ય અનુભવ વસ્તુ શૂન્ય વિકલ્પરૂપ સમજી શકે નહિં. અને તે પ્રમાણે વર્તનમાં મુકી શકે નહિ અને પોતાની આ વસ્તુશૂન્ય ભાવનાના મોહથી પ્રગટેલી **જીવદશા**નો પણ ત્યાગ કરી પોતાના સત્ય શુદ્ધ સ્વરૂપે (પરબ્રહ્મરૂપે) શુદ્ધ રહી શકે નહીં ત્યાં પર્યંત આ ૐકારસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની **ઉપાસના** વેદ શાસ્ત્રવિધિ પ્રમાણે જીવન્મુક્ત સંત સદ્દગુરૂના શરણે રહી કરવી અવશ્ય જરૂરની છે.

વિકલ્પનો બીજો પ્રકાર અને તેથી ચાર ચાર પાદોની વ્યવસ્થા કેવી રીતે થાય છે.

આ સ્વસ્વરૂપ ૐપરબ્રહ્મ પરમાત્માજ **अहमस्मि** સદૃશ વિકલ્પયુક્ત પોતાના અહંકારાત્મક સ્વરૂપને (**सद्यक्त**) જોવા લાગ્યો. (બીજો વિકલ્પ) કે **कीदृशोहं "કેવા પ્રકારે છું."** એટલે તેમાં તેજ ક્ષણે મોહ ધારણ કરતો હવો. અને તે પોતા નામાં યોગ રૂપથી પોતાને પ્રથમ વિકલ્પ લક્ષણાએ સગુણ નિર્ગુણ **અભેદ** બ્રહ્મસ્વરૂપે–અને દ્વિતીય વિકલ્પ લક્ષણાએ (**सोयमात्मा चतुष्पाद्**) ચાર ચાર પદાર્થરૂપ ચાર બ્રહ્મો, ચાર અવસ્થા, ચાર વેદો, ચાર દેહ, ચાર વર્ણ, ચાર આશ્રમો એમ ચાર ચાર પાદરૂપે ઇત્યાદી તે તે પદાર્થો સ્વસ્વરૂપે કરીને હુંજ છું. એમ જોતો હવો. એમ શ્રુતિઓની લક્ષણાથી સિદ્ધ છે. એમ આ **कीदृशोहं** અન્ય વિકલ્પરૂપ મોહના પ્રભાવથી તે તે રૂપે તે બિમ્બી પોતેજ બિંબરૂપ થયો. આ મોહ ધારણ કરવાથીજ તે સ્વસ્વરૂપને વિસર્યો એટલે **નિરાકાર** અને **સાકાર** એવા ભેદથી પણ પોતે તો અભેદ સિદ્ધ છતાં માત્ર વિકલ્પથી ચાર ચાર પ્રકારના ભેદવાળો જણાયો. આ વિકલ્પ તેજ **અવ્યક્ત** નામા પ્રકૃતિ છે તે બ્રહ્મના **નિર્વિકલ્પ** નિર્ગુણ યોગમાં **નિરાકારા** કે **સ્વેચ્છારૂપે** પ્રસિદ્ધ છે. અને **સવિકલ્પ**

સગુણ યોગમાં **સર્વાકારા** કે **સાકારા અવ્યક્ત** નામાત્મક છે. શબ્દ જ્ઞાનની જુદી જુદી સંજ્ઞા છતાં સગુણ નિર્ગુણ અભેદાત્મક ભાવના તો સ્વતઃસિદ્ધ છે. એમ શાસ્ત્ર વર્ણવે છે. એટલે સગુણ નિર્ગુણ ભેદ પણ વિકલ્પ વડેજ ઉભા થયા સમજાય છે. પરબ્રહ્મ પરમાત્માના શુદ્ધ સ્વરૂપમાં તેમ ગણાયજ નહીં.

साकारं च निराकारं तस्मिन्देवि नविद्यते ।
मनोवाणी विहीनं न मनोवाणीमयं नवै ॥ मौद्गलेय खं. १ अ ९

મહાદેવ પાર્વતીને કહે છે કે હે દેવી !!! તે સ્વાનંદવાસી પરમાત્મામા સાકાર અને નિરાકાર બન્ને નથી કેમકે નિરાકાર તે મન અને વાણીથી રહિત છે અને સાકાર તે મન અને વાણી મય છે. જે ચિત્તવડે જાણી શકાય છે ત સઘળુંજ માયામય છે અને ચિત્તનો પ્રવેશ જ્યાં નથી તેને માયાતીત કહેવાય છે તે માયાથી રહિત એવું નિર્ગુણ સ્વરૂપ અને માયામય એવું સગુણ સ્વરૂપ જોગ રચ્યું તેજ સ્વસંવેદ્ય જ્યોતિને વેદમાં વધારે સ્પષ્ટ કરીને વર્ણવવામા આવી છે.

सगुणं निर्गुणं भिन्नं गणेशस्य न विद्यते ॥ मौ. खं. ८ अ. ३२

સ્વસંવેદ્ય પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપ ગણેશ તત્વમાં સગુણ નિર્ગુણના ભેદ નથી કેમકે નિર્ગુણ સગુણ બન્નેમાં તે સમરૂપ પોતે તેથી રહિત છે.

निराकारं च साकारं बुद्ध्या संबुद्ध्यते जनैः
बुद्ध्या यद्बुद्ध्यते देवि बुद्धिरूपं तदेव च ॥ मौ. १–६

હે દેવિ—બુદ્ધિ (માયા)ની અસંપ્રજ્ઞાત સમાધિથી નિરાકાર અને સાકાર–નથી એમ સમજાય છે. માટે બુદ્ધિ વડે જે સમજાય તે બુદ્ધિરૂપ એટલે **માયામય** છે. એમ જાણવું. કારણ બ્રહ્મ ભૂત સ્થિતિની જીવન્મુકત દશામાં બુદ્ધિનો વિલય થાય છે. માટે બુદ્ધિથી સમજાતા નિરાકાર કે સાકાર ભેદો પરબ્રહ્મમાં નથી. તેજ ૐકાર સ્વસંવેદ્ય પરબ્રહ્મ–પ્રથમ વસ્તુ શુન્ય વિકલ્પ (**अहमस्मि**)માંજ નિરાકાર અને સાકાર એવા ભેદથી પ્રસિદ્ધ સમજાય છે. નિરાકાર તેજ સાકાર છે અને સાકાર તેજ નિરાકાર છે. પણ અનુક્રમ કોટીએ જીવોને સમજવા માટે સાકારની પરિપૂર્ણતાએ નિરાકાર તત્વને જાણ્યા પછી સ્વતઃ સિદ્ધ પરમાત્મા સ્વરૂપમાં સ્વસ્વરૂપાવસ્થાને પમાય છે એવો યોગ છે.

वल्ली ७ मी.

આ નિરાકાર સાકાર કે નિર્ગુણ સગુણ–અભેદ પરમાત્માના સ્વરૂપને વર્ણવવા વાળી વિદ્યા (બ્રહ્મવિદ્યા) પણ અનુક્રમે ઉભય પ્રકારથી વર્ણવી છે.

द्वे विद्ये वेदितव्ये हि शद्ब ब्रह्म परं च यत् ।
शद्बब्रह्मणि निष्णातः परब्रह्माधि गच्छति । श्रुतेः ।

બ્રહ્મવિદ્યાના પ્રકાર. તે પરબ્રહ્મ પરમાત્માને જાણવાની બ્રહ્મવિદ્યા બે પ્રકારથી છે–**૧ शद्ब ब्रह्मविद्या. ૨ परब्रह्म विद्या.**

ચાર વેદો ચાર ઉપવેદો–ષટ્ શાસ્ત્રો અને તેનાં અંગો–મનુ, યાજ્ઞવલ્ક્ય, પારાશર આદિ સ્મૃતિઓ–(ધર્મશાસ્ત્રો) અરાઢ પુરાણો અને અરાઢ ઉપપુરાણો–મહાભારત, રામાયણ આદિ ઇતિહાસો–વિગેરે ધર્માધર્મ મર્યાદા સમજાવનાર, પરમાત્માનું ભક્તિ જ્ઞાનથી સ્વરૂપ સમજાવનાર, તથા સગુણ નિર્ગુણ સમજાવનાર, સનાતન માર્ગનું સૂચન કરનાર, વિધિ નિષેધરૂપ ભાવાભાવવાળા વાક્યોના સમૂહથી **આર્ષ** પ્રમાણરૂપ જે **બ્રહ્મ**વિદ્યા તે **શબ્દ વિદ્યા** છે અથવા અપરા વિદ્યા છે. તેમજ પ્રમાણ, પ્રમેય, અને પ્રમાની ત્રિપુટીરહિત, તથા દૃષ્ટા, દૃશ્ય અને દર્શન આદિ અનેક ત્રિપુટીરહિત–મન અને વાણીથી રહિત સગુણ અને નિગુણ ભેદ પ્રકારથી રહિત અનુભવ માત્રથી સિદ્ધ અને અનુભવથી પણ પરે–વિધિ નિષેધથી રહિત, સ્વયપ્રકાશ **માત્ર ॐકાર તત્વરૂપ વિદ્યા** તે **પરબ્રહ્મવિદ્યા** છે.

શબ્દ બ્રહ્મવિદ્યાનું ફળ. શબ્દ બ્રહ્મવિદ્યા અધિકારી જીવાત્માને પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપમાં તદ્રૂપ થવાને યોગ્ય સાધનોની ખોટ પુરી પાડનાર, જીવન્મુક્ત સદ્ગુરૂમાં પ્રભુરૂપ શ્રદ્ધાનો જમાવટ કરનાર. બોધરૂપ તત્વનો સંગ્રહ કરાવનાર અને જીવન્મુક્ત સ્થિતિ પર્યંત પહોંચાડનાર અમૃત તત્વ છે. આ શબ્દ બ્રહ્મવિદ્યાથી જીવન-મુક્ત સદ્ગુરૂ અને પરમાત્માનો અભેદ સમજાતાં સાધનોની પૂર્ણતાએ પોતાની બુદ્ધિની શુદ્ધતા થતાં દેહ ભાન સ્હેજમાં વિસરાતાં પરબ્રહ્મવિદ્યાના સત્યસ્વરૂપમાં તેનો પ્રવેશ થવા પામે છે અને સદૃશ વિકલ્પરૂપ જીવ વાસના નષ્ટ થતાં મુક્ત સ્વરૂપે વર્તન ચલાવતાં આખરે સ્વયં બ્રહ્મ સ્વરૂપ સ્થિતિનો અનુભવ મેળવતાં મેળવતાં શાન્તિ સ્વરૂપ થાય છે–એવો નિશ્ચય વેદાદિ શાસ્ત્રોનો છે.

ॐકાર પરબ્રહ્મના સગુણ અને નિર્ગુણ પ્રકારનો અભેદ લક્ષમાં લેવાને નિચેના દૃષ્ટાંતની ખાસ જરૂર છે કે—

જેમ સર્વ પ્રજાના પતિ સ્વરૂપે–સર્વ વૈભવ આદિના પતિ સ્વરૂપે–સવ

સગુણ નિર્ગુણ અભેદ પ્રકાર સમજવાનું દૃષ્ટાન્ત.

પ્રકારની સત્તાના પતિ સ્વરૂપે-સર્વ ભૃત્યાદિકના પતિ સ્વરૂપે-સર્વ (પ્રકૃતિઓ) રાણીઓના સમૂહના પતિ સ્વ-રૂપે-વિગેરે સર્વ પ્રકારથી પણ પતિ સ્વરૂપે જે એક **નૃપતિ** અથવા રાજા નામનો **પુરૂષ** છે. તેજ **પતિપણા**-ના સંપૂર્ણ અધિકારથી યુક્ત **પ્રજાપતિ, પૃથ્વીપતિ, ભૂપતિ, નૃપતિ** છે. તેમજ આ સગુણ **બ્રહ્મ** પુરૂષને માટે વેદો, શાસ્ત્રો, પુરા-ણોમાં **પતિ** નામક સંજ્ઞા છે. અને તે એવી રીતે કે, **બ્રહ્મ**ગણોના-દેવગણોના, મનુષ્યગણોના, અસુરગણોના, પશુગણોના, પક્ષીગણોના તત્વગણો-પ્રકૃતિગણો આદિ અનંત પ્રકારોના ગણો એટલે સમૂહોના પતિ સ્વરૂપે ગણાતાં અનુક્રમે **બ્રહ્મણ**સ્પતિ-દેવાધિપતિ-નરાધિપતિ-અસુરાધિપતિ-પશુપતિ આદિ અનેક ગણો-**ના પતિ**અને તત્વગણ સમૂહમાં તથા પ્રકૃતિગણ સમૂહમાં-બુદ્ધિપતિ-સિદ્ધિપતિ તે ગણપતિ અથવા ગણાધિપતિ તે **સગુણબ્રહ્મ** છે જુઓ. **पतिं पतीनां परमं परस्तात् विदाम देवं भुवनेशमीड्यं ॥ श्रुतेः ।** એમ પતિઓના પતિ સ્વરૂપને અર્થ સત્તાત્મક સંજ્ઞાથી વેદ સમજાવે છે તેજ સગુણ બ્રહ્મ છે.

આ ઉપરથી એવી લક્ષણા સમજાય છે કે, સર્વ સમૂહ માત્રોનો એટલે અનંત કોટી બ્રહ્માંડ માત્રના **સમૂહનો પતિ**-સર્વનો **ચાલક** સર્વમાં **ખેલક** અને સર્વ એવી મિથ્યા કલ્પનારૂપ વસ્તુ શૂન્ય વિકલ્પની દૃષ્ય ભાવનામાં જાણે તેજ રસ બસ હોય એમ છતાં પણ સમગ્ર એવી ઉપાધિ જેની સત્તાથીજ સ્વસ્વરૂપ સમજાતી હોય એવો તે આ "પતિ" સંજ્ઞાત્મક-અર્થ સત્તાત્મક "**गणपति**" **સગુણ બ્રહ્મ** છે.

હવે નિર્ગુણ વાત સમજવાને-ઉપર વર્ણવેલો **પતિ** સંજ્ઞાત્મક ભૂપતિ—(રાજા) જ્યારે ઘણુાજ પાસેમાં પાસેના સહવાસરૂપ રણવાસ (રાણીયો-પ્રકૃતિઓ) ના સંબંધથી પણ છુટો પડી રાત્રીએ અગર ગમે તે કાળમાં પોતાની સ્વસત્તા ને પોતાનામાં શમાવી-રાણીયોથી રહિત, ભૃત્યોથી રહિત, સત્તાથી રહિત, વૈભવથી રહિત અને અંતે પોતાની તમામ પ્રજાથી રહિત પોતાના એકાન્તમાં માત્ર એકલોજ (તે પણ જોનારની દૃષ્ટિએજ) ખરી રીતે તો પોતે પોતેજ છે. તે વખતે તે કોનો પતિ ?-કોનો રાજા ?-કોનો રક્ષક ?-અને કોના ઉપર સત્તા ચલાવનારો કહેવાશે ? ?-કંઇપણ નથી. માત્ર પોતે પોતેજ છે. એમ ઉપર વર્ણવેલો અનંત કોટી બ્રહ્માંડ સમૂહના **પતિ** સ્વરૂપે જે **સગુણબ્રહ્મ** છે. તેજ સમગ્ર એવી ઉપાધિથી રહિત સમજાતા કાળમાં **નિર્ગુણબ્રહ્મ** કહેવાય છે કે જેમાં કદાપિ પણ ઉપાધિ નથી. તેમ જે ઉપાધિરૂપ નથી. કે ઉપાધિનો પ્રકા-શક પણ નથી. વા ઉપાધિના અંતરૂમાં ગમન કરવા વાળો પણ નથી, કે

ઉપાધિનો સાક્ષી પણ નથી. અને ઉપાધિનો પતિ પણ નથી. (**पतित्वं कथनात्मकम्**) એમ સર્વ નામરૂપ મન વાણી શબ્દ જ્ઞાન ભાવવાળી, કલ્પિત ભાવવાળી, વસ્તુ શૂન્ય વિકલ્પ ઉપાધિથી રહિત તેજ **નિર્ગુણ બ્રહ્મ** છે એમ વેદ શાસ્ત્રાદિ પ્રતિપાદન કરે છે.

આ ઉપરથી સમજાશે કે **अहमास्मि**વાળા શબ્દજ્ઞાન માત્ર વસ્તુ શૂન્ય વિકલ્પના માયામય કલ્પિત સંબંધવાળા સ્વસંવેદ્ય સગુણબ્રહ્મ પ્રદેશમાં અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ લય કલ્પવામાં આવે છે. તેથી તેને **પતિ સગુણબ્રહ્મ** એવી ઓળખાણ અપાય છે. પણ તેને જ્યારે તે સર્વ માયામય કલ્પિત સબંધ વાળા ઉત્પત્તિલય પદાર્થોથી રહિત એમ કહેવામાં આવે ત્યારે **નિર્ગુણબ્રહ્મ** કહેવાય છે. ખરી રીતે તો તે પરબ્રહ્મ પરમાત્મા કલ્પનાથી યુકત સગુણ પણ નથી. તેમ કલ્પનાથી રહિત નિર્ગુણ પણ નથી. છતાં " **છે** " એમ જાણતાં સહિત પણ છે અને રહિત પણ છે. એમ નિશ્ચય છે—એવો અલૌકિક અનુભવ બુદ્ધિની સૂક્ષ્મતામાં અને અંત બુદ્ધિના વિલયમાં સ્વસ્વરૂપાત્મક યોગરૂપ છે. એટલે પરમાત્મા પરબ્રહ્મ ૐકાર શિવાય કોઈ પણ કાળમાં અન્ય કાંઈ પણ નથી એવો અનુભવ દૃઢ થતાં તન્મય થવાને **ઉપાસનાની** આવશ્યકતા શાસ્ત્ર સ્વીકારે છે.

સગુણ બ્રહ્મની વેદ વ્યાખ્યા અને તેનો અર્થ—

વેદમાં સ્વસંવેદ્ય સગુણ બ્રહ્મને—ૐ બ્રહ્મ—અક્ષર બ્રહ્મ—સાકાર બ્રહ્મ—ઉપાસ્ય બ્રહ્મ—શબલ બ્રહ્મ—પ્રણવ બ્રહ્મસ્વરૂપ વિગેરે નામથી વર્ણવવામાં આવે છે. સગુણ બ્રહ્મની વેદમાં વ્યાખ્યા નિચે પ્રમાણે છે. **अव्यक्तामहदहंकार पृथिव्यप्तेजो वाय्वाकाशात्मकत्वेन बृहद्रूपेणांडकोशेन कर्मज्ञानार्थ रूपतया भासमानं सकल शक्त्युपबृंहितं शबलंब्र‍ह्म ॥ श्रुतेः ।**

અવ્યક્ત (ગુપ્ત) મૂળ—વસ્તુશૂન્ય વિકલ્પરૂપ આદ્ય પ્રકૃતિને આદ્ય લેઈને તેની નિચેની સ્થિતિવાળી **तूर्य** પાદની પ્રકૃતિ તે મહત્તત્ત્વ તે પછી જીવોના પાદવાળી બુદ્ધિ, મન, ચિત્ત અને કેવળ કલ્પિત અહંકાર યુક્ત પૃથ્વિ, પાણી, અગ્નિ, વાયુ, આકાશ સ્વરૂપપણાવડે મોટામાં મોટા રૂપના અંડકોષવાળો તથા કર્મ, (ઉપાસના) અને બ્રહ્મવિદ્યા જ્ઞાનના અર્થ રૂપવડે સમજાતો—એવો પોતાની સર્વ પ્રકારની શક્તિથી **ઉપબૃંહિત** એટલે વર્ધિત અથવા ગર્જના કરતો તે આ **શબલબ્રહ્મ** એટલે **સગુણ બ્રહ્મ** છે.

અથવા (**बृंहित करि गर्जितम् । कोषे ।** બૃંહિત એવા પ્રકારે હાથીની ગર્જનાનું નામ છે. એવા ભાવથી બીજી શ્રુતિ **सवै गजाकारः** એમ વર્ણવે છે કેમકે ૐ **પરબ્રહ્મ** પરમાત્માનું મુખ સ્વરૂપ હાથીના આકારવાળું છે એવી આદ્ય ભાવના છે.)

— —

वल्ली ८ मी.

અવ્યક્ત—એટલે ગુહા—જેમાં વ્યક્તપણું નથી એવી અર્થાત્ આ અવ્યક્ત નામથી વસ્તુ શૂન્ય વિકલ્પરૂપ માયા—**સગુણ બ્રહ્મમાં** સૃષ્ટિ ઉદ્ભવના બીજભૂત કહેવાય છે. એટલે સગુણ બ્રહ્મને મિથ્યા દૃષ્ટિરૂપ સૃષ્ટિના અભિન્ન **નિમિત્ત ઉપાદાન કારણ** સ્વરૂપ કહેવામાં આવે ત્યારે આ અવ્યક્ત—એટલે મિથ્યાભૂતા પ્રકૃતિને—તેનાજ સ્વરૂપમાં **ઉપાદાન કારણ**થી કહેવાય છે. **અધિષ્ઠાન** અને તેના ઉપર મિથ્યાદૃષ્ટિથી કલ્પાતો **અધ્યારોપ** મળીને **અધ્યસ્ત** કાર્યરૂપ જગતની ઉત્પત્તિ ગણાય છે. માટે **સગુણ** બ્રહ્મ જે કે કેવળ નિર્મળ તત્વ છે. નિર્ગુણ છે અને સ્વતઃ સિદ્ધ પરમાત્માજ છે. તેમાં આ અવ્યક્તની પ્રથમ કલ્પના કરતાં શબ્દ જ્ઞાન માત્રથી વસ્તુ શૂન્ય વિકલ્પ રૂપ આ **અવ્યક્ત** નામાત્મક પ્રથમ તત્વ (માયા)થી જે કંઈ ઉત્પત્તિ પ્રલય રૂપમાં કલ્પાય તે સર્વ કલ્પિતજ સમજવાને માટેજ કહેવામાં આવે છે. કેમકે ૐપરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં ઉત્પત્તિ પ્રલય નથી. એટલે જગતના ભાવ—અભાવવાળી કલ્પનાથી અર્થાત તેમાં અભાવ વાળી કલ્પનાથી **નિર્ગુણ** પ્રકાર—અને ભાવવાળી કલ્પનાથી **સગુણ** પ્રકાર એમ ભાવ અને અભાવની કલ્પના કરતાં સ્વતઃ સિદ્ધ ૐકાર પરબ્રહ્મમાં બે પ્રકાર કહેવાય છે. વસ્તુતઃ તે બંન્ને પ્રકાર કલ્પિત છે. છતાં જેમાં માયાની કલ્પનાનો ભાવ છે તેથી **સગુણ બ્રહ્મ** કહેવાય છે. આ માયાની કદાપિ પણ સત્યતા નથી છતાં બ્રહ્મના **અધિષ્ઠાનથી** તે અધ્યારોપ કલ્પના પણ સત્ય સરખી ભાસે છે. આ અધિષ્ઠાન જે સગુણ બ્રહ્મ તેજ કલ્પિત દૃષ્ટિથી માયાના અધ્યારોપરૂપ ભાસે છે. એટલે વસ્તુતઃથી તો **સગુણ** બ્રહ્મજ છે. છતાં માત્ર કલ્પિત દૃષ્ટિનો ખેલ જોવાય તેથી તે કલ્પના રૂપ ભ્રાન્તિરૂપ, માયારૂપ, અવ્યક્તરૂપ, પ્રકૃતિરૂપ. મિથ્યારૂપ શાસ્ત્રથી વર્ણવાય છે. **अनिर्वचनीयात् सैव माया जगत् बीजमित्याह । श्रुतेः ।** અનિર્વચનીય એટલે વચનમાં પણ ન લાવી શકાતી એવી આ માયા તે જગતનું બીજભૂત છે. જેને વેદાદિમાં સંવિત— **બુદ્ધિ, ગુહા,** એવાં પણ ઉપનામ આપવામાં આવે છે. આ અવ્યક્ત—માયા બુદ્ધિ નામની આદ્ય પ્રકૃતિ સર્વ પદાર્થ વા સર્વ ગુણ વિગેરેની આદિ હોવાથી સર્વના મોહનુંજ સ્થાન છે. **મોહ** તેનું સ્વરૂપ છે. તેજ માયા અવ્યક્ત છે. આ માયા અવ્યક્ત—સંવિત્, બુદ્ધિ આદિ નામોથી જેને વિષે કલ્પવામાં આવે તે અધિષ્ઠાન **અવ્યક્ત** સ્વરૂપ આ **સગુણ બ્રહ્મજ** સત્ય છે.

અવ્યક્ત—નામની આદિ માયાનું સ્વરૂપ—સગુણ બ્રહ્મમાં કલ્પના છે.

सगुण ब्रह्ममां मा-यानी कल्पनानां दृष्टान्तो.

पोताने विषे कल्पाय छे. तेथी ते मायाथी पर एटले श्रेष्ठ कहेवाय छे. जेम सुवर्णमां अलंकार कल्पित छे. दोरीमां सर्प ए कल्पित छे. खांडमां रमकडां ए कल्पित छे. माटीमां वासणो ए कल्पित छे. शशलाने शिंगडां. ए भ्रान्ति मय कल्पित शब्दो छे. वंध्या स्त्रीनो पुत्र ए कल्पित शब्द मात्र छे. आकाशमां फुल—ए केवळ शब्द कल्पना छे. कदळीमां गर्भ ए वस्तु शून्य कल्पना छे. तेमज सगुण ब्रह्ममां **माया**—वाणी विलास रूप मिथ्या भ्रान्ति अने कल्पित छे आवी कल्पित मायामां कल्पायेलुं अने अने कल्पातुं आ अनंत कोटि ब्रह्मांड के जगत् ते सर्व तेवुंज एटले कल्पितज छे. बुद्धिनी विभ्रम दशानी दृष्टिथी जेम जळमां लहेरी, परपोटा, तरंग भासे तथा खांडने विशे जेम रमकडां भासे माटीने विषे घडा, माटलां, कोडीआं भासे एम **सगुण** ब्रह्ममां माया ए विभ्रम दृष्टिथी भासे छे. अने माया कार्य जगत पदार्थ पण विभ्रम दृष्टिथी भासे छे. पण परपोटामां जेम जळज छे. घडाओमां जेम माटीज छे. रमकडांमां वस्तु मात्रथी जेम खांडज छे. एम माया कार्यमां वस्तुतः ए मात्र **सगुण** ब्रह्मज छे. अने सगुण ब्रह्मज सर्व नामरूपथी भासे छे. जोनारने साचुं जोतां आवडे तो सगुण जाणे अने भेद-वाळी कल्पित दृष्टिए जुए तो माया कार्य एटले जगत रूप देखाय छे. पण वास्तविक तेवुं कांई नथीज नथी.

एकपणुं अने अनेकपणा युक्त **सहितभाव** ते सगुणब्रह्म प्रकार छे. तेम एकपणुं अने अनेकपणाथी रहितभाव ते निर्गुण ब्रह्मप्रकार छे. जेथी पादक्रम रूप सृष्टिना आभास काळ पहेलां सगुण निर्गुण उभय भेद प्रकार जेना छे एवो आ ॐकार परमात्माज **एकानेकादि वर्जितम्थी** प्रतिपादन छे जे सहित रहितपणानी कल्पनाथी परे छे. तेज पछी अनुक्रमे एक अनेकपणाथी रहित स्वरूपे निर्गुण ब्रह्म—अने एक अनेकपणा सहित स्वरूपे **सगुणब्रह्म**—समजवा माटे **सत्यं ज्ञानमनंतं ब्रह्मथी** अभेद स्वरूपे कहेवाय छे. जेने पादक्रममां **पूर्णपाद** अथवा **पंचमपाद**—अथवा चार पादवाळो के चारपाद रहित एवो—कहेवाय छे. जेमां सृष्टिक्रमनी कल्पनानो संभव कल्पतां पण ते कल्पना रहितज छे. तेज आ ॐकार ते सगुण निर्गुण अभेद प्रकारनी योजनानी नीचे—"**एक** छे" एम प्रतिपादन करवा "**एक मेवाद्वितीयं ब्रह्म**" एटले ते (ॐकार सगुण निर्गुण अभेद) एक अने अद्वितीय ब्रह्म छे. एम कहे छे. आ एक अने अद्वितीय विशेषणवाळी सं-ज्ञाना पादने शास्त्रोमां **तूर्यपाद** कहेवाय छे. तेनेज ईश्वर अथवा शिव एम कहे छे. तेज पछीथी आ एक संज्ञावाळोज **एकोहं बहुस्याम्** हुं एकज

બહુરૂપે હોઊં એમ જણાતો બહુ સંજ્ઞાવાચક "ત્રિ" પાદરૂપ જીવ કહેવાય છે. આ યુક્તિ વેદાદિમાં ગુપ્ત અને ગુરૂગમ છે. એમ એક અને અનેક ભાવસહિત વા રહિત તે **સગુણ નિર્ગુણ અભેદપાદ** પંચમપાદ ૐકાર છે. તે પછી એક અને અદ્વિતીય સ્વરૂપે તૂર્યપાદ ૐકાર છે. અને તેજ પછી ઊતરતાં ઊતરતાં **बहुस्याम्** શ્રુતીથી ત્રિ:વચનરૂપ ત્રિપાદરૂપ જીવ સંજ્ઞાવાળો પણ ૐકારજ છે. જુઓ **एकोदेवः सर्वभूतेषु गुढः** । તથા **एकएवहि भूतात्मा** । ઇત્યાદિ શ્રુતિઓ એકપણારૂપ તૂર્ય પાદથી બહુપણારૂપ ત્રિપાદ–દ્વૈતપદ છે. એમ દ્વૈત–અને **અદ્વૈત**પણા સહિત–અથવા રહિત તે **પૂર્ણપાદ–પંચમપાદ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર છે**–તેજ સ્વત:સિદ્ધ નિજાત્મા–પરમાત્મા છે. આ સમજવાની કોટી ગુરૂગમ બુદ્ધિથી ગુરૂ કૃપાએજ સમજાય છે. ગુરૂકૃપા શિવાય સમજી શકાતું નથી.

પાદક્રમની યુક્તિએ સગુણ નિર્ગુણ અભેદ–અને ઈશ્વર તથા જીવોનું પ્રતિપાદન અભેદ છે.

એક–પાદ **તૂર્ય**–અને અનેક પાદ **ત્રિપાદો** તેમ **અદ્વૈત**પાદ તૂર્ય–અને **દ્વૈત**પાદ ત્રિપાદોથી પરે–એટલે એકાનેકથી પરે તથા દ્વૈતાદ્વૈતથી પરે આ પચમપાદ સગુણબ્રહ્મ સમજાય છે. એટલે તૂર્યાતીત ૐબ્રહ્મમાં આ તૂર્યપાદ–અને ત્રિપાદો એ સર્વે માયા કલ્પિત છે. માટે માયાથી પર આ નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મસ્વરૂપ છે અને તે માયાનો આદિ હોવાથી તેને આદીશ્વર અથવા આદિનાથ કહેવામાં આવે છે. તેજ નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મનું વેદસ્વરૂપ અપૌરૂષેય છે. તેજ આદિ પૂજ્ય સ્વરૂપ છે. અર્થાત્ આ નિર્ગુણ સગુણ અભેદબ્રહ્મની ઊત્પત્તિ નથી. તેમ વેદની પણ ઊત્પત્તિ નથી. નિર્ગુણ સગુણ અભેદ ૐકાર બ્રહ્મ પોતેજ વેદસ્વરૂપ છે. અવિદ્યા બુદ્ધિમાં મિથ્યા દેહાભાસના અજ્ઞાન રૂપથી જેમ જગત છે તેમ સ્વસ્વરૂપમાં જ્ઞાન સ્વરૂપથી નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મરૂપ વેદ સમજાય છે. એટલે જ્ઞાન તે અલૌકિક અપૌરૂષેયજ રૂપ **વેદો** છે–આ વાત યથાર્થ સમજવાને સૃષ્ટિના આરંભમાં આ વેદોરૂપ **જ્ઞાન** પ્રથમજ બ્રહ્માના હૃદયમાં પ્રકાશમાન થયું. આથી જ્ઞાન સ્વરૂપ વેદ–સ્વયં પ્રકાશમાન થતાંજ તેમણે પોતાની "**બુદ્ધિના પ્રકાશક** તરિકે નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મને જાણ્યા. (**तंहदेवमात्मबुद्धि प्रकाशं**) તે પછી તે જ્ઞાનરૂપ સ્વયંપ્રકાશ વેદ–બ્રહ્માથી ઊત્તરોત્તર મનુ વિગેરેથી સૃષ્ટિમાં અપૌરૂષેયસ્વરૂપે સ્વત:સિદ્ધજ છે–અને કર્મ ઊપાસનાના સમાવેશથી જ્ઞાન સ્વરૂપે પ્રસિદ્ધ છે. જેમ નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મ પરમા-

આ સગુણ બ્રહ્મનુંજ વેદ અપૌરૂષેય સ્વરૂપ છે.

ત્માનો કાળ કલ્પાય નહિં. તેમ વેદનો પણ કલ્પાતો નથી. વેદનો કાળ નિર્ણય કરનારા આકાશનાં પુષ્પ વિણવાનો પરિશ્રમ ઊઠાવનારા છે એમ જાણો.

યોગરૂપ ૐકાર બ્રહ્મથી સગુણ નિર્ગુણની સમાનતા અને સ્વરૂપની લક્ષણા.

સગુણ અને નિર્ગુણ આ ઉભય પ્રકાર અથવા સંજ્ઞા–**યોગરૂપ** ૐકાર બ્રહ્મસ્વરૂપ સિદ્ધ છે. આ **યોગ** બ્રહ્મનેજ શબ્દાતીત કે અક્ષરાતીત કહેવામાં આવે છે. સગુણ–એ પણ શબ્દ સિદ્ધિ છે અને નિર્ગુણ–એ પણ શબ્દસિદ્ધિ છે. સગુણ પણ લક્ષણાથી સિદ્ધ છે અને નિર્ગુણ પણ લક્ષણાથી સિદ્ધ છે. એટલે ઉભયની લક્ષણા નામ રૂપાકારથી સિદ્ધ છે. અને લક્ષણાતીત એ બન્નેથી પરે છે. જેને **યોગ** બ્રહ્મ કહે છે. જેને વેદો સગુણ–નિર્ગુણ ઉભય અભેદરૂપે પ્રતિપાદન કરે છે. માટે તે મૂર્તિ અમૂર્તિ સ્વરૂપે વેદોથી સિદ્ધ ઠરતાં વેદને શાબ્દ પ્રમાણ અથવા **શબ્દ બ્રહ્મની** સંજ્ઞા અપાય છે. વેદમાં **योग** કરીને વર્ણવે છે તે લક્ષણાતીત–યોગ બ્રહ્મને પ્રતિપાદન કરે છે. શબ્દપ્રમાણ એટલે વેદપ્રમાણની સિદ્ધિથી પ્રમાણનો **પ્રમેય** તેજ આ **યોગબ્રહ્મ** કે જેમાં સગુણ નિર્ગુણ ઉભયનો અભેદરૂપે સમાવેશ થાય છે. સગુણ બ્રહ્મનો અને નિર્ગુણ બ્રહ્મનો અનુભવ વેદોમાં છે. અને તેથી તેને શબ્દપ્રમાણ કહે છે. માટે ભક્તજનોના કલ્યાણને માટે વેદપ્રમાણથી મૂર્તિ અમૂર્તિ સમાનરૂપે શ્રદ્ધા રાખવા અને તે સગુણ નિર્ગુણ સમાનાત્મક પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપમયની ઉપાસના ભક્તિથી અંતર્જ્ઞાન પ્રકાશમાન કરવાની જરૂરીયાત જાણીને અનુભવ કરવો આવશ્યક છે.

શબ્દ કે લક્ષણા ઉપાસ્ય નથી પણ શબ્દ અને લક્ષણા જેની છે તે ૐ ઉપાસ્ય છે.

સગુણ–પણ શબ્દજ છે. અને નિર્ગુણ પણ શબ્દજ છે. અને તે શબ્દોભાવ અભાવની લક્ષણાવાળા છે. એટલે શબ્દભાવની લક્ષણા ઉપાસ્ય નથી. પણ જેની આ શબ્દ અને લક્ષણા છે તે પરમાત્માનું સ્વરૂપ ઉપાસના કરવા યોગ્ય છે. તે પરબ્રહ્મ પરમાત્મા શબ્દાતીત, અક્ષરાતીત, **યોગરૂપ બ્રહ્મ** ત્રિકાલાતીત અને ત્રિકાલમાં સ્વયંસ્વરૂપથી સિદ્ધ **ૐકાર** કે જેને **પ્રણવ** કહે છે, તેજ સર્વનું ઉપાસ્ય બ્રહ્મ છે. **तस्य वाचकः प्रणवः तदुपास्यम्** અથવા **ब्रह्मप्रतिकं प्रणवः तदुपास्यम् ।** એટલે તે–**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसासह।** આ શ્રુતિ જેને વાણી મનથી રહિત વર્ણવે એવા સ્વરૂપની ઉપાસના, ધ્યાન, ભક્તિ, સેવા કેવા પ્રકારે કરવી તેને માટે તેના વાચક એટલે વાણીમાં આવતા સ્વરૂપ યોગબ્રહ્મને અથવા તેના પ્રતિકને અથવા ૐ એમ કે જેને **પ્રણવ** કહેવામાં આવે છે તેજ ઉપાસના કરવા યોગ્ય છે અર્થાત્ ૐ પ્રણવજ

સર્વેનું ઉપાસ્ય બ્રહ્મ છે એટલે સ્મરણ કરવા રૂપ પણ ૐ અને ધ્યાન કરવા યોગ્ય પણ ૐ છે કે જે યોગીજનો સદાએ તે ૐનું ધ્યાન કરતા સમાધિસ્થ થાય છે. આ ૐ એવા નામથી અને ૐ એવા રૂપ વા આકારથી તે પ્રણવજ પરમ ઉપાસ્ય છે. ૐ સગુણ પણ કહેવાય છે અને નિર્ગુણ પણ તેનેજ કહેવાય છે એટલે **યોગબ્રહ્મ** ૐમાં સગુણ અને નિર્ગુણ બન્ને પ્રકારનો સમાવેશ છે.

અથર્વવેદના પ્રશ્ન ઉપનિષદ્‌માં—સત્યકામપ્રતિ પિપ્પલાદ મુનિ કહે છે કે,

एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोङ्कारः।
तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति ॥

હે સત્યકામ ! ! **પર** એવી સંજ્ઞાથી અને **અપર** એવી સંજ્ઞાથી ૐકાર તેજ બ્રહ્મ સ્વરૂપ છે. તેટલાજ માટે પર અને અપર સ્વરૂપથી અભેદ ૐકાર બ્રહ્મને જાણનાર ઉભય સ્થાન (આશ્રય)વડે પણ ૐકારનેજ પામે છે. **પર** સંજ્ઞાથી નિર્ગુણબ્રહ્મ—અને **અપર** સંજ્ઞાથી સગુણબ્રહ્મ જાણવું.

વળી—**युंजीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।**
प्रणवे नित्य युक्तस्य न भयं विद्यते क्वचित् ।
प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्चपरःस्मृतः ।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ।
सर्वस्य प्रणवो ह्यादि र्मध्यमन्तस्तथैवच ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ।
प्रणवं ह्यीश्वरं विद्यात्सर्वस्य हृदि संस्थितम् ।
सर्व व्यापीनमोंकारं मत्वा धीरो न शोचति ।
अमात्रोऽनन्त मात्रच द्वैतस्योपशमः शिवः ।
ॐकारो विदितो येन समुनि र्नेतरो जनः । गौडपाद कारिका

આ પ્રણવ એટલે ૐકારજ **यतोवाचो॰** આ શ્રુતિપૂર્વક વાણી મનને અગોચર—નિર્ભય સ્વરૂપથીજ બ્રહ્મ છે. અર્થાત્ પ્રણવ બ્રહ્મના જ્ઞાનથી ભજન કરતો જન્મ મર્ણાદિક ભયમાંથી નિવૃત્ત થાય છે તેથી તેમાં પોતાની બુદ્ધિને જોડવી જોઇએ. ૐકારમાં જેની બુદ્ધિ જોડાઈ છે તેને કદાપિ પણ ભય થતો નથી **न बिभेति कदाचनेति** એમ શ્રુતિ વર્ણવે છે. આ પ્રણવ સ્વરૂપ ૐકારજ અપરબ્રહ્મ એટલે સગુણબ્રહ્મ કે શબ્દ બ્રહ્મ છે તેનેજ પરબ્રહ્મ એટલે નિર્ગુણ બ્રહ્મ પણ કહે છે. આ પ્રણવજ અપૂર્વ એટલે કારણરહિત, અનન્તર એટલે

ભિન્નતા રહિત, **અબાહ્ય** એટલે જેની બહાર કાંઇ પણ નથી એવો, તથા **અનપર** એટલે જેનાથી પરે કાંઈ પણ નથી એવો-અવિનાશી અવ્યય છે. સર્વના આદિમાં, સર્વના મધ્યમાં અને સર્વના અંતમાં તે ૐકારજ પરમાત્મા છે અર્થાત સર્વ સ્વરૂપથી તેજ પોતે છે. ૐકારજ સર્વ રૂપથી ભાસે છે એ પ્રમાણે પ્રસિદ્ધપણાથી પ્રણવ (ૐ)ને જે જાણે છે તે બ્રહ્મ સ્વરૂપતાને પામે છે. આ પ્રણવજ સર્વના પરમેશ્વર છે. અને આ પ્રણવજ સર્વના હૃદયમાં સ્થિત (અજ્ઞાતજનો જેને **જીવ** કહે છે) એવો (જીવ કે ઇશ્વર) જેમ કહો તેમ પણ ૐકારજ સર્વવ્યાપક બ્રહ્મ છે. તેને વિવેકી ધીર પુરૂષો જાણીને અન્ય ભાવનાના અભાવથી શોક કરતા નથી. દેહરૂપ ભાન તે સ્વપ્નવત્ મિથ્યા અવિચારરૂપ અભાનજ છે. ખરી રીતે તે ૐકાર-જ છે માટે વિવેકી ધીર પુરૂષોને શરીર કલ્પિત છે એમ સમજાતાં શોક થતો નથી. (હૃદય ભાવનામાં સ્થિત કહેવાથી ત્રણ પ્રકારના જીવો વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞની સંજ્ઞાનો સમાવેશ છે) ત્રિમાત્રારૂપ ત્રણ જીવોનો સમાવેશ-**અમાત્ર** એટલે **તૂર્ય ચોથી નાદ** માત્રા કે જે **ઈશ્વર** સ્વરૂપ અથવા શિવ સ્વરૂપ કહેવાય છે તેમાં છે. માટે અમાત્રથી આરંભ કરતાં (ત્રિમાત્રા જીવનો સમાવેશ કરી) કહે છે કે તે પ્રણવજ-અમાત્ર સ્વરૂપ (તૂર્ય માત્રા સ્વરૂપ) અને અનંતમાત્રા સ્વરૂપ (પંચમ અથવા પૂર્ણ માત્રા સ્વરૂપ) તથા દ્વૈતના ઉપશમરૂપ કેવળ કલ્યાણ ભાવના યોગ્ય છે એમ અમાત્ર અને અનંત માત્રા રૂપ જાણીને ૐકાર પરબ્રહ્મને જે ઉપાસે છે. તે પરમાર્થ સ્વરૂપનું મનન કરવા વાળો હોવાથી તેજ **મુનિ** છે. બીજા માત્ર શાસ્ત્રજ્ઞ હોય તો પણ તે મુનિ નથી. માટેજ ૐકારને જાણવું તેજ પરમાત્માને જાણવુંજ છે. અર્થાત આ પ્રણવજ ૐકાર સર્વ કોઇને ઉપાસના કરવા યોગ્ય પરમાત્મા છે. આ માણ્ડુક્ય ઉપનિષદ્જ સગુણ નિર્ગુણ બન્ને પ્રકારની સમતાની એટલે અભેદત્વથી ૐકા-રનું પ્રતિપાદન કરે છે જુઓ. ૐ **मित्येतदक्षरमिदं** **सर्वं तस्योपव्याख्यानं भूतं भवत् भविष्यदिति । सर्वं ॐकारएव । यच्चान्य त्रिकालातीतं तदपि ॐकार एव ।** " ૐ " એ પ્રકારે આ અક્ષરજ સર્વ (સ્વરૂપ) છે. તેનું ઉપવ્યાખ્યાન કરવાયોગ્ય છે.'અર્થાત તેનું સ્વરૂપ સારી રીતે વિશેષે કરીને વર્ણવવા યોગ્ય છે. આ ૐકાર ભૂતકાળ માં છેજ વર્ત્તમાન કાળમાં પણ છેજ. અને ભવિષ્યમાં પણ છે. (આટલા સુધી કાળ વિભાગ વડે સગુણ બ્રહ્મની સંજ્ઞા કહી હવે અન્ય રૂપકથી નિર્ગુણ બ્રહ્મની સંજ્ઞા સમજાવે છે) જે અન્ય (નિર્ગુણ) ત્રિકાલાતિત એટલે ત્રિકાળ રહિત કહેવાય છે તે પણ આ ૐકારજ છે. એટલે ભૂત ભવિષ્ય અને વર્ત્તમાન રૂપ ત્રિકાલમાં

ૐકાર પ્રણવજ ઉપાસ્ય છે. ૐકારજ સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપ છે.

પણ તેજ અને ત્રિકાળ રહિતમાં પણ તેજ ૐકાર છે. એમ સગુણ પ્રકારે અને નિર્ગુણ પ્રકારે તે ૐકારજ છે. એટલે ૐ એમ બોલતાં પરમાત્માના સગુણ અને નિર્ગુણ બંન્ને પ્રકારનો તેમાં સમાવેશ છે. આ ઉપરથી સમજાશે કે ૐકાર સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. એમ યોગ બ્રહ્મ ૐકાર પરમાત્મા બંન્ને પ્રકાર યુક્ત (સગુણ) અને બંન્ને પ્રકાર રહિત (નિર્ગુણ) પોતેજ સ્વતઃ સિદ્ધ છે.

ઉપાસ્ય બ્રહ્મ ૐકાર અને તેના પાદો.

વળી આગળ **सर्वं ह्येतत् ब्रह्मायमात्मा ब्रह्म सोयमात्मा चतुष्पात् । इति मां०** એ પ્રકારે સગુણ અને નિર્ગુણ એવા બે પ્રકારથી અથવા સર્વ સ્વરૂપથી તેજ ૐકાર બ્રહ્મ છે અને તેજ આ (પોતાનો) આત્મા **ચારપાદ** વાળો છે. જેના ચારપાદ છે એવો ચારપાદ યુક્ત તે પોતે અથવા ચારપાદનું ઐક્યત્વ તે પોતે સ્વસંવેદ્ય સગુણ બ્રહ્મ છે. અને ચારપાદ યુક્ત અથવા ઐક્યત્વથી રહિત પણ પોતે તે નિર્ગુણ બ્રહ્મ છે. એવી યુક્તિની સંજ્ઞારૂપ જેના ચારપાદ–તે **પાંચમો** અથવા પોતે (પૂર્ણ) કે જેના ચારપાદ કહેવાય છે અથવા જે ચારપાદથી રહિત–તે પણ **પાંચમો** અથવા પોતે એમ પાંચમી સંજ્ઞા રૂપ “ **સહિત રહિત** ”ભાવથી સગુણ નિર્ગુણ અભેદ પણ પોતે ૐકારજ સિદ્ધ સમજાય છે. આવી રીતે સગુણ નિર્ગુણની અભેદ સંજ્ઞા તેજ આ ૐકાર પરમાત્મા છે.

ૐકાર અને તેના ચારપાદોનો અનુક્રમ

આ સગુણ નિર્ગુણ અભેદ ૐકારના સહિત રહિત ભાવનાના પાદોના અનુક્રમ નીચે પ્રમાણે છે. આ પાંચમી સંજ્ઞા સ્વરૂપ સગુણ બ્રહ્મજ સહિત ભાવરૂપ છે અને પાંચમી સંજ્ઞા સ્વરૂપ નિર્ગુણ બ્રહ્મજ રહિત ભાવરૂપ છે એમ જાણો. એમ સહિત રહિત અભેદ ભાવ તેજ પરબ્રહ્મ ૐકાર પરમાત્મા છે. તેજ તૂર્યાતીત છે. “ **ૐ પરમાત્મા પરબ્રહ્મની પાંચપાદની અનુક્રમ સમજણ** ” નામનો નકશો જુઓ.

शक्ति र्ब्रह्मेति वेदेषु ह्यसद्रूप प्रकाशकं ।
सूर्यो ब्रह्मेति यत्प्रोक्त मात्मरूपं प्रकीर्तितं ।
विष्णुं र्ब्रह्मेति यत्प्रोक्त मुभयात्मक धारकं ।
शिवो ब्रह्मेति शास्त्रेषु निर्मोहस्य प्रकाशकं ।
स्वानंदो ब्रह्म वेदेत्र ंयोगमय त्तमम् । ब्रु. १–१९–६९

૧. અસત્ રૂપમય (નહોવાપણું) અને અસત્ રૂપનું પ્રકાશક એવું જે બ્રહ્મ તે વેદમાં **शक्ति ब्रह्म** કહેવાય છે અને તે **सर्वं खल्वि ब्रह्म** શ્રુતિથી

(દેહરૂપે) પ્રતિપાદિત છે.

૨. ઉપર બતાવેલા અસત્ રૂપનો આત્મા–કે જે અસત્ રૂપના અહંકાર રૂપે સત્ ભાવનો પ્રકાશક છે તેને વેદમાં **સૂર્ય ब्रह्म** કહે છે અને **एकमेवा द्वितीयं ब्रह्मेति** શ્રુતિ વડે સત્ સ્વરૂપે (દેહીનામથી) પ્રતિપાદિત છે. **(अयंमात्माब्रह्म)**

૩. અસત્ અને સત્ એવા ઉપર બતાવેલા બે સ્વરૂપને આધાર આપનાર એટલે નામ અને રૂપ અથવા દેહી અને દેહ એ બન્નેનું અભેદાત્મક પ્રિય **સમસ્વરૂપ** અથવા બન્નેથી રહિત તે વેદમાં વ્યાપક ભાવથી **विष्णु ब्रह्म** નામનું આનંદ બ્રહ્મ છે અને તે **विज्ञानमानंदं ब्रह्म** આ શ્રુતિ વડે **સમ** સ્વરૂપે પ્રતિપાદિત છે.

૪. ઉપર વર્ણવેલા અસત્પાદ બ્રહ્મ–સત્પાદ બ્રહ્મ–અને **સમ**પાદ બ્રહ્મ–એમ શક્તિ, સૂર્ય અને વિષ્ણુ આ ત્રણેનો સમાવેશ જેમાં છે એવો ત્રણેનો સાક્ષી ચોથો અથવા આ ત્રણેથી રહિત એવો ચોથો–અવ્યાકૃત નામાત્મક વા નાદાત્મક એટલે ઉપર કહેલી ત્રિવિધ વ્યક્તિરૂપ–બ્રહ્મથી પરે એવો જે **शिव ब्रह्म** વેદમાં પ્રતિપાદિત છે.તે **शिवं तूरीयं चतुर्थं मन्यंते ।** અથવા **नेह नानास्ति किंचन** અથવા **नेति नेती तिनेतीति ।** આ શ્રુતિવડે **नेति, सहज,** એવા નામથી પ્રતિપાદિત છે. ઉપર વર્ણવેલાં અસત્, સત્ અને સમ એ ત્રણે જીવ ભાવનાં પદ છે. અને આ ચોથું શિવ અથવા ઈશ્વરનું પદ નિર્મોહી છે.

૫. ઉપર વર્ણવેલા ચારો બ્રહ્મના અભેદપણાથી જે સયોગાત્મક સ્વરૂપ તે ચારો બ્રહ્મસહિત અર્થાત્ ચાર જેના પાદ છે એવો (પાંચમો) અથવા ચારો બ્રહ્મથી રહિત જેમાં ચારપાદનો વિલય છે એવો (પાંચમો) જે આ **સ્વાનંદ બ્રહ્મ**–ચાર બ્રહ્મરૂપી **ગણ**ના અભેદાત્મક **पति** સંજ્ઞાત્મક **पति**સ્વરૂપે ॐकारસ્વરૂપજ **गणपति** છે તેનેજ વેદમાં બ્રહ્મોનો પતિ એવો **ब्रह्मणस्पति** કહ્યો છે. અને **ब्रह्मणां ब्रह्मणस्पत** આ શ્રુતિથી પ્રતિપાદન છે. અથવા **सत्यंज्ञान मनंतंब्रह्म** આ શ્રુતિથી પ્રતિપાદન છે એવી રીતેજ–આ પંચમ અથવા પૂર્ણપાદ સ્વાનંદ બ્રહ્મ મહાગણપતિમાં ઉપરના ચાર બ્રહ્મો અધ્યારોપરૂપ છે. અને પોતે (પંચમ) અપવાદરૂપ કહેવાતાં અધિષ્ઠાન **ब्रह्मणस्पति**રૂપે માન્ય છે. તેનેજ સગુણ બ્રહ્મ અથવા નિર્ગુણબ્રહ્મ અથવા સગુણ નિર્ગુણ અભેદાત્મક સહિત રહિતપણાથી ॐकार કહે છે કે જેનું સ્વરૂપ પણ ॐकार સ્વરૂપમય છે. એમ ઉત્તરોત્તર અસત પાદ બ્રહ્મ સ્વરૂપથી ॐ પર્યંત એક એક પદ નીચેના પદથી શ્રેષ્ઠ અર્થસત્તાથી શ્રેષ્ઠ–ઉચ્ચ ઉચ્ચ ગતિરૂપ છે. એટલે **પ્રકાશરૂપ–પ્રકાશકરૂપ–વ્યાપકરૂપ–સાક્ષીરૂપ–અને પતિસ્વરૂપ** એમ ઉત્તરોત્તર શ્રેષ્ઠ અર્થસત્તાથી બ્રહ્મ–પતિ સંજ્ઞાત્મક પૂર્ણ સ્વરૂપથી છે. તે વાત યોગીજનો જાણે છે.

ઉપરના ચાર પાદરૂપ **બ્રહ્મની** અભેદ સત્તાએ પંચમ પૂર્ણ **બ્રહ્મ સ્વરૂપનું** વર્ણન આપવામાં આવ્યું. પણ તેમાં સૃષ્ટિની કલ્પનાનો અનુક્રમ સમજવા સારૂ એક મહાન્ યુક્તિ એવી છે કે—

નિચેના આરોહ ક્રમથી વર્ણવતાં પ્રથમ **असत्**પાદ તથા બીજો **सत्**પાદ તથા ત્રીજો **सम**પાદ આ ત્રણ પાદમાં **જીવ** બ્રહ્મની ભાવના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ નામાત્મક ત્રણે શરીરોથી તેમ તેની જાગૃત–સ્વપ્ન–સુષુપ્તિ, નામાત્મક ત્રણે અવસ્થાથી તે **વિશ્વ–તૈજસ–પ્રાજ્ઞ** એવા **જીવ**નામાત્મક સ્વરૂપે વેદમાં વર્ણવવામાં આવી છે. એટલે આ ત્રણ પાદરૂપ ત્રણ શરીર અને ત્રણ અવસ્થાના અભિમાનીઓ જે ત્રણ છે તે **જીવ**બ્રહ્મ સંજ્ઞાથી પ્રતિપાદિત છે. **જીવ** તે દેહાભિમાની રૂપનું નામ છે વાસ્તવિક તો ચૈતન્યજ છે. તેથી જીવ–બ્રહ્મની ઐક્યતા–એ વેદાન્ત શાસ્ત્રનો બોધરૂપ સત્ય હેતુ છે–શરીર કલ્પિત છે. જે બ્રહ્મમાં નથી અને બ્રહ્મમાં મેળવ્યું પણ નથી. **देहेषु मोहितो देही जीव इत्यभिधीयते** દેહોને વિષે મોહ પામેલો તે દેહી એટલે દેહોનો અભિમાની ને **જીવ** સંજ્ઞા છે. અહિંયાં આ ત્રણની **દ્વૈત** લક્ષણા ગણાય છે.

આગળ આ ત્રણે પાદ જેમાં સમાય છે એવો તથા જે ત્રણે પાદથી રહિત, ત્રણે શરીરો તથા અવસ્થાથી રહિત એવો **નિર્મોહી**–યોગીસ્વરૂપ કે જે **ચોથો**–જેને વેદમાં તૂરીય–નેતિ, નાદ, શિવ સ્વરૂપ (ઇશ્વર) કહેવાય છે તે ચોથા **મહાકારણ** રૂપ અથવા શાસ્ત્રીય શબ્દોમાં **અસ્મિતાખ્ય** અથવા **નાદમાત્રા** રૂપ અથવા **અમાત્ર** સ્વરૂપ એવા નામવાળા ભાવનો તે અભિમાની એટલે **સાક્ષી** સ્વરૂપે કહેવામાં આવે છે તે **मोहहीनः सएवापि शिवः प्रोक्तो मनीषिभिः ।** મોહહિન–એટલે સાક્ષીરૂપ છે.

એમ ત્રિપાદ (અસત–સત–સમ) રૂપ **જીવાત્મા** અને ચતુર્થપાદ (તુર્ય) રૂપ **ઇશ્વરાત્મા** અથવા શિવ એમ ૧–૨–૩ + ૪ એમ આ બન્નેમાં અભેદ સ્વરૂપે સ્થિત અથવા આ બન્ને ભાવોથી રહિત એવો સર્વ બાજુથી પંચમ– અથવા પાંચમો અથવા પૂર્ણ–ત **स्वानंद ब्रह्म** પાદ છે તેજ આ ૐકારના સ્વરૂપથી વા ૐકાર એવા નામથી વેદોમાં પ્રસિદ્ધ છે. જેને સગુણ અથવા નિર્ગુણ કહે છે વા સગુણ નિર્ગુણ અભેદ કહે છે.

ઉપર પ્રમાણેજ માણ્ડુક્ય ઉપનિષદ્‌માં **असत्** પાદની **વિશ્વ** નામાત્મક જીવની **અજ્ઞાન જાગૃત અવસ્થાથી** અનુક્રમ બાંધતાં જીવાત્માને ઊત્તરોત્તર ઊચ્ચસ્થાન પરમપદ (પંચમપાદ)માં લઈ જવાનો અથવા પોતાનું સત્ય સ્વરૂપ સમજવાનો માર્ગ સૂચવ્યો છે–કેમકે મુમુક્ષુ પુરૂષો અનુક્રમે નિચેના

પ્રથમ **અસત્** પાદથી પંચમપાદ સુધી પોતાના ઊત્તમોત્તમ પદના જ્ઞાનને પ્રાપ્ત કરી અંતે પરમપદ સગુણ નિર્ગુણ સમાન વા બન્ને પ્રકારથી રહિત ૐકારના શાન્તિસ્વરૂપને પામે છે. પછી તેને પુન: જન્મમરણાદિક રૂપ સંસારાવરણમાં દેહ ધારણ કરવો પડતો નથીજ.

અસત્ પાદ પછી **સત્** પાદની **તૈજસ** નામાત્મક જીવની **સ્વપ્ન અવસ્થા-નું** સ્વરૂપ વર્ણવ્યું છે તે પછી **સમ** પાદની **પ્રાજ્ઞ** નામાત્મક જીવની **સુષુપ્તિ-અવસ્થાનું** સ્વરૂપ વર્ણવ્યું છે. આ ત્રણની દ્વૈત સંજ્ઞા છે અને તે પછી **તૂર્ય** પાદમાં **જ્ઞાન જાગૃતિ કાળ**–અમાત્ર સ્વરૂપે તૂર્યાત્માને **શિવ** સ્વરૂપે એટલે ઇશ્વિર સ્વરૂપે વર્ણવીને તેમાં નિચેના ત્રણ પાદરૂપ–ત્રણ શરીરરૂપ, ત્રણ અવસ્થા રૂપ, ત્રણ જીવરૂપ, વા એવી અનેક અજ્ઞાન ત્રિપુટીનો લય અથવા સમાવેશ કરી જ્ઞાનનું સ્વરૂપ અદ્વૈત સંજ્ઞાના વિવેકથી વર્ણવેલું છે. તેને બ્રહ્મવિદ્યાત્મક વિવેક કહેવાય છે. અને તે નીચે પ્રમાણે સમજાવ્યો છે કે

प्रपंचोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः

તથા આગળ આ તૂર્યસ્થાનને અમાત્ર (નાદ) સ્વરૂપે વર્ણવતાં સમજાવે છે કે–

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपंचोपशमः शिवोऽद्वैत एवमोंकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं यएवं वेद २ **मां० उ० ।**

ચોથો પાદ ઈશ્વર સ્વરૂપ અને નિચેના ત્રિપાદ જીવસ્વરૂપ છે.

નિચેના **અસત્**પાદ–**સત્** પાદ તથા **સમ** પાદ (જીવાત્મા) રૂપી દેહ પ્રપંચની ઉપશાન્તિવાળો અર્થાત્–અવિદ્યાની ઉપાધિરૂપ **અહં, કર્ત્તા,** ભોક્તારૂપ પ્રપંચ આ સ્થાને નથી એવો કેવળ અવિદ્યાની શાન્તિ સ્વરૂપ–એટલે રાગ દ્વેષાદિથી રહિત, મંગલ સ્વરૂપ, કલ્યાણસ્વરૂપ અનેક દ્વૈતસંજ્ઞાના વિકલ્પોથી રહિત આ શિવ (ઇશ્વિર સંજ્ઞારૂપ) અદ્વૈત કે જેમાં હવે ત્રિપાદ જીવની કલ્પના નથી એવો કે જેને વિદ્વાનો ચતુર્થ (તૂર્ય) પાદ માને છે. કે જેમાં નિચેના ત્રણ પાદથી રહિત યોગ હોવા પ્રમાણે ત્રણ જેમાં યુક્ત છે અથવા ત્રણ જેમાં સમાય છે એવો સહિત રહિત ભાવવાળો આ **તૂર્યપાદ** ઇશ્વિરાત્મા **જ્ઞાન** સ્વરૂપથી જાણવા યોગ્ય છે. નિચેના ત્રણ પાદમાં અવિદ્યા અજ્ઞાન અવસ્થાના યોગથી થયેલા **જ્ઞેય** પણાના અભાવની શાન્તિ આ ચતુર્થ પાદમાં છે માટે આ પાદને **જ્ઞેય** પાદ પણ કહેવાય છે. અર્થાત્ નિચેના ત્રિપાદ તે **જ્ઞાતા**–(જીવ સ્વરૂપ) અને આ ચોથો **તૂર્ય**પાદ તે **જ્ઞેય**, છે એમ સિદ્ધ છે. આ **જ્ઞેય** પાદ પણ આ-ખરે બ્રહ્મ સ્વરૂપમાં ભળે છે. માટે તે પૂર્ણ સ્વરૂપે ઉપાસ્ય નથી. કારણ કે **જ્ઞાતા,** જ્ઞાન–**જ્ઞેય**–રૂપ ત્રિપુટી સહ દ્વૈતાદ્વૈત જેમાં સમાય–અર્થાત્ જ્ઞાતા–જ્ઞાન

જ્ઞેયનો લય થતાંજ જ્ઞાતાપણાથી રહિત, જ્ઞાનપણાથી રહિત, અને જ્ઞેયપણાથી રહિત એવું જે પરમ તત્વ ૐ સ્વરૂપાત્મક પંચમપાદ સ્વરૂપ દ્વૈતાદ્વૈત રહિત પરમાત્માનું સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપ છે. તેજ ઉપાસ્ય છે કે જેમાં સર્વ ઉપાધિ રૂપ ઇશ્વિરની મહત્તત્વરૂપ વિદ્યા—અને જીવની અવિદ્યા—તે સર્વેનો તત્ સહ વર્તમાન વિલય થતાં સ્વસ્વરૂપાત્મક સ્વયંપ્રકાશ સ્વત: સિદ્ધજ અવશેષ રહે છે કે જે તૂર્યાતીત ૐકાર છે.

વળી માત્રા રૂપ સંજ્ઞાથી પ્રતિપાદન કરતાં પણ નિચેના ત્રણપાદ **असत्, सत्,** અને **सम** રૂપ **अकार, उकार** અને **मकार** રૂપ ત્રણ માત્રાને અંગીકાર કરેલી છે. તેથી પરે આ **તૂર્ય**પાદ તે ઉપરની ત્રણ માત્રાથી રહિત **અમાત્રા** કે **અર્ધ માત્રા** કે અધિમાત્રા કે નાદમાત્રરૂપથી આ શ્રુતિ સિદ્ધ કરે છે તે **તૂર્ય** પાદ અમાત્ર—નિચેના ત્રણ પાદ—માત્રાના વ્યવહારથી રહિત અવ્યવહારરૂપ છે અને ત્યાં ત્રિપાદ—માત્રાના પ્રપંચ વ્યવહારની શાન્તિ છે. અર્થાત્ તેજ પ્રપંચનું ઉપશમ સ્વરૂપ છે. તેજ શિવ છે. તેજ અદ્વૈત છે. એમ ત્રિપાદ **ત્રિમાત્રા**—અને ચતુષ્પાદ—**નાદ માત્રા** કે અમાત્રા—એ બન્નેનો સમસ્વરૂપ સહિત ભાવ અથવા એ બેઉથી રહિત ભાવ તે સ્વસ્વરૂપ ૐકાર (પંચમપાદ) છે જે એમ જાણે છે તે આત્માના જ્ઞાનથી આત્મામય પોતે સ્વસ્વરૂપ જીવન્મુક્તતા અનુભવે છે એમ આ પંચમપાદ પૂર્ણ બ્રહ્મસ્વરૂપ ૐકારજ ઉપાસના કરવા યોગ્ય છે.

વળી સગુણ નિર્ગુણના અભેદ સ્વરૂપની યોજનાએ **यच्चान्य त्रिकालातीतं तदपि ॐकार एव** એમ જે શ્રુતિ પાછળ વર્ણવી ગયા છીએ તેનો યુક્તિ વિવેક તપાસતાં આગળ જણાવેલી ત્રિમાત્રા રૂપ અને ત્રિપાદરૂપ **अकार—उकार** અને **मकार** તથા **असत्** પાદ **सत्** પાદ અને **सम** પાદ એવો જીવભાવરૂપ એક કાળ—તથા તે ત્રણે યુક્ત અને ત્રણેથી રહિત એવો જે **તૂર્ય** પાદ અમાત્ર—**नादमात्रा**રૂપ શિવસ્વરૂપ આ ઇશ્વિર ભાવનો બીજો કાળ—એમ ત્રણ માત્રાના જીવરૂપ એક કાળ—અને ચોથી માત્રાના શિવરૂપ બીજો કાળ—એ બન્ને એટલે (૧—૨—૩) + (૪) એમ સહિત અને એમ રહિત એવો જીવ—શિવની અપેક્ષાથી જે ત્રિજો કાળ—કે ત્રણે કાળરૂપ—(ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનમાં છે પણાથી સિદ્ધ) પોતે સગુણ બ્રહ્મ વા પંચમપૂર્ણ બ્રહ્મ છે એમ ત્રિકાળરૂપ અથવા ત્રણે કાળરૂપ બ્રહ્મ—પોતાના અતીત એટલે રહિતપણાની ભાવનાએ ત્રિકાલાતીત જે નિર્ગુણ સંજ્ઞાથી પણ તે બ્રહ્મ પોતેજ છે એમ જીવબ્રહ્મ પણ પોતે—ઇશ્વિરબ્રહ્મ પણ પોતે સગુણ બ્રહ્મ પણ પોતે અને નિર્ગુણ બ્રહ્મ પણ પોતે એટલે ચતુષ્પાદ યુક્ત પણ પોતે અને ચતુષ્પાદ રહિત પણ પોતે યોગસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ૐકાર છે છે અને છેજ.

वल्ली २ मी.

ॐ एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् ।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।

ॐ एतदालम्बनंश्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते । कठ०

ॐકાર પ્રભુને સમજવાને અન્ય પ્રકારો છે.

આ ॐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા બહુ પ્રકારે વર્ણવાય છે. આ ॐકારના અન્ય પ્રકારોમાં **ત્રિમાત્રિક ॐકાર–ચતુર્માત્રિક ॐકાર–પંચમાત્રિક ॐકાર**–આ પ્રકાર તો ઉપાસનાના પ્રકરણમાં વર્ણવેલો સારાંશ જે–ઉપર વર્ણવવામાં આવ્યો છે પણ કોઈ કોઈ પ્રકારમાં ષડ્માત્રિક ॐકાર અને સપ્તમાત્રિક ॐકાર એમ જુદી જુદી ભૂમિકાના વિષયમાં વર્ણવાએલો જાણવા પ્રમાણે છે પણ તે ઉપાસનાના વિષયમાં અંગીકારાતો નથી માત્ર અન્યરૂપકોમાં સમજવા પૂરતો છે એમ અનુમાન થાય છે એટલે તેના સ્ફુટીકરણની જરૂર નથી. ઉપાસનામાં પંચમાત્રિક ॐકારથીજ પૂર્ણતા વેદશાસ્ત્રો વર્ણવે છે તેજ પ્રમાણે અત્રે સ્પષ્ટ વર્ણવવામાં આવ્યો છે. આ પાંચ પાદોના સિદ્ધાન્તથી સૃષ્ટિનું પંચીકરણ સર્વેના સમજવામાં છે અને સ્થૂલ શરીર પર્યંત આ બધાં પંચકજ–પ્રસિદ્ધિમાં (અંતઃકરણ પંચકમાં–અહંકાર–ચિત્ત–મન–બુદ્ધિ અને જીવ–એ પાંચ–તેમજ પ્રાણપંચક, કર્મેન્દ્રિયપંચક–જ્ઞાનેન્દ્રિય પંચક–ભૂત પંચક એવાં) અનેક પંચકોનો નકશો જેનું નામ **" પ્રણવ દર્શન રહસ્ય "** છે તે જોયાથી ખાત્રી થશે.*

ત્રિમાત્રિક ॐકારની ઉપાસના જીવ સ્વરૂપ હોવાથી તે દ્વૈતરૂપ છે.

ઉપાસનાના સંબંધમાં **अकार, उकार, मकार** એ ત્રિમાત્રા–ત્રણ પાદ–ત્રણ અવસ્થા તથા ત્રણ શરીર તથા ત્રણ ગુણો (સત્વરજ, અને તમ) તથા **વિશ્વ, તૈજસ,** અને **પ્રાજ્ઞ** નામક **જીવ** સંજ્ઞારૂપે તથા ત્રિપાદ સમષ્ટિના જીવોરૂપે (બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર) વાપરવામાં આવે છે. અને તેને ત્રિમાત્રિક ॐકાર સ્વરૂપ પણ કહેવામાં આવે છે. અને ઉપર વર્ણવેલા પ્રકારથીજ ઉપાસના કરનાર જીવાત્માઓ ત્રિમાત્રિક ॐકારનીજ ઉપાસના કરે છે. આ ત્રિગુણ રૂપ કોટી તૂર્ય બ્રહ્મમાં **કર્ત્તા** સ્વરૂપે–**ધર્ત્તા** સ્વરૂપે–અને

---

* ૨૮૫—આ પંચપુટીનો નકશો આગળ જોડેલો છે તે જોવાને સૂચના કરવામાં આવે છે.

હર્ત્તા સ્વરૂપે સમષ્ટિ નામથી શાસ્ત્ર ઓળખાવે છે. અને તૂર્યપાદ-ઈશ્વરજ સમષ્ટિમાંનો કર્ત્તા સ્વરૂપે બ્રહ્મા-ધર્ત્તા સ્વરૂપે વિષ્ણુ-અને હર્ત્તા સ્વરૂપે રૂદ્ર-રૂપે વર્ણવાય છે. પણ જેમ ત્રિપાદ વ્યષ્ટિ રૂપ-વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ નામક જીવોનો લય તૂર્યપાદના ઈશ્વરમાં છે તેમજ આ સમષ્ટિના બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રનો લય પણ તૂર્યપાદ-ઈશ્વરમાં છે. સૃષ્ટિની ઉત્પત્તિના વિષય માં ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયના હેતુવડે ભિન્ન ભિન્ન વર્ણવાય જેથી આ ત્રિમાત્રિક ૐકારની ઉપાસના-આગ્રહી-જીવ બુદ્ધિની હોવાથી જીવને પોતાની જીવબુદ્ધિના ભ્રમનો નાશ કરવાને માટે પૂર્ણ સ્વરૂપ ગણાય નહિં. કેમકે આ સમષ્ટિ ભાવમાં-તૂર્ય પાદનો નિર્મોહી ઈશ્વર-અહં સ્વરૂપે મોહને વશ થઈ સમષ્ટિના જીવરૂપે કર્ત્તા, ધર્ત્તા અને હર્ત્તાના અભિમાનને ધારણ કરે છે. જેથી અહંભાવવાળી સમષ્ટિના ભિન્ન ભિન્ન રૂપની આ ઉપાસના-વ્યષ્ટિના જીવને પોતાના બંધનમાંથી મુક્ત કરવા શક્તિમાન નથી. તૂર્યપાદનો ઈશ્વર જ મહદ્ વિદ્યા નામક પ્રકૃતિમાં સમષ્ટિના જીવોરૂપે બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર છે ત્યારે અવિદ્યા નામક પ્રકૃતિમાં વ્યષ્ટિના જીવોરૂપે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ છે. ફેર માત્ર એટલોજ કે સત્વગુણપ્રધાન મહદ્ વિદ્યા છે. ત્યારે રજોતમ પ્રધાન મહદ્ અવિદ્યા છે. એટલે બન્ને જીવભાવના-વિદ્યા અવિદ્યા રૂપ હોવાથી ઉપાસક જીવાત્માઓને વિદ્યા અવિદ્યારૂપ બંધનમાંથી મુક્ત કર્ત્તા નથી. કેમકે જીવો-જીવોપાસના કરે તેથી મુક્ત થઈ શકે નહિં. તે તો જ્યારે જીવો-તુર્યપાદ ઈશ્વરની ઉપાસના કરે તોજ ગુણપ્રવાહરૂપ વિદ્યા અવિદ્યાના બંધનમાંથી મુક્ત એટલે મોક્ષને પામે. એમ આ તૂર્યપાદ મોક્ષ સ્વરૂપ છે. આ બંધન અને મોક્ષ ઉભય મનકલ્પિત છે. શ્રુતિ વર્ણવે છે કે **मनएव मनुष्याणां कारणंबंधमोक्षयोः** આ બંધન અને મોક્ષનું કારણ મનજ છે. માટે મનથી પરે-"**ब्रह्मविद् ब्रह्मैव भवति**" આ શ્રુતિ પ્રમાણે તૂર્યાતીત પંચમપાદ-પૂર્ણબ્રહ્મ-સગુણનિર્ગુણ અભેદ સ્વરૂપ ૐકાર પરમાત્માની ઉપાસના કરવી. કે જે ઉપાસના પ્રકૃતિ અને તેના ગુણોથીરહિત ઈશ્વર જીવથી પણ રહીત શુદ્ધ બ્રહ્મ સ્વરૂપની છે. તેથી જેની ઉપાસના કરીએ તો તે સ્વરૂપને પમાય છે. જેને પ્રતિપાદન કરનાર શ્રુતિઓમાં "**तं यथा यथो-पासते तदेव भवति**" એ પ્રમાણે બ્રહ્મની ઉપાસના કરનારો **कीट भ्रमरन्याये** બ્રહ્મ સ્વરૂપજ થાય છે. જે પોતાને બંધન માને તેને મોક્ષની અપેક્ષા છે. એટલે બંધનની અપેક્ષાએ મોક્ષ છે. પણ જે મૂળમાં બ્રહ્મ હતું અને અંતે પણ બ્રહ્મ છે. એટલે બ્રહ્મસ્વરૂપની સિદ્ધિ પ્રાપ્ત થતાં બંધન અને મોક્ષથી પરેસ્વરૂપ બ્રહ્મભૂયપણાને પામે છે. માટે જીવોપાસના અથવા ત્રિગુણોપાસના દ્વૈત સ્વરૂપ છે.

તેમજ ઉપર વર્ણવ્યા પ્રમાણે **अकार उकार, मकार** એવી ત્રિમાત્રાથી પરે-ત્રિમાત્રાઓ જેમાંથી ઉત્પન્ન થઈ છે એવા-અથવા ત્રિમાત્રાઓ જેને વિષે લય જાય છે એવા-અથવા ત્રિમાત્રારૂપ વ્યષ્ટિગત (વિશ્વ તૈજસ પ્રાજ્ઞનામક) જીવો-તથા સમષ્ટિગત (બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્રનામક) સમષ્ટિના અભિમાની (જીવો)થી પરે-એવું **तूर्यपाद**-તૂર્યમાત્રા-નાદમાત્રા-અમાત્રા-અધિમાત્રા-ઈશ્વરબ્રહ્મ—સાક્ષીબ્રહ્મ—શિવબ્રહ્મ-છે. તેને ચતુર્માત્રિક ૐકાર સ્વરૂપે વર્ણવાય છે. આ

ચતુર્માત્રિક ૐકારની ઉપાસના ઈશ્વરસ્વરૂપ અદ્વૈત સિદ્ધાન્તને પ્રતિપાદન કરે છે.

ઈશ્વર પણ **मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्** । આ માયા ઉપાદાન કારણરૂપ હોઈને તેનો **માયી** એટલે **મહેશ્વર**-શિવ-માયાની ઉપાધિવાળો જગત્ સર્જન કાળનો એકરૂપવડે નિમિત્તરૂપ ગણાતો-છતાં **નિર્મોહી** સ્વરૂપે-અદ્વૈત સ્વરૂપ છે. માટે નિચેના દ્વૈત-રૂપ ત્રિગુણ ત્રિપાદ જીવોને-બંધનમાંથી **મુક્ત** થવા માટે ઉપાસ્ય ગણાય છે. કેમકે આ સાક્ષીપદની માયા-બાધિત નથી પણ સાક્ષ સ્વરૂપે છે. જેથી જીવોને **શિવ** સ્વરૂપ થવાના-મુક્ત અનુભવને ખામી પહોંચતી નથી. જે ઉપાસક પોતાની જીવભાવના તજી, શિવસ્વરૂપ નિર્મોહી અને દ્વૈતરહિત **અદ્વૈત** સ્વરૂપ બન્યો હોય તો તે પંચમપાદ-પૂર્ણબ્રહ્મ-સગુણ નિર્ગુણ અભેદ ૐકાર સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મની ઉપાસનાનો અધિકારી ગણાય છે. માટે બ્રહ્મ સ્વરૂપની ઉપાસનાનો આ અદ્વૈત ઉપાસક છે. કેમકે આ તૂર્યપાદ-અમાત્ર-અદ્વૈત સ્વરૂપ-શુદ્ધ સત્વ વિદ્યોપાધિ ચૈતન્ય છે. એટલે શુદ્ધ સત્વ પ્રધાન માયામાં રહેલા પ્રતિબિમ્બને ઈશ્વર અથવા શિવ કહે છે. પંચદશીકાર કહે છે કે **माया भासेन जीवेशौ करोतीति श्रुतौ श्रुतम्** । માયા પોતાનામાં પડેલા (ચૈતન્યના) પ્રતિબિમ્બે કરીને જીવ તથા ઈશ્વરને રચે છે. તથા **श्रुतो मायी महेश्वरः** એટલે માયાની ઉપાધિવાળો તે ઈશ્વર છે. અર્થાત્ **विद्योपाधि चैतन्यमिश्वरः** । શુદ્ધ સત્વ પ્રધાન માયા તે **વિદ્યા** છે તેની ઉપાધિવાળુ ચૈતન્ય તેજ ઈશ્વર છે. તથા શ્રુતિમાં પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે;- **जीवेशावाभासेन करोति माया** અર્થાત્ માયા-પ્રકૃતિ જીવ અને ઈશ્વરને આભાસે કરીને કરે છે. જેમ જળનાં ફોરાંમાં આકાશનું પ્રતિબિમ્બ રહ્યું છે, તેમ બુદ્ધિની વાસનામાં ઈશ્વરનું પ્રતિબિમ્બ રહેલું છે. માયાના સાક્ષીપણાથી, તે નિર્મોહી છે; એટલે જીવોનું ઉપાસ્ય જાણીએ તો હરકત જેવું નથી. પણ ઉપાસ્ય બ્રહ્મ-માયાની ઉપાધિવાળું હોય તો જીવને માયામાંથી મુક્ત કરવા શક્તિમાન નથી. માટે તૂર્યપાદ બ્રહ્મ-ઈશ્વરની ઉપાસના પરિપૂર્ણ ગણાતી નથી.

આગળ **अकार, उकार, मकार** અને **तूर्य** એમ ચાર પાદરૂપ ચાર માત્રારૂપ-**જીવ**-અને **ઈશ્વરથી** પરે-પંચમ બ્રહ્મ-પૂર્ણ બ્રહ્મ-સગુણ નિર્ગુણ બ્રહ્મની

અભેદ સત્તારૂપ જે ૐકાર **બિન્દુ** માત્રારૂપે કહેવાય છે તે પંચમાત્રિક પૂર્ણ સ્વરૂપથી એટલે બિન્દુ માત્રાના અભિધાનથી (ઓળખાણથી) માત્ર એજ સ્થાન ઉપાસના કરવા યોગ્ય છે. બિન્દુ માત્રા અસ્તિત્વને સમજાવે છે. કેમકે ત્રિમાત્રા રૂપ **દ્વૈત** અને તૂર્ય માત્રારૂપ **અદ્વૈતથી** પરે એટલે દ્વૈતાદ્વૈતથી પરે–બ્રહ્મ સ્વરૂપની ઉપાસના, સર્વસહિત, અને સર્વ રહિતપણાથી, નિરૂપાધિક શુદ્ધ સ્વરૂપ છે. આ પંચમ પાદમાં*માયા પોતાના ચાર પાદ સાથે વિલય જાય છે. અથવા કલ્પના રૂપ ઠરે છે જેથી ઉપાસનામાં માયાનો બાધ નથી. અહિંયાં દ્વૈતાદ્વૈતનો વાદ રહેતો નથી.તેમ સગુણ નિર્ગુણની સમતાવડે ભેદ કલ્પના નથી. આ ઉપાસના **સનાતન વૈદિકધર્મ**ના કુલ સિદ્ધાન્ત રૂપથી હોઇને વેદો શાસ્ત્રો સ્મૃતિઓ અને પુરાણો–ઇતિહાસો એક મતે ૐકાર બ્રહ્મને વર્ણવે છે. માટે આ પંચમ પાદ–પૂર્ણબ્રહ્મ પરમાત્મા ૐકારની ઉપાસના કરવાને જીવને તથા ઇશ્વરનેજ સર્વ પ્રકારે અધિકાર છે. પંચમાત્રિક સ્વરૂપથી ૐકારબ્રહ્મની ઉપાસના **બિન્દુ** સંજ્ઞાથીજ અભેદ રૂપે સિદ્ધ છે તથા જેમાં ભેદાભેદ પણ રહેતો નથી અને તે પૂર્ણબ્રહ્મ–માયાવિકાર રહિત હોવાને લીધે જીવ–ઇશ્વરને–તદરૂપ માયા વિકાર રહિત સ્વસ્વરૂપાત્મક સ્થિતિ અર્પે છે. માટે ૐકાર સ્વરૂપ પંચમાત્રા પૂર્ણયોગબ્રહ્મ અભેદપણાથી ઉપાસના કરવા યોગ્ય છે. કેમકે તેમાં ચતુષ્પાદ–ચતુર્માત્રાનો સમાવેશ છે. જુઓ–

પૂર્ણબ્રહ્મ પંચમાત્રિક ૐકાર સ્વરૂપ પરમાત્માની ઉપાસના જીવોને તથા ઇશ્વરોને કરવા યોગ્ય છે.

बिन्दु मात्र स्वरूपेण यत्स्थितं ब्रह्मशाश्वतम् ।
तस्माच्चतुर्विधं विश्वं प्रकटं संभविष्यति ॥ मौ० ॥

તે આ શાશ્વત એટલે અવિનાશી (ૐકાર) પરબ્રહ્મ પરમાત્મા **બિન્દુ** સ્વરૂપ વા માત્રાવડે સદાએ સ્થિત છે અને તેનાથીજ નિચેનું ચાર પ્રકારનું ચતુષ્પાદવાળું–ચાર દેહવાળું–ચાર અવસ્થાવાળું–ત્રણ ગુણ અને ચોથી પ્રકૃતિવાળું–ચાર વર્ણ વાળું–ચાર આશ્રમવાળું આ વિશ્વ એટલે જગત પ્રગટ થાય છે અર્થાત્ ચાર પ્રકારનો આદિ ચારના મૂળ સ્વરૂપે અથવા ચાર જેમાં લય જાય છે એવો આ **બિન્દુ** માત્ર નામથી પ્રસિદ્ધ ૐકાર પરમાત્માજ છે.

પરબ્રહ્મ પરમાત્મા ૐકાર **સ્વરૂપની–નિર્ગુણબ્રહ્મ સંજ્ઞાની** તથા **સગુણબ્રહ્મ સંજ્ઞાની**–તેમ તૂર્યપાદ **ઇશ્વરબ્રહ્મ સંજ્ઞાની**–તેમ ત્રિપાદરૂપ **જીવબ્રહ્મ સંજ્ઞાની** તથા પ્રકૃતિ સંજ્ઞાની એમ અનેક સંજ્ઞાની વેદાન્ત વિદ્યાજ્ઞાનના બહોળા વિસ્તાર સાથેની સંજ્ઞાઓની વ્યાખ્યાઓ **÷નિરાલમ્બોપનિષદમાં** રૂડા પ્રકારે **વર્ણવેલી છે** તે **વાંચવાથી મુમુક્ષુ** વર્ગને બહુજ સંતોષ **થશે.**

* અદ્વૈત ચિન્તામણીમાં પ્રકૃતિ લક્ષણ જુઓ. ÷ નિરાલમ્બોપનિષદના ભાષ્યની ગુજરાતી ટીકા સાથે મૂળ–શ્રી મધુમતિ મંદિર લુણાવાડાથી પ્રસિદ્ધ થયેલું છે અને ત્યાં મળે છે.

વલ્લી ૧૦ મી.

ભગવાન ભાષ્યકાર શ્રીમત આદ્ય શંકરાચાર્ય મહારાજ પોતાના ભાષ્યમ લખે છે કે-**अविद्योपाधि चैतन्यं जीवः । तथाच विद्योपाधि चैतन्यमीश्वरः** અવિદ્યા-અજ્ઞાન (રજતમ માયાયુક્ત)ની ઉપાધિવાળું ચૈતન્ય તે **જીવસંજ્ઞાત્મ**ક છે તથા વિદ્યાજ્ઞાન (સત્વ માયાયુક્ત) ની ઉપાધિવાળું ચૈતન્ય તે ઇશ્વ સંજ્ઞાત્મક છે. આ સબંધે શ્રીપંચદશીકાર પણ વર્ણવે છે કે-

જીવ-ઇશ્વર-માયાની ઉપાધિવાળા હોવાથી ઉપાસ્ય નથી.

आनंदमयविज्ञानमयावीश्वरजीवको । माययाकल्पित वेतौ ताभ्यां सर्वं प्रकाल्पितम्. આનંદમય (કોષનો) ઇશ્વ અને તેની નિચેનો વિજ્ઞાનમય (કોષથી લગાયત અન્નમ કોષનો) **જીવ**-એ બન્ને માયાએ કરીને કલ્પિત છે અ તે બન્નેનાથી આ સર્વ જગત્ કલ્પાયેલું છે. ઉપાધિવાળાઓ ઉપાધિમાંથી મુક્ત કરવા શક્તિમાન નથી એટલે જીવ-ઇશ્વર એ ઉભય પ્રકારથી ઉપાસના કર યોગ્ય નથી તેથી અવશિષ્ટ રહેલો કોશાતીત-એવો જે સગુણનિર્ગુણ સહિત રહિ અભેદ સ્વરૂપ ૐકાર સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ છે તેજ ઉપાસ્ય છે. માણ્ડૂક્ય ની ગૌડપાદ કારિકામાં પણ વર્ણવેલું છે કે—

ॐकारं पादशो विद्यात्पादामात्रा न संशयः ।
ॐकारं पादशो ज्ञात्वा नार्किचिदपि चिन्तयेत् ॥

ૐકાર પરબ્રહ્મ પરમાત્માના (ચાર) પાદો છે તે (ચાર) માત્રાસ્વરૂપજ એમ જાણો એમાં સંશય નથી. ૐકાર સ્વરૂપ પરમાત્માના જ્ઞાનને માટે તે અનુક્રમથી પાદપાદવાર જાણવો જોઇએ અર્થાત્ પ્રથમ **असत्** પાદ જાણવો પછ **सत्** પાદ જાણવો પછી **सम** પાદ જાણવો છેલ્લે **तूर्य** પાદ જાણવો. પણ તેમાને પહેલો, બીજો અને ત્રીજો **જીવપાદ** છે તથા ચોથો **તૂર્યપાદ** ઇશ્વર છે એ જેના આ ચાર પાદો છે એવા સગુણનિર્ગુણ અભેદાત્મક પૂર્ણબ્રહ્મ-પંચમપા **ૐકાર** પરમાત્માના સ્વરૂપનુંજ ધ્યાન સ્મરણ કરવાની આજ્ઞા છે. અન્ય કં ચિંતવન કરવું નહિં કેમકે જીવ અને ઇશ્વર-માયાવડે વેષ્ટિત છે માટે તે પો તાના સરખા માયાથી વેષ્ટિત જીવોને મુક્ત કરવા શક્તિમાન નથી. આ ઇશ્વર-**સમષ્ટિ** વ્યષ્ટિનો અભિમાની કહેવાય છે અને **જીવ**-માત્ર **વ્યષ્ટિ**નો મિથ્યા અભિ માની કહેવાય છે. આ વ્યષ્ટિ સમષ્ટિભાવ માયાવાચક છે તેમજ ત્રિપાદ અથવા ત્રિમાત્ વા ત્રિગુણ તે **વ્યષ્ટિ** સંજ્ઞાત્મક જીવ છે. તેમજ ત્રિપાદ જેમાં સમાય છે એવં તૂર્ય-ચોથો તે **સમષ્ટિ** સંજ્ઞાત્મકનો ઇશ્વર છે. પરમાર્થરૂપે એટલે વાસ્તવિકરૂ

ચૈતન્ય સત્તાથી તો અભેદ છે પણ માયાની ઉપાધિથી ભેદાભેદ છે. જેમ આંબો, મહુડો, રાયણ, બાવળ આદિ ભિન્ન ભિન્ન નામવાળાં વૃક્ષો તે વ્યષ્ટિ છે પણ વૃક્ષો એ સમષ્ટિ છે. આત્મારૂપે અભેદ અને માયાની ઉપાધિરૂપે ભિન્ન ભિન્ન શરીરરૂપે વિદ્યાઅવિદ્યાથી ભેદ છે અને તે ભેદ વ્યવહાર પર્યંત ભાસમાન છે.

પરમાત્મા ૐકાર અને તેના જ્ઞાનથી બ્રહ્મભૂયપદને પ-માય છે.

આ ઉપાસના કરવાનું એટલાજ માટે છે કે તે ઉપાસ્ય પરમાત્મામાં નિરંતર સતત્ ધ્યાન સ્મરણ લાગતાં તેજ રૂપથી સર્વત્ર સ્વરૂપ જણાય છે એટલે વ્યષ્ટિ સમષ્ટિ પર્યંતનું સમસ્ત જેમાં આભાસ માત્ર છે તેજ પ્રભુરૂપ છે એમ નિશ્ચય સમજાતાં ઉપાધિ દ્વય કલ્પનામાંથી જીવાત્મા મુક્તજ રહે છે ત્યારે તે પોતાનો અજ્ઞાનદેહીપણાનો અનુક્રમે લય બ્રહ્મ ૐકારમાં કરતાં પોતાના આત્માને પણ ૐકાર સ્વરૂપ જુએ છે અને એવો સદોદિતનો અસ્ખલિત અભ્યાસ થતાં કલ્પિત ચારપાદના ચાર દેહોના દેહાધ્યાસની ભેદભ્રાન્તિમાંથી મુક્ત થતાં સ્વસ્વરૂપાવસ્થાને પામે છે. આખરે **ब्रह्मविद् ब्रह्मैव भवति** આ શ્રુતિના અર્થનું તાત્પર્ય સમજાય છે. આમ બોલવાથી નથી પણ રજતમગુણની અવિદ્યારૂપ જીવભાવનાનો વિલય શુદ્ધ સત્વ-ગુણની મર્યાદાએ ઈશ્વરકોટીમાં કરવા અને તેના સાક્ષીપણાની ભ્રાન્તિનો લય સદ્ગુરૂ પરમાત્માના પંચમપાદમાં કરી સદ્ગુરૂ કૃપા યોગથી સંત પ્રત્યેની પ્રભુ સ્વરૂપની અભેદ બુદ્ધિવડે નવધાભક્તિથી સેવન કરતાં નિજબોધથી ભ્રાન્તિ સંહારતાં. ઉપાસ્ય ૐકારનું તેમની આજ્ઞા પ્રમાણે તારક મહામંત્રના જાપ સાથેના ધ્યાન સ્મર્ણ પૂજા વિગેરે ભાવથી, શ્રદ્ધાથી, ઉપાસના કરવામાં આવે તો ઈષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થતાં જન્મમર્ણાદિક કલ્પિત દેહાધ્યાસથી મુક્ત થાય છે. બોલવાથી થતું નથી પણ તેમ અનુભવનું વર્ત્તન કરવાથી થાય છે.

આ સઘળા ભેદોનું વર્ણન માત્ર જ્ઞાન સમજવા પુરતું છે. અને આ ભેદો ૐ પરમાત્માના સગુણ બ્રહ્મ પ્રકારમાં માયાભાસની મિથ્યા–શબ્દ જ્ઞાનમાત્ર વસ્તુ શૂન્ય વિકલ્પની કલ્પના કર્યા પછીથીજ કલ્પાય છે. વાસ્તવિક તો જેને હાલ ઉપાધિથી વ્યષ્ટિ સમષ્ટિના જીવ ઈશ્વર કહેવામાં આવે છે. તે વિદ્યા અવિદ્યાની ઉપાધિને લઈને કહેવામા આવે છે. ઉપાધિ મર્યાદાના વિચારોથી મુક્ત થતાં તેજ સગુણ બ્રહ્મમાં તદ્રૂપે દર્શનરૂપ છે. પણ માયાની ભેદ ભ્રાન્તિની જગત્ દૃષ્ટિથી નામ-રૂપ ભેદોનાં શરીરો અને અભિમાની ભિન્ન ભિન્ન ભાસે છે. આ અયોગ્યતાની અજ્ઞાયબી બહુજ વિચિત્ર છે. ભ્રાન્તિનો ભેદ ભુલવો એ શ્રીગુરૂકૃપાઉપર આધાર રાખે છે. નાસ્તિક થતાં વાર નથી, પણ આસ્તિક થતાં બહુ વાર લાગે છે. ક્રોધ કરવો મુશ્કેલ નથી પણ ક્રોધને દબાવવો બહુજ મુશ્કેલ છે. ઝેર વહન કરતાં

હરકત પડતી નથી, પણ અદ્વૈત સંભાળવામાં બહુજ હરકત વેઠવી પડે છે તો દ્વૈતાદ્વૈત સહિત રહિત સ્થિતિના અનુભવમાં રમવું તો કેટલું કઠિણ છે?? યુક્તિ સાથે ગુરૂકૃપાથી સંત સમાગમદ્વારા ગડી બેઠી તો બેઠી. નહિં તો આવા અનેક જન્મો વહી જાય પણ આ ગડી બેસવી કઠિણ છેજ. પછી ગમે તેમ બોલે અગર કહે અગર માને તેથી. સત્ય અનુભવવાળી અમૃતસ્વરૂપ નિશ્ચય સ્થિતિનો બુદ્ધિ યોગ મેળવવો તો દુર્લભજ છે. માત્ર ગુરૂકૃપાથી શું દુર્લભ છે??

ઉપાસ્યદેવને યથાર્થ ઓળખી ઉપાસના કરવાની જરૂર છે.

એમ આ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા, સગુણ અને નિર્ગુણ પ્રકારથી અભેદ સપ્રમાણ છે. એટલે તેજ પરમપદથી **અસ્તિ** પદ સ્વસ્વરૂપ છે. છતાં ઉપાસનાનો યોગ અજ્ઞાત ઉપાસકોને યથાર્થ રીતે સમજવા માટે તે ઉપાસ્ય ૐકાર પરબ્રહ્મ પરમાત્માના યથાર્થ સ્વરૂપનું ઓળખાણ થવુંજ જોઈએ. વસ્તુને ઓળખ્યા શિવાય અને તેનું સ્વરૂપ સમજ્યા શિવાય ધ્યાન કરવામાં હરકત છે. ઓળખાણથી ધ્યાન થાય છે. જેમ કોઈ પુરૂષનું ઓળખાણ. નામથી, રૂપથી, મહત્તાથી, મહિમાથી, સત્તાથી વા સાક્ષાત્ દર્શનથી –આદિ અનેક ભાવથી થાય છે. તેમજ આ ૐકાર પરબ્રહ્મ પરમાત્માનું ઓળખાણ. નિર્ગુણ વાચક શબ્દોથી, સગુણ વાચક શબ્દોથી, તેમના સ્વરૂપથી, તેમનાં લક્ષણોથી, તેમની મહત્તાથી, તેમના મહિમાથી, તેમની સત્તાથી, વા તેમના દર્શનથી થાય છે. આ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા, યોગરૂપ છે. તે માયા રહિતપણાથી નિર્ગુણ પ્રકારે કહેવાય છે, અને તેમાં માયાની કલ્પના કલ્પવામાં આવે એટલે માયાના વિકલ્પ સાથે–તે સગુણ પ્રકારે કહેવાય છે. આ સગુણ પ્રકારમાં સમષ્ટિ અને વ્યષ્ટિ એવી માયાવી કલ્પનાઓથી **ઈશ્વર** અને **જીવ** કલ્પાય છે. માણસે આ પોતાની દેહવાસના સાથેની જીવકલ્પના મટાડવાને માયાકલ્પના જેમાં કલ્પાય. તે સગુણ બ્રહ્મમાં કલ્પનાનો વિલય કરવાની યુક્તિથી કલ્પિત **માયાની** કલ્પના તેમાંજ સમાય છે. એટલે માયાની કલ્પના શમાતાં સગુણ તેજ નિર્ગુણ–અને સગુણ નિર્ગુણ અભેદ પ્રકારથી સત્ય સમજાતાં ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માને ઓળખે છે. આ સર્વે **જ્ઞાન** કહેવાય છે. અને તે બુદ્ધિજન્ય છે. જે પુરૂષની બુદ્ધિ રજો તમોગુણના વ્યવહારોથી રહિત થઈ હોય. અને કેવળ શુદ્ધ સત્વ વિચારવાન બની હોય. તે **બુદ્ધિ** સમજવાને યોગ્ય ગણાય છે. અને તે બુદ્ધિમાં અભ્યાસપૂર્વક સંત સમાગમ વધતાં ગુરૂકૃપાથી, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારો પૂર્વક ૐપરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરે છે. ત્યારે ઘણા પરિશ્રમે બુદ્ધિજન્ય જ્ઞાનની પરિપૂર્ણતામાં આખરે બુદ્ધિનો લય થતાં અવશેષ પરમાત્મામય થાય છે. **“અભેદ બુદ્ધિયોગ”** થયા સિવાય જ્ઞાન સમજાતું નથી. આ ૐકાર પરબ્રહ્મ

પરમાત્માની ઉપાસના કરવાથીજ "**અભેદ બુદ્ધિયોગ**" પ્રાપ્ત થાય છે.

જ્ઞાન કે અજ્ઞાન દૃષ્ટિ બુદ્ધિનીજ છે. અભેદ બુદ્ધિ યોગનો સરળ માર્ગ.

બુદ્ધિમાં બે ભેદ અને દૃષ્ટિ છે. ૧ **આત્મદૃષ્ટિ** ૨ **દેહદૃષ્ટિ** અથવા જગત્ દૃષ્ટિ—ૐકાર પરબ્રહ્મ પરમાત્મામાં તો ભેદ પણ નથી અને ભેદદૃષ્ટિ પણ નથી. જેમ સમુદ્ર સ્વરૂપ અખંડાકાર સાગર તત્વમાં તદ્રૂપ સાગર સ્થિતિનો અનુભવી તન્મય હોવાથી સાગર પોતામાં ભેદાભેદ જોઈ શકતોજ નથી. અને તે પોતાને તેવા કોઈ રૂપે જાણતો કે સમજતોજ નથી. તે તો માત્ર **અસ્તિ** સ્વરૂપથી છે. અને તે પણ અનુભવની સિદ્ધિએ—અર્થાત સ્વતઃસિદ્ધજ છે. સ્વતઃસિદ્ધમાં જોવા જોવરાવવાપણું નથી. દૃષ્ટિ કે દૃષ્ટા જેમાં નથી તે પરબ્રહ્મ પરમાત્મા શુદ્ધતત્વ છે. આ સબંધી વિચાર કરતાં એમ સમજાય છે કે—જેમ સમુદ્રસ્વરૂપ અખંડાકાર સાગરમાં ૧ જળદૃષ્ટિ અને ૨ બુદ્બુદાકાર દૃષ્ટિ છે. આ બન્ને દૃષ્ટિ સત્ય અસત્યના નિર્ણયવાળી જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ છે. સાગરમાં જળરૂપે જોવું તે સત્ય દૃષ્ટિ **જ્ઞાન**સ્વરૂપ છે. અને સાગરમાં બુદ્બુદાકાર દૃષ્ટિથી જોવું તે અસત્યદૃષ્ટિ **અજ્ઞાન** સ્વરૂપ છે. આ જ્ઞાન અજ્ઞાનવાળી સત્ય અસત્યરૂપ દૃષ્ટિ તે માત્ર **બુદ્ધિનોજ** વિષય છે. આ દૃષ્ટાન્ત ઉપરથી સિદ્ધાન્ત છે કે સાગર કે જેમાં દૃષ્ટિ દૃષ્ટા નથી તેતો સત્યાસત્યથી પરે સ્વતઃસિદ્ધ સગુણ નિર્ગુણ અભેદ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા **ઉપાસ્ય** સ્વરૂપ છે. સાગરમાં જળરૂપ દૃષ્ટિની સત્યદૃષ્ટિ કે જેને **જ્ઞાન** સ્વરૂપ કહેવાય છે. તે ઈશ્વર આત્મા સ્વરૂપ છે. અને તે પણ બુદ્ધિનીજ દૃષ્ટિ છે. તેમ સાગરમાં બુદ્બુદાકાર દૃષ્ટિ તે અસત્યદૃષ્ટિ કે જેને અજ્ઞાન સ્વરૂપ કહેવાય છે. તે **ત્રિપાદ**રૂપ જીવ સ્વરૂપની **દેહદૃષ્ટિ** કે જગત્ દૃષ્ટિ છે. આ અજ્ઞાન બુદ્ધિની દેહદૃષ્ટિથી દેહ કે જગત્ જણાય છે. અને જ્ઞાન બુદ્ધિની આત્મદૃષ્ટિથી ઈશ્વર આત્મા જણાય છે. આ સર્વ જગતના જીવો અજ્ઞાન બુદ્ધિના આવરણથી ઘેરાયેલા હોવાથી જગત્ દૃષ્ટિ વા દેહદૃષ્ટિના મિથ્યા ભ્રાન્તિરૂપ અહં મમત્વના ભરેલા કુતર્કોથી પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માના જ્ઞાનસ્વરૂપને જાણી શકતા નથી. તો જ્ઞાન સ્વરૂપથી પણ પરે સ્વતઃસિદ્ધ ૐકાર સ્વરૂપમાં તન્મય રમવું તો ક્યાં ??? કેટલું દુર્લભ ?!! આ અજ્ઞાન વૃત્તિની મિથ્યાસ્વરૂપ અને ભ્રાન્તિસ્વરૂપ બુદ્ધિની દેહદૃષ્ટિનું અજ્ઞાનપણું ભુલવાને તથા જ્ઞાન વૃત્તિનું સત્ય સ્વરૂપ—જ્ઞાનથી સમજીને અંતે આ બુદ્ધિની જ્ઞાન અજ્ઞાનરૂપ ઊભયદૃષ્ટિ જેમાં લય જાય છે અથવા જેમાં કલ્પિત છે એવા ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પંચમપાદ પરબ્રહ્મ પરમાત્માની **ઉપાસના** કરવી જોઇએ. ઉપાસના પ્રકારમાં શાસ્ત્રશ્રવણ, ગુરૂપ્રત્યે પ્રભુ રૂપની શ્રદ્ધા, ગુરૂભક્તિ, ગુરૂસેવા અને શ્રવણ કરેલા જ્ઞા-

નનું મનન તથા નિદિધ્યાસન એટલે તે પ્રમાણે વર્ત્તન, સત્વબુદ્ધિનો વિવેક અને સતત ધ્યાન વિગેરે બાહ્ય સાધનરૂપ ગણાય છે. અને તેથી બુદ્ધિના બાહ્યદોષો રૂપ બાહ્ય વિક્ષેપભાવનો વિલય થાય છે તેમજ તે સાથે બુદ્ધિના આંતર્ દોષો રૂપ આંતર્ વિક્ષેપ ભાવનો વિલય કરવાને–શ્રી ॐકાર નિર્ગુણ સગુણ અભેદ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના વડે તેમના મૂર્ત્ત અમૂર્ત્ત સમાન સ્વરૂપમાં ષોડશોપચાર વિધિની વૈદિક મંત્રોથી પૂજા–કે પુરાણોક્ત મંત્રોથી પૂજા–સદ્ગુરૂ જીવન્મુક્ત સંત પરમાત્માના શરણથી દિક્ષાયુક્ત પ્રાપ્ત થયેલા તારક મહા મંત્રનો જાપ–પરમભક્તિથી પ્રભુમાંજ રટણ–એકાકાર ઐક્ય ભાવના અને ઐક્ય અભેદ અનુસંધાન કરવા યોગ્ય સ્મરણ–અને ॐકાર સ્વરૂપ સદ્ગુરૂના સ્વરૂપનું સતત ધ્યાન–વિગેરે જરૂરનાંજ છે. એમ ઉભય પ્રકારે બાહ્યાંતર યોગ સિદ્ધ કરતાં જેમ કાષ્ટ બળતાં બળતાં તેજ કાષ્ટ મટીને અગ્નિ સ્વરૂપ નિર્ધૂમ સ્વય અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેમ આ જીવાત્મા સત્વબુદ્ધિ સાથે ઉપર પ્રમાણે પરમાત્મા ॐકાર પરબ્રહ્મમાં લય થતાં તદ્રૂપતાને પામે છે. તેનેજ શાસ્ત્રકારો "**અભેદ બુદ્ધિયોગ**" કહે છે. બુદ્ધિમાંની અજ્ઞાનરૂપ અવિદ્યા અને જ્ઞાનરૂપ વિદ્યાનું અહં મૂળ–ઉપાસના યોગથી બળે છે. અને સ્વયપ્રકાશ ચેતનતા વધે છે. આ "**અભેદ બુદ્ધિયોગ**" વાળી બુદ્ધિજ અનુક્રમે બુદ્ધિરૂપના પરમાત્માના પ્રકાશક–અંતર્યામી અને સાક્ષી ભાવનો સ્વય સ્વરૂપમાં વિલય કરી અંતે **પતિ** સંજ્ઞાત્મક સગુણ નિર્ગુણ અભેદ ॐકાર સ્વરૂપ પરમાત્મામાં સમાતાં અભેદાકાર થાય છે. મતલબ કે આ બુદ્ધિરૂપ માયા પોતાના **પતિ**સ્વરૂપમાં જળની છાયા સ્વરૂપે આત્મમય રહે છે. બાહ્ય ઉભય પ્રકાર નથી રહેતો, પણ અભેદ પ્રકારે થાય છે. કેમકે સૃષ્ટિના આરંભ કાળમાં આ બુદ્ધિ–માયા–સ્વસ્વરૂપાકાર પ્રથમ વિકલ્પરૂપ અવ્યક્ત નામાત્મક **બ્રહ્મ** રૂપાજ હતી. અને સૃષ્ટિ વિલાસની દૃશ્ય ભાવના વખતે નિર્મલ સ્થિતિમાંથી જે કેવળ કલ્પિત જડાત્મક ભાવનાને પામી હતી. તે પુનઃ ઉપાસનાના યોગથી પુનઃ જેવી સ્વસ્વરૂપાકાર હતી તેવીજ થાય છે. તેથીજ આ **ઉપાસના યોગ** બુદ્ધિની શાન્તિને અર્થેજ છે. કેમકે આત્માનુ અખંડ અને અભેદપણું તો તુટતુંજ નથી. પણ બુદ્ધિ જે અભેદાકાર હતી તે ભેદાકાર ભાવનાને પામી દ્વૈતપર્યંત સમજાવે છે. તેથી બુદ્ધિમાંથી આ દ્વૈતાદ્વૈત રૂપ ભ્રાન્તિભેદ ઉપાસનાથી કાઢવાની જરૂર છે. અન્ય યોજનાથી દ્વૈત ભેદની ભ્રાન્તિ બરાબર નિકળતી નથી તે ઉપર પ્રમાણે બોધ, જાપ, ધ્યાન, પૂજા, ભક્તિથી બરાબર નિકળી શકે છે માટે ઉપાસના અવશ્ય ઉપયોગી છે.

॥ अव्यक्तादीनि भूतानि व्यक्त मध्यानि भारत ।

॥ अव्य... निधनान्येव तत्र का परिदेवना

ॐ शान्तिः ।

॥ द्वितीय पा- ॥

वल्ली ११ मी.

॥ तत्र को मोहः कः शोक एकत्वमनु पश्यतः। श्रुतेः।

સગુણ અને નિર્ગુણ આ બન્ને પ્રકાર પરમાત્મામાં અભેદ છે.

આ ૐકાર પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ, પર્યંત એક સરખી રીતે માન્યજ છે. ઉપાસના નાના કાળમાં કોઇ પણ પ્રકારનો પક્ષ સ્વીકારવાની જરૂર નથી. અભેદ યોગરૂપ પરમાત્મામાં પક્ષ હોવા જરૂરનો નથી. સગુણ પ્રકાર—અને નિર્ગુણ પ્રકાર સમજણ પુરતા છે. સગુણ તેજ નિર્ગુણ છે નિર્ગુણ તેજ સગુણ છે. આ બન્ને એકજ પરમાત્મામાં સમજવા યોગ્ય પ્રકાર છે. સગુણ ભાવની ભાવના **અભ્યુદય** રૂપ છે ત્યારે નિર્ગુણ ભાવની ભાવના **નિશ્રેયસ્** રૂપ છે. જેથી આ બંન્ને યોગનો એક **વૈદિક સનાતન ધર્મ** સુરક્ષિત બ્રહ્મ પ્રાપ્તિરૂપ ફળને આપવાવાળો છે; જેથી સગુણ-નિર્ગુણ પ્રકાર વેદોમાં અભેદ રૂપેજ છે. વાસ્તવિક રીતે બુદ્ધિની અજ્ઞાન દશામાં માત્ર અવિચારથી ભ્રાન્તિ સ્વરૂપે જગત છે. ખરૂં બન્યું નથી, બનવાનું નથી અને બનશે નહિં. જગતની તો કલ્પનાજ છે. તે સગુણ માનો તોપણ જગતની તો કલ્પનાજ છે. અને નિર્ગુણ માનો તો પણ જગતની તો કલ્પનાજ છે. ત્યારે સગુણ નિગુણનો ભેદ માનવાને કંઇ કારણ મળી શકતું નથી.

પરમાત્મા એકલો નિર્ગુણ પક્ષથી સિદ્ધ ઠરતો નથી.

આવી રીતે અભેદ છતાં આપણે અજ્ઞાન આવરણથી પરમાત્માને એક નિર્ગુણ પક્ષથીજ સ્વીકારીએ તો તેમાંથી સમજવાનું મળે છે કે—નિર્ગુણ કહેતાં જેમાં ગુણ એટલે વૃદ્ધિરૂપ જગત્‌ની ઉત્પત્તિનો સભવજ નથી. જગત્‌નો સંભવ માનતાં **વદતો વ્યાઘાત** દોષ આવે છે. જેમાં ઉત્પત્તિ સંભવે નહિ તો લય પણ સંભવે નહિંજ—ત્યારે નિર્ગુણમાં ઇશ્વર પણ સંભવે નહીં અને જીવ પણ સંભવે નહિં તેમ દેહ કલ્પના પણ સંભવે નહિં. જ્યારે આ સર્વ નહિં તો ઉપાસના કરનાર કોણ ? ? ? અને તે કોનો ઉપાસ્ય ? ? ઉપાસનાની જરૂરજ નથી. પરમાત્મા એક પક્ષે નિર્ગુણજ છે. એમ માનનારાઓએ સમજવું જોઇએ કે તે પરમાત્મા નિર્ગુણજ છે. તો પછી તમો દેહ કલ્પનાવાળા દેહ દૃષ્ટિવાળા, દેહ બુદ્ધિવાળા, દેહ, વાણીથી બોલવાવાળા

વિકલિત જુદા ક્યાંથી આવ્યા* ? ? એમ એક પક્ષ નિર્ગુણ કહે તો ઘણા ઘણા વિક્ષેપો ઉત્પન્ન થાય છે. માટે નિર્ગુણ નામનો એક પક્ષ સ્વીકારવો બંધ બેસતો નથી.

પરમાત્મા એકલા સગુણ પક્ષથી સિદ્ધ ઠરતો નથી.

આવી રીતે એકલા નિર્ગુણ પક્ષમાં બંધ બેસતી વાત નથી. હવે આપણે પરમાત્મામાં એકલોજ સગુણ પક્ષ સ્વીકારીયે તો પણ તેમાંથી સારૂં સમજવાનું મળી આવે છે કે-જેમાં કલ્પિત માયા જગત્‌ની ઉત્પત્તિ સંભવે છે. એટલે લયનો સંભવ છતાં પણ માયા ઉત્પત્તિનો સંભવ તો સગુણ શબ્દાર્થથી કાયમજ રહેવાનો. ત્યારે જ્યાં ઉત્પત્તિ લયવાળી માયા રહી ત્યાંની ઉપાસનાથી બ્રહ્મ પ્રાપ્તિનો હેતુ સાફલ્ય રૂપ નથી. એટલે એક પક્ષીય સગુણ બ્રહ્મ ઉપાસના નિરર્થક જેવી છે. માયાથી ઉત્પન્ન થતા જીવો તો કાયમજ રહેવાના-કેમકે સગુણ બ્રહ્મની ઉપાસના એક પક્ષી કરે તો પણ **તે યથા યથોપાસતે તદેવ ભવતિ** આ શ્રુતિથી જે જેની ઉપાસના કરે તે તેવોજ થાય છે. ત્યારે માયા યુક્ત માત્ર સગુણ પક્ષની ઉપાસના કરનારો માયા યુક્ત સગુણ પક્ષમાંજ કાયમ રહે છે. એટલે બ્રહ્મ સ્વરૂપતાનો યોગજ રહેતો નથી. વળી માયાની કલ્પના કાયમ રહેવાથી પરમાત્માના અભેદપણામાં ખોટ આવે છે. અર્થાત્ માયા અને સગુણ એવી દ્વૈત ભાવના કાયમ રહે છે. તેથી અભેદ યોગ સિદ્ધાન્ત પણ થતો નથી એમ દ્વૈતાદ્વૈતથી પર સિદ્ધાન્ત તો કેમજ સમજાય ? ?

સગુણ નિર્ગુણનો અભેદ હેતુ સફળછે.

આ ઉભય વિચારથી સાબીત થાય છે કે-પરમાત્માપરબ્રહ્મ ૐકાર અભેદ સ્વરૂપ હોવાથી સગુણ કે નિર્ગુણ એક પક્ષનો વાદ સિદ્ધ ઠરતો નથી. અને પક્ષના વિકલ્પથી ઉપાસનાનો સત્ય હેતુ પણ ઠરતો નથી. પણ સગુણ પ્રકાર નિર્ગુણ પ્રકારની અભેદભાવનાથી પરમાત્મા પરબ્રહ્મ ૐકારની ઉપાસના કરવામાં આવે તો ઉપાસના કરવાનો અને કરનારનો હેતુ ફળરૂપ છે.

જગતની ઉત્પત્તિના સંબંધે સગુણ અને નિર્ગુણ એવા પ્રકારના ભેદે વિના અને તે વિચાર બાજુ ઉપર રાખી એકલી માયાનેજ સ્વિકારીએ તોપણ

* તેમજ માયાનો વિકલ્પ પણ ક્યાં કલ્પવાનો ? ? સર્વજ્ઞ અને સર્વ શક્તિમાનત્વ તો માયાના વિકલ્પની સંધિમાં સગુણ બ્રહ્મને વિષેજ મનાય છે. જ્યારે નિર્ગુણની સાથે તે વિશેષણો કહેવામાં આવે તો તો સગુણ બ્રહ્મજ સિદ્ધ ઠરે છે. ત્યારે નિર્ગુણજ છે એમ બોલવું એ એક પ્રકારનો છલ છે. માયામાંથી દેહો ભાસે છે એટલે માયા કાર્ય છે એમ માનવાથી માયાનું અધિષ્ઠાન સગુણ બ્રહ્મ માનવાની જરૂર છે. એટલે એકલો નિર્ગુણ પક્ષ સિદ્ધ ઠરતો નથી. આત્મ બંધુઓને અવળે માર્ગે ચઢાવવાનો પ્રયત્ન ન કરવો યોગ્ય છે.

ઠીક ઠીક બંધ બેસતું નથી. કારણ **માયા** એટલે જે કંઈ ના હોય ને ભાસે તેજ માયા છે. સગુણબ્રહ્મની સાથે માયા સમજાવીએ તો સૃષ્ટિની રમતમાં તે રમત બંધ બેસતી આવે કેમકે કુંભાર હોય તો માટીમાંથી રમકડાં બનાવે પણ કુંભાર વિના માટીમાંનાં વાસણોની રમત બંધ બેસતીજ નથી. એથી એમ તો સાબીત થાય છે કે **નિમિત્ત કારણ** શિવાય **ઉપાદાન** કારણની સત્તા નથી. નિમિત્ત કારણ–સગુણબ્રહ્મ અને ઉપાદાન કારણ માયા આ ઊભયના સંયોગમાં જગત્ રૂપી રમકડાં બને. પણ એકલીજ માટી રમકડાં બનાવવામાં પૂર્ણ હેતુરૂપ હોય એમ સિદ્ધ ઠરતુંજ નથી. જેમ માયાના એકલા ઉપાદાન કારણમાં કાર્ય નથી તેમ સગુણબ્રહ્મ એકલા નિમિત્ત કારણમાં પણ જગત રૂપી કાર્ય નથી. જેમ કુંભારના સ્વરૂપમાં રચનાના રચયિતારૂપે રચનારનું નિમિત્ત કારણરૂપ ભાન છે. છતાં માટી વિના તે રમકડાં શામાં રચે ??? એટલે સૃષ્ટિ સર્જનકાળમાં બન્ને **નિમિત્ત** અને **ઉપાદાન** કારણોનો સંયોગજ સંભવે છે છતાં આ સગુણબ્રહ્મજ સ્વસ્વરૂપે તો નિર્ગુણજ છે. તેમ **માયા** એ વિકલ્પ છે એટલે આ સગુણબ્રહ્મ અને માયાનો **સંયોગજ** અવિચાર સિદ્ધ ઠરે તો તેથી ઉત્પન્ન થતું કાર્ય પણ અવિચાર સિદ્ધ ઠરે તેમાં શું નવાઈ ?? સગુણ બ્રહ્મજ અભિન્ન નિમિતોપાદાન છે.

સગુણ બ્રહ્મમાં કલ્પિત માયા બાધ કરતી નથી.

કલ્પિત માયા (અવ્યક્ત બુદ્ધિ) સગુણ બ્રહ્મમાં વિકલ્પરૂપ હોવાથી બાધ રૂપ નથી. માટેજ તે સગુણ પોતે નિર્ગુણજ સિદ્ધ રહે છે. જેમ પતિવૃતા સ્ત્રી પોતાના પતિને પતિથી અભિન્ન-રૂપ હોઇને દુઃખરૂપ કે ભેદરૂપ હોતી નથી. તેમ આ (અવ્યક્ત) માયા કલ્પિત અને બ્રહ્મથી અભિન્ન હોવાથી બાધ કરી શકતી નથી. કેમકે જેને બ્રહ્મ જોતાં ન આવડે તે માયા જાણે છે. એવો અર્થ અજાતવાદ સિદ્ધાન્તનો છે. જેને બ્રહ્મ જોતાં આવડે તે માયાની કલ્પના વિસરી ગયો હોય છે. દોરીમાં સર્પની ભ્રાન્તિ દોરી ન જણાય ત્યાં સુધીજ ભાસે છે જ્યાં દોરી જોવા લાગે છે કે મુદ્દામાં સર્પ હતોજ નહીં તેથી સર્પનો વિલય થતો નથી પણ સર્પ ભ્રાન્તિ દોરીને બદલે હતી એમ જાણે છે. એમ આ માયા–સગુણ બ્રહ્મ નિર્ગુણ બ્રહ્મ અભેદ તત્વ સ્વરૂપ પરમાત્મામાં બાધ રૂપ ગણાતી નથી.

પ્રકૃતિના સ્વરૂપની વેદ વ્યાખ્યા.

આ પ્રકૃતિની કલ્પના કરવાનું સ્થાન સગુણ બ્રહ્મ છે. આ અવ્યક્ત નામા પ્રકૃતિની વ્યાખ્યા નિરાલમ્બોપનિષદમાં નિચે પ્રમાણે કરેલી છે–**ब्रह्मणः सका[illegible]नानाविध जगद्विचित्र निर्माण सामर्थ्यात् [illegible]द्रूपा [illegible]शक्ति रेव प्रकृतिः ।** આ બ્રહ્મ (સગુણ) ના નજીકમાં રહેવા વાળી નાના પ્રકારના જગ-

તનું વિચીત્રરીતે નિર્માણ કરવાના સામર્થ્યને ધારણ કરવાવાળી વા ધારણ કરવાથી સાક્ષાત્ **બુદ્ધિ** રૂપજ બ્રહ્મ શક્તિ તેજ પ્રકૃતિ છે. એમ આગળ વર્ણવી ગયા છીએ.

ઉપરની વ્યાખ્યાથી સમજાશે કે, બ્રહ્મના ઘણા નજીકમાં રહેવાવાળી તે પ્રકૃતિ છે. એનો યુક્તિવાળો અર્થ એવો થાય છે કે, બ્રહ્મ અને પ્રકૃતિની વચ્ચે કાંઈપણ નથી એમ અભેદરૂપથી છે એટલે જ્ઞાનવડે જેને બ્રહ્મ કહેવામાં આવે તેનેજ અજ્ઞાનવડે પ્રકૃતિ કહેવામાં આવે છે. એટલે બુદ્ધિમાંના જ્ઞાન અજ્ઞાન વચ્ચેનું અંતર તમો માનો તેટલું છે. જો માનો તો છે અને ન માનો તો નથી એવી આ બ્રહ્મને વિષે પ્રકૃતિ છે. જળની છાયા જળથી કેટલી દૂર છે??? અગ્નિની ઉષ્ણતા અગ્નિથી કેટલી દૂર છે?? ચન્દ્રની શીતળતા ચન્દ્રથી કેટલી દૂર છે?? સૂર્યની પ્રકાશ સત્તા સૂર્યથી કેટલી દૂર છે?? એમ બ્રહ્મની આ પ્રકૃતિ તેમજ છે. જેમ સુવર્ણને પીળાશ અભિન્ન છે. તેમ સગુણ બ્રહ્મ અને અવ્યક્ત પ્રકૃતિ અભિન્ન છે. સગુણ બ્રહ્મ સ્વરૂપને **અભિન્ન નિમિત્તોપાદાન** કારણ કહેવાય છે. આ આદિ કારણરૂપે–સૃષ્ટિના આરંભકાળમાંજ કહેવામાં આવે છે. પછી આગળ તૂર્યપાદમાં ખુલ્લી રીતે **નિમિત્ત** કારણ ઈશ્વર છે અને **ઉપાદાન** કારણ **મહત્ તત્વ** પ્રકૃતિ છે. અને એ બન્ને ખુલ્લા રૂપકમાં પણ અભિન્નતાથીજ સૃષ્ટિની કલ્પનાને રચે છે.

કલ્પિત અવ્યક્ત (બુદ્ધિ) માયા પ્રધાન સ્વરૂપછે. બીજરૂપછે.

ઉપરના સગુણ બ્રહ્મ સ્થાનમાં કલ્પિત અવ્યક્ત પ્રકૃતિ જગતના બીજરૂપ **પ્રધાન** છે. એટલે તે કલ્પિત હોવાથી બાલિકારૂપથી નિર્વિકાર અથવા **સ્વાભાવિકી** કહેવાય છે તેથીજ અવ્યક્ત નામથી વેદ વર્ણવે છે. જેમ બાળકી છોકરી બાલક સ્વરૂપમાં જગત્ રચવા શક્તિમાન નથી પણ જગત્ રચવામાં બીજરૂપ **પ્રધાન** છે. આગળ તે પ્રૌઢા રૂપ ધારણ કરે છે. એટલે જગત સર્જનકાળમાં અવ્યક્ત નામા પ્રકૃતિ પ્રૌઢારૂપ **મહત્તત્વ** નામ ધારણ કરે છે. અને તે ઉપાસનાના યોગમાં બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ કહેવાય છે.

મહત્તત્વ પ્રકૃતિમાં તે સગુણ બ્રહ્મજ, ઈશ્વર કહેવાય છે.

જેમ આ ગુપ્તા–અવ્યક્ત–(બુદ્ધિ) પ્રકૃતિ જગત્ સર્જનકાળના વિધીમાં એક પાદ નિચે ઉતરી ચતુર્થપાદમાં આવી **મ.ત્તત્વ** નામ ધારણ કરે છે. તેજ ખુલ્લી રીતે ઉપાદાન કારણ કહેવાય છે. તેમજ આ ગુપ્તા અવ્યક્ત પ્રકૃતિ બુદ્ધિનો અધિષ્ટાની ભૂત તથા **અભિન્ન નિમિત્તોપાદાન** કારણરૂપ જે સગુણ બ્રહ્મજ–તે મહત્તત્વ પ્રકૃતિના પ્રૌઢા સ્વરૂપના ભોગને માટે પ્રવર્ત્ત થતો પૂર્ણ બ્રહ્મપાદ (પંચમપાદ)થી એક પાદ નિચે ઊતરી બિમ્બરૂપે તૂર્યપાદરૂપ–

ઈશ્વર અથવા **શિવ** કહેવાય છે તેજ ખુલ્લી રીતે નિમિત્ત કારણ કહેવાય છે. અહિંયાં ઈશ્વરજ **પુરૂષ** સંજ્ઞાવાચક છે અને મહત્તત્વ-**પ્રકૃતિ** વાચક છે. અને ઊભય સંયોગ સૂચવાય છે. આ સ્થાનને શિવશક્તિ કહેવાય છે. એટલે આ પુરૂષ-પ્રકૃતિના સંયોગમાં નિચેના ત્રિપાદરૂપ સમષ્ટિ જગત્ અથવા વ્યષ્ટિ જગત્ જીવો (ત્રણ)ની ઊત્પત્તિનો યોગ છે. ઉપરના પંચમપાદમાં સગુણ બ્રહ્મ સાથે અવ્યક્ત પ્રકૃતિનો યોગ હતો, પણ ગુપ્તા એટલે બાલિકાનો સંયોગ નિર્વિકાર હોય છે તેવો હતો એટલે આ **પુરૂષ પ્રકૃતિથી પરે** પદ છે. આ ૐકારસ્વરૂપ **પંચમપાદ**-તે પુરૂષ પ્રકૃતિરૂપી ચોથા પાદથી શ્રેષ્ઠ છે એમ વેદ પણ કહે છે કે **प्रकृतेः पुरुषात्परम्** । પ્રકૃતિ અને પુરૂષથી તે પર-પરમાત્મા છે. આથી સમજાય છે કે ચોથા પાદમાંજ **પુરૂષ પ્રકૃતિ** નામથી યોગ થાય છે.

આ તૂર્યપાદ ઈશ્વરજ પુરૂષ અને મહત્તત્વ તે પ્રકૃતિ છે.

આ પુરૂષ (ઇશ્વર) માયાનો ભોગી છતાં માયાના કબજામાં નથી. માયાને પોતાના કબજામાં રાખવાવાળો છે જેથી માયાથી સ્વતંત્ર **નિર્મોહી** કહેવાય છે પણ આ ઈશ્વર-માયા ઉપાધિવાળો ખરો. યૌવનાવસ્થાને પામેલી પ્રૌઢા-**મહત્તત્વ** નામાપ્રકૃતિ-ત્રણ ગુણના ગર્ભરૂપ સમષ્ટિ-સત્વ ગુણાધિષ્ઠાતૃ-અને રજ તમ વ્યષ્ટિ વિકારને ધારણ કરવાના સામર્થ્યવાળી છે. તેમ ઊચ્ચ કોટીએ **બ્રહ્મવિદ્યારૂપે** પોતાના સ્વારાજ્યરૂપ ઈશ્વરપાદમાં મોક્ષ માર્ગને પણ પોહોચાડનારી છે. તેમ તેથી પરે પોતાના વિલયરૂપ સગુણ બ્રહ્મ પ્રદેશમાં બ્રહ્મભૂત સ્થિતિ સમજાવનારી પણ છે-આ ત્રણે ગુણોને જન્મ આપનારી-ત્રણ ગુણની સામ્યાવસ્થારૂપ **તૂર્યાત્મિકા** પ્રકૃતિ કહેવાય છે. તેમાંજ પરેનો પંચમપાદ સગુણ બ્રહ્મજ-તૂર્ય **બ્રહ્મપાદરૂપે** ત્રણે ગુણનું સામ્રાજ્ય સ્વરૂપેજ **ઈશ્વર** કહેવાય છે. જેથી તેને વેદોમાં કોઈ કોઈ જગોએ **गुणानां ईशः** ત્રિપાદ જે ગુણ તેનો જે તૂર્યપાદરૂપી ઈશ્વર-તેજ **ગુણેશ** અને જીવોના કલ્યાણરૂપે તે કલ્યાણકારી મોક્ષસ્વરૂપ **શિવ** નામોથી કહેવાય છે. વા તેને માયિન્ એટલે માયા મહત્તત્વના ઈશ્વર સ્વરૂપથી મહેશ્વર પણ કહેવામાં આવે છે.

આ સત્વગુણ સમષ્ટિભૂત ત્રણે ગુણોનું એક સત્તાત્મક અભેદ સ્વરૂપજ તૂર્યબ્રહ્મ છે એટલે તેમાંની **કર્ત્તાપણાની-ધર્ત્તાપણાની** અને **હર્ત્તાપણાની** સામ્રાજ્ય સત્તા આ એકજ પુરૂષ-**તૂર્યબ્રહ્મની** અર્થાત્ **ઈશ્વરની** સ્વતઃ સિદ્ધ છે અને તે ત્રણે સત્તાઓ ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપે

કર્ત્તા, ધર્ત્તા અને હર્ત્તારૂપ સત્તા તૂર્યપાદના ઈશ્વરની છે.

જુદી જુદી વર્ણવવા માટે અને જેના ઉપર સત્તા ચલાવે એવા જીવોને વર્ણવવા માટે, આ ત્રણે ગુણોની સામ્યાવસ્થાવાળી પ્રૌઢારૂપ મહત્તત્વ પ્રકૃતિના બે પ્રકાર વર્ણવાય છે. ૧ પ્રકાર **સત્વગુણ પ્રધાના** અને ૨ જો પ્રકાર

રજતમગુણ પ્રધાના છે. (**प्रकृति द्विविधावस्था**) પ્રથમ એક પ્રકારવાળી સત્વગુણ પ્રધાના **વિદ્યા** નામાત્મક પ્રકૃતિમાં પરમાત્માનું પ્રતિબિમ્બ પડતાં સમષ્ટિભૂત ત્રણે સત્તાનાં નામ કર્ત્તાપણાના અભિમાનથી **બ્રહ્મા**-વિરાટ અથવા વૈશ્વાનર છે તથા ધર્ત્તાપણાના અભિમાનથી **વિષ્ણુ**, હિરણ્યગર્ભ અથવા વ્યાપક છે તથા હર્ત્તાપણાના અભિમાનથી **રૂદ્ર** અવ્યાકૃત કૂટસ્થ છે એમ **સમષ્ટિની** કલ્પના કલ્પાતાં પણ તે ત્રણે સત્તા જેમાં ગૌણરૂપે ગુપ્ત છે એવા તે **મુખ્ય** બિમ્બ સ્વરૂપ. આ શુદ્ધ સત્વ તૂર્યાત્મક **તૂર્યપાદ**રૂપ અભેદરૂપથી ગૌણપણાનો પોતામાં સમાવેશ કરનારો તૂર્ય સત્તાધીશ્વર તૂર્યબ્રહ્મ **ગુણેશ** સંજ્ઞારૂપ અથવા **શિવ** નામાત્મક છે અને તે સમષ્ટિના ત્રણે ગુણોરૂપ મહાન્ જીવનો ઇશ્વર-કલ્યાણ સ્વરૂપ છે. છતાં તે ત્રણે કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તા **ઇશ્વરની** સત્તારૂપે ગણાયાથી તેનો ઇશ્વરની સંજ્ઞામાં સમાવેશ કરવામાં આવે છે.

હવે બીજો પ્રકાર **રજતમગુણ પ્રધાના** પ્રકૃતિ છે. જેને **અવિદ્યા** કહેવામાં આવે છે તે પણ મહત્તત્વનો બીજો પ્રકારજ છે. આ **રજતમ** ગુણના મલિનપણાથી ભરેલા તત્વમાં પંચમપાદ પૂર્ણબ્રહ્મ કે જેને સગુણ કહે છે તેજ
બ્રહ્મનું જે પ્રતિબિમ્બ પડે છે તે નિચેના ત્રિપાદરૂપ
અવિદ્યા પ્રકૃતિમાં અવિદ્યાત્મક વ્યષ્ટિભાવના મલિન જીવો છે અને તે પણ
પડેલા પ્રતિબિમ્બને ત્રિગુણ પ્રકૃતિના વિભાગથી **જીવ** એક રૂપ છતાં પણ
જીવ કહેવાય છે. ત્રણ નામથી વર્ણવાય છે. **પ્રાજ્ઞજીવ તૈજસજીવ** અને
વિશ્વજીવ નામથી ગૌણ છે, પણ મુખ્ય નામથી
તે ઐક્યાત્મક **જીવ** સંજ્ઞાથી ઓળખાય છે. આ જીવોના ઉપર કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તાપણાથી **ત્રિવિધ** પ્રકારે અમલ ચલાવનારો તે **તૂર્યપાદ તૂર્યબ્રહ્મ ઈશ્વરજ** છે. સંસારરૂપી વૃક્ષનાં ફળ ખાનારો તે જીવ છે. અને જોનારો દૃષ્ટા. કે સાક્ષી તે ઈશ્વરજ છે. જીવ અલ્પજ્ઞ છે અને ઈશ્વર **સર્વજ્ઞ** છે. આ બન્ને માયા વિકારથી વિકારી છે. પણ આ બન્ને જેનાં બિમ્બ પ્રતિબિમ્બ છે તે માયા વિકારની કલ્પના જેમાં સમાય અથવા જેનાથી રહિત તે પંચમ પાદ પૂર્ણ બ્રહ્મ તે સ્વસંવેદ્ય સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર પરમાત્માજ છે. માયાની કલ્પનાથી કલ્પાયલાં ઈશ્વર અને જીવ સ્વરૂપો પણ કલ્પિતજ છે. પણ જ્યારે જ્ઞાનવડે પંચમપાદ સગુણ બ્રહ્મને ઓળખે ત્યારેજ તે ઈશ્વર અને જીવ તથા માયા કલ્પિત ઠરે અને ત્યારેજ સ્વસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનો નિશ્ચય સમજાય છે.

એમ **પંચમપાદ** તે નિર્ગુણ **સગુણ અભેદ બ્રહ્મ**-તૂર્યપાદ તે ઇશ્વર બ્રહ્મ અને **સમ**પાદ-**સત્**પાદ અને **અસત્** પાદ તે જીવ બ્રહ્મ-સમજવા પુરતા છે.

ઈશ્વરનું અને જીવોનું ઉપાસ્ય પંચમપાદ છે. અને તેજ **અભિન્ન નિમિત્તો-પાદાન** કારણરૂપ છે.

આ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદાત્મક પ્રભુના ચાર પાદ છે એ વાત આગળ આવી ગઈ છે તે ઉપર પ્રમાણે સિદ્ધ થાય છે. જેના ચાર પાદ છે તે ચાર પાદ યુક્ત અથવા ચાર પાદ રહિત-પૂર્ણ પંચમ પાદ તરફથી ચોથો પાદ તેજ સુદ્ધ સત્વ પ્રધાન માયાનો નિયામક તૂર્ય બ્રહ્મ છે. અને તેની નિચેના ત્રિપાદ (સમ, સત, અસત) તે રજતમ પ્રધાન અવિદ્યાથી જીવ બ્રહ્મ સંજ્ઞા વાળા છે.

વિદ્યા અવિદ્યા કલ્પના બાદ જતાં જીવ ઈશ્વર અને બ્રહ્મ અભેદ છે.

એમ તૂર્યની મહત્તત્વ સ્વરૂપ વિદ્યા અને જીવની અવિદ્યા તત્ કલ્પનાવાળા ઈશ્વર જીવસહ બાદ કરતાં અવશેષ વાસ્તવિક આદિ અંત તે **પંચમપાદ** સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક ૐ બ્રહ્મજ સિદ્ધ છે. એટલે અધિષ્ઠાન સગુણ બ્રહ્મમાં પ્રકૃતિ અધ્યસ્ત સ્વરૂપે સમજાય છે. અધિષ્ઠાન સિદ્ધ થતાં અધ્યસ્ત ગુપ્તા રૂપે જળની છાયા માફક અભેદ થઈ રહે. એટલે અધિષ્ઠાન સગુણ બ્રહ્મ નિર્ગુણ બ્રહ્મ સ્વરૂપે અભેદજ સમજાય છે. અને જીવ ઈશ્વર-બ્રહ્મ સ્વરૂપતાને પામે છે.

वल्ली १२ मी.

पीतत्वं हि यथा शुभ्रे दोषाद्भवति कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः । अप० ।

(જેમ કોઈને કમળાના દોષથી ધોળામાં પીળાપણુંજ પ્રતીત થાય છે તેમ અજ્ઞાની અજ્ઞાનના સબંધથી આત્મામાં શરીરપણું જુએ છે)

આ સગુણ બ્રહ્મમાં વિકલ્પ સ્વરૂપ અંતર્ગત ગુપ્તા નામની પ્રકૃતિનું-વૈદિક, ઉપાસનિક અને પૂર્ણ પ્રસિદ્ધ નામ "**બુદ્ધિ**" છે અને આ બુદ્ધિનાજ ત્રણ ગુણો **સત્વ, રજ, તમો**-એવા ત્રણ છે. આ ત્રણે ગુણોની ઐક્યતા તે **પ્રકૃતિ**-બુદ્ધિ છે. આ પ્રકૃતિ કલ્પિત **અધ્યસ્ત** છે જેથી તેનો અધિષ્ઠાની ભુત એવો-જેના ચાર પાદ શ્રુતિ કહે છે તે ૐકાર પરબ્રહ્મ પરમાત્મા છે. એમ આ ૧ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા અને ૨ આ અધ્યસ્ત-બુદ્ધિનામા પ્રકૃતિ-અને તેના ૩ ત્રણ ગુણો મળી પાંચ તત્વનું સંયોગીકરણ તે આ સૃષ્ટિના નિયમનું બંધારણ છે. આ ૐ પરબ્રહ્મ પરમાત્મા સૃષ્ટિનો આદિ છે. એને આધ લઇને ચાર પાદ

ૐકારજ આ યોગ તત્વસ્વરૂપ પંચી કૃત શરીર રૂપે અજ્ઞાન બુદ્ધિથીજ જણાય છે.

રૂપ બીજાં ચાર તત્વો મળીને પાંચના સમુહથી આ સૃષ્ટિમાંનાં દરેક તત્વો **પંચીકૃત** રૂપેજ સિદ્ધ દર્શાય છે. **यथैव मृण्मयः कुम्भः स्तद्वद् देहोपि चिन्मयः** એમ અભિન્ન નિમિત્તોપાદાન કારણરૂપ ૐકાર સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપે છતાં તેજ સૃષ્ટિના આદિમાં પુરૂષ–પ્રકૃતિ અને ત્રણ ગુણ એમ સમષ્ટિ અને વ્યષ્ટિમાં સમાન છે. જેથી માણસોના શરીર તત્વપર્યંત પણ આ **પંચીકૃત–પંચીકરણ** યોગનું યોગતત્વરૂપ બાહ્ય સ્થૂલ દૃશ્ય **શરીર** પણ પંચીકૃતજ છે. એમ કહેવાય છે. રચના જોતાં આવડે તો જણાશે કે બહારથી પ્રકૃતિમય અને અંતરથી સત્ય દૃષ્ટિરૂપે ૐકાર **પરબ્રહ્મ** પરમાત્મામયજ છે. બાહ્ય દૃષ્ટિથી પ્રકૃતિમય આ શરીર–વૃક્ષ સમાન દર્શન આપે છે. પણ અંતરદૃષ્ટિના જોવાવાળા તો આ વૃક્ષમાં રસરૂપે રહેલા ૐકારરૂપી **રસ**નેજ સિદ્ધ માને છે. એમ શરીરથી બાહ્ય દૃષ્ટિના ત્યાગનારાઓ અંતરદૃષ્ટિથી સ્વયં આત્માનેજ સિદ્ધ માને છે. પંચીકરણરૂપે પણ આત્માજ સિદ્ધ છે. પાંચ પણ એકજ છે. અને એકજ પાંચ રૂપે ભાસે છે. મૂળ–થડ–ફુલ અને ફળરૂપે **રસજ** છે. અને આ **રસજ** મૂળરૂપે, થડરૂપ, ફુલરૂપે અને ફળરૂપે ભાસે છે. જેમ જોશે તેમ રસજ છે છતાં અજ્ઞાતજનો બાહ્ય દર્શનરૂપ વૃક્ષ નામથી બોલે છે. છતાં પણ રસને ન જાણવાથીજ બોલે છે એમ આત્માને ન જાણનારા શરીરરૂપથી બોલે છે. એટલે તત્વ જ્ઞાનથી દૃષ્ટિથી જેને આત્મા કહીએ તેને અવિદ્યા **અજ્ઞાન દૃષ્ટિના** જનો કેવળ અધમ વૃત્તિથી **દેહ** કહે છે. એમ વસ્તુ એક અને **દૃષ્ટિ** ઊભય છે. ગુરૂકૃપાની સમજવાની યુક્તિથી નિશ્ચય સમજાય છે.

ૐ એવા પ્રકારે અક્ષર બ્રહ્મજ ઉપાસ્ય દેવ સિદ્ધ ઠરે છે.

આગળ " **ॐ मित्येकाक्षरं ब्रह्म** " તથા **ॐ मित्येतदक्षर मुद्गीथ मुपासीत** વિગેરે શ્રુતિઓ આ ૐ કે જે સગુણ નિર્ગુણ સમાનાત્મક પરબ્રહ્મ પરમાત્મા છે. તેજ અક્ષર અક્ષરાતીત બ્રહ્મ કહેવાય છે. અને તેનીજ ઉપાસના કરવી એમ વેદાદિ પ્રમાણ કરે છે. વેદશાસ્ત્રાનુસાર તે પ્રતિક અથવા વાચક બ્રહ્મ ૐકારના **સ્વરૂપનુંજ** આલંબન કરીને તેમાં તેથી વિલક્ષણ ભિન્નભિન્ન વૃત્તિઓથી રહિત–ચિત્તવૃત્તિનો નિરોધ થવા માટે એકાગ્રતા ચિત્તવૃત્તિનો–પ્રભુમાં સમાન પ્રવાહ કરવો તેજ **ઉપાસના** છે. એમ ઉપાસના અને જ્ઞાનની ઐક્યતા છે. બુદ્ધિની વૃત્તિની શુદ્ધિ થતાં બુદ્ધિ તદ્દરૂપાકાર આત્મ ભાવનાને પામે છે. આ ૐકારજ અક્ષર બ્રહ્મ છે. તેના ચાર પાદ–શાસ્ત્ર બુદ્ધિથી ઉપાસનાના અનુક્રમને માર્ગે ચઢી આવવા માટે સમજાવે છે. પણ સ્વસ્વરૂપાવસ્થા– **જીવન્મુક્ત બ્રહ્મભૂત** સ્થિતિના આત્માનુભવને માટે તો અંતે ૐકાર અક્ષર બ્રહ્મનીજ ઉપાસના સગુણ નિર્ગુણના અભેદાત્મક

સ્વરૂપનીજ સિદ્ધ છે. આ અક્ષર એવા અને તેથી પણ પરે—અભેદ સ્વરૂપ ૐકારને ભલે નિર્ગુણ કહો ભલે સગુણ કહો ભલે સગુણ નિર્ગુણ રહિત કહો વા ભલે સગુણ નિર્ગુણ અભેદાત્મક કહો પણ તેજ ૐકાર સ્વત: સિદ્ધ છે આ અભેદત્વ સ્વરૂપ આગળ સૃષ્ટિ ક્રમના અનુક્રમમાં **एकोऽहं बहुस्याम्** આ શ્રુતિ—આ એક—હું બહુરૂપે હોઊં. એમ સમજાવે છે. આ શ્રુતિનું બંધારણ યુક્તિ પુરસ્સર એવી રીતે છે કે આ એક તેજ ઉપર વર્ણવેલો સગુણ નિર્ગુણ અભેદ અને દ્વૈતાદ્વૈતથી પરે—અક્ષર બ્રહ્મ ૐકારજ—વિકલ્પની સંધીથી પ્રથમ **एक** એટલે અદ્વૈત લક્ષણાથી આગળ **अहं** એમ કહેવાય છે. એટલે આ અદ્વૈત લક્ષણાવાળો આ **અહં** તૂર્યપાદ—તૂર્ય બ્રહ્મ છે અને તે વસ્તુશૂન્ય વિકલ્પ અવ્યક્ત માયાના મહત્તત્વ યોગથી **ઈશ્વર** કે **શિવ** સ્વરૂપ કહેવાય છે. તેજ પછી **બહુરૂપે** અર્થાત **"બહુ"** સંજ્ઞારૂપ **"त्रि"** જીવ ભાવને પામે છે. એટલે સત્ય રૂપકમાં તો અભેદ તેજ એક કહેવાતો એવો ૐકારજ આગળ વિકલ્પરૂપ માયાના યોગથી **अहं** સ્વરૂપ થઈને પછી બહુ એટલે ત્રણ રૂપથી થાય છે. સંસ્કૃત વિદ્યાના વ્યાકરણથી—બહુવચન એટલે બેથી વધારે અર્થાત્ ત્રણ વચન અથવા એથી પણ વધારે ને બહુવચનથી કહેવામાં આવે છે. માટેજ આ વેદ શ્રુતિ નિયમપૂર્વકજ છે. આ ત્રણ વચનરૂપ ત્રણ—તે ગુણરૂપથી જીવરૂપે **सत्त्व, रज,** અને **तम** છે. એમ પોતેજ ત્રણ ગુણરૂપથી માયારહિત સમષ્ટિ અને વ્યષ્ટિરૂપે તેમ સમષ્ટિ વ્યષ્ટિના અધિષ્ઠાનરૂપે પણ ૐપરમાત્માજ છે. તે પોતે કર્ત્તા અકર્ત્તા ભાવથી રહિત છતાં તૂર્યપાદમાં અકર્ત્તા પણ કહેવાતો અને નિચેના ત્રિપાદ ગુણોમાં સમષ્ટિરૂપે કર્ત્તા પણ કહેવાય છે. તેમજ ધર્ત્તા અને હર્ત્તારૂપે પોતેજ કહેવાય છે. સમષ્ટિ સ્વરૂપે કર્ત્તારૂપે વિરાટ્ બ્રહ્મા—ધર્ત્તારૂપે અંતર્યામી વિષ્ણુ અને હર્ત્તારૂપે રૂદ્ર એ ત્રણેનો સમાવેશ તૂર્યપાદમાં છે—માટેજ કર્ત્તા અકર્ત્તા ભાવથીરહિત સગુણ નિર્ગુણ સમાન ૐકાર પરમાત્મા છે. તેમજ વ્યષ્ટિ ત્રિગુણ સ્વરૂપ ત્રિપાદ જીવના મિથ્યાભાસરૂપ કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તાથી પરે. જે **अहं** સ્વરૂપથી તૂર્યપાદ છે તેનેજ અકર્ત્તા કહેવાય છે. ત્રિપાદ જીવપણાનું મિથ્યાસાભિમાન અને અહં તૂર્યપાદ મળી ૩+૪ થી પરે જે ૐકાર છે તે કર્ત્તા અને અકર્ત્તાભાવથી રહિત વા તે પોતે સર્વનો નિયામક—નાયક ૐકાર પરમાત્માજ છે. એટલે આ ૐકારજ માયાવિકારથી અથવા કર્ત્તા અકર્ત્તા ભાવથી રહિત હોવાને લીધેજ **ઉપાસ્ય** સ્વરૂપ છે. આથી સિદ્ધ સમજાય છે કે, કર્ત્તા ભાવનાવાળા ત્રણ અને અકર્ત્તા ભાવનાવાળો તૂર્ય **એક अहं** એ ચારે સ્થાન માયા વિકારવાળાં હોવાથી મુમુક્ષુઓને ઉપાસના કરવાયોગ્ય નથી. છતાં ઉપાસ્ય સ્વરૂપ પાદોમાં તૂર્યપાદ ઇશ્વરને આદ્ય લઈને અસત્ બ્રહ્મપાદ સ્વરૂપને ઉપાસવાવાળા જીવો છે. અને

તેવી તેવી ઉપાસના-પાંચ પાદની અભેદ સ્વરૂપથી અનુક્રમમાં આવે છે ખરી. પણ ભિન્ન ભિન્ન નામથી અને ભિન્ન ભિન્ન આગ્રહી મતથી ન માનતાં અનુક્રમે અભેદરૂપે કરવાલાયક છે. ત્યારે નિઃશ્રેયસ ઉપાસના કહેવાય છે. મુમુક્ષુઓને માટે તો અભિન્ન પાંચે પાદ અભેદ સ્વરૂપ ૐકાર **પરબ્રહ્મની** ઉપાસનાજ સિદ્ધ અને નિશ્રેયસ છે. ઇશ્વર બ્રહ્મ અને નિચેના ત્રિપાદ **બ્રહ્મની** જુદા જુદા નામથી ભિન્ન ઉપાસના કરવાવાળા તેના તેના લોકને પામે છે. અથવા તત્ સ્વરૂપ **પદને** પામે છે. તે **यथा यथोपासते तदेव भवति** આ શ્રુતિ સર્વે ઠેકાણે લાગુ પડે છે. માટે જે જે પાદની આગ્રહી ઉપાસના કરે તે તે પાદના. અર્થ સત્તાત્મક સ્વરૂપને અને લોકને પામે છે. પણ **પરમપદની** પ્રાપ્તિ તો ૐકાર પરબ્રહ્મ પરમાત્માની પાંચે પાદના અભેદ સ્વરૂપની ઉપાસનાથીજ સિદ્ધ છે. એમ આ ૐકારજ-તર્યપાદનો અને તૂર્યપાદની ત્રિપાદ સ્વરૂપ સાધર્મ્યની સૃષ્ટિનો **ઉપાસ્ય** દેવ છે એમ સત્યજ છે.

આ અક્ષરાતીત, તૂર્યાતીત અક્ષર સ્વરૂપ ૐકાર પરમાત્મા પરબ્રહ્મ છે. તેના એક **अहं** સ્વરૂપને **तूर्यपाद** અથવા **तूर्य ब्रह्म** અથવા **शिव ब्रह्म** કહેવાય છે અને તે અર્થથી તથા સત્તાથી પણ સિદ્ધજ છે. આ તૂર્ય સ્થાનને પ્રકૃતિ પુરૂષ ભાવથી-અંશઅંશીભાવથી, અથવા ગુણગુણીભાવથી સંબંધ વાળો પણ કહેવાય છે. અને તેમ પ્રતિપાદન કરી **तूर्य ब्रह्म**ના સ્વરૂપને વર્ણવનારી શ્રુતિઓ પણ કહે છે કે-**प्रधान क्षेत्रज्ञपति गुंणेशः ।** શ્વેતાશ્વતર ઉપનિષદ્‌મા લખે છે કે- **प्रधान** આ શબ્દ પ્રકૃતિ-માયા અથવા સ્ત્રી વાચક છે. (**प्रधानः प्रकृतिः स्त्रीयाम् शब्दकोशे**) તેથી પ્રધાનપદ ધારણ કરનારી-તે ઉપરના સગુણ બ્રહ્મની (ૐકારની) અવ્યક્ત (ગુપ્તા) પણ બાલિકા હોવાથી કહેવાય નહિં. તેમ નિચેના ત્રિપાદની અવિદ્યારૂપ હોવાથી તે પણ કહેવાય નહિં. ત્યારે પ્રધાન શબ્દના અર્થથી પ્રૌઢા રૂપ **મહત્તત્વ** નામાત્મક **બુદ્ધિ** કે જે ત્રિગુણ સામ્રાજ્ય સ્વરૂપ છે કે જે પુરૂષરૂપ ઇશ્વિરના ભોગને માટે અનુકુલ છે. તેમ જીવોના મોક્ષને માટે પણ અનુકુલ છે. એવી તૂર્યપાદવાળી-તે પ્રકૃતિ-**પ્રધાન** નામથી સિદ્ધ છે. તથા આગળ ક્ષેત્રજ્ઞ-એટલે ગુણો અથવા જીવો-(ક્ષેત્ર એટલે શરીર અને તેને જ્ઞ એટલે જાણવાવાળો દેહાભિમાની જીવ) એમ પ્રધાન અને ક્ષેત્રજ્ઞ એટલે **પ્રકૃતિ** અને **જીવો** એ ઉભયનો **ईश** સંજ્ઞાત્મક બન્નેને પોતાના કબજામાં રાખનારો વા ઊદ્ધાર કરનારો એટલે પોતાના **સ્વરૂપ**-**માં મેળવનારો તથા બંધનરૂપ જીવ** પણ પોતેજ-તે તૂર્ય બ્રહ્મ સ્વરૂપ **गुणेश** આ પ્રસિદ્ધ નામવાળો, તૂર્યપાદરૂપે શિવ સ્વરૂપ છે.

તૂર્યપાદ-તૂર્યબ્રહ્મ-વા ઇશ્વરપદને ગુણેશ નામથી પણ કહેવાય છે.

ब्रह्मा विष्णुश्च रुद्रश्च त्रेधा जाता यदाज्ञया ।
गुणत्रय विभागात्स गुणेश इति पमथे ॥

જે (તૂર્યપાદ તૂર્યબ્રહ્મ ઇશ્વર)ની આજ્ઞાથી સમષ્ટિ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એમ ત્રણુ (ગુણુ) વા સૃષ્ટિના અભિમાની જન્મ પામે છે. એવા આ ત્રણુ ગુણુના વિભાગથી ઇશ્વરને શાસ્ત્રમાં **गुणानां ईशः । गुणेशः** એમ કહેવાય છે. તેજ આ તૂર્યપાદ-તૂર્યબ્રહ્મ શિવ અથવા ઇશ્વર છે માટે તૂર્યબ્રહ્મનું નામ **गुणेश** પણુ કહેવાય છે. આ તૂર્યપાદથી નિચેના ત્રણુ તે ગુણુરૂપ હોવાથી **गुणब्रह्म** ત્રિપાદરૂપ છે તે **જીવ** સંજ્ઞાવાળા છે અને આ ચોથો તૂર્યપાદ તૂર્યબ્રહ્મ **गुणेश ब्रह्म** અથવા **ईश्वरब्रह्म ઇશ્વર** સંજ્ઞાવાળો છે. આ ઊભય ૧-૨-૩ + ૪ સહિત ચાર પાદવાળો અથવા આ ચારોથી રહિત એવો ૐ સગુણુનિર્ગુણુ અભેદાત્મક પરબ્રહ્મ પરમાત્મા **गुणातीत** કહેવાય છે અથવા ઉપાસના પ્રકારમાં તેનેજ ૐકારાકૃતિ **गणेश** તથા **गणपति** પણુ કહેવામા આવે છે. જેમ (૧-૨-૩) ત્રણુ સહિત તે ચોથો **ઇશ્વરબ્રહ્મ** છે તેમ ૩ + તૂર્ય ૪ સહિત અને ૩ + ૪ રહિત તે આ ઉભય પ્રકારે પાંચમો અથવા પૂર્ણુસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપાત્મક ૐકાર નામાત્મક પોતેજ ૐકારાકૃતિરૂપ **गणेश** અથવા **गणपति** અથવા **गुणातीत** કહેવાય છે.

આવી રીતે ૐકાર સ્વરૂપ સગુણુ નિર્ગુણુ અભેદ પચમપાદ-તૂર્યાતીત કે જેને ગણુપતિ બ્રહ્મ કહે છે તથા ચતુર્થપાદ-તૂર્ય-કે જેને ઇશ્વર અથવા શિવ બ્રહ્મ કહે છે તથા સમપાદ-વ્યાપક કે જેને વિષ્ણુ અથવા અંતર્યામી બ્રહ્મ કહે છે તથા સત્‌પાદ-પ્રકાશક કે જેને સૂર્યબ્રહ્મ કહે છે તથા અસત્‌ પાદ-પ્રકાશ કે જેને શક્તિબ્રહ્મ કહે છે એમ તૂર્યાતીત-તૂર્ય-વ્યાપક-પ્રકાશક અને પ્રકાશ સ્વરૂપે પણુ પોતેનો પોતેજ ૐકાર છે તેમજ બ્રહ્મરૂપ-ઇશ્વરરૂપ અને જીવરૂપ પણુ પોતે તો પોતેજ ૐકાર બ્રહ્મ છે. વળી તેવીજ રીતે વ્યષ્ટિના વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞરૂપે અને સમષ્ટિના બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર રૂપે પણુ પોતે તેમ તેથી પરે તૂર્યરૂપે પણુ પોતે અને તેથી પરે તૂર્યાતીતરૂપે પણુ પોતેજ ૐકાર છે એમ સર્વ પ્રકારથી પંચપુટીઓના નિશ્ચયથી ૐકાર પરમાત્માજ સિદ્ધ ઠરે છે. તેમ પ્રકૃતિરૂપ પણુ પોતેજ અને ગુણુરૂપ પણુ પોતેજ સિદ્ધજ છે.

આ વિષયમાં વિશેષ પ્રબળયુક્તિ એવા સ્વરૂપથી વેદોમાં સિદ્ધ કરવામાં આવી છે કે **એક** તત્ત્વ પ્રકૃતિ અને **ત્રણુ** તત્ત્વ ગુણો અથવા **એક** તત્ત્વ તૂર્ય -શિવ અને **ત્રણુ** તત્ત્વ જીવો કે જે "બહુ" પદરૂપ બહુ વચનરૂપ છે એમ એકંદર ચાર તત્ત્વ થાય છે. એમ **ચાર** તત્ત્વ થતાં **गण એવા નામથી** ત્રણુથી વધારે એટલે બહુથી વધારે "**गण**" રૂપકથી

અને ગણ એવા ક્રિયાપદના ધાતુથી બ્રહ્મનું પ્રતિપાદન થાય છે.

"સંખ્યા" રૂપ થાય છે તેથી સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે ધાતુના યોગથી **ગણ–સંખ્યાને** અથવા **ગણ સમૂહઃ** એવા અર્થથી ત્રણથી વધારે એમ ચારની સંજ્ઞાને **ગણ** એમ સમજાવેલી છે. **ગણ** એવું ક્રિયાપદ કરે તો સંખ્યા વાચક " **ગણવું** " એવો અર્થ થાય થાય છે અને **ગણ** એવું નામ કરે તો **સમૂહ** એવો અર્થ છે. એમ **ચાર** વાચક **ગણ** અને તેનો જે **પતિ** સંજ્ઞાત્મક **પતિ** મળીને અર્થસત્તાત્મક યોગરૂપ નામ તે **ગણપતિ**જ સિદ્ધ થાય છે. આમ અર્થરૂપ અને સત્તારૂપ આ પંચમપાદ સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપાત્મક ૐકાર પરમાત્માને ઉપાસનામાં ૐકારાકૃતિરૂપ **ગણપતિ** કહેવાય છે એમ અર્થસત્તાવાચક સ્વતઃ સિદ્ધ ૐકાર સ્વરૂપ–સગુણ નિર્ગુણ સમાન અભેદાત્મક પરબ્રહ્મ પરમાત્મા ગુણો અને પ્રકૃતિથી–તેમ ત્રિપાદ જીવબ્રહ્મ અને તૂર્ય શિવબ્રહ્મથી આદિ હોઇને તે સર્વેને પૂજ્ય સ્વરૂપ છે એટલે જીવ ઇશ્વરનો આદિ પૂજ્ય **ગણપતિ** આ ૐકાર સ્વરૂપ પરમાત્મા છે માટે વૈદિક કે પુરાણોક્ત કોઇપણ કર્મમાં તે આદિ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ૐ-કારની અભેદ ઉપાસનાનાં યોગે ૐકાર સ્વરૂપ **ગણપતિ** નામથી સર્વ કોઇ પૂજે છે. તેમનુંજ આદિ સ્મરણ–આદિ ધ્યાન, આદિ પૂજા અને આદિ યોગ પણ તમનોજ છે. એવો શાસ્ત્રાધાર નિર્વિઘ્નકર સત્તાનો પૂર્ણ અધિકાર પણ સિદ્ધ સમજાય છે. વૈદિક ઉપાસનાક્રમમાં આ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના **ગણપતિ** નામથી પ્રસિદ્ધજ છે.

ૐકાર સ્વરૂપ પંચાયતનમાં પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના ૐકારાકૃતિ અભેદ

ગણપતિ નામથી અર્થ સત્તાવાચક છે.

તેજ પ્રમાણે કોઇ ઉપનિષદોમાં ૐકાર નામથી અને કોઇ ઉપનિષદોમાં અથવા શાસ્ત્રોમાં **ગણપતિ** એવા પ્રસિદ્ધ નામથી પણ વર્ણવેલી છે પણ તેમાં ભેદ નથી. એમ ૧ **ગણપતિ** તે પતિરૂપે **ઉપાસ્ય** અને **તૂર્ય**પાદનો (એક) ઇશ્વર તથા જીવો (ત્રણ) એમ મળીને **ચાર** તે **ગણ** **ઉપાસક**–એમ **ઉપાસક ઉપાસ્યનો** અભેદ તેજ ૐકાર સ્વરૂપ **ગણપતિ** પરબ્રહ્મ પરમાત્મા છે તે આગળ વર્ણવી ગયા પ્રમાણે આદિથી અંત પર્યંત પતિ–સાક્ષી–વ્યાપક–દેહી–અને દેહ–સંજ્ઞારૂપે **પંચમ**પાદ–**તૂર્ય**પાદ–**સમ**પાદ–**સત્**પાદ અને **અસત્**પાદ છે અને તેનું *કોષ્ટક પણ આપેલું છે તેથી આ પંચાયતન ઉપાસના સનાતન વૈદિક ધર્મમાં પૂર્ણ રીતે ૐકાર સ્વરૂપનીજ પ્રતિપાદન છે. ૐકારની ઉપાસનામાં બીજી નીચેની ચારો ઉપાસનાનો સમાવેશ છે. કોઇ અસત્ પાદબ્રહ્મથી અનુક્રમે અનુક્રમે ચડી આવે છે તો કોઇ મહાન્ બળવાન સંસ્કારી નિરાભિમાની ભક્તરાજ એક

ટીપ—* આગળ નકશો જુઓ.

જેહમાંજ ૐકારની ઉપાસનામાં ચારેનો સમાવેશ અને અભેદ કરી ૐકાર સ્વરૂપ ગુણાતીત ગણપતિની ઉપાસના કરે છે તોપણ પૂર્ણ ઉપાસના થાય છે. આ ૐકારની સિદ્ધાન્ત **પંચાયતન** ઉપાસના એટલે પંચસ્થાન કે પંચપાદના અભેદરૂપની ઉપાસના વેદથી સિદ્ધ હોવા વડે વૈદિક ધર્મના નિત્ય નૈમિત્તિક અને કામ્ય પ્રાયશ્ચિતાદિ યોગમાં પણ તે ૐકારનું આમ અનુક્રમેજ યથા શાસ્ત્ર પૂજન થાય છે. એજ સનાતન વૈદિક ધર્મનું મહત્વ છે. પાદની યુક્તિ અને ગુણની યુક્તિ ગુરૂ પાસેથી શિખવી જોઇએ.

वल्ली १३ मी.

ये हि वृत्तिं जहत्येनां ब्रह्माख्यां पावनीं परां ।
ते तु वृथैव जीवन्ति पशुभिश्च समा नराः । अप०

જે (મનુષ્યો) પરબ્રહ્મ એવા નામની અત્યત પાવનરૂપ શ્રેષ્ટમાં શ્રેષ્ટ વૃત્તિનો ત્યાગ કરે છે. તે પશુઓ સમાન માણસો આ જગતમાં વૃથા જીવે છે.

ઉપર વર્ણવેલા ૐકારબ્રહ્મની વૈદિક પાંચ પાદરૂપની **ગણપતિ-શિવ, વિષ્ણુ, સૂર્ય** અને **શક્તિ**ની અભેદ ઉપાસના-આગળ પ્રકૃતિના સ્વરૂપમાં વર્ણવી ગયા છીએ કોઈ એવી શંકા કરે કે, ત્રિગુણ ભાવમાં ત્રિપાદનો સમાવેશ છે તો નામમાં ફેરફાર કેમ આવ્યો ? ? તો આ શકા ગલત છે. કારણ ત્રિગુણમાં અને ત્રિપાદમાં ત્રિસંખ્યાનો અભેદ અનુક્રમ સૂચવ્યો છે. ત્રિગુણ સત્તારૂપ કર્ત્તા-ધર્તા અને હર્તા રૂપ નામો તૂર્ય બ્રહ્મમાં ગૌણરૂપે અને તૂર્ય બ્રહ્મની સત્તામાંજ રહે છે. ત્રિપાદ (સમપાદ, સત્પાદ અને અસત્પાદ) ની સાથે તે ગુણરૂપની સત્તાનો સંબધ છતાં આતો **પ્રકૃતિના** વિષમપણામાં ચાર આના પ્રકૃતિમાં તૂર્ય પાદ સાક્ષી તે **શિવબ્રહ્મ**-આઠ આના પ્રકૃતિમાં સમપાદ તે અંતર્યામિ-પણાથી **વિષ્ણુબ્રહ્મ** અને બાર આની પ્રકૃતિમાં તે પ્રકાશક સ્વરૂપથી **સૂર્ય બ્રહ્મ** અને સોળ આનાજ પ્રકૃતિમાં તે સ્વયં પ્રકૃતિરૂપથી **શક્તિબ્રહ્મ** એમ આગળ સ્પષ્ટ વર્ણવી ગયા છીએ તે પાદ પ્રમાણે ઉપાસના યોગ છે. તે **ચાર** ઉપાસ-નાનો સમાવેશ જેમાં છે અથવા ચારપાદનો સમાવેશ જેમાં છે. એવો આ ૐકારના આકાર સ્વરૂપ સગુણ કહો તો પણ તેજ અને નિર્ગુણ કહો તો પણ તેજ-સગુણ નિર્ગુણ સમ કહો તો પણ તેજ અને સગુણ નિર્ગુણ રહિત કહો તોપણ તેજ એવો ૐકાર સ્વરૂપ **गणपति** નામાત્મક ગુણાતીત પરબ્રહ્મ પર-માત્માજ સ્વતઃ સિદ્ધ છે. છતાં તમને સમજાતું હોય તો તે ગુણરૂપથી પણ

ઉપાસનામાં મળી શકે છે. ૐકાર સ્વરૂપ પરમ પૂર્ણ બ્રહ્મ **ગણપતિ બ્રહ્મ** તે **પંચમ** પાદ છે. માયાના કિંચિત વિકાર યુક્ત તે સાક્ષી પદ તૂર્ય બ્રહ્મને **શિવબ્રહ્મ** કહે છે. માયાનાં **સત્વ ગુણ** સ્વરૂપ તે ત્રિપાદમાંનો **સમ** પાદરૂપ **વિષ્ણુબ્રહ્મ** તેમજ માયાના **રજોગુણ** સ્વરૂપ તે ત્રિપાદમાંનો **સમ** પાદની નીચેનો **સત્** પાદરૂપ બ્રહ્મા અર્થાત્ પ્રજાપતિ કર્મનો અધિષ્ઠાની ભૂત **સૂર્યબ્રહ્મ** છે. તેમજ માયાના **તમોગુણ** સ્વરૂપ તે ત્રિપાદમાંનો **સત્** પાદની નિચેનો **અસત્** પાદ રૂપ રૂદ્ર અથવા (કેવળ સ્થુળ મોહરૂપ દૃશ્ય રૂદ્ર દેહા) પ્રકૃતિ નામાત્મક **શાક્તિબ્રહ્મ** છે. શક્તિની ઉપાસનામાં વા શક્તિની સ્તુતિમાં તેને **રન્નાદે** નામથી સૂર્ય પત્નિ સ્વરૂપથી વર્ણવે છે. તથા **રૂદ્ર** દેહા પણ કહેવાય છે. તેનું કારણ પણ આજ છે. કેમકે **શકિતબ્રહ્મ**નો આત્મા **સૂર્યબ્રહ્મ** છે. " **सूर्य आत्मा जगतस्तस्थुरव-श्च** " ઇત્યાદિક શ્રુતિઓ જગત્ જે શક્તિ બ્રહ્મ તેનો આત્મા સૂય બ્રહ્મ છે. આ શક્તિ બ્રહ્મ તે દેહ છે અને તેનો– **દેહિ**–સૂર્ય બ્રહ્મ છે. એમ **દેહદેહિના** અભેદ યોગથી પરે વ્યાપક તત્વનું સમપાદરૂપ **વિષ્ણુની** ઉપાસનારૂપ જ્ઞાન થાય છે. એમ દેહદેહી અને વ્યાપકની સમતા જ્ઞાન સાથે થતાં તેથી પરે સાક્ષી આત્માના સ્વરૂપને ઓળખાય છે. તેજ તુર્ય પાદ સ્વરૂપ હોઇ તેમાં નિચેની ત્રિપાદરૂપ ત્રિસ્વરૂપ ઉપાસનાનો સમાવેશ છે આખરે આ ચારે પાદની ઐક્યતાએ એટલે **સાક્ષી વ્યાપક દેહી** અને **દેહ** રૂપની ઉપાસનાનો જ્યાં સમાવેશ છે એવા સ્વતઃ સિદ્ધ પચમ પાદ–પૂર્ણ બ્રહ્મ ૐકાર સ્વરૂપાત્મક ગુણાતીત શ્રી ગણપતિની ઉપાસના છે. એમ પાંચેની સમતા અને ઐક્યતા થતા ઉપાસના પૂર્ણ થાય છે. અહિ (પંચમપાદમાં) માયાનું આવરણ ન હોવાથી તે જાણનારો જીવાત્મા બ્રહ્મ સ્વરૂપતાને પામે છે.

ચાર પાદની ચાર પ્રકારની યુકિતએ યોગરૂપ ૐકાર બ્રહ્મનું પ્રતિપાદન છે.

અહિંયાં એક શાસ્ત્ર યુક્તિ એવા પ્રકારે સમજાય છે કે દૃશ્યરૂપાત્મક કેવળ સ્થૂલ ભાવથી કેવળ **સગુણ** સ્વરૂપ સૌથી નિચેનો **અસત્** પાદ બ્રહ્મ **શકિત** સ્વરૂપ (દેહ) અર્થ સત્તાવાચક છે. તેથી પરે અર્થ સત્તાત્મક **"નામ"** ભાવનાનો **નિર્ગુણ** સ્વરૂપ અસત પાદ બ્રહ્મથી પરેનો **સત્** પાદ બ્રહ્મ **સૂર્ય** સ્વરૂપ (દેહી) છે. તેથી પરે નામરૂપાત્મક સગુણ નિર્ગુણ સમાત્મક પ્રિયભાવનાવાળો સત્ પાદથી પરેનો **સમ** પાદ બ્રહ્મ **વિષ્ણુ** સ્વરૂપ (વ્યાપક) છે. તેથી પરે માત્ર " ભાતિ " ભાવનાવાળો સગુણ નિર્ગુણ રહિત સમપાદથી પરેનો **તૂર્ય** અથવા **નેતિ** પાદ બ્રહ્મ **શિવ** સ્વરૂપ (**સાક્ષી**) છે અને આ ચારે પાદથી પરે માત્ર " અસ્તિ " ભાવનાત્મક (સગુણ નિર્ગુણના ચાર પાદના યોગરૂપ અથવા

રહિત **સ્વાનંદ** અથવા **પૂર્ણ** પાદ **બ્રહ્મ** ૐકાર સ્વરૂપ ૐનામાત્મક ચારેના યોગરૂપ **ગણુપતિ** સ્વરૂપ (પતિ) છે. આ **પતિ** સંજ્ઞામાં સર્વ—એટલે—સગુણ (શક્તિ) નિર્ગુણ (સૂર્ય) સગુણ નિર્ગુણસમ (વિષ્ણુ) સગુણ નિર્ગુણ રહિત (શિવ) નો યોગ છે. માટે આ **ગણપતિ** નામાત્મક ૐકાર બ્રહ્મ—પૂર્ણ બ્રહ્મ યોગમય સ્વરૂપથી યોગીજનોને દર્શન સ્વરૂપ છે.

આ પાંચે પાદના ઉપાસકોમાંના અસતપાદના શક્તિબ્રહ્મના ઉપાસકોને **શાક્તો** કહેવામાં આવે છે—સત્ પાદના સૂર્યબ્રહ્મના ઉપાસકોને **સૌરો** કહેવામાં આવે છે—આગળ સમપાદના વિષ્ણુબ્રહ્મના ઉપાસકોને **વૈષ્ણવો** કહેવામાં આવે છે—તેમજ તૂર્યપાદના શિવબ્રહ્મના ઉપાસકોને **શૈવો** કહેવામાં આવે છે. અને પચમ-પાદ પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપ શ્રીગણુપતિના ઉપાસકોને **ગાણુપત્યો** કહેવામાં આવે છે—પણ વૈદિક સનાતન ધર્મની શ્રેણીએ તેઓ ૐકાર સ્વરૂપાત્મક બ્રહ્મ-સ્વરૂપથી અભેદ છે જેથી ઉપાસકોનો ભેદ પાડવામાં આવતો નથી. બધાજ સનાતન વૈદિક ધર્મની શ્રેણીના **ૐકાર બ્રહ્મ** સ્વરૂપ પંચાયતન અભેદ ઉપાસક છે. એમ સત્ય કહેવાય છે.

ૐકાર સ્વરૂપમાં પંચાયતન ગણેશ શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિની ઉપાસના અભેદરૂપ છે.

સનાતન વૈદિક ધર્મમાં એક એક નામવાળો આગ્રહી ભાવ અને તેની આગ્રહી ઉપાસના માન્ય કરવામાં આવની નથી. પણ પાંચેની અભેદ ઉપાસના અને અભેદ ભાવના માન્ય કરેલી છે. માત્ર અર્થ સત્તાપૂર્વક અનુક્રમ પ્રમાણે પૂજનનો વિધિ છે પ્રથમ ગણુપતિની પછી શિવની પછી વિષ્ણુની પછી સૂર્યની અને છેલ્લે શક્તિની પૂજા થાય છે અને તે વિદ્વાન બ્રાહ્મણો સારી પેઠે સમજે છે—આ **પંચાયતન**—વૈદિક સનાતન ધર્મની શ્રેણીરૂપ હોઇને દરેક બ્રાહ્મણાદિને ત્યાં પંચાયતન પૂજા હોય છે. આજકાલના આગ્રહી મતાંતરવાદીઓ કે નાસ્તિક થયેલા બંધુઓએ તેમાં ફેરફાર કર્યો હશે અગર નહીં રાખતા પણ હોય—છતાં **વિધિ** તો વૈદિક રીત્યા બરાબરજ હોય છે. અને મનમંતવ્યોને માન્ય કરી તેઓ ગમે તેમ વર્ત્તે છતાં શાસ્ત્રમાં ફેરફાર કરવાની તેમની સત્તા નથી—

ૐકાર સ્વરૂપ સગુણુ નિર્ગુણ સમાનાત્મક શ્રી ગણુપતિ

ભલે આગ્રહી મતાભિમાની વા નાસ્તિકો ગમે તેમ માને અને ગમે તેમ કરે પણ તેઓને ત્યાં વૈદિક સંસ્કારાદિક બ્રહ્મકર્મો અને દેવ પૂજનાદિ કાર્યમાં પણ પ્રસંગોપાત અને વખતો-વખત સનાતન વૈદિક ધર્મની કુલ મર્યાદાના આરંભમાં **आदौ निर्विघ्नता सिद्ध्यर्थं श्री गण[illegible]ति स्मरणं च कारिष्ये.**

જગતનો આદિ છે. તેનું પ્રમાણ વેદોક્ત આદ્ય પૂજનથી સિદ્ધ છે.

એમ સનાતન ધર્મના બ્રાહ્મણ, આચાર્યો, ઉપાચાર્યો, વા ઉપાધ્યાય, વા ગોર લોકોને શાસ્ત્ર મર્યાદાનુસાર તેમ ભણ્યા વિના ચાલતુંજ નથી. તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર કે અતિ શૂદ્ર કે અંત્યજ પર્યંત વેદોક્ત કે પુરાણોક્ત કર્મમાં પણ તે આદ્ય પ્રવર્ત્તક ૐકાર સ્વરૂપ પંચમપાદ પૂર્ણબ્રહ્મ પરમાત્મા ગણપતિ મહારાજનું પ્રથમ પૂજન અર્ચન થયા વિના રહેતુંજ નથી. પછી ભલે ગાણપત્ય હો કે–શૈવ હો–કે વૈષ્ણવ હો કે સૌરશાક્ત હો કે અન્યમાર્ગી હો. પણ સનાતન વૈદિક મર્યાદાનું સેવન તો યથાર્થજ ઉપર કહ્યા પ્રમાણે ચાલે છે. હવે શ્રી ગણપતિનું પૂજન થયું તે **ગણ** સાથેજ **પતિ**નું પૂજન છે માટે પાંચેના પૂજનનો સિદ્ધાન્ત સમાઇ જાય છે. તેથી પાંચે પ્રતિપાદન થાય છે–એ વાત સનાતની જનોએ વિસરવાની નથી—

એમ સ્વતઃ સિદ્ધ ૐ પરમાત્મા પરબ્રહ્મ–નિર્ગુણ પ્રકારે પણ ૐકાર સગુણ પ્રકારે પણ ૐકાર–તૂર્યબ્રહ્મ ઇશ્વર સ્વરૂપે પણ ૐકાર–તેમ ત્રિપાદ ત્રિગુણ સ્વરૂપે પણ ૐકાર તેમ આ અનંત સ્વરૂપથી એટલે પૃથ્વી, પાણી, વૃક્ષ, પાષાણ, પશુ, પક્ષી, કીટ, પતંગ, ભ્રમર આદિ અગ્નિ, સૂર્ય, વરૂણ, ચન્દ્ર, તારાગણ, દેવગણ, કિન્નરગણ, રાક્ષસગણ, મનુષ્યગણ આદિ પૂર્વ, પશ્ચિમ, ઊત્તર અને દક્ષિણ આદિ ખુણાઓ સહિત, દેશ સહિત, નગ્ર સહિત, નામ સહિત, રૂપ સહિત, અરૂપ સહિત, રંગ સહિત ઇત્યાદી અનેક ગણ સહિત પણ તે પોતેજ ૐકાર પરબ્રહ્મ પરમાત્માજ છે. એ શિવાય અન્ય કાંઇ નથી. પરમાત્મા સ્વરૂપથી ભિન્ન કાંઈ દેખાતું હોય તો ભ્રાન્તિ માત્રજ છે. અંતરમા અને બહિર સર્વ સ્થાને સર્વ સ્વરૂપથી સર્વમય અને સર્વ રહિત તેજ પરમાત્મા પોતેજ સ્વતઃ સિદ્ધ છે–તેજ ઉપાસના કરવા યોગ્ય છે. એ **સનાતન વૈદિક ધર્મનો** મુખ્ય સિદ્ધાન્ત અને મુખ્ય ગુપ્ત મંત્ર છે.

એમ આ ૐકાર સ્વરૂપ **શ્રી ગણપતિ** શબ્દ **અર્થ** સત્તાવાચક છે. **ગણ + પતિ** મળીને **ગણપતિ** શબ્દ સિદ્ધ થાય છે. **ગણ** સાથે તેના **પતિ**ની પૂજાનો સમાવેશ સગુણ નિર્ગુણ અભેદ **ગણપતિ**ના પૂજનમાં થાય છે. એવી **અર્થ** સિદ્ધિ છે. ચાર ઠાકોરો અને એક નૃપતિ હોય ત્યાં ચાર ઠાકોરોની સેવા સુશ્રુષા ઊઠાવ્યાથી **નૃપતિ** પ્રસન્ન થતો નથી. પણ નૃપતિની સેવા સુશ્રુષામાં તે ચારે ઠાકોરોનો તેમાંજ સમાવેશ થાય છે. કેમકે ઠાકોરોનું માન–નૃપતિના માનમાંજ સમાય છે–કેમકે તે ઠાકોરોનો તે **પતિ** છે. ઠાકોરો પોતપોતાના ઘરના **પતિ** છે ખરા. અને તેમની આગ્રહી આગવી પ્રજા તેમને **પતિ** માને તો તે દોષરૂપ ગણાય નહિં. છતાં **સાર્વભૌમ** સત્તાધિશ **પતિ** સંજ્ઞાત્મક **પતિ** વર્તાનાંથી

જે શ્રુતિ વર્ણવે છે તેતો **સાર્વભૌમ** સામ્રાજ્ય સત્તાને અંગેજ લાગે છે. ત્યારે **गृहपति** અને **देशपति** જેવો ભાવ ગણાતો **દેશપતિ**—તે **गृहपति**ઓનો પણ **पति** છે એમ સાબીત થાય છે એમ આ **गणपति** સગુણ નિગુણ અભેદ શબ્દ બ્રહ્મ છે. પણ અભેદ ભાવના જેવી સનાતન વૈદિક ધર્મમાં માન્ય કરી છે તેમજ અભેદ માનવું એ વિશેષ ઉત્તમ છે. ઠાકોરો પોતાની ગૃહપતિ સત્તાનો અમલ કરે પણ—નૃપતિની દેશપતિની સત્તાનો અમલ તો તેમનાથી કદાપિ થાય નહીં માટે અભેદરૂપે માનવામાં પોતાની ગૃહપતિની સત્તાના ભેદનો વિનાશ થાય છે. ભેદમાં આગ્રહ રહે છે માટે ભેદ—કલ્પનારૂપ ગણ્યો છે છતાં ઠાકોરો આદિ પ્રજાની માન્યતામાં તે રાજા ઠરે પણ પ્રજા નહીં તો રાજા કેમ મનાય ? ? તે ધ્યાનમાં રાખવાનું છે. અને **રાજા** છે તો **પ્રજા** પણ છે અને **પ્રજા** છે તો તેનો **રાજા** પણ છે એમ અન્યોન્યભાવ સબંધ છે. માટે **गण** છે તો તેનો **पति** પણ છે અને **पति** છે તો **गण** પણ હોવાજ જોઇએ તોજ **गणपति** થાય છે. **पति**ના સબંધથી **गण** અને **गण**ના સબંધથી **पति** છે. એટલે **गण** અને **पति** એમ સદાએ અન્યોન્ય ભાવ સબંધથી **गणपति** નામ અભેદ છે—આ ઠીકઠીક અને શાસ્ત્રાધાર યુક્તિ **સનાતન વૈદિક ધર્મના** અનાગ્રહી વિદ્વાનો સારી પેઠે સમજે છે.

ૐકારના સ્વરૂપથી પણ સગુણ બ્રહ્મ શ્રી ગણપતિનું ઓળખાણ વેદ પ્રતિપાદ્ય છે.

અત્યાર સુધી ૐકાર—તેના પાદો અને તેની નામની સમજણ સાથેનો નિશ્ચય સમજીને હવે તેના સ્વરૂપને માટે પણ સમજવાની જરૂર સમજાય છે. અને તે જેમ ૐકાર છે તેમજ સિદ્ધ સમજવાની યુક્તિ નિચે પ્રમાણે **तन्मायाशबल मजनी त्याह । इनेनयथातमः । तत-ओमिति ध्वनिरभूत् सवै गजाकारः । श्रुतेः ।** તે માયાશબલરૂપ (સગુણ બ્રહ્મસ્વરૂપ) થયો તે માયા વડે કરીને જેમ અંધકાર એમ સમજવું. તે માયા સબળ સ્વરૂપ સગુણબ્રહ્મજ તે પોતે "ૐ" એવા પ્રકારે **ધ્વની** એટલે નાદરૂપ થયો તેજ આ "**गजाकार**" એટલે **गज+आकार** ગજના આકાર વાળો છે. અર્થાત્ કેવલ બાહ્ય સ્થૂલ અર્થથી જેનું મુખ માત્ર હાથીના આકારવાળુંજ સિદ્ધ છે. એમ શ્રુતિનો નિશ્ચય છે. દરેક વ્યક્તિનું ઓળખાણ, તેના આખા સ્વરૂપથી સિદ્ધ નથી. પણ માત્ર "મુખ"થીજ સિદ્ધ છે. તેમ સગુણ બ્રહ્મ પરમાત્મા ૐકારનું ઓળખાણ માત્ર તેમના મુખની આકૃતિથીજ સિદ્ધ છે એમ બાહ્ય અર્થથી વેદનું વર્ણન છે—જેમ**तस्य वाचकः प्रणवः** આથી ૐ એવા નામથી તે પરમાત્માના સગુણ બ્રહ્મનું સ્વરૂપ સિદ્ધ છે તેમ **स वै गजाकारः** આ શ્રુતિથી આ "ૐ" આવી આકૃતિમય ૐકારનું સ્વરૂપ પણ સિદ્ધજ થાય છે. એમ ઉપાસ્ય

સ્વરૂપમાં નામ અને રૂપની અભેદ ભાવનાથી, અખંડ એકરસ, ૐકારમાં સ્વરૂપ સ્વતઃ સિદ્ધ સાબીત થતાં **ઉપાસ્ય** બ્રહ્મ સિદ્ધ ઠરેછે અને તેજ ૐકાર નામથી અને રૂપથી પોતેજ પૂજા ધ્યાન કરવાને યોગ્ય છે. વેદમાં તે ૐકારનું નામ અને સ્વરૂપ દર્શનને માટે ભિન્નતા નથી. અને ભિન્નતાને માટે અન્ય પ્રમાણ પણ નથી. માટે નામરૂપવડે દશનાંતર કરવાની અને જાણવાની પણ જરૂર નથી "ૐ" એવું પરમાત્માનું નામ-અને "ૐ" એવા **गजाकार** આકારથી પરમાત્માનું સ્વરૂપ તે ૐ માં અભેદજ છે. અને તેજ નામરૂપ **प्रणव-गजाकार** સગુણ બ્રહ્મજ સિદ્ધ છે. તૃર્યપાદનું શિવ બ્રહ્મ, સમપાદનું વિષ્ણુ બ્રહ્મ, સતપાદનું સૂર્ય બ્રહ્મ, અને અસત્ પાદનું શક્તિ બ્રહ્મ, આ નામનો સમાવેશ આ ૐકારમાંજ છે. એટલે તેમનાં નામ અને સ્વરૂપનો સમાવેશ ૐકારમાંજ થતાં ભેદ પાડવાની જરૂર નથી. તે પુરૂષ પ્રકૃતિ અભેદ રૂપકથી જણાય તોપણ ને ૐકારમયજ છે. કેમકે અંશ અંશીભાવથી અભેદ છે. છતાં તેમની પ્રત્યક્ષ પ્રમાણભૂત દર્શન સ્વરૂપથી સિદ્ધ મૂર્તિઓ ૐકારના સ્વરૂપ આકારથી કાયમ રાખેલી કોઈ તદંશાત્મક દેવને માટે નથી. તેમ વેદાદિ ઉપનિષદોમાં પણ **पुरुषाकारः मनुष्याकारः** તથા **पशवाकारः** વિગેરે કોઈ પ્રકારને માટે પણ વર્ણવેલું નથી-એમ ૐકાર સ્વરૂપથી ભિન્ન કોઈ મૂર્તિ છે પણ નહિં સર્વ ૐકાર સ્વરૂપજ છે. માટે તેનો ૐકારમાંજ સમાવેશ કર્યો છે. એમ સિદ્ધ સમજાય છે અને સગુણ બ્રહ્મ ૐકારને માટે તો **स वै गजाकारः** તે ૐકાર બ્રહ્મનું સત્ય સ્વરૂપ દર્શન માત્ર ૐકાર અને તેના આકારના રૂપકથી **गजाकारः** સિદ્ધ વર્ણવે છે. અને તેથીજ **गणपति**ના સ્વરૂપમાં કદાપિ પણ ફેરફાર કરી બીજા કોઇપણ આકારથી ગણપતિ સાબીત કરી શકાતો નથી. તેને માટે તો ૐકાર સ્વરૂપજ આકાર માનવા પડે છે. અને મૂર્તિ પણ તેમજ ચિતરવી પડે છે અને પંચાયતનમાંની ચાર મૂર્તિઓ તે ૐકારમય ભાવથીજ છે. કોઇપણ આકાર તે ૐકારજ છે. એ પ્રત્યક્ષ સિદ્ધ છે. આ ૐકાર સ્વરૂપ ગુણાતીત પરબ્રહ્મ પરમાત્મા, અખિલ બ્રહ્માંડાધિપતિ **गणपति** સ્વસ્વરૂપે તાદાત્મ્ય છે. કેમકે **गण**=સમૂહ વાચકનો તે **पति** સંજ્ઞાત્મક સર્વનો **पति** છે. એટલે સંપૂર્ણ રીતે ચાર આદિ સર્વને આજ્ઞાકર્ત્તા છે. **भिषा स्मात् वातः पवते । भिषो देति सूर्य०** ઇત્યાદિ શ્રુતિઓ તેની આજ્ઞામાં સર્વ છે એમ સિદ્ધ વર્ણવે છે. જેની આજ્ઞામાં **गण** છે. અને તે એવી રીતે કે, બ્રહ્માગણ, વિષ્ણુગણ, રૂદ્રગણ, દેવગણ, મનુષ્યગણ, પિતૃગણ યક્ષગણ, કિન્નરગણ, તત્વગણ, અન્નાદિબ્રહ્મગણ, પશુગણ, પક્ષીગણ, વૃક્ષગણ, પાષાણગણ, ઈત્યાદિ નાના પ્રકારના દૃશ્યાદૃશ્ય જે ગણ, અર્થાત્ સમૂહો, તેના **पति** સંજ્ઞાત્મક શ્રી **गणपति** તેજ આ ૐકાર છે-એમ સાબીત છે.

ૐકાર સ્વરૂપ શ્રી-ગણપતિમાં અનંત ગણોનો સમાવેશ છે.

ॐकाराकृति रूपाय सगुणाय नमो नमः ।

वल्ली १४ मी.

**सुवरित्यादित्ये । महइति ब्रह्मणि । आप्नोति स्वाराज्यम् । आप्नोति मन ॥
सस्पतिम् । वाक्पतिश्चक्षुष्पतिः । श्रोत्रपतिर्विज्ञानपतिः । एतत्ततो ॥
भवति । आकाश शरीरं ब्रह्म । सत्यात्म प्राणारामं मन आनन्दम् ।
शान्ति समृद्धममृतम् । इति प्राचीन योग्यो पासस्व । तै० ॥ ६ ॥**

(સ્વ: એ આદિત્યમાં જાય છે. મહ: બ્રહ્મમાં સ્થિત થાય છે. અને ત્યા સ્વારાજ્યને પામે છે. ત્યાં તે મનોના પતિરૂપને પામે છે. સર્વાત્મારૂપે સર્વ વાણીનો પતિ થાય છે. ચક્ષુઓનો પતિ થાય છે. શ્રોત્રોનો પતિ થાય છે. **બુદ્ધિનો પતિ** થાય છે. એમ અધિક અધિક થાય છે. તેજ આકાશ શરીરવાળો બ્રહ્મ પ્રાણારામ, મન આનંદ અને શક્તિસમૃદ્ધ અમૃત છે. હે પ્રાચીન યોગ્ય—એમ ઉપાસના કર.)

તૂર્યપાદમાં વેદથી માન્ય **પુરૂષ** સંજ્ઞા સાબીત થાય છે. એટલે તૂર્યપાદથી પુરૂષાકારની સાબીતી તૂર્યપાદ, સમપાદ, સતપાદ અને અસતપાદ પર્યંત અને અનંત કોટી બ્રહ્માંડપર્યંત, લાંબાં ટુકાં, નાનાં મોટાં પણ પુરૂષ ભાવનાં રૂપો કાઢવામાં કે કલ્પવામાં આવ્યાં હોય, અને એમ જણાય તોપણ તે ૐકારાકૃતિજ છે એમ તો સાબીતજ માનવું જોઈએ. કેમકે, ૐકારજ પરમપુરૂપ સર્વ છે. માટે ૐકારની વ્યાપ્તિમાં અન્ય કે ખોટ નથી. માટે સર્વ ૐકારજ છે એમ તો સિદ્ધજ છે. અને તેનું પ્રમાણ કીડીને પણ શુંઢાકાર ભમરાને શુંઢાકાર, મચ્છરને પણ શુંઢાકાર છે એમ જાણો. આપણું સ્વરૂપ પણ નાના માપનું પણ શુંઢાકારજ ૐકાર સ્વરૂપજ છે છતાં આપણી અજ્ઞાત બુદ્ધિએ અનુભવ કરેલો નથી તેથી આપણને મનુષ્યાકારરૂપ લાગે છે બાકી તો આપણે પણ **गजाकार**જ છીએ. પુરાણોની રચના બાંધનાર શ્રી વ્યાસ નારાયણ મહારાજે પુરાણોની અદ્ભૂત રચના બાંધી અમુલ્ય બોધ આપી આપણને કૃતાર્થ કર્યા છે પણ તેમની રચનાનો અનુક્રમ તો મૂળ સિદ્ધાન્તને અનુસરીને પાયા ઉપરજ છે. ગણપતિ પુરાણમાં તો ૐકારમય લખે તેમાં નવાઈ શું ? કેમકે તેતો સગુણ બ્રહ્મનુંજ પુરાણ તેથી વેદની મર્યાદાએ ૐકાર સ્વરૂપ લખવુંજ પડે અને તેમજ **ॐकार रूपि भगवान्योवेदादौ प्रतिष्ठितः ।** લખ્યું છે પણ શિવને પ્રતિપાદન કરનારાં પુરાણોમાં તેમ વિષ્ણુને પ્રતિપાદન કરનારાં પુરાણોમાં તેમજ સૂર્ય શક્તિનાં પુરાણોમાં પણ ૐકાર નામ અને સ્વરૂપના અખંડ અને અભેદ એક રસ અનુભવ સાથે તે પરબ્રહ્મ ૐકાર સ્વરૂપ છે એમ લખી કેવી અભેદ ભાવના સમજાવી છે તે કોઈ વિવેકી વિદ્વાનોજ

|| अन्यत् त्रिकालातीतं तदप्योंकार एव ||



|| ततश्चोमिति ध्वनिरभूत स वै गजाकारः । श्रुतेः ||

સમજી શક્યા છે અને આરંભની યુક્તિમાં નિર્ગુણ સગુણનોજ અભેદ પણ પ્રમાણ ભૂત એવો ઠસાવી દાખ્યો છે કે કંઈ મણાજ નહિ. જે નામનું પુરાણ તેજ નામથી સગુણ અને નિર્ગુણનો અભેદ અને તેમાંથી પ્રકૃતિ ગુણોનું પ્રતિપાદન પણું આજ પ્રમાણે આદિ સિદ્ધાન્ત પ્રકરણરૂપ અનુક્રમજ બતાવેલો છે એટલે વેદની મર્યાદાથી રહિત એક પણ પુરાણ નથી એમ સાબીત થાય છે. આથી જે અભેદ ભાવ વ્યાસજીએ રાખ્યો છે તે અભેદ ભાવ આપણે રાખીને ૐકાર પરબ્રહ્મ પરમાત્માના નામરૂપનું ૐકાર સ્વરૂપે ધ્યાન કરી કૃતાર્થ થવુંજ જોઇએ અને તેમાં સર્વ પાદનો સમાવેશ કરી અભેદમય રહેવુંજ જોઇએ.

ઊત્થાન નિરૂત્થાન-કાળથી ૐકારનું દર્શન સ્વરૂપ.

ૐકારને વિષે જે કાળમાં જગત્ નું ઊત્થાન કલ્પાય નહિ. તે માત્ર નિર્ગુણ બ્રહ્મ સ્વરૂપ છે અને જગત્ નું ઊત્થાન કલ્પાય. તે કાળ માત્ર સગુણબ્રહ્મ નામથી કહેવાય છે પણ આ ઊભયની અભેદ ભાવનાએ ૐકારજ સિદ્ધ છે. આમ પ્રત્યક્ષ સિદ્ધાન્ત (ઊત્થાન અને નિરૂત્થાનકાળનો) ૐકારના નામથી અને ૐકારના આકારથી માત્ર વૈદિક મંત્રોના આધારે સ્વતઃસિદ્ધ પ્રણવાકૃતિ દર્શન **શ્રીગણપતિ સ્વરૂપ** સત્ય રીતે અંગીકાર કરવાને કંઈપણ શંકા રહેતી નથી. જેમ વેદમાં છે તેમ પુરાણોમાં છે તેમ તેમા કાઇએ ફેરફાર કર્યો નથી અને આપણ મનુષ્યને મનુષ્ય હૃદયથી નવીન જીવ-મતિની કલ્પનાની શાસ્ત્રમાં ચાલાકી કે ફેરફાર કરવાની જરૂર પણ નથી અને જે યથાર્થ છે તેને પ્રતિપાદન કરવાની પણ જરૂર પડતી નથી તે આપજ પ્રતિ-પાદન થઈ જાય છે. જુઓ આ સાથે ૐકાર સ્વરૂપનો કંઈ ફેરફાર કર્યા વિનાનો ફોટો મુકયો છે તે ઉપરથી ૐકારજ નિર્ગુણ અને સગુણ સ્વરૂપે અભેદ ધ્યાન-માંજ આવશે.

આધુનિક સમયમાં કેટલાએક જનો જે ઉપર પ્રમાણે વેદ શાસ્ત્ર સ્મૃતિ પુરાણાદિના ઐક્યત્વ રૂપ અમૂલ્ય સિદ્ધાન્તોનું જ્ઞાન ન મેળવી શકવાથી અથવા આગ્રહીમત વાદીઓના વાડાના બંધારણથી ત્યાંજ બંધાઈ રહેલા એક પક્ષનુ જ્ઞાન મેળવી પોતાને પરિપૂર્ણ—માનવાવાળા છે. તેમાંના કોઈ એક બંધુ તર-ફથી એક છબી ભગવદ્ ગીતાના પુસ્તકોમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે કે જેની નિચેના ભાગમાં ૐ એમ લખી તેના ઉપરના ભાગમાં અર્ધ કૃષ્ણ મૂર્તિ સ્વરૂપ મનુષ્ય મુખા કૃતિ કાઢીને તે છબી પ્રસિદ્ધ રીતે મુકવામાં આવી છે. અને તે ઉપર વિચાર કરતાં સમજાય છે કે શ્રીમદ્ ભગવદ્ગીતાના નેતા સદ્ગુરૂ સ્વરૂપ બોધક શ્રીકૃષ્ણ પરમાત્માજ છે. ત્યારે રણ સંગ્રામના મધ્યમાં રથ ઉપર શ્રીકૃષ્ણ સદ્ગુરૂ પરમાત્માએ જેમ બોધ કર્યો તેમ આખું સ્વરૂપ કાઢી બતાવ્યું

હોય તો વધારે સારૂં ગણાય તેમજ વળી ૐ એમ તેની નીચેજ કાઢીને તેનો સંપૂર્ણ આકારનો ફોટો જુદો ન આપ્યો એ કેટલી બધી વિસ્મૃતિ વા દુરદેશી છે. તેનો વિચાર કરો કે શ્રીમદ્ ભગવદ્ગીતાનો આત્મા તો **ॐ मित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन्** આ શ્લોક છે. કે અર્જુનને કૃષ્ણ સદ્‌ગુરૂ બોધ કરે છે. અને ૐકાર બ્રહ્મના સ્વરૂપનું ધ્યાન કરનાર પરમ ગતિને પામે છે. એમ કહે છે. ત્યારે આથી સિદ્ધ સમજાય છે કે કૃષ્ણ પોતાના કૃષ્ણ સ્વરૂપનુ ધ્યાન કરવાને આજ્ઞા કરતા નથી પણ સદ્‌ગુરૂ રૂપથી મારૂંજ સ્મર્ણ કરતો સત્ય રીતે વૈદિક મર્યાદાએ **ૐકારજ** સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા છે તેનું ધ્યાન કર એમ આજ્ઞા કરે છે. વા તેને જાણવાને બોધ કરે છે. ત્યારે અર્જુનને ધ્યાન કરવા વા જેને જાણવા કૃષ્ણ પરમાત્મા આજ્ઞા કરે છે. તે સગુણ નિર્ગુણ અભેદાત્મક સ્વરૂપ ૐકાર સ્વરૂપનેજ આ પુસ્તકમાં મુકેલા ફોટા પ્રમાણે ચિતરી છપાવ્યું હોત તો સનાતન વૈદિક ધર્મની કુલ મર્યાદા પ્રમાણે સનાતન વૈદિક જનોના સત્ય જાણવામાં આવતાં કેટલો બધો આનંદ થાત ! ! ! આ ૐકારને માટે વેદમાં જેમ **सर्वे गजाकारः** છે એમ યથાર્થ સનાતન વૈદિક ધર્મી બંધુઓના જાણવામાં આવતાં આર્યાવર્ત્ત દેશ અને વેદ સનાતન ધર્મીને પણ પરમ ભક્તિ બલરૂપ થાય ૐકાર સ્વરૂપાકૃતિમાં યાવત્ મનુષ્યાદિ અનત સુખાકૃતિનો સમાવેશ થાય છે. એમ તો સમજવામાં છે. ત્યારે વેદમાં પ્રતિપાદન રૂપ આ **सर्वे गजाकारः** એમ સિદ્ધ છતાં તેમજ ચિતરી જનસમુહને સમજાવતાં શું શરમ લાગતી હશે ? ? આમ સમજાવતાં તેમાં પંચાયતન અભેદ સ્વરૂપનો યોગ થાય છે જેથી આગ્રહી મતમતાંતર વાદીના બોલ રૂપ સ્તુતિ નિંદા પણ ન થતાં વૈદિક ધર્મની સનાતન રીત, લોકના સમજવામાં આવતા તો લોક પણ **અભેદ** ભક્તિ કરવા શક્તીમાન થાય–અને આમ સત્ય સમજાવ્યાથી સર્વ આગ્રહી મતમતાંતર તુટી અભેદ સ્વરૂપે વેદ સનાતન ધર્મ આર્યાવર્ત્તમાં યથાર્થ ચાલે તો પ્રભુની પ્રસંન્નતા થતાં દુઃખ દારિદ્ર પણ ટળે સદ્‌ગુરૂ પરમાત્મા તરીકે કૃષ્ણનો ફોટો પણ રથ સહિત રણ સંગ્રામનો સાથે હોવોજ જોઇએ. એમાં પણ સદ્‌ગુરૂનું પરમાત્મા રૂપ મહત્વ છે. પણ સદ્‌ગુરૂના મહત્વની સાથે ધ્યાન મૂર્તિ પરમાત્માના અખંડ અભેદત્વને સમજાવવા માટે ુતિ સિદ્ધ ૐકારની **ગજાકાર** મૂર્તિ દર્શનમાં લાવવાની ખાસ જરૂર છે તેથીજ આ ફોટો અત્રે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તો સનાતન વૈદિક ધર્મના જનસમૂહ પોતાના આગ્રહને ત્યાગી સત્ય અનુભવથી ૐકાર પરમાત્મા સ્વરૂપનાં વેદ વિધિનાં સત્ય દર્શન કરી જાણી ઓળખી કૃતાર્થ થશે.

ભાઇઓ ! ! ! જુઓ આમાં પંચાયતનનો સમાવેશ છે. વેદની શ્રુતિ પ્રમાણે જેમ છે તેમ વર્ણવી બતાવ્યું છે. પાંચ પાદરૂપથી વા પાંચ માત્રાના

અભેદ સ્વરૂપથી—આ એકજ ૐકારનું गजाकार સ્વરૂપ દર્શનમાં આવશે. પાદોનો તથા માત્રાનો વિસ્તાર આગળ વર્ણવી ગયા છીએ તેથી આ સ્થાને લખવાની જરૂર ધારી નથી. ૐકારના પ્રત્યક્ષ સગુણ ભાવથી સ્વતઃપ્રમાણરૂપ—કોઇ પણ મનુષ્યમતિ કલ્પના રૂપનો ત્યાગ કરી કંઇપણ ફેરફાર ન કરતાં આ गजाकार મુખાકૃતિથી પરમાત્મા गणपति એટલે गण + पति રૂપે પાંચનુ અભેદ ઓળખાણ સર્વ કોઇને ધ્યાનમાં આવતાં આ અભેદ યોગમાં કોની બુદ્ધિ ભેદ દૃષ્ટિથી જોશે ? ? એમાં આપણા પોતાના ઘરનું શું છે ? ? ? જેમ વેદે કહ્યું તેમ આલેખ્યું છે—વા ભેદ જણાય તો આ જેમ गजाकार વેદ કહે છે તેમ વેદમાં અન્યસ્થાને આવું પ્રત્યક્ષ પ્રમાણ અન્ય બીજું નથી. એમ સત્ય રીતે સમજાતાં મતવાદી લોકસમૂહનો છળ—શાન્તિ પામશે. અને આગ્રહીઓનુ આગ્રહી બંધારણ વિખરાતાં—અને લોક સમૂહ પોતાના વૈદિક સનાતન ધર્મના અખંડ એક રસ અભેદ સિદ્ધાન્તને સમજી જતાં ભેદાભેદવાળી દુર્વૃત્તિનો ત્યાગ કરશે.

વૈદિક સનાતન ધર્મના સિદ્ધાન્તિજનો પંચાયતનમાં ભેદ માનતા નથી.

સનાતન વૈદિક ધર્મના અનાગ્રહી સિદ્ધાન્તિજનો પંચાયતન (ગણેશ શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિ) અભેદ સ્વરૂપ ૐકારમાં કોઈ એક નામથી આગ્રહી ઇષ્ટરૂપ ઉપાસના માનતાજ નથી. એમ સનાતની માન્યતા છે. સત્ય સમજનારા લોકોતો આ જેમ છે તેમજ સમજી ઉપાસના કરે છે છતાં એક પક્ષે એમ માનીએ. કે ભેદ માને છે અને તે પણ એકલા વિષ્ણુનેજ કે એકલા શિવને કે એકલા ગણપતિને કે એકલા સૂર્ય, શક્તિનેજ માને છે એટલે પંચાયતનમાંના કોઇએક નામથી પોતાનો ઇષ્ટ માને છે તો તે સનાતન વૈદિક ધર્મિ કેમ નહિં ? ? ? તેનો જવાબ એટલોજ કે પાંચ નામમાંના કોઇએક નામથી પોતાનો ઇષ્ટ માને પણ બીજા ચાર નામનો તિરસ્કાર ન કરતો હોય અને શાસ્ત્ર પ્રમાણે પોતાના ઇષ્ટને મધ્યમાં મુકી ચાર બાજુએ બીજા ચાર સ્વરૂપને ગોઠવી એમ પંચાયતન કરી પૂજન કરતો હોય તો તે માન્યજ છે પણ પંચાયતનની ગોઠવણી વિના પોતાના માનેલા ઇષ્ટની એકલીજ મૂર્તિ રાખી પૂજન કરતો હોય અને ચાર સ્વરૂપનાં નામ દેતાં અભડાતો હોય તો જાણવું કે આ **વૈદિક સનાતન ધર્મની** મર્યાદાનો નથી. પણ કોઈ આગ્રહી મતમતાંતર વાદી છે એમ જાણો. આમ આગ્રહી વાડા બંધાયાથીજ અભેદ **સનાતન વૈદિક ધર્મનો** -હાસ થયો છે સનાતન વૈદિક ધર્મની કુલ મર્યાદા તો એવી કે પોતાના ઇષ્ટને મધ્યમાં મુકી અન્ય ચાર સ્વરૂપને ચાર બાજુમાં રાખી પંચાયતન કરી પૂજન કરે એટલે

ૐકારનુંજ પ્રંચાયતન અભેદ સ્વરૂપે પૂજન થાય છે. કેમકે સગુણ સ્વરૂપ ૐ-કારજ છે. જુઓ

ॐकाराकृति रूपाय सगुणाय नमोनमः ।

ૐકારની આકૃતિ સ્વરૂપ જે પરમાત્મા સગુણબ્રહ્મ કહેવાય છે તેમને વારવાર નમસ્કાર છે. વળી—

ॐकाररूपि भगवान्यो वेदादौ प्रतिष्ठितः । (પાછળ લખી ગયા છીએ)

ૐકાર સ્વરૂપ ભગવાન કે જેએ. વેદના આદિમાં સ્થિત છે. વળી—

प्रणवः प्रणवाकारो गणेशः सगुणः स्मृतः ।

જે પ્રણવસ્વરૂપ ૐકાર તેજ ૐકારના આકારથી અર્થાત્ ૐકારના આકાર રૂપે છે તેજ **गणेश** સગુણબ્રહ્મ કહેવાય છે. એમ નામથી અને સ્વરૂપથી સિદ્ધ સગુણબ્રહ્મ **गणेश** છે. વળી—

एभिः सृष्टं जगत्सर्वं मोंकाराकृति लक्षणम् ।
तत्र क्रीडति ते नैव मंत्र ॐकार संयुतः ॥

એવા ૐકારાકૃતિ લક્ષણવાળા (માત્ર ગણેશ) પરમાત્માથી ઊત્પન્ન થતું આ જગત્ પણ ૐકારાકૃતિ લક્ષણવાળું છે અને તેમાંજ એટલે તે જગત્માં તેજ ૐકારાકૃતિ પરમાત્મા ૐકારમંત્રથી જોડાયેલો ક્રીડા કરે છે (રમે છે.)

એમ વેદ, શાસ્ત્ર, પુરાણાદિકની યોજનાપૂર્વક સગણુનિર્ગુણ ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપ ૐકાર નામવાળા શ્રીબ્રહ્મણસ્પતિ શ્રીગણપતિ ગણેશ ઈત્યાદિક અર્થ સત્તાત્મક નામરૂપ રૂપે સ્વતઃ સિદ્ધજ છે અને તેને શાસ્ત્રમાં અંગી કહે છે અને તેના ચારપાદ તે અંગ છે અને અંગ અંગીભાવનો અભેદ તે ૐકાર છે.

વિજ્ઞાન શાસ્ત્રથી બિંદુ સ્વરૂપ સગુણ બ્રહ્મ પરમાત્માજ છે-

હવે વિજ્ઞાન શાસ્ત્રની યુક્તિએ શાસ્ત્રની ઐક્યતારૂપ, ૐકાર સ્વરૂપ સગુણ બ્રહ્મનું પ્રતિપાદન સ્પષ્ટ સમજાય છે કે, **अस्तित्व** પ્રમાણ રૂપ વેદમાં **चिन्मात्र चैतन्य** સ્વરૂપ પરમાત્માને માટે પ્રતિપાદન છે. તે ચિન્માત્ર અર્થ સત્તાથી માત્ર **बिंदु** છે. **बिंदु**ની સામાન્ય વ્યાખ્યા એવી છે કે જે અસ્તિત્વ પ્રમાણરૂપ છતાં જેને લંબાઈ પહોળાઈ નથી. તથા જેના ભાગ પણ પડી શકતા નથી એવો તે અવિનાશી ભાવવાળો **बिंदु** છે. આ **बिंदु**જ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ એટલે સર્વે નામ રૂપાકાર જડ ચૈતન્યાદિક સ્થાવર જંગમાદિક દૃશ્યાદૃશ્ય વસ્તુ પદાર્થ માત્રનો આદિ અધિષ્ઠાન છે. તેથી તેને સગુણ બ્રહ્મ પરમાત્મા કહે છે. એમ આગળ વર્ણવી ગયા પ્રમાણે—

बिन्दु मात्र स्वरूपेण यत्स्थितं ब्रह्म शाश्वतम् ।
तस्मा चतुर्विधं विश्वं प्रकटं संभविष्यति ॥

આ શાશ્વત્-અખંડ-એકાકાર-અભેદ બ્રહ્મ પરમાત્મા **बिन्दु** માત્રના (અસ્તિત્વ) પ્રમાણ સ્વરૂપથી (સગુણ નિર્ગુણ અભેદ સિદ્ધ છે. અને તેટલા માટેજ તે બ્રહ્મ સ્વરૂપથી (નિચેના ચાર પાદવાળુ) ચાર પ્રકારનું વિશ્વ પ્રગટ થાય છે. ચાર પ્રકારવાળું કહેતાં ચાર **પાદ**વાળુ (તુર્યપાદ-સમપાદ સત્પાદ અને અસત્ પાદ) ચાર **માત્રા**વાળું (**नाद, अ**કાર **उ**કાર **म**કાર) ચાર **કાળ**વાળું (પ્રાત-માધ્યાન્હ, સાયં અને રાત્રિ) ચાર **અવસ્થા**વાળુ (જાગૃત સ્વપ્ન-સુષુપ્તિ, અને તુર્ય) ચાર **દેહ**વાળું (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, અને મહાકારણ-અથવા નેતિ) એમ ચાર વર્ણવાળું ચાર આશ્રમવાળુ વા અનેક પ્રકારથી પણ ચાર ચાર પ્રકારવાળુ આ જગત્ જેનાથી થાય છે. તે ચાર પાદથી રહિત વા ચાર પાદ જેના છે. એવા માંણ્ડુક્ય ઉપનિષદ્‌માં પ્રતિપાદન કરેલો પચમ પાદ સ્વરૂપ આ **बिन्दु** સ્વરૂપ બિન્દુ નામાત્મક વા બિન્દુ દેહાત્મક ૐકાર-સ્વસ્વરૂપ પરમાત્માજ છે. **आकाश शरीरं ब्रह्म** એમ **बिन्दु** તે જગતનીઉત્પતિમાં અને જગત્‌ના લયમાં આદ્ય કારણ સ્વરૂપ માત્ર સગુણ બ્રહ્મ **અસ્તિત્વ** પ્રમાણ રૂપનું ચિન્હ છે. કેમકે શ્રુતિમાં પણ. **अणोरणीयान्** રૂપે વર્ણવતાં અણુમાં પણ અણુ સ્વરૂપથી **અસ્તિત્વ** પ્રમાણ સિદ્ધ કરતાં માત્ર **बिन्दु** સ્વરૂપ અણુની ધારણા બાંધી સિદ્ધ કર્યા પછી **महतोमहीयान्** સ્વરૂપે વર્ણવી આ ચાર ચાર પ્રકારવાળા મોટા આડંબરવાળા સર્વ અનંતકોટી બ્રહ્માંડરૂપ જગતની કલ્પનાને સ્વસ્વરૂપમાં અંગીકાર કરનાર તેજ સગુણબ્રહ્મ છે એમ સાબીત કરી આપ્યું છે. એમ દૃશ્યાદૃશ્ય ભાવનાની પૂર્ણતા તેજ આ અનતકોટી બ્રહ્માંડવાળા જગત્ રૂપે પણ સગુણ બ્રહ્મ અણુ ભાવથી **बिन्दु** સ્વરૂપે સ્વતઃ સિદ્ધ ઠરે છે. હવે જ્યાં **बिन्दु** રૂપનો યોગ સ્વતઃ સિદ્ધ સમજાયો કે તેમાં કેવો એ પણ આકાર અને તેનું કેવું એ પણ નામ. તેના કોઇ દેશમાં પણ છે. આ વિષે વિશેષ સમજને ખાતર **ધ્યાન બિન્દુ ઉપાનષદ્**ના શબ્દ સૃષ્ટિક્રમના સિદ્ધાન્તમાં બહુજ વિસ્તારથી લખ્યું છે તે જોવાથી સમજાશે.

वल्ली १५ मी.

अनाद्यनंतं कलिलस्य मध्ये विश्वस्य स्रष्टारमनेकरूपम् ।
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः । श्वे० ।

(અનાદિ અને અનંત એવા ગહન સંસારની મધ્યે સ્થિત–વિશ્વના કર્તા—અનેક રૂપ વાળા ને જગતને સર્વ બાજુથી વીંટીને રહેનારા દેવને જાણીને (જન્મ મર્ણાદિક જીવ કલ્પિ-રાદિક) પાશમાંથી મુક્ત થાય છે.)

જેને અવ્યક્ત–માયા બુદ્ધિ કે જે આદિ સગુણબ્રહ્મ ૐકારમાં એકદેશે કલ્પિત કહેવાય છે. વાસ્તવિક તો નથીજ–પણ સૃષ્ટિના અનુક્રમનેમાટે અભિન્ન નિમિત્તો-પાદાનમાં વિકલ્પ સ્વરૂપ કલ્પવાની જરૂર પડે છે તેથી આ કલ્પનામાત્રથી માયા –તે સગુણબ્રહ્મની **પ્રકૃતિ** કહેવાય છે. તેજ **चित् शक्ति** પણ કહેવાય છે–તેજ શક્તિ–**परा**-**पश्यन्ति मध्यमा** અને **वैखरी** રૂપે–ચતુષ્પાદ બ્રહ્મસ્થાનમાં વાણીરૂપે પ્રવર્ત્ત થાય છે. એટલે સૃષ્ટિના આરંભકાળમાં આ અવ્યક્ત–ચિત્ શક્તિ–ગુણા-તીતા છે. પણ જ્યારે તે નીચે ઉતરી **મહત્તત્વ** નામ ધારણ કરે ત્યારે શુદ્ધ **सत्व** ગુણવાળી **परा** ગણાય છે. સૃષ્ટિના આ-રંભ કરવામાં આ તૂર્યપાદરૂપ છે. એટલે નિષ્કલંક છે. કેમકે શુદ્ધ **सत्व** ગુણવેધન પ્રકૃતિથી જગત્‌ની ઉત્પત્તિનો સંભવ પ્રધાન બીજરૂપ ખરો. માટે રજો તમોગુણવેધન પ્રકૃતિના **पश्यन्ति मध्यमा** અને **वखरी** વાણી વાળા સ્વરૂપમાં તે જગત્‌નો પ્રત્યક્ષ દર્શન યોગ છે. એમ શબ્દસૃષ્ટિ ક્રમમાં સગુણબ્રહ્મની અવ્યક્ત –ગુપ્તા સ્વરૂપ પ્રકૃતિ તે **चित्शक्ति** નામથી કહી છે. અને તેજ આ શરીરના આધાર–મૂળાધાર ચક્રમાં જેમ સગુણબ્રહ્મ **बिन्दु ब्रह्म** કહેવાય. તેમ ત્યાંજ તે **चित्शक्ति** અથવા **बिन्दुशक्ति** કહેવાય છે. લિંગ ચક્રમાં–**परा** નાભિ ચક્રમાં **पश्यन्ति. हृदय** ચક્રમાં **मध्यमा** અને કંઠ ચક્રમાં વા તાલુ મૂલમાં **वैखरी** એમ વાણીરૂપે પણ પ્રકાશમાન થાય છે. આ ઉપરથી પણ સત્ય સમજાશે કે, આ કલ્પિત શરીરમાં પણ મૂલ આધાર સ્વરૂપે જે ચક્ર આદિ છે. તે સગુણબ્રહ્મનું **मूलाधार चक्र** છે. મૂલ એટલે આદિ અથવા પ્રથમજ–અને આધાર એટલે આશ્રય–કે જેના આધારથી આ શરીર ઉભું છે–અથવા પિંડરૂપ શરીર અને બ્રહ્માંડરૂપ જગત્‌નો અભેદરૂપનો આધાર જે પરમાત્મા છે–તેજ **मूलाधार चक्र**-ની દેવતા. મૂલ આધારરૂપ સગુણબ્રહ્મ **बिन्दु** સંજ્ઞાત્મક **गणेश** છે. અને તે **परा** ની પાર કહેવાય છે.

શબ્દસૃષ્ટિ ક્રમમાં પણ સગુણબ્રહ્મની સમજણ બિન્દુ સ્વરૂપથી છે.

હઠયોગથી પણ સગુણબ્રહ્મનાં દર્શન સમાધિપર્યંતના યોગથી છે.

હઠયોગની રીતિએ, સમાધિ કરનાર યોગીજનો પ્રાણ વિનિમય યોગથી એટલે પ્રાણાયામની શુદ્ધ ક્રિયાથી પ્રાણનું શોધન કરવાને પ્રથમ નિચેથી ઉત્તરોત્તર ઊંચે જતાં પ્રાણનું ઉર્ધ્વગમન કરાવે છે—અને તે એવી રીતે કે, પ્રથમ મુખ માર્ગે વહન કર્ત્તા પ્રાણને નાસિકાદ્વારાએ સુષુમ્ણાના માર્ગથી શોધન કરતાં **કંઠમાં** અને તેથી આગળ વધતાં **હ્રદયમાં** અને તેથી આગળ વધતાં **નાભિ**પર્યંત પહોચાડે છે—ત્યાંસુધીનો પ્રાણની ઉર્ધ્વ ગતિના માર્ગ સરલ છે. ત્યાંથી આગળ વધતાં સ્વાધિષ્ઠાન એટલે લિંગ ચક્રમાં સાડાત્રણ આંટાની કુંડલીનીનો યોગ કઠીણ છે. ત્યાં ગુરૂમહારાજની કૃપાથી ગુરૂગમ કુંચીએ યુક્તિથી પ્રાણને પ્રવેશ કરાવે છે. ત્યાં પ્રાણ જતાં આ શરીરના સાભિમાનવાળા **વિચારમાંથી મુક્ત** સ્વરૂપ થાય છે. એટલે આ પ્રાણ પોતાના મુક્ત સ્વરૂપને (શિવ સ્વરૂપને) તૂર્યપાદરૂપે ઓળખે છે. ત્યાંથી પણ ઉર્ધ્વ પ્રાણની ગતિ જ્યારે ગુરૂકૃપાથી મૂલ આધારરૂપ **મૂલાધાર** ચક્રમાં પહોંચે છે. ત્યારે ત્યાં પરમ સદ્દગુરૂ પ્રભુ ૐકારસ્વરૂપ શ્રીગણપતિસ્વરૂપે સગુણ પરમાત્માનાં દર્શન કરી, આસનાદિકથી દૃઢ પુરૂષ પછી તરતજ વંકનાળના માર્ગે બ્રહ્મરંધ્રમાંના નિર્ગુણ જ્યોતિ સ્વરૂપમાં અભેદ સ્વયં જ્યોતિરૂપે વિરમે છે. આમ સગુણ નિર્ગુણ રૂપ અભેદ સ્વરૂપે આનદનો લાભ લે છે. આ **હઠયોગ** કહેવાય છે અને રાજ્યયોગના અનુભવરૂપ છે—હઠયોગી—પ્રાણાત્માની ઉર્ધ્વગતિએ સિદ્ધ સ્વરૂપને પામે છે ત્યારે રાજ્યયોગી બુદ્ધિની ઉર્ધ્વગતિએ, પરમ સ્વરૂપને સિદ્ધ કરે છે—આ ઊભયમાં રાજયોગ વિશેષ સુલભ છે.

આ ઉપરથી પણ સાબીત થાય છે કે આ શરીરનો મૂળ આધારરૂપ ચૈતન્ય આત્મા—જે સગુણબ્રહ્મ—**गणपति** નામાત્મક કે જે આ શરીરના મૂળ-આધારરૂપ ચક્રમાં ત્યાંની દેવતારૂપે સિદ્ધ છે. તેજ આપણો સર્વ શરીરનો **શરીરી** અને શરીરના અભિમાનથી રહિત શરીરથી જુદો આત્મા—પરમાત્મા તે આ ૐકારજ—પોતાના નામ—રૂપથી આ ૐકાર બ્રહ્મ નિર્ગુણ સગુણ અભેદ-સ્વરૂપ **गणेश** અથવા **गणपति** જ સિદ્ધ છે.

સગુણબ્રહ્મના એક દેશમાં એટલે પક્ષમાં માયાની કલ્પના છે.

આ બિન્દુ દેહ—માત્રાના સ્વરૂપની લક્ષણાવાળા સગુણબ્રહ્મ ૐકારસ્વરૂપને વિશે કલ્પાતી આ **અવ્યકત** નામા કલ્પિત માયા તે સગુણ બ્રહ્મના એક દેશમાં એટલે એક પક્ષમાં અથવા ચોથા ભાગરૂપે અર્થાત્ જગત્ સર્જનકાળમાંજ કલ્પાય છે. પંચદશીકાર પણ તેમજ વર્ણવે છે કે **नकृत्स्न ब्रह्म वृत्तिः सा शक्तिः किंत्वेक देशभाक् ॥** આ ચિત્શકિત અવ્યકત, માયા, બુદ્ધિ પરમાત્મા પરબ્રહ્મના સર્વ સ્વ-

રૂપમાં નથી પણ તેના એક દેશમાં એટલે એક પક્ષમાંજ છે. કેમકે વેદ પણ કહે છે કે—**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्याऽमृतंदिवि ॥ श्रुतेः ।** તે બ્રહ્મના ચાર પાદમાંના એક પાદમાં આ વિશ્વ એટલે જગત્‌રૂપ (માયા) છે અને ત્રણ પાદ અમૃત બ્રહ્મ સ્વરૂપતાથી સિદ્ધ છે. આથીજ તે સગુણ બ્રહ્મ કહેવાય છે. આ ચાર પાદ સહિત તે સગુણ બ્રહ્મ છે. અથવા જે આ ચારપાદથી રહિત છે તેજ સગુણ નિર્ગુણ અભેદ બ્રહ્મ લક્ષણના યોગથી સ્વતઃ સિદ્ધ પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપ છે. તેથીજ આ સગુણ નિર્ગુણ સહિત રહિત સ્વરૂપને પંચમ પાદ **स्वानंद ब्रह्म** કહેવાય છે. વળી તેનેજ અન્ય રૂપકથી.

धर्मार्थ काम मोक्षाणां प्रदानि कथितानि तु ।
गणेशं पंचमं ब्रह्म ब्रह्मभूत पदप्रदम् ।

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આ ચાર પદાર્થો ચારપાદની ઉપાસના સ્વરૂપ છે. **असत्** પાદ **शक्तिब्रह्म**ની ઉપાસનાથી **ધર્મ—सत्** પાદ **सूर्यब्रह्म**ની ઉપાસનાથી **અર્થ—सम**પાદ **विष्णुब्रह्म**ની ઉપાસનાથી **કામ**—અને તૂર્ય પાદ **शिवब्रह्म**ની ઉપાસનાથી **મોક્ષ.** એમ આ ચતુર્વિધ પુરષાર્થના મુખ્ય ભાગ હેતુરૂપ છે. પણ આ ચારથી પરે **બ્રહ્મભૂત** એટલે સ્વસ્વરૂપાવસ્થા. જીવન્મુક્તતા વા તેથી પરે વિદેહ કૈવલ્યતા—યોગ્ય બ્રહ્મભૂય સ્થિતિતો પંચમપાદ સ્વરૂપ ૐકાર પરમાત્મા પરબ્રહ્મ **गणेश**નીજ ઉપાસનાથી સ્વતઃસિદ્ધ છે. ચાર પ્રકારના પુરૂષાર્થરૂપ—

ચારપાદની ઉપાસનાથી ચાર મુક્તિનો પ્રકાર અને સગુણ બ્રહ્મ ૐકારની ઉપાસનાથી બ્રહ્મભૂત અર્થાત્ સ્વતઃસિદ્ધ બ્રહ્મ થવાપણું છે.

ચાર પ્રકારની મુક્તિનો અનુક્રમ આવી જાય છે. અને તેનો અનુક્રમ એવો કે **सालोक्य, सामिप्य—सारूप्य—** અને **सायुज्य** આ ચાર મુક્તિ પ્રકાર પણ ચાર પાદમા સમાય છે. **असत्** પાદ **शक्तिब्रह्म**ની ઉપાસનાથી **सालोक्य मुक्ति—सत्** પાદ **सूर्यब्रह्म**ની ઉપાસનાથી **सामिप्यमुक्ति** **सम** પાદ **विष्णुब्रह्म**ની ઉપાસનાથી **सारूप्यमुक्ति** અને અર્થાત્ તૂર્ય પાદ **(नेति) शिवब्रह्म**ની ઉપાસનાથી—**सायुज्य मुक्ति** ની પ્રાપ્તિ શાસ્ત્ર વર્ણવે છે. અને તેના અર્થનો બોધ પણ ગુરૂગમ યુક્તિથી બરાબરજ છે. માત્ર **ब्रह्मभूय** અથવા **ब्रह्मीभूत** સ્થિતિ એટલે **ब्रह्म** સ્વરૂપ સ્થિતિતો ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ સમાનાત્મક **स्वानंदपाद—गणेशब्रह्म**ની ઉપાસનાથી સ્વતઃસિદ્ધ છે. **स ब्रह्मभूयाय कल्पते** એવાં વેદ શ્રુતિનાં વચન **गणेश**ની ઉપાસનાથીજ સિદ્ધ છે. ઉપર વર્ણવેલાં ચાર મુક્તિનાં સ્થાન વા લોકોમાંથી પતિત થએલા અને શાપિત થયેલાનાં દૃષ્ટાન્તો પુરાણોમાં છે. અર્થાત ચાર પાદ સુધીની ઉપાસના—સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐ સ્વરૂપથી જીવ—

બ્રહ્મની ઐક્યતાવાળી બ્રહ્મીભૂત નથી. માટે તે પૂર્ણ યોગ નથી. એમ તેનો અર્થ સ્પષ્ટ છે. તેતો માત્ર સગુણ નિર્ગુણ સમાનાત્મક અભેદાત્મક ૐકાર સ્વરૂપ **ગણપતિ**ની ઉપાસનાથી છે. કે જેમાં સર્વનો સમાવેશ અને સર્વ સહિત રહિતપણું સિદ્ધ હોવાથી આ અભેદ પદને પ્રાપ્ત થનારા **બ્રહ્મવિદ્ બ્રહ્મૈવભવતિ** આ શ્રુતિથી પોતેજ **જીવ–ઈશ્વર** માયા ઉપાધિવાળા ભાવથી છુટીને પોતાના સત્ય નિજ સ્વરૂપને જાણે છે–માટે તેનું પડવાપણું કે અભેદતાને લીધે શાપિત થવાપણું કેમજ સંભવે ? ? **ગણેશ**ના લોકમાંથી પડયા છે એવા દાખલા પુરાણોમાં હોયજ શી રીતે ? ? માટે **બ્રહ્મભૂત** સ્થિતિ અથવા બ્રહ્મભૃય સિદ્ધિ સર્વથી પર અને દૃષ્ટ છે **ત્રિપાદ**–દ્વૈત–તે **બંધનભાવ**–અને તેની **જીવદશા** અને ચતુર્થ **તૂર્યપાદ** અદ્વૈત–તે મોક્ષ ભાવની **મુક્તદશા**–છે અને આ પંચમ પાદ અથવા પૂર્ણપાદ તે દ્વૈત અદ્વૈતથી પરે–બંધન મુક્તિથી પરે છે. જ્યા બંધન કલ્પાયું હોય ત્યાંથી મુક્તિની અપેક્ષા છે. જ્યાં બંધનજ નથી અને મુક્તિ પણ નથી એવું સ્વરૂપ તે માત્ર સ્વયં **બ્રહ્મજ** છે. અને તે બ્રહ્મસ્વરૂપ સગુણ નિર્ગુણ ભાવથી રહિત અને સગુણ નિર્ગુણ ભાવ સહિત યોગરૂપ છે. તે આ ૐકાર સ્વરૂપ શ્રી પરમાત્મા **ગણપતિ** છે. માટે આ ઉપાસનાવડે બંધ મુક્તિથી પરે **બ્રહ્મભૂતજ** સ્થિતિ છે.

યોગરૂપની યુક્તિથી બ્રહ્મ ૐકારની સમજણ.

આ **બિન્દુ** સગુણ બ્રહ્મ અને તેની સૃષ્ટિના આરંભકાળમાં કલ્પાતી **અવ્યક્ત** નામા **ચિત્શક્તિ**–જળ છાયાવત્ અભેદ–કલ્પિત પ્રકૃતિના સંયોગમાં **તૂર્ય**–અને તેથી આગળ ત્રિપાદરૂપ **ત્રિમૂર્તિ**નો સંભવ છે. એટલે મહા પ્રલયના અંતમાં અગર જ્ઞાનવડે પ્રલય માનો તો તે વડે કરીને ત્રિપાદ–રૂપ ત્રિગુણથી રક્ષાયલી વા ત્રિમાત્રા સ્વરૂપ વા ત્રિભાવવાળી જીવ સૃષ્ટિનો વિલય–તૂર્યસ્વરૂપમાં થાય. એટલે આ **તૂર્યપાદ** પણ યોગરૂપ છે. કેમકે જેમાંથી ઉત્પત્તિ તેમાંજ લય–અર્થાત્ આ તૂર્યપાદ તે–ત્રિપાદયુક્ત અને ત્રિપાદ રહિત–એટલે ગુણ–અને પાદ રહિત–અને ગુણ–પાદસહિત એવો થાય છે. હવે તૂર્યપાદની ઈશ્વરસૃષ્ટિનો પણ લય–જેમાં છે તે **પંચમપાદ** છે. અથવા ત્રિપાદના લય સાથે તૂર્યપાદ સહિત અને તૂર્યપાદ રહિત. તે આ પંચમપાદસહિત રહિતપણામાં અભેદાત્મક છે. એમ તૂર્યાત્મિકા નાદ માત્રાગણનો વિલય. તેઓના પૂર્ણ **પતિ** સ્વરૂપમાં લય થતાં માત્ર અવશેષ **પતિ** સ્વરૂપ સ્વયંબ્રહ્મ સગુણ નિર્ગુણ સમાન અને રહિત અભેદાત્મક ૐકારજ અવશેષ રહે છે.

માંડુક્યમાં વર્ણવ્યા પ્રમાણે–તૂર્યબ્રહ્મ–અથવા શિવબ્રહ્મના અનુભવને વર્ણવતાં **सआत्मा विज्ञेयः** । એટલે આ તૂર્યબ્રહ્મ વિશેષે કરીને જાણવા જેવું છે.

અર્થાત્ નિચેના ત્રિપાદોનું વર્ણન તો ગુણબ્રહ્મ-અથવા જીવબ્રહ્મની સંજ્ઞારૂપે દેહ પ્રબંધમાં આવી શકે છે. પણ આ તૂર્યપાદ-તૂર્યબ્રહ્મનો **असितारूय** નામનો મહા કારણરૂપ દેહ તે સ્પષ્ટ નથી. એટલે આ તૂર્યસ્થાન-દેહ-વા બુદ્ધિથી વર્ણનમાં ન આવે એવું છે. છતાં પણ અનુભવથી તૂર્યપાદના સાક્ષીનું ભાન વેદોમાં યુક્તિથી વર્ણવેલું દૃષ્ટિમાં આવે છે.

त्रिषु धामसु यद्भोग्यं भोक्ता भोगश्च यद्भवेत्
तेभ्यो विलक्षणः साक्षी चिन्मात्रोऽहं सदाशिवः । कै०

ત્રણે ધામ એટલે ત્રણે દેહો-એટલે વ્યક્તિના સ્થુલ, સૂક્ષ્મ અને કારણ નામના દેહોને વિષે ભોગ્ય, ભોક્તા, અને ભોગરૂપના ત્રિપાદરૂપ વિશ્વ, તૈજસ, અને પ્રાજ્ઞ નામક જીવોથી વિલક્ષણ તેમજ સમષ્ટિથી પણ વિલક્ષણ-જે સાક્ષી એટલે તૂર્ય-કે જેને ચિન્માત્ર-અહં-અને સદાશિવ સ્વરૂપથી વર્ણવવામાં આવે છે. તેનેજ **सआत्मा विज्ञेयः** । એટલે નિચેના ત્રિપાદોના જીવોને પોતાના નિર્મળ સ્વરૂપે જાણવા જેવો આ તૂર્યબ્રહ્મ છે. એમ વર્ણવે છે. એટલે આ તૂર્યપાદ સુધી તો બ્રહ્મનું જાણવા જેવું સ્વરૂપ છે. કેમકે નિચેના ત્રિપાદનું **દ્વૈત** સ્વરૂપ અને આ તૂર્યબ્રહ્મનું **અદ્વૈત** સ્વરૂપ છે. એટલે અહિયાં સુધી જાણવા સમજવામાં છે. હવે આગળ જાણવા સમજવા સરખુ નથી એવું જે **ગુણાતીત** પચમપાદ-પૂર્ણ બ્રહ્મસ્થાન છે, જેને માટે શ્રુતિ વર્ણવે છે કે—

यतो वाचो निवर्त्तंते अप्राप्य मनसासह । आनंदं ब्रह्मणो विद्वान्नबिभेति कदाचनेति । श्रुतेः ।

જ્યાં વાણી **નિવૃત્ત**પણાને પામી બોલતી બધ થાય છે અને તેની સાથે મનને પણ અપ્રાપ્ય છે. એવા નિજાનંદ બ્રહ્મને જાણનારો કદાપી ભય પામતો નથી. એટલે આ પચમ સ્થાનનું વર્ણન કરવાને વાણી અને મન અશક્ત છે, છતાં પણ આ પદની પ્રાપ્તિનું ફળ એવું છે કે જે આપદને એટલે પૂર્ણ બ્રહ્મ સ્વરૂપને અર્થાત્ શ્રુતિના તાત્પર્યથી **ब्रह्मविद् ब्रह्मैवभवति** એટલે બ્રહ્મસ્થિતિના અનુપમ અનુભવમાં રમનારને દ્વૈતાદિ જન્મ મર્ણનો કદાપિ ભય નથી. એવું આ સગુણ નિર્ગુણ અભેદ ૐકાર પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ-જીવન્મુક્ત વા તેથી પરે વિદેહ મુક્ત-વિદેહ કૈવલ્યતા એ-સ્વસ્વરૂપજ છે. તે અભેદ યોગસ્વરૂપથી ઉપાસના કરવા યોગ્ય છે-એમ સામવેદીય તલવકાર પણ કહે છે કે.

શ્રુતિસમૂહથી ૐ બ્રહ્મની ઉપાસના સિદ્ધ છે.

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते । तदेव ब्रह्म त्वं विद्धिनेदं यदिदमुपासते । ઇત્યાદિક ઉપનિષદમાં વાણી અને મનના અવિષયથી બ્રહ્મસ્વરૂપનું વર્ણન અહંગ્રહ ઉપાસનાના યોગે અભેદ રૂપથી વર્ણવે છે. તેજ બ્રહ્મનું પૂર્ણપદ પંચમપાદ

સ્વસ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર છે. આ **પંચમ**પાદ તે તૂર્યપાદ **જ્ઞેય** બ્રહ્મથી પરે **જ્ઞેયાતીત** છે. એમ સિદ્ધ સમજાવનાર ઉપનિષદ્‌નાં મહાવાક્યો વર્ણવે છે કે—

न निरोधो न चोत्पत्तिर्नबद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ अमृत बिं० उ० ।

મનના લયમાં જેનો લય નથી. મનની ઊત્પત્તિમાં જેની ઊત્પત્તિ નથી. મનવડે ઊત્પન્ન થયેલા ત્રિદેહોના દ્વૈત સંબંધવાળા અભિમાનીરૂપે જીવદશાનું જેને બંધન નથી તથા એવા મનવડે ઊત્પન્ન થતા દેહોના બંધનમાથી છુટવાનો પ્રયત્ન કરનાર સંન્યાસી કે બ્રહ્મચર્યાદિક સાધનોના અપરિમિત ગુણોનું અનુષ્ઠાન કરનાર સાધક પણ નથી. તેમ મન કલ્પિત દેહોના બંધનમાંથી છુટવાના પ્રયત્નની સાથે મોક્ષેચ્છા ધારણ કરનાર તે મુમુક્ષુ પણ નથી. તેમજ અવિદ્યાદિ દ્વૈત બંધનગણ અથવા ઉપર વર્ણવેલા મિથ્યા પ્રતિત થતા જન્મ મર્ણ બંધન, સાધક–મુમુક્ષુપણાના સંસર્ગથી રહિત એવો **અદ્વૈત** સંબંધવાળો મુક્ત પણ નથી એટલે મોક્ષરૂપ પણ નથી. એ પ્રકારવડે કરીને કેવળ વાણી મનની ગતિ રહિત સ્વસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની દ્વૈતાદ્વૈતથી પરે, બંધનમુક્તિથી પરે, ધર્માધર્મથી પરે, દેહવિદેહથી પરે, શુદ્ધ **પરમાર્થ** સત્તા છે કે જેને પૂર્ણસ્વરૂપથી વેદો વર્ણવી રહ્યા છે તે ગુણાતીત ૐકાર મનવાણી રહિત છતાં મનવાણી સહિત યોગરૂપ સગુણ નિર્ગુણ અભેદાત્મક પરબ્રહ્મ પરમાત્માજ છે કે જેને વેદો **યોગાતીત** કહે છે.

ૐ પરમાત્માનું સ્વરૂપ અર્થ અને સત્તાત્મક છે.

આ પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું કથન કરવાને વાણી મનના પરિશ્રમ મિથ્યા છે. છતાં જો કથન થતું હોય તો અર્થ સ્વરૂપથી અને સત્તા સ્વરૂપથીજ કથન થાય છે. જુઓ–

अर्थ सत्ता समायुक्तं नाम तस्य सुरर्षयः ।
कथं नाश विनाशादि भेदा स्तत्र भवंत्यतः ॥

હે દેવતાઓ !!! તે ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણનિર્ગુણ યુક્ત–રહિત પ્રભુનાં (ગણપતિ આદિ) નામ **અર્થ** અને **સત્તા** યુક્ત છે અને તેમનું સ્વરૂપ પણ **અર્થ** અને **સત્તાયુક્ત** છે. જેથી અર્થનો અને સત્તાનો નાશ વિનાશ સંભવતો નથી. તો ભેદ કેમજ હોય !!! અર્થ સ્વરૂપે અને સત્તાસ્વરૂપે તેમનું અમૃતમય સ્વરૂપ ૐકારસ્વરૂપ **गणेश** **गणपति** સંજ્ઞાથી જ્ઞાનમયજ છે. જેથી આવાં મનુષ્યાદિ શરીરો જેવાં તેમનાં શરીર ગણાય નહિં અર્થાત્ અર્થ અને સત્તાના યોગમાં તે **ज्ञानमय** બિન્દુ દેહને ધારણકર્ત્તા યોગસ્વરૂપ ૐકારાકૃતિ–યોગાતીત **गणपति** છે. અને તેજ શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિ આદિ તમામ સ્વરૂપ છે.

વલ્લી ૧૬ મી.

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनम् ।
नाद बिन्दु कलातीतं तस्मै श्रीगुरुवे नमः । गुरुगीता०

(ચૈતન્યસ્વરૂપ, આદિ અનાદિ સિદ્ધસ્વરૂપ, શાન્તસ્વરૂપ, આકાશથી પણ રહિત, નિરંજન સ્વરૂપ. નાદ, બિન્દુ અને કલાથી રહિત એવા સદ્ગુરૂને નમસ્કાર છે.)

એમ આ **बिन्दु** સ્વરૂપ બિન્દુ સહિત અને બિન્દુ રહિત એવા નિર્ગુણ સગુણબ્રહ્મ **गणेश**ના સ્વરૂપને પ્રતિપાદન કરતાં આ **बिन्दु** માત્રા પાંચમી છે એમ **हंस उपनिषद्**ની નારાયણકૃત દિપિકાના ભાષ્યમાં **बिन्दु रोंकारस्य पंचमीमात्रा** એમ સ્પષ્ટ વર્ણવે છે એટલે ચાર માત્રા જેમાંથી ઊત્પન્ન થાય અથવા જેમાં સમાય એવી આ પાંચમી માત્રા જેની **बिन्दु** નામાત્મક સંજ્ઞા છે. આ ઉપરથી **बिन्दु** (દેહ)સ્થાનવાળા પણ **गणेश** છે એમ શાસ્ત્ર-પુરાણો પ્રતિપાદન કરે છે. એમ ચારે સહિત અને ચારે રહિત યોગમય ૐકાર સગુણ નિર્ગુણ અભેદાત્મક પરમાત્મા છે.

બિન્દુ અને માયાના સ્વરૂપમાં ૐકારનો અભેદ.

આગળ વર્ણવી ગયા પ્રમાણે તે **બિન્દુ**ના એક પાદમાં માયાની કલ્પના સૃષ્ટિ સર્જન નિર્માણના અંગમાંજ કરવામાં આવે છે કેમકે જ્ઞાનમાં તે માયાનો વિલય છે. માટે સર્જનકાળનો યોગ પ્રથમ જાણવો જોઇએ કે આ **बिन्दु**ની સંજ્ઞા તે. (•)આવા ભાવવાળી છે અને તેના એક દેશમાં એટલે એક પક્ષમાં—એક ભાગમાં માયાનું **અર્ધમાત્રા** સ્વરૂપે શાસ્ત્રાધાર વર્ણન કલ્પવામાં આવે છે અને તે ‿ આવોજ ભાવ પ્રકાશમાં આવે છે અર્થાત્ **बिन्दु**નો એક દેશ વા ચોથો ભાગ—અર્ધેન્દુ—અર્ધ ચન્દ્રના જેવો (આકાર) કલ્પાય છે. **(अर्धमात्रास्थितानित्या)** આ શાસ્ત્રયુક્તિ યથાર્થ સમજવાને શ્રીજીવન્મુક્ત સંત સદ્ગુરૂ પરમાત્માનો આશ્રય લેવો ઊચિતજ છે. જે રૂબરૂમાં સમજાવાય તે લખાણદ્વારાએ પૂર્ણ વર્ણવાય નહિં. પ્રત્યક્ષ સમાગમથી આ સિદ્ધાન્ત બુદ્ધિ વડે યથાર્થ ગ્રહણ કરાય અને તેથીજ બહુ આનંદ આવે એ સ્વતઃ સિદ્ધ છે. આ ‿ આવા આકારથી અર્ધેન્દુ—અર્ધમાત્રા—તૂર્યમાત્રા—નાદમાત્રા તે બ્રહ્મશક્તિ—અવ્યક્ત કલ્પનારૂપ હોઇને—તેમ ૐકારના **बिन्दु**માત્રા નામક બ્રહ્મથી અભિન્ન કલ્પાઇને નિચે ઊતરતાં તૂર્યમાત્રા સ્વરૂપ **महत्तत्त्व** નામથી પ્રસિદ્ધ થતાં અને પ્રૌઢારૂપ બનતાં તે **बिन्दु** સંજ્ઞાવાચક પંચમપાદ પૂર્ણબ્રહ્મ (ૐ) પરમાત્મા પણ તેની સાથે તૂર્યપાદ માત્રારૂપ **તૂર્યબ્રહ્મ** નેતિબ્રહ્મ અથવા **शबल** કહેવાય છે. અહિંયાં તૂર્યબ્રહ્મનું નામ પુરૂષ અને મહત્તત્વનું નામ પ્રકૃતિજ કહેવાતાં

આ શિવશક્તિ નામક પુરૂષ પ્રકૃતિના સંયોગમાં તે પ્રકૃતિ સમષ્ટિ વ્યષ્ટિના ત્રિગુણરૂપ ગર્ભધારણ કરે છે એટલે તૂર્યપાદની આજ્ઞારૂપ-તૂર્યપાદ પુરૂષના સંયોગરૂપ-તૂર્યપાદ પુરૂષના ભોગરૂપ અથવા મોક્ષરૂપ વા પ્રકાશ સ્વરૂપ આ પ્રકૃતિ તે સમષ્ટિવ્યષ્ટિના ત્રણ ગુણને નિપજાવે છે અને તે ગુણોરૂપ ત્રિમાત્રા કહેવાય છે એમ એક **बिन्दुमात्रा** તથા એક **नादमात्रा** અથવા **तूर्यमात्रा** તથા સમષ્ટિવ્યષ્ટિના **गुणरूप** ત્રિમાત્રા મળી એકંદર આ ૐકાર પાંચ માત્રારૂપ થાય છે. આ **ત્રિગુણરૂપ जीवब्रह्म** અને **નાદમાત્રારૂપ इश्वरब्रह्म** અને **બિન્દુમાત્રા** રૂપ **पूर्णब्रह्म** એમ કહેવામાં આવે છે એમ પણ પંચાયતન સિદ્ધ થાય છે. એમાંથી એક માત્રા ગમે તે કમી કરીએ તો તે ૐકાર પૂર્ણ નથી માટે પૂર્ણ માત્રિક ૐકાર પરબ્રહ્મ પરમાત્મા ઉપાસના કરવા યોગ્ય ઉપાસ્ય દેવ છે. માત્રાનો અર્થ માપ અથવા શરીર સ્થાન એવો પણ થાય છે. સગુણ કહીએ એટલે તેમાં નિર્ગુણ અભેદ તદ્રૂપ હોવાથી અભેદ સ્વરૂપનીજ ભાવના કરવી. ભેદ પાડવો નહિં સગુણબ્રહ્મમાં માયા કલ્પિત હોવાથી તે પરમ પુરૂષના **સોળ** આના પૂર્ણ છે કે જ્યાં માયાની સત્તા બ્રહ્મસ્વરૂપમાં ગુપ્તજ છે અને તે જળમાં છાયા સમાન-પુષ્પમાં સુગંધ સમાન **बिन्दुરૂપજ** છે. શ્રીમદ્દાંત્યે મૌદ્ગલપુરાણે પ્રથમ ખંડે જુઓ કે—

तदेव देही रूपंच देह मोहं मधारणात् ।
देह रूपं तथा तत्र बिन्दु मात्रं प्रकीर्तितम् ।
चतुर्विधानां देहानां ब्रह्मरूपं पुरातनं ।
बहु रूपं च तद्विद्धि देह कैवल्य संज्ञितम् ।

અને તેજ બિન્દુ-માયારૂપી દેહના મોહને ધારણ કરવાથીજ તે ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ બ્રહ્મ પરમાત્મા-**દેહી**રૂપ છે અને ત્યાં દેહનું રૂપ બિન્દુમાત્ર સ્વરૂપ થયું છે. ચાર પ્રકારના દેહોનું મૂલ બિન્દુ દેહ સંજ્ઞારૂપ—તેજ દેહ કૈવલ્ય (નિર્ગુણ) એવી સંજ્ઞાવાળું છે તેજ બહુરૂપે એટલે ચાર પ્રકારે દર્શનમાં આવે છે એમ જાણ.

ત્યાં ભાષ્યકર્ત્તા **तत्र यद्बिन्दु मात्रं वेदेषु प्रकीर्तितमकारोकारमकार नाद बिन्दु प्रचुर प्रणवः । स एव विश्वात्मकः सगुणं ब्रह्म सर्व वेदान्त प्रति पादितं । ॐ मित्येकाक्षरं ब्रह्मेदं सर्वं ॥ इति श्रुतेः ॥**

ત્યાં બિન્દુમાત્ર દેહવાળો વેદમાં વર્ણવેલો **अकार, उकार मकार नाद** એટલે **अमात्र** અથવા અર્ધ માત્રા સ્વરૂપ અને **बिन्दु** એટલે કલ્પિત દેહ જેમાં સમાય છે. **એવો** આ પ્રણવ (ૐકાર) સગુણ **નિર્ગુણ** સમાન છે—

એ પ્રમાણે વેદ શાસ્ત્ર અને પુરાણ પર્યંત પંચમાત્રિક ૐકારનું પ્રતિપાદન

છે—ચાર માત્રા સ્વરૂપ ચાર પાદના ચાર દેહો **असत्देह सत्देह समदेह** અને **नेतिदेह** એવા ચાર (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ) દેહોનું મૂલ કલ્પનારૂપ અવ્યક્ત સંજ્ઞાથી આ **बिन्दु** દેહ—તેજ પછીથી એટલે નીચે ચાર સંજ્ઞાવાળો ચારના વિસ્તારરૂપ છે. એમ સર્વ દેહોનું મૂલપણ **बिन्दु** દેહ અને ચાર પાદરૂપ વા ચાર માત્રારૂપ ચાર બ્રહ્મોનું મૂલ પણ આ **बिन्दु ब्रह्म** સંજ્ઞાત્મક બ્રહ્મ કે જે સગુણ—નિર્ગુણ સમાન અભેદાત્મક ૐકાર પરમાત્મા પરબ્રહ્મ છે તેજ સર્વ જીવોનું અને ઈશ્વરોનું ઉપાસ્ય છે.

માત્રાની સમજણ.

માણ્ડુક્ય ઉપનિષદ્‌માં **जागरितस्थानो वैश्वानरोऽकारः** તથા **स्वप्नस्थान स्तैजस उकारः**। તથા **सुषुप्तस्थानः प्राज्ञो मकारः** । તથા અમાત્ર સ્વરૂપને **अमात्रश्चतुर्थः** । આ શ્રુતિઓથી પણ સિદ્ધ સમજાય છે કે—વ્યષ્ટિ જીવોની અજ્ઞાન જાગૃત અવસ્થાવાળો **अकार** માત્રારૂપ **विश्व**નામક **જીવ** છે. તેમજ વ્યષ્ટિની સ્વપ્નાવસ્થાનો અભિમાની **उकार** માત્રાવાળો **तैजस्** નામક **જીવ** છે. તેમજ વ્યષ્ટિની સુષુપ્તિ અવસ્થાનો અભિમાની **मकार** માત્રાવાળો **प्राज्ञ**નામક **જીવ** છે. આ ત્રણ માત્રા **જીવ** કોટીની છે. તેમજ સમષ્ટિમાં પણ અનુક્રમ છે. સમષ્ટિ વ્યષ્ટિના ત્રણ **જીવોથી** પરે જેને અમાત્ર—એટલે **तूर्य** માત્રા **नेति** કહેવાય છે તે જીવ કોટીથી પરે—સમષ્ટિ વ્યષ્ટિના ત્રણે જીવો જેમાં સમાય છે એવો **તૂર્યસ્વરૂપ ઈશ્વર** છે. આ **ईश्वर** તેજ **शिव** છે. તેજ સાક્ષી છે. તેજ નિર્મોહી **કૂટસ્થ** છે. એમ ચાર માત્રા જેની છે એવો આ અનંત માત્રા સ્વરૂપ પૂર્ણબ્રહ્મ—ચાર યુક્ત અને ચારથી રહિત. એવો પૂર્ણ કહો કે પાંચમો કહો કે ન કહો પણ તેજ આ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ સમાનાત્મક છે. ચાર પ્રકારનો અભેદ તે ૐકાર છે.

પંચમપાદથી નિચે તૂર્યમાત્રા **श्वर** બ્રહ્મસ્થાનમાં માયા—ચાર આના ભાવથી જે પાંચમા સ્થાનમાં અવ્યક્ત નામથી સમાયેલી કલ્પિત હતી તે ચાર આનારૂપે કાંઈક સત્તાધીશ થાય છે. સોળ આના રૂપકના સરવાળે આ સ્થાનમાં બ્રહ્મસ્વરૂપ બાર આનાથી **તૂર્યब्रह्म—शिवब्रह्म**—આ ઈશ્વર છે. માયાના બળથી પુરૂષ બળ વિશેષ હોવાથી તે માયાના સ્વાધીનમાં નથી પણ માયાને પોતાના સ્વાધીનમાં રાખી શક્યા છે. માયા પોતાના ચાર આના બળ જેટલી મોહ યુક્ત છે ખરી. પણ મહત્તત્વ સ્વરૂપ ગંભીર હોવા છતાં પણ જગતના બીજ પ્રધાનરૂપ ભાવથી કેવળ અવિદ્યા સરખું બંધનકર્ત્તા નથી. જેથી આ ([illegible] **ज्ञानब्रह्म** શિવ યોગી કહેવાય છે. યોગીને માયા બાધ કરી શકતી નથી. આ પદ માયાના સાક્ષી સ્વરૂપે તથા

તૂર્યપાદ સ્વતંત્ર છે તેને અવિદ્યાના જીવ જેવું બંધન નથી.

માયાના **દ્રષ્ટા સ્વરૂપે** પણ વર્ણવાય છે. યોગીના આ **સ્થાનમાં** જગતની ઉત્પત્તિનો પ્રધાનરૂપે સંભવ છે અને માયિક હોવાથી જગત્‌નું કારણ કહેવાય છે. તેમ ઉત્પત્તિના બીજરૂપ માયા પણ શુદ્ધ સત્વ પ્રધાન (પાર્વતી) સાત્વિક છે માટે માયાનો શુદ્ધ સત્વગુણ હોવાથી જગત્‌નું બીજ ખરૂં પણ ખરૂંજ. છતાં બીજ રૂપથી જગતની કેવળ ઉત્પત્તિનો સંભવ શુદ્ધ સત્વગુણમાં નથી. માટે પુરાણોમાં પાર્વતીને શાપ છે કે તારાથી–પ્રજાની ઉત્પત્તિ થશે નહીં એવી આખ્યાયિકા છે. તેનો ગુપ્તમર્મ અધ્યાત્મ જ્ઞાનબળથી ઉપર પ્રમાણે છે. એમ સારી પેઠે સજવામાં આવે તો પુરાણોમાં અશ્રદ્ધા થવાનું કારણ રહેશે નહિં–કારણ **સાક્ષી** હમેશાં માયા સાક્ષ છતાં વિરક્તજ રહે છે. આ આંતરૂયુક્તિનો ગુહ્યભેદ તૂર્યપાદના જ્ઞાનનો જાગૃત પુરૂષ હોય તેજ સમજી શકે છે. આ સ્થાનનો તૂર્યબ્રહ્મ શિવ સદાએ ધ્યાનસ્થ રહે છે અને તેનું તુર્યપાદથી પરે પૂર્ણ પંચમપાદ તુર્યાતીત ૐકાર સદાએ ઉપાસ્ય છે. કે જેને **बिन्दुब्रह्म** ૐકાર સગુણ નિર્ગુણ સમાનાત્મક અભેદાત્મક **गणेश** અથવા **गणपति** કહેવાય છે. તેમના ધ્યાનમાં હમેશાં સમાધિ યુક્ત રહેતા. એવા આ તુર્યબ્રહ્મ **શિવ–વા ઈશ્વર**–હમેશાં **યોગી** સ્વરૂપજ છે. પુરાણોમા લખેલું છે કે **શિવ સમાધિમાં હતા–શિવ તપ કરવા ચાલ્યા ગયા–શિવજી ધ્યાનમાં હતા.** જુઓ–મુદ્દગલ પુરાણમાં શ્રી શંકર પ્રત્યે પાર્વતીજી પુછે છે કે–**त्वं किं समाधिना देव ध्यायसे मां वदप्रभो । त्वत्तः परतरं किंचिन्नदृष्टं नैव संश्रुतम् ।** હે પ્રભુ ! ! ! તમે સમાધિમાં કોણ દેવનું ધ્યાન કરો છો. તે મને કૃપા કરી કહો. કારણ કે મારા સમજવા પ્રમાણે તમારાથી કોઇ **પરતર** દેવ દીઠો પણ નથી અને સાંભળ્યો પણ નથી. ત્યારે શંકર કહે છે કે–**श्रृणु प्रिये प्रवक्ष्यामि यं ध्यायामि दिवानिशं । गणेशं हृदि संस्थमे स्वानंद वासिनं परम् ।** હે દેવિ !!! હું જેનું રાત્રિ દિવસ ધ્યાન કરૂં છું. તેને કહું છું કે તે મારા હૃદયદેશમાં સ્થિત રહેલા એવા **સ્વાનંદલોક**નિવાસી પરબ્રહ્મ **गणेश** છે. એ તો નિશ્ચય છે કે તુર્યપાદના આનંદમય કોષની નિચે જીવપાદનો **વિજ્ઞાન**મય કોષ છે. જેથી શંકર ધ્યાન કરતા હોય તો પોતાના નિચેના જીવપાદ–સમબ્રહ્મ અંતર્યામીનું ધ્યાન કદાપિ પણ કરેજ નહીં કેમકે સાક્ષીપદ અંતર્યામી પદથી પરે છે–કેમકે નિચેના અંતર્યામી–વ્યાપક બ્રહ્મનું ઉપાસ્ય તુર્ય બ્રહ્મ છે. જ્યારે પોતે ધ્યાન કરે તો પોતાના, હૃદયમાં પ્રકાશ કરનાર તુર્યપાદથી પરે **તૂર્યાતીત**–પંચમપાદ ૐકાર સ્વરૂપ પતિ સંજ્ઞાત્મક **શ્રીપરબ્રહ્મ** પરમાત્માનુંજ ધ્યાન કરે એ સ્વતઃ સિદ્ધ છે–તુર્યપાદથી નિચે જીવના ત્રિપાદબ્રહ્મ છે તે પણ પોતાનુંજ સ્વરૂપ છે પણ માયાથી વિશેષ વેષ્ટિત હોવાથી, પોતાને ધ્યાન કરવાયોગ્ય ગણાયજ નહિં. વિષ્ણુપણ પરમાત્માજ

તુર્યપાદની અધ્યાત્મ સમજણ.

છે. છતાં શિવને ધ્યાન કરવાયોગ્ય સ્થાન ગણાય નહિં. કારણ શિવપદ માયા મોહથી રહિત નિર્મોહી, યોગીસ્વરૂપ છે. અને તેથી નિચે સમપદ વિષ્ણુછે એટલે તે વ્યાપક–અર્ધાઅર્ધ માયાવાળું–જેને અંતર્યામી કહે છે, તે છે. એટલે સાક્ષી સત્તાથી વ્યાપક અંતર્યામી સત્તા વિશેષ માયાયુક્ત છે. જેથી શંકર–વિષ્ણુનું ધ્યાન કરે છે એમ માનવું યોગ્ય નથી. વિષ્ણુને આદ્ય લઈને નીચે વર્ણવાતા તમામ દેવતાઓ શંકરનું ધ્યાન કરે, અને શંકરથી વરદાન પામે એ વાત શક્ય છે. માટે વિષ્ણુ આદિ દેવોના ઉપાસ્ય તૂર્ય બ્રહ્મ છે. પણ વિષ્ણુનાં પુરાણોમાં વિષ્ણુના મહિમાને પૂર્ણ બ્રહ્મસ્વરૂપથી વર્ણવવા શંકર તેમનું ધ્યાન કરતા હતા. એમ લખેલું હોય તો, માત્ર વિષ્ણુનું પૂર્ણપદ રૂપે (એટલે ગણેશરૂપે) તે ૐ બ્રહ્મ છે એવા ભાનથી ધ્યાન કર્યાનું સ્વીકારવું આ વિચારો સાધારણ નથી. અધ્યાત્મ બુદ્ધિથી વિચાર કરી જોતાં પુરાણોની રચના, યથાર્થ બોધક છે. જગત્‌નું અહંમમત્વ છોડીને સાક્ષીપદ ધારણ કર્યાવિના કોઇપણ ઉપાસક ૐપરમાત્માનું ધ્યાન કરી શકતો નથી અને કરી પણ શકશે નહિં. એટલે તૂર્યપાદ સ્થિતિતે માત્ર, ધ્યાન–કાળનુંજ સૂચન કરે છે–બાહ્ય રીતે ધ્યાનમાં આવતા જગતનો પરિત્યાગ કરી જગત જોવાનું છોડી જગત્‌નો સાક્ષીજ બને–અને સાક્ષીને સાક્ષ વસ્તુનું અહં મમત્વ નજ હોય ત્યારે તે પોતાથી પરે પૂર્ણ પદ તૂર્યાતીત ૐકારનું ધ્યાન યથાર્થ કરી શકે. માટે તૂર્યપાદ સ્થાન નિચેના ત્રિપાદરૂપ જીવની –જાગૃત, સ્વપ્ન, અને સુષુપ્તિ અવસ્થાથી પરે **જ્ઞાન જાગૃત અવસ્થા** છે. એ સ્વતઃ સિદ્ધ છે. આ જ્ઞાન જાગૃત અવસ્થાનો, તૂર્યબ્રહ્મ શંકર નિચેના સુષુપ્તિ અવસ્થાના સાભિમાની સમપાદના વિષ્ણુ બ્રહ્મનું ધ્યાન કરેજ નહિ. કેમકે તે સમષ્ટિ કે વ્યષ્ટિ જીવની ત્રીજી અવસ્થાનો અભિમાની છે. માટે અજ્ઞાન કાળની સુષુપ્તિના અભિમાનીનું ધ્યાન–**જ્ઞાન જાગૃત અવસ્થા**વાળો તૂર્યબ્રહ્મ કદાપિપણ કરેજ નહીં. ઉપાસનાનો અનુક્રમ આગળ વર્ણવવામાં આવે છે તે ઉપરથી પણ સાબીત થાય છે કે, વિષ્ણુની ઉપાસનાના પુણ્યબલથી આખરે તે જીવાત્મા. શિવ બ્રહ્મની ઉપાસનાનો અધિકારી થાય છે–આ ઉપરથી પણ સિદ્ધ છે કે– વિષ્ણુના વ્યાપક પદ કરતાં શિવનું સાક્ષીપદ પરે છે. **અર્થસત્તાથી** જોતાં પણ પરે છે. કુદરતના નિયમથી ૐકાર પરબ્રહ્મ સગુણ નિર્ગુણ સમાન અભેદાત્મક પરમાત્મા **ગણપતિ**ની ઉપાસના કરવાવાળા ઘણાજ થોડા નીકળી આવે છે. જેમ સિવિલીયનો ઘણાજ થોડા નીકળી આવે છે તેમ, પૂર્ણ બ્રહ્મના ઉપાસક ઘણા થોડાજ નિકળી આવે છે–વળી પંચાયતનમાં અભેદ માનવાવાળા હોય તોજ તેની ઉપાસનાનું બળ અનુભવાય છે બાકી ગણપતિનો આગ્રહી ઉપાસક હોય તો તે **નાપાસ** ગણાય છે–તેના કરતાં વિશેષ કાઇક વધારે તૂર્યબ્રહ્મના ઉપાસકો દેખ્યામાં આવે છે. અને તેમાં બ્રાહ્મણનો વિશેષ ભાગ હોય છે–કેમકે આ તૂર્ય-

પાદના ઉપાસકો નિચેના ત્રિપાદબ્રહ્મ (સમ-સત્-અને અસત્)ના જીવાત્માઓ છે. અને તે નિચેના જીવાત્માઓનો ઉપાસ્ય પોતાનાથી પરે-ઈશ્વર તે અનુક્રમે આવતા પાદનો **તૂર્યબ્રહ્મ** છે. એટલે અનુક્રમે ચઢી આવનાર ત્રિપાદના જીવો—તૂર્યપાદના શિવ બ્રહ્મની ઉપાસના કરે છે એ યોગ્ય કરે છે. પણ ગયા જન્મમાં જેણે શિવ ઉપાસના સારી રીતે અભેદરૂપથી કરી હશે. તેજ આ સમયે શ્રી-ગણપતિનો ઉપાસકછે. એટલે તૂર્યબ્રહ્મની ઉપાસનાના થોડા અને તેથી થોડા શ્રીગણ-પતિના ઉપાસક હોય છે. તૂર્યબ્રહ્મ શિવબ્રહ્મની ઉપાસના ઈશ્વરપદની છે. અથવા સાક્ષી પદની છે-આથી વિશેષ **ઉપાસકો** આ ઈશ્વર બ્રહ્મના નિચેના વિજ્ઞાનમય કોષના **સમબ્રહ્મ વિષ્ણુબ્રહ્મ**ના છે. વિષ્ણુની ઉપાસના વ્યાપક સ્વરૂપની છે. તે જીવના સમપાદની છે-આથી હાલ કેટલીએક જગોએ વા સામાન્યરીતે પણ વિષ્ણુના ઉપાસકો વધારે છે તેમાં વળી છેલ્લા આચાર્ય શ્રી વલ્લભાચાર્ય થયા-તથી આગ્રહી આધુનિક બળ સહજ રીતે વિકાસી રહ્યું છે-આ વ્યાપક બ્રહ્મની ઉપાસના અંતર્યામિપણાની છે તે તૂર્યપાદના સાક્ષીથી નીચેની છે-અને છેક નિચેના અસત્ પાદના **દેહ** અને સત્ પાદના **(જીવની) દેહીની** ઉપાસનાની **પરે** છે. માટે વિષ્ણુની ઉપાસનાના ઉપાસકો તૂર્ય ઉપાસકોના કરતાં વધારે છે. અસ્તુ-ગમે તેમ હોય પણ સામાન્ય રીતે સમષ્ટિ વ્યષ્ટિના જીવાત્માઓને ત્રણે દેહ સાથેની જીવ વાસના ગ્રંથી તોડવાને પ્રથમ શિવ બ્રહ્મની એટલે તૂર્યબ્રહ્મની અને તેથી પરે **તૂર્યાતીત** બ્રહ્મની ઉપાસના કરવી અવશ્ય છે-શિવ સ્વરૂપ તો શુદ્ધ સત્વસ્વરૂપ જ્ઞાન જાગૃત અવસ્થારૂપ-અને નિર્મળ તથા ઉપાધિહીન છે. છતાં ત્રિપુટીના લયનુ સ્થાન હોવાથી ઉપાધિયુક્ત કલ્પવામાં આવે છે-કેમકે **શિવ** ધ્યેય જે સ્વરૂપનું ધ્યાન કરે છે. શિવ જે ૐ સ્વરૂપને પ્રાપ્ત થવા તપ કરે છે-અને શિવ જે તૂર્યાતીતમાં તદ્દરૂપતા મેળવવા સમાધિ કરે છે-તે વસ્તુ પોતાના તૂર્યપાદથી પરે તૂર્યાતીત અથવા સગુણ નિર્ગુણ સમાન રહિત અભેદ ૐકારા કૃતિજ-પરબ્રહ્મ પરમાત્મા ગણેશ છે. તેજ તૂર્યાતીત છે.

वल्ली १७ मी.

परेणनाकं निहितं गुहायां विभ्राजते यद्यतयो विशन्ति ।
वेदान्त विज्ञान सुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयःशुद्धसत्वाः ।
ते ब्रह्मलोकेषु परान्तकाले परामृतात्परि[illegible]च्यन्ति सर्वे ॥ **कं० उ०**

(સ્વર્ગથી પરે (બુદ્ધિરૂપ) ગુહામાં સ્થિત એવા સ્વયપ્રકાશ (ૐ)માં યતિઓ (સં-

ન્યાસી) પ્રવેશ પામે છે. વેદાન્તશાસ્ત્રથી પ્રસિદ્ધ એવા (તુર્યબ્રહ્મના) " अहंब्रह्मास्मि " જ્ઞાનનો નિશ્ચય કરેલો છે અર્થ તે જેમણે–એવા, અને લોકદ્વયભોગનો કાકવિષ્ટાતુલ્ય ત્યાગ કર્યો છે તે જેમણે એવા જે યતિઓ–સંન્યાસીઓ રાગાદિક પાપરહિત થઇને પરાન્તકાળમાં બ્રહ્મલોકને વિષે અમૃત પદને પામી સર્વથી વિમુક્ત થાય છે.)

વૈદિક વર્ણ–આશ્રમ ધર્મ સાથે પંચાયતનની અભેદતા છે.

વળી વૈદિક વર્ણ–આશ્રમ ધર્મની વ્યવસ્થામાં પણ આ યુક્તિ સંપૂર્ણ રીતે ગોઠવાયેલી એવી રીતે છે કે—**બ્રહ્મચર્યાશ્રમમાં** ગાયત્રીની ઉપાસના એટલે **શકિતબ્રહ્મની** ઉપાસના સિદ્ધ કર્યા પછી તે જીવાત્મા **ગૃહસ્થાશ્રમ**માં પ્રવેશ કરે છે. અને ત્યાં કર્મસાક્ષી અર્થ પ્રકાશક **સૂર્યની** ઉપાસના કરે છે. આ ઉપાસના પ્રજાપતિ વિરાટસ્વરૂપ સૂર્ય સંજ્ઞારૂપ બ્રહ્માસ્વરૂપની રજોગુણયુક્ત છે અને આ કાળમાં સૃષ્ટિસર્જન વિધિનો દેહીપણાના મોહનો યોગ છે. એ સિદ્ધાન્ત યુક્તિ છે. આ રજોગુણ યુક્તિનો સૃષ્ટિ સર્જન વિધિ યોગ્ય રીતે સચવાતાં તેનો મોહ કમી થવા લાગે છે. અને વાનપ્રસ્થ આશ્રમ જેવા સર્વ સૃષ્ટિના રક્ષણ કાળનો યોગ **વિષ્ણુ બ્રહ્મની** ઉપાસના રૂપે પ્રાપ્ત થાય છે. અને તે કાળમાં વ્યાપકતા અમલમાં આવે છે. વ્યાપકપણાને લઇને વ્યાપકપણાનાં અનંત કાર્યોનો અનુભવ કરવાને સમજે છે. અને વ્યવહારમાં દક્ષતા પ્રાપ્ત કરે છે. ઉદાર કાર્યો પરમાર્થતા, દયા, ક્ષમા આદિ બહોળા ગંભીર ગુણો સત્વ પ્રવૃત્તિરૂપે દૃષ્ટિગોચર થાય છે–અને તેમ રાખવાની પણ જરૂર પડે છે કેમકે પુખ્ત ઉમરનો આ ભાગ વિવેક સાથે જડાયેલો હોય છે. અહિંયાં સત્વગુણથી વ્યવહારની પૂર્ણતા માને છે. કેમકે સ્ત્રીને સ્ત્રીરૂપે ન જોતાં વ્યાપક સત્તામાં જોવું પડે છે. તેથી આ સમયમા મોહ ઊત્તિર્ણસ્થિતિમાં હોય છે. માટે શ્રવણાદિકનો પણ ઉત્સાહ હોય છે. સંત સ્વરૂપમાં પ્રેમ લાગે છે–કેમકે સંસારના અનેક સંકટો વા અનેક નિશ્ચયોમાં વૈરાગ્ય પ્રબલતાને પામેલો હોય છે–સંસાર મિથ્યા માનવામાં સબલ કારણો દૃષ્ટિગોચર થતાં ચાલે છે–વ્યવહારિક છતાં વાનપ્રસ્થ જેવો નિતર્યો રહેવાનો યોગ સધાય છે–મોહની ઉન્મત્તતા છુટતાં સંત સમાગમની પ્રિયતા લાગે છે. જેથી પોતાના આત્માને વ્યાપક સમજે છે. અને સાક્ષી રહેવા પ્રયત્ન કરે છે. ત્યારપછી ચોથા આશ્રમ તૂર્યાશ્રમ કે સંન્યાસાશ્રમને પ્રાપ્ત થાય છે. ત્રીજા આશ્રમમાં અનુભવેલા વ્યાપકપણાના યોગે વિવેક વૈરાગ્યાદિકના બળથી આ આશ્રમમાં વ્યવહારથી કેવળ વિરક્તતા ભોગવવા માટે તૂર્યાશ્રમના સાક્ષી સ્વરૂપે પોતાના આત્માને જાણે છે. પોતે પોતાના દેહના સાક્ષીના ભાનથી હવે પોતાને દેહાભિમાની જીવાત્મા ન માનતાં પોતાને સદાએ શિવોઽહં જાણે છે સાક્ષી પદના સિદ્ધાન્તમાં સાક્ષ ભિન્ન અને મિથ્યા મનાય છે તેજ આ દેહ છે. જેથી શરીર અને શ-

રીરાભિમાનથી સંન્યાસીને મુક્ત રહેવા આજ્ઞા કરવામાં આવે છે–નિચેના ત્રણે દેહો અને તેના ત્રણે અભિમાની જીવાત્માઓથી વિગેરે સર્વ પ્રકારના વ્યવહારથી મુક્ત રહેવાવડે આ સ્થાનને મુક્તસ્થાન કહેવામાં આવે છે. આ તૂર્યસ્થાન **સંન્યાસાશ્રમ** પ્રપચ જગતૂથી રહિત અને શરીર ધર્મરૂપ શિખાસૂત્રથી રહિત અવ્યવહાર્ય છે એમ વેદ બોલે છે. **દેહ** અને **દેહી**રૂપની તેમ **વ્યાપક**રૂપયોગથી પોતે પરે રહેનારો માટે તે **યોગી** છે. આ **શિવસ્વરૂપ** ચતુર્થપાદ છે. આ ચતુર્થપાદના **સંન્યાસી યોગી** શિવ સ્વરૂપ મહાત્માઓ સદાએ સાક્ષીત્વ સ્વસ્વરૂપના નિશ્ચયથી **શિવ શિવ** બોલે છે અને જણાવે છે કે આ આત્મા **શિવ** છે. છતાં નીચેના ત્રિપાદના ઉપાસક જીવાત્માઓ ત્રિપાદમાંના શ્રેષ્ટ વિષ્ણુ બ્રહ્મના "**નારાયણ**" સ્વરૂપને પામેલા આ સંન્યાસી મહારાજને "**ॐ नमो नारायणाय**" આમ બોલી નમસ્કાર કરે છે. એનો અર્થ એવો છે કે તમો સમપાદરૂપ વિષ્ણુના **નારાયણ** નામના જીવના ઊચ્ચ પદને પામ્યા છો માટે નારાયણ સ્વરૂપને નમસ્કાર કરીએ છીએ એવો અર્થ સમજાવે છે ત્યારે તે સંન્યાસી મહાત્મા તે નમસ્કાર કરનાર જીવાત્માઓને તેમના ઊંચતર એટલે પામર વિષયીઓને ઉપાસના કરવા યોગ્ય શ્રીવિષ્ણુ મહારાજનું તૃતીયપાદરૂપ જે સમબ્રહ્મસ્થાન તે તમારે ઉપાસના કરવા યોગ્ય છે અને ત્યાંથીજ શિવ થવાય છે. એમ ઉપાસ્યનું ભાન કરાવવા માટે આશિર્વાદ સ્વરૂપે પણ "**નારાયણ**" એમ બોલે છે અને તે એમ સમજાવે છે કે હવે તમો પણ ધીમે ધીમે નારાયણના (સમપાદના) સ્વરૂપને જાણી મારી પેઠે નારાયણ થાઓ. હવે પોતે નારાયણના સ્વરૂપને જાણી શિવોહં એટલે શિવસ્વરૂપ બન્યા છે. આ નારાયણનું તૃતીયપાદ શિવોહં થવાને **અધિકારી** છે. અધિકારી "**નારાયણ**"રૂપ બનીને શિવોહં એવો જે તૂર્યપાદ તે જીવનો શિવરૂપ બને છે માટે હવે આ શિવરૂપ સંન્યાસીને માત્ર પૂર્ણબ્રહ્મ પંચમપાદની ઉપાસના અવશેષ હોવાથી તે ૐકાર સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરે છે તેમ *સંન્યાસઆશ્રમમાં નિત્ય ૧૦) હજાર **પ્રણવ** જપની આજ્ઞા કરવામાં આવેલી છે તે તેમણે એટલે તૂર્યપાદના યોગી સંન્યાસી મહાત્માએ કરવોજ જોઇએ એવો વિધિ છે. આ સંન્યાસી પરમપદ પૂર્ણબ્રહ્મ પૂર્ણ સ્વાનંદપાદ ૐકાર સ્વરૂપ સગુણનિર્ગુણ સહિત રહિત શ્રીગણપતિ નામાત્મક પરબ્રહ્મ પરમાત્માના ઉપાસકજ છે. એ વાત સત્ય સમજવાને માટે

સંન્યાસીનું સ્વરૂપ અને નમસ્કારનો વિધિ તથા આશિર્વાદનો વિધિ.

---

* तारमेव जपेद्युक्तं यथाकालमतन्द्रितः। मंत्रान्तरे नाधिकारः श्रूयते स्मर्यते यतः। ભિક્ષુકોએ આળસ મુકીને યથાકાળ તારકમંત્ર (ॐ) નો જપ કરવો કારણ કે ભિક્ષુકોને બીજા મંત્રને વિષે અધિકાર નથી એમ સંભળાય છે ને સ્મરણ કરાય છે.

ધ્યાનમાં રાખવું જોઇએ કે જેને પ્રસન્ન કરવા ઇચ્છે તેનાંજ ચિન્હ તેણે ધારણ કરવાં જોઇએ. રાજાના ભૃત્યોએ રાજાની ચપરાશ અને રાજાનુંજ ધ્યાન વા રાજાની નોકરીની નિમકહલાલી કરવી એજ સત્ય કર્ત્તવ્ય છે. તોજ રાજાની પ્રસન્નતા થાય છે તેમ આ તૂર્યપાદના સંન્યાસી—તૂર્યાતીત પરમાત્મા ૐકારના મંત્રનોજ **જાપ** કરી તેમનું ધ્યાન કરે છે. તેમ તે પરમાત્મા ૐકાર સ્વરૂપ મહાગણપતિનું **आदित्यवर्णतमसःपरस्तात्** આ શ્રુતિ પ્રમાણે ઊગતા સૂર્યના જેવા વર્ણવાળા—માત્ર કાષાય વસ્ત્રના રંગ જેવા છે એ સાબીતીમાં સંન્યાસી—કાષાય રંગનાં રંગી વસ્ત્ર પહેરે છે એ તેનો **પટો** છે. તેમ તે પરમાત્માના સ્વરૂપને ધ્યાન કરવાવાળો યોગી છે તેથી તે ૐકાર સ્વરૂપી (ગણપતિ)પરમાત્મા-નું શસ્ત્ર પણ ધારણ કરી તેના ઉપાસક છીએ એમ સમજાવવાને દંડના ઉપર વસ્ત્રની "**પરશુમુદ્રા**"રૂપી ચપરાશ બાંધે છે. આ **પરશુમુદ્રા** ધારણ કરવાનો હેતુ સંન્યાસી તૂર્યાશ્રમીને માટે એવી રીતે સમજવાનો છે કે આ તૂર્યસ્થાનમાં રહી તૂર્યાતીતના ધ્યાનમાં વિઘ્નભુત થનારાં સંકષ્ટો આ મુદ્રાના સ્વરૂપના ધારણથી અને તે ૐ પરમાત્માના જાપના તપશ્ચર્યાબલથી તેને મોહરૂપ કે વિઘ્નરૂપ થાય નહિં. અને લોકો પણ સમજી શકે કે આ તૂર્યપાદનો યથાર્થ યોગી છે અને પૂર્ણબ્રહ્મ પંચમપાદની ઉપાસના કરવાવાળો પરમ પુરૂષાર્થી છે કે તે સાક્ષાત્ **બ્રહ્મભૂય સ્થિતિ**નો પરમ અધિકારી છે એમ જાણી જેનાં દર્શન પાવનરૂપ છે એવા આ તૂર્યપાદના સંન્યાસી—યોગી—સાક્ષાત શિવસ્વરૂપ લોક કલ્યાણાર્થેજ માત્ર આ સૃષ્ટિમાં લોકની દૃષ્ટિમાં અવશેષ રહેલા દેહને યથા પ્રારબ્ધ ભુક્તમાન કરતા જાણી સર્વ જનસમુહનું કલ્યાણ કરે છે. અને પોતે પણ ૐકાર સ્વરૂપ પરમાત્મા (ગણેશ)નું ધ્યાન અને જાપ કરતો ચારે મુક્તિથી પરે **બ્રહ્મભૂય** સ્થિતિને પામે છે—એમ આ તૂર્યપાદના સંન્યાસી યોગીનાં તમામ લક્ષણ તૂર્યબ્રહ્મની સ્થિતિમાં મેળવાય છે. એમ આ એકજ દેહમાં પાંચે ઉપાસના જો સાધવા અને સમજવા-વાળો બુદ્ધિશાળી પુરૂષ હોય તો અનુક્રમે ઉત્તરોત્તર સાધ્ય કરી—બ્રહ્મભૂય ઉપા-સનાથી પરમધામ બ્રહ્મસ્વરૂપતાને પામે છે. આ તૂર્યપાદનો સંન્યાસી—યોગી ૐકાર સ્વરૂપની પૂર્ણ રીત્યા ઉપાસના કરતો તેની પ્રસન્નતા મેળવવા તેનાજ વર્ણરૂપ તેનાજ ઓળખાણ રૂપ રહેતો છતો અંતે **ब्रह्मविद् ब्रह्मैव भवति** આ શ્રુતિના અર્થથી **બ્રહ્મભૂય** સ્વરૂપ એટલે તૂર્યાતીત થાય છે. તેમજ

વૈદિક વર્ણ સંજ્ઞા સાથે પંચાયતનનો અભેદ સબંધ છે.

વર્ણ સંજ્ઞામાં પણ આ પ્રમાણેજ અનુક્રમ આવી શકે છે. આરોહ ક્રમમાં પ્રથમ વર્ણ શૂદ્ર છે. અને તેની ઉપાસના શક્તિ બ્રહ્મની છે. શૂદ્રોમાં વિશેષે પ્રબલ ભક્તિ ધર્મરૂપે માતાનીજ હોય છે. એ વાત સર્વના સમજવામાં છે તેથી

પરે વૈશ્યોમાં **सूर्यब्रह्म**ની ઉપાસના પ્રબલરૂપે છે કેમકે અર્થ પ્રાપ્તિરૂપ વ્યાપાર અને કર્મમર્યાદા તેમાંજ સમાય છે. તેથી પરે **क्षत्रियजनो**માં **विष्णु ब्रह्म**ની ઉપાસના પ્રબલ રૂપથી છે. અને તે વિષ્ણુનો અંશ કહેવાય છે. અને તે કામરૂપ ગણાતાં કામરૂપે દર્શનમાં આવે છે. એ પ્રત્યક્ષ સિદ્ધાન્ત છે. તેમ તેથી પરે **બ્રાહ્મણો**માં શિવબ્રહ્મની ઉપાસના સ્વભાવરૂપે પ્રબળસત્તા ભોગવે છે—જેથી પ્રત્યક્ષ સિદ્ધાન્તરૂપ સમજાશે કે બ્રાહ્મણો હમેશાં તૂર્યબ્રહ્મ શિવનાજ ઉપાસક હોય છે. બ્રાહ્મણો હમેશાં શિવસ્વરૂપની ઉપાસનાથી યુક્ત છે એ વાત સાબીત કરવાને જરૂર પડે તેમ નથી. પણ આ સામાન્ય બ્રાહ્મણ **વર્ણનું** ઓળખાણ છે. તેની ઉપાસના શિવસ્વરૂપની છે. એટલે તૂર્યબ્રહ્મની છે. પણ આ બ્રાહ્મણ વર્ણના દેહ અભિમાનથી રહિત ખરેખર **બ્રાહ્મણ** સ્વરૂપ થવાને તે ૐકાર સ્વરૂપ શ્રીગણપતિની ઉપાસનાથી કેવળ **બ્રાહ્મણ** શબ્દના અર્થપૂર્વક **ब्रह्मविद् सएव ब्राह्मण इति श्रुतेः।** વા **ब्रह्म जानातीति ब्राह्मणः । स्मृतेः ।** વિગેરે આપ્ત વાક્યોથી સાબીતી મળતાં આ પૂર્ણ **બ્રાહ્મણ** સ્વરૂપ બ્રહ્મવેત્તા થાય છે કે શિવોપાસનાના મોક્ષના સિદ્ધાન્તથી પરે **ब्रह्मविद् ब्रह्मवभवति** આ શ્રુતિ પ્રમાણે તે **ब्रह्मभूयाय कल्पते** અર્થાત્ બ્રહ્મસ્વરૂપતાને પામે છે તે તે ખરેખરો **બ્રાહ્મણ** છે કે જેને **તત્વવેત્તા–બ્રહ્મવેત્તા જીવન્મુક્ત,** આદિ ઉપનામથી શાસ્ત્રો વર્ણવે છે. કે જે ઉપર વર્ણવ્યા પ્રમાણે બ્રાહ્મણ વર્ણનો જીવોપાસક—આખરે સંન્યાસ દીક્ષામાં શ્રી ૐકાર સ્વરૂપ મહા ગણપતિની યથાસાંગ ઉપાસના કરી બ્રહ્મભૂયપણાને પામ્યો છે—આવી યુક્તિ શાસ્ત્રો પુરાણો અને વેદોની સમાન સ્વરૂપે છે.

वल्ली १८ मी.

(તૂર્યાતીત સ્વરૂપ)

न तस्य कश्चित्पतिरस्ति लोके न चेशिता नैव च तस्य लिंगम् ।
सकारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः । श्वे० ।

((અનંત) બ્રહ્માંડોને વિષે તેનો કોઈ **पति** નથી. તથા તેનો કોઇ નિયંતા પણ નથી. તથા તેનું શરીર વા કંઇ ચિન્હ નથી. તેજ સર્વનું કારણ છે તથા કરણ અને ઇંદ્રિઓના અધિષ્ઠાતાનો પણ તે અધિષ્ઠાતા છે. તેમ તેનો કોઇ ઉત્પાદક પણ નથી. તથા તેનો કોઇ અધિષ્ઠાતા પણ નથી. અર્થાત્ તે સર્વનો **पति** છે.)

(તૂર્ય સ્વરૂપ)

पुरत्रये क्रीडति यश्चजीव स्ततस्तु जातं सकलं विचित्रम् ।
आधारमानन्दमखण्डबोधं यस्मिल्लयं याति पुर त्रयंच ॥ कै० ।

(ત્રણુપુરમાં એટલે વિશ્વ, તૈજસ, અને પ્રાજ્ઞ અભિમત જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિને વિષે ઊત્પન્ન થતો જણાતો તે સર્વ પ્રકારે વિચિત્રજ છે. તેથી પરે હવે તુર્યબ્રહ્મનું સ્વરૂપ વર્ણવતાં કહે છે કે તે ત્રણે ઉપર બતાવેલાં પુરના આધારરૂપ, આનંદરૂપ, અને અખંડ બોધરૂપ કે જેને વિષે આ ત્રણે પુર વિલયને જાય છે તે (તૂર્ય) છે.)

સગુણ નિર્ગુણ અભેદ ૐકાર પરબ્રહ્મ પરમાત્મા તે **પંચમબ્રહ્મ** અથવા **પંચમપાદ**–અથવા પૂર્ણબ્રહ્મ–તથા તેની નિચેનું તૂર્યબ્રહ્મ–ઇશ્વરબ્રહ્મ–તૂર્યપાદ–ચતુર્થપાદ– આ બેની યોગ્ય સમજણને માટે એક બહુ સારી યુક્તિ છે કે—

તૂર્ય અને તૂર્યાતીતની યોગ્ય સમજણ સાથે—ગંગાનું અધ્યાત્મ સ્વરૂપ યા ભગિરથનું દૃષ્ટાન્ત.

પુરાણોમાં લખેલું છે કે, સુર્યવંશી સગર રાજાના સાઠહજાર પુત્રો શાપવડે ભસ્મ થયા. તેનો ઊદ્ધાર કરવાને બ્રહ્મલોકમાંથી જ્ઞાન ગંગાને લાવવા માટે તેના વંશજોએ પ્રયત્ન કર્યો છે. બાદ મહાન્ પ્રયત્ન કરનારા ભગિરથ રાજાએ, **શ્રીગંગાજીને** લાવવા, તપશ્ચર્યા કરી ત્યારે **શ્રીગંગાજી** પ્રસન્ન થયાં. અને કહ્યું હે રાજા!! તારા કુલના ઊદ્ધારાર્થે પૃથ્વીઉપર હું આવવા ખુશી છું. પણ બ્રહ્મલોકમાંથી મારી ધારાપડે તે ધારાને જો વચ્ચે કોઈ ઝીલે નહિ તો એકદમ પૃથ્વી ઉપર પડતાં પાતાલ ફુટે જેથી તે ગતિરૂપે પૃથ્વી ઉપર મારાથી રહેવાય નહિ કેમકે ગતિના વલણ પ્રમાણે પાતાલમાં ગમન થાય. માટે પૃથ્વી ઉપર તારા કુટુંબના ઊદ્ધારને માટે આવતાં વચ્ચે મારી ધારાને ઝીલનાર કોઈ સમર્થને લાવ. કે તે મારી ધારાને ઝીલી પછી, ધીમેથી મને પૃથ્વી ઉપર વહન કરવાને હરકત પડશે નહિ. અર્થાત્ બ્રહ્મલોકના ઉર્ધ્વપણાના નિશ્ચયથી પૃથ્વીના **અધ**પણાનો યોગ વર્ણવેલો છે. અને તેને માટે ભગિરથને આજ્ઞા છે કે, **બ્રહ્મલોક** એટલે ૐ પરમાત્મા **પરબ્રહ્મનો** લોક–અને ત્યાંથી પૃથ્વી ઉપર એટલે મૃત્યુલોક અથવા **જીવલોક**–આ બેની સંધિમાં શ્રીગંગાજીની ધારા ઝીલનાર **શિવ** વિના અન્ય કોઈ સમર્થ નથી. એ સમજાવતાં **શિવલોક** એટલે વચ્ચે **ઈશ્વરલોક**–અર્થાત્ તૂર્યલોકનિવાસી **શિવબ્રહ્મ** શિવાય, અન્ય કોઈ નથી. એમ અધ્યાત્મ જ્ઞાનબળની યુક્તિથી ઈતિહાસરૂપે સમજાવતાં કહ્યું છે કે **શિવવિના** અન્ય કોઈ સમર્થ નથી. તેથી ભગિરથ રાજાએ શ્રીશિવબ્રહ્મ–શંકરની અતિ ઊગ્ર દૃઢ આસ્થાથી તપશ્ચર્યા કરી શિવને પ્રસન્ન કીધા. શિવે–વરદાન માગતાં કહ્યું કે ભલે, શ્રીગંગાજી પધારે. હું તેની ધારાને ઝીલીશ. તે ઊપરથી ભગિરથે પુનઃ શ્રીગંગાજીને વિનંતિ કરી તેથી ૐ પરબ્રહ્મ પરમાત્માના લોકમાંથી–શ્રીગંગાજીની અખંડ અને એકરસ જ્ઞાનરૂપ ધારા પડી તે શિવબ્રહ્મ જોઈ રહ્યા હતા. અને જેવી પડી કે તરત તેને પોતાના માથા ઉપર ઝીલી લીધી. આ ઉપરથી સમજાય છે

કે, શ્રીગંગાજી શિવલોકથી **પરે** બ્રહ્મલોકમાં ઊર્ધ્વ છે. કેમકે શિવલોક તૂર્ય– અને તેથી પરે ઊર્ધ્વ બાજુએ–ૐ તૂર્યાતીત પરબ્રહ્મલોક છે. અને તેથીજ તે શ્રીગંગાજીની ઊર્ધ્વેથી પડતી ધારા–જીવલોકરૂપી, પૃથ્વીપર્યંત આવતાં વચ્ચે ઇશ્વર બ્રહ્મ–શિવ–તૂર્ય–પ્રભુએ ઝીલી છે. એટલે અનુભવમાં પણ મળે છે–શિવે શ્રી ગંગાજીની મહાન્ વેગવાળી ઊર્ધ્વેથી જોશબધ પડતી ધારાને પોતાના માથાઉપર ધારણ કરી. અને તેને જટામાં લપેટી લીધી–જેથી ભગિરથ રાજાને પુન: વિનંતિ કરવી પડી કે, મારો ધારેલો અર્થ સર્યો નથી. માટે કૃપા કરી શ્રી ગંગાજીની ધારાને છોડો–ત્યારે શ્રીશિવબ્રહ્મ શંકરે પોતાની જટાની એક લટ છોડી અને ગંગાજીની ધારા એક લટથી વહેવા લાગી. એટલે સત્ય રીતની શ્રી ગંગાજીની પૂર્ણપદના પૂર્ણબ્રહ્મના લોક સ્વરૂપની જોશબધ અભેદ ધારા તે વચ્ચે ઇશ્વરના લોક-માં વા ઇશ્વરના મગજમાં વા બુદ્ધિમાં શિરસાવદ્ય માન્યરૂપે શિર્ષ ઉપર પડતાં, સમાતાં, અને તેમાંથી ધારાનું જોશ, સમાવી વહેતાં માત્ર એક **લટ** રૂપમાંથી વા એક **લટરૂપે**જ વહેવા લાગી. અને તેમ વહેતાં તે **શિવબ્રહ્મ**ના લોકમાંથી- તેની નિચે જીવબ્રહ્મના, ભારતવર્ષમાં વહેવા લાગી. અને વહેતાં આવી સગરના કુલનો ઊદ્ધાર કરી અને તેની સાથે–તેમાં શ્રદ્ધાથી સ્નાન કરનારને બ્રહ્મપદની પ્રાપ્તિ કરાવી પોતે નિશ્ચિત છે–એવી હકીકત છે. આ ઉપરથી અધ્યાત્મ મહા વેદાન્ત જ્ઞાનની મર્યાદા–પુરાણમાં શી રીતે ઉતરી આવી. તેનો વિચાર કરતાં જણાય છે કે,—

શ્રીગંગાજી–તે **જ્ઞાન–પરમપદસ્વરૂપનું જ્ઞાન** કે **બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન** એવો દૃઢ નિશ્ચય છે. અને તે પ્રથમ બ્રહ્મલોકમાં છે. તેનો અર્થ એવો કે શ્રુતિના સિદ્ધાન્ત પ્રમાણે "**सत्यं ज्ञानमनंतंब्रह्म**" સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અને અનંત સ્વરૂપ એવા **બ્રહ્મ**પ્રદેશમાં બ્રહ્મસ્વરૂપમય, સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અને અનન્ત સ્વરૂપથી નિવસિત એવી આ **સત્યરૂપ ગંગા–જ્ઞાનરૂપ ગંગા અને અનંત રૂપ ગંગા** અતિ ઊર્ધ્વ–અર્થાત્ **પર**થી પણ **પર** એવી સમજવાળી તેવાજ ઊર્ધ્વમાં પણ ઊર્ધ્વ એટલે જેના **ચાર** પાદ છે અને જેમાં ચાર પાદનો સમાવેશ થાય છે. એવા સગુણ નિર્ગુણ અભેદ ૐકારસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા પ્રદેશમાં –પંચમપાદ અથવા પૂર્ણપાદ સ્વરૂપમાં સ્થિત, આ સ્વસ્વરૂપમય ગંગારૂપ જ્ઞાનનો યોગ વર્ણવેલો છે. તે જ્ઞાનરૂપ ગંગાને અત્યંત પ્રયત્નથી લાવનારો ભગિરથ રાજા, અનેક જીવોના ઊદ્ધારાર્થે અથવા પોતાના પિતૃઓના ઊદ્ધારને માટે બ્રહ્મલોકમાંથી જીવલોક (મૃત્યુલોક)માં લાવ્યાનો દાખલો જ્ઞાનરૂપથી સિદ્ધ સમજાવવા માટે જ્ઞાન ગંગાનો પ્રવાહ વર્ણવ્યો છે. જ્ઞાનપ્રવાહ બ્રહ્મરૂપથી સિદ્ધ છે એમ શ્રુતિઓ વર્ણવે છે. તે આથી સ્પષ્ટ સમજાય છે. માટે શ્રીગંગાજી ૐ-કાર પરમાત્મામય બ્રહ્મલોકમાં હતાં એમ સત્યજ વર્ણનમાંછે. આ બ્રહ્મનો લોક

તેજ પૂર્ણપાદ બ્રહ્મસ્વરૂપની પૂર્ણતાને **પરમપદરૂપે—પરમપાદરૂપે** શાસ્ત્ર વર્ણવે છે. અને આજ બ્રહ્મલોકની જ્ઞાનરૂપી ગંગામાં સ્નાન કરનારોજ બ્રહ્મસ્વરૂપને પામે છે એમ સમજાવે છે. આ પૂર્ણપાદ—પંચમબ્રહ્મના પૂર્ણસ્વરૂપ જ્ઞાનપ્રવાહ માં રમનારો **ब्रह्मविद् ब्रह्मैव भवति** એ સત્યજ સિદ્ધ છે. ભગિરથ રાજાનો જે અતિ મહાન્ ઊગ્ર પ્રયત્ન (આકાશ ગંગા એટલે જ્ઞાનગંગા લાવવાનો) તે " ભગિરથ " પ્રયત્નને નામે આર્યલોકોની ભાષામાં આજપર્યન્ત પ્રસિદ્ધ છે. ઘણી મહેનતનું કામ પાર પાડવામાં જે મહાન્ પ્રયત્ન જોઈએ તેને " ભગિરથ " પ્રયત્નની ઊપમા આપવામાં આવે છે.

વળી, **सोयं गकारः** આ શ્રુતિવાક્યની પ્રત્યભિજ્ઞાથી સિદ્ધ સમજાય છે કે આ સગુણ નિર્ગુણ સમાનાત્મક અભેદસ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપ, ૐકાર સ્વરૂપાત્મક પરબ્રહ્મ પરમાત્માનું **गकार** એ પૂર્વ સ્વરૂપ **બીજ** છે એટલે **" તેજ આ ग કાર છે. "** બીજા કોઈ બીજનું આ સ્થાનનું વર્ણન નથી. સગુણબ્રહ્મનું બીજ **गं** છે. એમ વેદ વર્ણવે છે. આ **गं** બીજાત્મક જે ૐકારસ્વરૂપ સગુણ—નિર્ગુણ અભેદ પરમાત્મા છે. **(गंबीजं शक्तिरोंकारः सर्वकामार्थसिद्धये)** તે **ग** બીજાત્મક પરબ્રહ્મના સ્વરૂપરૂપી લોકમાંથી પ્રગટપણે જ્ઞાનરૂપે વહેનાર—ગમન કરનાર—તત્સ્વરૂપાત્મક જ્ઞાન સ્વરૂપે પ્રસરનાર—અભેદરૂપે બ્રહ્મસ્વરૂપ સ્વાનંદલોકથી જીવલોકપર્યન્ત એકાત્મતારૂપી ફળ, દર્શનદાતા આ **गा** અથવા **गः** ના અર્થથી **" ગમન કરનાર "** એવી સૂચકરૂપ **"गंगा."** શબ્દનો અમુલ્ય અખંડ અભેદ અવિનાશી અર્થ—**" गं બીજમાંથી ગમન કરનાર "** જ્ઞાનરૂપ **गंगा** એવો સ્પષ્ટ થાય છે. એટલે આ **गंगा** તે બ્રહ્મસ્વરૂપના જ્ઞાનનું વહન છે. વા પ્રવાહ છે એમ સમજાવી આપે છે. આ બ્રહ્મલોકના સ્વરૂપને શાસ્ત્ર રીત્યા **तूर्यातीत** લોક કહે છે. કે જેને બીજાં નામોથી, પંચમપાદ—પૂર્ણપાદ—પરમપદ વા વૈદિક ઉપાસના સ્વરૂપમાં **गणपति** એવા સ્વરૂપથી ૐકારસ્વરૂપે, ૐકારાકૃતિ સ્વરૂપે સગુણ નિર્ગુણ અભેદ કહે છે. અને તેથીજ પંચમપાદ શ્રીગણપતિ પરમાત્મા પરબ્રહ્મનું બીજ પણ **गं** છે. એમ સર્વ કોઈ વિદ્વાનો જાણે છે. અને શ્રીમત્ શંકરાચાર્યે પણ તેમજ વર્ણવેલું છે—અને તેમના **સ્વાનંદલોક**ના નામથી અર્થ સત્તાનું સૂચક બ્રહ્મલોક સિદ્ધ છે. માટે આ **गंगा** શ્રી મહા ગણપતિના સ્વરૂપના, પૂર્ણપાદના જ્ઞાનનો પ્રવાહ છે.

શ્રીમદ્ આદ્ય જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજે પણ શ્રીપંચમપાદ શ્રી-પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપ સગુણનિર્ગુણ અભેદ શ્રીમહાગણપતિ મહારાજનું સ્તોત્ર રચ્યું છે તેમાં લખે છે કે **गं गं गं गं गणेशं गज— नमामेतो व्यापकं [illegible] तयान्त ॥** **गं** બીજવાળા ગણેશ કે જેઓ **सर्वे गजाकारः ।** આ શ્રુતિ સિદ્ધ જે વ્યાપક

શ્રીમદ્ શંકરાચાર્ય મહારાજે સંજ્ઞાથી બતાવેલું સ્વરૂપ અને સ્વાનંદનું પ્રમાણ.

છે તેનું ચિંતવન કરે છે. આ ઉપરથી સત્ય સમજાય છે કે **गं बीज** તે મહા ગણપતિ મહારાજનું છે તેમ શ્રી પરમાત્મા ૐકારના બ્રહ્મસ્વરૂપ બ્રહ્મલોકનું નામ પણ **स्वानंद लोक** છે અને તેનો અર્થ **स्व + आनंदः** અથવા **स्वस्य + आनंदः** એ પ્રમાણે સ્વસ્વરૂપ–બ્રહ્મભૂય સ્થિતિની વિદેહ કૈવલ્યતારૂપે સિદ્ધ સમજાવે છે અને તેને માટે પણ લખે છે કે—

वाचा वक्तुमशक्यमेव मनसा मन्तु न वा शक्यते ।
स्वानंदामृत पूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ॥

स्वानंद (લોકની) પ્રાપ્તિરૂપ અથવા પોતાના આનંદની પ્રાપ્તિરૂપ અથવા સ્વસ્વરૂપાનંદની પ્રાપ્તિરૂપ એટલે સ્વયં બ્રહ્મસ્થિતિના અનુભવરૂપ અર્થાત્ સ્વાનંદ સ્થિતિરૂપજ અમૃત એટલે પરિપૂર્ણતા છે. એવો ઉભય પ્રકારના અર્થ સાથે યુક્તિથી શ્રીશંકરાચાર્ય બંન્ને યોગ સાથે સગુણનિર્ગુણસમ સ્વરૂપ અને લોકના ભાવથી અભેદ કરી વર્ણવે છે કે સ્વસ્વરૂપાનંદ રૂપી અમૃતના પૂરથી ભરેલા પરબ્રહ્મસ્વરૂપ સમુદ્રનો મહિમા વચનથી કહી શકાતો નથી અને મનથી પણ ધારી શકાતો નથી. અહિંયાં **यतो वाचो०** શ્રુતિના અર્થથી **પંચમપાદ** પૂર્ણબ્રહ્મમાં સગુણનિર્ગુણનો અભેદ સમજાવવાનો યોગ કરેલો છે. તેમજ

स्वमेव सर्वथा पश्यन्मन्यमानः स्वमद्वयम् ।
स्वानन्द मनुभुंजानः कालं नय महामते ॥

હે મહામતિવાળા ! ! ! તું પોતાનેજ સર્વ સ્થળમા સર્વથા પોતે રૂપે જોતાં પોતાનેજ અદ્વિતીય માનતાં અને **स्वानंद लोक**સ્વરૂપ સ્વાનંદ એટલે પોતાના આનંદને ભોગવતાં સ્વસ્વરૂપના આનંદમાં કાલક્ષેપ કર. એમાં પણ લોકની યુક્તિ સાથે સગુણ અને નિર્ગુણના અભેદને સ્વાનંદબ્રહ્મથી સમજાવે છે.

એ પ્રમાણે તૂર્યાતીત સ્થાનરૂપ પંચમપાદ–પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપ શ્રી મહા ગણપતિના પદને લોકની યુક્તિ સાથે સ્વસ્વરૂપના આનંદથી સગુણનિર્ગુણનો અભેદ ભાવ સમજાવ્યો છે.

આ તૂર્યાતીત પંચમપાદ–પૂર્ણબ્રહ્મ સગુણનિર્ગુણ અભેદ ૐકારાકૃતિ ૐકાર નામાત્મક પરબ્રહ્મ પરમાત્માના **सोयमात्मा चतुष्पाद** આ શ્રુતિથી તેજ આ આત્મા ચાર પાદ સ્વરૂપ છે. અર્થાત્ ચાર પાદ છે એવો ચાર પાદથી રહિત ૐકાર સગુણનિર્ગુણ અભેદ છે તે ચાર પાદરૂપે ગણાતાં તૂર્યાતીતની નિચેનો **તૂર્ય–બ્રહ્મ** તરફનો પ્રથમ અને નિચેના અસત્ પાદથી ગણતાં ચોથો, એવો જે

તૂર્યપાદ-નેતીબ્રહ્મ અથવા **શિવબ્રહ્મ** અથવા **ઇશ્વરબ્રહ્મ** કહેવાય છે. તે કલ્યાણ-વાળા અર્થથી **શિવ** અથવા **સદાશિવ** કહેવાય છે માટે **તૂર્યાતીત** ૐકાર પરબ્રહ્મ પરમાત્મા પ્રદેશમાંથી અભેદ સ્વરૂપે સગુણ અને નિર્ગુણના સ્વરૂપને સમજાવી, સ્વય પ્રકાશ સ્વસ્વરૂપ અભેદ એક રસબસ જે જ્ઞાનરૂપ **ગં** બીજ-માંથી પ્રવાહરૂપ વહન થતી **ગંગા** શબ્દથી અર્થસત્તાત્મક જ્ઞાનપ્રવાહ કે જે અનત જીવોના ઉદ્ધારરૂપ છે તે જ્ઞાનરૂપ **સત્યંજ્ઞાનમનન્તંબ્રહ્મ**રૂપ અખંડ અભેદ ધારા એક રસ તૂર્યબ્રહ્મને શિરસાવંધ માન્ય છે વા તે જ્ઞાનરૂપ ધારાનો સત્ય રીતે અનુભવ કરનાર વા તેમા રસબસ રમનાર. આ તૂર્યપાદનો યોગી-શિવ-શંકર કેવળ જ્ઞાનપ્રવાહમાં સ્નાન કર્ત્તા. વા તે જ્ઞાનરૂપ ગંગાને પોતાના માથા ઉપર ધારણ કરનાર એટલે બુદ્ધિતત્વમાં અનુભવનાર છે અર્થાત્ **તૂર્યાતીત**-પંચમપાદ પૂર્ણબ્રહ્મ ૐકારાકૃતિ સ્વરૂપ ૐકાર નામાત્મક સગુણનિર્ગુણ અભેદ પરમાત્માનું કેવળ દ્વંતાદ્વૈતથી રહિત એવા સ્વયંસ્વરૂપ સ્વયંપ્રકાશ જ્ઞાનને ધારણ કર્ત્તા માત્ર **તૂર્યબ્રહ્મ-સદાશિવ** અથવા **શંકર** છે એમ સાબીત કરી આપે છે એટલા માટે **શિવ**-ઇશ્વર ધ્યાન સમાધિમાં જ્ઞાનપ્રવાહરૂપે તૂર્યાતીત પ્રભુમાં તદાકાર રહે છે. એ વાત સ્વત: સિદ્ધ સમજાય છે એટલે પરમપદના જ્ઞાની-જીવન્મુક્ત યોગી અથવા તમામ યોગીઓના ઇશ્વર સ્વરૂપે તે **યોગીશ્વર** છે એમ શાસ્ત્ર-પુરાણ એકરસ સ્વરૂપથી વર્ણવે છે. આ તૂર્યબ્રહ્મ જે જ્ઞાનરૂપ સમાધિમાં નિમગ્ન છે એટલે સર્વ પ્રકારથી જ્ઞાનની અનતરૂપ ધારા જેમની **લટો**માં સર્વ બાજુથી આ જ્ઞાનરૂપ **ગંગા**રૂપે સમાઈ રહી છે. એવા તૂર્યબ્રહ્મ-સદાશિવ યોગી જે જ્ઞાન અને જ્ઞેય સ્વરૂપેજ નિવસિત છે તે જ્ઞાન **દ્વૈતાદ્વૈત** રહિત પરમપદ સ્વરૂપ છે એમ પણ સિદ્ધાન્ત વર્ણવે છે કેમકે **તૂર્યાતીત**-જ્ઞાન-ભાવાભાવ રહિત હોવાથી જેમાં દ્વૈત કે અદ્વૈત કહેવાની સત્તા નથી કેમકે આ સ્વરૂપ અને આ સ્થાનનું એક રસ જ્ઞાન વાણી મનને અગોચાર હોવાથી દ્વૈત-અદ્વૈત શબ્દ પ્રવાહથી રહિત **શબ્દાતીત,** અક્ષરાતીત છે એ વાત માત્ર સદાશિવ—શંકર—જીવન્મુક્ત યોગીશ્વરજ જાણે છે.

એમ તૂર્યાતીત-પંચમપાદ અને તર્ય સ્વરૂપ ચતુર્થપાદ પર્યંતની સમ-જણ આવી. એટલે બ્રહ્મ અને તેની નિચે **ઈશ્વરની** સંજ્ઞા પર્યંત જ્ઞાન ગંગાના સ્વરૂપની લક્ષણા આવી. હવે તે તૂર્યાતીત જ્ઞાન ગંગા તૂર્ય ઇશ્વર બ્રહ્મમાં આવી. પછી તેથી નિચેના ત્રિપાદમય જીવબ્રહ્મ વા જીવ લોકમાં તે જ્ઞાનસ્વરૂપ ગંગા કેવી રીતે ઊતરી આવે છે તે જાણવું જોઈએ કે જ્યારે તે જ્ઞાનરૂપ ગંગાને-શ્રી તૂર્યપાદના યોગી સદાશિવ શંકરે પોતાની ઇશ્વર સ્વરૂપની ચોબાજુરૂપ ઈશ્વરત્વરૂપ જટાની અનંત લટોમાં ધ્યાન રૂપથી સમાવી દીધી-ત્યારે ભગિરથ પ્રયત્નવાળા અધિકારી-જીજ્ઞાસુ સ્વરૂપ ભગિરથ-

રાજાએ ત્યાંથી જ્ઞાનરૂપ ગંગાને-પોતાના યાવત્ જીવ બંધુઓના ઉદ્ધારાર્થે પ્રાપ્ત કરવા પુન: ઇશ્વર સ્વરૂપ સદાશિવ-શંકર તૂર્યબ્રહ્મ પાસે મહાન્ દીનતાથી યાચના કરી. કેમકે જેમ તૂર્યપાદના શિવબ્રહ્મ ઇશ્વરને તૂર્યાતીત પદમાંથી જ્ઞાન મળે- તેમ અનુક્રમથી ચઢી આવતા જીવાત્માને આ તૂર્યપાદના ઇશ્વરબ્રહ્મ સદાશિવ શંકરથીજ જ્ઞાન મળે એ અનુક્રમથી સિદ્ધ છે. સત્ય રીતે તો જ્ઞાનનો પયોનિધિ **પંચમપાદ**-તૂર્યાતીતજ સ્થાન છે. અને તેજ ૐકાર ઉપાસ્ય છે. પણ તૂર્યસ્થાન-વિશ્રાન્તિ સ્થાન છે. અને અનુક્રમે આવનારને વિશ્રાન્તિરૂપે ગ્રહણ કરવા યોગ્ય છે. કુભના મેળામાંજ જનારો **હરદ્વાર**ના નિશ્ચયથી **હરદ્વાર** જઇએ છીએ એમ સત્ય રીતે પોતાના નિશ્ચયથી હરદ્વારની ધારણા બાંધી ચાલ્યો છતાં વચ્ચે **કાશી** આવવાનુંજ. પછી કાશીથી તે હરદ્વાર જવાનો છે. ત્યારે કાશી એ વિશ્રાન્તિ સ્થાન છે. કાશી હરદ્વાર નથી. હરદ્વારનો છેલ્લો નિશ્ચય. કુંભના મેળાના દર્શનરૂપ છે-તે કાશીએ પહોચ્યાથી સરતો નથી. માટે વિશ્રાન્તિ સ્થાન આ તુર્યસ્થાન. તૂર્યબ્રહ્મ-ઇશ્વર છે. અને અનુક્રમે ચઢનાર દ્વૈતરૂપ બનેલા જીવાત્માઓને માટે આ અદ્વૈતસ્વરૂપ ઇશ્વરનું સ્થાન ઉપાસના કરવા યોગ્ય છે. તેથી પરે જે તૂર્યાતીત મૂળનિવાસ સ્વયપ્રકાશ પ્રાપ્તિ તે દ્વૈત અને અદ્વૈતથી પરે શ્રીમાન્ જગદ્ગુરૂ શકરાચાર્ય મહારાજે વર્ણવેલું **કૈવલ્યાદ્વૈત**-અર્થાત્ **કૈવલ્ય** સ્વરૂપે અદ્વૈત-એમ કૈવલ્ય કહેતાં દ્વૈતાદ્વૈત છુટયાનો નિશ્ચય વર્ણવે છે. માટે જીવાત્માઓને દ્વૈતનો વિલય કરવાને માટે આ તૂર્યપાદ-સદાશિવ સ્વરૂપની ઉપાસનાની ધારણા વિશ્રામસ્થાન છે. પરમપદ નિવાસ સ્થાનરૂપ શાન્તિનું સ્થાન નથી. એમ વિદ્વાનો જાણે છે તે શાન્તિનું સ્થાન તો પચમપાદ પૂર્ણ બ્રહ્મ તૂર્યાતીતજ છે. ત્રિપાદ જીવનો લય-તૂર્યમાં-અને ત્રીપાદ સાથે તૂર્યનો યોગ તૂર્યાતીતમાં છે. એમ જીવ અને ઇશ્વર બન્ને બ્રહ્મમાં તદાકાર સ્વસ્વરૂપ છે. ત્રિપાદરૂપ જીવભાવ તે દ્વૈત-અને તૂર્યપાદરૂપ શિવ-ઇશ્વર તે અદ્વૈત-તે તૂર્યાતીત પચમ પાદમાં દ્વૈતાદ્વૈત રહિત-નિર્ગુણ સગુણ અભેદ ૐકાર સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ છે. પણ અનુક્રમ સમજનારા દ્વૈતપાદ જીવોને અદ્વૈત સમજ્યા શિવાય દ્વૈતાદ્વૈતથી **પરે** જઇ શકાયજ નહિં. એવો નિશ્ચય સમજવાનો છે. જીવન્મુક્ત સ્થિતિ તે તૂર્યપાદની છે. વા તૂર્યબ્રહ્મની છે. વિશ્રાન્તિ સ્થાનથી વિશ્રાન્તિના સ્વરૂપને મેળવી પછી મૂળ પંચમપાદ બ્રહ્મમાં સામ્રાજ્યતાને પામવું તેજ **જીવ-બ્રહ્મ**ની ઐક્યતા છે માટે સર્વ જીવાત્માઓનું સત્યરીતે ઉપાસ્ય ૐકારાકૃતિ ૐકાર સ્વરૂપ ૐકાર નામાત્મક સગુણ નિર્ગુણ અભેદ પરમાત્માજ છે.

હવે ભગિરથરૂપ અધિકારી જીજ્ઞાસુ નૃપતિએ પુન: શ્રીશંકરની સ્તુતિ કરી- કે હે પ્રભુ ! ! ! મહાબલાત્કારે કેટલાએક કાળે તે જ્ઞાનરૂપ ગંગા-બ્રહ્મસ્વરૂપના ચર્ણમાંથી જીવ સ્વરૂપના મર્ત્યલોકમાં લાવવાને ભાગ્યશાળી થયો. અને ભ્રમરૂપ

કુલનો ઉદ્ધાર કરવા ઇચ્છયો ત્યારે આપે પણ ધ્યાનમાંથી જાગૃત થઈ આપે તે જ્ઞાનામૃત અમોને રેડી આપી અમારો ઉદ્ધાર ઇચ્છવો ઉચિત છે–એવી આર્દ્ર વાણીથી પ્રસન્ન થયેલા શંકરે જીવાત્માના કલ્યાણાર્થે દયાની કૃપાની દૃષ્ટિથી જેમ જીવન્મુક્ત સદ્‌ગુરૂ અતિ કરૂણાળુ વૃત્તિએ જીવાત્માઓને પ્રબોધે છે–તેમજ દયાળુવૃત્તિએ શ્રી સદાશિવ શંકરે ચોબાજુની જટાની લટમાંથી તન્મય સ્વસ્વરૂપા-વસ્થા જ્ઞાનના–યોગ્ય વિચારે દ્વૈતાદ્વૈતથી પરે એવી એક **લટ** છોડી બહુજ ધિમા પ્રવાહને મર્ત્યલોકમાં વહેવરાવ્યો. આ એક લટ શંકરે છોડી તેનો અધ્યાત્મ અર્થ એવો છે કે–**एकमेवाद्वितीयंब्रह्म** આ શ્રુતિના અર્થથી એક **લટરૂપી** અદ્વૈત સિદ્ધાન્તનું પરિપૂર્ણ જ્ઞાન–તે રૂપી જે ગંગા તે નિચેના દ્વૈત પ્રવાહમાં વહેતા જીવાત્માઓના તારણહાર રૂપે દ્વૈતના વિલયને માટેજ જ્ઞાનરૂપ સંપૂર્ણ ગંગાની એક **લટ**–અદ્વૈત રૂપથી મર્ત્ય લોકમાં વહેતી કરી છે. અને તેથીજ ભગિરથ રાજાએ–પોતાના જીવાત્મારૂપ સંપૂણકુલનો ઉદ્ધાર માન્યો છે. અને અત્યાર પર્યંત પણ એ જ્ઞાનરૂપ ગગામાં સ્નાન કરનાર બહુમતે પવિત્ર બને છે. એમ સંપૂર્ણ રીતે સિદ્ધજ ઠરે છે. આવી મર્યાદાએ જીવાત્માઓના ઉદ્ધારરૂપ આ **गंगा** શબ્દની અર્થ સત્તાત્મક ભાવના જ્ઞાન પ્રવાહરૂપે આ મર્ત્ય-લોક ભૂમંડળમાં એકરસ સગુણ નિર્ગુણ અભેદ પ્રભુને સમજાવે છે. તેનો વિચાર જ્ઞાતાજનોજ કરી શકે છે.

ગંગા યમુના અને સરસ્વતિનું અધ્યાત્મક જ્ઞાન.

વળી, તૂર્યપાદ તૂર્યબ્રહ્મ સ્વરૂપ સદાશિવ શકર છે અને તે યોગને ધારણ કરવાને એક બીજી યુક્તિ પણ એવા પ્રકારે સમજાય છે કે– **ભક્તિયોગ** સ્વરૂપ **યમુના** (વિષ્ણુ તીર્થ તૃતીયપાદ સમબ્રહ્મ) અને **જ્ઞાનયોગ** સ્વરૂપ **गंगा** (તૂર્ય તીર્થ–તૂર્યપાદ નેતિ શિવબ્રહ્મ) અને ભક્તિ–જ્ઞાનના મધ્યમાં વિદ્યા સ્વરૂપ **કર્મ યોગ**–ના ભક્તિ જ્ઞાનને જોડનાર **सरस्वति** આ ત્રિપુટીના ત્રણેના છુટા અંગોનું દર્શન જે સ્થાનમાં છે. એવા ત્રણેના સ્વરૂપ રૂપી (જ્ઞાન) યજ્ઞનું શ્રેષ્ટ સ્થાન–તે પ્રત્યાગ–મળી **પ્રયાગ** તીર્થ છે. હવે આગળ ત્રણ દર્શનરૂપ ત્રિપુટીનો વિલય થતાં એકાત્મતા સ્વરૂપે આગળ **કાશિ–મુક્તપુરી**–(**काशी मरणान्मुक्तिः**) ત્રિપુટી રૂપના ત્રણ સ્વરૂપ–ધ્યાતા–ધ્યાન ધ્યેય તથા જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય, એમ અનેક ત્રિપુટી રૂપી ત્રિગુણ **ત્રિપાદ**ની અભેદ સત્તારૂપ ત્રિપાદની દ્વૈતતાથી પરે–ત્રિપાદના બંધનથી પરે મુક્ત સ્વરૂપ–આ મોક્ષ પુરી અદ્વિતીય સ્થાન કેવળ બંધનથી રહિત તૂર્ય શિવના-**વિશ્વેશ્વર** નામથી પ્રસિદ્ધ–તૂર્ય **ब्रह्म समात्मा विज्ञेयः** આ શ્રુતિથી જ્ઞેય પાદરૂપ બ્રહ્મ–અજ્ઞાન આવરણરૂપી મર્ણથી તારનાર તારક–સ્વરૂપ–અદ્વૈત યોગી-નાથ તે **તૂર્ય બ્રહ્મ** છે. એમ તૂર્ય બ્રહ્મના નિર્દેશ સ્વરૂપ **સદાશિવ** અને

તેનું ક્ષેત્ર કાશી—અને તૂર્યપાદના નિર્દેશરૂપ જ્ઞેયનું જ્ઞાનમયતીર્થ **ગંગા** એ સર્વનો અભેદાત્મક યોગ તે ગંગાના પ્રવાહનું **સમુદ્રમાં** તદ્દરૂપાત્મક તદ્દરૂપાકાર થવું એટલે સર્વ તિર્થોનો નાયક જે યોગરૂપ **મહાસાગર**—કે જેમાં સર્વ તીર્થોની અભેદ સત્તા છે. તેજ આ **પંચમપાદ** પરબ્રહ્મ ૐકાર પરમાત્મા છે. કે જે સગુણ નિર્ગુણ અભેદાત્મક સર્વ તીર્થ અને સર્વ ક્ષેત્રોના અવધી સ્વરૂપે અમૃત બ્રહ્માનંદ સ્વરૂપ તૂર્યાતીત મહાસાગર છે. તેજ પંચમ પાદ પૂર્ણ બ્રહ્મ પંચમ બ્રહ્મ સગુણ નિર્ગુણ અભેદ ૐકાર સ્વરૂપ ૐકાર નાત્માત્મક ૐકારાકૃતિ રૂપ પરબ્રહ્મ પરમાત્મા છે. એવો નિશ્ચય અધ્યાત્મક જ્ઞાન બળના અનુભવી જનો જાણીને તીર્થ ક્ષેત્રમાં સ્નાન કરતાં અંતે યોગરૂપ મહાસાગરમાં સ્નાન કરે છે. તે મોક્ષથી પણ પરે બ્રહ્મ સ્વરૂપતાને પામે છે.

ગંગાનું મૂળ સ્વરૂપ અને અધ્યાત્મ જ્ઞાન સાથે ગંગાનું સ્થૂળ સ્વરૂપનું દર્શન.

આગળના ગંગાજીના વર્ણનમાં શિવ—કે જે તૂર્યપાદ બ્રહ્મ—ત્યાંથી શ્રી જ્ઞેય-પાદના જ્ઞાન પ્રવાહ રૂપ ગંગાજી—તૂર્યની નિચેના એટલે શિવથી નિચેના જીવ લોકમાં પ્રવર્ત્ત થતાં—અર્થાત્ તૂર્ય બ્રહ્મથી નિચેના પ્રથમ તૃતીય **સમ**પાદ બ્રહ્મના **વિષ્ણુ** પદમાં આવી તે પછી **સત્ પાદ** અને તે પછી **અસત્ પાદ** પર્યંત તે જ્ઞાનરૂપ ગંગાની એક **લટ** પ્રવર્ત્ત થયેલી આદિઅંત સમજાય છે. એમ પંચમપાદ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપથી નિકળેલું બ્રહ્મજ્ઞાન તે અસત પાદ પર્યંત એક સરખી રીતે વ્યાપ્ત માન છે એમ સમજાવતી આ જ્ઞાનરૂપ ગંગાનો પ્રવાહ પ્રસિદ્ધજ છે. પ્રત્યક્ષ દર્શનથી સિદ્ધ સમજાય છે કે આ આગળથી વહેતી વહેતી ગંગા આવી કૈલાસ શિખર ફોડીને આગળ આવતાં **બદ્રિનારાયણ** પાસે થઇ મુનીઓના આશ્રમમા પ્રવેશી હરદ્વારમાં થઈ પૃથ્વી તલમાં વિચરે છે. એટલે કૈલાસ શિખરના શિવ પાદમાંથી ત્રિજા સમપાદના વિષ્ણુ—પાદરૂપ **બદ્રિનારાયણ**ના સમપાદ પ્રદેશમાં આવે છે. આ સમપાદ તે છેક નિચેના જીવ પાદના અસત્ સ્વરૂપના **વિશ્વ** નામક જીવને તો બહુજ ઉંચામાં ઉંચું લાગે એ સ્વભાવિક છે. અને **જીવ**નો છેડો **સમપાદ** વિષ્ણુ છે એટલે તેજ **નારાયણ** એટલે વિષ્ણુનું સ્થાન છે. જેથી નિચેના અસત્ પાદના પૃથ્વીપરના શાસ્ત્ર રહિત બુદ્ધિવાળા **જીવો** તો એમજ સમજે કે (આ ગંગા બ્રહ્મ લોકમાંથી એટલે નિર્ગુણ સગુણ ૐકાર બ્રહ્મ સ્વરૂપમાંથી નીકળી તે શિવપાદમાં આવી અને શિવ પાદમાંથી નારાયણના પાદમા આવી એટલે સમપાદમાં આવી એટલે સમપાદ—)બદ્રિનારાયણથી ઉંચી ભૂનિકાજ નથી કેમકે જીવની તૂર્યમાં ગતિ નથી. તૂર્ય પાદમાં જવું મુશ્કેલ છે. એટલે તૂર્યાતીત અને તૂર્ય પાદના મર્મને ન સમજતાં દૃષ્ટિગોચર વિષ્ણુના પાદથી તેની ઉત્પત્તિ માની **વિષ્ણુ પાદોદકી** નામથી ત્યાંથી આદિ માને છે. એમ સમજે છે પણ

ખરી વાત છે કે કેવળ પૃથ્વી ઉપર ઉતરતાં પહેલાં **જીવ પાદ**ના પ્રથમના સમ પાદમાંથી ઠેઠ અસત્ પાદ પર્યંત ઉતરી આવી તેથી કેવળ અસત્ પાદના જીવોને તો પોતાનાથી પરે ત્રીજા પાદના વિષ્ણુ–નારાયણના પાદનુંજ ભાન હોવાથી અને તે રૂપનાં પુરાણોમાં સમપાદ બ્રહ્મના પૂર્ણ મર્મો સમજાવ્યા પ્રમાણે ત્યાંથીજ એટલે વિષ્ણુ નારાયણના પાદમાંથી ઉત્પત્તિ માને તેમાં નવાઇ નથી. અને કેવળ અસત્ પાદના જીવોએ એમજ અનુક્રમ બાંધવો યોગ્ય છે. કેમકે અસત્ પાદના જીવોએ સત્ પાદની પ્રથમ ઉપાસના કરી પછી સમપાદના વિષ્ણુની ઉપાસના કરી તેના ઉગ્ર પુણ્યથી તે શિવપાદની ઉપાસનાના અધિકારી બનવાના છે. અને તે પછી તૂર્યાતીતની ઉપાસના કરનાર છે. ત્યારે ઠીક ઠીક ઉપાસના પરિપૂર્ણ થાય છે. સમ પાદ બ્રહ્મ–કે જે વિષ્ણુ બ્રહ્મ–તે અસત્ પાદ બ્રહ્મ રૂપ જીવાત્માઓની અધમ પામર દશાને લીધે ઘણુંજ ઉંચુ અને ઉપાસનાના જીવ પાદના ઉચ્ચ માર્ગમાં છે. જેથી તેવા લોકો તેને **વિષ્ણુપાદોદકી** માને તો પણ તેમને સમજવાને તે વાત યોગ્ય છે. કેમકે તેથી ઊચ્ચદેશ તેમને સમજાવ્યો હોતો નથી. વિષ્ણુ પાદનાં પુરાણોની રચના વિષ્ણુથીજ આરંભ કરે છે. અને તેમને તેમને તેમ લાગે છે તે તેમની દૃષ્ટિએ બરાબર છે કે સમ પાદરૂપ વિષ્ણુ પાદમાં થઇને **ગંગા** નીચે પૃથ્વી તલમાં વહે છે. પણ બદરીનારાયણમાં આવતાં પહેલાં તે (કૈલાસ) શિખરમાંથી વહીને આવે છે તે વાત જાણવાને તેને અશક્ય છે. તેજ **તૂર્ય બ્રહ્મ** શિવલોક છે. અને ત્યાં પણ તૂર્યાતીત બ્રહ્મલોકમાંથી આવી તે જ્ઞાનનો પરમ ગૂઢ મર્મ છે. પણ જેનો જેટલો અધિકાર હોય તેટલુંજ તે સમજી શકે છે. માટે અનુક્રમે અનુક્રમે આ વાત સમજવા યોગ્ય છે. વિષ્ણુના ચરણમાંથી સ્વર્ગમાં આવી અને ત્યાંથી પૃથ્વી ઉપર આવી તે વાત પણ સમજવાને ઠીક છે કારણ પૃથ્વીનું સ્વર્ગ તે અસત્ પાદ જીવ બ્રહ્મનુંજ સત્પાદરૂપ સ્વર્ગ છે. કેમકે અસત્ પાદ દેહ કોટી–અને સત્ બ્રહ્મ તે ચૈતન્ય દેહીની આત્મ કોટી છે. માટે તેને સ્વર્ગ કહેવામાં આવે તે ખોટું નથી. વળી સત્પાદ બ્રહ્મ સ્થાન તેજ દેવલોકને રહેવાનું સ્થાન છે. એટલે બદ્રિનારાયણના સ્થાનની નીચેની ભૂમિકા તપ કરવા યોગ્ય ગંગાનો કિનારો છે. માટે તપ કરવા રૂપ સત બ્રહ્મને ઓળખવાને માટેજ તેને સ્વર્ગ કહેવામાં આવે છે. તે પછી કેવળ પૃથ્વી તળ ઉપર ગંગાજી પવિત્ર જળ પ્રવાહથી વહે છે તેજ અસત્ પાદ છે એમ સર્વે વાત અનુક્રમથીજ પ્રતિપાદન કરવામાં આવી છે. એમ તૂર્ય પાદ બ્રહ્મ શિવ સ્વરૂપનો મહિમા છે. સત્પાદતે **હરદ્વાર** છે તે પણ અર્થ બરાબર છે તૂર્યપાદ જે **"હર"** તેને પામવાનું આ **સત્પાદ** તે દ્વાર છે માટે તે **હરદ્વાર** છે.

वल्ली १९ मी.

सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥

(તુર્યપાદ બ્રહ્મ તૃતીયપાદમાં આવતાં પોતાના સ્વરૂપને વર્ણવે છે કે—હુંજ સર્વના હૃદયમાં અંતર્યામી–વ્યાપકપણાથી પ્રવેશ કરીને રહેલો છું (માટે મને વિષ્ણુ કહે છે) અને મારાથીજ સર્વને સ્મૃતિ, જ્ઞાનનો ભાવ અભાવ ઉપજ્ન થાય છે. ઋગ્વેદાદિ રૂપથી હુંજ સર્વ વેદોરૂપ છું. અને પ્રતિપાદ્યરૂપ પણ હુંજ છું અને વેદાન્તનો સિદ્ધાન્ત કરનાર–વેદાન્ત સૂત્રોનો રચનાર વેદવ્યાસ સ્વરૂપ તથા વેદાન્ત સાંગ વિદ્યાસ્થાનના વેત્તા–વેદવિત્ સ્વરૂપ–તથા અનેક તપસ્વરૂપ હુંજ છું.)

આ તુર્યપાદથી નીચે–સમપાદ સ્વરૂપ મહત્તત્વ માયાના ચાર આના ભાગ મટીને નિચે ઉતરતાં આઠ આના સ્વરૂપ થાય છે એટલે માયાના આઠ આના આવરણથી બ્રહ્મ સ્વરૂપ પણ આઠ આનાજ અવશેષ રહે છે. માટે આ પાદ–માયા અને બ્રહ્મ–સરખે હિસ્સે હોવાથી **વ્યાપક** અને **વ્યાપ્ય**ના સમપણાથી **સમ** પાદ બ્રહ્મ કહેવાય છે. અહિંયાં માયા પુરૂષની સમાનતાથી માયા પોતાના સ્વભાવરૂપ 'મોહમાં' બ્રહ્મ પુરૂષને દબાવે છે. માયા અર્ધાઅર્ધ ભાગ હોવાથી આ સ્થાનને **પ્રકૃતિનું** સ્થાન કહેવાય છે. જેથી માયા રોમરોમાંચમાં ભરેલા મોહ રૂપના આવરણથી બ્રહ્મ પુરૂષના બલને ખેચી મોહી રૂપ બનાવે છે. જેથી આ **પાદને** શાસ્ત્રમાં બુદ્ધિના આંતરમાં સ્થિત એવા હિરણ્યગર્ભ–અંતર્યામિ–મોહન કહેવાય છે–માયાનો સમાન હિસ્સો હોવાથી પુરૂષ બ્રહ્મનું સ્વરૂપ આગળ પડતું નથી. મોહ કરનાર અથવા મોહમય અથવા મોહ–ન હોવારૂપે સત્વગુણી બ્રહ્મ છતાં મોહન નામવાળો મોહ સ્વરૂપ દૃષ્ટિમાં આવે છે–માટે આ સ્થાન પ્રપંચનુ મૂળ છે–અને દબાયેલો મોહી હોવાથી માયામાં મોહના આવેશરૂપે સુષુપ્તિના કારણરૂપ દેહથી સુષુપ્તિરૂપ ભોગને ધારણ કરતો સમજાય છે. અને તેથીજ આ સમપાદનો બ્રહ્મ સુષુપ્તિવત્ સુતેલોજ શેષશાયીરૂપે કલ્પાય છે. આ માયાના અંધકારમાં મોહથી આરૂઢ થયેલો પોતાના અંતરથી બ્રહ્મ સ્વરૂપે જાગૃત છતાં પણ બાધિત માયાનો ત્યાગ કરી શકવાને શક્તિમાન થતો નથી એટલે માયામાં પ્રવેશ કરી માયા રૂપથી સર્વે કાર્ય કરતો હોય એમ પોતે માયા રૂપેજ જણાય છે–અને યુક્તિમાં પણ આ **પ્રકૃતિનુંજ** સ્થાન છે. માટે આ સ્થાન પ્રકૃતિ રૂપેજ કહેવાય છે. માયામાં તદ્રૂપ પ્રવેશ કરવા પણાવડે આ સ્થાનનો બ્રહ્મ પુરૂષ **विशति–प्रवि-**

સમબ્રહ્મ સમપાદ વિષ્ણુ સ્વરૂપનું વર્ણન.

शतीति विष्णुः । વા **विष्णुःव्यापकम् इति** એમ **અર્થ સત્તાત્મક વિષ્ણુ** નામ પણ આ સ્થાનનું સિદ્ધ સમજાય છે. પ્રવેશ કરીને રહે છે એટલે પ્રવેશ કરવાની વસ્તુની સાથેજ તદ્દરૂપ પ્રવેશ પામેલો એમ થાય છે—તથા વ્યાપક એટલે વ્યાપ્ય વસ્તુ—જગત્ વા માયા તેમાં તદાકાર લુપ્ત બનેલો તે વ્યાપક છે જેમ ખાંડમા મીઠાશ. પુષ્પમાં સુગંધી—અગ્નિમાં ઊષ્ણતા—ચન્દ્રમાં શિતળતા વિગેરે વ્યાપ્ય વ્યાપકભાવ એકાકાર સબંધમાં તે વ્યાપ્યમાં વ્યાપક તદ્દરૂપ છે. એક દૃષ્ટિએ વ્યાપક છે તથા બીજી દૃષ્ટિએ વ્યાપ્ય છે. માટે **વિષ્ણુ** છે—આ સમભાગ માયાના સબંધથી માયારૂપ કાર્યો કરનારો અને માયાથી મોહ ઉપજાવનારો પણ છેજ. માયાવી કાર્યના નેતારૂપે છતાં પોતેજ માયારૂપ જણાય છે. તેથી માયા કાર્ય જગતમાં તેની મહત્તા મોટી મનાય છે. આ સ્થાન દેહાભિમાન રૂપકાર્યમાં કારણ રૂપના સમપણાથી આ પાદને **समपाद** કહેવાય છે અને તે **વિષ્ણુ** નામથી સર્વદા પ્રસિદ્ધ છે—જેથી મોહના આવેશવાળા મોહક પદાર્થને મેળવનારા મોહાધત્વને પ્રાપ્ત થયેલા જીવો આ પાદથી મોહક વસ્તુની પ્રાપ્તિ માટે આ સમ પાદની ઉપાસના કરે છે તે જીવ છે.

सत् પાદ સ્વરૂપ સૂર્યબ્રહ્મનાં લક્ષણ અને સ્વરૂપ.

આ સમ બ્રહ્મ પાદથી નિચે માયા પોતાના આઠ આનાથી ઊતરી બાર આના રૂપ ધારણ કરે છે. એમ માયા બલવાન થાય છે. એટલે આ સ્થાનનો પુરૂષ માત્ર ચાર આનાના સ્વરૂપથી રહે છે—જેથી આ પુરૂષને પોતાની સ્વતંત્રતાના પ્રકાશમાં સ્વપ્ન દશાના ભોગરૂપ—આ માયા સ્વપ્ન અવસ્થા ભોગવાવે છે. પુરૂષ કહેવાતો છતાં પોતાની સત્તા નથી જેથી સ્વપ્નભાસ સમાન આ પુરૂષ છે. દિવસ રાત્રીના મધ્યમાં તથા અજ્ઞાન જાગૃતી અને સુષુપ્તિના મધ્યમાં માત્ર પુરૂષત્વની સત્તા સ્વપ્ન સમાનજ જણાય છે. માયાના બાર આના બળથી મોહના ભંડારરૂપ જગત્ અવિચ્છિન્નરૂપે જોવાતું અને ભોગવાતું રહેતાં કર્ત્તાપણાની ભાવનાથી વિરાટરૂપે સ્વપ્નવત્ જગત્ રચતો પોતાની સત્તાને સ્વપ્ન સમાનજ જાણે છે. અને સ્વપ્ન દશાથી કર્ત્તાના સાભિમાનવાળી જ્ઞાનહિનતા ભોગવે છે. રજોગુણ રૂપથી સર્વ જગત્નો પિતા હોવા રૂપ **દેહી** ભાવનાનું અભિમાન સદોદિત ઝળકતુંજ રહે છે કર્મનો અભિમાની છે—જેથી કર્મરૂપ જગતને પ્રકાશ કરે છે માટે આ સ્થાનને **सूते-प्रकाशते** વા **सरति** ઇત્યાદિક ધાતુ પાઠની અર્થ સત્તાથી સિદ્ધ થતો આ રજોગુણી કર્માધ્યક્ષ પ્રજાપતિ **सूर्यब्रह्म** કહે છે. ઉપરના **सम**પાદનો સત્વગુણી વ્યાપક પુરૂષ વ્યાપ્યમાં સમાયેલો અને સમાન સ્વરૂપે હોવાથી જ્ઞાતાનેજ સમજાય છે. કેવળ માયાવીને અવિદ્યમાન સ્પષ્ટ દર્શનરૂપ નથી. પણ આ **सत्** પાદનો પુરૂષ તો માયાની બાર આના સત્તાથી

તથા **सूर्यआत्माजगतस्तस्थूषश्च** શ્રુતિથી કર્મ અધિષ્ઠાન રૂપે લોક સમૂહને દર્શનરૂપ-એટલે કેવળ ચૈતન્યરૂપ છતાં રજોગુણી માયાની માયાવી મોહિક સત્તામાં દૃશ્યરૂપથી દૃશ્યરૂપનો અભિમાની ચેતન. પ્રકાશક **જીવ** રૂપે સિદ્ધ ઠરે છે-આ તે જગતનો આત્મા અવશ્યમેવ પ્રત્યક્ ભિન્ન ચૈતન્ય સ્વરૂપે દેહીજ-છે-આ પાદને **सत्** પાદ કહે છે-કેમકે ચાર આના પુરૂષ હોવાથી અસત્ જગતનો કર્તા રૂપથી **सत्** રૂપ અંશ છે ખરો. તેમ શ્રુતિ પણ સિદ્ધજ સમજાવે છે કે **सदेव सौम्येदमग्र आसीत्** શ્વેતકેતુ પ્રશ્ન કરે છે કે સૃષ્ટિ પહેલાં શું હતું તેનો જવાબ ગુરૂ આપે છે. કે આ સૃષ્ટિ પહેલાં અદ્વિતીયરૂપ **सत्** હતું એટલે આ ઉપરથી સાબીત થાય છે કે આની નિચેનો પાદ તે જગત્ છે તે **असत्** છે અને આ પાદનું નામ **सत्** પાદ છે-શ્રીમત જગદ્‌ગુરૂ શંકરાચાર્યમહારાજે પણ **बुद्धौगुहायां सदसद्विलक्षणं** આ શ્લોકમાં બુધ્ધિ ગુહામાં વ્યાપક સ્વરૂપ વિષ્ણુના, સાક્ષીના અને તૂર્યાતીતના સ્વરૂપને અનુક્રમે વર્ણવતાં સત્ અને અસત પદથી વિલક્ષણ એવા ત્રિજાપાદ ચોથાપાદ અને પંચમપાદનું સ્વરૂપ બતાવ્યું છે માટે આ સ્થાને દ્વિતીય પાદનું નામ **सत्पाद** બ્રહ્મ કહેવાય છે. અને આએ પણ જીવ છે.

શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે **नासतो विद्यते भावो नाभावो विद्यतेसतः** **અસત્**ને ભાવ નથી અને **સત્**નો અભાવ નથી. એટલે આ બન્નેના વિલયને દર્શાવતાં આગળ **उभयोरपिदृष्टोन्तस्त्वनयोस्तत्वदर्शीभिः** આ બે જેમાં લય જાય એવો બેનો **सम** રૂપ ઊભય યોગરૂપ બ્રહ્મ જેને તત્ત્વદર્શી જનો જાણે છે. આ મંત્રમાં **અસત્પાદ-સત્પાદ-અને-સમપાદ** આ ત્રણેની સૂચના છે. તે વિવેકી જનોને જ્ઞાતજ છે. વિશેષ ખુલાસો પંચદશીકારે પંચભૂત વિવેકમાં વર્ણવેલો છે.

હવે આ **सत्** પાદની નિચે-નિચેથી ગણતાં પહેલો અને ઉપરથી ગણતાં પાંચમો પાદ તે આ **असत्** પાદ બ્રહ્મ છે. આ પાદમાં પુરૂષ સંજ્ઞા બીલકુલ ગુપ્ત થાય છે-કેમકે **सत्** પાદમાંનો જીવબ્રહ્મ અહિંયાં પોતાના **દેહી** સ્વરૂપનો ત્યાગ કરી કેવળ કલ્પિત માયાના દેહરૂપજ **असत्** સંજ્ઞાથી સ્પષ્ટ દર્શનમાં આવે છે એટલે આ ઉપરની બાર આનારૂપ માયા અહિંયાં સોળ આનારૂપ પૂર્ણ પોતાના સંપૂર્ણ બળરૂપથી જગત્ વા દેહ ભાવનાને પામી જાય છે. તેજ જગત્ આ માયાનું તમો સ્વરૂપ હોવાથી આ માયાને **રૂદ્રદેહા** પણ કહેવામાં આવે છે. આ અજ્ઞાનની જાગૃતીનો કાળ ગણાય છે તેથી આ સ્થાનનો પુરૂષ કેવળ શૂન્યત્વને પામી. જીવસંજ્ઞામાં કેવળ અસત્ બ્રહ્મરૂપે શરીરના નામથી ઓળખાણવાળો

બને છે. જ્ઞાન જાગૃતીનો અંશમાત્ર હોવાથી કેવળ માયાનું મોહસ્વરૂપજ અને **અહં** સ્વરૂપ **અહંકાર** અજ્ઞાન જાગૃતી સ્વરૂપે સ્વતઃ સિદ્ધ ઠરે છે. મોહ-આ સ્થાને સ્થૂલ થતાં સ્થૂલ દેહાત્મક કેવળ દૃશ્યત્વને પામી માત્ર સ્થૂલજ રૂપ અસત્બ્રહ્મ દૃષ્ટિમાં આવે છે. શુદ્ધ **ચેતનતાનો** જીવભાવ **સ્થૂલાભિમાની** રૂપે કેવળ **વિશ્વ** નામક જીવ બનતાં જીવપણું પણ ભુલાય છે અને બાહ્યદૃષ્ટિના સ્થૂલ મોહમાંજ વીંટલાતાં કેવળ સ્થૂલ બુદ્ધિથી ભ્રમણ કરે છે. પોતાને જીવ પણ માનતો નથી પણ હું બ્રાહ્મણ છું. હું ક્ષત્રી વૈશ્ય શૂદ્ર છું હું સુખી છું હું દુખી છું મારૂં નામ અમુક છે. એવી (દેહ) આત્મિક સંજ્ઞાવાળો બને છે અને પોતાને સ્થૂલરૂપ **જીવ** માનતો દેહરૂપ સ્થૂલ ધર્મમાં સ્થૂલ બુદ્ધિવાળો સ્થૂલ કર્મમાંજ રમતો સ્થૂલ રૂપજ જાણે છે અને પોતાને દેહના મોહમય, માનમય, મમતામય, ક્રોધમય, કામમય, લોભમય, હર્ષશોકમય, સુખદુઃખમય, રાગદ્વેષમય આદિ દ્વંદ્વોના અનેક ભાવોથી જોડાયેલો જાણી માયાની સંપૂર્ણ સત્તામાંજ પોતાના સત્ય સ્વયં ભાનને ભુલી માયા સ્વરૂપે રમે છે અર્થાત્ સ્વયં બ્રહ્મજ દેહરૂપથી સત્તારૂપે દેખાય છે એમ આ અજ્ઞાન કલ્પિત માયામય બ્રહ્મની જગત્ રૂપની દેહરૂપ સ્થિતિ તે **અસત્** પાદબ્રહ્મ છે અને આ અવિદ્યાના તમોગુણમય હોવાથી **અવિદ્યા** સ્વરૂપજ ગણાય છે. આ પાદનું વર્ણન કરી શકાતું નથી કેમકે વાસ્તવિક રીતે **પંચમ-પાદબ્રહ્મમાં** માયાનું સ્વરૂપ કલ્પનારૂપે છે. ત્યાં તો બ્રહ્મજ સિદ્ધ છે તે આ સ્થાનમાં એવી સ્થિતિ ઉપર આવી જાય છે કે તે બ્રહ્મ કલ્પનારૂપે આ દૃશ્યરૂપ અસત્ રૂપ દેહજ થઈને કેવી રીતે શક્તિસ્વરૂપ ભાસે છે એ વિચાર કરવો

અસત્ પાદ શક્તિ-બ્રહ્મનું દેહ કે જગત સ્વરૂપ છે.

કઠીણ થઈ પડે છે એટલે આ **અસત્** પાદને **શક્તિબ્રહ્મ** કહે છે. **શક્યતે अनया इति शक्तिः ।** જેના સ્વરૂપનું વર્ણન કરવાને કોઈ શક્તિમાન નથી એવું **अघटित घटनापटियसिमाया** એવા કોઈ વિચિત્ર પ્રકારનું સ્વરૂપ તે આ **શક્તિ** સ્વરૂપથી બ્રહ્મ છે તેથી આ પાદને **અસત્** પાદ સ્વરૂપથી વર્ણવાય છે. એમ **અસત્** પાદ બ્રહ્મ તે દેહ અથવા જગત્ અથવા **શક્તિબ્રહ્મ-સત્** પાદ બ્રહ્મ તે દેહિ અથવા જીવ અથવા આત્મા અથવા **સ્વબ્રહ્મ-સમ**પાદ બ્રહ્મ તે વ્યાપક અંતર્યામી મુમુક્ષુ આત્મા અથવા **વિષ્ણુબ્રહ્મ** આ ત્રણ માયાના આઠ આના પર્યંતના ભાવથી માયા વેષ્ટિત (**જીવ**) સંજ્ઞાવાળા છે તેથી **પરે** ચોથો **તુર્ય**પાદ બ્રહ્મ તે ચાર આના માયાનો સાક્ષી દૃષ્ટા-છતાં નિર્મોહી **ઈશ્વર** અથવા **શિવ** કોઈક રીતે નિર્ગુના ત્રિપાદ જીવોનું અનુક્રમે પાંદથી ઉપાસ્ય—[illegible] છે. વાસ્તવિક તો ચાર આના માયાનું સાક્ષત્વ હોવાથી તેનો આ સાક્ષી છે એટલે પૂર્ણપદરૂપ માયાના

વિકારથી રહિત જેવું જોઇએ તેવું નિર્વિકાર પદ આ નથી. તેથી પૂર્ણપણે **ઉપાસ્ય** ગણાય નહિં. આ પાદ યોગીજનોને રહેવાનું સ્થાન છે. માટે તેથી પરે તૂર્યાતીત–માયાથી રહિત, માયા જેમાં કલ્પનારૂપે અવ્યક્ત ગણાય. તે **પંચમ**પાદ **પૂર્ણ**પાદ વા **સ્વાનંદ**પાદ બ્રહ્મ, સગુણ નિર્ગુણ સમાનાત્મક અભેદાત્મક (સહિત રહિપણાના અભેદથી) ૐકારસ્વરૂપ–ૐકારાકૃતિ **ૐ—ગણેશ** કે **ગણપતિ** સગુણ કહો તો સગુણ **બ્રહ્મ** અને નિર્ગુણ કહો તો નિર્ગુણ **બ્રહ્મ–અને** સહિત રહિતપણાથી પણ પોતે–જીવોનું (**અસત્ સત્ સમ**) અને (**તૂર્ય**) ઇશ્વરનું એમ જીવ ઇશ્વર–સર્વનું ઉપાસ્ય છે–તેજ **પૂર્ણ** સ્વરૂપ છે–અહિંયાં બ્રહ્મ પૂર્ણ સ્વયં પ્રકાશ છે અને તેજ છેલ્લા નિચેના **અસત્** પાદમાં માયા પૂર્ણ દૃશ્ય, અને અવિદ્યા અજ્ઞાન કલ્પિત સ્વરૂપે છે–એમ આદિ અંત પોતેજ છતાં પોતેજ પોતાની સત્તારૂપે છતાં અજ્ઞાનીને માત્ર દેહરૂપથી જણાય છે–

જેમ મહાસાગર રૂપ અખંડાકાર અભેદત્વપણાને પામેલું **મહાજળજ** સૂક્ષ્મમાં સૂક્ષ્મ યોગથી **વરાળ** રૂપે હવામય થાય છે. તે પછી વરસાદ રૂપમા નિચે ઉતરતાં **વરસાદ** રૂપે જળ સમુહથી દર્શાય છે. અને તે પછી પણ નિચે ઉતરતાં પવનરૂપ માયાના સપાટાથી સમુહ–સમરૂપ ટળીને **ફોરાંફોરાં** (બિંદુ) રૂપે દૃષ્ટિમાં આવે છે. અને તેજ ફોરાં **પરપોટા** રૂપે ભાસે છે. એમ મહાસાગરનું જળજ પરપોટારૂપે ભાસે છે, એવો આ વિચિત્ર **બ્રહ્મવિલાસ** માત્ર છે. **તૂર્યાતીત** પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદ ૐકાર તે **મહાસાગર** સ્વરૂપ છે. **વરાળ**સંજ્ઞારૂપ **તૂર્યબ્રહ્મ** શિવ છે. **વરસાદ** રૂપ જળની સમુહ રૂપ સંજ્ઞા તે **વિષ્ણુબ્રહ્મ** વ્યાપક છે. **ફોરાંફોરાં** રૂપ સંજ્ઞા તે **સત્બ્રહ્મ** અથવા દેહી (જીવ) સૂર્યબ્રહ્મ છે. અને **પરપોટા** સ્વરૂપે તેજ **અસત્બ્રહ્મ**–અથવા દેહરૂપ વિશ્વ નામક **શકિતબ્રહ્મ** છે. એમ પાંચપાદ રૂપથી પોતે બ્રહ્મજ દેહરૂપે ભાસે છે. મહાસાગરનું જળજ જેમ રૂપાંતરને પામતાં પરપોટારૂપ ભાસે અને તેમા વાયુનો ઇસારો લેવાય તેમ બ્રહ્મજ–દેહરૂપે ભાસતાં માયાનો ઇસારો લેવાય છે. પણ જળજ જેમ પરપોટો છે તેમ બ્રહ્મજ દેહરૂપથી ભાસે છે. પણ તેમાં જળ જેનારની દૃષ્ટિ સાચી છે અને પરપોટો જેનારની દૃષ્ટિ સાચી નથી. તેમ બ્રહ્મ જેનારની દૃષ્ટિ સાચી છે દેહ જેનારની દૃષ્ટિ સાચી નથી. જ્ઞાની બ્રહ્મદૃષ્ટિથી જુએ છે ત્યારે અજ્ઞાની દેહદૃષ્ટિથી જુએ છે. એમ અજ્ઞાનીનો દેહ તેજ જ્ઞાનીનો પરમાત્મા છે. મહાસમુદ્રનું જળ પરપોટારૂપે ભાસતાં પણ જળરૂપે સિદ્ધ છે. છે. તેમજ પરમાત્મા પરબ્રહ્મજ દેહરૂપે ભાસતાં પણ બ્રહ્મરૂપેજ સિદ્ધ છે. એમ તૂર્યાતીત પણ તેજ–તૂર્ય પણ તેજ, વ્યાપક પણ તેજ–દેહી પણ તેજ–અને દેહ પણ તેજ છે જેતાં વિચારતાં આવડવું જોઇએ—

પાંચે સ્વરૂપે અભેદ છે—મૂર્તિ અમૂર્તિ અભેદ સમજવાને વ્યતિરેકાન્વય લક્ષણ ગુરૂમુખ કરવું.

એમ આ કેવળ જગત્ અથવા દેહરૂપ **અસત્ બ્રહ્મ શક્તિ બ્રહ્મ**જ—પૂર્ણબ્રહ્મની સ્વયં સત્તાથીજ વા શક્તિરૂપથી જગત્ ભાવમાં પરિપૂર્ણ દેહરૂપે પ્રત્યક્ષ દર્શનરૂપ છે. છતાં તે ૐકાર સ્વરૂપ પરમાત્માજ છે. તે અભેદરૂપે સત્ય છતાં પણ દેહસ્વરૂપ અસત સ્વરૂપના ભેદ સિદ્ધાન્તથી સમજવા વાળા ભેદરૂપે સમજે છે. તોપણ અભેદજ ભેદરૂપે દેખાય છે. માટે વાસ્તવિક તો તે પોતાનો પોતે અભેદજ છે. આ અમૂર્ત મૂર્ત અભેદ સ્વરૂપ ૐકારજ આદિ, મધ્ય અને અંત પર્યન્ત પોતેનો પોતેજ છેક મૂર્તસ્વરૂપે એટલે દૃશ્ય સ્વરૂપે બહિર્ભાવથી દૃષ્ટિમાં આવે છે, છતાં પોતે તો મૂર્તામૂર્તસ્વરૂપે અભેદજ છે—આ સમજવાને માટે **વ્યતિરેકાન્વય** લક્ષણા ગુરૂમહારાજ પાસેથી શિખવામાં આવી હોય તો પછી ભ્રાન્તિ રહેવાની નથી. એટલે નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મ જે પરમાત્મા ૐ કહેવાય છે–તેજ તૂર્યબ્રહ્મ–ઈશ્વર અને તેજ સમબ્રહ્મ–સતબ્રહ્મ, અને અસત્ બ્રહ્મસ્વરૂપે પણ પોતેજ છે. અર્થાત ઉપરની યોગ્ય યુક્તિથી સમજનારને સમજાય છે કે, ઉપાધિવશપણાથી તે સંપૂર્ણ સામ્રાજ્ય સત્તાવાળો–સાર્વભૌમ પોતેજ ૐસ્વરૂપ તે કેવળ માયિક સ્વભાવવાળો **ઈશ્વર**—અને તે પછી માયારૂપ **જીવ** કહેવાતો અંતે સ્વત: માયામય **દેહરૂપથી** ભાસે છે. એમ યાવત સ્થૂલ, સૂક્ષ્માદિ, સ્થાવર જંગમાદિ, જડ ચૈતન્યાદિ, યતકિંચિત્ દૃશ્યા દૃશ્ય. તમામ તે કેવળ બ્રહ્મસ્વરૂપતાથી કેવળ બ્રહ્મરૂપજ—અને માયાસ્વરૂપથી કેવળ દેહ કે જગતરૂપેજ ભાસી રહે છે. હવે દેહ કે જગત્ દૃષ્ટિથી જુએ તો તેને દેહ કે જગતજ ભાસે છે–અને બ્રહ્મ દૃષ્ટિથી સદ્ગુરૂકૃપારૂપે સદ્ગુરૂની બતાવેલી યુક્તિએ અથવા સમજણથી જુએ તો બ્રહ્મરૂપજ સિદ્ધ ઠરે છે. આમાં ખંડન મંડન કાંઇપણ કરવાપણું રહેતું નથી. એમ આ પાંચ પાદ અને પાંચ માત્રાના સ્વરૂપે બ્રહ્મથી જગતપર્યંતનો આવિર્ભાવ “પંચાત્મકસ્વરૂપે” વા “પંચાયતન સ્વરૂપે” વા પાંચપાદસ્વરૂપે–સ્વત: સિદ્ધજ છે. અને તેજ આ વૈદિક ઉપાસનાની રીતે ૐકારસ્વરૂપ **ગણેશ, શિવ,** વિષ્ણુ, સૂર્ય અને શક્તિ નામાત્મક અર્થ સત્તાયુક્ત ભાવવાળો પોતેજ ૐકાર છે.

वल्ली २० मी.

यत्राज्ञानाद्भवेद्द्वैत मितरस्तत्रपश्यति
आत्मत्वेन यथासर्वं नेतरस्तत्र चाण्वपि. अपरो० ।
यत्राहि द्वैतमिव भवति तदितर इतरं पश्यति ।
तदितर इतरं शृणोति । तदितर इतरमाभि वदति ॥ बृहदा० ।

જ્યારે અજ્ઞાન અવસ્થામાં પોતે દ્વૈતરૂપ થાય છે. ત્યારે સર્વને દ્વૈતરૂપ જુએ છે. અને જ્યારે સર્વને આત્મપણા વડે જુએ છે-ત્યારે અન્યને અણુમાત્ર પણ અન્યરૂપે જોતો નથી.

આ માત્રા રૂપના ભેદો જીવ-ઈશ્વિર અને બ્રહ્મની ઐક્યતા સમજાવવાને યોગ્ય વિધિ રૂપ છે. તેમજ સૃષ્ટિ સમષ્ટિના આ પાંચે નામવાળાનો અભેદ માત્રા સાથે ઉપાસ્ય રૂપથી મેળવવાનો વિધિ એકાક્ષરી કોષની સંજ્ઞા પ્રમાણે પણ બૃહદ્દગર્ગ સંહિતામાં નિચે પ્રમાણે છે.

अकारो वासुदेव स्यात् उकारस्तु महेश्वरः ।
मकारः सूर्य इत्युक्तः शक्तिर्नादात्मिका मता ॥
बिन्दु रुपो गणेशस्यात् ॐकारः पंच दैवतः ।

ૐકારની **અ**કાર માત્રા તે વિષ્ણુ સ્વરૂપ છે. ૐકારની **ઉ**કાર માત્રા તે મહેશ્વર એટલે સદાશિવ સ્વરૂપ છે ૐકારની **મ**કાર માત્રા તે સૂર્ય સ્વરૂપ છે. ૐકારની **નાદ** માત્રા તે શક્તિ સ્વરૂપ છે. અને તે સર્વે માત્રાઓ જેમાંથી વિકાસને પામે છે. એવી સર્વેના આદિ મૂળરૂપ **બિન્દુ** માત્રા તે (ૐકાર સ્વરૂપ) ગણેશ છે એમ ૐકારમાં પાંચ દેવ સ્વરૂપ અભેદ છે. આ એક પ્રકાર જુદા-રૂપકથી ગોઠવાયેલો છે. પણ પંચાયતન સ્વરૂપની ૐકારની પાંચ માત્રાની સમતા તો અભેદરૂપે સ્વીકારેલી છે તેથીજ આપણને સ્વરૂપની યોજના સમજવાને ઠીક ઠીક છે. પણ તેની માંડુક્યની શ્રુતિ પ્રમાણે જીવ ઈશ્વિર અને બ્રહ્મ સ્વરૂપની અનુક્રમ યુક્તિ નથી. છતાં ભક્તજનોના સમાધાનને માટે પાંચ પાદ રૂપ પાંચ માત્રા રૂપ પંચાયતન ૐકારજ છે એમ તો સિદ્ધજ ઠરે છે.

સનાતન વૈદિક ધર્મની સત્ય શ્રેણી સગુણ નિર્ગુણ અભેદ ૐકાર પરબ્રહ્મ પરમાત્માના પંચાયતન સ્વરૂપમાં ઐક્યતાના અનુક્રમથી ગણેશ-શિવ-વિષ્ણુ. સૂર્ય અને શકિત-સ્વરૂપ સિદ્ધ છે. આમ પંચાયતનની અભેદતાએ ઉપાસના કરવી. પછી પોતે આ પાંચમાંના ગમે તે નામથી ઇષ્ટ માનતા હોય તેને મધ્યમાં મુકી અનુક્રમે ચારને ચાર બાજુએ મુકી પૂજા કરવી. એટલે સનાતન ધર્મની મર્યાદાએ પંચાયતન અભેદતાથી ૐકારની વૈદિક ઉપાસનાનો યોગ થાય છે—

પણ આધુનિક કાળમાં આ **ગુર્જર** પ્રદેશમાં વિશેષ પ્રબલતાએ **વિષ્ણુને** માનનારા—તથા **શિવને** માનનારા પુરૂષો છે. ગાણુપત્યો સૌરોશાક્તો છે ખરા—પણ તેમનો ઊહાપોહ કે સ્પર્ધા નથી. માત્ર આ ઊભયમાં જણાય છે છત. પણ શાસ્ત્રમર્યાદાની રીતિએ વૈદિક પંચાયતનની રિતી માત્ર સર્પના લીટાસમાન માનનારાઓ સનાતન ધર્મમાં છે. તથા કંઈ કંઈ રામાનુજાદિક વા રામાનંદી પંથને માનનારાઓને ત્યાં પણ હોય છે—એમ જણાય છે. પણ આ સનાતન વૈદિક ધર્મ સંબંધી વિચારોના આચાર્યો ગણાતા પૈકીના **શ્રીવલ્લભાચાર્ય** સૌથી છેલ્લામાં છેલ્લા થયા—જેથી આધુનિક પ્રચાર તેમનોજ દીઠામાં આવે છે—અને તેઓએ સમપાદ **વિષ્ણુ** મહારાજના કૃષ્ણાવતારના—પુરાણોક્ત સ્વરૂપથી **સ્વદેશ** બંધુઓમાં ભક્તિ પ્રભાવ ફેલાવી કેવળ સનાતન વૈદિક ધર્મની **અર્થ સત્તાત્મક** અનુક્રમ ઉપાસના અને વૈદિક પંચાયતનની અભેદતા ગુપ્ત કરી આગ્રહીજ **કૃષ્ણની** ઉપાસનારૂપે પુરાણોક્ત ઉપાસના બળવત્તર પ્રસરાવી છે. અને તે આગ્રહી છે. એમ સત્ય કહેવાથી તેઓ આપણા શત્રુ થનાર નથી. પણ લોક સમુહમાં સનાતન વૈદિક ધર્મનો સૃષ્ટિના આરંભકાળથી ચાલતો આવેલો અભેદ પંચાયતન ઉપાસના પ્રકાર ડુબ્યો છે. અને પોતાનો પ્રાચીન યોગ આવો છે એમ સમજાવવાની તો ખાસજ જરૂર છે. અને બેશક—વિષ્ણુ—પણ પરમાત્માનું વ્યાપક પાદ છે તેમાં ન્યૂનતા નથી. છતાં વૈદિક સનાતન રીત્ય વિષ્ણુ પંચાયતનનું ધોરણ ન રાખતાં પાંચેમાં એક સમાન સદ્ભાવ પણ રખાવ્યો નહિં. એ બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્રોએ જાણવું તો જોઇએ કે, આ પાંચે પાદનાં નામ **અર્થથી** અને **સત્તાથી** ઊત્તરોત્તર—પંચપાદરૂપે—પંચાયતન સ્વરૂપે અનુક્રમે ચઢી આવવાને જીવોને જાણવા માટેજ છે—તે મર્યાદા તોડીને એકજ પક્ષ અને માત્ર આગ્રહ સમજાવી વાડાના બંધારણનો ગુપ્ત મર્મ ઉઘાડો ના પાડી સનાતન ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજાના હૃદયમાં અજ્ઞાનતાનો સડો ઊભો કીધો છે. તે વૈદિક સનાતન ધર્મની કુલ સત્ય શ્રેણીમાં કલ્યાણરૂપ નથી એમ પ્રજાજન સમજતાં આ ચાતુર્વર્ણ્ય પ્રજા પોતાના સત્ય માર્ગની શુદ્ધ શોધમાં લક્ષવાળી થાય. એ મતલબને ખાતર આ સત્યજ બતાવવું પડે છે. ભલે—વિષ્ણુને ઇષ્ટ માનો અને વિષ્ણુ પંચાયતન રાખો. મૂર્તિપૂજાને માટે તો અટકાવ કરવાની જરૂર નથી—તેમ પ્રભુ સર્વમાં રહેલો છે—માટે સર્વ કોઇનો ઉપાસ્ય છે—અને ભક્તિમર્યાદા સર્વ કોઇને માટે છે—આ ૐ અર્થસત્તાવાળો પરમાત્માનો વાચક શબ્દ તેની દૃશ્ય પર્યંતની અભેદતાથી દૃશ્ય અભેદ મૂર્તિઓ માની તેની પૂજા કરીએ છીએ એમ સાચું સમજશો તો કોઇક દિવસ આગળ

પંચસ્વરૂપ પંચાયતનમાં અભેદ બુદ્ધિ ધારણ કરવાની જરૂર છે.

વધશે એવા સ્વદેશ અને સ્વધર્મ ઊન્નતિના વિચારને ખાતર આ સત્ય લખવાની જરૂર છે-બાકી વિષ્ણુને માનનારા વૈષ્ણવો પણ આપણા સગા ભાઇઓ છે-એટલુંજ નહિં પણ આપણા સનાતની એક ધર્મિ ભ્રાતૃઓ છે-છતાં શાસ્ત્રાધારે તેમનાથી થતી ભુલો તેમને સમજાવવી એ પરમ ધર્મજ છે. હજી એ ટલો સંતોષ છે કે-અગર જો પુરાણોક્ત વિષ્ણુસ્વરૂપ શ્રીકૃષ્ણનીજ આગ્રહપૂર્વક પણ તેઓ પૂજા કરે છે છતાં તેઓને ઘેર જ્યારે જ્યારે પણ કંઈ શુભાશુભ કર્મ કરાવવાનું આવે છે. ત્યારે સનાતની વૈદિક ધર્મના બ્રાહ્મણો અને પુરોહિતો તો તેઓને અવસ્યજ વૈદિક રિતી પ્રમાણે પુરાણોક્ત મંત્રોથી પણ પંચાયતન પરમાત્માનુંજ પૂજન કરાવે છે. કેમકે પુરાણોક્ત કર્મના અધિકારીને પુરાણોક્ત મંત્રોથી પૂજા કરાવવી છતાં તે વેદોક્ત વિધિ છે. કેમકે પુરાણોક્ત વિધિનો સમાવેશ વૈદિક વિધિમાંજ છે. આ સત્ય વાત સમજાવવા યજમાનોનું લક્ષ ખેંચ્યું હોય તો કોઇપણ દિવસ તે ઊચિત માર્ગે ઊતરે અને અન્ય ભાઈઓને ઊતારે એ માટે આટલું જણાવવાની જરૂર પડી છે. માટે ભાઇઓ !!! આ ખુલાસારૂપ આરસીમા તમો જોશો તો સત્ય વેદનું રહસ્ય તમને માલમ પડશે. અને તે માર્ગ તમો પકડી પોતાના કલ્યાણને માટે યત્ન પણ કરશો-અર્થ અને સત્તાથી નીચેનો અસત્ પાદ તો-**શકિત** નામાત્મક બ્રહ્મ છે. તે **શક્તિ** નામમાં અર્થ અને સત્તાથી જે દૃશ્ય અભેદ દેહ ભાવ છે તેના કરતાં અર્થમાં અને સત્તામાં પરે એવો સત પાદનો **સૂર્ય** નામાત્મક બ્રહ્મ છે. અને તેને સમજવાની યુક્તિમાં **દેહ**-અને આ **દેહિ**-એટલે **શકિત** સ્વરૂપ દેહ-અને **સૂર્ય** સ્વરૂપ તેનો દેહી-છે. આ બન્ને અર્થસત્તાત્મક બ્રહ્મથી પરે એટલે અર્થથી પણ ઊંચા ભાવવાળો અને સત્તામાં પણ ઊંચા ભાવવાળો. દેહ દેહી જેમાં લય જાય અથવા જેમાંથી ઊત્પન્ન થાય છે-એવો **વ્યાપક**પણાનો સમભાવ તે સમપાદ રૂપે વ્યાપક વ્યાપ્યના અભેદ સ્વરૂપે અંતર્યામિત્વથી **વિષ્ણુ**-તે શબ્દ બ્રહ્મ છે. આ ત્રણે શબ્દ બ્રહ્મોના અર્થથી અને સત્તાથી પણ ઊંચા ભાવવાળો કે જેમાં અંતર્યામિત્વપણું. દેહીપણું અને દેહપણું વિલય જાય અને ઊત્પન્ન પણ થાય.-એવો ત્રણ શબ્દ (દેહ-દેહી-વ્યાપક)થી પરે એવો **સાક્ષી** ભાવવાળો તૂર્યપાદ રૂપ **નેતિબ્રહ્મ** અથવા **શિવબ્રહ્મ**-કે જેનો અર્થ કલ્યાણસ્વરૂપ રૂપેજ સિદ્ધ સમજાય છે. એટલે દેહ-દેહી અને વ્યાપકપણાની-માયાની વ્યાપ્તીના મોહરૂપ બંધનમાંથી મુક્ત-મોક્ષ-સ્વરૂપ આ તૂર્ય-**શિવ** નામાત્મક શબ્દબ્રહ્મ છે. એમ આ **શિવ** શબ્દનો અર્થ-**સત્તાથી** અને **અર્થથી** ત્રણે પાદથી પરેજ સમજાય છે. જેને શબ્દનો અર્થ અને તેની સત્તાનું તોલન પોતાની બુદ્ધિમાં કરતાં આવડે. તે પુરૂષ આ શબ્દરૂપ બ્રહ્મને અર્થ અને સત્તાથી પર-અપર-જાણે છે બાકીના અંધ શ્રદ્ધાના અજ્ઞાતજનો તો પોતાની જીવદશાની મનકલ્પિત ભાવનાથી આ-

કાશમાં **ઘરાં** કે **મહેલો** કે **લોક** બાંધી બેઠેલા પ્રભુને જાણે છે એ બુદ્ધિની મોભાગ્રતાનો ખ્યાલ ક્યાં આપવા સરખો છે ? ? ? પુરાણોમાં પાંચે **લોકનાં** નામો છે પણ તેનું અધ્યાત્મ બુદ્ધિનું તોલન અર્થ સત્તાયુક્ત પણાથી બુદ્ધિની કક્ષામાં રહી કરતાં આવડે એ કુચી ગુરૂ મહારાજે પોતાને હાથ રાખેલી છે તે ગુરૂકૃપા કટાક્ષે જીવ બુદ્ધિમાં ખુલે છે ત્યારે અનુભવના દરવાજા ઉઘડે છે. અને સરળતા અને સમજ શક્તિથી વસ્તુ ઓળખે છે. એમ આ ચારે શબ્દો (શક્તિ (દેહ) સૂર્ય (દેહી) વિષ્ણુ, (વ્યાપક) શિવ (સાક્ષી)) બ્રહ્મ સંજ્ઞા સાથે અર્થથી અને સત્તાથી-એક એકથી ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભાવવાળા છે અને તેમાંજ જીવ પોતાના ત્રિપાદરૂપ-દેહ-દેહી-અને વ્યાપકપણાના સબંધથી પરે જતાં **શિવ** શબ્દાર્થ સત્તાવડે તે પાદમાં મોક્ષ સ્વરૂપને પામે છે. અહિંયાં પણ જગતથી છુટાપણું થતાં છતાં સાક્ષીના ભાનમાં માયાથી રહિત થયો ખરો, તોપણ મહાકારણ દેહની સંજ્ઞા-સાક્ષરૂપે રહે છે. જેને **વિદ્યા**-મહત્તત્વ ઉપાધિ કહે છે. તેથી હજુ પરે કેવળ માયાનો લય કરવા રૂપે અને દેહ જગત કે માયા **ભ્રાન્તિ** સ્વરૂપે છે એમ સમજવા જેટલું બાકી રહે છે. માટે આ ચારે શબ્દ બ્રહ્મના અર્થથી અને સત્તાથી પણ ઊંચા ભાવવાળો કે જેમાં દેહ, દેહી, વ્યાપક, સાક્ષી આ ચારે પાદનો માયામય ભાવ લય જાય અને તેમાંજ ભ્રાન્તિ રૂપે ઉત્પન્ન થતું ભાસે કે વિલાય-એવા ચારેથી **પર**-તે આ **પતિ** સંજ્ઞાત્મક ભાવવાળો પંચમપાદ સ્વરૂપ-પૂર્ણબ્રહ્મ યોગાત્મક-કે જેમાં **માયા**-બુદ્ધિ-**પતિ**પણાના અર્થમાં અને **પતિ**પણાની સત્તામાં ગુપ્ત થાય છે. એવો જે સગુણ નિર્ગુણ અભેદ ૐકાર નામાત્મક-ૐકાર સ્વરૂપાત્મક-ગુણાતીત અર્થવાળો નિચેના **ચાર** રૂપી ગણનો પતિ રૂપ સંજ્ઞાથી **ગણપતિ** નામાત્મક પરબ્રહ્મ પરમાત્મા છે. તે સિદ્ધ સમજાય છે. બુદ્ધિ—તે અવ્યક્ત નામથી **ગુપ્તાજ** છે જેથી જળની છાયા જેમ જળમાંજ સમાય તેમ આ **પાદની** ઉપાસના કરવાવાળાની સાક્ષીપદથી ઉચ્ચતર અતિ સૂક્ષ્મ બુદ્ધિ નિજસ્વરૂપ પરમાત્મામાં લય જાય એટલે વાણી અને મન વ્યાપક અને સાક્ષી એ બુદ્ધિના વિષય હોવાથી તે પણ લય જાય. એવા આ બ્રહ્મસ્વરૂપ કેવળ ૐ નિષ્કલંક **માયાથી રહિત** સ્વતઃ સિદ્ધ છે. એમ આ પંચમપાદમાં મોક્ષથી પરે બ્રહ્મભૂય સિદ્ધાન્તવડે આ જીવાત્મા પોતાના વાસ્તવિક બ્રહ્મસ્વરૂપને અનુક્રમ ઉપાસના યોગે જ્ઞાન પ્રાપ્ત થતાં પામે છે તેથીજ વેદાન્ત શાસ્ત્ર શ્રેષ્ટ ગણાય છે વેદાન્તના જ્ઞાનથી જીવ-પોતાના વાસ્તવિક બ્રહ્મસ્વરૂપને ઓળખે છે. આ મહા વેદાન્ત જ્ઞાનની પૂર્ણ બુદ્ધિ-આ પંચમપાદ શ્રીગણપતિની ઉપાસના કરવાથીજ પ્રાપ્ત થાય છે એમ વેદશાસ્ત્ર વર્ણવે છે. (**- नमस्तस्मै गणेशाय ब्रह्मविद्या प्रदायिने**) આ ઉપરથી સમજાય છે કે આધુનિક કાળમાં માત્ર વિષ્ણુની કૃષ્ણ

નામથી આગ્રહી ઉપાસના કરનાર તે સનાતન વૈદિક ધર્મ મર્યાદાની રીતિએ ઉપાસનાની શ્રેણીના યોગક્રમથી ઘણાજ નિચા છે તે હજુ વૈદિક રીત્યા ઉપાસનાના ક્રમમાં આવેલાજ નથી કેમકે પરમાત્માના એક નામથી સ્તુતિ કરે અને બીજાં અર્થ સત્તાવાળાં નામોની નિંદા કરે વા ન માને તેથી તે પ્રભુની નિંદા થવાથી પતિત થાય છે માટે તે વૈદિક ધર્મની મર્યાદાએ શાસ્ત્ર સિદ્ધ મનાતા વૈદિક પંચાયતન ઉપાસનાના ક્રમમાંજ આવેલા નથી પણ જેઓ ભલે વિષ્ણુને ઈષ્ટ માને પણ પંચાયતનની ગોઠવણીથી સનાતન વૈદિક ધર્મની મર્યાદાએ સમબુદ્ધિ રાખી પૂજન અર્ચન કે ઉપાસના કરે તો તે વિષ્ણુની ઉપાસનાથી–નીચેના દેહ-દેહી સંબંધવાળી ભાવનાથી છુટતો **વ્યાપક**પણાની–વિષ્ણ્ શબ્દના અર્થથી અને સત્તાથી તત્ **વિષ્ણુ** પદરૂપ વ્યાપક સિદ્ધિને પામે છે એટલે આ વિષ્ણુ નામથી ઉપાસના કરનારો દેહ–દેહી, સ્વરૂપ બુદ્ધિની જીવ લક્ષણાથી પરે–જીવના વ્યાપકપણાને પામે છે અને તૂર્યબ્રહ્મની ઉપાસનાનો અધિકારી થાય છે એટલે દેહીથી એક પગથીયું ઉપર ચઢે છે માટે ઊત્તરોત્તર ચઢી આવનાર જીવાત્માના અનુક્રમને સમજાવતાં વૈદિક રીત્યા વિષ્ણુની ઉપાસના અનુક્રમમાંજ છે. એ વાત નિઃશશય છે એમ **વિષ્ણુ પંચાયતન**ની ઉપાસના દેહ–દેહી બંધનમાંથી મુક્ત કરનાર છે તેને ખોટી શી રીતે કહેવાય ??? આગ્રહીની આગ્રહી ભેદ ઉપાસના તે કલ્પિત છે. આ બધું બુદ્ધિના મહત્વનું કાર્ય છે. બુદ્ધિમાં ઊત્તરોત્તર અનુક્રમ છે. પહેલાં બુદ્ધિ [1]દેહને જાણે પછી તેથી પરે [2]દેહીને જાણે તેથી પરે [3]વ્યાપકને જાણે તેથી પરે [4]સાક્ષીને જાણે અને તેથી છેલ્લામા છેલ્લે અતિ સૂક્ષ્મ બુદ્ધિ થતાં તે બુદ્ધિ પોતાના વિલયરૂપે [5]પતિ ભાવનાને જાણે અને પતિમાં સમાય એમ બુદ્ધિના પ્રેમનો અનુક્રમ અર્થ સત્તાનો ભાવ છે તે કોઈ વિદ્વાનો જાણે છે.

તેમજ **વ્યાપક**પણાની (વિષ્ણ્ શબ્દના અર્થ સત્તાવાળી) બુદ્ધિથી પરે **શિવ** બ્રહ્મની ઉપાસના છે. વ્યાપક વિષ્ણુ ભાવ વ્યાપ્ય ભાવમાં સમરસ છે એ વાત જો વિદ્વાનો સમજ્યા હોય તો તેમાં વ્યાપ્યવ્યાપક સમરસ હોવાથી આઠ આના બ્રહ્મ અને આઠ આના માયા છે એમ અર્થ સત્તાથી સમજાય છે તેથી માયા લય ગઈ એમ ગણાયજ નહિં. વ્યાપક બુદ્ધિના મહત્વમાં તૂર્ય કહીએ એટલે વ્યાપ્ય છેજ છે. તેમાંજ તે વ્યાપક ગણાય છે માટે માયા છુટી નથી માટે માયાનું છુટાપણું જ્યાં થાય અને બ્રહ્મ પણ માયાથી છુટો રહી માયાને દૂર જુએ તે માયાનું **સાક્ષ** પ્રમાણનું પદ–બ્રહ્મના **સાક્ષી**પણાને સમજાવે છે. સાક્ષી–માયાથી જુદો–પણ જોવાવાળો છે એટલોજ માત્ર દોષિત છે

બુદ્ધિના મહત્વમાં તૂર્ય બ્રહ્મનું ઓળખાણ.

પણ માયાવડે મુક્ત હોવાથી આ સ્થાનને **મોક્ષ** કહેવામાં આવે છે. વ્યાપક પદ સુધી અજ્ઞાનરૂપ માયાનું બંધન છે તે જીવાત્મા—આ **શિવ** બ્રહ્મના અર્થથી અને શિવ બ્રહ્મની સત્તાથી ઉપાસના કરતો બંધનમાંથી મુક્ત થઈ **મોક્ષને** પામે છે. વ્યાપકપણા સુધી દ્વૈત છે અને ત્યાંથી છુટો થતાં સાક્ષીપણામાં પોતે અદ્વૈત સ્વરૂપ થાય છે. ત્રિપાદ **બંધનરૂપ**—અને ચતુર્થપાદ **મોક્ષ** સ્વરૂપ આ બન્ને પાદો મનસ્વરૂપ છે **मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः** । મનુષ્યોનું મન તેજ મનુષ્યોને બંધન અને મોક્ષનું કારણ છે માટે મોક્ષ પણ મનોમય છે અહિંયાં બુદ્ધિનો વિલય નથી પણ સાક્ષ સ્વરૂપ છે તેથી કેવલ બ્રહ્મ પદ તો હજુ પણ આગળ છે એમ સમજાવી આપે છે કે જેને બંધન પણ નહોતું અને જેને મોક્ષની અપેક્ષા પણ નથી એવું સ્વતઃ સિદ્ધ સ્વયં સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ—પંચમપાદ બંધન મોક્ષથી પરે છે એટલે આ **શિવ** બ્રહ્મની ઉપાસના અર્થ સત્તાથી જીવને બંધનમાંથી મુક્ત કરનાર છે પણ બંધન મોક્ષથી પરે સ્વરૂપનો સિદ્ધાન્ત સમજાવનાર નથી એમ ઉત્તરોત્તર ચઢી આવતા જીવાત્માને આ તૂર્યપાદ **શિવ** બ્રહ્મની ઉપાસના **સનાતન વૈદિક ધર્મ**ની શ્રેણીમાં બુદ્ધિના ઉત્તરોત્તર ચઢતા અનુભવથી અનુક્રમમાં છે અને મુમુક્ષુઓને ચઢવાને માટે યોગ્ય સ્થાનરૂપ મોક્ષપ્રદાતા છે અને આ મોક્ષસ્વરૂપ શિવબ્રહ્મની ઉપાસનાનું ફળ પણ બહુજ મહત્વ ભરેલું છે—આ શિવબ્રહ્મની ઉપાસના પૂર્ણ થવાથી જીવજ **શિવ** સ્વરૂપ થાય છે અને તેથી પરે બ્રહ્મસ્વરૂપની પચમપાદ પૂર્ણ-બ્રહ્મની ઉપાસનાનો પરમ **અધિકારી** થાય છે. હવે તેને બ્રહ્મસ્વરૂપ થવુંજ

પૂર્ણબ્રહ્મ ઉપાસ્ય અને તેનું ફળ.

બાકી રહે છે તે પંચમપાદ સગુણનિર્ગુણ સમાનાત્મક અભેદાત્મક ૐ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ **શ્રીગણપતિ** નામાત્મક પૂર્ણબ્રહ્મની ઉપાસનાથી પોતે સ્વય બ્રહ્મસ્વરૂપ-તાને પામે છે “ **ब्रह्मविद् ब्रह्मैव भवति** ” અર્થાત બંધન અને મોક્ષથી પરે સ્વયં બ્રહ્મસ્વરૂપતાને પામે છે કે જેને **यत् गत्वा न निवर्त्तंते तद्धाम परमं मम** । એમ વર્ણવે છે એટલે મોક્ષ સ્વરૂપ **શિવ** બ્રહ્મથી ઉપા-સના કરનારની બુદ્ધિ મોક્ષ સ્વરૂપ બંધન વ્યવહારથી મુક્ત થયેલી હોવાથી પંચમપાદની ઉપાસનાનો તે કેવળ અધિકારી થતાં સ્વસ્વરૂપતાને પામે છે.

॥ तृतीय पा- ॥

वल्ली २१ मी.

स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति नास्या
ब्रह्मवित्कुले भवति तरति शोकं तरति पाप्मानं गुहा
ग्रंथिभ्यो विमुक्तोऽमृतो भवति मु० उ०

તે જે પ્રસિદ્ધ તે પરમાત્મા પરબ્રહ્મને જાણે છે તે બ્રહ્મજ થાય છે. તેવાના કુલમાં અબ્રહ્મવેત્તા થતો નથી. શોકને તરે છે. પાપથી મુક્ત થાય છે અને ગુહા (બુદ્ધિ) ગ્રંથીઓથી વિમુક્ત રહેતો અમૃત સ્વરૂપ થાય છે.

આ **શિવબ્રહ્મની** તૂર્યપાદરૂપ **મોક્ષસ્વરૂપ** ઉપાસનાને વેદશાસ્ત્રમાં તથા પંચદશિ આદિ વેદાન્તના ગ્રંથોમાં **कूटस्थ=पुरुष** એમ કરી વર્ણવેલી છે. આ તૂર્ય એટલે ચોથા પાદમાં નિચેના ત્રિપાદો (અસત્–સત, સમ) લય જાય છે. માટે આ પાદને **कूटस्थ-पुरुष** કહેવાય છે. અને નિચેના ત્રિપાદોને **प्रकृति** નામથી પણ વર્ણવાય છે. તેમજ આ **પ્રકૃતિને क्षर पुरुष** પણ કહેવામાં આવે છે. કેમ કે જે **पुरुष** અને **प्रकृति** સંજ્ઞાથીરહિત પરમાત્મા કે જે **તૂર્યાતીત** ૐકાર છે તેજ પોતે કૂટસ્થ પુરૂષ સ્વરૂપે અને પ્રકૃતિ સ્વરૂપે ભાસતો પણ પોતેનો પોતેજ છે. એટલે પ્રકૃતિ અથવા પુરૂષરૂપે દેખાતો હોય છતાં તે **અક્ષરાતીત (અક્ષર)** સ્વરૂપથી પોતે તૂર્યાતીતજ છે. એમ નિશ્ચય સમજવાનું છે. આ પરમાત્માને ઓળખવાને માટે ત્રિપાદોરૂપ પ્રકૃતિમય સંજ્ઞાને **क्षर–(अक्षर)** નામથી વર્ણવાય છે. છતાં તે **अक्षरातीत–(अक्षरज)** છે. અર્થાત્ વસ્તુરૂપે તો તૂર્યાતીતજ છે. તેમજ તે તૂર્યાતીત પરમાત્માને ઓળખવા માટે ચતુર્થ પાદ રૂપ પુરુષમય સંજ્ઞાને **कूटस्थ (अक्षर)** નામથી વર્ણવાય છે. છતાં તો તે તૂર્યાતીત **અક્ષરાતીત (અક્ષર)** છે. આ ચતુર્થપાદનો તૂર્ય સંજ્ઞાવાળો **પુરૂષ** છે. તેને પુરૂષરૂપે વર્ણવતાં યજુર્વેદમાં **पुरुष एवेदं * सर्वं यद्भूतं यच्च भाव्यम् । उता त्वस्येशानो य देनातिरोहति ॥** અને શ્રીમદ્ ભગવતગીતામાં **द्वाविमौ पुरुषो लोके क्षरश्चाक्षर एव च॥ क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते॥ १५-१६** લોક સંજ્ઞા સાથે અર્થાત્ જગતની સંજ્ઞા સાથે અર્થાત્ આલોકને વિષે ક્ષર–અને **અક્ષર એ બેજ પુરૂષ** (પદાર્થ) છે. તેમાંના **ત્રિપાદરૂપ** પ્રકૃતિ વાચક ભાવથી

તૂર્ય અને તૂર્યાતીત-ના ઓળખાણને માટે અન્ય અન્ય સ્થાને આપેલી વ્યાખ્યાઓ અને સ્વરૂપનું ઓળખાણ.

માયા વાચક મિથ્યાભૂતા દૃશ્ય ભાવનાનાં સર્વે શબ્દથી ભૂતોનો સમાવેશ **क्षर (अक्षर)** સંજ્ઞાથી કહેવામાં આવે છે. અને તેને વિલયની કોટિમાં **નશ્વર**સ્વરૂપે સમજાવેલો છે છતાં પણ તે પોતે તૂર્યાતીત અક્ષરાતીત–(અક્ષરજ)છે. તેમજ **ચતુર્થપાદ** પુરૂષ વાચકભાવથી–માયાને પોતાના કબજામાં રાખવાવાળો (ચારઆના માયાયુક્ત) માયાના સાક્ષસ્વરૂપનો **સાક્ષી**, **દૃષ્ટા**, નામવાળો કે જેને ઉપાસનામાં **શિવ બ્રહ્મ** અથવા **તૂર્ય** બ્રહ્મ કહેવાય છે. તથા જેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંપૂર્ણ રીતે લયરૂપ ત્રિપુટીની ઐક્ય સત્તાથી **कूटस्थ (अक्षर)** સંજ્ઞા રૂપે કહેવામાં આવે છે. અને તેને **ઈશ્વર**સ્વરૂપે સમજાવેલો છે છતાં તે પણ પોતે તૂર્યાતીત–અક્ષરાતીત (અક્ષરજ) છે. ઉપર બતાવેલો ત્રિપાદસ્વરૂપથી **क्षर–पुरुष** કહેવાય–ત્યારે ચતુર્થ પાદ સ્વરૂપથી **अक्षर** સ્વરૂપે **कूटस्थ पुरुष** કહેવાય. જેથી આ બન્ને માયાયુક્ત –**ઈશ્વર** અને **જીવ** સંજ્ઞાવાળા માયામય છે. એક માયાનો સાક્ષી (ઈશ્વર) છે ત્યારે બીજાઓ (ત્રણ) તે માયાના મોહમાં અંજાયેલા (જીવ) છે. એટલે આ બન્ને ઉપાસક જીવાત્માઓને માટે **ઉપાસ્ય** ગણાતા નથી એમ સમજાવવાને **पंचमपाद** સ્વરૂપ **तूर्यातीत–अक्षरातीत (अक्षर)** કે જેને સગુણ નિર્ગુણ. સમાનાત્મક પૂર્ણ બ્રહ્મ ૐકાર કહેવામાં આવે છે તેના સગુણભાવ સ્વરૂપને યુક્તિથી સમજાવતાં શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કેઃ–

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रय माविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १५–१७

આ ઉપર વર્ણવેલા ત્રિપાદરૂપ **क्षर** (**अक्षर**) અને ચતુર્થપાદરૂપ **कूटस्थ** (અક્ષર) અથવા **क्षर** (પુરૂષ) અને **कूटस्थ** (પુરૂષ) આ બન્નેથી ભિન્ન–અન્ય –રહિત એવો જે **उत्तम** (પુરૂષ) કે જેને **परमात्मा** એમ કહેવામાં આવે છે. અને તેજ ત્રૈલોક્યને વિષે એટલે સંપૂર્ણ જગત્‌ને વિષે પ્રવેશ કરીને સર્વના આધાર સ્વરૂપે છે. આ ઉપરથી સત્ય સમજાય છે કે **क्षर** રૂપ **जीव पुरुष**–અને **कूटस्थ अक्षर** રૂપ **ईश्वर पुरुष** એમ ત્રિપાદરૂપ **જીવ** અને ચતુર્થપાદરૂપ **શિવ** અથવા **ઈશ્વર** એ બેઉને બાદ કરતાં અવશેષ–જે પંચમપાદ **ઉત્તમ પુરૂષ** નામથી **परमात्मा** એટલે **परम+आत्मा** અર્થાત્‌ ઉપાસના કરવા યોગ્ય શ્રેષ્ટ આત્મા–એવા અર્થથી સૂચન થતો સગુણબ્રહ્મ ભાવની સિદ્ધિએ વર્ણવ્યો છે. તેજ અંતે સગુણ નિર્ગુણ બ્રહ્મભાવની અભેદ સિદ્ધિએ જણાવતાં આગળ શ્રીકૃષ્ણ કહે છે કે–

यस्मात्क्षरमतीतो ऽहमक्षरादपि चोत्तमः
अतोऽस्मि लोके वेदेच प्रथितः पुरुषोत्तमः । १५–१८

એમ ઉપર વર્ણવેલો **उत्तम पुरुष** અથવા **परमात्मा** તેટલાજ માટે એટલે

ક્ષર-રૂપ ત્રીપાદ **જીવથી** પણ પરે-અને કૂટસ્થરૂપ ચતુર્થ પાદ **ઇશ્વરથી** પણ પરે-ઉત્તમ પુરૂષ છે. માટે (હું) લોકોમાં તથા વેદોમાં ઉત્તમ પુરૂષના અર્થરૂપે **પુરુષોત્તમ** નામથી પ્રસિદ્ધ છે. એટલે આ તૂર્યાતીત, પંચમપાદ, સગુણ નિર્ગુણ અભેદ-ઉપાસ્ય પરમાત્મા કે જેને વેદ ઉપનિષદ્‌માં **प्रकृतेः पुरुषात्परम** આ શ્રુતિના અન્વયે પ્રકૃતિ વાચક **જીવ** અને પુરૂષ વાચક ઇશ્વર અથવા શિવ (કૂટસ્થ) તૂર્ય બ્રહ્મ-અર્થાત્ પ્રકૃતિના ત્રિપાદ-અને પુરૂષનો તૂર્યપાદ-તેથી પરે જે **પંચમપાદ** નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મ સ્વરૂપ તૂર્યાતીત-પરમ પુરૂષ-ઉત્તમ પુરૂષ અથવા **પુરૂષોત્તમ** નામથી શ્રીકૃષ્ણ વર્ણવે છે. તેજ આ ૐકાર-ૐકારાકૃતિ સ્વરૂપ શ્રી મહાગણપતિ સ્વરૂપે વેદમાં સુપ્રસિદ્ધજ છે, અને તેટલાજ માટે શ્રીકૃષ્ણ મહારાજે તત્ સ્વરૂપાત્મક પરબ્રહ્મ પરમાત્મા સદ્‌ગુરૂ સ્વરૂપે સ્થિત થઇ પરમગતિ એટલે પરમ પુરૂષ-ઉત્તમ પુરૂષ અર્થાત પુરૂષ વાચક તૂર્ય સ્થાનથી પરે તૂર્યાતીત સ્થાનની પ્રાપ્તિ માટે વા તે પરમ સ્થાનને પામવાની ગતિ સ્વરૂપ સ્થાનને પામવા તેજ ભગવદ્‌ગીતામાં વર્ણવ્યા પ્રમાણે **ॐ मित्येकाक्षरं ब्रह्म** આ મંત્રના ઉદ્દેશથી તેનુંજ ધ્યાન કરવા અર્જુનને પ્રથમ પ્રેરણા કરી હતી. તે બરાબરજ કરી હતી. કેમકે સદ્‌ગુરૂ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ તત પરમ પુરૂષ રૂપ પંચમપાદ તૂર્યાતીત ૐકાર સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપજ છે. તે તૂર્યમાં બોધક સ્વરૂપે-વ્યાપકમાં જીવન્મુક્ત સારથી સ્વરૂપે (બુદ્ધિરૂપ) શ્રી કૃષ્ણ પરમાત્મા છે. એમ **સદ્‌ગુરૂ**-અને પરમાત્માની ઐક્યતા માની શિષ્યે તૂર્યાતીત સ્વરૂપ ૐકારની ઉપાસના કરવી એવો સનાતન વૈદિક ધર્મ છે. આ તૂર્યાતીત પદ ૐકારની ઉપાસનાથીજ **ब्रह्मविद् ब्रह्मैव भवति** શ્રુતિના અર્થ પ્રમાણે અભેદ પ્રાપ્તિ કરનાર છે એ અર્થ સમજાવવા આગળ **स सर्वविद् भजतिमां सर्व भावेन भारत ।**

ઉત્તમ પુરૂષથી પંચમપાદ પૂર્ણ બ્રહ્મની ઓળખાણ છે.

વર્ણવી શ્રુતિ સિદ્ધ નિશ્ચય બતાવે છે કે આ પુરૂષોત્તમ પરમાત્મા (પંચમપાદ) ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદની ઉપાસના કરનાર વા તે સ્વરૂપને જાણનાર **स सर्वविद् भवति** આ વેદનો નિશ્ચય યથાર્થ સૂચવે છે. છતાં આગ્રહી મતમતાંતરવાદી જનો તાણી તુશી, મારી મચરડી, અર્થની ખેંચાખેંચી કરી સત્ય વસ્તુ સમજાવતા નથી. એ બહુજ અફસોસ છે. પુરાણ તથા ઇતિહાસ ભાગમાં પણ સનાતન **વૈદિક ધર્મના** સિદ્ધાન્તનું સ્વરૂપ વિષ્ણુને પણ પાંચ પાદ રૂપે સમજાવવાની આ કુંચી વૈદિક સિદ્ધાન્તથી શક્તિ, સૂર્ય વિષ્ણુની ઉપાસનાની ત્રીપુટીએ જીવરૂપ **क्षर** નામથી-**शिव**ની ઉપાસનાની કોટીએ **कूटस्थ ईश्वर** નામથી અને તૂર્યાતીત-પંચપાદ વા **गणपति** નામ ઉપાસનાની

કોટીએ **પરમાત્મા–ઉત્તમ પુરુષ–પુરુષોત્તમ**ૐકાર નામથી, એમ અનુક્રમે વર્ણવી કેવી ઐક્યતા સિદ્ધ કરેલી છે તે વિદ્વાનવર્ગજ સમજી શકે છે.

વળી એક યુક્તિ એવી રીતે સમજવાની છે–કઠોપનિષદ્‌માં વર્ણવ્યું છે કે–

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेवच ॥
इन्द्रियाणि हयानाहु र्विषयां स्तेषु गोचरान् ।
आत्मेन्द्रिय मनो युक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥
यस्त्वविज्ञानवान्भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्य वश्यानि दुष्टाश्वा इव सारथेः ॥
यस्तु विज्ञान वान्भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥
यस्त्वविज्ञान वान्भवत्यमनस्कः सदाऽ शुचिः ।
नस तत्पद माप्नोति संसारं चाधिगच्छति ॥
यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥
विज्ञान सारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।
सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमपदम् ॥

કઠોપનિષદ્‌થી પાંચે પાદ સમજવાની યુક્તિ અને ભગવદ્‌ગીતા તથા કઠોપનિષદ્‌ની એક વાકયતા.

કર્મ ફળના ભોક્તા (સત્‌પાદરૂપ) જીવરૂપી આત્માને રથમાં બેસવા વાળો શરીરનો અભિમાની જાણવો. અને શરીરને (અસત્ પાદરૂપ) શરીરના અભિમાનીને બેસવાનો રથ જાણવો આગળ (અસત્ પાદ રૂપ) શરીરરૂપી રથને–અને (સત-પાદરૂપ) જીવાત્માની સમાનતાને (ઐક્યતાને) ધારણ કરી નિશ્ચયતાથી (સમપાદરૂપ) સમ માર્ગમાં દોરનાર–હાંકનાર આ વ્યાપકપણાના યોગથી બુદ્ધિરૂપે સારથીને જાણવો. અને તેનાજ હાથમાં સત્યા સત્યના નિર્ણયરૂપ–સંકલ્પ વિકલ્પના નિર્ણયરૂપ મનની લગામ દોરી જાણવી. અસત્ પાદરૂપ તથા સત્ પાદરૂપ શરીર શરીરીના કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય રૂપ ઘોડાઓના મોંઢામાં તે લગામ હોવાથી ઘોડાઓ પણ (સમપાદરૂપ) બુદ્ધિ નામક સારથિના કબજામાંજ છે એમ જાણવું. ઘોડાઓને પ્રવત્ત થવાનો માર્ગ વિષયો છે. એમ (અસત્ પાદરૂપ) શરીર,

ઇન્દ્રિઓ, અને મન સહિત (સત્ પાદરૂપ) **શરીરાભિમાની** આત્માને વિવેકી પુરૂષો ભોક્તા (જીવ) કહે છે. (આથી બંન્નેને પોતાના કબજામાં રાખનારો બંન્નેમાં સમભાવથી ઉભય તરફની દૃષ્ટિવાળો સમપાદરૂપનો બુદ્ધિરૂપ સારથી એ બંન્નેથી નોંખો અને બન્ને પોતાની સત્તામાં છે એમ સમજાવે છે તે ત્રીજો સમપાદ અથવા વ્યાપક પાદ છે) હવે આગળ જતાં સમજાવે છે કે જે બુદ્ધિરૂપ **સારથી** અવિવેકપણામાં છે. તે અકુશળતારૂપે ઉભય પાદરૂપ ભોક્તા સાથેના તમામ ભાવને વિષય માર્ગમાં જતા અટકાવવાને અશક્યજ છે. અર્થાત્ જેઓના હૃદયમાં બોધક–બુદ્ધિ રૂપ સારથીના વ્યાપક ભાવની સત્તાથી પૂર્ણતા નથી. તે ભોક્તા બનેલો (સત્પાદરૂપ) આત્મા વિષયના માર્ગે તણાય છે. પણ જેના હૃદયમાં બોધક–બુદ્ધિરૂપ સારથિના વ્યાપક ભાવની સત્તા પૂર્ણપણે જમાવટ થયેલી છે. તે સમપાદની સત્તામાં ભોક્તા અને ભોગ્ય (સત્પાદ અસત્પાદ) રૂપ **શરીરી** અને **શરીર** વશ્ય રહે છે તેજ યોગ્ય ગણાય છે. એમ થતાં વ્યાપક ભાવરૂપ બુદ્ધિ સારથિની સત્તાથી રહિત થયેલો ભોક્તા (સત પાદ) રૂપ જીવાત્મા ભોગ્ય (અસત્ પાદ) રૂપ શરીરના મલિન ભોગોથી મમતા ધારતો વ્યાપક પાદ (સમપાદ) રૂપ પોતાનાથી ઉત્તમ પદને પામતો નથી. પણ સંસારનેજ પામે છે. તેથી બીજી રીતે આ વ્યાપક ભાવ રૂપ બોધક–બુદ્ધિ–સારથિની સત્તાને માન્ય આપનારો એટલે પોતાનાથી પરે (સમપાદ) વ્યાપક પાદ જાણનારો તે (ત્રીજા સમપાદ) વ્યાપક પાદને પામીને ફરી જન્મને પામતો નથી. એમ જેનો સારથી–બુદ્ધિ વિવેક યુક્ત વ્યાપક (સમપાદ) રૂપે છે. અને (સત્ પાદરૂપ) ભોક્તા જીવ પોતાનથી પરે પાદ વ્યાપકની સંપૂર્ણ શ્રદ્ધા રાખી તેમાં એકાગ્રતા ધારણ કરે છે. એટલે પોતાના વ્યાપકપણાને અનુભવે છે તે પોતાના શરીર–શરીરી (અસત્ પાદ–સત્ પાદ) ભાવરૂપ–ભોગ્ય અને ભોક્તાપણાની ઉપાધિમાંથી મુક્ત થઇ **વ્યાપક** પાદ રૂપ **વિષ્ણુ**ના પરમ પદને પામે છે.

આ ઉપનિષદ્‌ના આ મંત્રોમાં ત્રિપાદપર્યંતની કોટી વર્ણવેલી છે કે જે **असत् ब्रह्म** પાદરૂપ **देह**–તથા **सत् ब्रह्म** પાદરૂપ **देहि**–તથા **समपाद ब्रह्म**રૂપ **व्यापक** ભાવ છે એમ થતાં વિદ્વાનોને સમજાયું હશે કે **असत्** પાદરૂપ **शक्तिब्रह्म–सत्** પાદ રૂપ **सूर्य ब्रह्म** અને **सम** પાદરૂપ **विष्णु ब्रह्म** એમ કોટી બરાબરજ છે. અને આ **નિશ્ચય ઉપરથીજ**, **શ્રીમદ્** ભગવદ્‌ગીતામાં સંગ્રામરૂપી વિષયના માર્ગમાં અસત પાદરૂપ **શરીર**ને બતાવનાર આ **રથ** (**ભોગ્ય**)માં સત પાદરૂપ **શરીરીને** સમજાવનાર **અર્જુન**–(ભોક્તા)ને વર્ણવ્યો છે. તેમજ આ બન્નેને પોતાના કબજામાં રાખનાર–બન્નેમાં વ્યાપકરૂપથી રહેલો–બન્નેને કબજામાં રાખી સમ પાદથી સમ-

તાના ચોગે સમરૂપ બુદ્ધિના બોધકસ્વરૂપે સારથિરૂપે સ્થિત–સ્થિતપ્રજ્ઞ સ્વરૂપના બોધકરૂપથી વ્યાપક બ્રહ્મ પાદ–સમપાદ–વિષ્ણુસ્વરૂપ, શ્રીકૃષ્ણ મહારાજને બોધકના ભાવમાં વર્ણવેલો છે. અને તેજ અધિકારીને જે ઉત્તમ પદરૂપ જણાવે છે. તેજ **विष्णु=व्यापकम्** એમ સ્પષ્ટ સમજાય છે. એમ ત્રણ પાદ તે સમષ્ટિ વ્યષ્ટિના અભેદ રૂપે–સ્પષ્ટ સંગ્રામ ભૂમિમાં રથમાં બેઠેલા અર્જુનને શ્રીકૃષ્ણ પરમાત્મા બોધ કરે છે એમ સમજાવી ત્રણ પાદ પર્યંતનું ભાન કરાવે છે. એવું તાત્પર્ય છે. આગળ આ ત્રિપાદરૂપ–જીવ કોટી (સમષ્ટિ વ્યષ્ટિરૂપ)ની **क्षर** સંજ્ઞાને વર્ણવી તે **"પ્રકૃતિ"** સ્વરૂપ છે એમ સમજાવતાં તેથી પરે **तूर्य ब्रह्म** ના નેતિ સ્વરૂપને **कूटस्थ** સ્વરૂપે વર્ણવી **"પુરૂષ"**નું ભાન આપે છે તે **"ઇશ્વર"** રૂપે ચોથો પાદ "શિવ છે. અને તે પછી **परमात्मा** અથવા અક્ષરાતીત, **पुरुषोत्तम** નામની સંજ્ઞાથી ૐ તૂર્યાતીત–**पंचमपाद**ને વર્ણવી, જીવ ઈશ્વરથી પરે સગુણ-નિર્ગુણ અભેદ ૐકાર સ્વરૂપ **श्रीगणपति** સ્વરૂપ સંજ્ઞાથી પાંચે પાદ રસબસ બતાવ્યા છે. અને ત્યાં " **यद्गत्वा न निवर्त्तंते** " તથા **स याति परमांगातिम** રૂપની સંપૂર્ણ ધારણાએ " **ब्रह्मविद् ब्रह्मैव भवति** " એમ શ્રુતિના અર્થ તાત્પર્યથી બ્રહ્મપ્રાપ્તિ રૂપ કેવળ બ્રહ્મસ્વરૂપ સ્થિત સમજાવ્યું છે–આ અલૌકિક ગતિનો વિચાર કરનારા પુરૂષજ પોતાને અમૃત જાણી આનંદમા શાન્તિસ્વરૂપ અનુભવે છે–એમ વિષ્ણુરૂપથી જોનારને પંચમપાદ સુધી સર્વ વિષ્ણુસ્વરૂપજ તેમ શિવ રૂપથી જોનારને તૂર્યાતીત સુધી શિવસ્વરૂપજ–અને ગણપતિ સ્વરૂપથી જોનારને સર્વ પાંચે પાદના અભેદત્વે સર્વ સ્વસ્વરૂપજ સિદ્ધ સમજાય છે–આ વેદ શાસ્ત્રાદિકની અનુભવી અને ગુપ્ત મર્મવાળી ગુરૂગમ બુદ્ધિ ગુરૂકૃપાથીજ પ્રાપ્ત થાય છે. અને પ્રાપ્ત કરનાર અનુભવી ભક્તરાજજ વૈદિક સનાતન ધર્મની મર્યાદા પ્રમાણે વૈદિક પંચાયતન ૐકારનું પૂજન અર્ચન કરતાં આગ્રહી મતાભિમાનનો ત્યાગ કરે છે–આમ કૃષ્ણુસ્વરૂપ બુદ્ધિ–સારથિ–ના વ્યાપકપણાને **સમપાદ** સમબ્રહ્મ–**विष्णुब्रह्म** સ્વરૂપે સમજાવી, આ વ્યાપકપણાની બુદ્ધિને પરે–પરે–સમજાવવાને બહુ સારો ચોગ તેજ **કઠવલ્લી**માં કરેલો છે. આ વિષ્ણુસ્વરૂપના તૃતીયપાદમાં બુદ્ધિ–માં **વ્યાપક**પણાના અર્થને સમજાવે છે. ત્યારે ચતુર્થ પાદમાં બુદ્ધિના **સાક્ષી**પણાને સમજાવી **ઈશ્વર**નો અર્થ સિદ્ધ કરે છે ત્યારેજ તેથી પરે પંચમ પાદમાં બુદ્ધિના **પતિ**પણાને સમજાવી **સગુણબ્રહ્મ**નો અર્થ સિદ્ધ કરે છે. જ્યારે ત્રીજા પાદમાં બુદ્ધિજ નામથી રહે છે ત્યારે ચતુર્થ પાદમાં **મહત્તત્વ** નામથી કહેવાય છે. અને પંચમપાદમાં **અવ્યક્ત** નામથી કહેવાય છે. આ **અવ્યક્ત** નામા પ્રકૃતિ (બુદ્ધિ) જ્યાં શાન્તિ પામે તે સ્થાન. પરમ પુરૂષ–પરમાત્મા, પરમપદ છે. અને આમજ ઉત્તરોત્તર સ્થિતી અને લય પણ વર્ણવ્યો છે. જુઓ.

यच्छेद्वाङ् मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि
ज्ञानमात्मानि महति नियच्छेत्तद् यच्छेच्छान्त आत्मनि । कठ०

વિવેકી પુરૂષ (અસત્ પાદરૂપ) વાણીને મનમાં લય કરે–(સત્પાદરૂપ) મનને (સમપાદરૂપ) બુદ્ધિમાં લય કરે–બુદ્ધિનો લય (તૂર્યપાદરૂપ) મહત્તત્વ બુદ્ધિમાં કરે–અને મહત્તત્વ બુદ્ધિનો લય (પંચમપાદરૂપ) અવ્યક્ત બુદ્ધિના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મ શાન્ત સ્વરૂપ વેદાન્તમાં વર્ણવાય છે તેમાં લય કરે એમ પ્રકૃતિ ભાવથી તે **पति** નામાત્મક પંચમપાદ શ્રી **गणपति**માં લય કરતાં તે બ્રહ્મ સગુણનિર્ગુણ સમાનાત્મક અભેદ ૐકારજ છે એમ સિદ્ધ વર્ણવતાં કહે છે કે–આ બુદ્ધિનો માર્ગ દુર્ગમ છે. (**दुर्गंपथस्तत्कवयो वदन्ति**) એમ બુદ્ધિમાનો કહે છે–તે બ્રહ્મ–એવી રીતે વર્ણવાય છે કે–

પંચમપાદ પૂર્ણ-બ્રહ્મના સ્વરૂપનું કઠોપનિષદ્‌માં પ્રમાણ છે.

अशब्दमस्पर्शमरूपमव्ययं તથા **अपाणिपादो०**। ઈત્યાદિક શ્રુતિઓ વાણી મનને અગોચરજ કહે છે. એમ બ્રહ્મ સ્વરૂપના અભેદની ગતિ દુર્ગમ વર્ણવતાં વેદ પણ તેજ બ્રહ્મ સ્વરૂપતાને પામી **यतोवाचो** ० થાય છે.

यदा पंचावतिष्ठन्ते ज्ञानानिं मनसा सह ।
बुद्धिश्च न विचेष्ठते तामाहुः परमांगतिम् ॥ कठ०

જ્યારે ઉપર વર્ણવેલાં પાંચ પાંચ પ્રકારનાં પાદ ક્રમ સાથેનાં પંચપુટિઓ સંબંધી જ્ઞાનો મનસહિત સ્થિર થાય છે–અને (અવ્યક્ત) બુદ્ધિ પણ કંઈ ચેષ્ટા કરતી નથી ત્યારે તેને પરમ ગતિ કહેવાય છે. એવો વેદનો નિર્ણય છે.

આ ઉપરથી એક વાત એવી છે કે વૈદિક રિત્યા મૂલ તો ૐકારના પાંચ પાદો શક્તિ, સૂર્ય, વિષ્ણુ, શિવ, અને ગણપતિ એ પાંચ છે. કે જેનું વૈદિક રિત્યાના કર્મોમા પૂજનનો યથાર્થ વિધિ છે. પણ એ પાંચેનાં અનુસંધાન પુરાણોક્ત વિધિએ પેટા ભાગમાં પણ તેનું તૂર્યાતીત–બિંદુ સ્થિતરાખી વર્ણવ્યાં છે તે યુક્તિ બધાંને તૂર્યાતીતરૂપે અભેદ સમજવાને માટે છે કે ઉપાસકોને પોતાના ઉપાસ્યમા કમતા લાગે નહિં—

વળી તેને અંગે વિશેષ પ્રબલ સિદ્ધાન્ત સમજવા જેવો છે કે–આ પંચાયતન અભેદ સ્વરૂપ શ્રીગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિ–અર્થ સત્તાત્મક સ્વરૂપે પાદ ક્રમ સ્વરૂપથી અંગઅંગી ભાવ સબંધથી એક ૐકાર સ્વરૂપજ છે. એ વાત નિર્વિવાદજ છે. છતાં વ્યાસ મુનિમહારાજે–પાંચે નામનાં સહસ્ર નામની યોજના તે તે ઉપાસકોને પાઠ કરવા માટે રચેલાં પુરાણોમાં જોવાય છે. અને તેનો

ૐકાર સ્વરૂપ પંચાયતન અભેદ છે. એવો વ્યાસ મુનિનો સિદ્ધાન્ત છે.

અભેદ મર્મ એવી રીતે સમજાવેલો છે કે ગણેશ સહસ્ર નામમાં ગણેશજ શિવરૂપ, વિષ્ણુરૂપ, સૂર્યરૂપ અને શક્તિ એવા નામથી છે. ત્યારે શિવ સહસ્ર નામમાં શિવજ–ગણેશ–શિવજ વિષ્ણુ અને શિવજ સૂર્ય શક્તિ આદિ છે. તેમ મહાભારતના આનુસાશિક પર્વમાં વિષ્ણુ સહસ્ર નામ જોતાં માલમ પડે છે કે— વિષ્ણુજ ગણેશ, વિષ્ણુજ શિવ, વિષ્ણુજ સૂર્ય અને શક્તિ સ્વરૂપથી પોતે છે. તેમ સૂર્ય સહસ્ર નામમાં સૂર્યજ સર્વ રૂપે અને દેવી સહસ્ર નામમાં દેવીજ સર્વરૂપે પ્રસિદ્ધ છે. આ ઉપરથી સમજાય છે કે, પંચાયતન સ્વરૂપમાં અભેદ બુદ્ધિ રાખી અભેદસ્વરૂપના નિશ્ચયથી વ્યાસે જેમ વર્ણન કર્યું તેમ આપણે સનાતન વેદ ધર્મિ બંધુઓ અભેદ બુદ્ધિ રાખી અભેદ સ્વરૂપના નિશ્ચયથી અભેદ પરમાત્મા જાણી ઉપાસના કરીએ તો તેમને જેવો આનંદ હતો તેવોજ આપણને પણ પ્રાપ્ત થાય તેમાં નવાઇ નથી !!! વ્યાસ મહારાજે જેમ અભેદપણાથી સૂચન કર્યું છે તેવી રીતે આગ્રહી વાડા બાંધનાર આગેવાન આચાર્ય પુરૂષો પોતપોતાના શિષ્યોને આવો અભેદ મર્મ સમજાવી પંચાયતન અભેદ ઉપાસના કરવા શિખવે તો તેમની આબરૂ કેટલી ઓછી થવાની છે ??? ઉલટું સત્ય સમજાવવાથી આગ્રહી મતભેદનો વિલય થતા લોક સમૂહ સત્ય નિશ્ચયથી જાગૃત થશે–અને આપણા સનાતન વૈદિક ધર્મના ઘરનો કલેશ કમી થતાં વૈદિક ધર્મના નિંદકો રૂપી ઊંદરોને આ સત્ય નિશ્ચયરૂપ દૃઢ ભૂમિકામાં ખોદવાનો લાગ પણ મળશે નહિં. માટે આગ્રહી મતાંતરનો ત્યાગ કરવા તેમ વાડાના બંધારણનો મિથ્યા આગ્રહ તજવા આ સૂચના કરવામાં આવે છે. અને તે શાસ્ત્ર સિદ્ધ છે. જેમાં તેમને ભેદ જણાશે નહિં.

શ્રીકૃષ્ણનું અને તેમના ગોલોકના સ્વરૂપનું યથાર્થ અધ્યાત્મ જ્ઞાન.

વિષ્ણુ સ્વરૂપને પ્રતિપાદન કરનારાં અન્ય પુરાણોમાં શ્રીકૃષ્ણને પરબ્રહ્મ રૂપે પ્રતિપાદન કરતાં **ગોલોકવાસી** કહ્યા છે–તેજ વેદશાસ્ત્રની અભેદ યુક્તિએ–ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પંચમપાદ પરમાત્માને પૂર્ણ વિષ્ણુના–પ્રતિપાદનમાં તુર્યાતીત સ્વરૂપે **શ્રીકૃષ્ણ** નામથી વર્ણવ્યા છે–જેમ શિવના પ્રતિપાદનરૂપ પુરાણોમાં શિવના તુર્યપાદથી પરે તુર્યાતીત–ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પરમાત્માને સદાશિવ સ્વરૂપે વર્ણવ્યા છે–તેમજ વિષ્ણુના મહત્વરૂપ વિષ્ણુના પુરાણોમાં કહ્યું છે–તે વિષ્ણુનું મહત્ત્વ ૐકાર સુધી એક સરખું સાચવવાને તૃતીય સમપાદમાં વિષ્ણુ–ચતુર્થ તુર્યપાદમાં શિવને માટે મહાવિષ્ણુ અને પંચમ તુર્યાતીત ૐકાર સ્વરૂપ પૂર્ણ પાદમાં શ્રીકૃષ્ણ વા પુરૂષોત્તમ રૂપે વર્ણવ્યા છે–એટલે

પંચાયતનમાંના સર્વનામનું-તુર્યાતીત તે બિન્દુ છે. આ વૈદિક પંચાયતન સ્વરૂપ-ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિના અભેદત્વમાંના તત્ તત્ પાંચ પાંચ પાદોનું બંધારણ પુરાણોમાં એક એક નામના પાંચ પાંચ પાદરૂપ વર્ણવવાની ચતુરાઈ છે. વૈદિક પંચાયતનમાં પુરાણ પંચપાદનો સમાવેશ કરી વ્યાસ મુનીએ જે વૈદિક સિદ્ધાન્ત સાચવ્યો છે તે અથાગ બુદ્ધિનું કાર્ય છે. એટલે વૈદિક સિદ્ધાન્ત અને પુરાણોનો ભેદ પડતો નથી. વૈદિક સિદ્ધાન્તમાં જેમ એક ૐકારમાં પાંચપાદનો સમાવેશ તેમ પુરાણોના સિદ્ધાન્તમાં એક એક નામના પુરાણોમાં પણ પાંચ પાદનોજ સમાવેશ કરવાની યુક્તિ સપ્રમાણ છે. એટલે વૈદિક સિદ્ધાન્તના પેટા ભાગ તરીકે દરેક નામના પુરાણોનો સમાવેશ વૈદિક સિદ્ધાન્તમાંજ સમજવા સદ્ગુરૂનો સમાગમ કરવો. વૈદિક પાંચ નામ વા પાદોથી પુરાણોની રચનામાં પણ તે તે નામના પાંચ પાંચ પાદથી જે પૂર્ણ સ્વરૂપ બતાવ્યું છે તે વૈદિકમાં એક નામ વા પાદથી સિદ્ધ છે એમ સમજવું. આગળ વર્ણવી ગયા પ્રમાણેજ લોકનો પણ અર્થ થાય છે-પુરાણકર્ત્તાએ યુક્તિ રાખી બહુજ ડાહાપણ વાપરેલું છે. વિષ્ણુના લોકને વૈકુંઠ કહે છે છતાં શ્રીકૃષ્ણ પરમાત્માને **ગોલોકવાસી** કહ્યા છે. તેનો સ્પષ્ટાર્થ **गः + लोक** મળી **गोलोक** થાય છે-**गः** શબ્દનો અર્થ **त्वं पद तत्पदात्मक ब्रह्म गच्छाति इति गः ॥ त्वं** પદરૂપ જીવ (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ તે વ્યષ્ટિના જીવ અને વિરાટ, હિરણ્યગર્ભ, અને અવ્યાકૃત તે સમષ્ટિના જીવો) અને **तत्** પદરૂપ ઈશ્વર (તૂર્ય શિવ)-એમ જીવ અને ઈશ્વર એ ઉભય-જે **असि** પદ વાચક તૂર્યાતીત ૐ પરબ્રહ્મ પરમાત્મામાં લય જાય છે. તે **गः** શબ્દનો અર્થ છે. એમ **તૂર્યાતીત**-પંચમપાદ સ્થાન **असि** પદ વાચક બ્રહ્મને **गः** એવા બ્રહ્મસ્વરૂપથી અને **गः** એવા બ્રહ્મસ્વરૂપની સાથે, તે લોકના સ્વરૂપને વર્ણવતાં તે તુર્યાતીત પંચમપાદનો લોક જેને સનાતન વૈદિક ધર્મમાં સ્વાનંદ લોક અથવા બ્રહ્મલોક કહે છે. તેનેજ બીજા નામથી વિષ્ણુ સંપ્રદાયિકજનો પૂર્ણ વિષ્ણુનો **गोलोक** કહે છે-આ પંચમપાદ પૂર્ણબ્રહ્મ ૐકારસ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ તુર્યાતીત પરબ્રહ્મ પરમાત્માજ-નિચેના ચતુર્થ તુર્યપાદમાં શિવ અથવા ઈશ્વર નેતિ બ્રહ્મ કહેવાય છે. અને તેથી નિચેના સમપાદમાં વિષ્ણુ બ્રહ્મ કહેવાય છે અને તેથી નિચેના સત્પાદમાં સૂર્ય બ્રહ્મ કહેવાય છે-અને છેક છેલ્લા નિચેના અસત્ પાદમાં શક્તિ બ્રહ્મ કહેવાય છે. એટલે પાદ પાદ વાર અર્થ સત્તાત્મક નામથી તે તે પાદનું ઓળખાણ છે-છતાં બ્રહ્મ તો પોતેનો પોતેજ છે. એટલે પંચાયતનમાંના દરેક નામનાં પુરાણોનું અંતિમ બિન્દુ તે, પૂર્ણપાદ પંચમ બ્રહ્મ ૐકાર સ્વરૂપમાંના તે નામનું તૂર્યાતીતજ છે. એટલે પુરાણકર્ત્તાએ જે જે નામના પુરાણો રચ્યાં તેમાં તેના નામનું મહત્વ એકસરખી રીતે પંચમપાદ તૂર્યાતીત સુધી, સંભાળતાં યુક્તિ

સાચવી છે. સમપાદના વિષ્ણુના પ્રતિપાદન રૂપ વિષ્ણુના પુરાણોમાં શ્રીકૃષ્ણુની આખ્યાયિકા છે ખરી પણ શ્રીકૃષ્ણુ નામનું પુરાણુ નામ રાખ્યું નથી. બ્રહ્મવૈવર્ત્તક પુરાણુમાં, કૃષ્ણુખંડ માત્ર નામ છે. અને તેમાં ગોલોકવાસી કૃષ્ણુનું અને અવ્યક્ત (બુદ્ધિ) પ્રકૃતિનું ગુપ્તા સ્વરૂપથી રાધા નામ વર્ણવ્યું છે—"શ્રીકૃષ્ણુ" શબ્દની વ્યુત્પત્તિ કરતાં વેદ કહે છે કે, **कृषि भु वाचकः शब्द णश्च निवृत्ति वाचकः । तयो रैक्य परं ब्रह्म कृष्ण इत्यमिधीयते ॥ श्रु० ।**

આ ઉપરથી સત્ય સમજાય છે કે, શ્રીકૃષ્ણુ, તે વિષ્ણુપુરાણુનો બ્રહ્મલોકનિવાસી તુર્યાતીત પૂર્ણ વિષ્ણુ—તેજ—પંચમપાદ પરબ્રહ્મ ૐકાર સગુણુ નિર્ગુણુ અભેદ પ્રભુ છે. કે જેનો કોઈ પણુ સંપ્રદાયના મત વિનાનો—વા કોઈ પણુ નામના આગ્રહ વિનાનો વૈદિક પંચાયતનમાંનો—ૐકાર સ્વરૂપાકૃતિ સ્વરૂપ, **गणपति** નામાત્મક સ્વરૂપનો સનાતની સિદ્ધાંત છે. છતાં સનાતન વૈદિક ધર્મ પ્રમાણે ગણેશ નામથી કહેવામાં આવે, તો વિષ્ણુ નામની તુર્યાતીત પદ **મર્યાદાની** એકસરખી માન્યતા રહે નહિં, જેથી વિષ્ણુના તુર્યાતીતમાં તેનું શ્રીકૃષ્ણુ એવું **પુરૂષોત્તમ** નામ સમજાવ્યું છે—સત્ય તુર્યાતીતજ—**સનાતન વૈદિક ધર્મની** મર્યાદામાં **ગણેશ** નામથી, તુર્યપાદમાં **શિવ** નામથી, સમપાદમાં **વિષ્ણુ** નામથી, સતપાદમાં **સૂર્ય** નામથી અને અસતપાદમાં **શકિત** નામથી સુપ્રસિદ્ધ હોઈ પંચાયતન અભેદ છે. એટલે સનાતન વૈદિક ધર્મના નિશ્ચય પ્રમાણે તો બરાબર છે. પણુ આ પાંચે નામનાં જુદાં જુદાં પુરાણોમાં જુદા જુદા પાદનાં જુદાં જુદાં નામોથી વર્ણવાય. અને ત્યાં વિષ્ણુના તુર્યાતીત સ્વરૂપમાં શ્રીકૃષ્ણુ નામ ગોઠવાય તો ભલે ગોઠવાય. પણુ વૈદિક સનાતન ધર્મની મર્યાદાએ—વિષ્ણુ યજ્ઞમાં તેવા હાડ વૈષ્ણુવને ત્યાં **आदौ निर्विघ्नता सिद्धयर्थे श्रीमहागणपतिं पूजन महं करिष्ये** આ વૈદિક સિદ્ધાન્તના સનાતન પ્રબંધ પ્રમાણે તુર્યાતીત, ૐકાર સ્વરૂપ, ૐકારાકૃતિ સ્વરૂપ, શ્રી ગણુપતિના પૂજનને બદલે, **શ્રીકૃષ્ણુનું** પૂજન કદાપિ પણુ **બ્રાહ્મણો** કરી કરાવી શકતા નથી. એ વૈદિક સનાતન ધર્મના સિદ્ધાન્તનું શુદ્ધ રહસ્યજ છે. અને તેજ વૈદિક રિત્યા તુર્યાતીતને આદ્યપૂજનથી ઓળખાવે છે. પુરાણોક્ત ઉપાસનાને વૈદિક ઉપાસનામાં સમાવી અભેદ ઉપાસના કરનાર વ્યાસ મુનિએ બહુજ બુદ્ધિબળ વાપરેલું છે. આમ ગુરૂકૃપાના વિદ્વાનો સમજે છે. અને પુરાણોની મહત્તા સાચવતાં તેનો વૈદિક ઉપાસનામાં સમાવેશ કરી વૈદિક મર્યાદાને શિરોમણી ગણે છે.

શિવ બ્રહ્મને શિવ પુરાણુમાં—અસત પાદથી તુર્યાતીત સુધી વર્ણવતાં—શિવજ પૂર્ણ બ્રહ્મરૂપે સદાશિવ છે. એમ શિવપુરાણુનો તુર્યાતીત શિવ—તે વૈદિક ઉપાસના માર્ગમાં તુર્ય બ્રહ્મ છે એમ જાણુવું. અને એમ સમજનારો શિવનો પૂર્ણ રીતે

વૈદિક ઉપાસક છે. આ ઉપાસનાના બળથી, તે વૈદિક પંચમપાદનો અધિકારી ગણાય છે. એમ વિષ્ણુ, સૂર્ય અને શક્તિને માટે સમજી લેનાર પરમ ભક્તજન જાણવો.

વળી શાસ્ત્રમાં "**गो**" શબ્દનો અર્થ, ઇન્દ્રિઓ થાય છે. ગાયો પણ થાય છે. તેથી વિષ્ણુ મહારાજનાં **गोपाल–गोविंद** એવાં નામો વર્ણવાય છે. અને ઇન્દ્રિઓને પાળનાર–વા ગાયોને પાળનાર–વા ઇન્દ્રિઓને જાણનાર–પ્રકાશક–વ્યાપક–એવો અર્થ થાય છે. તેમ **गोलोक**નો અર્થ પણ, ઇન્દ્રિયાદિક (બુદ્ધિરૂપ કારણ–શરીર)નો લોક–અર્થાત્ તેમાં વ્યાપક થઈ રહેનારનો લોક–એટલે વ્યાપક શબ્દથી **विष्णु**નો "વૈકુંઠ" એવો પણ થાય છે. એટલે વિષ્ણુ પુરાણનો લોક સંજ્ઞાવાળો "વૈકુંઠ" લોક તેજ વિષ્ણુના તુર્યાતીતનો ગોલોક છે.

ભગવદ્ગીતાની યુકિતથી બ્રહ્મનું ઓળખાણ છે.

આ ભગવદ્ગીતાના શ્રીકૃષ્ણ–તે આ સ્થાને સમપાદના વ્યાપક–વિષ્ણુસ્વરૂપ છે અને તેજ બોધક સ્વરૂપે સદ્ગુરૂ બન્યા છે. માટે ત્રીજા પાદમાં સદ્ગુરૂ સ્વરૂપે ઉભા રહીને નિચેના સત્ પાદના વિષયી નામના અધિકારી જીવાત્માને તેના યોગ્ય અધિકારપૂર્વક બોધ કરે છે. ત્યાં તેમના સિદ્ધાન્તને માટે **यत्र योगेश्वरः कृष्णः** એમ કહેવામાં આવે છે.અર્જુનને **असत्** પાદથી એટલે પામર સ્વરૂપ દેહથીજ આરંભ કરી દેહને નશ્વર સમજાવી. **न जायते** આ શ્લોકથી વિષયી સ્વરૂપે દેહિને આત્મારૂપે સમજાવી–પછી **नासतो विद्यते** આ શ્લોકથી સમપાદના અધિકારી સ્વરૂપથી, સ્થિત પ્રજ્ઞના–સદ્ગુરૂ ભાવથી શ્રીકૃષ્ણ પોતાના વ્યાપકપણારૂપે સમજાવી, આગળ બુદ્ધિની વૃદ્ધિ સાથે–પોતાના તૂર્યપાદના ઈશ્વરપણાના વિરાટ્નાં દર્શન સાથે–તુર્યપાદના સાક્ષીના (શિવનાં) **कूटस्थ**થી દર્શન કરાવી, અને તે વાત સમજાવી. અને અર્જુનને તુર્યાતીત એટલે પંચમપાદ સ્વરૂપ સમજાવવાને માટે ૐકાર સ્વરૂપના ધ્યાનને સજલ સમજાવતાં **ॐ मित्येकाक्षरं ब्रह्म** આ મંત્રથી સંજ્ઞા બતાવી છે તે પ્રમાણે તેને પુરાણમાં તૂર્યાતીત **पुरुषोत्तम** સ્વરૂપથી વર્ણવી જ્ઞાન પૂર્ણ સિદ્ધિ વર્ણવી છે–તૂર્યપાદનો ઇશ્વર તે પુરૂષ–અને તેથી "ઊત્તમ" શબ્દના પરે એવા અર્થથી તૂર્યાતીત ન કહેતાં **पुरुषोत्तम** એમ કરી વર્ણવી બતાવ્યો. પણ તેજ સનાતન વૈદિક ધર્મ પ્રમાણે ૐકાર સ્વરૂપ તુર્યાતીત સગુણ નિર્ગુણ અભેદ **गणपति**જ છે એમ વૈદિક સિદ્ધાંત છે. એટલે તૂર્યપાદમાં સ્થિત એવા સદ્ગુરૂ જીવન્મુક્ત બોધક પુરૂષનું મૂલસ્વરૂપ તૂર્યાતીત ૐકાર સ્વરૂપ અહિંયાં **पुरुषोत्तम**જ છે–અને તેજ તૂર્યપાદમાં ઈશ્વરરૂપ સદ્ગુરૂનો અભેદ યોગ છે. એવો ભગવદ્ગીતાનો સત્ય અને શુદ્ધ અર્થ છે. એટલે ભગવદ્ગીતામાં પણ ૐકાર સ્વરૂપેજ પુરાણ પંચાયતન અભેદ છે. પણ વિષ્ણુના

મહત્વને માટેની ગીતા હોઇને શિવ તથા ગણેશનાં તૂર્ય અને તૂર્યાતીત વૈદિક નામ સ્પષ્ટ આપેલાં નથી પણ, અભેદજ જ્ઞાન છે. માટે શ્રીમાન્ શંકરાચાર્યે પ્રતિપાદન કરેલા, સનાતન વૈદિક ધર્મના, પ્રસ્થાન ત્રયી ગ્રંથમાં અગ્રગણ્ય ગણાય છે. આમ જેને જોતાં આવડે તેને કદાપિ પણ, ભેદ જણાય નહિ. પણ આગ્રહી સંપ્રદાયના વાડાના બંધારણથી, આમ સ્પષ્ટ વર્ણવી શકતા નથી જે શંકરાચાર્યે મહારાજના સંજ્ઞા અને મર્મના ગુપ્ત અર્થ ભેદ યુક્ત શબ્દોના આનંદમાં અનુભવી જનો રમતા હોય, તેનેજ આ અનુભવ સિદ્ધ સમજાય છે—આગ્રહી વાડાઓના બંધારણના અને આગ્રહી મતાભિમાની પોતાની બુદ્ધિથી પોતે પણ સમજતા નથી—અને તેમ કદી હોય તોપણ, જન સમૂહને સત્ય વસ્તુથી અંધારામાં રાખી પોતાના વાડામાં બકરાંની પેઠે ગોંધી પછી કલહોનું દર્શન કરાવી રહ્યા છે. માટે અભેદ સ્વરૂપ ૐકારને પરમાત્મા રૂપે ઓળખીને સર્વ બધુઓ આપણે સર્વ સનાતન વેદ ધર્મિજનો છીએ એમ માની ૐકાર સ્વરૂપની ખંડન મંડન રહિત વા ભેદાભેદ રહિત ઉપાસના કરવી જોઈએ.

वल्ली २२ मी.

ॐ इति ब्रह्म। ॐ मितीदं सर्वम्। ॐ मित्येतद-कृति ह स्म वा अप्यो श्रावयेत्याश्रावयन्ति। ॐ मिति सामानि गायन्ति। ॐ शोमिति शस्त्राणि शंसन्ति। ॐ मित्यध्वर्युः प्रतिगरं प्रति गृणाति। ॐ मिति ब्रह्मा प्रसौति। ॐ मित्यग्नि त्र मनुजानाति। ॐ मिति ब्राह्मणः प्रवक्ष्यन्ना ब्रह्मोपाप्न वा नीति। ब्रह्मैवोपाप्नोति। ॐ तै० उ०।

ૐ એ બ્રહ્મ છે. ૐ એ આ સર્વ છે. (શબ્દરૂપ પ્રપંચ ૐકારથી વ્યાપ્ત છે) ૐ એ અનુકરણ પ્રસિદ્ધ છે. વળી હે (આગ્નીધ્ર!!) સંભળાવ ૐ એમ અધ્વર્યુ સંભળાવે છે. ૐ એમ સામવેદ ગાય છે. ૐ એમ શસ્ત્રોની ઋચાઓને ભણે છે. ૐ એમ અધ્વર્યુ પ્રતિગર (ઉત્સાહન પ્રકાશક) જાણે છે. ૐ એમ બ્રહ્મા અન્ય ઋત્વિજોને ક્રિયામાં પ્રેરે છે. ૐ એમ અગ્નિહોત્રપ્રતિ અનુજ્ઞા આપે છે. ૐ એમ બ્રહ્મયજ્ઞાદિકમાં બ્રાહ્મણ કહે છે. જે પુરૂષ હું બ્રહ્મને પામું એમ ઇચ્છા કરે છે. તે પુરૂષ ૐ બ્રહ્મની ઉપાસના કરે તેથી તે ઉપાસક અવશ્ય બ્રહ્મને પામે છે.

ઉપર પ્રમાણે ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પરબ્રહ્મ તૂર્યાતીત પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુનાં સનાતન વૈદિક ધર્મની મર્યાદાથી પાછળ વર્ણવ્યા પ્રમાણે—બ્રહ્મમય ઈશ્વર અને જીવ સંજ્ઞાના રહસ્યપૂર્વક પાંચ પાઠો કહેલાં છે— અને તે તે

પાદના ઉપાસ્ય નામથી ગણેશની-શિવની-વિષ્ણુની, સુર્યની-અને શક્તિની—નિર્ગુણ સગુણ સમાન-મૂર્તિઓ આખા ભારતવર્ષના સનાતન બંધુઓના કલ્યાણ માટે સ્થાપન થયેલી જોવામાં આવે છે. પુરાણોને વિષે સત્યયુગમાં, ત્રેતાયુગમાં, દ્વાપરમાં અને કલિયુગમાં સ્થાપન થયાનાં પ્રમાણો પણ આપેલાં છે. અસ્તુ. પણ તે સનાતન વૈદિક ધર્મની મૂર્તિ સ્વરૂપે પરમાત્માજ છે એમ સિદ્ધ સમજવા. વૈદિક ઉપાસનામાં તેમના મંત્રો વેદથીજ સિદ્ધ છે. શક્તિની પૂજા કરતાં

પંચાયતનના પ્રતિપાદન રૂપ વેદના મંત્રો છે.

श्रीश्चते-अंबे-વા ગાયત્રી મંત્રથી પૂજા કરવાની રીત વૈદિક મંત્રથી સિદ્ધજછે. તેમજ સૂર્યની પૂજા વખતે **उदुत्यं जात०**, આ વિગેરે પણ મંત્રોથી પૂજા કરવાની વૈદિક મંત્રની રીત છે. તેમજ વિષ્ણુની પૂજા વખતે **विष्णोः रराट मसि** અથવા **इदं विष्णुर्विचक्रमे०** । ઈત્યાદિક વૈદિક મંત્રોથી પૂજા કરવાનો વિધિછે. તેમજ શિવની પૂજા વખતે **नमस्ते रुद्र०** તથા **नमः [illegible]य च०** ઇત્યાદિક ઘણાક વૈદિક મત્રોથી પૂજાકરવાનો વિધિ છે. તેમજ વળી ગણપતિની પૂજા કરતી વખતે, **गणानांत्वा-प्रियाणान्त्वा प्रियपतिं०** તથા **नमो गणेभ्यो०** । તથા ઋગ્વેદમાં પણ **गणानान्त्वा गणपतिं हवामहे । कविं कवीनामुपमश्रवस्तमम् ॥ ज्ये[illegible]राजं ब्रह्मणा[illegible] ब्रह्मणस्पत आनः शृण्वन्[illegible]तिभिः सीदसादनम् ।**

એ સિવાય અન્ય વૈદિક મંત્રોથી પૂજા કરવાનો વિધિ છે. તેમ અન્ય દેવોની પૂજાના પણ મંત્રો વેદોથી સિદ્ધ છે. ઊત્તમોત્તમ વૈદિક પૂજા અને વૈદિક મંત્ર આવાહનની ક્રિયા થવાથી તે મૂર્તિમાં મંત્ર બલની પ્રભુ સત્તા પ્રકાશિત રહે છે. જેથી જે જે ભક્તો પૂર્ણ શ્રદ્ધા ભક્તિથી તે પરમાત્માની મૂર્તિનું શરણ માને છે. તેને તેની ઇચ્છિત કામના પૂર્ણ કરનાર તેજ છે. એ વાત નિઃશંસય છે. વૃક્ષનું શરણ લેનારની ફળ પ્રાપ્તિની ઇચ્છા, અમુક કાળે પણ પૂર્ણ થાય છે તેમ મનુષ્યનું શર્ણ લેનાર મનુષ્યની ઇચ્છા, પણ કાળે કરી પૂર્ણ થાય છે, ત્યારે અખિલ બ્રહ્માંડાધિપતિ પરમાત્માની ભક્તિ કરી પૂર્ણ રીતે આત્મનિવેદન ભક્તિ કરનાર અને મંત્ર સિદ્ધિના યોગે પૂજન કરનાર ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરે તેમાં તો શું નવાઈ?? પણ તેથી વિશેષ, ઊત્તમોત્તમ જન્મમર્ણાદિક બંધનમાંથી મુક્ત થઈ સ્વસ્વરૂપાવસ્થાની પ્રાપ્તિને પામે છે-એવાં ઘણાં દૃષ્ટાન્તો પુરાણોમાં વર્ણવેલાં છે. શિવપુરાણમાં માર્કંડેયનું આખ્યાન-વિષ્ણુપુરાણમાં પ્રલ્હાદ આદિનાં આખ્યાનો, ગણેશપુરાણમાં બલ્લાળ આદિનાં આખ્યાનો, ગૃત્સમદાદિનાં આખ્યાનો, તેમ સૂર્યપુરાણ અને દેવી પુરાણોમાં પણ ઘણાંજ છે. તેવાંજ હાલમાં કલિયુગમાં, જ્ઞાનદેવ, તુકારામ-રામદાસ સ્વામિ, મીરાંબાઈ, નૃસિંહ મેતા, તુલસીદાસજી, સુરદાસજી આદિ મહા પરમ ભક્તોની પરમ આત્મનિવેદન ભક્તિ

ઉપાસના અને ગુરૂકૃપા રૂપ શ્રદ્ધાના બળથી, અને વૈદિક મંત્રબળના યોગે કેવાં કેવાં કાર્યો થયાં છે તેથી સર્વ ભક્તજનો જાગૃતજ છે. નાસ્તિક મતના અધર્માચારી બંધુઓને તો ઉપરથી બ્રહ્માનો બોધ થાય, અને દેવ પ્રત્યક્ષ થાય તો પણ તે તો તેના છિદ્રાન્વેષી સ્વભાવથી પોતાની યોગ્યતાને અનુકુલ થશે—એટલે તેઓને માટે અન્ય સમયે સત્કર્મનું બળ વધતાં અને સંસ્કારની ખામી પુરાતાંજ શ્રદ્ધા થવાની છે એવા અર્થથી સમાપ્તિ કરવી યોગ્ય છે. બાકી ભક્તજનોને તો મૂર્તિ અમૂર્તિની સમાનતામાં અભેદ બુદ્ધિ યોગ છેજ છે.

ૐકારના આકારથી બ્રહ્મસ્વરૂપનું દર્શન.

આ ભક્તિથી જન્મમરણાદિક ભ્રમની શાન્તિ થતાં **यतो वाचो निवर्त्तन्ते । अप्राप्य मनसा सह । इ०** શ્રુતિ તે પરમાત્માની પ્રાપ્તિ રૂપ યોગ—વાણી મનની નિવૃત્તિ રૂપેજ સમજાવે છે. અને તેજ મર્યાદાએ સામવેદીય તલવકાર ઉપનિષદ્ પ્રતિપાદન કરે છે કે—**यद्वाचाऽनभ्युदितं येन वागभ्युद्यते ।** ઇત્યાદિથી, જે સ્વરૂપને વાણી પ્રકાશ કરી શકતી નથી પણ જેની કૃપાથી અર્થાત્ જેના વડે સર્વેનો પ્રકાશ થાય છે, તેજ પરમાત્મા છે—આ ઉપરથી સમજાયછે કે, વાણી મનથી તે પરમાત્માનું પ્રતિપાદન થતુંજ નથી. **ત્યારે તે પરમાત્માની ઉપાસના કેવી રીતે કરવી ???** આ પ્રશ્ન સનાતન વૈદિક ધર્માવલંબી પ્રજાને અવશ્ય ઉપયોગી છે. વેદની બ્રહ્મવિદ્યામાં તો સગુણ નિર્ગુણ પ્રકારની ભિન્નતા માનેલી નથી. છતાં કલિકાલની ગતિમાં ઊછરતા મન મંતવ્યના ઉપાધિવિલાસમાં રમનારા એક પક્ષે તેના નિર્ગુણ સ્વરૂપની ઉપાસના કરવી. એમ કહેતા હોય તો **નિર્ગુણ** પણ એક શબ્દ લક્ષણા, અને નિર્ગુણ એવું રૂપક બંધાયાથી મૂર્તિમંતજ ધ્યાન થવાનું—અને સગુણ તો સ્વતઃ સિદ્ધ મૂર્તિમંતજ છે. માટે સગુણ નિર્ગુણની અભેદતામાં વેદ શાસ્ત્ર વર્ણવે છે કે—**ब्रह्म प्रतिकं प्रणवः तदुपास्यम् ।** તથા **तस्य वाचकः प्रणवः । तदुपास्यम्** એમ શાસ્ત્ર પણ સ્પષ્ટ રીતે વર્ણવેછે. અને તમામ ઉપનિષદો પણ તેનેજ વર્ણવે છે. એવો તે વાણી મન અગોચર—વા વર્ણનમાં ન આવતો એવો પરબ્રહ્મ પરમાત્માજ પ્રતિક સ્વરૂપે "ૐ" અને વાચક સ્વરૂપે પણ "ૐ" એમ સિદ્ધ છે. આ ૐને નિર્ગુણ કહો તો પણ તેનું ધ્યાન સ્વરૂપ તો સિદ્ધજ ઠરે છે. તેમ સગુણ કહો તોપણ ધ્યાન સ્વરૂપ તો સિદ્ધજ ઠરે છે. તોજ તેનું ધ્યાન થાય છે. માટે સ્વરૂપ તો સિદ્ધજ છે. "ૐ" ને આમજ લખવાનો (આ સ્વરૂપનો) વિધિ સનાતન છે. છતાં આધુનિક અનાર્ય વિચારના અભિમાની બંધુઓ—ૐ આમ લખે ત્યારે તો તેની ધ્યાન સ્વરૂપની ધારણા સિદ્ધિ થતાં "મૂર્તિ" એટલે સ્વસ્વરૂપનું પ્રતિપાદન થાય છે. અને તેઓને તો "મૂર્તિ"નું ખંડન કરવા ઉપર અસુર બુદ્ધિનો પ્રયોગ

મૂર્તિનું ખંડન સમજાવવાને લોક સમૂહને સમજાવાતો દગો.

કરી દૈવી પ્રજાને આસુરી બનાવવાનો, અને તે રૂપે હિત કર્ત્તા છીએ એમ કહેવરાવવાનો પ્રયત્ન ઉઠાવી-આસુરી બનાવી ભ્રષ્ટજ કરવા ઉપર દૈવી જીવોને બોધ કરવાનો પ્રારભ કરેલો છે-જેથી, ॐ આવો સ્પષ્ટ સ્વરૂપ દર્શનનો લાભ દૈવી પ્રજાને ના આપી, પોતાના ચોપડામાં લખવાનો વિધિ બદલી **ओ३म्** લખી કંઈક વિચિત્રતા જણાવી છે. ખેર. અને તેમાં લોકોને ત્રિમાત્રા બતાવે છે કે-વ્યાકરણના નિયમ પ્રમાણે **अ** અને **उ** ની સંધિ-તે **ओ** થાય છે અને તેના ઉપર અનુંસ્વાર કરીએ તે **म** છે અને પ્લુત બોલવાને માટે "૩" આવું માપ આપીએ છીએ-અથવા **म** પાછળથી પણ લખી પુરો બતાવીએ છીએ પણ, આ રીત મન મંતવ્ય રૂપ-પોપ કલ્પના રૂપ-ગપ-ગોળા રૂપ **સાચી ગપ** છે. વેદોમાં તો "ॐ" સિદ્ધજ બતાવ્યો છે-અને આમ લખવાની પદ્ધતિ પણ સનાતન ધર્મમાં સનાતન રૂપેજ રીતસર છે જુઓ. (ॐ-કારનો પ્રણવદર્શન) એટલે આ "ॐ" સત્ય સ્વરૂપથી લખવાની પદ્ધતિ સનાતન છે. અને ત્યાં શાસ્ત્રનો આધાર છે કે—

अधः शून्यं तारकं च उर्ध्वे शून्यं तु दण्डकम् ।
कुंडल्य माद्य शून्यं च सर्व शुन्यार्ध चन्द्रकम् ।
बिन्दु श्चैव महा शुन्यं प्रणवो विश्वतो मुखम् ।

ॐકારમાં ૭ આમ પ્રથમ કરતાં નિચે શુન્ય આવતાં તે ભાગને **તારક** કહેવાય છે. ૭ આમ તેની નિચે કરતાં ઉપર શૂન્ય આવતાં તે ભાગને **દંડક** કહેવાય છે. ૭ આમ આગળનો ભાગ કાઢતાં આદ્ય શૂન્ય આવતાં તે ભાગને **કુંડલ્ય** કહેવાય છે. ◡ આમ અર્ધચન્દ્ર કરતાં સર્વ બાજુથી શૂન્ય આવતાં તે તે **સર્વ શૂન્ય** કહેવાય છે. અને જેમાં આ ચારે છે અને નથી એવા સ્વત: સિદ્ધાન્ત રૂપ તે બિંદુ ( ) મૂલરૂપ તે **મહાશૂન્ય** એમ મળીને પાંચેના અભેદ રૂપે ॐકાર સ્વત: સિદ્ધ થાય છે. માટે ॐ આ પ્રકારનો પ્રભાવ શાસ્ત્ર સિદ્ધ ઠરે છે.

આ મંત્રોથી ॐ નું સ્વત: સિદ્ધ સ્વરૂપ સિદ્ધ ઠરે છે. પણ "ॐ" આવી રીતે સ્વરૂપ પ્રતિપાદન કરી લખતાં સનાતન ધર્મવાળાનું મૂર્તિ સ્વરૂપ આપોઆપ પ્રતિપાદન થાય છે માટે આપણે **इदं तृतीयं** કરી પાકા જીવરામ ભટ્ટ બનવું અને શિંગડેથી બાંડા-તથા પુંછડેથી બાંડા કે જ્યાંથી પકડવા જાય-ત્યાંથી પકડાય નહીં. માત્ર "**સુખમસ્તીતિ વક્તવ્યં**" "**બીલા પડયા પણ ટંગડી તો ઉંચીજ**" માન ખાટીને પોતાના મનથી કાશીની પંડિતાઈ જીતી આવ્યા જેવું કરવું. તે કયા પ્રકારે પોતાની ભુલ માને તેમ છે તેનો વિચાર કરવાનો છે-અને તેજ ॐકાર શાસ્ત્ર બુદ્ધિથી **अर्थ सत्ता समायुक्त नामस्तस्य**

सुदर्शन: । આ પ્રમાણે તે પરમાત્માનું ૐ એવું વાચક **નામ** તથા પ્રતિક **સ્વરૂપ** સત્તા ૐ કે જેને પ્રણવ કહે છે તે **અર્થ** અને સત્તાથી પ્રતિપાદન થાય છે. અને જીવાત્માને તે અનુક્રમે આરોહ ક્રમથી ચઢવાને અને સૃષ્ટિના પ્રાદુર્ભુતતત્વમાં અવરોહ ક્રમથી ઊતરવાને જાણવા સરખું છે. ત્યાં ૧ **पति-२ साक्षी-३ व्यापक** અથવા **अंतर्यामि-४ देहि** અને પાંચમી ૫ **देह.** આ સંજ્ઞારૂપ પાદોના અનુક્રમો છે. અને તે દેહથી આરોહ ક્રમરૂપે એક એકથી ચઢીયાતી પંક્તિમાં છે. અને તેજ શંકરાચાર્યે મહારાજે વર્ણવેલાં **अस्ति, भाति, प्रिय, नाम, रूप**—એમ એમ અનુક્રમે આવે છે—આ સર્વે લાંબી વિગત ઊપરથી ટુંકમાં સાર કે જ્યાં "ૐ" એમ એક અક્ષર સ્વરૂપ વાચક કે પ્રતિક સિદ્ધ રૂપ **अस्ति** સ્વરૂપથી ઠરે **ત્યાં કેવુંએ પણ સ્વરૂપ છે.** એટલે મૂર્તિ ઠરે છે. અર્થથી અને સત્તાથી પણ તેનું સ્વરૂપ ઠરે છે. જેને અનુભવ હોય તેજ જાણે છે. માટે વેદ પ્રમાણથી "**द्वावेव ब्रह्मणोरूपे मूर्तं चैवामूर्तं इति**"થી બે પ્રકારે **મૂર્ત**—અને **અમૂર્ત** સ્વરૂપે ૐ પંચાયતન બ્રહ્મનુંજ સ્વરૂપ સિદ્ધ છે. એટલે આ શ્રુતિ બરાબર છે. તો મિથ્યાભિમાની ભલે બોલે તેની પરવા નથી. તેમના બોલવાથી આ સિદ્ધાન્તો તેમની વાણીના વૈખરી પ્રલાપમાં શાપરૂપે ગેબ થવાના નથી. (મૂર્ત—એટલે સગુણ બ્રહ્મ અને અમૂર્ત એટલે નિર્ગુણ બ્રહ્મ છે.)

ઉપર વર્ણવ્યા પ્રમાણે સગુણ નિર્ગુણ અભેદ પ્રકારે વર્ણવાતો ૐકારજ ઉપાસના યોગમાં—અથવા સૃષ્ટિના આદિ કાળમાં સ્વસ્વરૂપે **पतिं पतीनाम्** આ શ્રુતિથી પ્રતિપાદન થાય છે. એ પોતે સગુણ કહેવાતો છતાં નિર્ગુણ પણ છે અને નિર્ગુણ કહેવાતો છતાં સગુણ પણ છે. એમ સગુણ નિર્ગુણ રહિત અને સહિતપણાથી અભેદ ૐ પરમાત્મા પરબ્રહ્મ ઉપાસ્ય છે. એટલે આ **पति** નામાત્મક ઉપાસ્ય સંજ્ઞા નિર્વિકલ્પ—નિરંજન **દ્વૈતાદ્વૈત રહિત**—ગણાય છે. આ પાદમાં માયાની ઉપાધિની કલ્પના કલ્પાતાં છતાં પણ માયાનું વિલયપણું જેમાં છે. એમ સાબીત થતાં સગુણ નિર્ગુણ અભેદ કહેવામાં આવે છે. માટેજ આ **પંચમપાદ** પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપ—સર્વેનું ઉપાસ્ય બ્રહ્મ છે. એમ સિદ્ધજ ઠરે છે. તે પછીનાં કલ્પિત માયાની વિકૃતિવાળાં—ચાર આની માયાવાળું **साक्षी**-તુર્યબ્રહ્મ—અથવા **તુર્યપાદ**—આઠ આના માયાવાળું **अंतर्यामी के व्यापक-सम** બ્રહ્મ અથવા **समपाद**—તથા બાર આના માયાવાળું **कर्माध्यक्ष-प्रकाशक** સંજ્ઞાથી સમજાતું **देही**—સત્ બ્રહ્મ અથવા સત્પાદ—અને ચોથું સોળે સોળ આના માયાની કલ્પનાથી માયારૂપ ભરપુર આ કેવળ પ્રત્યક્ષ સ્વરૂપ સંજ્ઞાથી સમજાતું **देह-असत्** બ્રહ્મ અથવા અસત્ પાદ એમ ચાર

ૐકારના પાંચ પાદ સમજવાને શાસ્ત્રની સંજ્ઞાઓ છે.

પાદના ચાર બ્રહ્મ સ્વરૂપનો (શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિ) પોતે **પતિ** સ્વરૂપે બ્રહ્મ કે જેને ૐકાર અથવા ઉપાસનામાં **બ્રહ્મણસ્પતિ** સંજ્ઞાથી કહેવાય છે. તેજ પોતે છે. માયાની કલ્પના રૂપે પણ પોતેજ માયારૂપે ભાસે-તેમાં સમજવાની યુક્તિ તો માત્ર એવા પ્રકારે કે **પતિ** સંજ્ઞાવાચક ઉપાસ્ય સ્વરૂપની પૂર્ણદૃષ્ટિ-વા સમદૃષ્ટિ સમરસ તાદાત્મ્ય ન થાય. ત્યાં સુધી અજ્ઞાન દશા કહેવાય છે-આ અજ્ઞાન દશામાં અજ્ઞાત બુદ્ધિના જનો-માયા સ્વરૂપે જાણે ત્યારે બ્રહ્મદૃષ્ટિના જનો જ્ઞાન બુદ્ધિથી **પતિ**સ્વરૂપે સર્વ સ્થાને પોતેજ છે એમ સમજે છે. એ અલૌકિક બુદ્ધિબળ. ગુરૂ કૃપારૂપે પ્રાપ્ત થાય છે. એટલે **પતિ** સંજ્ઞામાં પૂર્ણબ્રહ્મ જેમ પ્રત્યક્ષ ૐકાર સ્વરૂપે સિદ્ધ છે. તેમજ માયાના ચારે પાદોમાં પણ ૐકારજ-તે તે પાદની અર્થ સત્તાની લક્ષણાએ લક્ષણાના સ્વરૂપથી સિદ્ધ દર્શનરૂપ છે. તેથી આ પાંચે મૂર્તિ સ્વરૂપ પણ પરમાત્મા-અને પાંચે અમૂર્તિ સ્વરૂપ પણ પરમાત્મા-એમ અભેદયોગ સિદ્ધ થાય છે. એમ અનેક પચકોમાં તે તે શબ્દની અર્થ સત્તાની લક્ષણાના સ્વરૂપથી પણ પરમાત્મા ૐકારજ સિદ્ધ ઠરે છે. માયાની કલ્પનાવાળા સ્થાનમાં માયામય સ્વરૂપ કહેવાય છે-માટે એ સર્વનો **ઉપાસ્ય** પંચમ પાદ પૂર્ણબ્રહ્મ ૐકાર બ્રહ્મ-**પતિ** સંજ્ઞાથી માનનીયજ છે આ અર્થ સત્તાત્મક સ્વરૂપના પાદમાં પણ જોવાવાળો ગુરૂગમ મર્યાદા રૂપ કુચીનો અધિકારી અને ગુરૂ કૃપારૂપ અનુભવી બુદ્ધિનો વિચાર કરનાર હોય તો તેમાંથી યુક્તિ શોધી કાઢે છે-અને તે એવી રીતે કે "**પતિ**" સંજ્ઞા ઉપાસ્ય હોવાથી સર્વથી પરે અને પ્રકૃતિ કલ્પિત માયાના વિલયનું સ્થાન હોવાથી પોતે સંપૂર્ણ બ્રહ્મ-સ્વરૂપની અર્થ સત્તાથી છે. તેનાથી કાંઈક નિચા પગથીયા રૂપ. **સાક્ષી** સંજ્ઞાવાળું ઉપાસ્ય પદ અર્થથી અને સત્તાથી માયાના સાક્ષપણાને સમજાવે છે-તેથી નિચેનું અંતર્યામી અથવા-**વ્યાપક** સંજ્ઞાવાળું ઉપાસ્ય પદ અર્થથી અને સત્તાથી. વ્યાપ્ય માયાના સમરસપણાને સમજાવે છે. તેથી નિચેનું કર્માધ્યક્ષ. અથવા **દેહી** સંજ્ઞાવાળુ ઉપાસ્ય પદ અર્થથી અને સત્તાથી માયાના અભિમાની પણાને સમજાવે છે-અને સૌથી નિચેનું કેવળ **કર્મ** સ્વરૂપ અથવા **દેહ** સંજ્ઞાવાળું ઉપાસ્ય પદ-અર્થથી અને સત્તાથી કેવળ કલ્પિત માયાની પૂર્ણતાથી ભરપુર વંધ્યા પુત્રવત્-શશશૃંગવત્-કદલી ગર્ભવત્-મૃગ તૃષ્ણાવત્-શબ્દ જ્ઞાનથી સમજાતું છતાં વસ્તુ સ્વરૂપે શૂન્ય-કલ્પિત-માત્ર દેહપણાને સમજાવી રહ્યું છે-છતાં પણ તે બ્રહ્મ સ્વરૂપે જ્ઞાનદૃષ્ટિથી છે-એમ આ ચાર પાદ માયા-વાળાં હોવાથી **ઉપાસક** છે અને પંચમપાદ સ્વસંવેદ્ય **ઉપાસ્ય** છે. તેજ આ ૐકાર સગુણ નિગુણ અભેદ સ્વરૂપે સ્વતઃસિદ્ધ છે. દેહનું જોવું તે મિથ્યાભાસ છે અને તેમાં પરમાત્માને જોવું તેજ સત્ય છે. તેમજ દરેક દૃશ્ય વસ્તુમાં

વસ્તુના દૃશ્ય ભાવથી જોવું તે મિથ્યાભાસ છે અને પરમાત્મા સ્વરૂપ જોવું તેજ સત્ય છે. એમ મૂર્તિપૂજકો મૂર્તિમાં દશ્યભાવ રૂપે મિથ્યાભાસ જોવાનો છોડી દઇનેજ પરમાત્મા રૂપે જુએ છે–એજ સનાતન વૈદિક ધર્મનો સત્ય સિદ્ધાન્ત **મૂર્તિપૂજા** સ્વરૂપે ભારતવર્ષમાં પ્રચલિત છે. અને આવી યુક્તિ શ્રીમત્ જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્યે મહારાજે યથાર્થ વર્ણવેલી તેવા રૂપે જોનારને તેવીજ જણાય છે–અને ઊલટ બુદ્ધિથી જોનારને ઊલટીજ રીતે દેખાય છે–જોતાં આવડે તેજ જુએ.

वल्ली २२ मी.

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।
सर्व भूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।
यजु० ४०–६ ।

જે વિવેકી મુમુક્ષુ દશ્યભાવથી લગાયત યાવત્ સ્થાવર પર્યંતનાં સર્વ ભૂતોને સ્વસ્વરૂપથી ભિન્ન જોતો નથી. પણ પોતાના અધિષ્ઠાનમાં અધિષ્ઠાન અભિન્ન અધ્યસ્ત સ્વરૂપે જાણે છે. અને સર્વ ભૂતોમાં આત્મા સ્વરૂપથી પોતાનાજ આત્માને જુએ છે. તે તેવા મહાન્ સમર્થ જ્ઞાનથી કોઇની પણ નિંદા કરતો નથી. વિદ્વાનોને કશાની પણ નિંદા કરવાનો અભાવ છે. પોતાના આત્માથી ભિન્ન જોનારજ નિંદા કરે છે એમ સાબીત થાય છે.

વળી આધુનીક સમયના સંકુચિત બુદ્ધિના જનો એવો નિશ્ચય બતાવે છે કે પરમાત્મા પરબ્રહ્મ **નિરાકાર** છે. અને શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય માહારાજે **વ્યાસ કૃત બ્રહ્મસૂત્ર**ના ઉપર શારિરીક ભાષ્ય રચ્યું તેમાં તથા અન્ય ગ્રંથોમાં પરમાત્માને **નિરાકાર** રૂપેજ વર્ણવ્યાજ છે. એમ કહી શ્રીશંકરાચાર્ય મહારાજના સગુણ નિર્ગુણ અભેદ સિદ્ધાન્તને છુપો રાખી તેમને માથે દોષ મુકી પોતાના મંતવ્યને ખરો જણાવવાનો યત્ન કરે છે. પણ આવા તમારા છુપા ભેદી મર્મને **વિદ્વાનો** સારી પેઠે સમજી શકે છે. તેઓ સત્ય રીતે જાણે છે કે આવી એક દગલબાજીની ગફલતથી **શ્રી શંકરાચાર્યને** માનવાવાળા અનુયાયીઓ તમારા પક્ષમાં જોડાય પણ એ વાતના મર્મને સમજવાવાળાઓ તેવી ગફલત કદાપિ પણ–ખાનાર નથી એ સત્યજ જાણજો.

વિદ્વાનો તો સમજે છે કે જેને પરબ્રહ્મ પરમાત્મા **નિરાકાર સાકાર** કહે છે તેમાં **નિરાકાર** કે **સાકાર** આ બન્ને ભેદ **સમજવાનો સિદ્ધાન્ત** નથી. છતાં સૃષ્ટિ ઉપક્રમ કાળમાં આ બન્ને પ્રકારથી અને તેના **અભેદ**· પરમાત્માને વર્ણવાય છે. પરમાત્માના પ્રતિપાદનમાં એ

પણા વિષે અપાતી ગેરસમજુત. સંજ્ઞા છે. એમ કહેવું ઠીક ઠીક છે. **સાકાર** અને **નિરાકાર** આ **શબ્દ ભેદ** છે તેથી પ્રકૃતિ વાચક ગણાય છે. આ બંન્ને ભેદોથી **પરે** પરમાત્મા છે. એટલે પરમાત્માના સ્વરૂપના પ્રતિપાદનમાં આ બન્ને ભેદો લાગુ પડતા નથી. તસ્માત્ પરમાત્માને એક પક્ષથી સાકાર માનનારાની ભુલ કાઢી **સાકાર** માનનારા ખોટું સમજ્યા છે એમ કહેવાય ત્યારે પરમાત્માને અન્ય પક્ષથી **નિરાકાર** માનનારા પણ ખોટું સમજ્યા છે એમ કહેવામાં કશો પ્રતિબંધ નથી. કેમકે સાકારના અભાવે નિરાકાર શબ્દ ઠરે છે ત્યારે નિરાકારના અભાવે સાકાર શબ્દ ઠરે છે. એટલે આ બંન્ને શબ્દો અભાવવાળા હોવાથી સ્વતઃસિદ્ધ સ્વયં પ્રકાશ પરબ્રહ્મ પરમાત્મ તત્વમાં ઘટી શકતા નથી. એ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે નિરાકાર અને સાકાર બન્ને પ્રકાર શબ્દસિદ્ધિરૂપ પ્રકૃતિ વાચક હોઇને બન્ને કલ્પિત ઠરે છે. એટલે આ બન્ને શબ્દથી પરમાત્માને માનનારા બન્નેની ભુલ છે. એમ કહેવાને હરકત નથી. કેમકે **यतो वाचो** આ શ્રુતિ વાણી અને મનથી રહિત સ્વરૂપને સમજાવે એટલે વાણી અને મનથી કહેવાતા નિરાકાર–અને સાકાર શબ્દો પણ તે પરમાત્માને માટે યોગ્ય નથી. એમ સાબિતજ થાય છે. (**जन्माद्यस्य यतः** આ સૂત્ર જુઓ.)

છતાં આ ઉપર વર્ણવેલા સ્વતઃસિદ્ધ સ્વયં જ્યોતિ પરમાત્માના સ્વરૂપને સ્વતઃ પ્રમાણ રૂપ વેદો વર્ણવે ત્યારે આ ઉભય પ્રકારથી અભેદજ વર્ણવે એટલે નિચેની શ્રેણીમાં ઉભયની સમાનતાથી વણવતાં કલ્પિત માયાના અભાવ રૂપે **નિરાકાર**–અને કલ્પિત માયાના ભાવરૂપે **સાકાર**–એમ ભાવાભાવ રહિત પરમાત્માજ ભાવાભાવ સહિત રૂપે વર્ણવાય છે. એટલે **વ્યતિરેક લક્ષણામાં** ભાવાભાવ રહિત ભાવ બતાવે ત્યારે **અન્વય લક્ષણામાં** ભાવાભાવ સહિત ભાવ બતાવે છતાં તે વ્યતિરેકાન્વયના અભેદરૂપથી **પરે**જ સ્વતઃ સિદ્ધ સ્વય પરમાત્મા "**છે**" એવી સત્ય નિરીક્ષણની કોટીએ યથાર્થ સમજનારા વિદેહ કૈવલ્યતાને પામે કે જ્યાં મનવાણીની શાન્તિના અનુભવમાં સ્વરૂપની પ્રાપ્તિ અને શાન્તિજ.

હવે બીજી તરફથી જોતાં જણાય છે કે **વેદ વ્યાસ** મહારાજ કે જેઓએ **બ્રહ્મ સૂત્ર** રચ્યાં. તે બ્રહ્મ સૂત્રના કર્ત્તા જો એક પક્ષથી **નિરાકારનેજ** પ્રતિપાદન કરતા હોત તો પછી અરાઢ પુરાણ અને અરાઢઉપપુરાણોથી નિરાકાર સાકાર **અભેદ બ્રહ્મ સ્વરૂપ શકિત બ્રહ્મ–સૂર્ય બ્રહ્મ–વિષ્ણુ બ્રહ્મ, શિવ બ્રહ્મ** અને **ગણુપતિ બ્રહ્મને** શા માટે પ્રતિપાદન કરે ??? પણ ના. વ્યાસ મહારાજની એવી બુદ્ધિ નહોતી. વ્યાસ મહારાજે તો વેદ સનાતન ધર્મના સત્ય

સિદ્ધાન્તરૂપેજ સાકાર નિરાકારની સમાનતા વાપરી તે સાકાર નિરાકારથી **પરે** બ્રહ્મને પ્રતિપાદન કીધો છે. જે વેદોનાં પ્રમાણુ લેવામાં આવે તે વેદ પણ **સાકાર નિરાકારની ઉભયતા** સાથે પ્રતિપાદન કરે એટલે વેદ મંત્ર પણ સાકાર નિરાકાર સમાન-અક્ષર પણ સાકાર નિરાકાર સમાન-શબ્દ પણ સાકાર નિરાકાર સમાન-એમ સર્વત્રજ સાકાર નિરાકાર સમાન છે. ભેદ દૃષ્ટિના જોનારને ભેદરૂપે જણાય અને અભેદ દૃષ્ટિના જોનારને અભેદ રૂપે જણાય છે. અને ભેદાભેદ રહિત દૃષ્ટિએ જોનારને ભેદાભેદ રહિતજ જણાય છે. વ્યાસ મહારાજે દરેક પુરાણોમાં ઠામઠામ સગુણ નિર્ગુણની સમાનતા સાથેજ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. જોતાં આવડે તો જોવાનું છે.

સાકાર નિરાકારના અભેદપણાનો સિદ્ધાન્ત વેદોથી સિદ્ધ છતાં શ્રીશંકરાચાર્યના નામથી અપાતી લોકને ગેર સમજુતી.

તેમ શ્રીમત્ જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજે પણ વેદોની અને શાસ્ત્ર પુરાણોની તેમજ વ્યાસ મહારાજની પદ્ધતિએ સાકાર નિરાકાર અથવા સગુણ નિર્ગુણની સમાનતાએજ અભેદ બુદ્ધિથી અભેદજ પ્રતિપાદન કરી સમજાવ્યું છે. શંકરાચાર્ય મહારાજે શારીરીક બ્રહ્મ સૂત્ર ભાષ્ય રચ્યું અને તે સાકાર નિરાકારના વર્ણન રૂપ રચ્યું જુઓ કે અક્ષર શબ્દ રૂપ સગુણ સ્વરૂપના બંધારણ રહિત છે કે ??? નિરાકાર કહેતા હોતો તપાસજો કે સાકારના બંધારણ શિવાય તે રચાય છે કે ??? તેમણે શારિરીક ભાષ્યમાં વ્યતિરેક અને અન્વય બંન્ને લક્ષણાઓ લીધેલી છે. તે જરા ધ્યાન રાખીને જુઓ તો જણાશે. પ્રકૃતિના અભાવની લક્ષણા તે **વ્યતિરેક** અને પ્રકૃતિના અધ્યસ્ત ભાવને અધિષ્ઠાનમાં જોડી દઈ કેવળ અધિષ્ઠાનજ છે એમ જણાવવાની લક્ષણા તે **અન્વય** છે. ભાઈઓ !!!! બુદ્ધિના વિચારથી જોવામાં જેવી દૃષ્ટિ હોય તેવું તેને ભાસે સારા સજ્જન વિદ્વાનો તો ઉભય પક્ષની સમાનતાજ જુએ છે. જેથી શ્રી શંકરાચાર્યનો એક આગ્રહી પક્ષ સ્વીકારતાજ નથી. શ્રીવેદવ્યાસ તથા શંકરાચાર્યે મહારાજે બ્રહ્મ સૂત્રમાં **ઉપાસના** અને જ્ઞાનને અવિરોધ છે એમ નિરૂપણ કરી બતાવેલ છે. એટલે શંકરાચાર્યનો સત્ય સિદ્ધાન્ત સગુણ સાકાર-અને નિર્ગુણ નિરાકારની સમાનતાનેજ ધારણ કરે છે. દોષારોપણ કરનારા જનો-શ્રીશંકરાચાર્યના અનુયાયીઓને ફરેબ આપી ગફલતમાં નાખી શું હેતુ સાધવા ઇચ્છે છે. તે વિદ્વાન વાચકો સમજી શક્યા છે. શંકરાચાર્યે મહારાજ સંન્યાસી થયા પછીજ ભાષ્ય રચ્યું તેમ સંન્યાસી થયા પછી શ્રી ગણપતિનાં સ્તોત્રો-શિવનાં સ્તોત્રો, વિષ્ણુનાં સ્તોત્રો-દેવીનાં સ્તોત્રો-જ્ઞાનનાં સ્તોત્રો તૂર્યપાદનાં સ્તોત્રો-તુર્યાતીતપાદનાં સ્તોત્રો આદિ અનેક સ્તુતિ પ્રકારથી પ્રભુને વંદન કરી સગુણ નિર્ગુણની અભેદતા સમજાવી છે. તે શંકરાચાર્યે મહા-

રાજે નિરાકાર–અને સાકાર એવા જુદા જુદા ભાગ પાડયા હોય એમ કદાપિ પણ સંભવે નહિં. **સનાતન વૈદિક ધર્મના ઉદ્ધારક** શ્રી આચાર્ય મહારાજ વેદની મર્યાદાનો ત્યાગ કરી એક પક્ષ માનેજ નહીં એમ જ્ઞાતાઓ સમજે છે. ત્યારે તે વેદોમાંની શ્રુતિઓ નિરાકાર અને સાકારને સમાન સ્વરૂપથી વર્ણવે છે. એ વાત નિર્વિવાદ છે. શ્રી પ્રભુએ વ્યતિરેક લક્ષણાથી બ્રહ્મ સ્તુતિ કરી છે ત્યારે અન્વય લક્ષણાથી પણ સ્તુતિ કરેલ છે. તેમ વ્યતિરેકાન્વયની ઉભતાના દ્વૈતા દ્વૈતથી પરે સ્વરૂપને અર્થાત્ જેને **અજાતવાદ** કહે છે એટલે કેવળ પંચમપાદના સ્વરૂપનું વર્ણન પણ કરેલું છે (નિર્વાણ દશકમ્ જુઓ) વ્યતિરેક લક્ષણાએ **नाहंदेहो नेन्द्रियाण्यन्तरंगं**. ઇત્યાદિ નિર્ગુણ વાચક સ્તોત્રો છે તેમ **पाताले चान्तरिक्षे दशदिश गगने सप्तशैले समुद्रे** ઇત્યાદિ સ્તોત્રોથી અન્વય લક્ષણા યુક્ત સગુણ બ્રહ્મનું પ્રતિપાદન છે–ત્યારે.

न चैकं तदन्य द्वितीयं कुतः स्यान्न चाकेवलत्वं न वा केवलत्वात् ॥
न शून्यं नचा शून्य मद्वैत कत्वात्कथं सर्व वेदान्त सिद्धं ब्रवीमि ॥

આ સ્તોત્ર વિચારથી અજાતવાદનો સિદ્ધાન્ત બતાવ્યો છે. મહાન પુરૂષો કદાપિ ભુલ કરતાજ નથી. પણ દોષ દૃષ્ટિએ જોનારને દોષ રૂપેજ ભાસે છે અને નિર્દોષ બુદ્ધિએ જોનારને સર્વત્ર નિર્દોષ સ્વરૂપ લાગે છે.

જુઓ વ્યાસ મહારાજે કાશિ વિશ્વનાથનાં દર્શન વખતે સ્તોત્ર રચ્યું છે તેમાં લખે છે કે—

तेजोमयं सगुण निर्गुण मद्वितीय मानन्दकन्दमपराजितमप्रमेयं ॥
नागात्मकं सकल निष्कलमात्मरूपं वाणारसी पुरपतीं भजाविश्वनाथम् ।

જુઓ વ્યાસ મહારાજે સગુણ નિર્ગુણનો બિલકુલ ભેદ દર્શાવ્યો નથી. તેમ વેદોમાં પણ નથી. જુઓ—

एको देवः सर्व भूतेषुगुढः सर्वव्यापि सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्व भूताधिवासः साक्षीचेताः केवलो निर्गुणश्च ॥ श्वे० ३० ।

તેમ યજુર્વેદમાં અન્નરૂપે, પાષાણરૂપે, ધાતુરૂપે, વૃક્ષરૂપે, આદિ સર્વરૂપે પરમાત્માને વર્ણવ્યાની શ્રુતિઓ ઠામઠામ દૃષ્ટિમાં આવે છે. અને તેમાં ભેદાભેદ નથી–છતાં કલ્પિત બુદ્ધિના કુતર્કોએ હૃદયને ડખોળીને કેવળ મલીન બનાવી મુકયું છે તેથી નિતર્યા અર્થો દૃષ્ટિગોચર શી રીતે થાય. એ એક મોટું આશ્ચર્ય જ છે. ! ! !

સૃષ્ટિ સર્જનકાળના વિધિમાં નિરાકાર–સાકાર અથવા નિર્ગુણ સગુણ પ્રકારથી પરે–સ્વતઃસિદ્ધ સ્વયંજ્યોતિ પરમાત્મા ૐકારજ પ્રથમ વિકલ્પ

કલ્પનારૂપ સૃષ્ટિ સર્જનકાળના અભાવમાં નિર્ગુણ નિરાકાર કહેવાય. ત્યારે તેજ વિકલ્પ કલ્પનારૂપ સૃષ્ટિ સર્જન કાળના ભાવમાં સગુણ–સાકાર કહેવાય. એમ અભાવ અને ભાવની લક્ષણામાં જોડાતાં સૃષ્ટિ સર્જન કાળનો અભાવ ભાવ કલ્પાય છે. તેનું નામ શાસ્ત્રકાર–વિકલ્પમાયા–અથવા ઇચ્છા શક્તિ–ચિત્ શક્તિ–અવ્યક્ત કહે છે–તે કલ્પનારૂપ, મિથ્યા ભાસરૂપ વિવર્તજ છે. અધ્યસ્ત સ્વરૂપે પ્રતિપાદન કરાતાં છતાં અધિષ્ઠાનજ રૂપે સત્ય છે. **અધિષ્ઠાન** અનાદિ સિદ્ધ બ્રહ્મ પરમાત્મા છે ત્યારે આ સગુણ નિર્ગુણની કલ્પનાવાળા ભાવઅભાવરૂપ માયાનું સ્વરૂપ અનાદિ શાન્ત કહેવાય છે. આવો સિદ્ધાન્ત છે. મુર્ખાનંન્દોને આ કલ્પનારૂપ માયા એ કંઇ બ્રહ્મથી ભિન્ન વસ્તુની સ્થિતિ ભાસતી હશે પણ આચાર્ય ભગવાને તો નિશ્ચય વર્ણવ્યું છે કે—

घटनाम्ना यथा पृथ्वी पटनाम्ना हि तंतवः ।
जगन्नाम्ना चिदाभाति ज्ञेयं यत्तदभावतः । अ० सू० ६४

ઘડાના નામથી જેમ પૃથ્વીજ ભાસે છે–તથા જેમ વસ્ત્રના નામથીજ તંતુઓજ (આડા ઉભા તાર) ભાસે છે. તેમજ આ જગતને નામે પરબ્રહ્મ પરમાત્માજ ભાસે છે–માયા એ વસ્તુ સ્વરૂપે કંઇપણ નહિ. કલ્પના માત્ર છે તે બ્રહ્મને બાધ કરે છે એમ માનનાર કેટલી બધી ભુલ કરે છે. અજ્ઞાન દૃષ્ટિથી જીવ, ઈશ્વર, માયા એમ ભાસતું હોય તો પણ તે બ્રહ્મજ ભાસે છે એમ જ્ઞાનીજનો જાણે છે–એમ અજ્ઞાની જનો તરંગ, લેહેરી, બુદબુદા જોતા હોય છતાં જ્ઞાનીની સમજણમાં તે જલજ છે તેમ આ છે. અજ્ઞાતા જનોને માયા કોઈ પદાર્થરૂપે કે કોઈ ગુણરૂપે બ્રહ્મથી ભિન્ન મનાઈ છે તેથી તેના અનેક સંકલ્પો કરી પોતે પોતાની બ્રહ્મદૃષ્ટિથી વિમુખ રહે છે. અજ્ઞાની જગત રૂપે કે માયારૂપે જુએ છે ત્યારે જ્ઞાની બ્રહ્મ સ્વરૂપને જુએ છે–પણ તેણે જાણવું જોઇએ કે **वाचारंभणं विकारो नाम धेयं मृत्तिकेत्येव सत्यम्। श्रुतेः ।** ઘડાનાં નામરૂપ ભાવ મિથ્યા છે–અને કેવળ મૃત્તિકાજ સત્ય છે–ઘડો એવું નામ વાણીનો વિકાર છે. વળી સમજવું ઘટે છે કે **"यत्रहि द्वैतमिव भवति तदितर इतरं पश्यति"** અજ્ઞાન બુદ્ધિના વિચારમાં દ્વૈત એ પ્રકારે પોતે ભાસે છે ત્યારે જોનાર પુરૂષ અન્યને પોતાનાથી ભિન્ન દ્વૈતરૂપે દેખે છે–એમ શ્રુતિ વર્ણવે છે–તે ધ્યાનમાં રાખવા સરખું છે. શાસ્ત્રીય કે લૌકિક બન્ને વ્યવહારને બ્રહ્મથીજ સિદ્ધ સમજાવાય છે. કેમકે બ્રહ્મના અસ્તિત્વ સાથેજ બુદ્ધિમાંના શાસ્ત્રીય કે લૌકિક વ્યવહારો સંબંધ રાખે છે. બ્રહ્મનું અસ્તિત્વ ન હોય તો આ બંન્ને સિદ્ધજ થાય નહિં. પરંતુ જેમ ઘડા આદિ કાર્યો તે વાસ્તવિક રિતે મૃત્તિકાજ છે. તેમજ આ સર્વ પરબ્રહ્મ પરમાત્માજ છે. પણ ભેદ બુદ્ધિજન્ય અજ્ઞાન દોષથી બ્રહ્મસ્વરૂપનો અનુ-

ભવ કરી શકતા નથી. આ અજ્ઞાનની નિવૃત્તિ તેજ **જીવન્મુકતતા** છે. અજ્ઞાન તેજ **માયા** છે એમ શાસ્ત્રીય અર્થ છે. માટે અજ્ઞાનની નિવૃત્તિનો યોગ તેજ વેદાન્ત શાસ્ત્રની પ્રક્રિયા છે. અજ્ઞાન પછી દ્વૈત ભાસે-માટે દ્વૈતનો નાશ થવો એ મુક્તિનું સ્વરૂપ કહેવાય નહિં. દ્વૈત એ ભાસ માત્ર છે અને તેનું કારણ અજ્ઞાનનું તે કાર્ય છે. માટે દ્વૈતની પ્રતીતી ભલે થતી હોય. પરંતુ તેમાંથી સત્યત્વ બુદ્ધિનો ત્યાગ કરવો એટલે અજ્ઞાનનો વિલય સમજાતા બ્રહ્મપ્રાપ્તિ છે- જો આમ કરવામાં આવે તો તેને **માયા** કદાપિ પણ ભાસે નહિં અને પછી તેને કુતર્ક પણ થશે નહિં. અને સગુણ નિર્ગુણની અભેદ સત્તાએ પરબ્રહ્મને જાણશે એજ સત્ય છે. કયાં આ મહાત્મા જીવન્મુક્ત સંત પુરૂષોની સ્થિતિ-અને કયાં એક સંસાર વ્યવહારમાં રજોગુણ તમોગુણના કીચમાં કળી રહેલો ધર્મ શાસ્ત્ર વેદ અને સંત-બ્રાહ્મણોની નિંદા કરવાવાળો પામર અને તેની સ્થિતિ- કે જે સદાકાળ દેહાધ્યાયસમાંજ ગરક રહે છે-તેનો વિચાર કરો—

વળી એક વાત સમજવા જેવી એવી રીતે છે કે—

પૂર્વ મિમાંસાકારે તત્દર્શનના પ્રથમાધ્યાયના પ્રથમ પાદના પંચમ સૂત્રમાં (ઔત્પત્તિક સૂત્રમાં) શબ્દ અને અર્થને અનાદિ માની જૈમિનિએ વેદને અન્ય કોઈ પ્રમાણની અપેક્ષા ન હોવાથી વૈદિક શબ્દમાં **પ્રામાણ્ય** સ્થાપન કર્યું છે. આટલાજ માટે શ્રુતિઓ **પ્રત્યક્ષ પ્રમાણ** કહેવાય છે. અને શ્રુતિરૂપ અન્ય પ્રમાણની અપેક્ષાથી સ્મૃત્તિઓ **અનુમાન પ્રમાણ** કહેવાય છે. એમ આ જગતની ઊત્પત્તિ યોગ વૈદિક શબ્દથી સિદ્ધ માનેલો છે. માટેજ જગત અને પરમાત્માનો સબધ અધિષ્ઠાન અધ્યસ્તરૂપે માન્ય કરવાને હરકત નથી. દેવાદિ સર્વ જગતની વેદ શબ્દથી ઊત્પત્તિ હોવાવડે વેદશબ્દનું નિત્યપણું છે. એમ સિદ્ધજ છે. માટે વેદવ્યાસ કહે છે કે-

પૂર્વ મિમાંસાકાર અને ઉત્તર મિમાંસાકારની એકવાક્યતા છે-

युगान्तेऽन्तर्हितान् वेदान् सेतिहासान्महर्षयः ।
लेभिरे तपसा पूर्वमनुज्ञाताःस्वयम्भुवा ॥

પ્રલયાન્તમાં ઇતિહાસાદિક સહિત અંતર્ધાન થયેલા વેદોને-સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માની આજ્ઞાને પામેલા મહર્ષિઓ તપવડે સંપાદન કરતા હવા.

આ ઊપરથી સિદ્ધ સમજાય છે કે વૈદિક શબ્દો અને તેના અર્થો પ્રમાણ-રૂપ સિદ્ધજ છે. ત્યારે અજ્ઞાનતાથી વેદના સગુણ નિર્ગુણ અભેદ સિદ્ધાન્તને ભેદ છે. એમ માનનારા કેટલી ભૂલ કરે છે ???

આ જગતની ઊત્પત્તિ તુર્યપાદ મહેશ્વરથી સિદ્ધજ છે-તેથી શાસ્ત્રકાર વર્ણવે છે કે—

नामरूपे च भूतानां कर्मणां च प्रवर्तनम् ।
वेदशब्देभ्य एवाऽऽदौ निर्ममे स महेश्वरः ।

તે મહેશ્વર-સૃષ્ટિના આદિમાં વૈદિક શબ્દોથીજ ભૂતોનાં નામ અને રૂપોને તેમ કર્મોના પ્રવર્તનને નિર્માણ કરતા હવા આ ઉપરથી યાવત્ સૃષ્ટિ (બ્રહ્માંડો) વૈદિક શબ્દોના નિત્યપણા સાથે સબંધ રાખતી હોવાથી વેદોના નિત્યત્વમાં અખિલ બ્રહ્માંડોનું પણ બ્રહ્મસ્વરૂપપણાવડે નિત્યત્વજ સિદ્ધ કરે છે-આથી અજ્ઞાનતાની સમજણથી જન્મ મરણવાળાં અનિત્ય દેવાદિ શરીરોની સાથે નિત્ય શબ્દનો અને અર્થનો સબંધ પણ અનિત્યજ ઠરે છે. તેથી જૈમિનિના સિદ્ધાન્તમાં વિરોધ આવે છે. એવી શંકાને કાળ નથી. કારણ પૂર્વ મિમાંસાકાર અને ઉત્તરમિમાંસાકારના અભેદ યોગમાં વૈદિક શબ્દ નિત્ય પ્રામાણ્યરૂપ હોવાથી અનિત્યપણાનો ભાવ કલ્પાતોજ નથી. જૈમિનિ મહારાજે સર્વ કંઈ વૈદિક શબ્દરૂપે પ્રામાણ્ય પણાથી સિદ્ધ માન્યું છે ત્યારે ઉત્તર મિમાંસાકારે અધિષ્ઠાનજ અધ્યસ્ત સ્વરૂપની લાક્ષણીક સંજ્ઞાથી બ્રહ્મથી જગતને અભેદ સ્વિકારેલું છે-હવે વેદ પ્રમાણના ઉપર અન્ય કોઈ પ્રમાણની અપેક્ષાજ રહેતી નથી. કેમકે શ્રુતિમાં પ્રમાણ છે કે-

सूर्या चन्द्र मसौ धाता यथा पूर्वमकल्पयत् ।
दिवञ्च पृथिवीं चान्तरिक्षमथो स्वः ।

વેદાન્ત દર્શનના પ્રથમાધ્યાયના ત્રીજા પાદના નવમા અધિકરણના ત્રીસમા સુત્રમાં વર્ણવ્યા પ્રમાણે શ્રીમદ્ ભાષ્યકાર કહે છે કે-(પરમેશ્વર-પૂર્વ કલ્પમાં જેવાં સૂર્ય, ચન્દ્ર, દિવ, પૃથિવી, અંતરિક્ષ, અને સ્વર્ગ હતાં તેવાં આ કલ્પમાં પણ સૃજતા હવા ઇત્યાદિ શ્રુતિથી અને

ऋषिणां नाम धेयानि याश्चवेदेषु दृष्टयः ।
शर्वर्यन्ते प्रसूतानां तान्ये वेभ्यो ददात्यजः ॥

(પરમેશ્વરજ-પ્રલયના અંતમાં ઉત્પન્ન થએલા ઋષિઓનાં નામો અને અને વેદોનાં જ્ઞાન જેવાં પૂર્વ કલ્પમાં હતાં તેવાંજ નામ અને જ્ઞાન તેમને અર્પે છે.) ઇંત્યાદિ સ્મૃતિવચનો વારંવારના મહાપ્રલય અને મહાસૃષ્ટિને વિષે પણ જગત સમાન નામરૂપ વાળું હોવાથી વેદ શબ્દ પ્રામાણ્યમાં અવિરોધજ છે. એમ જૈમિનિ અને વેદવ્યાસનો અભેદ મત છે-આ ઉપરથી વાચક વૃંદને સમજાશે કે સ્વર્ગાદિક લોકો અને દેવાદિકનાં શરીરો તથા ભૂતાદિકના નામરૂપો વૈદિક શબ્દના પ્રામાણ્યપણાથી બ્રહ્મની સાથે અભેદ હોઇને વેદ જેમ અપૌરૂષેય છે-તેમ વેદની સાથેનાં તે સંજ્ઞાથી સિદ્ધ સર્વ અપૌરૂષેય પ્રામાણ્ય સ્વરૂપછે-વેદોમાં સંહિતા-બ્રાહ્મણો અને ઉપનિષદ્ ભાગો છે-તે પણ વેદ પ્રમાણરૂપ વૈદિક શબ્દ અર્થના ભાનરૂપ હોઈ તે પણ અપૌરૂષેયજ છે—

આધુનિક કાળમાં બુદ્ધિની અપરિપકવ ભ્રમિત સ્થિતિથી આ વૈદિક શબ્દથી પ્રામાણ્ય ભૂત ઉપનિષદાદિ ઇતિહાસોને અપૌરૂષેય માની. તેના ઉપર હજારો કુતર્કો થાય છે–તેવા ભ્રમિત બુદ્ધિજનોના નિશ્ચયને ખાતર જણાવવાની જરૂર જાણી છે.

— —

वल्ली २४ मी.

तदेवाग्निस्तदादित्य स्तद्वायुस्तदु चन्द्रमाः ।
तदेव शुक्रं तद्ब्रह्म तदापस्तत्प्रजापतिः ॥
त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।
त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ।
श्वेता० उ० ।

તેજ પરમાત્મ તત્વ અગ્નિ છે. તેજ સૂર્ય છે. તેજ વાયુ છે. તેજ ચંદ્રમા છે. તેજ પ્રકાશમાન નક્ષત્રાદિ છે. તેજ બ્રહ્મ છે તેજ જળ છે. તેજ વિરાટ છે.

હે પરમાત્મન્–તમેજ સ્ત્રી છો તમેજ પુરૂષ છો તમેજ કુમાર છો તમેજ કુમારિકા છો. તમેજ વૃદ્ધ લાકડીવડે ચાલો છો અને તમેજ ઉત્પન્ન થતા જણાઓ છો અને તમેજ સર્વ બાજુથી મુખવાળા વિશ્વરૂપ છો.

વેદાદિ પ્રતિપાદ્ય બ્રહ્મજ્ઞાન દૃષ્ટિથી બ્રહ્મજ્ઞાની જીવન્મુક્ત પુરૂષો સર્વત્ર સિદ્ધ બ્રહ્મ સ્વરૂપને જાણે વા માને અને અનુભવે–ત્યારે ગુરૂદિક્ષા હીન, સંત સમાગમ અનુભવથી વિમુખ, વૈદિક કર્મ ઉપાસનાથી અને શાસ્ત્રમર્યાદા નવધા ભક્તિયોગથી ભ્રષ્ટ, રજોગુણ આચારવાળા, સાધન સંપન્નતાથી રહિત–અજ્ઞાતાજનો બ્રહ્મ સ્વરૂપને દૃશ્યબુદ્ધિએ જગત્ રૂપથી દેખે, જાણે, વા અનુભવે. પણ વસ્તુત: અજ્ઞાન ભેદદૃષ્ટિએ જોવાથી સત્ય જોતાં આવડતું નથી. તેથીજ પ્રભુને બદલે જગત્ રૂપે દેખે છે. એમ જાણવું. જ્યારે આ અજ્ઞાત જીવો ઉપર કહેલા વિધિથી યોગરૂપ જ્ઞાન મર્યાદા સેવી ૐકાર સગુણ નિર્ગુણ અભેદ પંચાયતન પરબ્રહ્મ તુર્યાતીત પરમાત્માની ઉપાસના કરે તોજ સત્સંગ દ્વારાએ બોધની પ્રાપ્તિમાં તેની દેહાધ્યાસની મિથ્યા વાસનારૂપ માયાની મોહજાળ ઉપાસ્ય પ્રભુમાં વિલય થતાં તે પોતાના બ્રહ્મ સ્વરૂપને ઓળખે છે. આ પંચાયતન અભેદ છે. એ વાત જેમ વેદોમાં છે તેમ પુરાણોમાં પણ છે. વિષ્ણુ મહારાજાનું વચન છે કે—

ૐકાર સ્વરૂપ પંચાયતન જેમ વેદોમાં અભેદ છે તેમ પુરાણોમાં પણ અભેદ છે.

असच्छक्तिश्च सत्भानुः समो नेति शंकरः ।
चतुर्णां ब्रह्मणां योगे स्वानंदः कथ्यते बुधैः । मौ० ॥

શ્રીવિષ્ણુ મહારાજ કહે છે કે—**असत्** પાદ તે શક્તિ સ્વરૂપ—**सत्**પાદ તે સૂર્ય સ્વરૂપ—**सम**પાદ તે અહં એટલે હું વિષ્ણુ સ્વરૂપ—તેમજ **नेति**પાદ તે શંકર અથવા શિવ સ્વરૂપ—આ ચાર પાદ બ્રહ્મના અભેદ યોગથી તે **योग** પાદ અથવા પંચમ પાદ અથવા **स्वानंद** પાદ સગુણ બ્રહ્મ ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ **गणेश** અથવા **गणपति** છે. તેજ નિર્ગુણ—સ્વરૂપે તથા **અસ્તિ** પદ પ્રમાણ વાચ્ય **यतोवाचो निवर्तते** ઇત્યાદિ શ્રુતિથી મન અને વાણી રહિત પરમાત્મા છે. એમ ચાર પાદ—ચાર માત્રા—ચાર વેદ—ચાર લોક—ચાર વર્ણ—ચાર આશ્રમ—ચાર મુક્તિ—ના સંયોગરૂપ ચારથી પર—એવો આ સાક્ષાત્ **स्वानंद** લોકવાસી સગુણ બ્રહ્મ પરમાત્મા બિન્દુ એટલે અવ્યક્ત માયારૂપ કલ્પનાના દેહ (માયા)વાળો વિધિ-નિષેધ યુક્ત રહિત બંધન મુક્તિથી પરે—સ્વયંબ્રહ્મ સ્વરૂપ પરમપુરૂષ બ્રહ્મભુય સ્વસ્વરૂપ સિદ્ધ છે—તેજ જીવન્મુક્ત પરમપદ—પરમ ધામ, કૈવલ્ય, પરમ ગતિરૂપ—કહેવાય છે—અને તેજ સર્વેનું ઉપાસ્ય છે.

स्वानंद—શબ્દનો અર્થ—**स्व+आनंद** । અર્થાત્ સ્વયં આનંદરૂપ—અથવા પોતે આનંદરૂપ અથવા **स्वस्य+आनंद** એટલે પોતાનો આનંદરૂપ એવો જેનો સ્વ-સ્વરૂપાત્મક લોક ગણાય છે. તેજ અર્થ સત્તાથી બ્રહ્મ સ્વરૂપજ છે. એમ આ-ગળ વર્ણવી ગયા છીએ. (**तद्भगवः कुत्रास्थितं । स्वमहिम्नीति श्रुतेः**)

ૐકાર સ્વરૂપથી પોતેજ પંચમપાદ દેહ પર્યંતનું અભેદ સ્વરૂપ છતાં માત્ર દ્વૈત જોવાનીજ અજ્ઞાન દૃષ્ટિથી ભેદ રૂપે જણાય છે. ૐકારજ માયા સ્વરૂપે પણ અભેદજ દેહ પર્યંત ઊતરતે ઊતરતે ઊતરી આવેલો સમજાય છે—છતાં અધિકારીની જીવ ભાવનાનો વિલય સમજવાને માટે છે. અને પુનઃ ઊપાસનાના યોગથી ચઢતે ચઢતે ચઢી ૐકાર સ્વરૂપજ થાય છે. એની એક યુક્તિ એવી રીતે સમજવી જરૂરની છે કે **પંચમપાદ** તે **पर** અથવા પરમ પુરૂષ એવી સંજ્ઞાથી **તુર્યપાદ**—તે **पुरुष** એવી સંજ્ઞાથી—**સમપાદ** તે **प्रकृति** એવી સંજ્ઞાથી—**सत्**પાદ તે **देही** એવી સંજ્ઞાથી અને છેલ્લો **અસત્પાદ** તે દેહ એવી સંજ્ઞાથી તેનો તેજ છે. એમ **परमपुरुष—पुरुष—प्रकृति—देही—देह** એમ અભેદ સંજ્ઞાથી જોવા-વાળા જોઈ રહ્યા છે. આ વ્યતિરેકાન્વયની સંજ્ઞા ગુરૂકૃપા રૂપ સમજાય છે. સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા પરબ્રહ્મ ૐકાર તે અધિષ્ઠાન અને તેને વિષે અધ્યસ્ત રૂપે કલ્પિત માયા—આ અભેદ છતાં ઊભયપણામાં આ પાંચે સ્વરૂપ બ્રહ્મની અભેદ સત્તા સમજાય છે. પણ ગુરૂ કૃપા વિના દૃષ્ટિમાં આવતી નથી. તેમાંના તુર્યપાદથી અસત્ પાદ પર્યંતના ચાર પાદ તે માયાના વિશેષ વિશેષ

અર્થ સત્તાથી ગુપ્ત સ્વરૂપે પાંચેનું ઉત્તરોત્તર-પ્રકાશરૂપ શકિતનું–પ્રકાશકરૂપ સૂર્યનું–અંતર્યામીરૂપ વિષ્ણુનું–સાક્ષીરૂપ શિવનું–પતિરૂપ ગણુપતિનું પ્રતિપાદન છે.

વૃદ્ધિના પ્રતિપાદન સાથે કહેવાય છે. અને પંચમ પૂર્ણ પાદ માયાના પતિ અથવા માયા રહિત એમ કહેવાય છે. તેની સમજણુ પણુ નીચે પ્રમાણે છે. પંચાયતનમાં અસત્ પાદથી આરંભ કરતાં **શકિત બ્રહ્મ**–તેથી પરે **સૂર્ય બ્રહ્મ**–તેથી પરે **વિષ્ણુ બ્રહ્મ**–તેથી પરે શિવ **નેતી બ્રહ્મ** અને સર્વથી પરે સગુણુ નિર્ગુણુ અભેદાત્મક ॐકાર સ્વરૂપ સ્વાનંદવાસી **ગણેશ બ્રહ્મ** અથવા ગણુપતિ છે. આ શક્તિ–સૂર્ય, વિષ્ણુ, શિવ, અને ગણેશ અથવા ગણુપતિ એવા નામોમાં **અર્થ સત્તા** ગુપ્ત રહે છે, અને તે અનુક્રમે–જેમ પાદ અનુક્રમે ઉત્તરોત્તર છે તેમ તે **અર્થ સત્તા** પણુ ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ પ્રકારની છે. અને તે એવી રીતે કે, **પ્રકાશ** અથવા દેહરૂપ (શક્તિ બ્રહ્મ) **પ્રકાશક** અથવા **પ્રેરકરૂપ** અથવા દેહીરૂપ (સૂર્ય બ્રહ્મ) **અંતર્યામી** રૂપ અથવા સમ કે પ્રકૃતિરૂપ વ્યાપક (**વિષ્ણુ બ્રહ્મ**) **સાક્ષીરૂપ** તુર્યપાદ નેતી સ્વરૂપ (તુર્ય શિવ **બ્રહ્મ**) અને **પતિ** રૂપ (ગણુપતિ અથવા ગણેશ બ્રહ્મ) એમ ઉત્તરોત્તર એક પછી એક ચઢીયાતુ પદ છે. આ પ્રકૃતિ તે **શકિત** (બુદ્ધિ) નામથી સુપ્રસિદ્ધ છે. તે ॐ એવા **અધિષ્ઠાન** બ્રહ્મ સગુણુ નિર્ગુણુ અભેદાત્મકમાં **અધ્યસ્ત** રૂપે પ્રતિપાદન છે એટલે અધિષ્ઠાનથી અધ્યસ્ત બુદ્ધિના સ્થૂલપણુા પર્યંતમાં પાંચ પાદનો સમાવેશ છે. આ નીચેનો છેલ્લો **અસત્** પાદ તે પૂર્ણ બુદ્ધિજ **શકિત બ્રહ્મ** નામથી પ્રસિદ્ધ છે. અને બ્રહ્મ રૂપથી તે બ્રહ્મના **પ્રકાશ** વા છાયા દૃશ્ય દેહ સ્વરૂપે સિદ્ધ છે. તેથી પરે **સત** પાદ તે બુદ્ધિના પ્રકાશક સ્વરૂપે બુદ્ધિનો આત્મા બુદ્ધિને પ્રકાશ કરનારો અથવા બુદ્ધિનો પ્રેરક અથવા બુદ્ધિનો સાભીમાની એવી ચેતન જીવ સજ્ઞાથી દેહી **સૂર્ય બ્રહ્મ** તેની વ્યુત્પત્તિથી અર્થ સત્તાત્મક રૂપે સિદ્ધ થાય છે. આ બે પાદ **સત્** અને **અસત્**–બુદ્ધિ અને બુદ્ધિનો પ્રકાશક અથવા દેહ અને દેહી રૂપથી કર્મ અને કર્મનો પ્રેરક અથવા પ્રકાશ અને પ્રકાશક–સિદ્ધ થાય છે. આ બે પાદની ઐકયતાથી તે બે પાદથી પરે તે **સમ** પાદ તે બુદ્ધિ અને બ્રહ્મના તેમ અસત્ અને સત્ પાદના સમપણુાથી **नासतो विद्यते भावो नाभावो विद्यते सतः। उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः** આ ભગવત્ વાકય પ્રતિપાદિત ઉભયમાં અંતર્યામિત્વપણુાથી પ્રતિપાદન થતો **વિષ્ણુ બ્રહ્મ** વિષ્ણુ શબ્દની વ્યુત્પત્તિથી અર્થ સત્તાત્મક રૂપે સમજાતો બુદ્ધિના અંતરૂમાં એટલે રોમરોમાંચમાં પ્રવેશ કરી રહેલો. અગ્નિની ઉષ્ણુતા સમાન–સાક્ષાત્ **અંતર્યામી** વિષ્ણુજ સિદ્ધ છે. આ ત્રણે પાદની ઐકયતા વા તેજ **જીવબ્રહ્મ** પ્રકૃતિ સ્વરૂપની કોટી છે. એટલે ત્રણ ત્રણુની જેટલી સંજ્ઞા ગણુાય તેટલી બધી જીવ કોટીમાંજ પ્રકૃતિમય ગણુાય છે. આ ત્રણે પાદ બુદ્ધિથી યુક્ત હોવાપણુા વડે **માયામય**

ગણાય છે. કેમકે **માયા-માયાનો પ્રેરક** અને **માયાનો અંતર્યામી**—એ ત્રણે માયા (બુદ્ધિ)થીજ સંભવે છે અને માયાયુક્તજ છે. અને તેથીજ વિષ્ણુપદને વ્યાપક (માયાવી) સ્વરૂપથી વર્ણવવામાં આવે છે. અહિંયાં પણ, માયાનો લય નથી. આ વ્યાપક પદમાં માયા અર્ધાઅર્ધ છે. માટે લય ગણાય નહિ—તેથીજ માયામય પદ કહેવાય છે.

આ ત્રણે **અસત્પાદ-સતપાદ**-અને **સમપાદ** રૂપ શક્તિબ્રહ્મ-સૂર્યબ્રહ્મ-અને વિષ્ણુબ્રહ્મથી પરે-અને ત્રણે જેમાં લય જાય તે-અથવા ત્રણે પદ જેમાંથી છે એવો **ચોથો** જેની સંજ્ઞા **તૂર્યપાદ** છે. જેમાં બુદ્ધિનો માયામય-મોહમય ભાવ-રૂપીએ ચાર આના સમાન-બલવાન સ્વરૂપથી નહિં પણ નિર્મોહક સ્વરૂપે માયાનું માત્ર અસ્તિત્વ સમજાવતો આ **નેતિબ્રહ્મ** અથવા **શિવબ્રહ્મ** છે. આ પદ માયા-વાળું છતાં પણ માયાથી રહિત છે. એટલે માયાનો લય નથી. આ પદને સાક્ષના સંબંધથી સાક્ષી પણ કહેવાય છે કેમકે નીચેના ત્રણ પાદ માયાયુક્ત છે ત્યારે આ માયાના સાક્ષીત્વના વિહારપૂર્વક છે. માયાયુકત નથી અર્થાત્ માયાના કબજામા નથી. પણ માયાને પોતાના સ્વાધિનમાં રાખવાપણાથી માયાનો સાક્ષી (દોષિત) છે. છતાં નીચેના ત્રણ પાદથી એટલે જીવ કોટીથી ઉચ્ચતર ભૂમિકારૂપ છે. માટે જીવના બંધનવાળા ભાવવડે આ મુકત સ્વરૂપ છે. સાક્ષીપદ-જેનો સાક્ષી છે તે માયા (બુદ્ધિ) છે. એટલે બુદ્ધિથી જુદો બુદ્ધિના દૃષ્ટા-બુદ્ધિ વિહારથી રહિત છતાં દૂરથી સાક્ષી ભાવનાએ રમવાવાળો છે. માટે આ સ્થાનમાં પ્રપંચની શાન્તિજ છે. સાક્ષ વસ્તુના અધ્યસ્ત રૂપ દોષોથી ભરપુર-બુદ્ધિના વિકારથી રહિત આ સાક્ષી પદ બુદ્ધિના સાક્ષીત્વને સમજાવે છે. તેથી આ પદ કલ્યાણ વાચક શિવ રૂપ છે. પણ માયાના સાક્ષીપણાથી માયાને લય નથી. માયાના ત્રિપાદની વા જગત્ની ઊત્પત્તિનો સંભવ આ ચતુર્થ પાદમાં હોવાથી આ પદ ત્રણેથી પરે છે. એમ શાસ્ત્ર વર્ણવે છે.

ઉપર વર્ણવેલા ત્રિપાદ (અસત્-સત્-સમ) રૂપ સાક્ષ માયા-અને ચતુર્થ તૂર્યપાદ રૂપ સાક્ષી **માયિક** આ બન્ને પાદનું તન્મય-અથવા એ બન્ને પાદથીરહિત એવું ચારથી પરે-ચાર જેમાં સમાય તે પાંચમું અથવા પોતે પૂર્ણ તે **સ્વાનંદ બ્રહ્મ** અથવા પૂર્ણબ્રહ્મ-બિન્દુબ્રહ્મ તૂર્યાતીત-ગણેશ અથવા ગણપતિ છે. એમ નિચેના **અસત્પાદ, સત્પાદ, સમપાદ** અને ત્રણેના અભેદરૂપ **તૂર્યપાદ** આ ચાર પાદરૂપ " *ગણ* "નો આ પાંચમો પોતે **પતિસ્વરૂપ** થયેલો માટેજ તે યોગરૂપ **ગણપતિ** છે. અહિંયાં અવ્યક્ત કલ્પિત માયા (બુદ્ધિ)ના પતિ સ્વરૂપથી માયા-પતિ, બુદ્ધિપતિ નામ પ્રસિદ્ધ છે. આ અવ્યક્ત પ્રકૃતિ, માયા (બુદ્ધિ,) કલ્પિત હોવાથી આ પદમાં લય જતીજ છે. મિથ્યા ગુપ્તા પ્રકૃતિનો લય પતિ એવા પરમ પુરૂષમાં છે. માટે તે પરમ પુરૂષ પ્રકૃતિથી પર ગણાય છે. અને તેથીજ તેની કુલ સંજ્ઞાથી

માત્ર પરમ પુરૂષના પ્રતિપાદનમાં **यो बुद्धेः परतस्तुसः** એમ ભગવદ્દગીતા પણ વર્ણવે છે. તથા વેદમાં પણ **अव्यक्तात्पुरुषः परः** એમ કહે છે. માટે પ્રકૃતિનો લય. આ પરમ પુરૂષમાંજ થાય છે–માટે આ પરમ પુરૂષનું નામ સગુણબ્રહ્મ–ગણેશ અથવા **ગણુપતિ**–અર્થ સત્તાથી સ્વતઃ સિદ્ધ છે. અને તેજ સર્વ નીચેના ચાર પાદોનું ઊપાસ્ય છે. કલ્પિત પ્રકૃતિનો લય તેના શ્રેષ્ઠ પતિમાંજ છે એ વ્યવહાર પર્યંત પ્રસિદ્ધ છે.* અને તેજ સગુણ બ્રહ્મ ચાર પાદમાં તન્મય, તદરૂપ અને ચાર પાદથી પરે–એમ ગણાય છે–અને તેજ અધિષ્ઠાન સ્વરૂપ હોઇને અધ્યસ્તના ચાર પાદના અંતિમપાદ પર્યંત એટલે કેવળ જીવ–અને જગત્‌રૂપ અસત્‌થી ભાસે છે. અર્થાત્ જ્ઞાનીજનો નિર્ગુણ સગુણ સમાન બ્રહ્મ ૐકારરૂપે જુએ છે–ત્યારે અજ્ઞાત જના તેને અસત્ પાદમય દેહ કે જગત્ રૂપથી જુએ છે. તેજ પોતે માયાસહ પુરૂષત્વનો યોગ પોતાનામાં શમાવતાં પોતે **प्रकृतेः पुरुषात्परम्** એમ વેદ વર્ણવી જેને અભેદ સ્વરૂપથી સિદ્ધ સમજાવે છે–તેજ આ ૐકાર છે. તેજ મન અને વાણી બુદ્ધિ અને સાક્ષીથી રહિત યોગરૂપ પરબ્રહ્મ પરમાત્મા છે. જગત્ સર્જન કાળના પરિણામમાં નિચેનાં (અસત્ સત્ સમ) ત્રિપાદ તે **દ્વૈત** ગણાય છે. અને ત્રિપાદથી રહિત જે તૂર્યપાદ તે **અદ્વૈત** ગણાય છે–તેથીજ વેદમાં **शिवं चतुर्थं तुरीयंमन्यन्ते** તથા **शिवं अद्वैतं** વિગેરે શ્રુતિ વાકયો આ તૂર્યપદને અદ્વૈત સંજ્ઞાથી વર્ણવે છે–તેમજ ત્રિપાદ–દ્વૈત અને તૂર્યપાદ–અદ્વૈતથી પરે પૂર્ણપાદ પંચમપાદ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર સ્વરૂપ શ્રીમન્**મહાગણપતિ** તે દ્વૈતાદ્વૈતથી રહિત અને દ્વૈતાદ્વૈતમય પરબ્રહ્મ પરમાત્મા અધિષ્ઠાન સ્વરૂપેજ સિદ્ધ છે–અધિષ્ઠાનમાં અધ્યસ્ત ત પરિણામ છે. અને અપવાદ રૂપની અભેદ સત્તાથીજ અધ્યારોપરૂપે પણ તેજ પરમાત્મા સિદ્ધ છે. જોનારની દૃષ્ટિથી અધિષ્ઠાન સિદ્ધ થાય. તો કલ્પિત અધ્યસ્તનો વિલય થતાં સ્વસ્વરૂપાવસ્થાની સિદ્ધિ છે. અધ્યસ્તના અભાવથી અધિષ્ઠાન મન વાણી રહિત સિદ્ધ છે.

વળી અધિષ્ઠાન ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ **गणेश** શબ્દની વ્યુત્પત્તિ અર્થ સત્તાત્મક સ્વરૂપથી શ્રુતિ સિદ્ધ એવી છે કે–**ब्रह्मादि गणानां ईश भूतमित्याह तत् गणेशः श्रुतेः।** બ્રહ્માને આદ્ય લઈને બ્રહ્માગણ–વિષ્ણુગણ–રૂદ્રગણ–દેવગણ–ઇન્દ્રગણ–યક્ષગણ–કિન્નરગણ–મનુષ્યગણ–અસુરગણ–પશુગણ–પક્ષીગણ–વૃક્ષગણ-પાષાણગણદૃશ્યગણ-અદૃશ્યગણ આદિ અનંત કોટી બ્રહ્માંડગણ–(સમૂહો) તેનો જે **ઈશ** એટલે **पति** સંજ્ઞાત્મક **पति** શબ્દ વાચ્ય **गणेश** કે **गणपति** કહેવાય તે આ ૐકાર સ્વરૂપ પરમાત્માજ

ૐકાર પરમાત્માનું નામ–અનંતગણુના સમુહોના ઈશ હોવાથી गणेश નામ સિદ્ધ છે.

*यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नाम रूपे विहाय ॥
तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्
મુણ્ડક ઉ૦ જુઓ (૩–૮)

છે. અર્થાત્ જેનાથી આ અનંત કોટી બ્રહ્માંડો રૂપ ગણો—પ્રકાશમાન છે—અથવા માન્યરૂપ—તદ્રૂપ છે (વાં ઊત્પન્ન થાય છે—વા લય જાય છે.) વા જેને વિષે કલ્પાય છે—એવા આ ૐકાર સ્વરૂપ સ્વતઃ સિદ્ધ, તત્ આકૃતિ સ્વરૂપના ઓળખાણથી સ્વસ્વરૂપ સિદ્ધ **गणेश** છે.

વળી બીજો અર્થ એવો પણ થાય છે કે—**ब्रह्म गणानां** એટલે **अन्नं ब्रह्मेति, प्राणो ब्रह्मेति, मनो ब्रह्मेति, वा असत् ब्रह्मेति—सत् ब्रह्मेति—सम ब्रह्मेति—नेति ब्रह्मेति** ઈત્યાદિ **सर्वं खल्विदं ब्रह्मेति** અથવા **एकमेवाद्वितियं ब्रह्मेति** વિગેરે. શ્રુતિ વાક્યો નાના નાના પ્રકારના બ્રહ્મનુંજ વર્ણન કરે છે. એ સર્વ બ્રહ્મોનો જે સમૂહ—અથવા ગણ—તેનો જે **पति** સંજ્ઞાત્મક **पति** શબ્દ વાચ્ય—કે જેને વેદમાં **ब्रह्मणस्पति** એમ કહેવાય છે તેજ આ ૐકાર સ્વરૂપ **गणेश** અથવા **गणपति** છે.

આ સગુણ બ્રહ્મ ૐકારાકૃતિ શ્રીગણપતિના અથર્વ શિર્ષમાં—“ **त्वमेव प्रत्यक्षं तत्त्वमसि** ” એટલે તમેજ પ્રત્યક્ષ અર્થાત્ સ્વતઃ સિદ્ધ “ **तत्त्वमसि** ” મહા વાક્ય. ભાગ ત્યાગ લક્ષણાપૂર્વક જે **असि** પદ વાચ્ય. બ્રહ્મને સિદ્ધ સમજાવે છે—તેજ તમે છો—એટલે **गणेश**જ છે. બીજાં ઉપનિષદોમાં આવો સ્પષ્ટ દર્શનભાવ નથી. **तत्त्वमसि** મહા વાક્ય અનેક પ્રકારે વર્ણવાય છે. તેમાંનો આ એક પ્રકાર ઉપાસના માર્ગનો છે. અને ત્યાં એવા પ્રકારથી નિર્ણય કર્યો છે કે—

तत्त्वमसि મહાવાક્યના અર્થથી, गजाकार શ્રુતિના પ્રતિપાદન રૂપ, ગણેશ સ્વરૂપનું વર્ણન.—

त्वं पद तत्पदात्मकं ब्रह्म गच्छति इति गः । यत्र सृष्टयादौ त्वं पद तत्पदात्मकं जायते इति जः । यस्मात् “गश्चासौजश्च” “गज” तदेवाननं यस्येति । “अप्राप्यमप्राप्यंच अज्ञेयंचाज्ञेयं च विकल्पासहिष्णु तच्छक्तिकं गजवक्त्रं गजाकारं जगदेवा वरुंधे” । श्रुतेः । एतयोः नर गजयोः अभेदः । स गणेश देहः । सगुण निर्गुण अभेदात् । सगुण निर्गुण कल्पना हीनत्वाच्च । तेनत्वं गजानन इति—અથવા **त्वं पदं नरश्च तत्पदं गजश्च तयो रभेदात्मको गणेश देहः । प्रत्यक्ष ब्रह्मात्मकत्वात् । मौ० भा० । त्वं पद** (જીવ) બ્રહ્મ **तत्** પદ (ઈશ્વર) બ્રહ્મ જેને વિષે લય જાય છે. તેની સંજ્ઞા “**ग**” છે. તેમજ સૃષ્ટિના આદિમાં **त्वं** પદ (જીવ) બ્રહ્મ અને **तत्** પદ (ઈશ્વર) બ્રહ્મ જેને વિષેથી ઉત્પન્ન થાય છે. તેની સંજ્ઞા “**ज**” છે, એમ ઉત્પત્તિ પ્રલય રૂપની શબ્દસિદ્ધિરૂપ “ **गज** ” શબ્દ—એટલે ઉત્પત્તિ પ્રલય રૂપ “ગજ”ની સંજ્ઞાનું સ્વરૂપ છે તે જેનું એવા તે **सवै गजाकारः** આ શ્રુતિ પ્રમાણે **गजानन** છે.

જે અપ્રાપ્યનું અપ્રાપ્ય છે. જે અજ્ઞેયનું અજ્ઞેય છે. તથા જેને વિષે કલ્પનાઓનો સમાવેશ થઈ શકતો નથી. એવો ઉપર વર્ણવ્યા પ્રમાણે, **गज**ના મુખવાળો **गज**ના આકારવાળો. **गजाकार** આ સૃષ્ટિને આંતરીને તેજ પોતે રહેલો છે. એ પ્રમાણે નર—ગજનો અભેદ તેજ **गणेश** દેહ છે. અને તે સગુણ

નિર્ગુણનો અભેદરૂપ છતાં પણ સગુણ નિર્ગુણ કલ્પનાથી રહિત છે. તેજ **गजानन** છે. આમાં **त्वं** પદની **नर** સંજ્ઞા છે અને **तत्** પદની **गज** સંજ્ઞા છે. અને તે બન્નેનો અભેદ **असि** પદાત્મક ॐ બ્રહ્મ સ્વરૂપપણાથી **गणेश** દેહ છે એમ **तत्त्वमसि** મહાવાક્ય સ્વરૂપ ॐકાર નિર્ગુણ સગુણ બ્રહ્મ શ્રીગણેશ સ્વરૂપનો સત્ય અને સ્વસ્વરૂપ સિદ્ધાન્ત છે આવી ધારણા અને યુક્તિ યથાર્થ વિચારવા યોગ્ય છે. બીજા ઉપનિષદોમાં આવો સિદ્ધાન્ત સ્પષ્ટ નથી. સોળ **મહાવાક્ય** પૈકી ચાર **મહાવાક્ય** મુખ્ય છે એટલે આ મહાવાક્યોનો અર્થ અને તેમાં પણ **तत्त्वमसि** મુખ્ય છે. તેનો અર્થ સકલ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસોનું ગુપ્ત રહસ્ય અભેદપણાનું છે તેનેજ સમજાવે છે–તેજ નિર્ગુણ અભેદ સગુણ બ્રહ્મ ॐકારાકૃતિ સ્વરૂપ ગણેશજ છે.

एकोहं बहुस्याम् શ્રુતિમાં પંચાયતન અભેદ બ્રહ્મનું વર્ણન છે.

एकोहं बहुस्याम् આ શ્રુતિ સૃષ્ટિના આદિ આરંભકાળમાં પ્રમાણભૂત છે. એમ સર્વે વિદ્વાનો સૃષ્ટિના આરંભકાળ પહેલાં આ શ્રુતિને પ્રતિપાદન કરે છે. અને એમાં પાંચે પાદનો વા પંચાયતનનો સમાવેશ છે. પણ આ ગુરૂગમ કુંચી ગુરૂકૃપા શિવાય મળતી નથી–પાંચ પાદની યુક્તિ એવી રીતે છે કે–**एक+अहं+बहुस्याम्** ॥ આમાંનું પ્રથમ **एक** એવું પદ તે પંચમપાદ–પૂર્ણબ્રહ્મ ॐકાર નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મ છે. આ **એક** એવું સગુણ બ્રહ્મ તેજ સૃષ્ટિ તરફના સિદ્ધાન્તમાં **अहं** એવા પદથી **તુર્યપાદ–ઈશ્વર** સ્વરૂપ છે. અને તેજ પછી **बहुस्याम्** એવા પદથી ત્રિપાદરૂપ થાય છે–બહુની સંજ્ઞા ત્રિપદ વાચક છે. તેમ બહુની સંજ્ઞા જીવ સ્વરૂપ છે. એમ આ ત્રિપાદરૂપ જીવાત્મા–અહં પાદરૂપ તુર્યાત્મા–અથવા ઈશ્વિરાત્મા–અને તેથી પરે એક પાદરૂપ **સગુણબ્રહ્મ** પરમાત્મા–એમ જીવાત્મા–ઈશ્વિરાત્મા–અને પરમાત્માની અભેદ યોજનાએ જીવનાં ત્રણ–અને ઈશ્વિર અને પરમાત્મા મળી પાંચ પાદથી આ શ્રુતિ પંચાયતનને સમજાવે છે.

वल्ली २५ मी.

यः सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे ह्येष व्योम्न्यात्मा प्रतिष्ठितः। मनोमयः प्राण शरीर नेता प्रतिष्ठितोऽन्ने हृदयं सन्निधाय तद्विज्ञानेन परिपश्यन्ति धीरा आनंदरूप ममृतं यद्विभाति मुं० उ०। ७

જે પરમાત્મા સર્વજ્ઞ તથા સર્વવિત્ છે. (પૃથિવ્યાદિક સ્થાવર જંગમાદિક) લોકોમાં

સર્વને નિયમમાં રાખવાનો જેનો પ્રસિદ્ધ મહિમા છે. તે આ પ્રસિદ્ધ આત્મા પ્રકાશમાન બ્રહ્મપુરને વિષે (૫) આકાશમાં (૪) સ્થિત છે. મનોમય (૩) પ્રાણ (૨) તથા શરીરને (૧) વહન કરાવનારો તે અન્નને વિષે બુદ્ધિના સન્નિધિપણા વડે કરીને સ્થિત છે. વિવેકી પુરૂષો તે સ્વયં નિજતત્વને સદ્દગુરૂના ઉપદેશથી મનોનિગ્રહ, ધ્યાન વૈરાગ્ય અને સર્વવ્યાપક લક્ષણા-વૃત્તિના જ્ઞાનથી સર્વ બાજુએ પૂર્ણ અનુભવે છે. એવું તે આત્મતત્ત્વ આનંદ અને અમૃત-સ્વરૂપ છે. આગળના મંત્રમાં **ॐमित्येवं ध्यायथ** તે ॐકાર છે માટે તેનું ધ્યાન ચિંતન કરો.

હવે ॐ અધિષ્ઠાનના અધ્યસ્તપણા રૂપ "**પ્રકૃતિ**" સ્વરૂપના ભાવથી પણ પરમાત્માની ઓળખાણ નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મ સ્વરૂપે સ્વતઃ સિદ્ધ થાય છે. અને તે એવી રીતે સમજાય છે કે—

જેમ—અર્થસત્તાત્મક યોગમય પ્રતિપાદન થતા સ્વયજ્યોતિસ્વરૂપ નિરંજન—અવિનાશી—સમસ્ત વિઘ્નહરણ ॐ પરમાત્મા—સગુણ—અને નિર્ગુણની અભેદ ભાવનાએ સિદ્ધ શાસ્ત્રકાર વર્ણવે છે. તેમજ અધ્યસ્ત પ્રકૃતિને પણ વર્ણવે છે.

सर्वाकारा निराकारा मायाजाता द्विधा परा ।
बुद्धिरूपा महाभागा तया सर्वं प्रबुध्यते ।
निराकारं च साकारं बुद्धया संबुध्यते जनैः ।
बध्ध्यायत् बुध्यते देवी बुद्धिरूपं तदेव च । मौ० ।

તથા

तत्र मोही च साकारो निराकारः स्वयं प्रभु ।
मोहहीनः इति भ्रान्ति र्द्विविधासु समुत्थिता ॥ मौ० ।

પ્રકૃતિની લક્ષણાથી પરમાત્માનું ઓળખાણ—સાકાર નિરાકાર એ બુદ્ધિથીજ સમજાય છે.

આગળ વર્ણવી ગયા પ્રમાણે સર્વ આકારૂપ—**સાકારરૂપા**—તથા આકારથી રહિત રૂપ—તે **નિરાકારરૂપા**—એમ બે પ્રકારથી તે માયા છે. હે મહા ભાગ્યવાન !!!! તેજ માયા "બુદ્ધિ" છે અને તેનાથી જ જેમ તેમ સમજાય છે. મનુષ્યો માત્ર આ બુદ્ધિ-વડેજ પરમાત્મામાં **નિરાકાર** અને **સાકાર** એવા ભેદ જાણે છે. હે દેવિ !!! બુદ્ધિવડે કરીને સમજાતા એવા પરમાત્મા ॐકારને વિષે નિરાકાર ને સાકાર ભેદો પણ તે બુદ્ધિ રૂપજ છે એટલે માયારૂપજ છે. એમ જાણ.

ઉપર પ્રમાણે આ બુદ્ધિમાં મોહ પામેલો મોહી તે "**સાકાર**" છે અને બુદ્ધિમાંજ નિર્મોહી તે "**નિરાકાર**" છે. એમ ॐ સ્વયંપ્રભુ તો સર્વ રીતે સામ્રાજ્ય સાર્વભૌમ સત્તાધીશ છે. મોહી અને નિર્મોહી એ બુદ્ધિ સ્વરૂપથી સમજાય છે. માટે સાકાર નિરાકાર ભેદ ભ્રાન્તિરૂપ છે—એ પ્રમાણે સાકાર—અને

નિરાકાર-ને સર્વાકારા-અને નિરાકારા. ભેદ બુદ્ધિરૂપ માયા-પ્રકૃતિથીજ સિદ્ધ છે માટે માયાવી છે-નિરાકાર શબ્દ પણ અર્થસત્તાથી સિદ્ધ છે-અને સાકાર શબ્દ પણ અર્થસત્તાથી સિદ્ધ છે કેમકે તે બુદ્ધિ સ્વરૂપજ છે-અને નિરાકાર તથા સાકારમાં અભેદ સ્વરૂપતાથી આ "બુદ્ધિ"રૂપ માયા પ્રકૃતિ છે. અર્થાત્ આ માયાનો માત્ર શબ્દ જ્ઞાનથી સમજાતો વસ્તુ શૂન્ય વિકલ્પ કલ્પાતાંજ-માયારહિત અને માયા સહિત એમ બે ભેદો સમજાય છે. આ બન્ને માયા "બુદ્ધિ"નાજ ભેદો હોવાથી સ્વતઃ સિદ્ધ ૐકાર સ્વરૂપ પરમાત્મામાં ભેદ ભિન્નતા કહેવાયજ નહિં-છતાં આ માયા "બુદ્ધિ"નો વિકલ્પ-બ્રહ્મ સ્વરૂપના **अस्तित्व** ઉપરજ કલ્પાય છે. જેમ સર્પ કલ્પવાને દોરી તો જોઇએ તેમ "બુદ્ધિ"ની કલ્પના કરવાને **બ્રહ્મ** જોઇએ છતાં દોરીમાં સર્પ અભેદ છે. દોરીજ સર્પરૂપે ભાસે છે. તેમ અજ્ઞાન આવરણથી બ્રહ્મજ પોતે બુદ્ધિરૂપે કહેવાય છે એટલે એકજ છે. જેમ ખાંડથી ગળપણ ભિન્ન નથી-જળથી મીઠાશ ખારાશ ભિન્ન નથી. પુષ્પથી સુગંધિ ભિન્ન નથી. સૂર્યથી પ્રકાશ ભિન્ન નથી. ચન્દ્રથી શિતળતા ભિન્ન નથી. એમ પરમાત્માથી બુદ્ધિ ભિન્ન નથી પણ અભેદ છે. અધિષ્ઠાનજ અધ્યસ્ત છે. આથી સિદ્ધ થાય છે કે-આ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના સગુણ નિર્ગુણ અભેદાત્મક સ્વરૂપની પ્રકૃતિ "**બુદ્ધિજ**" નામથી છે-તેમજ **यो वेदनिहितं गुहायां परमे व्योमन् । श्रुतेः** । તે પરમાત્મા "ગુહા" એટલે બુદ્ધિમાંજ સ્થિત છે. તેને જાણવું. અહિંયાં "ગુહા" શબ્દનો શબ્દાર્થ શતપથ બ્રાહ્મણમાં "**तस्मादिदं गुहाहृदयम्**" **गूढा-ज्ञातृज्ञान ज्ञेय पदार्थाः अस्यां गूहतेऽस्यामात्मा इति वा । गुह+भेदादित्वाधिकरणे अङ्टाप्च । बुद्धि तथाच अणोरणीयान्महतो महीयान् आत्मा गुहायां निहितोस्यजन्तोः । श्वे० ॥**

> **નિરાકાર અને સાકાર એ બન્ને ભેદ માયા "બુદ્ધિ"નીજ કલ્પના છે.**

તેથી આ "ગુહા" તે હૃદય (બુદ્ધિ)જ છે. જ્ઞાતૃ, જ્ઞાન, અને જ્ઞેય પદાર્થો જેને વિષે ગુપ્ત થાય છે. અર્થાત્ લય જાય છે અથવા આ ત્રિપુટીને જાણવાવાળો જીવાત્મા પણ જેને વિષે લય જાય છે-તે "બુદ્ધિ"જ છે.

અણુમાં અણુ સ્વરૂપથી અને મહત્‌માં મહત્ સ્વરૂપથી સિદ્ધ એવો આ સમગ્ર પ્રાણી (દૃશ્યાદૃશ્ય) માત્રનો આત્મા-તે "બુદ્ધિ" રૂપ ગુહામાંજ રહેલો છે ઇતિ—

એ પ્રમાણે "ગુહા" શબ્દનો અર્થ વેદમાં "બુદ્ધિ"જ કરેલો છે-એટલે આ પોતાના આત્માની પ્રકૃતિ "બુદ્ધિજ" સિદ્ધ ઠરે છે.

> **આત્માની પ્રકૃતિ**

વળી યજુર્વેદમાં **ગાયત્રી** મંત્રના ઉપદેશમાં ધ્યેય પરમા-

બુદ્ધિજ છે, અને તે ગુહા શબ્દથી પ્રસિદ્ધ છે.

ત્માનું સ્વયં જ્યોતિ સ્વરૂપ અને ધ્યાતાની ધ્યાનરૂપ ધારણા તેમ ઓળખાણ તે ત્રિજા પાદમાં-**धियो योनः प्रचोदयात्** એમ વર્ણવતાં આખા ગાયત્રી મંત્રનો અર્થ નિચે પ્રમાણે સિદ્ધ થાય છે કે—

તે સ્વયં જ્યોતિ (પરમાત્મા) દેવના શ્રેષ્ઠ તેજનું અમો ધ્યાન કરીએ છીએ-તે અમારી બુદ્ધિનો પ્રેરક હો.

ધ્યાતા, ધ્યાન, અને ધ્યેય ત્રિપુટીમાં ધ્યેય રૂપ કે જેનું ધ્યાન કરવાનું છે તે ઉપાસ્ય ૐ સગુણ નિર્ગુણ સમાનાત્મક પરબ્રહ્મ પરમાત્માજ છે. તેજ આ પરમાત્મા "**બુદ્ધિ પ્રેરક**" સ્વરૂપે સિદ્ધ છે એમ ગાયત્રી મંત્ર સમજાવે છે. અર્થાત્ આત્મા પરમાત્માની સ્વયં સત્તાનું દર્શન પોતાની પ્રકૃતિ "**બુદ્ધિ**" વડેજ સમજાય છે-"**બુદ્ધિ**" કે જે પોતાના ધણી પાસેમાં પાસે એટલે અભિન્ન સ્વરૂપે રહે છે. તેનો એ **પ્રેરક** છે. પ્રેરણા કરનાર એટલે આજ્ઞા કરનાર છે.

ગાયત્રી મંત્રથી પરમાત્માનું પ્રતિપાદન છે.

એટલે જે બુદ્ધિ પરમાત્માની આજ્ઞામાં છે-અથવા જેને પરમાત્માની આજ્ઞા શિરસાવંધ માન રૂપ છે-તે જ તેની પ્રકૃતિ આ **બુદ્ધિજ** છે-માટે "બુદ્ધિ" એટલે પ્રકૃતિ અથવા સ્રી (ધણીયાણી) છે એટલાજ માટે આ આત્મા બુદ્ધિનો પ્રેરક એટલે બુદ્ધિનો પતિ છે એમ સાબીત થાય છે-એમ પોતાનો આત્મા બુદ્ધિનો **पति-गणपतिज** સિદ્ધ છે-આ **આત્મા** બુદ્ધિનો નાયક છે-કે જેનો બીજો કોઇ નાયક નથી. કે જે સર્વનો **નાયક** છે તેજ આ **વિનાયક** નામાત્મક આત્મા પરમાત્મા છે,-(**सदा नमामि नायकैक नायकं विनायक**) બુદ્ધિનો નાયક-તે બુદ્ધિમાં કલ્પાયેલાં અનંત બ્રહ્માંડોનો પણ **નાયક** છે. એજ સગુણ કહો વા નિર્ગુણ કહો પણ તે પરમાત્મા ૐકાર રૂપજ છે-અને સગુણ નિર્ગુણનું ઓળખાણ આપનાર તે આ તેની પ્રકૃતિ "બુદ્ધિ"નામથી પ્રસિદ્ધજ છે.

વળી શ્વેતાશ્વતરમાં વર્ણવે છે કે—

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्चप्रहिणोतितस्मै ॥
तंहदेव मात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ ॐ श्रुतेः ।

આત્માની પ્રકૃતિ બુદ્ધિજ છે. બુદ્ધિથી પરમાત્માનું ઓળખાણ છે.

જે પરમાત્માએ-આ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માને ઉત્પન્ન કરીને તેમને પ્રસિદ્ધ એવા વેદો આપ્યા છે. તે પરમાત્મા "**આત્મબુદ્ધિ**" ના પ્રકાશ કરનારા છે. તેથી તે દેવનું હું મોક્ષની ઇચ્છાવાળાએ ગ્રહણ-(શરણ લીધું છે.) કર્યું છે. આથી પણ સિદ્ધ થાય છે કે-તે પરમાત્મા પોતાની સ્વ "બુદ્ધિ" નો પ્રકાશક એટલે પોતાની

પ્રકૃતિને પ્રકાશ કરનારો-પ્રકાશ આપનારોજ છે. અર્થાત્ "બુદ્ધિપ્રકાશ" નો અધિષ્ઠાની ભૂત તેજ ૐ પરમાત્મા છે.

વળી કઠ આદિ ઉપનિષદોમાં "બુદ્ધિ" નામની તેની પ્રકૃતિ ખુલ્લા અર્થમાં જણાવી છે. કઠવલ્લિમાં તે સગુણ બ્રહ્મ પરમાત્માની **સારથિ**-એટલે પ્રધાન સ્વરૂપા **પ્રકૃતિ** કહેલ છે. કે જે **વિજ્ઞાન** એટલે લક્ષ્યાર્થ જ્ઞાનસ્વરૂપા છે. ગાડી, ઘોડા. લગામ. રથ. આ સરવે જેના કબજામાં છે તે આ સર્વેનો આગવો **સારથી** તેજ તે સર્વેનો આદિ (પ્રકૃતિ) છે. એટલે આ સર્વ સાધનોની માતા રૂપ તે આદ્ય પ્રકૃતિ બુદ્ધિ છે. માટેજ તેને **सर्वेषां प्रकृति माता पिता ॐकार उच्यते** ॥ સર્વેની માતા-પ્રકૃતિ-બુદ્ધિજ છે અને સર્વેનો પિતા ૐકાર સ્વરૂપ પરમાત્માજ છે. જેમ ઘર સંસારમાં બચ્ચાંઓની માતા પણ તે પિતાશ્રીની તો પ્રકૃતિ (સ્ત્રી) છે. તેમ સર્વ એટલે **ઈશ્વર** અને **જીવ** તેની તો આ બુદ્ધિ એ **માતા** છે પણ સર્વેના પિતારૂપ પરમાત્માની તો તે પ્રકૃતિ (સ્ત્રી) છે. તેટલાજ માટે **बुद्धि तु सारथीं विद्धि । श्रुतः । वा विज्ञान सारथीं यस्तु । श्रुतेः** એમ વર્ણવે છે કે આ શરીરરૂપ રથને ચલાવનાર "બુદ્ધિ" એ સારથી છે. વા બુદ્ધિના લક્ષ્યાર્થે જ્ઞાનરૂપ જે વિજ્ઞાન તે આ શરીરરૂપ રથને ચલાવનાર સારથી છે. અર્થાત્ જેના કબજામાં રથ-ઘોડા, લગામ વિગેરે છે. અને આત્મા રથમાં બેસનારો **રથિન્** (જીવ) છે. આ **રથિન્** (જીવ) જ્ઞાનવડે પોતાના સ્વ સ્વરૂપથી જાગૃત હોય. તો તે સારથીને પોતાના કબજામાં રાખવાપણા વડે સ્વતંત્ર-સગુણ બ્રહ્મસ્વરૂપ છે. પણ જો **રથિન્**-સારથીના કબજામાંથી પરતંત્ર થયો તો તે **જીવ** રૂપ છે એમ **બુદ્ધિજ** પરમાત્માની પ્રકૃતિ **પ્રધાન**રૂપે છે એમ નિશ્ચય સમજાવે છે.

વળી મુણ્ડક ઉપનિષદ્‌માં પણ વર્ણવે છે કે—

बृहच्च तद्दिव्यमचिन्त्यरुपं सूक्ष्माच्च तत्सूक्ष्मतरंविभाति ।
दूरात्सुदूरे तदिहान्तिकेच पश्यत्स्विहैव निहितं गुहायाम् ॥

તે મહાન્ સ્વયંપ્રકાશ પરમાત્મા અચિન્ત્ય સ્વરૂપ છે. અતિ સુક્ષ્મથી પણ સુક્ષ્મતર (વિધવિધરૂપે) પ્રકાશમાન છે. અજ્ઞાતજનોને અતિ અગમ્ય હોવાથી દૂરથી પણ દૂર સમજાય છે. ત્યારે વિદ્વાન પુરૂષોના જ્ઞાતવ્યમાં તે પોતાનોજ આત્મા હોવાથી ઘણોજ પાસેમાં પાસે સમજે છે. કેમકે યોગીજનો તે પોતાની બુદ્ધિરૂપ ગુહામાં પોતાના પરમાત્માને જાણીને અત્યંત શાન્તિને પામ્યા છે. અર્થાત્ જન્મમર્ણ ભ્રમથી મુક્ત થયા છે—વળી.

एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रंथिं विकिरतीह सोम्य । श्रुतेः ।

હે સૌમ્ય !!! સર્વ (ભૂત પ્રાણી માત્ર) ની બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત પરમ અમૃત સ્વરૂપ આ પરમાત્માને સ્વ સ્વરૂપે જે જાણે છે. તે વિજ્ઞાન લક્ષ્યથી દેહ કલ્પના ભાસ છતાં પણ અવિદ્યા ગ્રંથીનો સમૂળો વિનાશ કરી શકે છે.

વળી શ્રીમન્મહેશ્વરાપરાવતાર શ્રીમત પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી સદ્ગુરૂ વર્ય પરમાત્મા સ્વરૂપ શ્રી ભગવાન ભાષ્યકાર શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય મહારાજે પોતાના **विवेक चुडामणि** નામક ગ્રંથમાં સગુણ નિર્ગુણની અભેદતા સમજાવતાં સ્વસ્વરૂપના દર્શનનો યોગ સૂચવ્યો છે કે.

बुद्धौ गुहायां सदसत् विलक्षणं ब्रह्मास्ति सत्यं परम द्वितीयम् ।
तदात्मना योत्र वसेत् गुहायां, पुनर्न तस्यांग गुहा प्रवेशः ॥

તે પરમાત્મા (સગુણ નિર્ગુણ અભેદ) પોતાની પ્રકૃતિ " બુદ્ધિ " રૂપની ગુહામાં સત્ અને અસત્ પાદથી વિલક્ષણ—તેમ પરમ અદ્વિતીય સ્વરૂપે—સત્ય બ્રહ્મ સ્વરૂપથી સિદ્ધ છે. એમ જે જાણીને પોતાની બુદ્ધિરૂપ ગુહામાં પોતાને તત્ સ્વરૂપ જાણે તે પુનઃ શરીર રૂપી ગુહામાં પ્રવેશ કરતો નથી અર્થાત્ આત્મ જ્ઞાન બુદ્ધિના યોગે પરમાત્માને ઓળખનારાને જન્મ મર્ણનથી એમ સિદ્ધ થાય છે. આ શ્લોકમાં પણ પૂર્ણ પંચમ પાદનો નિર્ણય છે. પણ ગુરૂ કૃપારૂપ બુદ્ધિના યોગે તે સમજાય છે. **सत्** અને **असत्** પાદ તો ખુલ્લાજ શબ્દોમાં છે. ત્રીજો પાદ **उभयोरपि०** ॥ આ ભગવત્ ગીતાના પ્રમાણ વડે તે વિલક્ષણ શબ્દાર્થથી ઉપરના બે જેમાં સમાય છે અથવા જે બેથી રહિત **વિલક્ષણ** કહેવાતો તે **सम** પાદ છે. ચોથો તૂર્ય પાદ પરમ અદ્વિતીય—શબ્દાર્થથી—નિચેના ત્રણ પાદથી શ્રેષ્ઠ—**शिवं मद्वैतम्** સ્વરૂપે વર્ણવ્યો છે અને ચારે પાદોનું ઐક્યત્વ—અભેદત્વ—તે પૂર્ણ અથવા પંચમ પાદ **सत्य ब्रह्म** શબ્દાર્થથી **सत्यं ज्ञान मनंतं ब्रह्म** શ્રુતિના આધારે વર્ણવેલું છે. એમ આદિથી અંતપર્યંત એક સરખી રીતે પાંચે પાદના અભેદની બ્રહ્મ સ્વરૂપ ધારણા શાબ્દ બ્રહ્મ એટલે નિર્ગુણ અભેદ સગુણ બ્રહ્મથી સિદ્ધ કરેલી છે. એક એક પાદ નિષ્ણાત કરતાં અંતે બ્રહ્મ સ્વરૂપજ સિદ્ધ રહે છે. તેમાં પણ " બુદ્ધિ " રૂપી ગુહા બતાવેલી છે.

બ્રહ્મ સ્વરૂપને પ્રતિપાદન કરનારાઓએ જે જે પાદના જે જે શબ્દો હોય તે તે શબ્દો તે તે પાદના વર્ણનમાંજ લાગુ પાડવા જોઇએ તેમ ન કરવામાં આવે અને તેમ સમજવાને વા કરવાને ગુરૂગમ બુદ્ધિ પ્રાપ્ત ન થઈ હોય તો જીવનાં નામો વા શબ્દો ઇશ્વર સ્વરૂપમાં—અને ઇશ્વિર વાચક શબ્દો બ્રહ્મ સ્વરૂપમાં અને બ્રહ્મ વાચક શબ્દો જીવ ઇશ્વિરમાં દાખલ કરતાં વખતો વખત પોતાનેજ ઘણી ગુંચવણી આવી પડે છે. એટલુંજ નહીં પણ વિદ્વાન પુરૂષો તેની વિદ્વત્તાની ખામી જાણી મુખ પાઠી અને આચાર્ય પંડિત ગણાવવાનો લોભી છે.

અથવા કીર્તિના ચગડોળ ઉપર બેસવાની લાલસાવાળો છે. એમ સમજે છે. એમ થતાં તે શુષ્ક વેદાન્તિ વા નાસ્તિક મતનો પણ બની જાય છે. અત્યારે જે નાના પ્રકારના મતપંથ વાદીઓ સનાતન વૈદિક ધર્મના ઉપર આક્ષેપ કરવાવાળા છે તે આવા-ગુરૂગમ બુદ્ધિથી રહિત લે ભાગુ પંડિત કહેવરાવવા શાસ્ત્રી મનાવવા વિદ્વાન યોગી ગણાવવા મુખપાઠી બન્યા છે એમ જાણો કેમકે તેવાઓએ શાસ્ત્ર વિધિ પ્રમાણે **ગુરૂ દિક્ષા** ધારણ કરેલી હોતી નથી. અને યોગ્ય રીતે વૈદિક ઉપાસના પણ કરવાવાળા હોતા નથી. તેથી નિર્ગુણ સગુણ અભેદ બ્રહ્મની ઉપાસના હીન બુદ્ધિ-પ્રેમ ભક્તિ રહસ્યનો રસાસ્વાદ ચાખતી પણ નથી. મોંઢેથી બ્રહ્મ બોલે છે. પણ વર્ત્તનમાં મુકી શકાતું નથી. માટે ખોટી રીતે “ **વકતા** ” નો ચાંદ લટકાવનારાએ પોતાની ભુલો પોતાના કલ્યાણને માટેજ સુધારવી જોઈએ. પણ “ હું ” **વિદ્વાન** મારી તો ભુલજ ન હોય એમ જીવરામ ભટ્ટ બનેલાને આ અમૃત કંઈ પણ કામનું નથી. નિરસ ભૂમિમાં પડેલા અમૃતના છાંટા નકામા છે. રાખોડીમા હોમેલું ઘ્રત મિથ્યાજ છે. પોતાની આંખો મીંચાઈ રહેલી છે. તે પોતાના દેશી બંધુઓની આંખો શી રીતે ઉઘાડી આપે ? ? ? અફીણી જેમ બીજાને અફીણી બનાવવાનો યત્ન કરે છે. અને અફીણ ન પીનારાને તિરસ્કારે છે. તેમ આ પંથ મતના મિથ્યા વાદના ઝુંડા ઉડાવનારા નાસ્તિક વિચારોના મન મંતવ્યના કુધારાને **સુધારો** માનનારા-પરમ પવિત્ર પ્રાચિન સિદ્ધાન્તોને ડુબાવી પોતાના જેવા નાસ્તિક બનાવવાની યોજનાઓ ઘડનારા-કળીયુગના સંબંધીઓ પોતાના જેવા બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અને સનાતન વૈદિક ધર્મના પ્રાચિન વિચારોના મતના માનરાઓને અંધ કહે છે. પણ કાંઈ નહિં ભાઇ-તમો આ ગુરૂગમ બુદ્ધિના ગુપ્તમાં ગુપ્ત રહસ્યને સમજવા શક્તિમાન નથી. એ દૃઢ નિશ્ચય છે.

જુઓ વળી પંચદશીકાર પણ એમજ સમજાવે છે કે—

बुद्धौ तिष्ठन्नांतरोऽस्याः धियाऽनिश्चयश्च धीवपुः ।
धियमंतर्यमयती त्येवं वेदेन घोषितम् ।

જે પરમાત્મા (**असत्** પાદરૂપ) બુદ્ધિ-રૂપ ગુહામાં સત્ (**सत्** બ્રહ્મ) રૂપેસ્થિત છે. તથા બુદ્ધિના અંતરગત રહેવા વડે (**सम** પાદરૂપ) અંતર્યામી પણે સ્થિત કહેવામાં આવે છે. છતાં બુદ્ધિથી જાણી શકાતો નથી એવો (**तूर्य** પાદરૂપ) અનિશ્ચ્ય છે. તથા (પંચમપાદરૂપ) બુદ્ધિજ જેનું બાહ્ય શરીર છે. જેમ રસનું બાહ્ય શરીર વૃક્ષ સ્વરૂપે ભાસે છે. તેમ આત્માનું બાહ્ય શરીર બુદ્ધિ રૂપે ભાસે છે. એમ બુદ્ધિમાં રહીને નિયમમાં રાખે છે અર્થાત્ જે બુદ્ધિના ઉપર આજ્ઞા કરવાને નિયમમાં રાખનાર **पति** સ્વરૂપ છે. તેજ પર-

આત્મા છે. એમ વેદ ડીમ્ ડીમ્ વગાડીને કહે છે. એમ આ શ્લોકના ભાવાર્થમાં પણ પાંચે પાદ અનુક્રમે સિદ્ધ છે. જેને જોતાં આવડે તેજ જોઈ જાણી શકે છે. ગુરૂ ગમ બુદ્ધિ શાસ્ત્ર પંડિતાઇથી નોંખી ગુરૂ કૃપારૂપ છે. જેને જ્ઞાન નિષ્ઠા પૂર્વક ગુરૂ ભક્તિ હોય તો તે શિષ્યો જાણવા સમર્થ છે. જુઓ પ્રથમ પાદ માત્ર બુદ્ધિ–બીજો પાદ બુદ્ધિમાં સ્થિત બુદ્ધિનો આત્મા–ત્રીજો બુદ્ધિનો અંતર્યામી–ચોથો બુદ્ધિ જેને જાણતી નથી એવો બુદ્ધિનો સાક્ષી–પાંચમો બુદ્ધિજ જેનું બાહ્ય શરીર છે એવો એમ પાંચે પાદમાં પરમાત્મા અને બુદ્ધિનો અભેદ ભાવ બુદ્ધિના **પતિ** સ્વરૂપથી વર્ણવી ત્રિપાદ–જીવ અને તૂર્યપાદ તૂર્ય ઇશ્વર અને પંચમ પાદ બ્રહ્મની ઐક્યતા કેવી સારી રીતે વર્ણવેલી છે. આ શબ્દાનુભવ રૂપ પ્રતિપાદનની યુક્તિ પ્રતિપાદ્ય બ્રહ્મને માટે જે રીતે કરવામાં આવી છે તેજ **सनातन वैदिक धर्म** છે. એમ જાણો.

આ બુદ્ધિજ સર્વથી પરે–પાંચમા સગુણ બ્રહ્મ સ્થાનમાં "**अव्यक्त**" નામાત્મક–ચોથા તૂર્ય બ્રહ્મસ્થાનમાં '**महत्तत्व**" નામાત્મક (વા **विद्या बुद्धि** નામ સ્વરૂપથી) તથા ત્રીજા બીજા અને નીચેના પહેલા સ્થાનમાં **अविद्या** સ્વરૂપથી **मन, चित्त** અને **अहंकार** સ્વરૂપથી સિદ્ધ છે. જુદા જુદા શાસ્ત્રોમાં જુદા જુદા કારણસર તેનાં જુદાં જુદાં નામ રાખેલાં છે. મૂળાવિદ્યા પ્રધાન પ્રકૃતિ, ચિતિ–ચિતશક્તિ, વિદ્યા, અવિદ્યા, કલ્પના–ભ્રાન્તિ મિથ્યા, અનિર્વચનીયા, એકા, સ્વાભાવિકી, જ્ઞાનરૂપા, બલરૂપા, ક્રિયારૂપા, અવ્યકતા, અધ્યસ્ત એવા અનેક નામથી શાસ્ત્ર વર્ણવે છે. પણ તે "બુદ્ધિ"જ છે.

એમ કેવળ પરબ્રહ્મથી કેવળ બુદ્ધિપર્યંતના **પાંચપાદ** રૂપે ઉપાસ્ય અને ઉપાસકના અભેદથી વર્ણવાય છે તે ઉપાસકોએ ધ્યાનમાં રાખવું.

ૐકાર સ્વરૂપથી તૂર્ય શિવબ્રહ્મની સ્તુતિ કરતાં મહાત્મા લખી ગયા છે કે **आत्मात्वं गिरिजा मति०** । આત્મા તું છે અને તારીગિરિજા તે આ બુદ્ધિ છે. આ ઉપરથી સમજાશે કે આત્માની પ્રકૃતિ તે "બુદ્ધિ"જ છે.

એમ સગુણબ્રહ્મ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા–ની પ્રકૃતિ એટલે પ્રધાન વા સ્ત્રી રૂપ નામથી માત્ર "બુદ્ધિ" વેદમાં, શાસ્ત્રમાં, પુરાણમાં, સ્મૃતિમાં અને ઇતિહાસમાં સર્વ સ્થાને કેવળ પ્રસિદ્ધ છે. અને તે "બુદ્ધિ" એવું નામ જુદા જુદા ગુણ વિભાગથી કહેવાતી છતી પણ "બુદ્ધિ"જ છે એમ પણ સિદ્ધ થાય છે. જુઓ **તૂર્ય** પાદ ઇશ્વરની પ્રકૃતિ (સ્ત્રી) તે ઉમા અથવા પાર્વતી–અથવા દાક્ષી પણ શુદ્ધ સત્વગુણી સ્વભાવની બુદ્ધિના સામ્રાજ્ય સ્વરૂપ ત્રિગુણ સમાનાત્મક પણાથી એક મહાન્ ગુણરૂપ શુદ્ધ છે. તેમજ **सम** પાદ–વિષ્ણુની પ્રકૃતિ–(સ્ત્રી) તે લક્ષ્મી અથવા શ્રી–રજોગુણી સ્વભાવની બુદ્ધિના એક ગુણરૂપથી સિદ્ધ છે. તેમજ **सत्** પાદ–સૂર્યની પ્રકૃતિ–(સ્ત્રી) તે સંજ્ઞા–વા રન્નાદે નામથી રજો તમો

ગુણ મિશ્રિત સ્વભાવની બુદ્ધિમાંના ગુણરૂપથી સિદ્ધ છે. તથા તેમજ असत् પાદ રૂપ કેવળ શક્તિસ્વરૂપજ પોતેજ સ્ત્રી શક્તિ નવ દુર્ગાચંડી આદિક અનેક નામથી કેવળ તમો ગુણ સ્વભાવની બુદ્ધિના ગુણ રૂપથી સિદ્ધ બુદ્ધિજ પોતે છે. આ સ્થાન કેવળ અવિદ્યા રૂપ હોવાથી ચેતનના ભોગને માટે ભોગ્ય શરીર રૂપે સ્વયંસિદ્ધજ છે. આ ઉપરથી સમજાશે કે અનુક્રમે આ પ્રકૃતિ "**બુદ્ધિ**" જ પોતે પાંચે પાદમાં અવ્યક્ત–મહત્તત્વ અને અવિદ્યા પ્રભાવથી સિદ્ધ છે. છતાં તેનું નામ "**બુદ્ધિ**"થી સગુણ બ્રહ્મ સ્વરૂપની (શ્રી ગણપતિ નામની) ઓળખાણ વિદ્વાનથી લગાયત મૂર્ખ પર્યંત એક સરખી રીતે જાણી શકે છે કે શ્રી ગણપતિની પ્રકૃતિનું નામ "**બુદ્ધિ**"જ છે. એટલે ત્યાં ગુણ અને તેના સામ્રાજ્યથી પરે અવ્યક્ત સ્વરૂપથી સ્વતઃસિદ્ધ નામ ધારી રહી છે. ત્યાં સગુણ બ્રહ્મમાં પ્રકૃતિનું નામ ફેરફાર નથીજ આ "**બુદ્ધિ**" પોતે પોતાના ગુણ સ્વભાવની કોઈ એક એક સિદ્ધિ રૂપે નિચેના ચાર પાદમાં સ્થિત છે. એ વાત નિ:શંશય છે. આ ઉપરથી સમજાશે કે સગુણ બ્રહ્મસ્થાનમાં જે બુદ્ધિ રૂપે સ્થિત છે તે નિચેના ચાર પાદમાં સિદ્ધિ સ્વરૂપે સ્થિત છે. એમ ચાર પાદમાં સિદ્ધિ અને પાંચમા પાદમાં બુદ્ધિના અભેદ રૂપકથી આ પાંચે પાદ બ્રહ્મ પણ અભેદ સ્વરૂપ છે. આ સિદ્ધિ બુદ્ધિના અભેદ રૂપકને પણ સમજાવી તેથી તેના **પતિ**ની ઓળખાણ આપે છે કે.

गकारः सिद्धिरूपश्च णकारो बुद्धि रुच्यते ।
तयोः स्वामी गणेशः स त्रेधारूप धरो बभौ ।

ગણેશ શબ્દમાં "**ग**" કારતે સિદ્ધિ સ્વરૂપ છે. અને "**ण**" કારતે બુદ્ધિ સ્વરૂપ છે. એ બેનો અભેદ થયે સતે **गण** શબ્દ સિદ્ધ થાય છે. આ ઊભય–ઐકયતાના અભેદ યોગનો સ્વામી. ઈશ **पति** સંજ્ઞાત્મક તે પરબ્રહ્મ પરમાત્મા **गणेश** છે અથવા **गणपति** છે. અને તે ત્રણ પાદ રૂપ ધારણ કરે છે. વળી.

पंच चित्तमयी बुद्धिः स्वेच्छया देह धारिणी ।
नाना भ्रान्तिकरी सिद्धि र्बभूवे सर्वदा तथा ।
तयोः स्वामी गणेशानो देहधारी बभूवह ।
स्वेच्छया क्रीडनार्थाय मायाभ्यां मायिको यथा ।
देहो जगन्मयो यस्य गजाकारं शिरः प्रभोः ।
ब्रह्ममयं तयोर्योगे देहधारी गजाननः । मौ०

પાંચ પ્રકારના ચિત્તવાળી (ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર; નિરૂદ્ધ આ ચિતમય બુદ્ધિ છે અને તે સ્વેચ્છાવડે સ્વેચ્છારૂપ દેહ ધારણ કરવાવાળી

છે. તેમ તેજ પોતે સદા સર્વદા નાના પ્રકારની ભેદ ભ્રાન્તિને ઉત્પન્ન કરવા રૂપે તેજ **સિદ્ધિ** છે. આ ઉભયના યોગમાં તેમનો સ્વામી (નિયમમાં રાખનાર–પતિ) **ગણેશ**–તે સિદ્ધિ બુદ્ધિના અભેદરૂપ દેહને ધારણ કરવાવાળો છે (પંચદશી પણ **धीवपुः** શબ્દાનુસંધાનથી બુદ્ધિજ જેનું બાહ્ય શરીર છે એમ વા બુદ્ધિરૂપ શરીરને ધારણ કરવાવાળો તે ગણેશ છે એમ યથાર્થ સમજાવે છે) એમ (**प्रकृतिर्हिविधाचसा** આ મર્યાદા પ્રમાણે) સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગરૂપ શરીરને ધારણ કરવાવાળો–માયાનો પતિ–**નિયામક** પોતાની અભેદ યોગવાળી માયામાં સ્વેચ્છાવડે વિહાર કરવા માટેજ છે અર્થાત્ જીવરૂપ ભ્રાન્તિના યોગ પર્યંત પણ પોતેજ ક્રીડા કરે છે. એમ જેનો **દેહ** (સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગ સ્વરૂપ) જગત્મય એટલે **नराकृति** સ્વરૂપ છે. અને જેનું **શિર** પાછળ વર્ણવી ગયા પ્રમાણે–અને **सर्वे गजाकार** આ શ્રુતિના પ્રયોગથી **गज**ના અર્થ સ્વરૂપથી **गजाकार** છે. એવો જગત્મય દેહ ધારી ગજાકાર મુખવાળો **गजानन** નામવાળો સિદ્ધિ બુદ્ધિ માયાના અભેદ યોગમાં ૐકાર સ્વરૂપાત્મક બ્રહ્મ સ્વરૂપ છે. વળી—

सगुणं कण्ठ पर्यंतं निर्गुण गज वाचकं ।
मस्तकं च तयो र्योगे योगं जानंति विघ्नपम् ॥

પાદથી કંઠ પર્યંત તે નરાકૃતિ (સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગરૂપ) **सगुण** સ્વરૂપ છે. અને મસ્તક તે ૐકાર સ્વરૂપ **गज** વાચક શ્રુતિના યોગે **गजाकार** સ્વરૂપ **निर्गुण** છે. એ બેના યોગરૂપ–એટલે સગુણ નિર્ગુણના અભેદ યોગથી–નરાકૃતિ–અને ગજાકૃતિ–ના અભેદ યોગરૂપ–યોગમય શરીર ધારણ કરવાળો **विघ्न हरण** નામાત્મક–સિદ્ધિ બુદ્ધિરૂપ વિઘ્નનું હરણ કરવાવાળો સાક્ષાત્ ૐકાર સ્વરૂપજ **गणेश** આ પૃથ્વીના સમસ્ત **સનાતન વૈદિક ધર્મ**ના અનુયાયીઓનું ઉપાસ્ય છે.

આ સ્થાને " શરીર " શબ્દ વાપર્યો છે. તે સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગરૂપ " શરીર " નો અર્થ છે. છતાં કોઇને શંકા થાય કે–મનુષ્ય શરીરના ભાવ વાળું છે તો તેમ નથી. સગુણ બ્રહ્મનું શરીર માનવ શરીર જેવું નથી એમ સિદ્ધ સમજાવે છે કે—

नास्थि चर्मादि सं को देहस्तस्य महात्मनः ।
तद् वर्जितो वै विमेश योग देह धरोऽभवत् ॥

આ સગુણ બ્રહ્મ પરમાત્મા ૐકારાકૃતિ સ્વરૂપજ **गणेश**નો દેહ અસ્થિ–ચર્મથી રહિત–(મનુષ્યોના દેહ જેવો નથી) છે. તે તો યોગમય પાદક્રમને જોડવાની યુક્તિની સાંકળથી જીવ બ્રહ્મની એકયતાને જોડનાર તે યોગ અને તે

યોગમય-એટલે પાછળ વર્ણવી ગયા પ્રમાણે સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગરૂપ એવો અર્થ છે-વળી સ્વતઃ સિદ્ધ સમજાવે છે કે—

नर कुंजर रूपाय योगाकारायते नमः ।

નર-અને ગજ-આ ઉભયના અભેદ યોગરૂપ તે **યોગાકાર** સ્વરૂપ પરમાત્માને નમસ્કાર છે. અર્થાત્ તેજ આ સાક્ષાત્ ૐકારાકૃતિ સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદાત્મક **गणेश** છે તેને નમસ્કાર છે.

वल्ली २६ मी.

ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् । **मुण्डक० ।**

જે આ આગળજ છે. તે અમૃત સ્વરૂપ બ્રહ્મજ છે. પાછળ પણ બ્રહ્મ છે. દક્ષિણભણી-ઉત્તરભણી ઉંચે અને નિચે તથા સર્વગત પ્રસરી રહેલું તે આ બ્રહ્મજ છે. આ સર્વ (વિશ્વ) બ્રહ્મજ છે. આ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે.

એમ ચતુષ્પાદ **સિદ્ધિ** અને પૂર્ણ વા પચમ પાદરૂપ **બુદ્ધિ** આ બેના અભેદ યોગમય, દેહને ધારણ કરવાવાળા જેમાં જગત્મય સ્વરૂપનો સમાવેશ થાય છે. એટલે જગત્માંના કોઇપિણ દૃશ્ય કે અદૃશ્ય રૂપાકારવાળા કોઇપણ પદાર્થ-તે પરમાત્માથી ભિન્ન નથી સ્થાવર જંગમાદિ-જડ ચૈતન્યાદિ-યાવત્ દૃશ્યાદૃશ્ય વસ્તુપદાર્થ નામરૂપ માત્ર તે ૐકાર પરમાત્મા સ્વરૂપજ છે. જ્ઞાન દૃષ્ટિથી ૐકાર પરમાત્મા સ્વરૂપ છે. અને અજ્ઞાન દૃષ્ટિથી જગત્ રૂપ છે. આ ઉપરથી માણુસ, પશુ, પક્ષી, વૃક્ષ, વનસ્પતિ, વેલા, પાષાણુ, પાણી, માટી, રજકણુ, તથા અંતરિક્ષના દેવો, ગાંધર્વો, કિન્નરો, પિતૃઓ, રાક્ષસો, પિશાચો, વિગેરે જે કંઈ શબ્દાક્ષર માત્રથી કહો તે સર્વે જ્ઞાન દૃષ્ટિથી જોનારને ૐકાર પરમાત્મા સ્વરૂપજ સિદ્ધ સમજાય છે-અને માત્ર દેહ દૃષ્ટિથી અજ્ઞાન દૃષ્ટિના વિચારથી જોનારને જગત્ના ભિન્ન ભિન્ન નામ વાળા, પદાર્થથી સમજાય છે. વિનય વિચાર પૂર્વક આ અધ્યયન કરનારને સમજાશે કે, ચારે-**મૂર્તિ** એટલે આકાર રૂપ વસ્તુ હો કે **અમૂર્તિ** સ્વરૂપ નિરાકાર વસ્તુ હો. પણ, તે સર્વ પરમાત્માનુંજ સ્વરૂપ છે. કેમ કે આ પરમાત્માજ ૐકાર સ્વરૂપે આ જગત્ રૂપથી સિદ્ધ છે. પછી સર્વ તે સ્વરૂપજ છે. ત્યારે **મૂર્ત્ત** સ્વરૂપ પણ પોતાનું અને **અમૂર્ત્ત** સ્વરૂપ પણ પોતાનું છે, અને

મૂર્તિઅમૂર્તિ અભેદ હોવાથી, મૂર્તિમાંની પૂજા-પરમાત્મા સ્વરૂપની છે-મૂર્તિપૂજા સશાસ્ત્ર છે ખંડન-રૂપ નથી.

ઊભયના યોગ રૂપ પરમાત્મા પોતેજ સિદ્ધ છે. એટલે—ચાહે **સગુણુ** કહો તો પણુ તેજ અને **નિર્ગુણુ** કહો તો પણુ તેજ પરમાત્મા ૐકાર નામાત્મક ૐકારાકૃતિ સ્વરૂપાત્મક આપજ સિદ્ધ છે. હવે મૂર્તિનું ખંડન માનનારા-પોતે જેને નિર્ગુણુ આત્મા કહે છે તેનુંજ ખંડન કરનારા છે. એમ સાબીત થાય છે. આગળ વર્ણવી ગયા છીએ તે પ્રમાણે અજ્ઞાન આવરણથી. ભેદ ભ્રાન્તિના પ્રવાહથી સ્વસ્વરૂપ પરમાત્માના ભાનથી ભૂલીને. કેવળ દશ્ય જડાત્મક રૂપથી દેખે તેજ મૂર્તિને **જડદશ્ય** સ્વરૂપ માને છે. એમ સાબીત થાય છે- બ્રહ્મ જગતના અભેદરૂપકથી ખંડન મંડન કોઇનું રહેતુંજ નથી. વારંવાર ચાવી ચાવીને સાબીત કરવામાં આવ્યું છે કે-સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર છે. પરમાત્માથી કાંઇ પણ ભિન્ન પડે નહિં. તો ખંડન કોનું કરવું ? ? ? અર્થાત્ પરમાત્માના પ્રતિપાદનમાં ખંડન મંડન રહેતુંજ નથી. સ્વ સ્વરૂપ પરમાત્માનું ખંડન માનનારો પોતાની બુદ્ધિના વિભ્રમમાં પડેલો છે એમ જાણો. ૐકાર સ્વરૂપ પરમાત્માજ આ સર્વ છે. તો ખંડનવાળો વિચાર પણ પરમાત્મા સ્વ સ્વરૂપમાં સમાય છે અને ખંડન કરનારો પણ પરમાત્મા સ્વરૂપમાં સમાય છે-ત્યારે આવા ભ્રાન્તિના વિચારોથી ખંડન માનવું એ મૃત્યુને માટે થયેલો **સન્નિપાતજ** છે. ખંડન મંડનથી રહિત, શબ્દ રહિત અક્ષર રહિત-ૐકાર પરબ્રહ્મ પરમાત્માજ છે એમ સાબીત થયું છે તે જેને, એવા શાસ્ત્રજ્ઞ પંડિત પુરૂષો ખડન મડનના મિથ્યા લવારામાં કદાપિ પણ ઊતરતા નથી. પંડિતાઇના ડોળ ઘાલુ પુરૂષો **येनकेन प्रकारेण प्रसिद्धः पुरूषो; भवेत् ।** ગમે તેવા પ્રકારથી પુરૂષ પ્રસિદ્ધ થાય છે. એવા અભિમાનથી. પોતાનાજ આત્માનુંજ ખંડન માની પોતાનાજ ધર્મને વખોડે છે. અને પોતાના સ્વદેશી બંધુઓને ઊલટ માર્ગે ચઢાવી સ્વદેશનું અહિત ઇચ્છે છે. એ દિલગીરી ભરેલું છે ! ! ! અફસોસ ! ! ! શુદ્ધ પ્રેમ ભક્તિથી સ્વ સ્વરૂપની યથાર્થ જાગૃતી વિના ગુરૂ ગમ જ્ઞાન જાણુતો નથી અને માન, લોભની લાલસાએ પંડિતાઈ બતાવવા બહાર પડે છે. તેનુ આ પરિણામ છે. મૂર્તિ પૂજાના સિદ્ધાન્તને માટે નવા વેદ કે નવાં શાસ્ત્રો કે નવી સ્મૃતિઓની જરૂર નથી આ નિબંધ બરાબર શ્રદ્ધાથી ભક્તિથી ગુરૂગમ બુદ્ધિથી ગુરૂના સમક્ષ ગુરૂ સેવાનો અભિલાષી પ્રેમી ભક્ત શિષ્ય જો વાંચે અને તે પ્રમાણે યથાર્થ સમજે તો **સનાતન વૈદિક ધર્મની** અભેદ શ્રેણી હાથમાં લીધા વિના રહેશેજ નહિં અને મૂર્તિ-અમૂર્તિ સગુણ નિર્ગુણ સમાનજ માનવાવાળો થશે. વળી પંચાયતનમાં સમભાવ બુદ્ધિ રાખી **અભેદ બુદ્ધિ** યોગ પ્રાપ્ત પણ કરશે. અને સ્વસ્વરૂપ યોગમય પરમાત્માના સ્વરૂપના ૐકાર સ્વરૂપી ધ્યાનથી તદ્રૂપ થતાં જન્મ મરણાદિક મહાન્ ભ્રમમાંથી મુક્ત રહી પરમ પ્રેમાળ ભક્તિમાં રમતો જીવન્મુક્તતા અનુભવશે.

મૂર્ત્ત—એટલે સાકાર અથવા સગુણ અને અમૂર્ત્ત એટલે નિરાકાર અથવા નિર્ગુણ–આ બન્ને પ્રકાર ૐકાર સ્વરૂપમાં અભેદ છે. આ **સનાતન વૈદિક ધર્મ**નો વેદાન્ત ડિમ્ ડિમ્ અડગ સિદ્ધાન્ત છે.

सगुणं निर्गुणं भिन्न गणेशस्य न विद्यते ।

આ ૐકારાકૃતિ–સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગમય દેહને ધારણ કર્ત્તા શ્રી યોગમય શ્રી ગણેશ પરમાત્મા સ્વરૂપમાં સગુણ અને નિર્ગુણ એવી ભિન્નતા નથી સગુણ તેજ નિર્ગુણ છે અને નિર્ગુણ તેજ સગુણ છે.

શ્રી**ऋग्वेद**માં શ્રી નિર્ગુણ સગુણ સમાનાત્મક ૐકાર સ્વરૂપ શ્રી **गणपति** પરમાત્માને પ્રતિપાદન કરનારૂં **ब्रह्मणस्पति सुक्त** છે. આ સુક્તથી ૐકારસ્વરૂપ ગણેશ પરમાત્માને **ब्रह्मणस्पति** સંજ્ઞાથી વર્ણવેલા છે, તેમાં **गणेश** વાચકભાવથી મૌદ્ગલેયમાં વર્ણવ્યું છે કે—**गण–समूहे इति धातु पाठात् । बाह्यान्तरैक भावाख्याः समूहा व्याप्य व्यापकाभेदात्मकास्ति । मनुष्यादि गणाः अभेदात्मकास्तद्वत् । तत्व गणश्च अन्नप्राणादि ब्रह्मगणश्च तेषां गणानामीशो गणेश्वरः । अत एव समूहा ब्रह्मरुपिणो ज्ञातव्या तेषां पतित्वात् ब्रह्मणस्पतिः ॥** "गण"-ધાતુનો અર્થ "સમૂહ" વાચક છે. સમૂહનો ભાવાર્થ બાહ્યાંતર ઊભયની ઐક્યતા સ્વરૂપ છે. બાહ્ય દેખાતાં સ્વરૂપો અને અંતરમાં દેખાતાં સ્વરૂપોનો અભેદ તે **"સમૂહ"** કહેવાય છે એટલે તે વ્યાપ્ય–પ્રકૃતિ અથવા જગત્ અને વ્યાપક તે નિયામક સ્વરૂપ પરમાત્માના અભેદ સ્વરૂપે સિદ્ધ **"સમૂહ"** કહેવાય છે—જેમ મનુષ્યોના સમૂહમાં (વર્ણ આશ્રમના ભેદ વિના) મનુષ્યોનું અભેદપણું છે. તેમજ આકાશાદિ તત્વગણોમાં આકાશાદિ પૃથ્વી તત્વ પર્યંતનું અભેદપણું છે. તથા તેમજ અન્નપ્રાણાદિ બ્રહ્મ**गण**—કે જે **अन्नं ब्रह्मेति व्यजानात् । प्राणो ब्रह्मेति व्यजानात् । मनो ब्रह्मेति व्यजानात् श्रुतेः** ઈત્યાદિ અનેક એવા બ્રહ્મ-ગણના સમૂહમાં તે ઈશ્વર સ્વરૂપ હોવાથી તે **गणेश्वर** કહેવાય છે–ઉપર વર્ણવેલા **ब्रह्मगण**ના સમૂહમાં સમષ્ટિના બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્રાદિ ગણનો પણ સમાવેશ થાય છે. તેથી તે સર્વનો તે **पति**પણાથી **गणपति** અથવા **ब्रह्मणस्पति**જ સિદ્ધ છે.

ૐકાર પરબ્રહ્મ પરમાત્માને બ્રહ્મણસ્પતિ નામથી ઋગ્વેદ વર્ણવે છે. તેનો અર્થ–

गण+पति એમ **गण** સહ વર્તમાન તે **पति**નું પ્રતિપાદન થતાં પાંચે રૂપ અભેદ રૂપે સિદ્ધ સમજાય છે. જેથી, હું **शैव** હું **वैष्णव** હું **गाणपत्य** હું **सौर** કે હું **शाक्त** એમ કંઈપણ રહેતું નથી. સર્વમાં એક અભેદ **ॐकार रूप स्वतः** સિદ્ધ થાય છે એટલે ચાર પાદરૂપ શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિના સમૂહથી

સ્વયં પ્રતિપાદન થતો તે અર્થે સત્તાત્મક રૂપે **ગણપતિ** એમ પાંચે રૂપે પરમાત્માજ અભેદ સિદ્ધ થાય છે. એવો આ **સનાતન વૈદિક ધર્મ** છે. જેથી સનાતન વૈદિક ધર્મના અભેદ સિદ્ધાન્તિ સર્જન પંડિત પુરૂષો સમજે છે કે, આ સિદ્ધાન્તમાં નિર્ગુણ અને સગુણ અને તેના પેટા ભાગ તરીકે બ્રહ્મ સ્વરૂપમય-માયા-ગુણો કે જીવોનું અભેદરૂપે પ્રતિપાદન થાય છે. કોઈનું પણ ખંડન મંડન નથી પણ જેમ છે તેમ યથાર્થ વર્ણવાયું છે એટલે જેમ છે તેમજ સિદ્ધ સમજાય છે-જેથી ભેદ હોતો નથી. ભેદદષ્ટિ જોનાર માણસ છે-ભેદદૃષ્ટિનો જોનાર ભેદદૃષ્ટિથી જુએ. તો તેને ભેદ લાગે પણ તે વસ્તુ તો સદાએ અભેદજ છે.

સનાતન વૈદિક ધર્મનો અભેદ સિદ્ધાન્ત સમજાયાથી, ખંડન મંડન રહેતુંજ નથી.

આગળ વર્ણવી ગયા પ્રમાણે **બ્રહ્મણસ્પતિ** સંજ્ઞાથી તૂર્યાતીત ૐકાર સગુણ નિર્ગુણ અભેદ બ્રહ્મના પ્રતિપાદનમાં **अन्नं ब्रह्मेति-प्राणो ब्रह्मेति-मनो ब्रह्मेति-विज्ञान ब्रह्मेति**-વા **आनंद ब्रह्मेति** ઇત્યાદિક ઉપનિષદ્દનાં મહા વાક્યો બ્રહ્મમા અન્વય સ્વરૂપે સમજાય છે. કેમકે આ સમૂહ રૂપથી એટલે **गण** શબ્દના અર્થ સત્તાના યોગે જે બ્રહ્મમાં અન્વય સ્વરૂપથી સમાય તે સર્વનો **पति** સંજ્ઞાત્મક **गणपति**જ સિદ્ધ થાય છે. અને તેજ **ब्रह्मणस्पति** છે આ ઉપરથી સમજાય છે કે, પરબ્રહ્મ પરમાત્માથી યાવત્ દૃશ્યા દૃશ્ય-અન્વય લક્ષણુવડે ભિન્ન પડી શકતું નથી. પણ આ ઉપરથી એક મોટી વિચારવંત બાબત ધ્યાનમાં આવશે કે- જે અન્ન છે તે બ્રહ્મના અન્વય સબંધથી છતાં કેવલ મૂર્તિમંત છે. તોપણ તેનો બ્રહ્મના અન્વયથી બ્રહ્મરૂપ ભાવ છે. તેમજ પ્રાણ પણ મૂર્તિમંત છે. તેમ આનંદમય કોશનો આનંદ રૂપ ઈશ્વર પણ ઈશ્વર સ્વરૂપથી મૂર્તિમંત છે. અને આ સર્વનો અન્વય થતાં બ્રહ્મ કે જે ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપથી **पति** સંજ્ઞાત્મક જે **ब्रह्मणस्पति** વા **गणपति** છે તે પણ, બ્રહ્મસ્વરૂપપણાથી વા પતિપણાથી સ્વયં મૂર્તિમંત છે. તેમજ **रसो वै ब्रह्म**। આ રસજ થડરૂપે ડાળરૂપે ડાળીરૂપે પત્ર પુષ્પ ફલ રૂપેજ ભાસે છે. તેમ આ પરમાત્માજ અનેક સ્વરૂપે પોતેજ પ્રકાશી રહ્યા છે-માત્ર જોનારની સમજ ફેરમાં તેને પરમાત્મા સ્વરૂપ ન સમજાયાથી અનેક રૂપના ભાવથી જુએ છે. સત્ય જોવાની સમજ પડતાંજ તે રસરૂપ પરમાત્માના સ્વરૂપને સર્વ સ્વરૂપે સિદ્ધ સમજે છે.

વલ્લી ૨૭ મી.

(નિર્ગુણ સગુણનો અભેદ.)

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
सवेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥

श्वेता ३. १९

તે (નિર્ગુણ સગુણ અભેદ) પરમાત્મા હાથ પગ (આદિ ભેદ ભાવના) રહિત છતાં પણ દૂરમાં દૂર ગમન કરનાર છે. તેમજ (સર્વ બાજુથી) સર્વનું ગ્રહણ કરનાર છે. નેત્ર રહિત છતાં સર્વ બાજુથી સર્વને જોનાર છે. અને કાન રહિત .છતાં સર્વ બાજુથી સર્વ સાંભળનાર છે. તે મન રહિત છતાં સર્વ બાજુથી જાણવા યોગ્યને જાણનાર છે. એમ તેને જાણનાર કોઇ નથી. છતાં તેને જાણનારા બ્રહ્મવેત્તા–બ્રહ્મવિદ્–પુરૂષો સર્વના કારણ પણાથી સર્વનો આદિ–પ્રથમ પુરૂષ–ઉત્તમ પુરૂષ–પૂર્ણ પુરૂષ–(ૐ) કે જેને (દેશના કાળ, વસ્તુના પરિચ્છેદથી રહિત) મહાન કહેવાય છે. આમ સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપ પરમાત્મા છે.

હવે તેજ ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં નિત્ય, **મુક્ત**, સ્વતઃ સિદ્ધ સ્વરૂપજ છે. તેની ઉપાસના કરનાર પુરૂષ સ્વય બ્રહ્મ સ્વરૂપ સ્વરૂપે **મુક્તજ** છે. કેમકે વેદનાં પણ વચન છે કે "**ब्रह्मविद् ब्रह्मैव भवति**" તથા "**ब्रह्मविदाप्नोति परम्**" બ્રહ્મને જાણનાર બ્રહ્મજ થાય છે. તથા બ્રહ્મને જાણનાર પરમપદ (શ્રેષ્ટતર) સ્વરૂપ છે. આ સ્વયં **મુક્ત** સ્વરૂપ તૂર્યાતીત ૐકાર સ્વરૂપ પરમાત્માના અભેદ સ્વરૂપના જેમ **ચારપાદો** વર્ણવ્યા છે. તેમજ તે **ચાર** પાદ સ્વરૂપને માટે **ચાર મુક્તિ સ્થાનો** પણ વર્ણવેલાં છે. તે **મુક્તિ** એટલે **મુક્ત**–વાળી–**મુક્ત**ના પાદરૂપે મુક્તિના પ્રકાર–છે. અને તેમાં પણ અર્થ–સત્તાના ભાવથી નિશ્ચયો તપાસતાં આવડે તો તે અર્થથી અને સત્તાથી તત્ તત્ સ્વરૂપાત્મક મુક્તિના અર્થને જાણી શકે છે. જુઓ નિચેથી પ્રથમ દેહ ભાવવાળા **असत्** પાદરૂપ **असत् ब्रह्म** રૂપની **शक्ति ब्रह्म**ની ઉપાસના કરનારને **सालोक्य मुक्ति**ની પ્રાપ્તિ વર્ણવે છે. અર્થાત્ શક્તિ બ્રહ્મની ઉપાસનાથી તેના લોકપણાની મુક્તિ વર્ણવે છે. તેમજ **દેહી** ભાવવાળા **सत्** પાદરૂપ **सत् ब्रह्म** રૂપની **सूर्य ब्रह्म**ની ઉપાસના કરનારને **सामीप्य मुक्ति**ની પ્રાપ્તિ વર્ણવે છે. અર્થાત્ સૂર્ય બ્રહ્મની ઉપાસનાથી તેના સામીપ્યપણાની મુક્તિ વર્ણવે છે. તથા તેમજ **सम** અથવા

ૐકારના ચાર પાદથી ચાર પ્રકારની મુકિત છે. અને તેથી પરે ૐકારની ઉપાસનાથી સ્વયં મુકતજ થાય છે.

વ્યાપક અથવા **અંતર્યામી** ભાવવાળા **सम** પાદરૂપ **समब्रह्म** (**आनंदब्रह्म**) રૂપની **विष्णु ब्रह्मनी** ઉપાસના કરનારને **सारूप्य मुक्तिनी** પ્રાપ્તિ વર્ણવે છે. અર્થાત્ વિષ્ણુ બ્રહ્મની ઉપાસનાથી તેના સારૂપ્યપણાની પ્રાપ્તિનો અર્થ મુક્તિ સ્વરૂપે વર્ણવે છે. તથા તેવીજ રીતે તૂર્ય અથવા **नेति** ભાવવાળા **तूर्य** પાદરૂપ **तूर्य ब्रह्म** અથવા **इश्वर ब्रह्म** રૂપની **शिव ब्रह्मनी** ઉપાસના કરનાર નિરભિમાન જીવાત્માને **सायुज्य मुक्ति** વર્ણવે છે અર્થાત્ શિવ બ્રહ્મની ઉપાસનાથી તેની સાથે જોડાતાં આ જીવાત્મા શિવ સ્વરૂપ **अहं ब्रह्मास्मि** અથવા **शिवोहं** કહેવાય છે હવે જે ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ તૂર્યાતીત પરમાત્મા—ઉપાસનાના અર્થે શ્રી **ગણુપતિ** નામાત્મક પરબ્રહ્મ જે નિત્ય **મુક્ત** શુદ્ધ બુદ્ધ સ્વયં છે કે ઉપર વર્ણવ્યા પ્રમાણે જેના **ચાર પાદ** છે એવો અથવા જે **ચાર પાદથી** રહિત છે. એવો જે આ **પંચમપાદ** સ્વરૂપ **પૂર્ણ બ્રહ્મ** કે જેના પાદને **स्वानंद** પાદ કહેવાય છે. તે **स्वानंद** પાદરૂપ સ્વયં મુક્ત ૐકાર બ્રહ્મની ઉપાસના શ્રી ગણુપતિ નામથી કરનાર—મુક્ત સ્થાનના યોગે કેવળ **ब्रह्मविद् ब्रह्मैव भवति** શ્રુતિના આધારે સ્વયં મુક્ત સ્વરૂપ બ્રહ્મ સ્વરૂપતાનેજ પામે છે. એજ **स्वानंद** શબ્દની અર્થ સત્તાથી સ્વાનંદ સ્વરૂપજ થાય છે. અર્થાત્ **मुक्ति** ના સ્વરૂપથી પરે—**मुक्त** સ્વરૂપનો અનુભવ તો આ પંચમપાદની ઉપાસનામાંજ છે. તેથીજ **स ब्रह्म भूयाय कल्पते** એમ વેદ વચન રૂપ ઉપનિષદો અને શાસ્ત્રો મુક્તિથી પરે બ્રહ્મભૂય સ્થિતિના વર્ણનને વર્ણવે છે. અને તેજ સકળ વેદાન્ત જ્ઞાનના સમૂહનો તાત્પર્ય છે. સાંપ્રતકાળમાં ૐકાર બ્રહ્મના પાદોથી જે ઉત્તરોઉત્તર અનુક્રમે ઉપાસના કરતા કરતા ઉત્તરોત્તર મુક્તિના જ્ઞાનની પ્રાપ્તિએ આવે છે. એવા જીવાત્માઓને ચઢતે ચઢતે અભેદ સ્વરૂપની પ્રાપ્તિ થનાર છે. પણ મૂળમાંથી એટલે વૈદિક ઉપાસનાના અનુક્રમમાં ચઢતાંજ શક્તિની ઉપાસનામાં પણ **શક્તિ પંચાયતન**—સૂર્યની ઉપાસનામાં પણ **સૂર્ય પંચાયતન**—વિષ્ણુની ઉપાસનામાં **વિષ્ણુ પંચાયતન**—શિવની ઉપાસનામાં **શિવ પંચાયતન** અને છેલ્લે શ્રી ગણુપતિની ઉપાસનામાં **શ્રી ગણુપતિ પંચાયતન** એમ અભેદ સ્વરૂપે ઉપાસના કરે તોજ અભેદ બુદ્ધિ યોગની પ્રાપ્તિએ અંત પર્યંત જતાં અભેદ ૐકાર બ્રહ્મ સ્વરૂપને પામે છે. પાદ પાદ ક્રમની ઉપાસનામાં **तेयथा यथो पासते तदेव भवति** જે જેને ઉપાસે છે તે તે સ્વરૂપ થાય છે. જીવાત્માઓને આ

અભેદ સ્વરૂપની કોટી બરાબર સમજવાને ગુરૂ સન્મુખ થવું યોગ્ય છે. **વૈદિક પંચાયતન** શાસ્ત્રમાં બર્ણવ્યા પ્રમાણે **शुक्लगति** ના પ્રભાવથી તે **અભેદ ઉપાસનાથી** અનુક્રમે ચાર પાદરૂપ ચાર મુક્તિના સ્વરૂપને અને અંતે **બ્રહ્મ સ્વરૂપની** જુદા જુદા નામના અભેદ એક સ્વરૂપ ૐકાર સ્વરૂપી

પ્રાપ્તિ છે. પરમ પુરૂષ પરમ પદ, પૂર્ણ સ્થાન, પચમપાદ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકારાકૃતિ શ્રી **ગણપતિ**ની ઉપાસના કરવાથી **स्वयं ब्रह्म** સ્વરૂપતાને પામે છે. આ સિદ્ધાન્તનો અનુક્રમ નિચે પ્રમાણે છે.

भूक्ति मुक्ति मलोभार्थ यःकरोति निरंतरम् ।
कर्म स्वधर्म संयुक्तो नानादेव परायणः ।
उत्तरायन गे भानौ दिवसे वा मृतो भवेत् ।
स अग्निलोक मासाद्य तपो युक्तो भवेत्सदा ॥
तत्र भोगेप्सुतां ज्वाल्य गच्छेच्छक्ति महामतिः ।
तत्राभिमानमुत्सृज्य कालेन महता पुनः ।
ततो गच्छेत्सौरलोके तत्रात्मानमचिंतयेत् ।
तत्रह्यात्मानमुत्सृज्य गच्छेद्वैकुंठ मेवच ।
तत्रानंदं परित्यज्य गच्छेच्छिवं न संशयः ।
तत्र साक्षीत्वमुत्सृज्य गच्छेत्स्वानंदमेवच ।
तत्र गणेश्वरं दृष्ट्वा ब्रह्मभूतो नरो भवेत् ।
शुक्लागति प्रभावेन कथितं ते प्रजापते ॥

योगगीतायां.

એવો તે જીવાત્મા ભુક્તિ (ભોગ) અને મુક્તિ (મોક્ષ)ના યોગને નિરંતર સંભાળતો, સ્વધર્મ **વર્ણાશ્રમ** કર્મ આચરતો, નાના નાના પ્રકારના દેવોની ભક્તિથી તત્ પરાયણ રહે છે. એમ સામાન્ય ભક્તિના પુણ્ય યોગે તે જીવાત્મા સૂર્યની ઉત્તરાયન ગતિમાં દિવસે દેહત્યાગ કરે છે. તે પછી અગ્નિલોકને પામીને પૂર્વ પુણ્ય પ્રભાવથી પુનઃ મનુષ્ય દેહને ધારણ કરીને સદા તપ યુક્ત રહે છે. આ તપ તે "**अग्निहोत्र**" આદિક કર્મ છે. આ કર્મના પ્રભાવે ત્યાંના ભોગો ભુક્તમાન કરી તે મહાન્ સાત્વિક બુદ્ધિમાન જીવાત્મા પુનઃ મનુષ્ય દેહ ધારણ કરી વૈદિક ઉપાસનાની પ્રથમ શ્રેણીમાં-મોક્ષ કોટીના ભક્તિ સ્વરૂપમાં (**असत्** પાદરૂપ) **शक्ति ब्रह्म**ની ઉપાસના કરતો અંતે તે તેના (**સાલોક્ય** મુક્તિરૂપ) લોકને પામે છે. શક્તિ બ્રહ્મની ઉપાસનાના બલથી ત્યાંના પુણ્ય ભોગો ભોગવી ત્યાંના અભિમાનનો ત્યાગ કરી પુનઃ મનુષ્ય દેહ ધારણ કરી કાળ ગતિએ (**सत्**પાદ) **सौरब्रह्म**ની ઉપાસના કરતો તેના (સામીપ્ય મુક્તિરૂપ) લોકને પામે છે. આ **सूर्य आत्मा जगतस्तस्थुषश्च** સ્વરૂપ સૂર્ય બ્રહ્મની ઉપાસનાના બલથી ત્યાંના લોકમાં ત્યાંના ભોગો ભોગવી અંતે અભિમાનનો ત્યાગ કરી પુનઃ

મનુષ્ય દેહ ધારણ કરી (**સમ** પાદરૂપ) **આનંદબ્રહ્મ-વિષ્ણુબ્રહ્મ**ની ઉપાસનાનો અધિકારી થતાં **વિષ્ણુબ્રહ્મ**ના (વૈકુંઠ લોકની સારૂપ્ય મુક્તિ) લોકને પામે છે. એમ વિષ્ણુની ઉપાસનાના બલથી ત્યાંના ભોગોના આનંદનો ત્યાગ કરી પુનઃ મનુષ્ય દેહના યોગે (**તૂર્ય** પાદરૂપ) **નેતિ બ્રહ્મ** અથવા **શિવ બ્રહ્મ**ની ઉપાસનાનો પરમ અધિકારી થાય છે અને **શિવ બ્રહ્મ**ને સેવે છે. આ સ્થાનમાં જીવાત્મા મટીને પોતાને શિવસ્વરૂપ એટલે ઇશ્વિર સ્વરૂપ જાણે છે. આ સ્થાન જીવની ઉચ્ચતર ભુમિકા છે. આ **શિવ બ્રહ્મ**ની નિર્મોહી, અને પ્રપંચની શાન્તિવાળી ભુમિકાને પ્રાપ્ત થયેલો ઉત્તમ અધિકારી-ઉપાસના કરતો કરતો **શિવબ્રહ્મ**ની (**સાયુજ્ય મુક્તિ**રૂપ) લોકને પામે છે. દેહના ભાનને ભુલતો પોતાને જીવ ન માનતો સાક્ષી પદને જાણે છે-આ **શિવબ્રહ્મ**ની ઉપાસનાના બળથી-આ ચાર ઉપાસનાની પૂર્ણતાએ-પૂર્વ પુણ્ય યોગરૂપ-પુનઃ મનુષ્યમાં ઉચ્ચ સસ્કારરૂપ પચમપાદ પૂર્ણબ્રહ્મની (**સ્વાનંદ** પાદરૂપ) ઉપાસનાનો અધિકાર પ્રાપ્ત થતાં સાક્ષિત્વનો વિલય કરવાને શ્રી સ્વાનંદ લોકવાસી (ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક) **શ્રીગણેશ્વર**ની પરમ પ્રેમથી ઉપાસના કરવા લાગે છે. આ ઉપાસનાના અપરિમિત બળથી તે જીવાત્મા પોતાના સાક્ષિત્વનો સ્હેજે વિલય કરીને બ્રહ્મ વિદ્યાવેત્તા બ્રહ્મ નિષ્ઠ જીવન્મુક્ત સત પરમાત્માના બોધથી શ્રી ૐકાર સ્વરૂપે શ્રી ગણેશ્વરનાં દર્શન કરીને અંતે આત્મા પરમાત્માની અભેદ બુદ્ધિએ **બ્રહ્મભૂત** અર્થાત્ **બ્રહ્મ સ્વરૂપતા-સ્વસ્વરૂપતા**-સિદ્ધિને પામે છે-આ સ્થાનની સ્વસ્વરૂપાવસ્થાથી સ્થિતિ છે જેથી મુક્તિથી પણ પરે છે-માટે **બ્રહ્મવિદ્ બ્રહ્મેવ ભવતિ** આ શ્રુતિ લાગુ પડે છે. આ શુક્લાગતિનો પ્રભાવ છે.

આ અનુક્રમ ઉપાસનાના યોગ સાથે જીવાત્માની ઉત્તરોત્તર પરમપદની પ્રાપ્તિની ગતિનું વર્ણન છે. આ ઉપરથી અનુભવ સમજાય છે, કે-પરમાત્મા જેમ પોતાના **પતિ** (**પૂર્ણ**સ્વરૂપ)થી નિચેના તૂર્ય-**સાક્ષી**-તેથી નિચેના **વ્યાપક**-તેથી નિચેના **દેહી**-તથા સૌથી નિચેના **દેહ**રૂપ અસત્ પાદ રૂપે એમ ઉતરતાં ઉતરતાં-અર્થ સત્તાત્મક સ્વરૂપે બ્રહ્મજ પોતે કલ્પિત માયામય દેહસ્વરૂપે ભાસે છે. એજ અનુક્રમથી આ વૈદિક ઉપાસના ક્રમવડે પુનઃ ઉત્તરોત્તર ચઢતાં ચઢતાં ઉપાસના સિદ્ધિદ્વારા **શક્તિબ્રહ્મ**ની ઉપાસનાથી-દેહથી મુક્તતા-**સૂર્યબ્રહ્મ**ની ઉપાસનાથી-દેહીથી મુક્તતા-**વિષ્ણુબ્રહ્મ**ની ઉપાસના વડે વ્યાપક ભાવની મુક્તતા-**શિવબ્રહ્મ**ની ઉપાસના વડે સાક્ષીત્વથી મુક્તતા-અને **ગણેશ બ્રહ્મ**ની ઉપાસનાથી "**સ્વયં બ્રહ્મ પ્રાપ્તિ**"-એમ ઉત્તરોત્તર અર્થ સત્તાત્મક જ્ઞાનબળ ઉત્પન્ન થઈ શકે છે. જેથી દરેક મનુષ્ય માત્રને અનુક્રમ ઉપાસનાની અવશ્ય જરૂર છે. અને શાસ્ત્રાધાર હોવાથી વૈદિક ઉપાસના સર્વે માન્ય છે. આ પાંચ પાદરૂપ પાંચ રૂપ તે અભેદ

ૐકાર બ્રહ્મનાજ છે. એ વાત પણ નિઃશંશય છે. આ ઉપરથી સમજવું ઘટે છે કે—

સાંપ્રત સમયમાં આ સનાતન વૈદિક ધર્મની અનુક્રમ મર્યાદાની સમજણ વિનાના જીવાત્માઓ અમુક અમુક ભાવનાએ નાના પ્રકારના દેવોની સામાન્ય ભક્તિ સેવા ઉપાસના કરે છે—તે પણ ઠીકજ કરે છે—કેમકે આ અનુક્રમ પ્રમાણેજ તેનો હવે પછીના કાળમાં તે સામાન્ય ભક્તિના બળથી શુક્લાગતિના અનુક્રમમાં આવીને અગ્નિહોત્રાદિક નાના પ્રકારના **તપ** કરવા સાથે જોડાવાના છે. અને આ વખતે જે અગ્નિહોત્રાદિક તાપસી કર્મના કર્ત્તા ઉપાસના કરે છે-તે હવે પછી **"સનાતન વૈદિક ધર્મ"**ની શ્રેણીની સડકે ચઢી **સાલોકય** મુક્તિના પ્રથમ **અસત્** પાદરૂપ **શક્તિબ્રહ્મ**ની ઉપાસનાના અધિકારી બનવાના છે. અને આ વખતે જે **શક્તિબ્રહ્મ**ની ઉપાસના વૈદિક રીત્યા પંચાયતન સમાન પરબ્રહ્મ સ્વરૂપ માની તાંત્રોક્ત કર્મના ત્યાગ સાથે-(વામી નહિં એવા) કરતા હશે તે હવે પછી **સત્** પાદરૂપ **સૂર્યબ્રહ્મ**ની ઉપાસનાના અધિકારી બનવાના છે એમ જાણો-તેમજ આ વખતે જે **સૂર્યબ્રહ્મ**ની ઉપાસના વૈદિક રીત્યા પચાયતન સમાનરૂપે કરતા હશે—તે ઉપાસનાના પુણ્યબળથી હવે પછીના જન્મમાં વા કાળમાં તે **સમ** પાદરૂપ **વિષ્ણુબ્રહ્મ**ની ઉપાસનાના અધિકારી બનવાના છે એમ જાણો—અને આ વખતે જે **વિષ્ણુબ્રહ્મ**ની વૈદિક રીત્યા—અભેદ પંચાયતનની વૈદિક મર્યાદાની વિધિથી ઉપાસના કરે છે—તે હવે પછીના કોઈ કાળમાં અથવા કોઇ જન્મમાં તે ઉપાસનાના બળથી તે ઉપાસકો (જીવાત્માઓ) **તૂર્ય**પાદ રૂપ **શિવબ્રહ્મ**ની ઉપાસનાના અધિકારી થવાના છે. એમ નિશ્ચય જાણવું. તેમજ આ સમયે જે મુમુક્ષુઓ તૂર્યપાદરૂપ **શિવબ્રહ્મ**ની ઉપાસના પંચાયતન સમરૂપ માની વૈદિક વિધિપૂર્વક ભક્તિપૂર્વક-શ્રદ્ધાપૂર્વક-કરે છે. તે ઉપાસક બંધુઓ દ્વૈત ભ્રાન્તિના ત્યાગથી તથા અદ્વૈત સિદ્ધાન્ત રૂપ હોવાથી હવે સ્વસ્વરૂપ સમજવાને યોગ્ય જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા—ઉપાસનાના પુણ્ય પ્રભાવથી અંતે પંચમ પાદ પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક શ્રી **ગણેશ્વર**ની ઉપાસનાના અધિકારી બનવાના છે—એમ નિશ્ચય જાણો—તેમજ આ સમયે શ્રી **ગણપતિ** નામના ઉપાસક બંધુઓ છે તે આવી રીતના અનુભવપૂર્વક—અને આવી રીતના શાસ્ત્રજ્ઞાનપૂર્વક—આવી રીતે ઉપાસના કરતાં વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસની ઐક્યતા સંભાળતાં—અને પાંચે સ્વરૂપમાં અભેદ બુદ્ધિ ધારણ કરતાં—દ્વૈતાદ્વૈતનો ભેદ ભાવ કાઢી નાખી કેવળ પરમાત્માજ છે એવા સ્વરૂપે ઉપાસના કરે તો હવે માત્ર તેમના સ્વસ્વરૂપની જાગૃતીરૂપ **બ્રહ્મભાવના** સિદ્ધ કરાવવા માટે, અને દૃશ્યાદૃશ્ય વિકલ્પથી દૃષ્ટિ ફેરવાવવા માટે, શ્રી પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક સ્વસ્વરૂપને ઓળખાવવા પોતેજ શ્રી

જીવન્મુક્ત, સંત, યોગેશ્વર સદ્‌ગુરૂ સ્વરૂપ ધારણ કરી તે અધિકારી જીવાત્માને દર્શન આપે છે. અને સ્વસ્વરૂપ બોધ કરી પોતાના નિજ સ્વરૂપથી જાગૃત કરે છે-તેમનો બોધ સકળ પ્રાણી-માત્ર મનુષ્યદેહધારીઓને માટે સરખી રીતેજ હોય છે. વરસાદ જેમ સર્વ સ્થાને એક સરખી રીતે પડે છે. વાડમાં પણ વરસે છે-સમુદ્રમાં પણ વરસે છે-તેમ તલાવ, નદી, કુવા વિગેરેમાં પણ વરસે છે તેમ ઊસર ભૂમિમાં પણ વરસે છે તેમ રેતીના રણમાં અને ડુંગર ઉપર પણ વરસે છે. પણ આ વરસાદનું જળ-જેવી જેવી પાત્રતા હશે ત્યાંજ તેવા પ્રકારે ભરાય છે. અને ત્યાં તેનો તેવો એટલે જોઇતોજ ઉપયોગ થાય છે. તેમ આ મહાત્મા સ્વરૂપ પરમાત્માનો બોધ તો પંચાયતનના અભેદ ઉપાસકોને માટે એક સરખોજ કરવામાં આવે છે. છતાં પોતપોતાની પાત્રતા અને ઉપાસનાની શુદ્ધ બુદ્ધિની અર્થ સત્તા પ્રમાણેજ તેઓ ગ્રહણ કરે છે. અને તેવા તેવારૂપે તેમનાં દર્શન પણ માન્ય કરી લે છે. જે જે ઉપાસકો જેવા જેવા પ્રેમ ભરેલા ભક્તિજ્ઞાનથી તે મહાત્મા તરફ જેટલા વિશ્વાસથી સેવા બુદ્ધિ ધારણ કરી તેમના બોધનું મનન કરે છે. અને પંચાયતનમાંના જેવા સ્વરૂપની ઈષ્ટ ઉપાસનાથી તે રૂપે સેવે છે. તેમને તેવા તેવા પ્રકારથીજ સનાતન વૈદિક ધર્મની શ્રેણી પૂર્વકની મર્યાદા અને યમ, નિયમાદિ, શમદમાદિ, સાધનોની પૂર્ણતા તથા તે તે કોટીના અને તેથી પરે કોટીના જ્ઞાનને કૃપારૂપે બક્ષે છે. અધિકારી પુરૂષ પોતાની પાત્રતા પ્રમાણેજ નવધા ભક્તિનો અભેદ રસ પોતાના હૃદયમાં ઉપજાવે છે. યોગ્યતા પ્રમાણેજ ગુરૂ-બ્રહ્મની અભેદતાને સમજે છે-અને સેવા ભાવમાં બ્રહ્મ બુદ્ધિનો વધારો પણ કરી શકે છે તે ઉપાસક પોતાની ઇષ્ટ સત્તા પ્રમાણેજ એટલે ઉપાસનાના બળ પ્રમાણેજ-પરમાત્મ સત્તાનો પ્રકાશ પોતાના હૃદયમાં બુદ્ધિના જ્ઞાનરૂપે પ્રગટાવે છે અને એમ કરતાં કરતાં પણ ઊચ્ચ બુદ્ધિ રાખી ઊચ્ચ કર્મ કરી ઊચ્ચ જ્ઞાન દૃષ્ટિએ જો તે મહાત્મા પરમાત્મા સંત સ્વરૂપને સેવે છે-તો કોઇક કાળની કૃપાદૃષ્ટિથી તે સંસાર આવરણ બંધનમાંથી મુક્ત બની અંતે **બ્રહ્મસ્વરૂપતાને** પામે છે અને પંચમપાદ સ્વરૂપના સિદ્ધાન્તની અભેદ બુદ્ધિ પ્રાપ્ત થતાંજ પોતાના સ્વરૂપને ૐકાર સ્વરૂપે સિદ્ધ માની-ધ્યાતા, ધ્યાન, ધ્યેય-તથા જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આદિ ત્રિપુટીઓના મર્મને સારી પેઠે સમજીને આ છેલ્લામાં છેલ્લા પોતાના કલ્પિત દેહના સંબંધથી જન્મ મરણાદિક દેહાધ્યાસ બુદ્ધિના અધ્યારોપરૂપી મહારોગમાંથી મુક્ત રહી યોગરૂપ પરમાત્મ પદના પરમપદરૂપ **બ્રહ્મભૂયપણાને** પામે છે-અને તે વાત શ્રી ભગવદ્ ગીતામાં સંભાવી છે કે

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् । यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

પૂર્ણ અભેદ ઉપાસનાના બળથી પરમાત્માનાં સંત-જીવન્મુકત સ્વરૂપે દર્શન છે.

એટલે આ ઉપરથી સુજ્ઞ બંધુઓને સત્ય સમજાશે કે-માત્ર ૐકાર સ્વરૂપ એકાક્ષર બ્રહ્મની ઉપાસના કરનાર ભક્તજન આ દેહના અંતમાં એટલે દેહબુદ્ધિની કલ્પનાને ભુલતાં પરમગતિને પામે છે. એટલે ભગવદ્દગીતાના જીવનરૂપ આ મંત્રનો ઉપદેશ માત્ર ૐકાર કે જેમાં સગુણ નિર્ગુણ પ્રકારના સમાવેશવાળા પરમાત્માના સ્વરૂપનો અભેદ યોગ કે જેમાં ગણેશ-શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિનો અભેદ છે. એવા સ્વરૂપનુંજ લક્ષ સિદ્ધ થવાથી અને તેજ પોતાનો આત્મા પરમાત્માજ છે એમ સમજવાથી જન્મ મરણની શાન્તિ છે. આ કૃષ્ણ પરમાત્માની કૃપાનુંજ ફળ અર્જુનને મળ્યું છે. તે બ્રહ્મ માત્ર ૐકારજ છે.

वल्ली २८ मी.

शिवे विष्णौ च शक्तौ च सूर्ये मयि नराधिप ।
याऽभेदबुद्धि र्योगः स सम्यग्योगो मतोमम ।
अहमेव महाविष्णु रहमेव सदाशिवः ।
अहमेव महाशक्तिरहमेवोर्यमा प्रिय ।
अहमेको नृणां नाथो जातः पंचाविधः पुरा ।
अज्ञानान्मं न जानन्ति जगत्कारण कारणम् । ग० गी०

શિવને વિષે, વિષ્ણુને વિષે, શક્તિને વિષે, સૂર્યને વિષે, અને ગણુપતિને વિષે જે અભેદ બુદ્ધિના યોગથી આ પાંચેમાં અભેદ સ્વરૂપ જાણવું તેજ અભેદ બુદ્ધિ યોગ સમ્યક યોગ છે.

હું પોતેજ મહાવિષ્ણુ સ્વરૂપ છું. હું પોતેજ સદાશિવ સ્વરૂપ છું. હુંજ પોતે મહા-શક્તિ-સ્વરૂપ છું. અને હુંજ પોતે સૂર્ય સ્વરૂપ છું. એમ ચાર પુરૂષનો અભેદ મારામાંજ છે.

ઉપર વર્ણવેલા ચાર પુરૂષનો સંયોગી ભૂત એનોજ પૂર્ણ અભેદ યોગરૂપ-ૐકાર સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ (ગણેશ) કે જેના અભેદમાં ભેદરૂપે શિવાદિક ચાર સ્વરૂપ છે તેજ નરરૂપ કહેવાય છે. માટે તે નરોના પતિ સ્વરૂપથી અભેદરૂપમાં ચાર-ગણુનાપતિના અભે-દમાં " ગણુપતિ " સિદ્ધ થાય છે. માટેજ સૃષ્ટિના આરંભમાં ઉપર બતાવેલા ચારસ્વરૂપનો અભેદ પાંચ સ્વરૂપથી છું. અને જગતનું કારણ જે માયા-તેના પણ કારણ સ્વરૂપથી હુંજ છતાં અજ્ઞાનીજનો મને જાણુતાજ નથી.

આ ઉપર વર્ણવ્યા પ્રમાણે ૐકાર પરબ્રહ્મ પરમાત્માની પંચાયતન સ્વરૂપ ભાવની અભેદ ઉપાસના-અભેદ બુદ્ધિ યોગને પ્રાપ્ત કરવાને માટેજ કરવાની છે. અને તેની ગોઠવણી પણ એવા પ્રકારે છે કે પોતાની માનેલી ઇષ્ટના

નામવાળી મૂર્તિના સ્વરૂપને મધ્યમાં મુકીને બાકીના ચાર નામવાળી મૂર્તિઓને ચાર બાજુએ મુકી ૐકાર સ્વરૂપની ધારણા પૂર્ણ કરવી. પોતે જે પાદના અધિકારી છે તે પોતાના ઇષ્ટને મધ્યમાં મુકે છે. આ શાસ્ત્ર વિધિ છે. અને આગળ પાછળ ચારખુણામાં બીજી ચાર મૂર્તિને મુકવાનો વિધિ પણ વૈદિક પૂજા પ્રયોગ આન્હિકમાં પ્રસિદ્ધ જ છે.

આગળ વર્ણવી ગયા પ્રમાણે અધિકારની ઉત્તરોત્તર ગતિએ વૈદિક ઉપાસનામાં ચઢી આવનાર પુરૂષે ઉત્તરોત્તર ઉપાસ્ય પંચાયતનની ધારણા અને સ્વરૂપ કેવી રીતે ગોઠવવું તેનો વિધિ **જ્ઞાનમાળા** નામક ગ્રંથમાં લખ્યો છે. અધિકાર પૂર્વક આ કાળમાં પોતાની અભિરૂચી કયા ઇષ્ટ પ્રત્યે છે તે ઇષ્ટને વચ્ચે મુકી આ નિચેના કોઠામાં વર્ણવ્યા પ્રમાણે બીજા ચાર—ચાર ખુણામાં મુકી ૐકાર સ્વરૂપ પંચાયતન કરી પછી પૂજન કરવું. એવો **સનાતન વૈદિક ધર્મ**નો શિષ્ટ પ્રચાર છે. અને ધીમે ધીમે આગળ વધી ઉત્તરોત્તર અનુક્રમથી ચઢી આવી છેક શ્રીગણપતિ પંચાયતન પર્યંત પહોંચી અંતે ઉપાસના ક્રમની પૂર્ણતાએ બ્રહ્મ સ્થિતિને પામવું યોગ્ય છે.

ॐकार पंचायतन अभेद योग दर्शन. (પંચાયતન પદ્ધતિ)

(ગણેશ પંચાયતન) ૫	વિષ્ણુ શિવ ગણપતિ (૫) શક્તિ સૂર્ય	पांत-तूर्यातीत ॐ ॐकारस्वरुप गणपति ब्रह्म (બ્રહ્મભૂય-સ્વસ્વરૂપ)
(શિવ પચાયતન) ૪	વિષ્ણુ સૂર્ય શિવ (૪) દેવિ ગણપતિ	साक्षी-तूर्यपाद शिव स्वरुप ईश्वर ब्रह्म (સાયુજ્ય મુક્તિ)
(વિષ્ણુ પચાયતન) ૩	શિવ ગણપતિ વિષ્ણુ (૩) દેવિ વિષ્ણુ	व्यापक-समपाद विष्णु ब्रह्म (સારૂપ્ય મુક્તિ)
(સૂય પચાયતન) ૨	શિવ ગણપતિ સૂર્ય (૨) દેવિ વિષ્ણુ	देही-सत्पाद सूर्य ब्रह्म (સામીપ્ય મુક્તિ)
(શક્તિ પંચાયતન) ૧	વિષ્ણુ શિવ શકિત (૧) સૂર્ય ગણપતિ	देह-असत्पाद शक्ति ब्रह्म (સાલોક્યમુક્તિ)

"પંચાયતન" એટલે પંચ+આયતન=પંચ એટલે પાંચ અને આયતન એટલે **સ્થાન**–અથવા **પાદ.**

આ પાંચ સ્થાનમાં–અનુક્રમે પાંચ **પાદ** આદિ બહુ પ્રકારના પંચીકૃતનો સમાવેશ થાય છે. આ પાંચ સ્થાન નિચેથી અનુક્રમે એકથી એક ચઢીયાતા અર્થવાળાં છે. આ સ્થાનની ગોઠવણી શાસ્ત્રબુદ્ધિના અર્થસત્તાના યોગરૂપ આધારે ઉત્તરોત્તર સ્થિતિ ઉપર ગોઠવાયેલી છે. મનુષ્ય સંજ્ઞાત્મક નામરૂપ વર્ણ જાતીની વ્યવસ્થામાં **"દેહ"**ના ભાનની બુદ્ધિ પ્રથમ પગથીયાની છે. તેથી વિશેષ ઉચ્ચ બુદ્ધિમાં **"દેહી"** ભાનની દેહના અભિમાનવાળી બુદ્ધિ તેથી પરે શ્રેણીરૂપ છે તેથી વિશેષ ઉચ્ચ પ્રભાવવાળી સુક્ષ્મ બુદ્ધિમાં **"વ્યાપક"** ભાનની એટલે પોતાના આત્માને વ્યાપક રૂપે જોવાની બુદ્ધિ જીવપણામાં શ્રેષ્ઠ ગણાય છે. તેથી પણ વિશેષ ઉચ્ચ પ્રભાવથી ભરપુર સુક્ષમમાં સુક્ષ્મ બુદ્ધિ **"સાક્ષી"** ભાનની એટલે પોતાને જીવ ન માનતાં શિવરૂપ–જગતના સાક્ષિત્વપણાથી જગતવડે મુક્ત (મોક્ષ) સ્વરૂપ જોવાની બુદ્ધિ ઈશ્વરપણા વડે શ્રેષ્ઠમાં

બ્રહ્મભૂય સ્વસ્વરૂપ શ્રેષ્ઠ ગણાય છે. એમ પ્રથમ **દેહ**–તેથી પરે **દેહી**–તેથી પરે **સ્થિતિનો નિશ્ચય.** **વ્યાપક**–તેથી પરે **સાક્ષી** આ ચાર પાદથી પરે સર્વથી શ્રેષ્ઠ

પરમ ઉત્કૃષ્ઠ પ્રભાવથી ભરપુર સુક્ષ્મતર બુદ્ધિરૂપ ગુહા–બુદ્ધિના વિલયરૂપ બુદ્ધિના **"પતિ"** ભાવની એટલે પોતાને જીવ અને ઇશ્વર (શિવ) ન માનતાં. વા તેમના જીવ જગત્–અને ઈશ્વરજગત્ પ્રવાહની શાન્તિમાં પોતાને સર્વના **"પતિ"** રૂપથી કેવળ ૐ બ્રહ્મસ્વરૂપ વડે સગુણ નિર્ગુણ અભેદ જોવાની **બ્રહ્મભૂય સ્થિતિ સ્વરૂપ** અત્યુત્તમ સુક્ષ્મતર બુદ્ધિ–પોતાના બ્રહ્મપણાની સિદ્ધિ વડે શ્રેષ્ટતર કહેવાય છે. એમ વૈદિક ઉપાસના યોગમાં વર્ણજાતીના માનવ ભાનવાળો ઉપાસનાના બળથી ઉત્તરોત્તર ચઢતાં ચઢતાં પોતાના સત્ય મુક્ત નિત્ય સ્વરૂપ બ્રહ્મને પામે છે. એવો અર્થ પંચાયતનમાં સમાયેલો છે પણ તે કોઇ ગુરૂ કૃપાના યોગીજનો જાણે છે. સાલોક મુક્તિથી પરે–સામીપ્ય મુક્તિ–અને તેથી પરે સારૂપ્યમુક્તિ–અને તેથી પરે–સાયુજ્ય મુક્તિ–કે જેને ખરેખર મોક્ષ કહે છે. આ મોક્ષ સ્થાન પણ મનની સ્થિતિરૂપ હોવાથી આ ચારે પ્રકારની મુક્તિથી પરે **સ્વસ્વરૂપ બ્રહ્મભૂય**–એટલે **બ્રહ્મ** સ્વરૂપતા છે. એથી પરે કંઈજ નથી. જે જીવ છે તેને માટે બંધન છે અને તેનો ઉપાય મોક્ષ સ્વરૂપ છે પણ જે મોક્ષસ્વરૂપ છે તેજ બ્રહ્મભૂયપણાનો અધિકારી છે.

આ પંચાયતનની ગોઠવણીમાં ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદ ભાવના સિદ્ધ થતાં–જીવ અને ઈશ્વરપણાની મિથ્યા બુદ્ધિ–મૂળ અવ્યક્ત પ્રકૃતિ નામ સાથે યાવત્ કલ્પનાનો વિલય થાય છે અને વિવેકી જીવાત્માઓ આમ

બુદ્ધિના પાદપાદ વાર ક્રમથી ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપના જ્ઞાનની વૃદ્ધિ જોતો અને માયાનો વિલય કરતો કરતો કેવળ બુદ્ધિના વિલયમાં બ્રહ્મસ્વરૂપતાને પામે છે. એમ પાદપાદ બ્રહ્મસ્વરૂપમાં ચઢતાં બુદ્ધિનો વિલય થાય છે. અંતે **प्रियाणांत्वा प्रियपतिं ॐ हवामहे** એવા પ્રિયપતિ સ્વરૂપમા બુદ્ધિ પોતાના બુદ્ધિપણાનો લય કરી બ્રહ્મસ્વરૂપમય થાય છે. આ પંચાયતનની વૈદિક વિધિની ગોઠવણી આ પ્રકારે છે. આ ઉપરથી હરકોઈ વિદ્વાન સમજી શકે છે કે આ **ઉપાસક** અમુક પાદનો અધિકારી છે. આમ ગોઠવણી કરી પંચાયતન પધરાવી પછી તેની સોડષોપચાર વેદ મંત્ર વિધિ પૂર્વક વૈદિક પૂજા કરવાનો શાસ્ત્ર નિશ્ચય છે. જે પાદની પૂજા પંચાયતન સ્વરૂપ કરે છે તે પાદક્રમમાં યથા શ્રદ્ધા અને યોગ્ય ભક્તિનો પ્રેમ પ્રસરતાં તે તેથી ઉપરના પાદના પંચાયતનમાં આપોઆપ પ્રેરાય છે. એમ કરતાં કરતાં અનુક્રમ પાદની ઉપાસનાથી તે **બ્રહ્મભૂય** સ્થિતિને પામે છે.

પંચાયતનમાંના ગમે તે સ્વરૂપને પોતાનો ઈષ્ટ માની ગોઠવવાની પૂજાપદ્ધતિ અને તેથી યુક્તિની સમજણ.

એક બહુ ઊંચ પ્રકારની શાસ્ત્રયુક્તિ ભક્તજનોના ઉત્તમ સંસ્કારથી સમજવા જેવી છે કે—ગમે તે પોતાના પંચાયતનમાંના માનેલા ઈષ્ટને મધ્યમાં મુકી અન્યચારને બાજુએ મૂકી પચાયતન કરી પૂજા કરે તો તે શાસ્ત્ર યુક્તિ પ્રમાણે યથાર્થ પૂજા થાય છે. અને તે પ્રમાણે કરવાનો વૈદિક સનાતન ધર્મનો **વિધિ** છે. છતાં અનુભવયુક્તિ જ્ઞાનરસના અનુભવી સજ્જનોને સમજવુ જોઈએ છે કે આ ગમે તે પોતાના ઈષ્ટને મધ્યમાં મુકી આગળ પાછળ ચાર મુકી પંચાયતન કર્યું તેમાં તે પોતાનો માનેલો ઈષ્ટ તે આગળ પાછળના ચાર દેવનો **पति** થાય છે અને આગળ પાછળના ચાર દેવો **गण** થાય છે એટલે આ પોતાનો માનેલો ઈષ્ટ **शक्ति** હોય તો પણ **ગણપતિજ** થાય છે અને **सूर्य** હોય તો પણ **ગણપતિજ** થાય છે અને **विष्णु** હોય તો પણ **ગણપતિજ** થાય છે અને **शिव** હોય તોપણ **ગણપતિજ** થાય છે તથા **गणपति** હોય તો પણ **ગણપતિજ** થાય છે.

એટલે સત્ય રીતે વૈદિક વિધિથી પંચાયતનમાંનો પોતાનો માનેલો કોઇ પણઈષ્ટ સ્વરૂપ તે શાસ્ત્ર યુક્તિ અને અનુભવથી તે **गणपति** જ થાય છે. આ ઉપરથી સાબીત થાય છે કે શક્તિબ્રહ્મ પણ ૐકાર સ્વરૂપ (ગણપતિ) છે. સૂર્ય બ્રહ્મ પણ ૐકાર સ્વરૂપ (ગણપતિ) છે. વિષ્ણુ બ્રહ્મ પણ ૐકારસ્વરૂપ (ગણપતિ) છે. તેમ શિવ બ્રહ્મ પણ ૐકાર સ્વરૂપ (ગણપતિ) છે. અને ગણપતિ બ્રહ્મ તો ૐકાર સ્વરૂપ જ ૐકારાકૃતિ રૂપે સ્વયં (ગણપતિ) જ છે. એટલે આ પાંચનું

ૐકારમાંનું પંચાયતન ભિન્ન ભિન્ન

રીતે ગોઠવતાં છતાં પણ અભેદ ૐકાર સ્વરૂપ જ છે.

પંચાયતન ૐકાર સ્વરૂપમાં અભેદ જ છે. એમ વૈદિક ઉપાસનાનો અનુક્રમ પંચાયતનમાં અભેદ સ્વરૂપતાથી સગુણ કહો તો સગુણ–અને નિર્ગુણ કહો તો નિર્ગુણ પણ સગુણ નિર્ગુણ અભેદ જ છે. આ વિધિનો યોગ સનાતન વૈદિક ધર્મિ બધુઓના કેવળ કલ્યાણ સ્વરૂપ છે. સર્વ બંધુઓનો ઈષ્ટ ૐકાર પરમાત્મા છે. તેથી તે સ્વરૂપ પંચાયતન–તદ્દરૂપ હોવાથી સર્વ બંધુઓનું ઇષ્ટ પચાયતન અભેદ છે. તેમાં મારા તારાનો સવાલજ રહેતો નથી. મારો તે તમારો અને તમારો તેજ મારો છે. એટલે મતામતને સ્થાન નથી. ત્યારે અમો **વૈષ્ણવ**, અમો **શૈવ**, અમો **ગાણપત્ય**, અમો **સૌર**, અમો **શાકત**. એમ કહેવાનુંજ કાંઈ રહેતું નથી. જેમ જેમ વૈદિક વિધિના જ્ઞાન, યુક્તિબળ અને અનુભવની ખામીઓ બુદ્ધિમાં પડતી ચાલી અને બુદ્ધિ સ્થૂલ દશાને પ્રાપ્ત થઈ તેમ તેમ આ મતામત વધ્યો છે. અને હાલમાં તો તે મતામત નિંદા, કલેશ: કુસપના શિખર ઉપરજ પહોચ્યો છે. અને તે સર્વ બંધુઓના જાણવામાં જ છે. એટલે કિં બહુના!!! આપણેજ સર્વ સનાતની ભાઇઓ એકજ ૐકાર બ્રહ્મ સ્વરૂપ અભેદ પંચાયતનના ઉપાસક છીએ. એમ માનવાને જરાપણ પ્રાયશ્ચિત નથી. પણ વાડાઓના બંધારણે કેટલું ઘોર દુર્બુદ્ધિ બળ ઉપજાવી પ્રભુ નિંદામા ગીરફતાર બનાવ્યા છે કે તેનો લખ્યાથી કે કહ્યાથી પાર આવે તેમ નથી. અસ્તુ!!!

આવી રીતે અભેદ સ્વરૂપ સમજીને વૈદિક રિત્યા અનુક્રમથી ઉત્તરોત્તર ઉપાસના કરનાર ભક્તજનોએ સગુણ નિર્ગુણ પચાયતન ૐકાર બ્રહ્મ સ્વરૂપની ઉપાસના બહુજ સંભાળથી કરવી. કેમકે આ ઉપાસના બ્રહ્મસ્વરૂપના પાદ પાદ વાર ઉત્તમ અનુભવના જ્ઞાનભક્તિ બળની અભેદતાને ઝળકાવનારી છે. દેહ–દેહી—ના મિથ્યા અજ્ઞાન રૂપ બધનોને તોડાવનારી—અસત્યમાં સત્ય બુદ્ધિના અધ્યારોપની ભ્રાન્તિનો સમુળો નાશ કરનારી–અષ્ટ સિદ્ધિ આદિ નાના પ્રકારના દ્રશ્ય ભોગોમાંથી મુક્ત રાખનારી–આ મોક્ષ સ્વરૂપથી પણ પરે–ૐકાર પરબ્રહ્મ પરમાત્માની પરમ પદ બ્રહ્મ ભૂય સ્થિતિ **અલૌકિક** છે. અને સદ્દગુરૂ કૃપારૂપ દર્શનમાં આવે છે. માટે અતિમ ઉપાસના પર્યન્ત બહુજ સાચવીને અભેદ ઉપાસના કરવી. પોતે જે ઇષ્ટને મધ્યમાં મુકી પંચાયતન કરી ૐકાર સ્વરૂપની ધારણાએ ઉપાસનાનો પ્રારંભ કરો. તેમાં ચાર અને ઈષ્ટનો ઉભય યોગ અભેદ રૂપેજ રહેવો જોઇએ. જો ઉંચા નીચી વા કમી જાસ્તી ભાવ ધાર્યો કે તુરતજ ઉપાસનાથી જે શ્રેષ્ઠ પાદની પ્રાપ્તિ થવાની છે તેમાં વિઘ્ન થાય છે. માટેજ આ વખતે દરેક ઉપાસકોએ જીવન્મુક્ત સંત યોગેશ્વર સદ્દગુરૂ પરમાત્માના સમાગમમાં રહી અભેદ જોતાં શિખવું અને તેજ અભેદ જ્ઞાનથી ઐક્ય રસમય રહેવું

ઘટિત છે–આવો અભેદ ઉપાસનાનો સ્વાનુભવ છે. ગુરૂકૃપાથી યોગ પ્રાપ્ત થાય છે. પ્રભુકૃપાથી શું થઈ શકતું નથી???

असत्પાદ, **सत्**પાદ–**सम**પાદ આ ત્રણે પાદ માયાના સોળ આના–બાર આના–અને આઠ આના રૂપથી માયા સ્વરૂપજ છે. એટલે માયાના સંપૂર્ણ બળ અર્થાત્ માયાધીન આ ત્રણ પાદો છે. અને જીવાત્મા સ્વરૂપના અનુભવ વાળા છે. પણ ચોથો **તૂર્ય**પાદ જેમાં માયાનો અંશ ચાર આના સમાન માત્ર હોઈ **બ્રહ્મ**ના બાર આના સ્વભાવ છે જેથી–આ સ્થાન માયાની આધિનતામાં નથી પણ માયાને પોતાના આધિનમાં રાખવાની શક્તિ ધરાવે છે. તેથીજ આ તૂર્યપાદ બ્રહ્મને **मायांतु प्रकृतिं विद्यान् मायिनं तु महेश्वरम्।** આ **માયા** તે પ્રકૃતિ (મહત્તત્ત્વ સ્વરૂપ છે) જાણવી. આ માયાની ઉપાધિ વાળો તે "**मायिन्**" એટલે તેજ મહેશ્વર છે. આ તૂર્ય બ્રહ્મ પુરૂષ તથા તૂર્યપાદની માયા આ સૃષ્ટિ રચવામાં આદિ કારણભૂત છે. કેમકે પંચમપાદમાં માયા અવ્યક્ત એટલે, ગુપ્તા સ્વરૂપે છે. અને બ્રહ્મ સગુણ છતાં નિર્ગુણ સ્વરૂપથી સહિત રહિત યોગ સ્વરૂપ છે. જેથી પંચમપાદ **અધિષ્ટાન**–

તૂર્યબ્રહ્મ માયાની ઉપાધિવાળું હોવાથી જગત્‌ની ઊત્પત્તિનું કારણ છે.

અને **અધ્યસ્ત** નામથી **બ્રહ્મ** અને વિકલ્પ કલ્પનારૂપ **માયા** છે. માટે જગતની ઉત્પત્તિનો સંભવ **તૂર્ય** પાદમાંજ ઘટે છે. અને અહિયાંજ **स इक्षत प्रजानुसृजा इति** આ શ્રુતિ પણ લાગુ પડે છે. માયા ગુપ્તા હોય ત્યાં સૃષ્ટિનું બીજ નથી. પણ જ્યાં માયા જોવાલાયક મહત્તત્વ રૂપ બને ત્યાં તે બ્રહ્મ પુરૂષ (તૂર્ય) તેને જુએ. અને જોતા જોતા પ્રજાને સૃજે–એટલે આ તૂર્ય બ્રહ્મ **દ્રષ્ટા**–અથવા માયાને જોવા વાળો **સાક્ષી** છે. અથવા શિવ પદ પણ કહેવાય છે. **સાક્ષી** તે સાક્ષ્ય વૃત્તિઓવાળા જગત્‌થી ભિન્ન છે. આ **સાક્ષી** આત્મા. બુદ્ધિ એટલે માયાની ચંચળતાથી નિર્મોહી છતાં મોહ વશ થાય ત્યારે સૃષ્ટિ રચે. જેમ જાળીયામાંથી ઘરની અંદર ગયેલો થોડો તડકો જો કે સ્થિર છે. તોપણ તડકામાં હાથ નચાવવાથી તે તડકો પડેલી જગ્યામાં જાણે નાચતો હોય એમ સ્પષ્ટ ભાસે છે. તેમજ પોતાના સ્થાનમાં રહેલો સાક્ષી–તૂર્ય આત્મા–શિવ બ્રહ્મ–બહાર ગમનાગમન ન કરતાં દ્રષ્ટા, સાક્ષી, રૂપ નિર્મળ રહે છે. માયા વિકારથી રહિત છુટો છે. છતા માયાની (બુદ્ધિની) ચંચળતાથી ગમનાગમન કરતો હોય એમ સ્પષ્ટ દેખાય છે. એટલાજ માટે, આ સાક્ષિ શિવબ્રહ્મપાદ જગત્‌ના ઊત્પત્તિ લય સબંધે ઉપાધિવાળો ગણાય છે. ૐકાર પરબ્રહ્મ પરમાત્માને વિષે માયાનો કલ્પિત ભાવ ગણાયાથી તેમાં સાક્ષીત્વ વાસ્તવિક નથી પણ તેજ પૂર્ણ બ્રહ્મ એક પાદ નીચે ઊતરી તૂર્ય બ્રહ્મરૂપ ગણાય. કે જગત્ રૂપ માયાના સાક્ષીત્વ રૂપે સિદ્ધ છે.

બુદ્ધિની ચંચળતાવાળા પ્રદેશનું ગમનાગમન ભાસતું હોય ત્યાં પર્યંત તે **સાક્ષીત્વ** કાયમ છે. ભલે સાક્ષી ભાનમાં જગતના મિથ્યાપણાનો અધ્યારોપ ભેદ જુદો પાડી પોતે તેના સાક્ષી ભાનથી જુદોજ રહેતો હોય છતાં દૃશ્યાદૃશ્યના દ્વૈતત્વથી ભરેલી પણ સાક્ષીત્વ દૃષ્ટિ પુણ્ય પાપાદિકથી અરે ! ! એવી ભાવનાવાળી-સુખ-દુ:ખાદિકની યોજનાના વિચાર યોગવાળી-કદાપિ પણ ભ્રાન્તિ કર્યા વિના રહેતી નથી કેમકે આ પાદ પણ બુદ્ધિની સમજણનું છે-માટે સાક્ષી પદ ઉપાધિવાળો વિષય છે.

એમ નિચેનાં **ત્રિપાદ** તથા **તૂર્યપાદ** એમ અનુક્રમે ચઢતાં જીવાત્મા ઓને ઉપાસના કરવા યોગ છે. અને અનુક્રમે એક એક પાદની ઉપાસનાના પુણ્યબળ પ્રતાપથી તે તેથી પરેની ઉપાસનાનો અધિકારી થતાં તે ઉત્તરોત્તર **તૂર્યપાદ** અને અંતે ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપ પંચમપાદ પૂર્ણબ્રહ્મ સગુણ નિર્ગુણ સમાન તૂર્યાતીત પરબ્રહ્મ પરમાત્મા યોગમય **ગણેશ**ની ઉપાસના કરી **મુક્તિ**ના સ્વરૂપથી પરે **ब्रह्मविद् ब्रह्मैव भवति** આ વેદની આજ્ઞા પ્રમાણે સ્વસ્વરૂપાવસ્થાને પામે છે. કેમકે, આ સ્થાનમાં માયાની શૂન્યતા હોવાને લીધે-એટલે અવ્યક્ત (ગુપ્તા) અધ્યસ્તરૂપે હોવાથી માયા પોતાના અધિષ્ઠાન **पति** સ્વરૂપની સંજ્ઞામાં વિલય (ગુપ્ત)પણાને પામે છે. માટેજ **ગણેશ** નામને **बुद्धिपति** એવી સંજ્ઞા આપેલી છે. અર્થાત્ માયા કલ્પિત અને **લય**રૂપ ગણાતાં આ સ્થાન નિરૂપાધ છે. **જે સ્થાન નિરૂપાધિ સ્વરૂપ છે-તેજ જીવાત્માને, નિરૂપાધિ સ્વરૂપ બનાવે છે.** એટલાજ માટે આ ૐકારાકૃતિ સ્વરૂપ પરમાત્મા ઉપાસના કરવા યોગ્ય ચાર પાદરૂપ-જીવ ઇશ્વર ઉપાસકોનું ઉપાસ્ય બ્રહ્મ છે. હવે આગળ ઉપાસના નથી.

— —

वल्ली २९ मी.

यस्मात्परं नापरमस्ति किंचिद्यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित् ॥
वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ।

श्वे० ३० ।

જે પરમાત્મા પરબ્રહ્મથી અન્ય કાંઇ પણ ઉત્કૃષ્ટ નથી. તથા જે પરમાત્માથી અન્ય કાંઇ પણ અણુતર પણ નથી-તેમ તે પરમાત્માથી કોઇ મહત્તર પણ નથી. જે પરમાત્મા પરબ્રહ્મ સ્વમહિમાને વિષે અખંડ અને અભેદ એકપણાથીજ વૃક્ષની પેઠે નિશ્ચલ સ્થિત રહે છે. તે પરમાત્માના પૂર્ણ સ્વરૂપ પરમપુરૂષ સ્વરૂપ વડે આ સર્વ વ્યાપ્તજ છે.

तदिदं तादृशमीदृशमेतावत्तावा·ति च यन्न भवेत् ।
ब्रह्मतदित्यवधेयं, नो चेद्विषयो भवेत् परोक्षं च ॥

स्वात्मनि० १८

તે આ, તેવું, આવું, આટલું, અને તેટલું એમ જે નથી. તેજ બ્રહ્મ છે. એમ જાણવું– એથી બીજા પ્રકારે જાણે તો તે વિષય પરોક્ષ થાય.

મોહરૂપ સિદ્ધિ બુદ્ધિનો લય–નિર્મોહી અધિષ્ઠાન–બ્રહ્મ ૐકાર સ્વરૂપ પરમાત્મામાં છે.

વળી **प्रकृति र्द्विविधा च सा** આ શાસ્ત્ર પ્રમાણે પ્રકૃતિ ઊભય પ્રકારથી છે. અનેક પદાર્થોની વાસનાનો મોહ ધારણ કરનારી તે **બુદ્ધિ** છે. અને અનેક પદાર્થોના મોહની ઊત્પત્તિનું દર્શન કરાવનારી તે **સિદ્ધિ** છે. છતાં આ ઊભય પ્રકારના યોગથી [illegible]!યાજ છે. આ બન્નેની ઐક્યતારૂપ મોહના પૂર્ણ સ્વરૂપનો જેમાં લય થાય—તેજ પદ કેવલ મોહથી રહિત છે. એમ શાસ્ત્ર પણ સમજાવે છે. જુઓ—

विश्वात्मिका ब्रह्ममयी हि बुद्धि स्तस्या विमोहा प्रदकाच सिद्धिः ।
ताभ्यां सदा खेलति योगनाथ स्तंसिद्धिबुद्धीशमथो नमामि ॥

વિશ્વ સ્વરૂપ એટલે અનંત સ્વરૂપ બનેલી આ બ્રહ્મમયી–**બુદ્ધિ**–અને અનંત સ્વરૂપ કાર્યમાં મોહને ઊત્પન્ન કર્ત્તા–મોહદાતા આ–**સિદ્ધિ**–આ બેના યોગમાં એટલે ઐક્યતામાં જે ખેલે છે. તેજ **યોગનાથ**–સિદ્ધિ બુદ્ધિનો **ઈશ**–અથવા **પતિ** –ગણેશ અથવા ગણપતિ છે. જે પોતે ખેલક અથવા ચાલક છે–તેની આજ્ઞામાં આ ઊભય યોગરૂપ સિદ્ધિ બુદ્ધિનો અભેદ છે. માટે તે તેમનો નાથ એટલે **પતિ** અથવા ઈશ છે. એમ માયાનો અભેદ યોગ–અથવા તેનો વિલય જે પરમાત્મામાં છે. તે પરમાત્મા ૐકાર સ્વરૂપ છે–કે જેમાં માયા અને માયાના **જીવ** અને **ઈશ્વર** એવા કલ્પિત ભેદો વા પાદો પણ માયા સાથે લય જાય છે–માટેજ જીવ અને ઈશ્વર **गण**ના પતિ સ્વરૂપથી તે ૐકારનું નામ તથા ૐકારનું સ્વરૂપ **गणपति** સ્વરૂપ છે. એમ **અર્થાત્મક** તથા **સત્તાત્મક** સ્વરૂપથી પરમાત્મા પરબ્રહ્મ સિદ્ધ ઉપાસ્ય છે.

ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના અભેદ સ્વરૂપમાં સગુણ નિર્ગુણ પ્રકાર કેવા અર્થથી સમજવાના છે. તેને માટે શ્રીમુદ્‌ગલાચાર્યે મહારાજ કથે છે કેઃ–

ૐકાર પરબ્રહ્મ પરમાત્મામાંના સ-

मोह धारक बुद्धिः पदार्थं बुद्धिर्जानाति–ततः परं त·मोहोत्पत्ति दर्शनं मोह प्रदायिनि सिद्धिः सिद्धेर्बुद्धयुद्योग साध्यत्वात् तयोर्ज्ञानात्मिका बुद्धिस्तामाश्रित्य य आत्मा ह वस्थितो बुद्धि प्रकाशकः । स एव तत्र हर्ष शोकात्मिका सिद्धिः

ગુણ નિર્ગુણ પ્રકારનું સ્વરૂપ.

स्वांचिंतित कार्यसिद्धिमोदहर्षोत्पत्ति स्तदन्यथा चेत् दुःखोत्पत्तिः तयोः सिद्धयधीनत्वात् तत् प्रकाशकः स्वयं गणेशानो—ब्रह्मगणानां–तत्वगणानां—देवादिगणानांईशो भवदिति । स एव सगुणः । तथा च—

निजरूप धृक् आत्मैव न तत्र भेदाभेदात्मकं किंचिदित्यर्थः स एव गणेशः तत्र सिद्धि बुद्धि विलासे ना गतः । सदात्मत्वात् । पुनर्विहार समाप्तो न गतः । सदा स्वमाहिम्नि स्थितत्वात् । तदपि तादृशो माया विहारात्मको भासते बिंब बिंबि प्रभावत्वात् । जनानां माया पटलावरण युक्तत्वात् । जलस्य सूर्य बिंबवत् भासमानत्वात् तत् वृथामिथ्याभानमित्यर्थः "<u>ध्यायति लेलायती वेति</u> श्रुतेः" । स एव निर्गुणः ।

(અર્થ) પદાર્થ માત્રને જાણવા વાળી–પદાર્થના મોહને ધારણ કરવા વાળી–તે **બુદ્ધિ** છે તેનાથી પર–મોહની ઉત્પત્તિનું દર્શન આપવા વાળી તે **સિદ્ધિ** છે. આ સિદ્ધિ બુદ્ધિના અભેદ યોગના સાધ્યપણાથી **જ્ઞાનાત્મિકા** જે બુદ્ધિ તેનો આશ્રય કરતો છતો જે આત્મા (પરમાત્મા) હૃદયને વિષે વાસ કરી રહ્યો છે. તેજ બુદ્ધિનો પ્રકાશક છે. વળી તેજ આત્મા (પરમાત્મા) ત્યાં પદાર્થ બુદ્ધિને વિષે હર્ષ શોકને ધારણ કરવા વાળી સિદ્ધિનો પણ આશ્રય કરીને ત્યાંજ એટલે તેજ હૃદય સ્થાનમાં વાસ કરી રહ્યો છે. પોતાના ઇચ્છેલા કાર્યની પ્રાપ્તિ અને તે વડે સુખ સમજાવનાર સિદ્ધિ તેજ હર્ષને ઉત્પન્ન કરનાર છે. અને તેથી અન્યથા વિપરીત–કાર્યની અપ્રાપ્તિ રૂપ દુઃખની ઊત્પત્તિ કરનાર સિદ્ધિ તે શોક રૂપ છે. તેનો પણ જે પ્રકાશક તે સ્વયં **गणेश** છે. તે ગણેશજ **બ્રહ્મ ગણનો** એટલે અન્ન બ્રહ્મ–પ્રાણ બ્રહ્મ, મન બ્રહ્મ, વિજ્ઞાન બ્રહ્મ, આનંદ બ્રહ્મ તથા બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઇંદ્ર, વરૂણ, વાયુ, અગ્નિ, સૂર્ય, ચન્દ્રમા આદિ એકંદર બ્રહ્મગણનો ઈશ્વર અને જીવાદિગણ સહિતનો ઇશ્વર **गणेश** છે. તેમજ તત્વગુણનો તેમ દેવાદિગણનો એમ સંપૂર્ણ ગણ માત્રનો તે ઈશ્વર છે. તેજ આ **સગુણ બ્રહ્મ**–(ૐકારકૃતિ સ્વરૂપ ૐકારજ) સર્વે જીવોનું ઉપાસ્ય છે.

ઉપર વર્ણવેલો જ (ૐકાર સ્વરૂપાત્મક ૐકારાકૃતિસ્વરૂપ) સગુણ બ્રહ્મજ–સ્વસ્વરૂપ ધારણ કરનારો આત્મા જ–ભેદ કે અભેદ રૂપે પણ કિંચિત નહિં. તે તો કેવળ સ્વયં છે તેજ લક્ષણો વડે (નિર્ગુણ સ્વરૂપે પણ) **ગણેશ** જ છે. તે તો સિદ્ધિ બુદ્ધિના વિલાસમાં કદાપિ પણ આવતો નથી. (કેમકે ત્યાં સિદ્ધિ બુદ્ધિ રૂપ માયા ભાવ વિલય હોય છે) કેમકે પોતેજ સ્વયં પરમાત્મા જ સ્વરૂપ છે. પુનઃ બીજી રીતે તે ઉભય (સિદ્ધિ બુદ્ધિ) ના વિહાર સમાપ્તિને માટે પણ જતો નથી કારણ કે તે સદા પોતાના સ્વમહિમા (સ્વાનંદ) ને વિષે સ્થિત છે. તેજ (નિર્ગુણ) તાદૃશ માયાનો

વિહાર કરનારો (સગુણ બ્રહ્મસ્વરૂપે) બિમ્બ બિમ્બિ પ્રભાવપણાથી ભાસે છે. કેમકે જોનાર માણસોને માયા પટલનું આવરણ છે. જેમ જળમાં સૂર્ય બિમ્બ ભાસે છે. પણ જળમાં સૂર્ય નથી. તેમ ઊભય માયા યોગમાં તે પરમાત્મા (સગુણ સ્વરૂપે) ભાસે છે પણ તેમ નથી. આ ભાન મિથ્યા વૃથા છે. એમ નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે. તે આત્મા ધ્યાન કરતો હોય અથવા લીલા કરતો હોય તેવો જણાય છે. પણ વસ્તુતઃ (સગુણ) નિર્ગુણ સ્વરૂપે અક્રિય જ છે.

આવી રીતે ૐકાર સ્વરૂપ–ૐકારા કૃતિ સ્વરૂપ સ્વયં ૐકાર જ પર બ્રહ્મ પરમાત્મા–સગુણ નિર્ગુણ અભેદાત્મક સ્વયં પોતે ઉપાસ્ય બ્રહ્મ છે. અને તેનું અર્થ સત્તા વાચક નામ **ગણેશ**–કે **ગણપતિ** છે. આ ઉપાસ્ય બ્રહ્મની ઉપાસનાથી જ **બ્રહ્મભૂત** સ્વસ્વરૂપાવસ્થાને પમાય છે કે તે પછી જન્મ મરણાદિક ભ્રાન્તિ યોગ નથી. માટેજ આ પદને તૂર્યાતીત અક્ષરાતીત, વિગેરે કહેવાય છે. તેજ પરમપદ છે.

એમ **અસત્** પાદ બ્રહ્મ–**સત્** પાદ બ્રહ્મ–**સમ** પાદ બ્રહ્મ– **તૂર્ય** પાદ બ્રહ્મ અને **તૂર્યાતીત** પંચમપાદ પૂર્ણ બ્રહ્મ એ પોતેનો પોતે જ છે. અને તે ૐકાર જ ૐકાર સ્વરૂપ જ ૐકારાકૃતિસ્વરૂપ જ જેમ કહો તેમ સ્વતઃ સિદ્ધ જ છે. અને તેનાં ઉપાસના કરવા યોગ્ય નામ શક્તિ સ્વરૂપ પણ પોતેજ–સૂર્ય સ્વરૂપ પણ પોતેજ–વિષ્ણુ સ્વરૂપ પણ પોતેજ–શિવ સ્વરૂપ પણ પોતેજ–તે પંચમ-પાદ પૂર્ણ બ્રહ્મ ૐકાર સ્વરૂપ ગણેશ જ–પોતેનો પોતેજ સ્વતઃ સિદ્ધ છે. પોતે જે સગુણ નિર્ગુણ અભેદ યોગમય ૐકાર નામાત્મક અને ૐકાર સ્વરૂપાત્મક હતો તેજ પોતે પોતાના તૂર્યાતીત સ્વરૂપથી માયા પટલ આવરણ રૂપે નીચેના તૂર્ય સ્વરૂપે ભાસે છે. તેની નીચે વિશેષ આવરણ રૂપે સમ સ્વરૂપે વ્યાપક ભાવથી વિષ્ણુ નામથી પણ તેજ ભાસે છે. વળી તેથી નિચે પ્રકાશક અથવા દેહી સ્વરૂપે સૂર્ય નામથી પણ પોતે જ ભાસે છે. અને કેવળ માયા સ્વરૂપથી એટલે દેહ સ્વ-રૂપથી શક્તિ નામથીપણ તેજ ભાસે છે. એમ નિર્મોહિ સ્વરૂપ (શિવ) વ્યાપક (વિષ્ણુ) દેહી પ્રકાશક સ્વરૂપ (સૂર્ય) અને દેહ પ્રકાશ સ્વરૂપ (શક્તિ) પોતે જણાતો છતાં પણ તેનો તેજ અભેદ એક સર્વ ક્રિયારૂપથી રહિત કેવળ પરમાત્મા પૂર્ણ બ્રહ્મ પંચમપાદ સ્વરૂપ **ગણપતિ** અર્થ સત્તાત્મક ૐકાર જ છે. માત્ર અધિકારી જીવાત્માઓને ઠેઠ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ ૐકારની પ્રાપ્તિને માટે અનુક્રમે ચઢી આવવા તે તે અર્થ સત્તાત્મક સ્વરૂપથી અનુક્રમે ઊપાસના બળ ઉત્પન્ન થતાં ઉત્તરોત્તર ગતિને પ્રાપ્ત થઇ અંતે અંતિમ ઉપાસનાથી પોતે બ્રહ્મ સ્વ-રૂપતાને પામે છે. આ વાત મહાન્ ભક્તિમાન યોગીજનો જ સમજી શકે છે. સર્વ સ્થાન રૂપ પોતે જ છતાં આ સર્વ સ્થાન માયા પટલ આવરણવાળાં

હોવાથી ઉત્તરોત્તર ચઢતાં માયા પ્રભાવ કમી થતાં થતાં અંતે કેવળજ સ્વ સ્વરૂપ સિદ્ધ રહે છે.

જીવન્મુકતતાનો અનુભવ—પંચાયતનની અભેદ સ્વરૂપે ઉપાસના કરતાં અધિષ્ઠાન અને અધ્યસ્તની સમજણ.

એમ ૐકાર નામાત્મક–ૐકારાકૃતિસ્વરૂપ સગુણ નિર્ગુણ સમાન અભેદાત્મક પરબ્રહ્મ પરમાત્મા આ મિથ્યા–અધ્યસ્ત બ્રાન્તિ સ્વરૂપ જગતના આદિ–હોવાથી જગતના જીવાત્માઓનું ઉપાસ્ય કહેવાય છે. અને આમ સમજીને ઉપાસના કરવાથીજ તે જીવાત્મા–પોતાના મિથ્યા જીવ ભાવની બુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આદિસ્વરૂપ ૐકાર સ્વરૂપને ઓળખી બ્રહ્મ તદાકાર જીવન્મુક્તતા ભોગવે છે. અને મિથ્યા દૃષ્ટિ રૂપ શરીર ભાન કે જગત્ ભાન ભુલે છે. એવો તે જગતના અધિષ્ઠાન સ્વરૂપ–આદિ ભૂમા–આદિ પતિ સ્વરૂપ–આદિ પૂજન કરવા યોગ્ય–આદિ પૂજનાધિકાર સ્વરૂપ–આદિ વંદન કરવા યોગ્ય–આદિ સ્મર્ણ કરવા યોગ્ય આ ૐકાર સ્વરૂપી પરમાત્મા ગણેશ નામથી અને તેનેજ પાદ ક્રમથી શિવ નામથી વિષ્ણુ નામથી, સૂર્ય નામથી, શક્તિ નામથી–વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ એકે અવાજે ગાય છે.

वल्ली ३० मी.

अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितं मन्यमानाः ।
जङ्घन्यमानाः परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथाऽन्धाः ।

મુ૦ ઉ૦ ૧–૮.

સત્યરીતે વૈદિક ઉપાસના અને જ્ઞાનના ગુપ્તમર્મને ન જાણતાં છતાં અવિવેક યુક્ત પોતાને બુદ્ધિમાન અને જાણવાયોગ્ય પંડિત માને છે. તેવા અજ્ઞાતા અવિવેકી જનો અનેક અનર્થ અને અહંમમત્વાદિ દુઃખોના સમૂહોથી રોગ, ભય, ક્લેશાદિ દ્વૈત વિડંબના વેદતા અત્યંત પીડાને આધિન રહેતા વિશ્વમાં જીવદશાથી વારંવાર જન્મે અને મરે છે. જેમ આંધળા પુરૂષોએ બતાવેલો માર્ગ જોનારો અંધ પુરૂષ માર્ગને જાણી શકતો નથી. અને ખાડા, કોતર, કાંટા આદિમાં કુટાય છે. તેમ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણના જ્ઞાનથી રહિત અંધપોપ પંડિતોએ બતાવેલા કુતર્ક માર્ગે ચઢનારાને સત્ય માર્ગ હાથ લાગતો નથી. અને જીવદશાના અજ્ઞાન અંધારામાં ભટકતાં ભટકતાં નિંદારૂપ નરકના ખાડામાં પડે છે.

આ પંચાયતન સ્વરૂપ ૐકારનું આદિ અંત સ્વરૂપ–બ્રહ્મથી જગત્ પર્યંત તદાકાર તદાત્મક આદિ અધિષ્ઠાન દૃષ્ટિથી અંતની અધ્યસ્ત દૃષ્ટિ પર્યંતનું અભેદ બ્રહ્મ સ્વરૂપ જ છે. અધ્યસ્ત તે સત્ય રૂપ અધિષ્ઠાન બ્રહ્મથી ભિન્ન નથી એટલે

આત્મા રૂપ અધિષ્ઠાનમાં આ શરીર અધ્યસ્ત રૂપથી છે. માટે શરીરના લયથી આત્માનું જ્ઞાન સિદ્ધ નથી, પણ અધ્યસ્ત શરીરની અજ્ઞાન દૃષ્ટિના વિલયથી પોતાના આત્મા પરમાત્માનું જ્ઞાન સિદ્ધ છે. કેમકે અધિષ્ઠાન જ અજ્ઞાન મતિની દૃષ્ટિથી અધ્યસ્ત દેહ સ્વરૂપે ભાસે છે. જેમ છીપોલી જ રૂપાના આભાસ સમાન છે. તેમ બ્રહ્મ જ જગત્ રૂપે વા દેહરૂપે ભાસે છે. અને તે અજ્ઞાનતાથી જ ભાસે છે. માટે અજ્ઞાનનો વિલય થતાં જેમ છીપોલીનું જ્ઞાન થાય તેમ પોતાના બ્રહ્મનું જ્ઞાન થાય છે. એટલે જીવ દશાની કલ્પિત અવસ્થાથી પોતે પોતાને મુક્ત જાણે છે. આ મર્યાદા યોગ, આ ભારત વર્ષમાં જ્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ; કર્મ, ઉપાસના સંસ્કાર છે ત્યાં પર્યંત વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ અને ઇતિહાસથી પ્રતિપાદન થતી વેદોક્ત અને પુરાણોક્ત વિધિની સાથે પણ ગમે તેવી રીતે-સાપના લીટા સમાન પણ કાયમ જ રહેવાનો છે. આમ કહેવાનુ કારણ સાંપ્રત સમયમાં આ આર્ય ગ્રંથોનું મનન અને અભ્યાસ ઘણોજ કમ થવા લાગ્યો છે. અને તેને સમજાવનાર તથા સમજનાર યોગ્ય જાતી વર્ણ સંસ્કારની શુદ્ધ પ્રજા દિવસે દિવસે કમી થતી ચાલી છે. જેથી આવા અભેદ ગુપ્ત જ્ઞાનના ગુઢાર્થ વાળા મર્મોને સમજવા વાળી શ્રદ્ધાળુ ભક્તિમાન બુદ્ધિના વિચારોથી યુક્ત પ્રજા નથી તેમજ દિવસે દિવસે સ્વધર્મ મર્યાદાનો અને કર્મ ઉપાસનાનો ભ્રંશ થાય એવાં ભયકર વાક્ શસ્ત્રોનો બોધ પ્રહાર પડતો અને વધતો જ ચાલ્યો જાય છે તેને અટકાવ કરવાને અટકાવ કરનારા શૂરા ધીર પુરૂષો શાસ્ત્રાધાર ગણાતા હોય તે દેહાધ્યાસની ભરેલી દ્રષ્ટિથી દેહાધ્યાસી જનોના સહવાસમાં ગુલતાન રહેવા લાગ્યા છે. જેથી અધમતા વૃદ્ધિ રૂપ જતી ચાલી જાય છે. અધ્યસ્ત વૃત્તિનું બળ વિશેષત્વે આગળ આવી પડવાથી અધિષ્ઠાન બળ નહિસા સરખુંજ દેખાય છે. અને તેથી જ્ઞાનની અપેક્ષા અંધ પ્રવાહ રૂપ ગણાવા લાગી છે. શરીર પ્રત્યક્ષ દૃશ્યભાવની દૃષ્ટિના કારણથી સ્હેજ ધ્યાનમાં આવે અને આત્મા અપરોક્ષ હોવાથી ધ્યાનમાં આવતાં વાર લાગ જેથી માણસો દેહાધ્યાસ વૃત્તિના બોધ વહનમાં તણાય તેમાં નવાઈ નથી. પણ આત્માના બોધકોને જોઈતી સાહ્યતા ન મળે. આ એક મોટી ખોટ ભારતવર્ષની ચાતુર્વર્ણ્ય પ્રજા ઉપર આવી પડી છે. હવે બોધકો-બળ વિનાની

ભારતવર્ષની અધમ સ્થિતિ આવવાનાં સત્ય કારણો અને સ્થિતિનું સ્વરૂપ.

દેહાધ્યાસી, દેહભોગમાં રાચતી-દ્વૈત પ્રવાહમાં તણાતી-દેહ દૃષ્ટિની સુખ વૃત્તિવાળી-પ્રજાને **અધિષ્ઠાન**નો બોધ કરે તે શી રીતે કામ આવે ?? કેમકે દેહ વિષયોમાં રાતામાતા બનાવનારા હિત શત્રુ મિત્ર બોધકોની સંખ્યા વધારે પ્રબળ અને તે વિચારના સુખને માટે તણાયેલા પણ વધારે હોવાથી જ્ઞાનબોધકો **લુખા** જેવા લાગે છે. વૈદિક સનાતન ધર્મની વર્ણાશ્રમવાળી પ્રજા સ્વતંત્રતાનો

દુરૂપયોગ કરવા લાગી છે. તેનું પરિણામ એટલે ફળ-દુર્દૈવસ્વરૂપેજ આવે એ સ્વભાવિક છે. પુરૂષ વા સ્ત્રીઓને માટે સ્વધર્મ શિક્ષણ ન રહેવાથી વા ગુરૂ ભક્તિમાં છિદ્રાન્વેષી સ્વભાવવડે પ્રીતિ ન બંધાવાથી ઉન્નતિની દિશામાં અવનતિ પ્રવેશ કરવા પામી છે. અને તેથીજ અંતર્ અધિકારની ખામી પડી માત્ર બાહ્યડોળના ભપકા ભરેલા મોંઢામાં થપ્પડ મારી લાલાશ બતાવનારા ભાઇઓ વિષયરૂપ વિષ પાથરેલી સડક ઉપર આળોટતા-મોહ માનથી-મોહ માનના ભરેલા દેહાધ્યાસ બુદ્ધિના યશગાતા-અહં મમત પીંજરથી પીડિત દશામાં "જય! જય!!" ને બદલે "ત્રાસ!! ત્રાસ!!!" ઉચ્ચારતા છતાં વિજય માનતા. આ મૃગ જળની સમુદ્રસમાન વાસનાના વારીમાં અરે!!! ડુબ્યા તે ડુબ્યાજ!!! હવે આ ગુપ્ત જ્ઞાનયોગ કદાપિ પણ શ્રવણમાં લેવો નથી અને જાણી શકનાર પણ નથી. મકાનના કાચા પાયાઓ મજબૂત ભાર ઝીલી શકનાર નથી. અર્થાત્ પડી ભાગવાની તૈયારીજ સૂચવે છે. છતાં પ્રભુ કૃપાના શુભેચ્છકો-નાશીપાસ બુદ્ધિથી પાછા હઠયા નથી વા હઠશે પણ નહિં. અંતે તો **यतो धर्मस्ततो जयः । सत्यमेव जयते नानृतम्** । ઇત્યાદિ શ્રુતિઓનો ઘોષ આકાશ માગે અદૃશ્ય ગમન કરતા આપણા દેવતાઓ ગાઈ રહ્યા છે. તે મધ્યરાત્રીએ કોલાહલની શાન્તિ વખતે જે નિદ્રામાંથી જાગતા છે તે તો સાંભળશે. અને વારો આવતાં યોગ્ય સ્વરૂપથી જાગૃત રહી સર્વ પ્રકાશમાન, સર્વ શક્તિમાન, સર્વ વ્યાપક-એક અને અદ્વૈત એવા પરમપદ સ્વરૂપ પરમાત્મા ૐકાર સ્વરૂપી સ્વયં જ્યોતિ પ્રભુનાં દર્શન કરી કૃતાર્થ થશે. તથાસ્તુ!!!

મૂર્તિ અમૂર્તિ અથવા સગુણ નિર્ગુણ ભેદ નથી-ૐ બ્રહ્મમાં અભેદ છે.

સુવિચારવાન સાક્ષર બંધુઓએ વિચારવા સરખું છે કે-પુષ્પ-અને સુગંધીમાં ભેદ નથી. દુધ અને ઘીમાં ભેદ નથી. સુવર્ણ અને અલકારમાં ભેદ નથી. સાકરનો ગાંગડો અને ગળપણમાં ભેદ નથી. સૂર્ય અને પ્રકાશમાં ભેદ નથી. જળ અને મીઠાશમાં ભેદ નથી. ચંદ્ર અને શિતળતામાં ભેદ નથી. તેમ પરમાત્માના મૂર્ત-અને અમૂર્ત-અથવા સગુણ અને નિર્ગુણમાં કે સાકાર અને નિરાકારમાં કે બ્રહ્મ અને જગતમાં ભેદ નથી. પુષ્પ વિના સુગંધી નથી અને સુગંધી વિના પુષ્પ નથી. દુધ વિનાનું ઘી નથી અને ઘી વિનાનું દુધ નથી. એમ ઓતપ્રોત સબંધથી અભેદ ભાવરૂપ પરમાત્માજ છે. જેમ વૃક્ષથી ભિન્નરૂપે રસનું ગ્રહણ કરી શકાય નહીં. તેમજ મૂર્તને મિથ્યા માની ખંડન કરી તેનો તિરસ્કાર કરી અમૂર્તનું ગ્રહણ કરી શકાતું નથી. આ ઉભય સમજણ **એકજ પદાર્થની** છે. એમ જાણો વેદોમાં ભેદ નથી. શાસ્ત્રોમાં ભેદ નથી. સ્મૃતિઓમાં ભેદ નથી. પુરાણોમાં ભેદ નથી. ઇતિહાસોમાં ભેદ

નથી. સગુણ–નિર્ગુણનો ભેદ તો ભેદ બુદ્ધિના જનોની મનની કલ્પનામાંજ રહેલો છે. જેને સગુણ કહેવામાં આવે છે તેનેજ નિર્ગુણ કહેવામાં આવે છે. આવી ગુપ્ત અને સત્ય અભેદ મર્યાદા શ્રીસદ્‌ગુરૂ જીવન્મુક્ત સંત પુરૂષોથી ન સમજીને પંડિતાઈ ભરેલા અભિમાનથી વક્તા બનેલા આત્મબંધુઓ–વર્ણાશ્રમ વ્યવસ્થાની વૈદિક સનાતન ધર્મની પ્રજાગણમાં—વેદોમાં મૂર્તિપૂજા નથી. વા મૂર્તિપૂજા કલ્પિત છે એમ સમજાવવા ખોટો પ્રયત્ન કરે છે. તેથી તેમણે જાણવુંજ જોઇએ કે–આ અધમ બોધથી સ્વદેશની–સ્વધર્મની ઉન્નતિ કરતા નથી પણ તેઓને ઊલટું સમજાવી અધમતા ઉપર લાવનાર છે ઉલટો ફ્રેબ દઈને પરમાત્માની ભક્તિમાં ભંગાણ પાડનારી આ તમારી બુદ્ધિ હિતશત્રુરૂપ છે. વેદ શાસ્ત્રાદિકના અભ્યાસથી અજ્ઞાત રહેનારી આ પ્રજા પોતાના અજ્ઞાત સ્વભાવથી તમારા આ ભેદ ભરેલા હિતશત્રુ સ્વભાવને સમજી શકતી નથી. કેમકે મીઠાં મીઠાં વચનોથી પણ વિષ પાવામાં આવતું હોય તોપણ આ સત્ય બોધની શ્રદ્ધાને અંધત્વથી પકડી રહેલી પ્રજા પોતાના અહિતને અને અહિત કર્ત્તાને ઓળખી શકતી નથી. અને દેહાધ્યાસી બંધુઓ સત્ય શું છે તે સમજી શકતા નથી. તેથીજ તમારી મોહ જાળમાં ફ્સાય છે. ૐકાર પરમાત્માના બે પ્રકાર એટલે બે અંગ છે. હવે એક અંગને માનવું અને એકને ન માનવું એમ શી રીતે હોઈ શકે છે ? ? આંખને માનવી અને નાકને કાપવું. એ જેની આંખને માનો છો તેને દુઃખકર્ત્તા નથી કે ? ? જે પરમાત્માને નિર્ગુણ માત્ર કહી તેને પ્રસન્ન કરવા માગો છો. તેનેજ સગુણ નામથી નિંદો છો. તેથી તેજ પરમાત્મા પ્રસન્ન થશે કે ? ? બંધુઓ !!! આવા અવિવેકી અને દેશદ્રોહી ધર્મદ્રોહીના મિઠા મીઠા શબ્દની મોહ જાળમાં શાને ફ્સાઓ છો ? ? ? આ સત્ય સમજાવવાનો પ્રયત્ન છતાં તેને અસત્ય માનો છો. અને અસત્ય સમજાવનારને આશ્રય આપો છો. એ અધમ સ્થિતિએ જવાનુંજ પરિણામ છે. માટે બંધુઓ ! ! મીઠી મોહ જાળમાં ન ફ્સાઓ અને આ કટુ પણ અમૃતમય સેવનરૂપ પવિત્ર વિચાર બુદ્ધિને ગ્રહણ કરો.

તૂર્યાતીત પંચમપદ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકારથી પ્રારંભ કરતાં–તૂર્યાતીત તે ગણપતિ–તૂર્ય તે શિવ–વ્યાપક તે વિષ્ણુ–પ્રકાશક અથવા દેહી તે સૂર્ય–અને દેહ તે શક્તિ–એમ બ્રહ્મ પર્યંત વિચાર કરતાં સમજાય છે કે જેમ છીપોલીજ રૂપારૂપે ભાસે છે–સૂવર્ણજ અલંકાર સ્વરૂપે ભાસે છે. દોરીજ સર્પ સ્વરૂપે છે. સ્થાણું (ઠુંઠું) તેજ ચોર કે વાઘ રૂપે ભાસે છે. મૃત્તિકા તેજ ઘડા રૂપે ભાસે છે. રસ તેજ વૃક્ષ સ્વરૂપે ભાસે છે. તેમ આ તૂર્યાતીત સ્વરૂપ પરમાત્માજ દેહ સ્વરૂપે ભાસે છે. એમ પોતેનો પોતેજ સિદ્ધ છે. છતાં અજ્ઞાન

દૃષ્ટિના દેહવિલાસી–જડ બુદ્ધિના અવિચારી–પરમાત્મામાં **ચૈતન્ય** અને જડ એવા એ વિભાગથી દ્વૈત કલ્પના કરે છે. પણ વાસ્તવિક રીતે દ્વૈત નથી. તે અદ્વૈતજ છે. દૃશ્યભાવને જડ કહેતા હશે એમ જણાય છે. શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય કહે છે કે—

यथा वृक्ष विपर्यासो जला- भवति कस्यचित् ।
तद्वदात्मानि देहत्वं पश्यत्यज्ञान योगतः ।

જેમ કોઈ માણસ તલાવના સ્થિર જળમાં વૃક્ષને ઊંધુ જુએ છે. તેમ અજ્ઞાની જન અજ્ઞાન બુદ્ધિવડે આત્મામાં શરીરપણું જુએ છે. પણ—

रज्जुरूपे परिज्ञाते सर्पखण्डं न तिष्ठति ।
अधिष्ठाने तथा ज्ञाते प्रपंचः शून्यतां गतः ॥

દોરડીને સત્ય રીતે જાણ્યા પછી સર્પનો ટુકડો પણ રહેવા પામતો નથી. તેમ જગતનું (અધ્યસ્તનું) અધિષ્ઠાન–બ્રહ્મ જાણવાથી જગત કિંચિત્ પણ રહેવા પામતું નથી.

ત્યારે આ ઉપરથી સમજાય છે કે આત્માને વિષે જગત પણ માત્ર જોવા-નોજભેદ છે. જેમ રસજ વૃક્ષરૂપે ભાસે છે–તેમજ અજ્ઞાનતાથી આત્માજ દેહરૂપે ભાસે છે–જ્યાં સુધી છીપોલીનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત થયું નથી હોતું; ત્યાં પર્યંત તે રૂપારૂપે જોવાતી હોય તોપણ તે ખરી રીતે તો છીપોલી છે. રૂપાનો ભાસ ખરી રીતે દ્વૈત નથી પણ દ્વૈતાભાસ છે. તેમ આ દેહ એ દ્વૈત નથી પણ દ્વૈતાભાસ છે. દ્વૈત કંઇ પણ બન્યુંજ નથી. આત્મા સ્વરૂપ અધિષ્ઠાનમાં દેહરૂપ દ્વૈતનો ભાસ તેજ અધ્યસ્ત છે–**દ્વૈતરૂપે ભાસે પણ ખરેખરૂં દ્વૈત નહિં. એ સિદ્ધાન્ત વેદોથી પણ સિદ્ધજ છે**–અજ્ઞાની, અવિચારી, અવિવેકી ભાઇઓને દૃશ્ય–જડ કે દ્વૈત ભાસતું હોય તો પણ તે અજ્ઞાતાની દૃષ્ટિનો ભેદ છે–ખરી રીતે જડ બન્યું નથી. દ્વૈત બન્યું નથી. એમ વેદોથી સિદ્ધ થાય છે–એટલે આ જડ છે અને આ ચેતન છે એમ દ્વૈત ભેદ માનનારાની કેવલ દૃષ્ટિ માત્રથી થતી **મોટામાં મોટી ભુલ છે** એમ સત્ય રીતે કહ્યા વિના ચાલતું નથીજ. આ પરબ્રહ્મજ બ્રહ્માંડરૂપે વ્યાપક વ્યાપ્ય ભાવ સબંધથીજ પોતેજ દર્શન સ્વરૂપ થઇ રહ્યા છે. એ વાત યજુર્વેદ સંહિતામાં નિડરપણે વર્ણવે છે. જુઓ સૃષ્ટિનો આરંભ કાળ(તુર્યપાદ બ્રહ્મ)–ઈશ્વર બ્રહ્મથી ગણાય છે. તુર્યાતીત–પંચમપદ આજ્ઞા કર્ત્તા છે. વા તેમાં જળ છાયાવત્ ગુપ્ત રહેલી અવ્યક્ત નામની પ્રકૃતિ (ગુપ્તા)માં બીજ-ભૂત કલ્પના રૂપ વિકલ્પની સંધિઓ છે. છતાં ત્યાં પ્રદર્શમાન નથી. પ્રદર્શમાન તો તુર્યપાદ ઇશ્વર બ્રહ્મમાંજ થાય છે કેમકે તુર્યપાદમાં ઉપરની અવ્યક્ત નામા

પ્રકૃતિ–પ્રૌઢા સ્વરૂપ **મહત્તત્વ** નામ ધારણ કરે છે. એટલે સૃષ્ટિ તત્વાભાસનો પ્રગટ રીતે આરંભ ઇશ્વરથીજ, વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો અને ઇતિહાસો વર્ણવી ત્યાંજ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પર્યંતની કલ્પનાને ઘટાવી ઇશ્વરને **સાક્ષીરૂપે** સમજાવેલ છે. પંચમપાદમાં તો માત્ર માયાનો કલ્પિત વિકલ્પજ સમાવેલો છે. એટલે તુર્યબ્રહ્મમાં જગતને નિચેના ત્રિપાદરૂપે જુદું પાડી જગતનું સાક્ષીત્વ સમજાવે છે. માટે તુર્યબ્રહ્મ ઇશ્વરની નિચેનાં ત્રિપાદ (સમપાદ–સત્‌પાદ, અસત્‌પાદ)ની ઉત્પત્તિ ઇશ્વરથીજ સિદ્ધ છે. એટલુંજ નહિં. પણ ઇશ્વરરચિત સૃષ્ટિનો વિલાસ–ઇશ્વરથી ભિન્ન નથી શ્રીઆચાર્ય મહારાજ કહે છે કે—

यथैव मृण्मयःकुंभस्तद्वद्देहो ऽपि चिन्मयः ।
आत्मानात्म विभागोऽयं मुधैव क्रियते बुधैः । अप० ।

જેમ ઘડો માટી રૂપજ છે. તેમ આ દ્વૈતાભાસરૂપ શરીર પણ ચૈતન્યમયજ છે. માટે જડ અને ચેતનનો વિભાગ જ્ઞાતાજનો વડે વ્યર્થજ કરાય છે–(જડ ચેતનના વિવેકનું નિરૂપણ–માત્ર અજ્ઞાની કે જેઓએ દ્વૈતાભાસરૂપ શરીરને જડ માન્યું છે તેનો બાહ્યવિલય અને મિથ્યાભાસ સમજાવી કરવામાં આવેલું છે–એમ સમજવું જ્ઞાનીજનોને માટે નથી) આ ઉપરથી જણાય છે કે શરીર–કે જગતને જડ કહી ભેદ પાડવો. એ દ્વૈતાભાસ માત્ર છે–ખરેખર તે દ્વૈત નથી. દૃષ્ટિનો અજ્ઞાન ભાસ છે–માટેજ તુર્યબ્રહ્મ–ઇશ્વિર સ્વરૂપજ આ સૃષ્ટિવિલાસ છે અને સૃષ્ટિ વિલાસરૂપે તે ઇશ્વરજ પોતે એક છતાં અનેક સ્વરૂપે ભાસે છે છતાં પણ તેજ છે. એમ જણાવવા યજુર્વેદમાં કહે છે કે—

प्राणश्चमे ऽव्यानश्चमे ध्यानश्चमे सुश्चमे चित्तंचमऽआधीतंचमे वाक्चमे मनश्चमे श्चक्षुश्चमे श्रोत्रंचमे दक्षश्चमे बलंचमे यज्ञेन कल्पन्ताम् ।

व्रीहयश्चमे यवाश्चमे माषाश्चमे तिलाश्चमे मुद्गाश्चमे खल्वाश्चमे प्रियंगवश्चमे णवश्चमे श्यामाकाश्चमे नीवाराश्चमे गोधूमाश्चमे मसूराश्चमे यज्ञेन कल्पन्ताम् ।

अश्मा चमे मृत्तिकाचमे गीरयश्चमे पर्व्वताश्चमे सिकताश्चमे वनस्पतयश्चमे हिरण्यंचमे यश्चमे श्यामंचमे लोहंचमे सीसंचमे त्रपुचमे यज्ञेन कल्पन्ताम् ।

एकाचमे तिस्रश्चमे तिस्रश्चमे पंचचमे पंचचमे सप्तचमे (२) नवचमे नवचमऽएकादशचमऽएकादशचमे ॥ ई०

आयुर्यज्ञेन कल्पन्ताम् । प्राणोयज्ञेन कल्पन्ताम् । इत्यादि.

यजुर्वेद संहितायां ।

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઇશ્વરજ પોતે પાછળ બતાવ્યા પ્રમાણે

સર્વ સ્વરૂપ છે. તેથી આ સર્વ ઇશ્વરજ કહે છે કે મારૂં સ્વરૂપ છે. એમ નિશ્ચયથી સમજાવે છે. એમ જડ દૃષ્ટિથી જોનારા અને જડ માનનારાને સમજવા સરખું છે કે-વાસ્તવિક રીતે "જડ" એવી કંઈ વસ્તુજ ઠરતી નથી સર્વ ઇશ્વિરનું સ્વરૂપજ ઠરે છે જેથી ઇશ્વરજ છે. સત્ય રીતે તો ઉપાધિ ભેદ વશપણાથી પંચમપાદ સગુણ નિર્ગુણ અભેદાત્મક ૐકાર બ્રહ્મજ "ॐकार एवेदं सर्वम्" તે પોતે છે. તે તૂર્યપાદ સ્વરૂપ થતાં સૃષ્ટિવિલાસ તત્વનો સાક્ષી કહેવાતાં ઇશ્વર સ્વરૂપે સર્વ સ્વરૂપ બને છે. અને તેમાંજ લય જાય છે માટે તે પંચમપાદ સ્વરૂપ ૐકારજ છે. એમ સાબીતજ છે પંચમપાદમાં સગુણ નિર્ગુણની સમાનતાજ છે. અને તેજ પોતે પંચમપાદનો બ્રહ્મ-તૂર્યપાદરૂપ થઇને પછી ત્રિપાદ સ્વરૂપ સમજાય છે. માટે ઇશ્વિરથી ઉત્પત્તિનો પ્રકાર વર્ણવે છે-સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપતો જગતની કલ્પનાની શાન્તિ સ્વરૂપે તૂર્ય અને જીવ એ ઉભયનો સમાવેશ કરનાર છે. માટે સર્વનું **ઉપાસ્યબ્રહ્મ** છે. અને તેમજ સિદ્ધ સમજતાં દ્વિતિય મુંડક ઉપનિષદ્‌ની શ્રુતિ વર્ણવે છે કે—

પરમાત્માજ સર્વ વ્યાપક સર્વ સ્વરૂપ છે એમ સમજવાને સંહિતાના મંત્રોનાં પ્રમાણો છે.

दिव्यो ह्यमूर्तःपुरुषः स बाह्याभ्यंतरो ह्यजः ।
अप्राणो ह्यमनाःशुभ्रो ह्यक्षरात्परतः परः । मु० ।

તે દિવ્ય એટલે સ્વયંપ્રકાશ-જ્યોતિ સ્વરૂપ (જેને જાણવાને અન્ય પ્રકાશની જરૂર નથી એવો) તથા અમૂર્ત એટલે નિર્ગુણ (કહેવાતો છતાં) (કેવલ સગુણ સ્વરૂપે) પુરૂષ-(અથવા સ્પષ્ટ સમજવા રૂપે) બાહ્ય અને અંતરમાં વ્યાપ્તમાન થઇને રહેનારો કેવળ અજન્મા, અપ્રાણ, અમન સ્વરૂપ, (કેવળ) શુદ્ધ એમ અક્ષર કહેવાતો છતાં અક્ષરથી પણ તે પર છે. (એમ આ શ્રુતિમાં સગુણ નિર્ગુણની અભેદાત્મક ભાવનાથી અક્ષર-અક્ષરાતીતને વર્ણવ્યો છે. તેજ આ ૐકાર છે.) તેજ પોતે ૐકારજ સર્વનું કારણ તેનું પણ કારણ છે. તેને વર્ણવે છે કેઃ—

एतस्माज्जायते प्राणो मनःसर्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी । मु० ।

આ સગુણ નિર્ગુણ અભેદ અક્ષર અક્ષરાતીત (પરમ પુરૂષ)ના (તૂર્યપાદ રૂપ) પુરૂષ ભાવથી એટલે ઇશ્વિર બ્રહ્મ ભાવથી પ્રાણ, મન, અને સર્વ ઇન્દ્રિઓ (પોત પોતાના વિષયો સાથે) ઉપજે છે. ઉત્પત્તિ પહેલાં તે અવિદ્યમાન

છે. જેથી આ સર્વેનો લય પણ તે પુરૂષમાંજ સમજવાનો છે. તેમ શરીર અને વિષયોના કારણરૂપ આકાશાદિ પંચભૂતાત્મક સ્થાવર જંગમને ધારણ કરનારી પૃથિવી સાથે પણ (તેના ગુણો સહિત) આજ પુરૂષથી ઉદ્દભવે છે. આના આગળની તમામ શ્રુતિઓ સર્વે પ્રજાની ઉત્પત્તિ પણ એજ પુરૂષથી વર્ણવે છે. તેમ કર્મનાં સાધન અને ફળની ઉત્પત્તિને પણ વર્ણવે છે તેમજ તેજ પુરૂષથી દેવાદિકની ઉત્પત્તિની સાથે અન્નાદિકની ઉત્પતિ તેમ તપ, શ્રદ્ધા, સત્ય, બ્રહ્મચર્ય તથા વેદની વિધિની પણ ઉત્પત્તિ વર્ણવે છે.

ઇશ્વર સૃષ્ટિ અને જીવ સૃષ્ટિનું બંધારણ સમજવાની યુકિત પ્રમાણ.

આખરે સાત પ્રાણ, સાત કિરણો, સાત સમિધો, સાત હોમો અને જેઓમાં સાતે પ્રાણો વિચરે છે. એવા સાત લોકોની ઉત્પત્તિને વર્ણવી સર્વે સમુદ્રો, સર્વ પર્વતો, બહુ રૂપવાળી નદીઓ, ઔષધીઓ તથા રસ વિગેરે યાવત્ સ્થાવર જંગમ તમામ ઉત્પન્ન કરી તેમાં આ અંતરાત્મા સ્થિત થાય છે. આ સર્વ ઇશ્વિર સૃષ્ઠિનો અનુક્રમ છે. **ईक्षणादि प्रवेशान्ता सृष्टि रीशेन कल्पिता ॥ " स ईक्षत बहुस्याम् प्रजायेयेति " श्रुतेः ।** પંચમપાદ બ્રહ્મમાં જોવાપણું નથી. કેમ કે ત્યાં માયાનું વિકલ્પ એટલે કલ્પનાત્મક સ્વરૂપ છે પણ તેજ **અવ્યક્ત** નિચે ઊતરી મહત્તત્વરૂપ જગત રચવાના સામર્થ્ય સ્વરૂપ ગણાય ત્યારે તે તૂર્યપાદ પુરૂષ (ઇશ્વિર)ને જોવા યોગ્ય છે. તેથી **स ईक्षत** આ શ્રુતિથી તે તૂર્યપાદ પુરૂષ જોતો હવો. જેને જુએ છે તે માયા સ્વરૂપ છે. અને તેને જોવાવાળો દૃષ્ટા-સાક્ષી. દૃશ્યથી નોંખો છે. એમ મહત્તત્વ (માયા)ને જોતો જોતો તેમાં (મોહ પામતો-પુરૂષ પ્રકૃતિના સંગ સ્વરૂપે) પ્રવેશ કરે છે એટલે જોવાથી આરંભ કરતાં તેમાં પ્રવેશ કરે ત્યાં સુધીની સૃષ્ટિ **ઈશ્વર રચિત** કહેવાય છે. આમાં એક ગુપ્ત મર્મ ભેદ એવો છે કે શબ્દની અર્થ સત્તામાં શું સ્વરૂપ સમજાય છે તે વિવેકી વિદ્વાન વર્ગજ સમજી શકે છે. **सईक्षत** આ શ્રુતિ તૂર્ય બ્રહ્મને સમજાવે છે. તે દૂર રહી માયા (મહત્તત્વ)ને જોતો જોતો એટલે **સાક્ષી** સ્વરૂપે જોતો જોતો તે સાક્ષી અન્તે માયાના મોહમાં ફસાઇ તેમાંજ પ્રવેશ કરે છે એટલે આ તૂર્ય પુરૂષ પોતાની માયાનો સાક્ષી છતાં પોતાની પ્રકૃતિના સ્વરૂપમાં મોહ પામી સૃષ્ટ સર્જન કાળના વિધિમાં તે તેમાં એટલે પ્રકૃતિમાં પ્રવેશ પામે છે અર્થાત્ પ્રકૃતિમાંજ પોતે પ્રવેશ કરીને પોતે (**विशति-प्रवि ाति-विष्णुः**) વિષ્ણુ સ્વરૂપ થાય છે. અર્થાત્ ચોથા પાદમાં સાક્ષી સ્વરૂપે છતાં પ્રકૃતિના મોહથી તેના સંગમાં ત્રીજા સમપાદના **વિષ્ણુ** સ્વરૂપે પોતેજ થાય છે. અથવા ચોથાપાદમાં પોતે ઈશ્વર સ્વરૂપ છતાં-સાક્ષી સ્વરૂપ છતાં અથવા દૃષ્ઠા સ્વરૂપ છતાં પોતાની (મહત્તત્વ) પ્રકૃતિમાં પોતેજ મોહ પામતો તે પ્રકૃતિમાં પ્રવેશ કરીને પોતેજ **જીવ** સ્વરૂપ

થાય છે. (તૃતીય સમપાદથી જીવપાદનો આરંભ થાય છે-માટે ત્રિપાદ-**જીવ** છે) આ (સમષ્ટિતત્વમાં) વિષ્ણુનેજ હિરણ્યગર્ભ નામ આપે છે. અને તેથી **વિરાટ સ્વરૂપની** ઊત્પત્તિ બતાવે છે. તેજ વિરાટ આ પ્રજાપતિ સ્વરૂપે **સૂર્ય** છે. અને વિરાટ્‌થી જગતની ઊત્પત્તિ વર્ણવે છે. એટલે **સૂર્ય** સ્વરૂપ વિષ્ણુના તૃતિયપાદની નિચેનો દ્વિતીયપાદ છે. તેનાથીજ પ્રથમપાદ **અસત્‌પાદરૂપ** જગતની વા ભાસમાત્ર દેહની ઊત્પત્તિ યથાર્થજ છે. એમ પ્રથમપાદ-અસત્‌પાદના દેહસ્વરૂપ પર્યંત પણ તેજ ૐકાર-(સગુણ નિર્ગુણ અભેદાત્મક પંચમપાદ) તૂર્યપાદમાં સાક્ષી સ્વરૂપે-તૃતીયપાદમાં વિષ્ણુ સ્વરૂપે-દ્વિતીય પાદમાં વિરાટ્ અથવા સૂર્યસ્વરૂપે અથવા દેહી સ્વરૂપે અને પ્રથમ પાદમાં શક્તિ સ્વરૂપે અથવા કેવળ દૃશ્ય માયા સ્વરૂપ ભાસમાત્ર દેહ સ્વરૂપે સ્પષ્ટ જણાતો પોતેનો પોતે "**ॐकार ए वेद सर्वं**" અથવા **पुरुष ए वेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम् । एतद्यो वेदनिहित गुहायां सोऽविद्याग्रन्थि विकिरतीह सोम्य । मु० ।**

એમ આ પુરૂષજ વિશ્વસ્વરૂપ છે. એટલે બ્રહ્મથી વિશ્વ નામક કોઈ વસ્તુ ભિન્ન નથી. જ્ઞાનથી બ્રહ્મ કહેવાય છે. ત્યારે અવિદ્યાત્મક અજ્ઞાની જનો તેને જગતરૂપ દૃશ્ય ભાસમાત્ર પદાર્થ સ્વરૂપે જુએ છે-એજ અવિદ્યા છે. માટેજ **કર્મ** અને **તપથી** તે પરે અમૃત સ્વરૂપ બ્રહ્મ છે. તેથીજ હે સૌમ્ય—!! સર્વની બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત તે પરમ અમૃતતત્ત્વ આ બ્રહ્મસ્વરૂપને જાણીને અજ્ઞાનાત્મક અવિદ્યાની વાસનાનો સમૂળો નાશ કરે છે. (તેજ આ ૐકાર સ્વરૂપ પંચમપાદ સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા છે.) એમ સિદ્ધ સમજાવતાં પંચદશિકાર કહે છે કે—

अद्वितीयं ब्रह्मतत्त्वमसंगं तन्न जानते ।
जीवेशयोर्मायिकयोर्वृथैव कलहं ययुः ॥

આ પરમ પદ-પંચમપાદ-(ૐકાર સ્વરૂપ) બ્રહ્મ તત્વ અદ્વિતીય અને અસંગ છે. તેઓ તેને જાણુતા નથી. તેથીજ માયાવડે ઉપાધિરૂપ માયિક કહેવાતો **ઈશ્વર**-અને માયાને આધિન રહેનારો **જીવ** તેને વિષે વૃથાજ કલહ કરે છે. આમાં એમ સમજાવે છે કે—

आनंदमय विज्ञानमयावीश्वर जीवकौ ।
मायया कल्पिता वेतौ ताभ्यां सर्वं प्रकल्पितम् ॥

આનંદમય-ઈશ્વર-અને વિજ્ઞાનમય જીવ-અથવા આનંદમય કોષનો ઈશ્વર -અને વિજ્ઞાનમય કોષનો જીવ-એ બન્ને માયાએ કરીને કલ્પિત છે-અને તે બન્ને એજ આ જગત્ કલ્પ્યું છે, અર્થાત તુર્યપાદનો ઈશ્વર-અને તૃતીય પાદનો જીવ

–(જેમાં નિચેના બે પાદનો સમાવેશ થાય છે) એ બન્ને કલ્પિત છે–અને તેમણે કલ્પેલું જગત્ તે પણ કલ્પિત છે. માત્ર પંચમપાદ રૂપ–પૂર્ણ બ્રહ્મજ પરમાર્થે રૂપે સત્ય છે–તેજ આ ૐકાર સગુણ નિર્ગુણ અભેદાત્મક સ્વરૂપે સ્વતઃ સિદ્ધ છે. અને તેમાં જગતની કલ્પના માત્રથી તેજ પોતે અધિષ્ઠાન પણ કહેવાય નહિં. એમ શુદ્ધ તત્વ છે. (અધિષ્ઠાન કહેવાતાં હરકત નથી) અને તેજ બ્રહ્મ–અજ્ઞાન અવિચાર યુક્તજનોને જગત્ રૂપે ભાસે છે. **अद्वितीय ब्रह्मतत्त्वे स्वप्नोऽयमखिलः जगत्** । અદ્વિતીય એવા બ્રહ્મ તત્વમાં આ અખિલ જગત્ સ્વપ્નસમાન છે.

બ્રહ્મમાં જગત્ કલ્પના છે.

આમ અન્વય અને વ્યતિરેકની સમાનતામાં આ પંચમપાદ પરબ્રહ્મ ૐકાર સગુણ નિર્ગુણ સમાન સ્વરૂપે સિદ્ધ થાય છે અને તેમાં વ્યતિરેક લક્ષણાથી પોતેજ પોતે એમ અનેકાનેક સ્વરૂપના બાધમાત્રથી સ્વતઃસિદ્ધ સમજાય છે–અને ભિન્ન ભિન્ન નામરૂપ ભાવમાં પણ પોતે પોતાના સ્વરૂપે સમજાયાથી નિર્ગુણ અને સગુણની સમાનતામાં અખિલ બ્રહ્માંડને બ્રહ્માત્મક રૂપે વર્ણવી–" જડ " એવું કંઈ કહેવા કે સાંભળવા કે જાણવા જણાવવા જેવું રહેતું નથી. એમ આ શ્રુતિ સ્મૃતિ સાબીત કરી આપે છે.

આ ઉપરથી નિશ્ચય થાય છે કે જ્ઞાનીજનો જેને બ્રહ્મ કહે છે–તેને અજ્ઞાનીજનો શરીર અથવા જડ કહે છે. માટે તેવા અજ્ઞાની જનોને તિરસ્કાર ન કરતાં તેમને પોતાનું સ્વરૂપ યથાર્થ સમજાવવું એ સનાતની જ્ઞાતા પુરૂષોનો પરમધર્મજ છે–જ્ઞાતા પુરૂષોએ પોતાનું મહત્ત્વ સંભાળતાં તેમને વાદી પ્રતિવાદી બનાવવા એ જ્ઞાતાના જ્ઞાનની ખામી સમજાવે છે. કેમકે તમને જ્યારે સત્ય સમજાવતાં આવડયું નથી માટે તેનું ખંડન કરવા ઊભા થાઓ છો. તે તો શાસ્ત્રરીત્યા બિચારા અજ્ઞાતજ ઠરે છે ત્યારે જોડે તમો પણ અજ્ઞાત ઠરો છો કે કેમ ? તેનો વિચાર તમારે કરવાનો છે. તેઓને આ શાસ્ત્ર ગુરૂગમ બુદ્ધિના વિચારો ગુરૂકૃપા વિણ પ્રાપ્ત થયા નથી ત્યારે તો તેઓ સર્વ બ્રહ્મતત્વને "જડ" કહે છે. તેથી તેમને તિરસ્કાર આપવો નહિં. કારણ શાસ્ત્ર વિચાર રહિત બુદ્ધિ–બાલક સમાન લેખાય છે માટે બાલકની ભૂલની માફક તેમને યોગ્ય સમજાવવા શિતળ પ્રયત્ન ઊઠાવવો **જ્ઞાતાજનોનો ધર્મ છે.** અજ્ઞાત બુદ્ધિવાનોના વિચાર પ્રમાણે જે " જડ " છે તે જ્ઞાતાજનોના વિચાર પ્રમાણે બ્રહ્મજ છે. એમ વેદશાસ્ત્ર ગુરૂગમની સાચી સમજણ છે. તેથી તેઓ બાલકબુદ્ધિથી સ્વસ્વરૂપ બ્રહ્મતત્વનુંજ ખંડન માને છે. પણ બ્રહ્મત્વ જે કે અખંડ છે તેનું ખંડન થઈ શકતું નથી. માટે તેમાં **वदतो व्याघात** થાય છે. આમ સત્ય

સમજવા લાગતાં તેઓ ખંડનના મિથ્યા પરિશ્રમમાં ઊભા રહેનાર નથી. અને "જડ" એવો મિથ્યા પ્રલાપ પણ કરનાર નથી. અને તેમાં પણ જીવરામ ભટ્ટ હશે તે તો મિથ્યાભિમાન છોડનાર નથી. તેણે તો જે પકડેલું છે તે છોડવાથી પોતાની આબરૂ જાય એમ અભિમાનમાં ગરક થયેલાને બોધ મિથ્યાજ છે. એટલે તે તો પામરનો પામરજ છે એમ જાણો.

મહાવેદાન્ત જ્ઞાનના પૂર્ણ અનુભવી, અતી દિર્ઘદર્શિ બુદ્ધિના સૂક્ષ્મ મર્મ તત્ત્વ વિચારમાં રમનારા યોગીજનોએ જે નિશ્ચયો કરેલા છે તે કંઈ જેવા તેવા હોતા નથી. વેદોના પૂર્ણ પ્રભાવને સમજનારાઓની સમજ અમૃત સમાન સુખદાતા છે. **ब्रह्म** શબ્દની અર્થ સત્તામાં શ્રુતિ સિદ્ધાન્ત એવો છે કે **यतो वाचो निवर्तते** । પરમાત્મા વાણી મનને અગોચર છે, શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય મહારાજ પોતાના **"સ્વાત્મ નિરૂપણ"** ગ્રંથમાં જણાવે છે કે—

अनुभवति विश्वमात्मा, विश्वेनासौ न चानुभूयेत ।
न खलु प्रकाश्यतेऽसौ विश्वमशेषं प्रकाशयन् भानुः । १७
तदिदं तादृशमीदृशमेतावत्तावदिति च यन्न भवेत् ।
ब्रह्म तदित्यवधेयं, नोचेद्विषयो भवेत् परोक्षं च ॥ १८
इदमिदमिति प्रतीते, वस्तुनि सर्वत्र बाध्यमानेऽपि ।
अनिदमबाध्यं तत्त्वं, सत्त्वादेतस्य न च परोक्षत्वम् ॥ १९
सति सकलदृश्यबाधे, नकिमप्यस्तीति लोकसिद्धं चेत् ।
यन्न किमपीति सिद्धं ब्रह्म तदेवेति वेदतः सिद्धम् ॥ २२

આત્મા સર્વને જાણે છે. પણ આ "સર્વ" વડે અનુભવાતો નથી. સૂર્ય સમગ્ર જગતને પ્રકાશે છે. પણ આ (સૂર્ય) જગત્‌વડે પ્રકાશાતો નથી.

જે વસ્તુ **પરોક્ષ** નથી જે વસ્તુ પ્રત્યક્ષ પણ નથી. જે વસ્તુ અનુમાનના વિષયરૂપ પણ નથી. જે વસ્તુ **પ્રત્યક્ષ** પ્રમાણના વિષયરૂપ પણ નથી. જે વસ્તુ આટલા પરિણામવાળી છે એમ કહેવાતું નથી. અને જે વસ્તુ તેટલા પરિણામ વાળી છે. એમ પણ કહેવાતું નથી તેજ વસ્તુ **પરબ્રહ્મ** છે. એમ વિવેકી જનો જાણે છે-પ્રમાણવાળી વસ્તુ પ્રમાણના વિષયરૂપ હોવાથી પરોક્ષ કહેવાય છે. અને પરમાત્મા **અપરોક્ષ** સ્વરૂપ છે જેથી પ્રમાણના વિષયથી રહિતજ છે.

આ, આ, એમ પ્રતીત થતી વસ્તુ સર્વત્ર બાધ પામતાં છતાં પણ **"આ નહિ"** એવી જે વસ્તુ અબાધ્ય છે. તેજ **પરબ્રહ્મ** છે. કેમકે સદા સર્વદા વિદ્યમાનપણાથી બ્રહ્મનું પરોક્ષપણું કહેવાતુંજ નથી.

સર્વ દૃશ્ય ભાસ માત્રનો બાધ થવાથી **"કાંઈ પણ નથી"** એમ લોકમાં સિદ્ધ છે. એમ જો કહેવામાં આવે તો હે અજ્ઞાની જન !!! **"જે કાંઈ પણ નથી"** એમ જે સિદ્ધ છે. તેજ **પરબ્રહ્મ પરમાત્મા છે** એમ વેદનો નિશ્ચય છે.

આ ઉપરથી સત્ય સમજાય છે કે જ્ઞાન કાળમાં અન્ય કાંઈ **નથી.** પણ સૃષ્ટિના વિકલ્પની સંધિમાં તેજ બ્રહ્મના બે પ્રકાર સમજાવતાં " **द्वावेव ब्रह्मणो रूपे मूर्त्तं चैवा मूर्त्तंच** " (તે બ્રહ્મના મૂર્ત અને અમૂર્ત એવા બે પ્રકાર છે.) આ નિશ્ચય વેદના અડગ સિદ્ધાન્ત સાથે શાસ્ત્ર, સ્મૃતિ, પૂરાણ, ઈતિહાસ અને લોક પર્યંત એક સરખી રીતે વર્ણવાય તેજ નિશ્ચય ખરો છે એમ કહેવાને હરકત નથી. સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તવાળો બ્રહ્મ–વાણી મનથી રહિત છે એ વાત આથી સિદ્ધ થાય છે અને પછી તેના બે પ્રકાર વર્ણવાય છે. અને તે બન્ને પ્રકાર વાણીમાં આવે છે. છતાં પણ તે તો વાણી મનથી રહિત છે એમ સમજાવે છે. આ સિદ્ધાન્તને અંગે સનાતન વૈદિક ધર્મની મર્યાદામા **परिपक्वमानसानां पुरुषवराणां पुरातनैःसुकृतैः। ब्रह्मैवेदं सर्वं जगदितिभूयःप्रबोधयत्येषः।** પ્રાચીન પુણ્યોવડે પરિપકવ બુદ્ધિમાન શ્રેષ્ટ પુરૂષોને આ સર્વ જગતજ બ્રહ્મ છે એમ બહુ પ્રકારે **सर्वं खल्विदं ब्रह्म** શ્રુતિ ઉપદેશ કરે છે–જેથી અમૂર્તિ અને મૂર્તિનું સમાનતાથી પ્રતિપાદન થતાં નિગુણ અને સગુણ સ્વરૂપ અભેદતાથી સમજાય છે. જેથી સગુણ સાકાર મૂર્તિ પૂજા બ્રહ્મ સ્વરૂપથી સ્વતઃ સિદ્ધ છે છતાં આટલા બધા સૂક્ષ્મ વિચારની ગતીના બલહિન પુરૂષો, **બ્રહ્મ.** (**ब्रह्म**)થી નિચેના મૂર્તિ અમૂર્તિના અગર સગુણ નિર્ગુણના સિદ્ધાન્તમાં ખંડન મંડન ધારતા હોય તો તેમને સમજવાને બુદ્ધિ નથી. એમ સર્વાંશે સત્યજ છે. તેઓ હજુ વેદાન્ત સિદ્ધાન્તની મર્યાદાએ પોતાની બુદ્ધિના નિશ્ચયને પહોંચાડી શક્યા નથી, આવા મૂર્તિ પૂજાના સિદ્ધાન્તમાંના બ્રહ્મ તત્વ રૂપ મૂર્તિના પ્રતિપાદનની અદ્ભુત બુદ્ધિબળની સેવના ન કરવાથી, વખતે તેઓ એમ પણ વર્ણવે છે કે, **"સનાતન વૈદિક ધર્મિજનો જે મૂર્તિને બ્રહ્મસ્વરૂપ માની પૂજા કરે છે, તેને અમો ચાર ખાસડાં મારીએ તો તે સાચો બ્રહ્મજ હોય તો અમને શા માટે ના મારે ???"** એમ કહી–બ્રહ્મસ્વરૂપનું વગોણું પોતાની બુદ્ધિને નિઃસિમ માની કરતાં પોતે ખુસી થાય છે, અને સનાતની બંધુઓને

મૂર્તિપૂજાના સ-બંધમાં અવિચારી અને વેદ શાસ્ત્રના અજ્ઞાત જનોના કુ-

ક્ષોભ પમાડે છે, અને સનાતની બંધુઓની પણ બુદ્ધિ તેટલે સુધી ન પહોંચતાં તેઓપણ ક્ષોભ પામી કંઈ ઠીક ઠીક જવાબ વાળી પોતાનો આનંદ લે છે, છતાં અડગ નિશ્ચયવાળા વેદના સ્વતઃ સિદ્ધ મર્મને ન જાણવાથી, તેઓના મનમાં ગ્લાની તો રહે છે. તેઓને સમજવું

તર્કો અને તેની સમીક્ષા. ઘટે છે કે-મૂર્તિને ખાસડાં મારતાં પણ સનાતન વૈદિક ધર્મની **મૂર્તિ**-વાણીરૂપે કદી પણ બોલનાર નથી. કેમકે સનાતની સિદ્ધાન્તનો બ્રહ્મ પરમાત્મા-વાણી મનનો અતિત વિષય છે. સનાતન ધર્મનો સગુણ નિર્ગુણ અભેદ મૂર્તિરૂપનો બ્રહ્મ-વાણી મનનો વિષયજ નથી જેથી જે બ્રહ્મ છે તેવાજ અર્થથી અને તેવીજ સત્તાથી તત્ મૂર્તિમંત બ્રહ્મસ્વરૂપની યોગ્યતા સનાતની બંધુઓ ધારે છે. જેથી આ મૂર્તિ બ્રહ્મ વાણી મનનો અવિષય હોવાથી તે વાણીથી કદાપિપ ણ બોલી બતાવનાર નથી. **સાચો બ્રહ્મ તેજ છે કે જે વાણી મનનો અવિષય છે**-માટે સનાતનનો મૂર્તિમંત બ્રહ્મ બોલતો નથી. અને જે બોલતો હોય તે બ્રહ્મ નથી. જુઓ સામવેદીયતલવકાર ઉપનિષદ્ વર્ણવે છે કે—

यद्वाचाऽनभ्युदितं येनवागभ्युद्यते ।
तदेव ब्रह्मत्वं विद्धि नेदं यदिदमुपासते. १-४.

જે વાણીવડે પ્રકાશ પામતું નથી પણ જે વડે વાણી પ્રકાશિત થાય છે. તેનેજ તું બ્રહ્મ જાણ. જે આને (લોક) ઉપાસે છે તે આ બ્રહ્મ નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે બ્રહ્મ છે તે વાણીથી પ્રકાશ પામતો નથી. માટે સનાતનીનો સાચો બ્રહ્મ આ મૂર્તિજ છે. (**असंगोह्ययं पुरुषः**) માટે તે કદાપિ પણ વાણીથી બોલવાનો નથી. એમ વેદનો સિદ્ધાન્ત છે. માટે સનાતનીના મૂર્તિ અમૂર્તિ સ્વરૂપ બ્રહ્મને બોલાવવાનો નિશ્ચય બતાવનારા અને તેવી મશ્કરી કરનારા પાગલજનો છે એમ નિશ્ચય માનો. બ્રહ્મવસ્તુ વાણીનો વિષયજ નથી. એ સિદ્ધાન્તને અનુસરીને સનાતનીજનોએ જે **મૂર્તિપૂજા** સિદ્ધ માની છે તે સર્વાંશે સત્ય સત્ય ને સત્ય જ છે-બકવાદ કરનારા અને ખાસડાં મારનારા-તે પોતે ખાસડાં ખાવાના અધિકારીજ તદ્રૂપ વણીથી બોલતા બ્રહ્મ છે એમ જાણો-વાણી મનમાં આવતો અને વાણી મનવડે બોલતો વા વર્ણનમાં આવતો તે બ્રહ્મ નથી. પણ તેની તો **જીવની** સંજ્ઞા છે-અને સનાતની બંધુઓનો બ્રહ્મ તો વાણીથી અતીત છે. જેની તે ઉપાસના કરે છે. તે જો વાણીથી વર્ણવાતા બ્રહ્મની ઉપાસના કરે તો બ્રહ્મની ઉપાસના સિદ્ધ ઠરે નહિં. તેતો અપરબ્રહ્મ જીવનીજ ઠરે છે-માટે સનાતનીની ઉપાસના જીવની નથી પણ બ્રહ્મની છે એ સાબીતજ થાય છે—*

સ્વામી વિવેકાનંદ ભા. ૧ લાના પ્રષ્ટ ૬૩ મામાં તેઓ અમેરિકામાં બોધ કરતાં જણાવે છે કે, "જેને આપણે હમેશાં જડ પથ્થર તરીકે જોઇએ છીએ તેનેજ જ્ઞાન થતાં આપણે પરમ ચૈતન્યની મૂર્તિરૂપ જોઇએ છીએ. પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રે પણ એમ સિદ્ધ કરી આપેલું છે કે વસ્તુનું સ્વરૂપ જડ નહિં પણ ચૈતન્ય છે.

વળી પાન ૧૬૨ મામાં જણાવે છે કે જેઓ મૂર્તિપૂજાની વિરૂદ્ધ હોવાનું જણાવે છે. તેઓ પણ બીજી રીતે તો મૂર્તિપૂજામાં નિમગ્નજ છે.

વિશ્વનો કર્તા-વિશ્વથી બ્હાર અને વિશ્વથી ભિન્ન હોય એ માન્યતા પ્રખર બુદ્ધિ કોઇ પણ કાળે માન્ય કરી શકશે નહિં.

વાહ!!! સનાતન વેદ ધર્મના સિદ્ધાન્તને સત્યજ રીતે ધન્યવાદ છે. અને તે સિદ્ધાન્તને અનુસરનારા વેદધર્મિ સનાતની બંધુઓને પણ શતસઃ ધન્યવાદ આપવો યોગ્ય છે. સગુણ નિર્ગુણનો અભેદ એવા બ્રહ્મ **પરમાત્માની** ઉપાસના સનાતન વેદધર્મમાં સુપ્રસિદ્ધ છે. અને તેને માટે **यद्वाचाऽनभ्युदितं** અથવા **न तत्र चक्षुर्गच्छति नवाग्गच्छति नो मनो.** ઈત્યાદિ શ્રુતિઓ જે બ્રહ્મને વર્ણવે છે. તેમાં સગુણ અને નિર્ગુણ એવા ઉભય પ્રકારે અભેદ છે. આવી અભેદ ઉપાસનામાં સમજાય છે કે—

नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ।
अस्तीति ब्रुवतोऽन्यत्र कथंतदुपलभ्यते । कठ० ।

આ બ્રહ્મ પરમાત્મા વાણી વડે પ્રાપ્ત કરવાને શક્ય નથી તેમ મનવડે પ્રાપ્ત કરવાને શક્ય નથી તેમ ચક્ષુ આદિ અન્ય ઈન્દ્રિયોવડે પણ પ્રાપ્ત કરી શકાતો નથી. "છે" એમ કહેનારાની અંતિમ પરિસિમા છે તેથી અન્ય રીતે તેને કહેનારાને તે કેવી રીતે જાણવામાં સમજવામાં આવે?? આ સર્વ શ્રુતિઓના આદરથી સમજાય છે કે જે બ્રહ્મ પરમાત્મા વાણી મનનો અવિષય છે. તેજ સનાતની બંધુઓનું ઉપાસ્ય છે-કે તેઓએ તે **अस्ति**પદ વાચ્ય પરમાત્મામાં સગુણ નિર્ગુણ અભેદજ માન્યો છે. હવે સનાતની બંધુઓનો ઉપાસ્ય બ્રહ્મ-વાણીવડે કેમ કરી બોલી બતાવશે??? અથવા મનવડે સમજાઈ શકાશે??? કેમકે સગુણ નિર્ગુણ અભેદાત્મક પરબ્રહ્મ પરમાત્માના પ્રતિપાદનમાં એવી યુક્તિ પ્રાધાન્યતા ભોગવે છે કે—

यदा पंचावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टते तामाहुः परमांगातिम् ॥ कठ०

જ્યારે પાંચ પ્રકારનાં જ્ઞાનો મનસહિત સ્થિર થાય છે. આમાં સર્વ પ્રકારના પાંચ પાંચ ભાવ પરિપૂર્ણજ સમજાવે છે પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ પ્રાણ, પાંચ ઉપપ્રાણ, પાંચ વિષય, પાંચ માત્રા, પાંચ પાદ, પાંચ પ્રકાર– ઈત્યાદિ સર્વ મન સહવર્તમાન સ્થિરતાને પામે-અને બુદ્ધિની ચેષ્ટા સર્વ બાજુથી વિચેષ્ટિત થાય. તેનેજ **પરમગતી** અર્થાત્ બ્રહ્મપ્રાપ્તિ કહેવાય છે. આ ઉપરથી સિદ્ધ સમજાય છે કે-સનાતની વૈદિકધર્મિ સુબંધુઓનું ઉપાસ્ય બ્રહ્મ– સગુણ નિર્ગુણની અભેદતાએ વાણી મનથી રહીત સિદ્ધાન્ત સ્વરૂપ છે. પછી તે કેવી રીતે મારવા ઉઠે?? વા બોલવા લાગે??? આથી સિદ્ધ કરી બતાવે છે કે—

अस्तीत्येवोपलब्धव्यस्तत्वभावेन चोभयोः ।

अस्तीत्येवोपलब्धस्य तत्त्वभावःप्रसीदति ॥ कठ०

બ્રહ્મ પરમાત્મા "છે" એમજ જાણવા યોગ્ય છે. અને તત્ત્વભાવ વડે ઉભય સ્વરૂપે એટલે નિર્ગુણ સગુણ અભેદ સ્વરૂપેજ છે. આવીજ રીતે "છે" એવા સિદ્ધાન્તથી પ્રતીત થએલાનો તત્ત્વભાવ બ્રહ્મસન્મુખ છે અર્થાત્ બ્રહ્મસ્વરૂપતાની પ્રાપ્તિરૂપ છે. આ ઉપરથી આનંદ થાય છે કે–જે પરમાત્મા વાણી મનનો વિષયજ નથી. તેજ પરમાત્મા વાણી મન આદિને પ્રકાશ કરનારો છે. તેજ સનાતની બંધુઓનું ઉપાસ્ય મૂર્તિ અમૂર્તિ અભેદ સ્વરૂપે, સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપે, સાકાર નિરાકાર અભેદ સ્વરૂપે, અક્ષર અક્ષરાતીત અભેદ સ્વરૂપે, ૐકાર પરમાત્માજ છે.

एष हि द्रष्टा स्प्रष्टा श्रोता घ्राता रसयिता मन्ता बोद्धा कर्त्ता विज्ञानात्मा पुरुषः । स परेऽक्षरे आत्मनि संप्रतिष्ठते । प्र० । उ०

પરમાત્મા પરબ્રહ્મનું જે સ્વરૂપ જળમાં પડેલા પ્રતિબિંબ આદિની પેઠે (જીવસ્વરૂપ રૂપે) કર્ત્તા ભોકતાવડે આ ભાસમાનરૂપ શરીરમાં પ્રવેશ પામેલું છે. અથવા જે વાણી મનના સ્વરૂપે પ્રસિદ્ધ કહેવાય છે તેજ દ્રષ્ટા, તેજ સ્પર્શ કરનાર તેજ શ્રવણ કરનાર તેજ સુંઘનાર તેજ રસનો સ્વાદ લેનાર તેજ મન વડે મનન કરનાર તેજ બુદ્ધિવડે જ્ઞાતા તેજ શરીરવડે કર્ત્તા અને તેજ કાય કરણના સમૂહરૂપ ઉપર વર્ણવેલી ઉપાધિઓમાં પૂર્ણ હોવાપણાના સ્વભાવથી વિજ્ઞાનવાન કહેવાય છે તેજ જીવાત્મા અથવા ઇશ્વરાત્મા સ્વરૂપ ઉપાધિના અભાવ સ્વરૂપે તેનાથી પરે એવા અક્ષર સ્વરૂપ પરમાત્મા (ૐ)માં સ્થિતિને પામે છે. આ ઉપરથી સિદ્ધજ થાય છે. વાણી મનના વિષયથી વેષ્ટિત તે એક અક્ષર બ્રહ્મ ૐકારમાં પ્રતિષ્ઠિતરૂપ છે. જેથી સનાતન ધર્મિ બંધુઓને જીવ–ઇશ્વરની ઉપાસના નથી પણ તેમનો ઉપાસ્ય **यतोवाचो०** । જે બ્રહ્મ સ્વરૂપ વાણી મનનો અવિષય છે તેજ ઉપાસ્ય છે. હવે સનાતની બંધુઓના ઉપાસ્યને વાણીથી બોલાવવા માગનાર કેવી ભૂલ કરીને બોલે છે તેનો ખ્યાલ વાચક સાક્ષર કરશે.

પુરાણોમાં આખ્યાયિકાઓ છે અને તેમાં કેટલીએક વાત લખેલી છે કે દેવ મનુષ્યાદિ ઋષિઓએ તપશ્ચર્યા કરી. ત્યારે પરમાત્મા પ્રસન્ન થયા અને તેમણે "આકાશવાણી"થી અમુક જવાબ આપ્યો. તેથી વખતે એવી શંકા થશે કે જે પરમાત્મા આકાશવાણીથી બોલ્યા. તે પરમાત્મા ખરા કે નહિં??? તો તેનો જવાબ સમજવા જેવો છે કે પોતાના ઉપાસક ભકતજનોના સંરક્ષણને માટે તે પ્રભુ પોતાની અનંત શક્તિથી વાણી, મન આદિ સ્વરૂપે એટલે–

મૂર્તિપૂજકોની મૂર્તિ સ્વયં બ્રહ્મ સ્વરૂપેજ દર્શન આપે છે.

નિર્ગુણ અથવા સગુણ સ્વરૂપે યોગ્ય કરવા શક્તિમાનજ છે. સર્વ વ્યાપક તત્વ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ગમે તે કાળમાં-ગમે તે દેશમાં-ગમે તે વસ્તુ પદાર્થમાં-પોતેજ સર્વગત અને સર્વજ્ઞ સ્વરૂપ હોવાથી ગમે તે સ્વરૂપે સદાકાળ છે છે અને છે. જેથી આ શંકા અસ્થાને છે. છતાં મૂર્તિસ્વરૂપ પરમાત્માજ નિર્ગુણ સગુણના અભેદત્વે સર્વગત છે એ સિદ્ધાન્તની પરિપૂર્ણતા માટે **"સ્થંભમાંનું પ્રાગટ્ય" "તેલકઢામાંનું પ્રાગટ્ય" "શિવલિંગમાંનું પ્રાગટ્ય" "મૃત્તિકાની મૂર્તિમાંનું પ્રાગટ્ય"** વિગેરે અનેક દાખલાઓ ભક્તિરસવડે રસબસ છે. અને તે યોગ્યજ છે. અત્યંત કરૂણાજનક પરમાત્મા અધર્મના કાળમાં પ્રાદુર્ભૂત થઈ અદ્દભુત શક્તિ પ્રગટાવી સનાતન વૈદિક ધર્મનું અને ધર્મિજનોનું સંરક્ષણ તેજ કરે છે એમાં શું વિશેષ કહેવાપણું છે ? ? ?

વાણી છતાં વાણીથી રહિત, મન છતાં મનથી રહિત, જ્ઞાન છતાં જ્ઞાનથી રહિત, કર્મ છતાં કર્મથી રહિત, બુદ્ધિ છતાં બુદ્ધિથી રહિત, શરીર છતાં શરીરથી રહિત વિગેરે સર્વ છતાં સર્વથી રહિત એવા પરબ્રહ્મ પરમાત્માના સ્વતઃસિદ્ધ સિદ્ધાન્તમાં સગુણ અને નિર્ગુણના અભેદત્વે-જીવન્મુક્ત પુરૂષમાં બ્રહ્માત્મતા સિદ્ધ છે. અને તેવીજ રીતે મૂર્તિમાં પણ બ્રહ્માત્મતા સિદ્ધ છે-માટેજ વેદોમાં મૂર્તિપૂજા પ્રતિપાદન ગણાય છે. જીવન્મુક્ત પુરૂષ જેમ શરીર છતાં અશરીરી બ્રહ્મ સ્વરૂપ ગણાય છે તેમજ પાષાણ ધાતુ આદિકની મૂર્તિ પણ શરીર છતાં અશરીરીરૂપે બ્રહ્મ સ્વરૂપ સિદ્ધ ગણાય છે. એવી સગુણ નિર્ગુણની અભેદ ભાવનાએ ૐકાર બ્રહ્મનું પ્રતિપાદન છે.

સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તને ધારણ કરનારા બંધુઓએ ધ્યાનમાં લેવાનું છે કે-શુદ્ધ વૈદિક ધર્મના સિદ્ધાન્ત પૂર્વક મૂર્તિ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માને ખાસડું મારવાને ઉભા થનાર બંધુઓના આત્મા પરમાત્મા તરીકે પણ તેજ બ્રહ્મ છે. એટલે તે પોતાનો પોતે હોવાથી ખાસડુ મારનારનેજ ખાસડુ વાગે છે અથવા એવી વાણી બોલનારનેજ તેની બુદ્ધિમાંજ ખાસડુ વાગે છે-કે તે પોતાની બુદ્ધિથી વ્યાપક સ્વરૂપને જોઇ શકતો નથી એજ મોટામાં મોટું ખાસડું છે અને બીજું ખાસડું તે પોતાની બુદ્ધિથી વ્યાપક અને **આસ્તિ** સિદ્ધ પરમાત્માને જડરૂપે જુએ છે તેવી અધમબુદ્ધિ છે. આવી વિપરીત બુદ્ધિ થઈ છે તે એક પ્રકારનું ખાસડુંજ—બુદ્ધિને વાગેલું છે એમ જાણો.

પણ સનાતની બંધુઓએ વળી વિશેષમાં સમજવા જેવું છે કે-જે લોકો

સનાતની જનો પાસેથી સત્ય કઢાવવા અથવા સનાતનીયોને જાગૃત કરવાને ઉલટ માર્ગે આવનાર બંધુઓ છે.

એમ કહે છે કે તમારી મૂર્તિ બોલતી નથી. જો સાચી હોય તો બોલે કેમ નહિં ??? આ ઉપરથી વિચાર કરતાં એમ જણાય છે કે—તેમને સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તો જાણવાની અપેક્ષા છે. જુઠી છે માટેજ બોલતી નથી. એમ કહી જુઠાપણાનો આરોપ મુકી સનાતની પાસેજ સાચી ઠરાવવાનો અને તે વાત પ્રસિદ્ધિમાં લાવવાનો તેમનો પ્રયત્ન છે. એટલે આવો ઉલટ પ્રશ્ન કરીને સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોને દેશમાં જાગૃત કરાવવાનો તેમનો હેતુ સનાતની બંધુઓને લાભકર્ત્તા તેમ ભારત પ્રદેશને સુખકર્ત્તા છે. જો તેઓએ આવો ઉલટો માર્ગ ન લીધો હોત તો આ સનાતની પ્રમાદી બંધુઓની હજુપણ આંખો ઉઘડતજ નહિં, આવા તેમના પ્રશ્નોથી દેશને તેમ ધર્મને બહુજ મોટો લાભજ દિસે છે—આ ઉપરથી સાબીત થાય છે કે—આવા પ્રશ્ન કરનારાઓ ખાનગી રીતે સનાતની ભાઇઓજ છે અને આંબાને પથરો મારી કેરી ખાવાની લાલસાવાળા છે. અને તે સનાતની ભાઇઓને પ્રમાદમાંથી જાગૃત કરી સત્ય સિદ્ધાન્તરૂપી સૂર્યનો પ્રકાશ પ્રસરાવવા ઉલટ માર્ગથી આવવા લાગ્યા છે. અને જેટલા સાચા શોધક છે. તેતો આવી સત્ય નિશ્ચયની શોધથી પોતાના સનાતનને સંભાળી તુરતજ સત્ય માર્ગે ચાલી પોતાના સ્વતઃ સિદ્ધ સિદ્ધાન્તને સંભાળનારાજ છે. અને તેમાં પણ કેટલાએક બુદ્ધિની મંદદશામાં મિથ્યાભિમાનનેજ પકડી બેઠા હશે તેને તો આવા સત્ય અડગ નિશ્ચયમાં પણ ચાંદાં શોધવાની ક્રિયાથી પુનઃ દોષ દેખાશે—અને ખંડન મંડનમાંજ બગલાની પેઠે કોઠી ધોઇને કાદવ કાઢશેજ. વિરોધી બુદ્ધિની દૃષ્ટિથી વિરોધરૂપે દર્શન થાય છે અને નિર્મળ બુદ્ધિની દૃષ્ટિથી નિર્મળ અને સ્વતઃસિદ્ધ દર્શન થાય છે.

વળી સનાતન વૈદિક ધર્મનો મૂર્તિ પૂજાનો અચળ અને અખંડ સિદ્ધાન્ત સનાતન ધર્મિજનોમાં એવી રીતે વ્યાપકપણાને પામેલો છે કે—ભલે મૂર્તિપૂજાનું ખંડન માનનારા પોતાના લાભનો મિથ્યાકાળ ગુમાવે—છતાં તેમની યુક્તિ સાચું સમજવાને માટે અવળી બાજુથી આવવાની હોય તો પણ ઠીક ઠીક છે. કેમકે કેટલાએક માણસો પોતાનું મિથ્યાભિમાન સાચવવા—વખતે એમ બોલતા જણાય છે કે—મહાત્મા પુરૂષોના સમાગમમાં જઇને અવળું ના બોલીએ તો સવળું શી રીતે સમજાવે ??? જો અમો આટલું અવળું ન બોલ્યા હોત તો આવો સરસ સિદ્ધાન્ત શી રીતે નિકળતો ??? તો ઠીકજ છે. ભાઈ તમારો આવો સિદ્ધાન્ત તમારી મિથ્યાભિમાનની વૃથા મોટાઇને સાચવવા જેવો તમને યોગ્ય લાગ્યો હોય. તો પણ મહાત્મા જનો તો તે કહેવાના છે—અને સનાતન

વૈદિક ધર્મના સત્ય નિર્ણયને વર્ણવવા વાળાજ છે–તે તમો અવળા બોલશો તો પણ તેતો સવળીજ વાત કરવાના છે. સનાતન વૈદિક ધર્મમાં મૂર્તિપૂજાનો અડગ અને અવિચળ સિદ્ધાન્ત **सर्वं खल्विदं ब्रह्म**રૂપે અસ્ખલિતજ છે એમ જાણો. અને એ નિશ્ચયથીજ જીવન્મુક્ત સંત તત્ત્વવેત્તામાં અને ધાતુ પાષાણાદિકની મૂર્તિમાં–મૂર્તિસ્વરૂપ અને અમૂર્તિ સ્વરૂપ અભેદ સમજાવવાને એકજ શ્રુતિનો દૃઢ બોધ છે તે શ્રુતિ "**द्वावेव ब्रह्मणोरूपं मूर्तं चैवामूर्तं च**" છે. એમાં તેમણે જેમ જડ–ચેતન ભાગ જુદા પાડ્યા નથી–અને પડતા પણ નથી–તેમજ યાવત્ બ્રહ્માંડ સ્વરૂપથી પણ મૂર્ત અને અમૂર્ત ભાગની અભેદ સત્તાએ સાકાર અને નિરાકારની અભિન્નતા સાથે સગુણ નિર્ગુણની ઐક્યતા સમજાવેલી છે. તે દૃષ્ટિ બહાર હોય તો અવશ્ય જાણવાની જરૂર છે કે–વેદમાંજ મંદારવૃક્ષથી પ્રભુની સ્તુતિને માટે મંત્ર–શમી કે બીલી વૃક્ષથી પ્રભુની સ્તુતિને માટે મંત્ર–ઋગવેદમાં છે. તેમજ દુર્વાસ્વરૂપ પ્રભુને માટેની સ્તુતિનો મંત્ર પણ યજુર્વેદમાં છે. વળી તેમજ અશ્વત્થ (પીપળો) ને માટે તેમ તુલસીને માટેના પણ પ્રભુરૂપના મંત્રો છે. તેમજ **ब्राह्मणोस्यमुखमा०।** આ મંત્રથી પાંચ મંત્રોમાં વર્ણની ઉત્પત્તિ–આદિ ગ્રિષ્મવસંતાદિ ઋતુઓ, તેમ સાગર આદિ તિર્થક્ષેત્રોને માટે પણ વેદોમાં જેવા જોઇએ તેવા મંત્રો છે. તેમજ વિષ્ણુના–મચ્છાવતાર–કચ્છાવતાર–વામનઅવતાર–વરાહાવતાર આદિ દશે અવતારના પ્રતિપાદનની શ્રુતિઓ વેદોમા છે. એટલે માછલારૂપથી–કાચબારૂપથી-ભુંડના રૂપથી આદિ જનાવરોના રૂપથી પણ પ્રભુના સ્વરૂપનું વર્ણન છે–અને તેમની સ્તુતિ વર્ણવેલી છે–આ ઉપરથી સમજાય છે કે વૃક્ષ, પાન, ઘાસ, પાષાણ, નાના પ્રકારના પ્રાણીઓ, જળ સ્વરૂપ સમુદ્ર, આદિ નદીઓ, વિગેરે યાવત્ બ્રહ્માંડ રૂપથી–પોતેજ પરમાત્માનું સ્વરૂપ છે અને તેના પૂજનનો મહિમા વેદોમાં છે તો શાસ્ત્ર સ્મૃતિઓમાં હોય તેમાં શું નવાઈ ? ? એટલે વેદોથી લગાયત પુરાણ પર્યંત એક સરખી રીતે–બ્રહ્મ બ્રહ્માંડની અભેદતાનોજ પરમાત્માના સ્વરૂપનો સિદ્ધાન્ત મૂર્તિ અમૂર્તિની અભેદતાનેંજ સમજાવે છે. વૃક્ષ એ પણ પરમાત્માની મૂર્તિ છે. દૂર્વા ઘાસ પણ પરમાત્માની મૂર્તિ છે. પથ્થર પણ પરમાત્માની મૂર્તિ છે. તેમ માછલાં કાચબો અને ભુંડ આદિ પણ પરમાત્માની મૂર્તિજ છે. એમ સાબીત થતાં આ અનંત કોટી બ્રહ્માંડ–બ્રહ્મથીજ પૂર્ણ છે. તો બ્રહ્મ વિના અન્ય નથી એ સિદ્ધ થાય છે. અને તેને માટે ૐ **विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्पात् । सम्बाहुभ्यान्धमति सम्पतत्रैर्द्यावाभूमीजनयन्देवऽएकः ।** આ શ્રુતિથી છેલ્લામાં છેલ્લો એ નિશ્ચય થઈ જાય છે કે–યાવત્ વિશ્વજ પોતે એક દેવ સ્વરૂપ છે. એટલે શબ્દ માત્રથી

બ્રહ્મ પરમાત્મા બ્રહ્માંડના અનંત સ્વરૂપથી પોતેજ સિદ્ધ ઠરે છે.

સમજાતાં યાવત્ વિશ્વનામનાં તત્વોનાં સમુહો પણ બ્રહ્મ જ છે. અર્થાત્ બ્રહ્મ પરમાત્મા–યાવત્ વિશ્વના અનેક તત્વો સ્વરૂપથી જ સિદ્ધ છે. હવે જડ ક્યાં છે ? ? ચક્ષુ ઉઘાડીને જુઓ કે બ્રહ્મ શિવાય અન્ય કાંઇ જણાતું જ નથી તો જડ કયાં ? ? ? હવે જન સમૂહને અંધારામાં ફેરવી કુવામાં ધકેલી પાડવાની બુદ્ધિનો સર્વથા ત્યાગ કરો. અને સર્વ ભાઇઓનો આ એકજ સિદ્ધાન્ત છે. એમ જાણો. અન્ય જનો પોતાનાથી ભિન્ન નથી અને પોતે અન્યથી ભિન્ન નથી. ત્યારે વેદનો સિદ્ધાન્ત ખંડન મંડનના રૂપવાળો કેમજ હશે ? ? ? મૂર્તિ પૂજાનો સિદ્ધાન્ત ત્રેતાયુગમાં પણ હતો એ વાત સાબીત જ છે. તેમજ સત્ય યુગમાં પણ હતો એ વાત સિદ્ધ છે. વિશ્વનાથની મૂર્તિ ચાર યુગની–મયુરેશ્વરની મૂર્તિ (બ્રહ્માએ સ્થાપન કરેલી) ચાર યુગની–તેમ રામેશ્વરની મૂર્તિ પણ ત્રેતાયુગની પુરાણોથી સાબીત જ થાય છે. આથી મૂર્તિ પૂજાનો સિદ્ધાન્ત આદિ અંત સિદ્ધ છે. એ વાત નિર્વિવાદ છે. હવે વૈખરીના સોહાગી બંધુઓ મૂર્તિ પૂજાના સબંધમાં વૈખરીને ઘટે તેવા શ્રૃંગાર પહેરાવી નચવે, તેથી વૈખરી સતિ થવા સંભવ નથી. એ નિશ્ચય માનજો. વૈખરી કરનારનું સ્વરૂપજ સમજાઈ શકે છે કે તેઓ વેદોના ગુપ્ત મર્મના અજાણ જ છે. એમ મૂર્તિ પૂજાનું ખંડન મનાવનારા પોપ પંડિતો–માત્ર ઉદર નિર્વાહાર્થે–પોતાના સ્વદેશી ભાઈઓને અધમ માર્ગે ચઢાવતાં જરાપણ અચકાતા નથી. અને સનાતન વૈદિક ધર્મના અભેદ સિદ્ધાન્તના નિશ્ચય રૂપ સિંહનું સેવન ત્યાગી, તજાવી, આ બકરાના વાડામાં બકરા રૂપ બન્યા. અહાહા ! ! ! પણ ભાઈઓ ! ! આ અતિ ઊત્તમ સિદ્ધાન્ત સમજીને હવે અજા બુદ્ધિનો ત્યાગ કરી આત્મ કલ્યાણ સેવી, સિંહ રૂપ બનો. માત્ર દેહાધ્યાસના બોધથી ઊછરતી પ્રજા દેહાધ્યાસમય રહેવા લાગી છે. દેહ સુખ બુદ્ધિથી પોતાને સુખી માનવા લાગી છે. દેહને રૂપાળું જણાવવાનો પ્રયત્ન

દેહાધ્યાસથી જાગૃતી આપવાની સમજુતી.

કરવા વાળી થવા લાગી છે. માથાના વાળનાં વિચિત્ર ગુંચળાં ઓળીને વાળવાને પોણો કલાક જોઈએ. કપાળમાં એક " ટીપકી " કરવાને પા કલાક જોઈએ. અને જ્યારે એક કલાક આમ જાય, ત્યારેહવે મોજાં અને ચેકના બુટને નમસ્કાર કરતાં એક કલાક–હવે સંધ્યા ક્યારે જ થાય ? ? ગળામાં બિચારી જનોઈ–તે સો ગાંઠો વાળી–અને અંટવાયેલી કેવી ગંધાય છે ? ? અમારી ઊછરતી બાલક પ્રજાની આ દશા કરનાર ભારત દેશના–હે હિતશત્રુ બોધકો ! ! ! સ્વદેશના અહિતમાં તમારૂં પણ અહિતજ છે. માટે પ્રજાને નીતિમાન–સદાચરણી, શ્રદ્ધાવાન, વૈદિક કર્મોમાં ભક્તિમાન, અને અભેદ જ્ઞાન સમજી શકે તેવા અભ્યાસમાં મુકવાનો પ્રયત્ન કરો. તમારા મન કલ્પિત મંતવ્યો તેમને ભણાવી ભ્રાતૃ વર્ગને પોપટજી બનાવો નહિં. તેમને વિષયી બના-

વવા પ્રેરો નહિં. અને શુદ્ધ એવા વૈદિક સનાતન ધર્મના સરળ અને સત્ય માર્ગ ઉપર ચઢાવો. તો સ્વદેશને તારવા માટે કરેલો પ્રયત્ન તમારો સફળ જ થશે. **બ્રાહ્મણો** બગડી અધમ દશામાં પેઠા તો નીચેની ત્રિવર્ણની દશા બગડતાં વાર નથી. માટે બ્રાહ્મણોએ સનાતન વૈદિક ધર્મની આ અભેદ શ્રેણી સર્વ પ્રજાના **બોધક** સ્વરૂપથી માન્ય કરવાની છે. હવે દેશના ક્ષત્રિઓ–કે જે સનાતન વૈદિક ધર્મના સંરક્ષણ રૂપ વેદોથી સિદ્ધ વિરાટ્ પુરૂષના બાહુ સ્વરૂપની સમસ્યા પૂર્વક છે. તેમને સનાતન વૈદિક ધર્મની મર્યાદાએ બ્રાહ્મણોના જેટલો જ અધિકાર છે. માત્ર તેઓ ભણાવે નહિં, યજ્ઞ કરાવે નહિં, અને દાન લે નહિં, રાજવંશી ક્ષત્રિય પુત્રો વા બ્રહ્મક્ષત્રિય પુત્રોનો પરમ ધર્મ તે આ સનાતન વૈદિક ધર્મ છે. હાલની રાજ્ય સંસ્થાની ઉત્તમ કેળવણીને પામેલા બાળકો એક બાજુથી ઊંચ્ચ કેલવણીને પામી દારૂ, માંસ, બીડી આદિ વિગેરે મહાન્ દુર્વ્યસનથી મુક્ત રહેવા લાગ્યા છે. ત્યારે ધર્મની કેલવણી તરફ બીલકુલ જ નજર રાખતા નથી એ અફસોસ છે!!! જેવી આ કેલવણી લઈ ઊંચ્ચ સંસ્કારને

ક્ષત્રિય રાજકર્ત્તાઓ ને તથા બ્રહ્મક્ષત્રિય બંધુઓને જાગૃતી.

પામ્યા, તેમ ધર્મની કેલવણી લેવા જીવન્મુક્ત **સંત પુરૂષોના સમાગમમાં આવો. પણ દેહાભિમાનના ખાડામાં રોકાઈને ગર્વની ગંભીરતા અંગિકાર કરશો નહિ.** વિદ્યાને વિનયનો શ્રૃંગાર પહેરાવી શાન્તિના સદનમાં સાત્વિક સિંહાસનારૂઢ જોશો, તો તમારા કલ્યાણનો માર્ગ તમારી પાસેજ છે. એમ જાણો. વિનયના વિવેકવાળા સજ્જન મહાન્ ઉચ્ચ પંક્તિમાં ગણાય છે. રાજવંશી ક્ષત્રિય પુત્રોએ જાણવું જોઈએ કે–ધર્મ મર્યાદાથી જે જે રાજાઓ યશકિર્તિ જ્ઞાન પ્રાપ્ત કરી ગયા છે. તે રામ, જનક, ભગીરથનો–ધર્મનો માર્ગ જાણો તે માર્ગ તમારો છે. કેટલાએક અણુસમજુ અને ધર્મ ભક્તિ જ્ઞાનના અનઅનુભવી પુરૂષો એમજ સમજી માની બેઠા હોય છે કે નાના પ્રકારના જીવોની **હિંસા** કરવી અને માંસ મદિરા આદિનું સેવન કરવું એતો અમારો ક્ષત્રિયનો ધર્મ છે. પણ હે સ્વદેશી બંધુઓ!!! તેમ નથી. **જીવહિંસા** એ રાજસી તામસી અધમ બુદ્ધિનું લક્ષણ છે. ક્ષત્રિઓ પ્રભુએ પ્રજાના સંરક્ષણને માટેજ સૃજ્યા છે. ત્યારે પોતાના દેશમાં વસતા મનુષ્યો પ્રાણીઓ જાનવરો આદિ કે જેઓ પ્રજાને પીડા કરતા નથી એવી **નિરપરાધી પ્રજાનો વિનાશ કરવાને રાજાએ હાથમાં શસ્ત્ર પકડવું એ ક્ષત્રિય ધર્મ મર્યાદાને યોગ્ય નથી.** બગલાં, શશલાં વિગેરે પણ પોતાની પ્રજા છે. તેથી જેમ મનુષ્યનું રક્ષણ કરવું તેમ તલાવ નદી કિનારાના અનંત જીવોનું પણ રક્ષણ કરવું. જે પ્રાણિઓ પ્રજા વર્ગમાંના અનેક પ્રાણિઓને પીડા કરે છે એવા વાઘ, રીંછ, વરૂ આદિ ક્રૂર

પ્રાણિઓના સંહારને માટે ક્ષત્રિએ હાથમાં શસ્ત્ર ધારણ કરવું યોગ્ય છે કેમકે તેથી પ્રજા વિગેરે પ્રાણિનું રક્ષણ છે. જેમ પોતાના રાજ્યમાં ચોર લુટારૂ ધાડપાડુઓને શિક્ષા કરવી એ રાજાનો ધર્મ છે. તેમ પ્રજા-પ્રાણિ માત્રને પીડા કરનાર હિંસક પ્રાણિને શિક્ષા કરવી એ નૃપતિનો ધર્મ છે. પણ જે પેટ, અન્નથી, દુધથી, ઘીથી વા એવા સાત્વિક અને બલવાન ખોરાકથી ભરાય છે. તે પેટ બીજા જીવની હિંસા કરી તેના માંસથી ભરવામાં મહા પાપ છે. એમ નિશ્ચય જાણવું જોઈએ.

વૈશ્યોને જાણવાની જાગૃતિ.

બાકીમાં રહ્યા વૈશ્યો—તેમણે તો હાથીની શુંઢને બદલે હાથીનું પૂંછડું પકડાવેલું પકડયું તે પકડયું—હવે શુંઢ જણાય અને સમજાય તોપણ પૂંછડું છુટેજ નહિં. આ મિથ્યા-આગ્રહનો તો અંતજ આવે નહિં. આગ્રહી પંથ મતાભિલાષી બંધુઓએ પોતાના વાડાને સતેજ રાખવા ઉલટાજ પ્રબોધો દેવા શરૂ કર્યો કે આ સનાતન ધર્મના બોધક સંન્યાસી, બ્રહ્મચારી તો **અન્ય માર્ગીજ-અન્ય માર્ગીના મુખનો બોધ સાંભળવો જ નહિં.** “ઉપરની ટાપટીપ અને ભીંતરની રામ જાણે”—“**બાહ્ય ભક્તિની ટાપટીપ.**” અને અંતરૂમાં પ્રપંચની, છળ કપટની, દંભની, મોટી મોટી કાતરોથી ભરેલી આ હૃદય રૂપી પેટી કયે વખતે શું કરી શકે છે ? ? તે તો તે જાણે. પણ ભાઈ તમો અને અમો એકજ પરમાત્મા રૂપી પિતાના પુત્રો છીએ. અમારો તમારો એકજ વૈદિક સનાતન ધર્મ છે. વિષ્ણુનું મંદિર પણ પ્રભુનું—રામનું મંદિર પણ પ્રભુનું—શિવનું મંદિર પણ પ્રભુનું—ગણપતિનું મંદિર પણ પ્રભુનું—અથવા માતાજીનું મંદિર પણ પ્રભુનું. આપણે સત્ય સમજનારને ભેદાભેદ શુ ? ? આ તમને અંધારામાં રાખનારાનો પ્રયત્ન તેમના સ્વાર્થ બુદ્ધિના હેતુને તમો ઓળખો. અને શુદ્ધ સનાતન વૈદિક ધર્મમાં જાગૃત થાઓ. વૈદિક સનાતન ધર્મનો બોધ એકલા બ્રાહ્મણ વર્ગને માટે નથી. પણ યાવત્ વર્ણાશ્રમના ચાતુર્વર્ણ્યના સજ્જન બંધુઓને માટે છે. જુઓ. (આગળ વર્ણવ્યા પ્રમાણે)

शिवे विष्णौच शक्तौच सूर्ये मयि नराधिप ।
याऽभदबुद्धिर्योगःस सम्यग्योगो मतो मम ।

શ્રીમદ્ ગણેશગીતામાંજ શ્રી મહા ગણપતિ મહારાજ શ્રી વરેણ્યરાજા પ્રત્યે કહે છે કે, જે અભેદ બુદ્ધિ યોગથી બ્રહ્મ સ્વરૂપતાને જીવાત્મા પામે છે. તે અભેદ બુદ્ધિ યોગની સમજણ એવી રીતે છે કે—(તુર્યપાદ) શિવને વિષે—(સમપાદ) વિષ્ણુને વિષે—(**સત્** પાદ) સૂર્યને વિષે—તથા (**અસત્** પાદરૂપ) શક્તિને વિષે તથા (પંચમ પાદ) (સ્વસ્વરૂપ) મારે એટલે ગણપતિને વિષે અ-

પંચયતનની ઉપાસના અભેદ સ્વરૂપ ૐકારજ છે.

ભેદ ભાવનાથી અભેદ સ્વરૂપે જોવું તેજ સત્ય **અભેદ બુદ્ધિયોગ** છે. આજ અભેદબુદ્ધિ યોગમાં કોઇને નાનો વા મોટો કહેવાયજ નહિ. એ સર્વ સ્વરૂપ મળીને એક ૐકાર સ્વરૂપ પરમાત્મા છે. આવી અભેદ બુદ્ધિનો વિચાર સનાતન વૈદિક ધર્મની શ્રેણીને જાણનાર શિવાય આગ્રહી પંથ મતાદિક વાડાઓ વાળા કદાપિ પોતાના અંધારણના શિષ્યોને સમજાવતા નથી. ત્યાંતો શિવના ઉપાસકો વિષ્ણુ કે રામ નામ બોલતાં લજવાય છે અને શિવજ મોક્ષદાતા છે અને અન્યચારની ઉપાસના મિથ્યા છે એમ જણાવે છે ત્યારે વિષ્ણુના ભક્તો દરજીને કપડા શીવ. એમ ક્રિયાપદમાં પણ શિવ નામ આવે છે તે બોલતાં લજવાય છે. પણ સનાતન વૈદિક ધર્મના અભેદ સિદ્ધાન્તમાં કોઇપણ નામથી પ્રભુનું સ્મર્ણ કરવાને બાધ નથી. તેમ ગમે તે નામ પણ પરમાત્માનુંજ છે. જેથી તેમાં ન્યૂનાધિકતા કે વિરોધ નથી. આવો **અભેદ યોગ** આ સનાતન વૈદિક ધર્મની શિવ વિષ્ણવાદિકના નામથી ભક્તિ કરનાર પ્રજામાં ક્યારે દર્શન આપશે ? ? જ્યારે આમ અભેદ નામરૂપથી પંચાયતનની અભેદ ભક્તિ કરવા લાગશે ત્યારેજ આ ભારતવર્ષની મૂળની જાહોજલાલી પાછી ચળકતી અને ઝકઝકતી પ્રકાશમાન થશે. સગુણ અથવા **મૂર્તિ**–નિર્ગુણ અથવા **અમૂર્તિ**–આ ઊભય એકજ પરમાત્માનાં વિશેષણો છે અને બન્નેને પ્રતિપાદન કરનાર વેદો છે. અને તેથીજ તેને **શાબ્દ પ્રમાણ** કહેવામાં આવે છે. સગુણને પ્રતિપાદન કરનાર પણ વેદ એટલે શાબ્દ પ્રમાણ છે ત્યારે નિર્ગુણને પણ પ્રતિપાદન કરનાર વેદ એટલે શાબ્દપ્રમાણ છે. આ બન્નેથી પરે પરમાત્મા પરબ્રહ્મ ૐકાર છે. કે જેને પ્રતિપાદન કરવાને શાબ્દ પ્રમાણની જરૂર નથી. **यतोवाचो।** આ શ્રુતિથી સિદ્ધ સમજાય છે કે જ્યારે આ શ્રુતિથી સગુણનું ખંડન થતું હોય તો નિર્ગુણનુ પણ ખંડનજ સમજવું. અને પ્રતિપાદન થતું હોય તો સગુણ નિર્ગુણ ઊભય શબ્દનું પ્રતિપાદન થાય છે. માટે સગુણ નિર્ગુણના પ્રતિપાદન સાથે મૂર્તિ અને અમૂર્તિ સ્વરૂપ પરમાત્માનું પ્રતિપાદન થતાં મૂર્તિપૂજા પણ સ્વતઃસિદ્ધ વેદ પ્રતિપાદ્ય છે એટલે ૐકાર સ્વરૂપ–તે ૐકારજ ૐકારાકૃતિથી સ્વતઃસિદ્ધ મૂર્તિસ્વરૂપ, અને અમૂર્તિ સ્વરૂપ ઠરે છે. જ્યાં મૂર્તિ સ્વતઃસિદ્ધ ઠરી કે પૂજા આપોઆપજ સિદ્ધ છે.

॥ चतुर्थपाद ॥

वल्ली २१ मी.

अन्तः स्वयं चापि बहिः स्वयंच स्वयं पुरस्तात् स्वयमेव पश्चात् ।
स्वयं ह्यवाच्यां स्वयमप्युदीच्यां तथोपरिष्टात्स्वयमप्यधस्तात् ॥

અંતર પણ સ્વયં આત્મા છે. બાહેર પણ સ્વયં આત્મા છે. પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં પણ સ્વયં આત્મા છે તેમ દક્ષિણ દિશામાં અને ઊત્તર દિશામાં પણ સ્વયં આત્મા છે. તેમ ઊર્ધ્વમાં અને અધોમાં પણ સ્વયં આત્માજ છે.

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्यज्ञानतया नूनं पुनरायान्ति यान्ति च ॥ अप० ।

જે માણસો પરબ્રહ્મ પરમાત્માની વાત કરવામાં અત્યંત કુશળ છતાં બ્રહ્માકાર વૃત્તિથી રહિત—માત્ર દેહ બુદ્ધિના નાના પ્રકારના વિષય વિચારમાં અત્યંત રાગી છે. તેઓ સ્વસ્વરૂપના અજ્ઞાનપણા વડે કરીને નકકીજ વારંવાર જન્મે છે અને મરે છે.

જેવી રીતે એક બાજુએ સંકુચિત બાજુના બંધુઓ મૂર્તિપૂજા અથવા ૐસગુણ બ્રહ્મઊપાસનાનું ખંડન કરવા મથે છે. અને શ્રુતિ સ્મૃતિના ખોટા અર્થ કરી લોક સમૂહમાં પોતાનો એકડો ખરો ગુંટાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે બીજી બાજુએ શુષ્ક વેદાન્તિ બંધુઓ—અમો તો ગયા જન્મમાં કર્મ ઉપાસના કરીને આવ્યા છીએ માટે આ જન્મમાં અમારે કરવાની જરૂર નથી એમ ધારી નિશ્ચલદાસ સાધુના વિચારસાગરના વિચારોથી પોતાને પૂર્ણ માનવા લાગ્યા છે. પણ તેવા બંધુઓને પણ યાદ રાખવાની જરૂર છે કે જ્યારે તમારૂં શરીર અવશેષ રહી લોક વ્યવહારાદિક રજતમ ગુણના અધમ કર્મ કરવાને તૈયાર રહે છે ત્યારે તેવા અધમ કર્મોના બળને તોડવાની પણ જરૂર છે. વૈદિક સાત્વિક કર્મ કરવાં નથી અને લોક વ્યવહારમાં ગમે તેમ આચરણ રાખીને કર્મ ચાલુ રાખવાં છે. એ વ્યાજબી ગણાયજ નહિં. દ્વૈત બુદ્ધિનાં વ્યવહારિક કર્મોમાં પ્રપંચ, દંભ વિગેરે ખેલાય છે, ત્યારે જીવરામ ભટ્ટની પેઠે ઊન્નતિને બદલે અવનતિથી વર્તન ચલાવી ઉન્નતિ શી રીતે થશે ? ? ત્યારે સત્કર્મ કરો. અને સનાતન વૈદિક ધર્મની મર્યાદા પ્રમાણે કર્મ, ઉપાસનામાં પ્રીતિ રાખો. શાસ્ત્રો તરફ અને સનાતન ધર્મના વક્તાઓ તરફ તમારી શ્રદ્ધા નથી તેથીજ તમારી બુદ્ધિ અનિશ્ચિતપણાને પ્રાપ્ત થઈ કર્મ, ઉપાસનાના અનધિકારી બનો છો. માટે

મિથ્યા શુષ્ક વેદાન્તિ બંધુઓને જાગૃતિ.

રીતસર કરો તો વધારે સારૂ. મોંઢેથી " **હું બ્રહ્મ છું** " તથા " **મને પુણ્ય-પાપ વળગતું નથી** " એ તો ઠીક–પણ એટલુંજ કહેવું યોગ્ય ધારીએ છીએ કે બ્રહ્મતો **નિર્ધર્મક** તત્વ છે. જેમ જીવન્મુક્ત પુરૂષો માત્ર ઇન્દ્રિયાદિકના ધર્મને અનુસરતાં છતાં પણ પ્રાપ્તિ, અપ્રાપ્તિ–સુખ દુ:ખ, **માનાપમાન,** હર્ષ શોક, વિગેરે દ્વંદ્વોમાં લપટાતા નથી અને સર્વત્ર પરમાત્મ સ્વરૂપ જુએ છે તેમને સ્ત્રી પુત્ર વિગેરે શત્રુ મિત્ર નથી. તેમ તમો કેમ વર્તતા નથી ? ? જીવ-ન્મુક્તજનો પુણ્યપાપાદિકથી રહિત છે. અને તે એવી રીતે કે પાપાચરણ તો કદાપિ કરતા નથી. કેમકે તેઓ દેહ વિષય સુખબુદ્ધિથી રહિત, દેહાધ્યાસ ર-હિત, રહે તેથી પાપાચરણ તો કરેજ નહિ. અને પુણ્યાદિક કરવાને હરકત માને નહિં છતાં પણ તે તત્ સત બ્રહ્માર્પણ બુદ્ધિથી કરે એટલે તેનું અભિમાન વા ફલેચ્છા ધારણ કરવાની અપેક્ષાથી રહિત છે. તેઓ પોતાના છોકરી છોક-રાને માટે હવેલી બંધાવતા નથી પણ પરમાર્થને માટે ધર્મશાળા, દેવમંદિરો, કુવા, વિગેરે વિદ્યાશાળાઓ બાંધતા જણાય તોપણ લોકસમૂહના કલ્યાણના હેતુ રૂપ ગણો. અગર તેમ પણ નહિં–ત્યારે તમો તેમ કેમ વર્ત્તતા નથી ? ? પુણ્યા-દિક કર્મ કરતાં પોતાના ધનનો વ્યય થાય છે અને છોકરાને સોંપવાની પુંજી-માંથી ઓછું થાય છે વા પોતાના હૃદયની કૃપણતા છે તે વાત ગુપ્ત રાખવાને માટે મને પુણ્યની અપેક્ષા નથી. પુણ્યથી તો સ્વર્ગ મળે માટે મારે તે જોઇતું નથી. આહાહા ! ! ! પણ પાપાચરણથી ભરેલી દેહાભિમાનવાળી દેહાધ્યાસવાળી બુદ્ધિ–નાના પ્રકારના દંભ, પાખંડાદિ વા નાના પ્રકારની સૃષ્ટિ સર્જન વિધિ કરે તે પાપથી બચવાનો પ્રયત્ન તો ચાલુજ રાખવો છે. તો આ ખોટનો વ્યાપાર કરતાં કોને દુ:ખ છે ? ? તેનો વિચાર કરો. આવા નાના પ્રકારના દેહાધ્યાસ ભરેલા દેહાભિમાનનાં પાપાચરણ કરતાં "હું બ્રહ્મ છું" એમ સાબીત રહી શકતું નથી. ત્યારે વચ્ચે **ચિદાભાસ**ને બતાવે છે. અરે ભાઈ ! ! ગલત વાતોથી શું લાભ છે ? ? અંધને ભમાવવાને પોતાને ઠીક પડતો સરળ રસ્તો લેતા હશે પણ તેથી વિદ્વાનો ભુલવાના નથી. સનાતન વૈદિક ધર્મનું સેવન કરતાં કાંઇક કાળ સંધ્યા પુજામાં રોકવો પડવાનો–સત્ય વાણી દયા ક્ષમા ઉદારતા પવિત્રતા સદાચરણ–પ્રમાણિકતા–પ્રેમ ભક્તિ–સંત સમાગમ, વિગેરે સેવવાં પડે–ગુરૂ સેવા વૃત્તિ ધારણ કરવી પડે–ગુરૂ ચર્ણમાં નિર્લજ રૂપે નમસ્કાર કરવા પડે–અભેદ જ્ઞાન જાણુવાને સાધન સંપન્ન રહેવું પડે–મિથ્યા અહંમમ-ત્વથી કલ્પિત અને ભ્રાન્તિના ભરેલા સંસાર વ્યવહારના પ્રપંચને હૃદયથી ત્યા-ગવો પડે–આમ કરવાથી સ્વેચ્છા પ્રમાણે ખેલાતું નથી. ત્યારે સારૂં બિચારૂં આ શુષ્ક **બ્રહ્મ જ્ઞાન** ! ! કે મૂર્તિપૂજા કરવાને ભણવાની વા નાના પ્રકારના પદાર્થોથી પૂજન કરવામાં વખત રોકાય નહિ–દાન પુણ્ય કરવાનું નહિં. બ્રાહ્મણ

ભોજનાદિની જરૂર નહિં. અને મનમંતવ્ય વા સ્વેચ્છિક આહાર વિહાર સારી રીતે કરી શકાય-ગમે તેવાં આચરણ રાખવાને હરકત પડે નહિં. ગમે **તેમ** વર્ત્તાય અને ગાડું હંકાય-છતાં **બ્રહ્મ** ઠરીએ. વિષયોમાં વૃત્તિને ગમે તેમ ખીલવીએ તેમાં **"મને દોષ નથી"** એમ માનવાને અડચણ પડતી નથી. વાહ ભાઈ વાહ !!! પણ બંધુઓ !! બ્રહ્મ આવું ગરબડીઉં નથી ત્યાં તો માયા-કલ્પનારૂપ ઠરે છે. ત્યાં શરીર કેમ હશે ?? ખેર. ઇચ્છામાં આવે તેમ વર્ત્તો. પણ આખરે સત્ય તેજ સત્ય છે. મતવાદીઓનાં ભુંગળાંનાં શોર બકોરે કાન ફોડી નાખ્યા છે. તેમાં આ નાની પીપી તમને સંભળાય તો સાંભળો. બાકી કંઈ રાગદ્વેષ નથી. હવે **પોતાની કે દેશની શું દશા !!** જે પરમાત્માની સંપૂર્ણ સત્તા વડે આ બધો જગતરૂપ આધારભૂત ભાવ, દર્શનીક થઇ રહ્યો છે. ત્યાં તમારી-તેમની કૃપા વિનાની એકલાની તૃણ બરાબર સત્તા શું કામ આવે ?? હવે મિથ્યાની બુમોથી તમારો અને દેશનો દિવસ ફરવાનો નથીજ નથી-આવી કલ્પિત ચિત્રામણના જેવી શુષ્ક વૃત્તિઓ પ્રભુની કૃપાને પ્રાપ્ત કરવાને સમર્થ નથી. અને **પ્રભુ કૃપા** વિના સ્વદેશની તેમ સ્વધર્મની **ઉન્નતિનાં** દર્શન પણ થવાનાં નથી. એતો જ્યારે સ્વદેશ ભારત ભૂમિના ક્ષત્રિય કુલોત્પન્ન રાજવંશી

સ્વદેશ અને સ્વ-ધર્મની સ્થિતિની ઉન્નતિના વિચાર-

નૃપતિ, ભૂપતિ, રાણા, મહારાણાઓ, ઠાકોરો આદિ વિદ્વાનો -ભક્તરાજ વૈશ્યો-વૈદિક સનાતન ધર્મમાં આગળ આવે અને વૈદિક સનાતન ધર્મના વક્તા.-**સર્વ સંપ્રદાય તથા પંથ મતના આચાર્યો અને બ્રાહ્મણો** એક સંપથી, એક મતથી, ભેદાભેદ મનમંતવ્ય મતનો ત્યાગ કરી, સનાતન વૈદિક ધર્મનીપ્રાચીન કુલ શ્રેણી-મર્યાદા પ્રમાણે સ્વધર્મ વર્ણ જાતીની વ્યવસ્થા-આશ્રમ ધર્મ પૂર્વક યથાર્થ ચલાવે, અને ચાતુર્વર્ણ્ય યોગ્ય ધર્મની વ્યવસ્થા સાચવતાં મિથ્યા આગ્રહ ત્યાગ કરીને ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક પ્રભુના **ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિના** પાંચ પાદરૂપ પંચાયતનમાં ભેદાભેદ ન કરતાં યથાર્થ રીતે અનુક્રમે આદિથી અંત પર્યંત પૂર્ણ ભક્તિ સાચવે. અને અભેદ બોધથી ઉપાસના કરતાં ગુરૂ સેવા થતી જાય, અને ગુરૂ ભક્તિમાં લોક સમૂહ એક સરખી રીતે ભાગ લેતા થાય. એમ દેશદેશના નૃપતિઓજ સ્વધર્મ મર્યાદા ધારણ કરે તો બ્રાહ્મણાદિ ચાતુર્વર્ણ્યને તે માર્ગ ગ્રહણ કર્યા વિના છુટકો થાય નહિં. વેદ, ઉપનિષદો, શાસ્ત્ર, સ્મૃતિ પુરાણ ઇતિહાસને શ્રદ્ધા પૂર્વક અભેદ બુદ્ધિએ શ્રવણ કરે કરાવે. પોતે પાળે અન્યને પળાવે-પોતે નીતિ સેવા રાખે-અને અન્યને રખાવે. એવા કાયદામાં પ્રજા જાગૃત થાય ત્યારે **પોતાનો** અને **સ્વદેશનો દિવસ પ્રભુ કૃપાએ ઘેર આવે.** બાકી આગીયા (ખદ્યોત) ને અજવાળે મોતી પરોવાશે નહિં. ઘાસની તાપણી શીત ઉડાડશે નહિં. ષંઢ પુરૂષથી

વિષય વાસના પુરી થનાર નથી એમ નિશ્ચય જાણવાનું છે. **વિદ્યા, કળા, હુન્નર, ધંધો, રોજગાર, આબાદી, સુખાકારી, ખેતી** વિગેરે સર્વ પ્રકારથી દેશની ઉન્નતિનો સર્વ આધાર **સનાતન વૈદિક ધર્મ** અને પ્રભુ ભક્તિમાંજ સમાયેલો છે. એમ દેશમાં વસતા આત્મબંધુઓને શ્રદ્ધા પૂર્વક સમજાશે ત્યારેજ **ઉદય** છે. આજ માર્ગે સત્ય છે. જેનો જેનો ઉદય અને ઉન્નતિ સંભવી છે. તે પ્રભુ કૃપાથી છે. મનુષ્યની કૃપાથી જ્યારે વ્યવહારની કોઈ કોઈ પ્રકારની ઉન્નતિ દેખાય છે. ત્યારે વિશ્વવ્યાપક પરમાત્માની કૃપા હોય તો આ જન સમૂહની તેમ સ્વધર્મની ઉન્નતિ થતાં કદાપિ પણ વાર લાગવાની નથી. વ્યવહારની દૃષ્ટિએ વ્યવહારીક ઉન્નતિમાં પણ **પ્રભુકૃપા** એ મુખ્ય દૃષ્ટિ છે. છતાં શાસ્ત્ર પ્રમાણે તો અષ્ટસિદ્ધિની પ્રાપ્તિ પણ પ્રાપ્તિ ગણાતી નથી. તો આ જગતના આજ મળે અને કાલે નષ્ટ થાય. એવા પદાર્થની પ્રાપ્તિ-તે પ્રાપ્તિરૂપની પણ શુષ્કતા છે. ખેર-તેમ છતાં પણ જગત કિર્તિ, માન, યશ અને ધન, પુત્ર, આદિ નાના પ્રકારના અલ્પસુખ દર્શાવનારા પદાર્થોની પ્રાપ્તિ-તે પણ **પ્રભુકૃપા** વિના થતી નથી. કોઈ એમ વિચાર કરે કે **પુરૂષાર્થ** શું કરી શકતો નથી ? ? તો તેનો જવાબ જાણવો જોઇએ કે, જે આ જગતનો કર્ત્તા છે. તેની કૃપાથીજ તમારા પુરૂષાર્થનું ફળ આવવાનું છે. કેમકે સર્વ પ્રકારની દોરી તેણે પોતાને હાથ રાખેલી છે. ત્યારે **પુરૂષાર્થ** શબ્દને ધારણ કરી અહં વૃત્તિના મિથ્યા ડોળમાં સપટાતાં જાગૃત થઈ "**પ્રભુકૃપા**" આ સિદ્ધાન્ત હૃદયમાં ધારણ કરો. તો નિરાભિમાન વૃત્તિએ પરમેશ્વરની કૃપા સંપાદન થયા વિના રહેશેજ નહિં. બાકી પુરૂષાર્થ કરવાવાળા મિથ્યા પ્રયત્ન કરતાજ જણાયા છે. તેની કૃપા વિના કંઈ પણ નથી. (છપન્નીયામાં બહુ માણસે પુરૂષાર્થ કર્યો હતો. પણ નિષ્ફળ ગયો હતો.) માટે **પ્રભુકૃપા** એજ **ગુરૂકૃપા**-અને તેજ સત્ય છે. જુઓ ભાઈ ! ! બ્રહ્મા, વિષ્ણુ. રૂદ્રાદિ દેવો પણ **પ્રભુકૃપા** ઉપર આધાર રાખી ક્રિયાના કર્તૃત્વને ધારણ કરી પોતાનું કાર્ય કરે છે. તો મનુષ્ય તેમ કરે. એમાં શું નવાઈ ! ! ! સૃષ્ટિના આરંભ કાળમાં **દેવો** અને **અસુરોના** યુદ્ધ પ્રસંગમાં વારંવાર દેવ લોકોએ સનાતન વેદ ધર્મની મર્યાદા પ્રમાણે દેવોના દેવ એવા-સર્વ પતિઓના પતિ એવા-ૐકાર સ્વરૂપ ૐકારાકૃતિ સ્વરૂપ શ્રી ગુણાતીત, તૂર્યાતીત, અક્ષરાતીત, એવા ઉપાસ્ય સ્વરૂપ નામથી **શ્રી મહા ગણપતિ**. ની સ્તુતિ કર્યાનાં દૃષ્ટાન્તો પુરાણોમાં પ્રગટ છે. એમ સ્તુતિ, પૂજા, ભક્તિથી પ્રસન્ન થઈ તે પરમાત્માએ દેવોને સાહ્યતા આપી છે તે પણ પ્રસિદ્ધજ છે. તેમજ આ ભારતભૂમિના ધાર્મિક પ્રેમી-ભક્તજનો, પોતાના સનાતન વેદધર્મની મર્યાદા પ્રમાણે-પોતાની બગડી ગયેલી સ્થિતિની ઉન્નતિને માટે દેવોની માફક પુનઃ સ્તુતિ પૂજા, ભકિતનો આરંભ કરશે તો સ્વદેશ-સ્વધર્મ-ની

ઊન્નતિ **हस्तामलकन्याय**ની પેઠે સ્વતઃસિદ્ધજ છે. એમ સત્ય સમજાવવા માટે-પોતાના તુર્યાતીત-ૐકાર સ્વરૂપ પરમાત્મા "**ગણેશ્વર**" ની સ્તુતિ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર આદિ તુર્યબ્રહ્મ પરમાત્માએ કરેલી છે. તે જાણવા માટે— જુઓ **नृसिंह पुराण**માં પ્રમાણ છે કે-પૂર્વે ઇક્ષ્વાકુ રાજાએ વિષ્ણુની ઉપાસના કરી પ્રસન્નતા મેળવવા તપ કર્યું પણ વિષ્ણુ મહારાજ પ્રસન્ન થયા નહિં ત્યારે શ્રી સદ્‌ગુરૂ શ્રી વસિષ્ટ મહારાજને પુછ્યું. કે શું કરવાથી વિષ્ણુ પ્રસન્ન થશે તે ઉપરથી વસિષ્ટ બોધ કરે છે કે-

भक्त्याराध्य गणाध्यक्षमितो व्रज विनायकम् ।
तपः सिद्ध्यर्थं मनघं पश्चात्तत्र तपः कुरु ॥
इत्येव मुक्तो मुनिना स राजा, राज्यं भुवो मंत्रिवरे समर्प्य ।
स्तुत्वा गणेशं सुमनोभिरर्चितं, गतः पुरस्त्वात्तपसे धृतात्मा ॥

હે પાપ રહિત નૃપતિ!!! પ્રથમજ (ચાર પાદરૂપ) **गण** અને તેના (પતિ સ્વરૂપ) અધ્યક્ષ-એવા **गणाध्यक्ष** જે સર્વના નાયકરૂપે **विनायक** છે. તેમની કૃપા સંપાદન કરીને પછી તપ કરવા જાઓ. એ પ્રમાણે શ્રી વસિષ્ટ મુનિનાં વચન શ્રવણ કરી રાજ્ય વ્યવસ્થા મંત્રીઓને સોંપી-અતિ પ્રેમ પૂર્વક શ્રી ગણેશજીને પ્રસન્ન કરીને રાજા ઈચ્છીત ફળને પામ્યો.

એમ ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા પંચમપાદ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ શ્રી **गणपति** એવું નામ-જીવ-અને ઇશ્વરનું આદ્ય હોવાથી તેજ આદ્યેશ્વર કહેવાય છે. જૈનમાં તેને "આદિ નાથ" એમ કરીને કહે છે. એમ સર્વેનું આદિ તે ૐકારજ છે. અને તેજ **गणपति**જ છે જેથી સનાતન વૈદિક ધર્મમાં **आद्य पूजनाधिकार** માત્ર શ્રી ગણુપતિનોજ છે. એમ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ અનુભવ અને યુક્તિથી સર્વે પ્રકારે પણ આદ્ય પૂજનાધિકાર તેમનોજ હોવાથી સનાતન વૈદિક ધર્મના વેદોક્ત-પુરાણોક્ત કોઈ એક કાર્યમાં-કોઈ એક વર્ણાશ્રમ ધર્મ મર્યાદામાં-પ્રથમ પૂજન શ્રી ગણુપતિ મહારાજનુંજ થાય છે. એ સ્વતઃ સિદ્ધજ છે.

જીવ ઇશ્વરનો આદ્ય શ્રીૐકાર સ્વરૂપ ગણુપતિ છે. માટે તેમને સનાતન વૈદિક ધર્મમાં આદ્ય પૂજનાધિકાર છે.

આમ વેદ વેદાન્ત સિદ્ધ, અને સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોથી પણ સિદ્ધ, યાવત્ વેદોક્ત કર્મમાં શ્રી ગણુપતિના નામથી આદ્ય પૂજનાધિકાર જણાય છે તેમજ પુરાણોક્ત કર્મને માટે પુરાણોમાં પણ તેવોજ વિધિ વર્ણવેલો છે. **બ્રહ્મ વૈવર્ત્ત**માં સનત્કુમાર પ્રતિશ્રી **શ્વેતદ્વીપવાસી** નારાયણનું વચન છે કે-

सर्वादौ पूजनं यस्य ज्ञानीनां च गुरोर्गुरुः ।
धन्यो गणेश्वरो देवो देवानां प्रवरः परः ॥
सिद्धेन्द्रेषु मुनेन्द्रेषु देवेन्द्रेषु श्रुतौ श्रुतम् ।
योगिन्द्रेषु च प्राज्ञेषु न गणेशात्परः पुमान् ॥
निम्नगासु यथा गंगा तीर्थेषु पुष्करो यथा ।
पुरीषु च यथा काशि तथा देवे गणेश्वरः ॥

વેદોક્ત પુરાણોક્ત યાવત્ કર્મમાં આદ્ય છે પૂજન તે જેનું, અને જ્ઞાની જનોના ગુરૂના પણ ગુરૂ છે તે એવા **"શ્રી ગણેશ્વર"** ને ધન્ય છે!!! કેમકે સિધ્ધેન્દ્રમાં, મુનેન્દ્રમાં, દેવેન્દ્રમાં તેમજ યોગીન્દ્રમાં અને પ્રાજ્ઞ એટલે અંતર નિવાસીઓમાં **"ગણેશ"** થી પર એવો કોઇ સાંભળ્યો નથી. એમ વેદની શ્રુતિઓ બોલે છે. તે જેમ નદીઓમાં ગંગા ઉત્તમ છે. તીર્થોમાં પુષ્કરરાજ ઉત્તમ છે પુરીઓમાં કાશિ પુરી શ્રેષ્ટ છે. તેમજ યાવત્ દેવોમાં શ્રી ગણેશ્વરજ શ્રેષ્ટ છે. કેમકે તે સાક્ષાત્ ૐકાર સ્વરૂપજ છે.

આ વેદ માન્ય સિદ્ધાન્ત કેવળ પુરાણ પર્યંત પણ એક સરખી રીતે માન્ય સ્વરૂપ છે. છતાં કોઈ શંકા કરે કે તમો શ્રી ગણપતિને ઇષ્ટ માનતા હશો તેથી તમે તેમનીજ પ્રશંશા કરોછો પણ ભાઈ તેમ કદાપિ સમજશો નહિં. યાવત્ ચાતુર્વર્ણ્યની તમામ સનાતન વેદ ધર્મિ પ્રજાને માટે આ એકજ સિદ્ધાન્ત સિદ્ધ છે. પરમાત્મા તો સર્વમાં સર્વ સ્વરૂપથી પોતેજ છે. તે કદાપિ પણ મારો કે તમારો આગવો નથી જેટલો મારો મનાય, તેટલોજ તમારો મનાય. વિધિ સર્વેને માટે એક સરખીજ છે. તે ૐકાર સ્વરૂપી ગણપતિ યાવત્ સનાતની બંધુઓનું ઇષ્ટજ છે.

"ભજે તેના ભગવાન" આ કહેવત પ્રમાણે તે પ્રભુતો સર્વેનોજ છે. વળી કેટલાએક માત્ર પુરાણોક્ત ગાથાઓના સારનેજ માત્ર જાણવાવાળા અને આવી રીતે વૈદિક સિદ્ધાન્ત ન જાણવાવાળા વખતોવખત અજાણપણાથી પ્રશ્ન કરે છે કે શ્રી શંકરે શ્રી ગણપતિને પ્રથમ પૂજનાધિકાર આપ્યો ત્યારથી તે કર્મમાં પહેલાંજ પૂજાય છે પણ તેઓને આ વૈદિક વિધિ સમજાય તો પછી પ્રશ્નને માર્ગ નથી. શંકર તૂર્યબ્રહ્મ છે અને **ગણ+પતિ** મળી, યોગરૂપ પંચમ બ્રહ્મ પૂર્ણબ્રહ્મ ૐકાર સ્વરૂપનું નામ છે. તે તૂર્યાતીત છે. તૂર્યબ્રહ્મ–તૂર્યાતીતને તેવો અધિકાર શી રીતે આપે??? જો શંકરે આપ્યો ગણાય તો પોતાને ત્યાં પ્રાદુર્ભૂત અવતાર રૂપે ગણેશના પહેલાં તે અધિકાર શ્રી શંકરને હતો??? એતો જે આદ્યજ છે તેમનોજ આદ્ય પૂજનાધિકાર છે. અને તેથીજ તે આદ્ય પૂજનાધિકાર

વાળો પંચમપાદ તૂર્યાતીત ગણપતિજ—જ્યારે તૂર્યપાદ બ્રહ્મ (શિવ) ને ત્યાં અવતાર ધારણ કરી આવે ત્યારે તેનો મૂળનોજ આદ્ય પૂજનાધિકાર છે એમ સમજાવવાની આ યુક્તિ પુરાણોમાં વર્ણવેલી છે. તૂર્યાતીત બ્રહ્મ શ્રી ગણપતિ મહારાજ કે જે ૐકાર સ્વરૂપ છે તેના શ્રી શંકરને ત્યાં અષ્ટ કોટી અવતારનું પ્રાદુર્ભૂતત્વ વર્ણવેલું છે. તે પહેલાં શ્રી શંકર પોતે પાર્વતીને કે દાક્ષીને પરણવા ગયા ત્યારે વેદવિધિ પ્રમાણે કયા ગણપતિનું પૂજન કરેલું છે ? ? તે જગાએ આદ્ય ગણપતિ છે એમ કહ્યા વિના ચાલતું નથી. માટે તેમનોજ આદ્ય પૂજનાધિકાર—આદ્ય સ્મરણાધિકાર છે એ વાત નિઃશંસય છે. જુઓ—

> जेतुं यस्त्रिपुरं हरेण हरिणा व्याजां वलिं बध्नतात्
> सृष्टुंवारिभवोद्भवेन विभवं शेषेण धर्तुंधराम ।
> पार्वत्या महिसासुरप्रमथने सिद्धाधिपे सिद्धये
> ध्यातः पंचशरैर्विश्व.जितये पायात्स नागाननः ।

ત્રિપુરાસુર (ત્રીપાદરૂપ જીવનાં સ્થાનનો અભિમાની) ને મારવા માટે તૂર્યબ્રહ્મ મહાદેવજીએ જેમનું ધ્યાન કર્યું હતું. (**संग्रामे संकटेचैव विघ्नस्तस्य न जायत**) એવા—તથા બલિરાજાને બાંધવા માટે વિષ્ણુએ જેનું ધ્યાન કર્યું હતું. એવા—તથા સૃષ્ટિના ઉદભવને માટે બ્રહ્માએ જેમનું ધ્યાન કર્યું હતું એવા—તથા પૃથ્વિનો ભાર ઝીલવાની શક્તિ મેલવવા માટે શેષ નારાયણે જેમનું ધ્યાન ધર્યું હતું એવા—તથા પાર્વતીએ મહિષાસુરને મારવાને માટે જેમનું ધ્યાન કર્યું હતુ એવા—તથા અનેક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે જે સિદ્ધિપતિનું ધ્યાન સિદ્ધ પુરૂષોએ ધર્યું હતું એવા—અને જગતને વશ કરવા માટે વા જગતને જીતવા—માટે કામદેવે જેમનું ધ્યાન ધર્યું હતું એવા—શ્રી નાગ એટલે હાથી અને તેના સરખા મુખવાળા શ્રી **ગજાનન** એવા ગણપતિ અમારૂં કલ્યાણ કરો. એવો આશર્વાદાત્મક શ્લોક પ્રચલિત જ છે.

આ ઉપરથી સિદ્ધ સમજાય છે કે શ્રી મહા ગણપતિ મહારાજનો આદ્ય પૂજનાધિકાર વેદથી પુરાણ પર્યંત એક સરખો માન્યરૂપ છે. અને તેજ પંચમ પાદ ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા તૂર્યાતીત છે. અને તેજ સર્વે વર્ણાશ્રમીજનોનું ઉપાસ્ય છે.

આ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા પંચમપાદ પૂર્ણબ્રહ્મ તૂર્યાતીત શ્રીગણેશ જ છે. અને આદ્ય પૂજનાધિકાર તથા આદ્ય સ્મરણાધિકાર પણ તેમનોજ છે. એમ સમજાવતાં શ્રી શ્વેત દ્વીપવાસી શ્રીવિષ્ણુ મહારાજે બ્રહ્મ વૈવર્તકમાં શ્રી ગણેશની સ્તુતિ કરેલી છે કે,

ईश त्वां स्तोतुमिच्छामि ब्रह्मज्योति सनातनम् ।
सर्वस्वरुपं सर्वेशं ज्ञानराशिं स्वरुपिणः ॥
तुष्टाव परयाभक्त्या सर्वविघ्नविनायकम् ।
सर्वाद्यमग्रपूज्यंच सर्व पूज्यं गुणार्णवम् ।
स्वेच्छया सगुणं ब्रह्म निर्गुणं चापि स्वेच्छया
स्वयं प्रकृति रूपंच प्राकृतं प्रकृतेः परम् ।

સનાતન એટલે નિરંતર બ્રહ્મ જ્યોતિ સ્વરૂપ એવું જે સર્વ સ્વરૂપ તમારૂં છે એવા સર્વના સ્વામી અને અગાધ જ્ઞાન સ્વરૂપ એવા હે ઇશ્વર—હું તમારી સ્તુતિ કરવા ઇચ્છુંછું. તમે એવા છો કે સર્વ જગત (ઇશ્વર અને જીવ પર્યંત)ના આદ્ય સ્વરૂપ એવા, અને સર્વના આદ્ય પૂજનીય, અને (ઇશ્વર તથા જીવો) સર્વ પૂજા કરે છે જેમની એવા—ગુણના સાગર સ્વરૂપ, અને સર્વ વિઘ્નો જેમના કબજામાં છે. એવા વિઘ્નના નાયક સ્વરૂપ તમને શ્રેષ્ટ ભક્તિ વડે સ્તવન કરૂંછું. વળી તમો કેવા છો કે પોતે બ્રહ્મ સ્વરૂપ છતાં પોતાનીજ ઇચ્છાથી સગુણ અને નિર્ગુણ એવા બે પ્રકારે દેખાઓ છો. વળી પોતાની ઇચ્છાથી પોતેજ પ્રકૃતિ સ્વરૂપ છો તેમ પ્રકૃતિના વિષય સ્વરૂપ પણ છો એમ છતાં પણ પ્રકૃતિથી પર પણ છો.

આમ વેદ શાસ્ત્ર માન્ય વેદોક્ત અને પુરાણોક્ત કર્મમાં આદિ પૂજનાધિકાર વાળા આ ૐકાર સ્વરૂપ શ્રી મહા ગણપતિનું વર્ણન છે. કોઈ શંકા કરે કે શુભ કર્મમાં તો તેમ છે પણ અશુભ કર્મમાં પણ તેમજ આદ્ય પૂજનાધિકાર તે ગણેશ બ્રહ્મ સ્વરૂપનો છે કે નહિં. તો તે પણ ખુલાસો છે. કે વાયુ પુરાણમાં શ્રી સનત્કુમાર પ્રતિ—વચન છે કે—

गणेशस्य पदे श्राद्धे पितृन् ब्रह्मपदं नयेत् ।
अन्येषां तु पदे श्राद्धे पितृन्तत्तत्पदं नयेत् ॥

માત્ર ગણેશનાજ પદ ઉપર શ્રાદ્ધ કરી પિંડ આપવાથી પિતૃઓને બ્રહ્મ પદમાં લઈ જાય છે. અને અન્ય દેવોના પદમાં શ્રાદ્ધ કરીને પિંડ આપવાથી તેના પિતૃને તે તે દેવતાના પદને પમાડે છે. આ ઉપરથી શ્રી ગયાજીમાં શ્રી ગણેશજીના ચર્ણ ઉપર શ્રાદ્ધ કરી પિંડ આપવાથી પિતૃની બ્રહ્મલોક પ્રાપ્તિ વર્ણવેલી છે. એમ શુભાશુભ વૈદક કે પુરાણોક્ત કર્મમાં આદ્ય પૂજનાધિકાર શ્રી ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ અભેદ પંચમપાદ પૂર્ણબ્રહ્મ તુર્યાતીત શ્રી ગણપતિનોજ છે એમ સનાતન વેદ ધર્મનો અવિચલ સિદ્ધાન્ત છે. આ શિવાય પણ પુરાણમાં એકશો આઠ નિરયગામી બતાવેલા છે તેમાં વર્ણવેલું છે કે વિઘ્નેશ્વર નામના બ્રહ્મણસ્પતિ વા ચિંતામણી નામના પ્રભુનું જે વંદન

કરવામાં કે પૂજન કરવામાં ન આવે તો તે નરકવાસી થાય છે. એમ સ્પષ્ટ વર્ણવે છે.

આવી રીતે શુભાશુભ કર્મમાં આદ્ય બ્રહ્મ ૐકાર સ્વરૂપનું પૂજન કરવાનો આદ્ય પૂજનાધિકાર વિધિ સર્વ માન્ય છે. જ્યાં ગણપતિનું પૂજન થયું કે પાંચેનુંજ થયું. એમ એક તે પાંચ—અને પાંચ તે એક—એમ ગણ સહવર્ત્તમાન પતિના પૂજન રૂપ પરમાત્માના પૂજનનો અભેદ સિદ્ધાન્ત છે.

આવી રીતની સમજથી કે અણસમજથી પણ ૐકાર સ્વરૂપ (ૐકારાકૃતિ સ્વરૂપ) સગુણ નિર્ગુણ સમાન પરબ્રહ્મ પરમાત્મા શ્રી ગણપતિ આદિ પંચાયતન પુજાનો વિધિ અને પ્રભુ પ્રત્યેનું સન્માન અને ભક્તિ—સૃષ્ટિના આદિ કાળના બ્રહ્માથી અત્યાર પર્યંત એક સરખી રીતે બ્રાહ્મણથી અતિશૂદ્ર સુધીની વર્ણજાતીમાં એક સરખી રીતે કાયમ છે—એજ સનાતન વૈદિક ધર્મનાં મૂળ ઘણાંજ ઊંડાં છે. અને તેથી કદાપી બગડતે બગડતે પણ મૂળ તો હમેશને માટે કાયમજ રહેવાનાં છે. બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ચાતુર્વર્ણ્ય પ્રજા તો ગણપતિને આદ્ય લઇને પંચાયતનમાં પરમાત્મા બુદ્ધિ ધારણ કરે છે. એટલુંજ નહિં. પણ હિંદુ નામ જાતિમાં ઢેડ લોકો પર્યંત પણ કે જે સનાતન વૈદિક ધર્મના હિંદુની સંજ્ઞામાં છે. તે પણ પોતાને ત્યાંના શુભાશુભ કર્મમાં એટલે લગ્નાદિ પ્રસંગમા ગણપતિ બેસાડવાનો રિવાજ રાખી રહ્યા છે. અને તેમની પૂજા કરી ગણપતિનાંજ ગીત ગાય છે. એ પરમાત્માના સ્વતઃસિદ્ધ સિદ્ધાન્તનો દર્શનિક પુરાવો છે. માટે **પ્રભુ કૃપા—ગુરૂ કૃપા** પ્રાપ્ત કરવાનો યત્ન સનાતન વેદ ધર્મના જાગૃત, વિદ્વાન, સાક્ષર, ભક્તરાજ બંધુઓએ યથાર્થજ કરવો જોઈએ. તોજ સ્વદેશની અને સ્વધર્મની ઊન્નતિ થતાં વાર લાગશે નહિં. એ સનાતન વૈદિક ધર્મના સત્ય સિદ્ધાન્ત છે. તમારૂં સત્ય સ્વરૂપ તેજ તમારૂં ઉપાસ્ય—તુર્યાતીત ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ગણેશ નામથી સુપ્રસિદ્ધ છે. તે તમો વૈદિકવિધિ સમયાનુસાર યાદ તો કરોજ છો. છતાં તે સદાકાળ કાયમ રાખી તેનેજ સેવી તેમાં સર્વ સ્વરૂપનો અભેદ માની જો ઉપાસના કરશો તો તમારી ઊન્નતિ તમારાજ પ્રભુ સ્વરૂપમાં પ્રકાશમાન છેજ.

વલ્લી ૩૨ મી.

न चैकं तदन्यद् द्वितीयं कुतः स्यात् नवा केवलत्वं नचाकेवलत्वात् ।
न शून्यं न चाशून्यमद्वैतकत्वात् कथं सर्व वेदान्त सिद्धं ब्रवीमि ॥

એક પણ નથી. તો તેનાથી બીજું દ્વૈત—દ્વિતીય તો ક્યાંથીજ હોય ?? અથવા કેવલત્વ નથી તેમ અકેવલત્વ પણ નથી !! અથવા શૂન્ય નથી તેમ અશૂન્ય તો ક્યાંથીજ હોય ! !

એમ અદ્વૈત સિદ્ધાન્તપણાથી વેદાન્ત સિદ્ધ પરમાત્માને કેવી રીતે કહું અથવા વર્ણવું ??? અર્થાત્ પરમાત્માથી ભિન્ન અન્ય કંઇ સત્ય છેજ નહિં. માટે પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરવાને વાણી પણ અસમર્થજ છે. પરમાત્મામાં ભાવાભાવવાળા શબ્દો નથી.

શ્રી સનાતન વૈદિક ધર્મના ઉદ્ધારક શ્રીમત્ આદ્ય શંકરાચાર્યે મહારાજ શ્રીમદ્ ભાષ્યકાર મહારાજે વૈદિક સનાતન ધર્મ વિરૂદ્ધ આગ્રહી મતાવલંબીઓનો પરાજય કરી ૐકાર સ્વરૂપના પાંચ પાદથી પંચાયતનનું શાસ્ત્ર પ્રમાણે પ્રતિપાદન કરેલું છે તે શંકર દિગ્વિજયના પાઠક સજ્જનોને વિદિતજ છે. તેમજ તેમનાં રચેલાં પંચાયતન દેવનાં સ્તોત્રો વિગેરેથી પણ ભક્તજનો જાગૃત છે. તેમાં શ્રીમત્ ભાષ્યકાર શ્રી મહા ગણપતિના એક સ્તોત્રમાં મહા ગણપતિનું સ્વરૂપ વર્ણવતાં લખે છે કે—

ॐ ॐ ॐकाररूपं त्र्यहमितिच परं यत्स्वरूपं तुरीयं
त्रैगुण्यातीत नीलं कलयति मनस स्तेज सिन्दूरमूर्तिम् ।
योगीन्द्रै ब्रह्मरंध्रैः सकलगुणमयं श्री हरेन्द्रेण संगं
गं गं गं गं गणेशं गजमुखमभितो व्यापकं चिन्तयन्ति ॥

શ્રી શંકરાચાર્ય મહારાજ કૃત સ્તુતિથી ગણેશજીનું સ્વરૂપ.

જે પરબ્રહ્મ પરમાત્મા (ॐ નામથી) અને ૐકાર સ્વરૂપથી સિદ્ધ છે કે જે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર સ્વરૂપ અથવા ત્રણ જીવ સ્વરૂપ અને તેથી પરે જે તૂરીયપદે વિરાજીત સાક્ષાત્ ઇશ્વર–શિવ સ્વરૂપે છે. વળી તેજ ત્રણ ગુણ (સત્વ, રજ, તમ) તથા ત્રીગુણાત્મક(તૂર્ય) થી પરે ત્રીગુણાતીત કહેવાય છે. તથા જે બુદ્ધિરૂપ ગુહા (બિલ) માં પ્રકાશમય સિન્દૂરવત્ રક્તમૂર્તિ સ્વરૂપ છે તથા જેને હરી, ઇન્દ્ર આદિ દેવતાઓના સંગમાં સકળ ગુણમય (જીવરૂપ) માનતાં છતાં મહાયોગીજનો પોતાના બ્રહ્મરંધ્ર વડે **गं** બીજાત્મક સ્વરૂપે ગજ મુખવાળા (**ग वै गजाकारः** આ શ્રુતિના આધારે) **गणेशज** વ્યાપક છે એમ જાણી જેનું નિરંતર સ્મરણ કર્યા કરે છે.

જુઓ શ્રીમત્ આદ્ય શંકરાચાર્યે મહારાજે પણ તેમના સ્વરૂપનું વર્ણન વેદ, શાસ્ત્ર, પુરાણાદિકના આધારે જેમ છે તેમજ વર્ણવેલું છે. એટલે પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપનું પૂર્ણ અને સત્ય સ્વરૂપ શ્રી મહા ગણપતિ છે. એમ સ્વતઃ સિદ્ધ છે. જેમ છે તેમ વર્ણવતાં સજ્જન પાઠકોને સમજાશે કે જેમાં પંચાયતન સ્વરૂપનું પૂર્ણ વિવેચન સમાય છે એવા આ ૐકાર સ્વરૂપી પરબ્રહ્મ પરમાત્મા શ્રી મહા ગણપતિજ છે અને તેજ સર્વ જીવોનું ઉપાસ્ય છે. અને તેજ પ્રમાણે અત્યારસુધીમાં આ ભારત વર્ષમાં થયેલા સનાતની મહાત્માઓ પણ વર્ણવી ગયા છે. દક્ષિણ દેશમાં આલંદી નિવાસી શ્રીજ્ઞાનેશ્વર

મહારાજ થઇ ગયા જેમની શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપર “ **જ્ઞાનેશ્વરી** ” ટીકા સંત સમાગમ પ્રેમ રસ અને અભેદ જ્ઞાનને પ્રકાશ કરનારી મહા પ્રબલ અને પ્રસિદ્ધ છે. જેના આરંભમાં શિષ્ટસંપ્રદાય પ્રમાણે નમસ્કારાત્મક મંગલ કરતાં શ્રી મહાગણપતિ મહારાજના સ્વરૂપને વર્ણવ્યું છે કે—

ॐ नमोजी आद्या—वेद प्रतिपाद्या, जयजय स्वसंवेद्या
आत्मरूपा—

તથા અન્ય પ્રતમાં—

ॐ नमोजी आद्या—वेद प्रतिपाद्या ॐरूपा स्वसंवेद्या
श्रीगणेश नमो तुज—

આ ઉપરથી સમજાશે કે વૈદિક સનાતન ધર્મની મર્યાદા પ્રમાણે નમસ્કારાત્મક મંગલ સ્વરૂપ વિઘ્નહરણ નામાત્મક શ્રી ગણેશજીના સ્વરૂપનું વર્ણન કરવાનો શિષ્ટ સંપ્રદાય “**આદ્ય**” શબ્દથી અને “ **સ્વસંવેદ્ય** ” સ્વરૂપથી તથા ૐકાર સ્વરૂપથી વર્ણવી જાગૃતિ આપેલી છે. અને તેવીજ રીતે આ ગ્રંથમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અન્ય સંત પુરૂષોએ શ્રીગણપતિ નામથી ૐકારસ્વરૂપનીકરેલી સ્તુતિઓ.

વળી શિવાજી મહારાજના સદ્‌ગુરૂ શ્રી સમર્થ રામદાસ સ્વામીએ પણ પોતાના રચેલા **દાસબોધા**-દિક ગ્રંથમાં પ્રથમ સ્મરણ શાસ્ત્ર પ્રમાણે કરતાં શ્રી-મહા ગણપતિના સ્વરૂપનું વર્ણન કરેલું છે કે—

गणाधीश जो ईश सर्वां गुणा चा
मूलारंभ आरंभ जो निर्गुणा चा

આ ઉપરથી સત્ય સમજાય છે કે મહાત્મા સંત જીવન્મુક્ત પુરૂષો વેદ શાસ્ત્ર બુદ્ધિની વૈદિક સનાતન ધર્મ મર્યાદાને આમ યથાર્થ રીતે માન્ય આપી ગયા છે. અને તેવીજ રીતે આપણે પણ, માન્ય આપવું એમાં વિશેષ કરતા નથી વા આપણો કોઈ મિથ્યાભિમાનનો આગ્રહ પણ નથી. તેમજ તુકારામ મહારાજે પણ, યોગ્ય રીતે પ્રભુના ગુણો ગાયા છે. વળી હાલમાં ઉદાસી સાધુઓમાં ચાલતા અને વિશેષે વ્યવહારમાં આવતા વેદાન્ત પ્રક્રિયાના ઉદાસી સાધુ નિશ્ચલદાસજીના બનાવેલા **विचार सागर** નામક ગ્રંથમાં મંગલાચરણના નિર્દેશમાં, સગુણ નિર્ગુણનું પ્રતિપાદન કરતાં બ્રહ્મસ્વરૂપનું વર્ણન કરે છે કે—

(નિર્ગુણ વસ્તુ નિર્દેશ સ્વરૂપ)

ज्या विन सत्य प्रकाशत प्रकाशत रवि चंद
सा साक्षि मैं बुद्धिको आप रूप आनंद ।

વળી આગળ સગુણ વસ્તુ નિર્દેશમાં લખે છે કે–

काटे विघ्न समूलतें श्रीगणपतिको नाम,

આ પ્રમાણે વર્ણન કરી સ્પષ્ટ રીત્યા નિર્ગુણ સગુણ સ્વરૂપ પ્રકારથી, પરમાત્માનું પ્રતિપાદન કરી બતાવ્યું છે. અને સગુણ બ્રહ્મ–મહા ગણપતિ છે, એમ જણાવ્યું છે. બલકે આ ગ્રંથ ઉદાસી સાધુજનો ભાષાના વેદાન્તના મહાન સમુદાયમાં તેનો વિશેષ અભ્યાસ કરે છે. સનાતન વૈદિક ધર્મની તેમ વેદાન્તની શ્રેણીથી કોઈ કોઈ અંશે, પ્રમાણભૂત છે ખરૂં. પણ ઉદાસીન સાધુઓને માટે છે. છતાં પણ, તેમણે વૈદિક ધર્મની મર્યાદા પ્રમાણે સગુણ નિર્ગુણનું યથાર્થ વર્ણન આપ્યું છે તેજ આપણે જોવાનું છે.

વળી વિષ્ણુ નારાયણના રામ સ્વરૂપના પરમ ઉપાસક અને પૂર્ણ રીતે હિંદુસ્તાની ભાષાના કાબુવાળા, મહાન્ અનુભવી **તુલસીદાસ** મહારાજે શ્રીમત્ રામાયણના ઉપર હિંદુસ્તાની ભાષામાં **"તુલસીકૃત રામાયણ"** રચીને સંસ્કૃત ન જાણનારી સનાતન વૈદિક ધર્મની, ચાતુર્વર્ણ્ય પ્રજા ઉપર મોટો ઉપકાર કરેલો છે. તેઓ રામના પરમ ભક્ત હતા. અર્થાત્ વૈષ્ણવ હતા. છતાં તેમને મિથ્યાભિમાન કે આગ્રહ નહોતો. તેમણે પોતાની રચેલી રામાયણમાં ઠામ ઠામ મિથ્યા આગ્રહના ત્યાગપૂર્વક પ્રભુને ગાયા છે. તેમાં પ્રથમ સનાતન વૈદિક ધર્મના શિષ્ટ સંપ્રદાય પૂર્વક આદિ બ્રહ્મસ્વરૂપ શ્રી મહા ગણપતિના સ્વરૂપનું વર્ણન કરતાં લખ્યું છે કે–

जोहि सुमरत सिद्धि होय, गणनायक करिवर वदन.
करहु अनुग्रह सोय, बुद्धि राशि शुभ गुण सदन ।

આ ઉપરથી સાબીત થાય છે કે સનાતન વૈદિક ધર્મના શિષ્ટ પુરૂષો શિષ્ટ સપ્રદાય પૂર્વક વેદ શાસ્ત્ર પુરાણોની મર્યાદાની રીતિએ પરમાત્મા પરબ્રહ્મ ૐકાર સ્વરૂપ શ્રીમહાગણપતિનું નમનાત્મક મંગલ કરી ત પછી, કાર્યના આરંભનો વિધિ રાખે છે. તે વેદમાં આદીશ્વર છે એમ સાબીત કરી બતાવે છે. અને તેજ સર્વ સંપ્રદાયના ઉપાસકોનો સત્ય રીતેજ **ઉપાસ્ય** દેવ છે કે જેનુ આદિ સ્મર્ણ વા સ્તુતિ કરવાનો વેદ શિષ્ટ સંપ્રદાય. સનાતન ધર્મના વૈદિક સજ્જનોમા અત્યારપર્યંત ચાલુજ છે; પછી શિવનું, વિષ્ણુનું, સૂર્યનું, શક્તિનું, અગ્નિનું, વરૂણનું, સરસ્વતિનું કે અન્ય નામોથી પણ તેનુંજ સ્મર્ણ થાય છે. પણ આદીશ્વર, આદિનાથ, આદિ પ્રભુનું આદિ સ્મર્ણ કરીને વેદ મર્યાદા સાચવવી એ યોગ્ય ધર્મ છે. અને મહાન્ અનુભવી, અનાગ્રહી, પંડિતો કે સંત સાધુ જીવન્મુક્ત મહાત્માઓ તો કદાપિ સનાતન ધર્મ મર્યાદા ત્યાગ કરતાજ નથી.

સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોમાં રમણ કરનાર વિદ્વાનો થઈ ગયા

અને થતા ચાલે છે. પણ તે સર્વ મંગલ નમનાત્મક કદાપિ ત્યાગ કરતા નથી કેમકે એ વૈદિક શિષ્ઠ સંપ્રદાય છે. ગ્રંથારંભમાં "ૐ" લખવાનો રિવાજ પણ મંગલનું સૂચક છે. અને "ૐ" લખીને ગ્રંથારંભ કર્યો હોય તોપણ તે મંગલ મૂર્તિ આદ્યેશ્વર ૐકાર સ્વરૂપ શ્રીગણપતિનુંજ સૂચક છે. અને તેજ નિર્વિઘ્નકર છે–તેમ શાસ્ત્રમાં "**अथ**" શબ્દથી પણ મંગલ કરેલાં છે. એટલે "**अथ**" લખતાં પણ મંગલમૂર્તિ વિઘ્નહરણ પરમાત્માનું સ્મર્ણજ કરેલું છે. એમ જણાવે છે–શ્રીમહાગણપતિ નામને આદ્ય લઇને શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, આદિ અનંત નામ તે પ્રભુનાંજ છે. અને તે સર્વ નામ **ૐકાર** પ્રભુને વિશેજ સ્થિત છે—માટે તે વિગેરે ગમે તે નામથી મંગલ નમનાત્મક કરશે. તોપણ, મંગલમૂર્તિ પ્રથમ નામવાળા, પ્રથમ સ્વરૂપી આદ્યેશ્વર ૐકાર સ્વરૂપ શ્રીવિઘ્નહરણનેજ થાય છે. એમ સિદ્ધ છે. કેમકે **समाप्ति कामो मंगलमाचरेत्** આ સૂત્ર પ્રથમ મંગલ કરવાને સૂચન એટલાજ માટે કરે છે–કે આરંભેલું કાર્ય સમાપ્તિ પર્યંત પહોંચતાં નિર્વિઘ્ને પૂર્ણ થાય. માટે **आदौ निर्विघ्नतासिद्ध्यथ** પછી ગમે તે નામ લખે તોપણ વિઘ્નહરણ સ્વરૂપેજ શાસ્ત્ર માન્યતા છે–માટે તે મંગલ–મંગલ મૂર્તિ વિઘ્નહરણનુંજ છે.

સનાતન વૈદિક ધર્મની સાથે માત્ર કેટલાએક સિદ્ધાન્તોના ભેદથી જૂદા ગણાતાં છતાં સેશ્વરવાદી **જૈન** ધર્મ પાલન કર્ત્તા બંધુઓની સંખ્યા પણ વિશેષ છે. **જૈન** ધર્મના સ્થાપન કર્ત્તા ગૌતમ–બુદ્ધ વિગેરેએ લખેલા તેમના ધર્મના સિદ્ધાન્તિ ગ્રંથો માગધી ભાષામાં છે. તેમાં કેટલાએક **નિરીશ્વરવાદી** કહેવાય છે. અને **સેશ્વરવાદી** કહેવાય છે. તેમના ગ્રંથોમાં આપણી પેઠેજ નમસ્કારાત્મક આદિ **મંગલ** કરવાનો રિવાજ છે. તેમાં પ્રથમ નમસ્કારરૂપને "**નોકાર**" નામથી લખે છે કે ૐ **नमो अरिहंताणुं**–વિગેરે લખીને આપણા

મૂર્તિપૂજાના સંબંધમાં જૈન બંધુઓનું સનાતન ધર્મ સાથે અભેદપણું.

સનાતન વૈદિક ધર્મની મર્યાદાના પંચમપાદ–પૂર્ણબ્રહ્મ–તૂર્યાતીત સ્વરૂપ, સગુણ નિર્ગુણ અભેદ ૐકાર સ્વરૂપ શ્રી ગણપતિ મહારાજને પ્રથમ નમસ્કારના વિધિનું સૂચન કરે છે. આ "અરિહંત" શબ્દને નમનાત્મક ચોથી વિભક્તિ લગાડતાં માગધી ભાષામાં "**अरिहंताणु**" થાય છે. "અરિહંત" શબ્દનો અર્થ "અરિ" કહેતાં વિઘ્ન–અથવા શત્રુ–અને "હંત" કહેતાં હનન કર્ત્તા–નાશ કર્ત્તા–એટલે "અરિહંત" આખા શબ્દનો અર્થ **વિઘ્નનો નાશકર્ત્તા–વિઘ્નહરણજ** થાય છે. આ જૈન લોકો આપણા સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તથી ઘણા પ્રકારે જુદા છે ખરા–છતાં તેમનામાં પણ મૂર્તિપૂજા–અને મૂર્તિસ્થાપના સાબીતજ છે. અને તે સર્વ કોઇના સમજવામાં છે કે–તે લોકો મૂર્તિપૂજકો છે.

वल्ली २२ मी.

॥ प्रणवो धनु शरोह्यात्मा ब्रह्मतल्लक्ष्यमुच्यते ॥
॥ अप्रमत्तेन वेधव्यं शरवत्तन्मयो भवेत् ॥
॥ आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
॥ ध्याननिर्मथनाभ्यासादेवं पश्येन्निगूढवत् ॥ ब्रह्मउ० ।

પ્રણવ (ॐ) રૂપી ધનુષ્ય છે. શર રૂપી જીવાત્મા છે. બ્રહ્મ પરમાત્મા લક્ષ્યબિંદુ છે. પ્રમાદ રહિત થઇને વેધન કરતાં બ્રહ્મમય થાય છે. શરવત્ થઇ તન્મય થાય છે.

પોતાની બુદ્ધિ રૂપી નીચેની અરણી કરીને પ્રણવને ઉત્તર (ઉપરની) અરણી કરવી. પછી ધ્યાનરૂપી નિર્મથન કરવાથી અત્યંત ગુહ્ય એવા સ્વયંપ્રકાશ પરમાત્માને જુએ છે.

સર્વ ધર્મના મનુષ્યો પરમાત્માને મૂર્તિ અમૂર્તિ સમાન માને છે—અને સનાતન વૈદિક ધર્મ સાથે અભેદ છે.

તેમજ આ ભારતવર્ષમાં મુસલમાન ભાઇઓની વસ્તી પણ વધારે છે અને તેમના સ્વધર્મનો પવિત્ર ગ્રંથ આરબી ભાષામાં લખાયેલો " કુરાને શરીફ " આદિ છે. તેમાં પણ પરમાત્માને " અલ્લાહ " નામથી પવિત્ર પરમાત્મા વર્ણવ્યો છે. તેમજ પારસી ભાઇઓની સંખ્યા પણ વિશેષ છે. અને તેઓનાં ધર્મ પુસ્તકોમાં પણ પરમાત્માના સ્વરૂપનું વર્ણન આપવામાં આવ્યું છે. અને તેઓ પ્રભુને "પરવરદિગાર કહે છે. અને તેઓ અવસ્ય અગ્નિ વા સૂર્ય સ્વરૂપના ઉપાસક છે. તેમ હાલમાં ખ્રિસ્તિ ધર્મના માણસો છે તે પણ પરમાત્માને "ઇશુ" અથવા "ગોડ" નામથી કહી તેની બંદગી કરે છે. એમ જુદા જુદા ધર્મના પુરૂષો પરમાત્માને જુદા નામથી સ્મરે છે અને પૂજે છે–તો પણ તેઓ મૂર્તિ અમૂર્તિ સમાન આપણી પેઠેજ સમજે છે. તેઓમાં પણ ધ્યાનનો વિધિ હોય છે–એટલે ધારણા વિના તો કેમજ હોય ??? છબી કે ચિત્ર વા કંઇ પણ ચિન્હ પણ ધારણા રૂપજ કહેવાય છે. માટે તે પણ મૂર્તિ સ્વરૂપ છે. કાંઈ પણ આકાર તે મૂર્તિનું સ્વરૂપ છે. અમૂક મંત્રો પણ મૂર્તિ સ્વરૂપેજ ઠરે છે. અમુક નામવાળા માણસનું ઓળખાણ તેમના નામના અક્ષરોથી દર્શનમાં આવતું નથી. પણ તેની છબી કે ચિત્ર હોય તો તેથી તે માણસ પરખી શકાય છે–તેમજ પરમાત્માના સ્વરૂપની ધારણાથીજ ૐકાર આદિ સ્વરૂપના વેદ સિદ્ધાન્તનું ભાન–મૂર્તિ સ્વરૂપને સિદ્ધજ સમજાવે છે–એટલે ઉપાસના કરનાર ૐ એક એવા આકારથી ધ્યાન કરશે–અથવા જ્યોતિ ધારણાથી ધ્યાન કરશે વા શૂન્ય ધારણાથી ધ્યાન કરશે વા કોઇ કોઈ રીતે ધ્યાન કરશે તો તે ધારણારૂપ મૂર્તિમાનજ

છે એમ સિદ્ધ ઠરે છે. માટે આ પૃથ્વીતલને વિષે વસતા મનુષ્ય માત્ર **"મૂર્તિ પૂજક"** છે એમ દૃઢ નિશ્ચય છે—**વેદમાં મૂર્તિપૂજા નથી એમ માનનારા પણ મૂર્તિપૂજક છે.** કેમકે જેવી રીતે ધારણા બાંધી ધ્યાન કરે છે—તે એવીજ રીતથી પણ મૂર્તિજ સિદ્ધ ઠરે છે—અમૂર્તિ સ્વરૂપ કે નિરાકાર એમ માનનારા તેવા તેવા રૂપથી મૂર્તિનેજ માને છે એમ સમજવુ—ત્યારે લોકોમાં "મૂર્તિ પૂજા" વેદ માન્ય નથી એવું બોલનારાને સન્નિપાત થયો છે એમ જાણો—જેમ પાણી પીતો માણસ પોતે બોલે કે હું પાણી પીતો નથી એ બોલવું **વદતો વ્યાઘાત** છે.

આ ભારત વર્ષમાં આધુનિક કેટલાંએક અન્ય મંડળોની સ્થાપના પણ થયેલી છે. અને તે સ્વધર્મ બળની વૃદ્ધિરૂપની સંસ્થાઓ છે. એમ માને છે. તેમાંનાં કેટલાંએક મંડળમાંના ભક્તજનો પોતાના સદ્‌ગુરૂ પરમાત્માની છબી ચીતરાવી તેનીજ ઉપાસના કરે છે. ચાહે કરે છે પણ વૈદિક કર્મ, ઉપાસના પ્રમાણે પોતાને ત્યાં પંચાયતન રાખો કે ના રાખો, પણ નિત્ય નૈમિતિક કર્મમાં તો પંચાયતન પૂજા કીધા વિના ચાલનાર નથી, છતાં સદ્‌ગુરૂની છબીને માનવાથી પણ પોતે મૂર્તિપૂજકો છે એમ સિદ્ધજ થાય છે. તોપણ સનાતન વૈદિક ધર્મની મર્યાદાને સેવવાવાળા છે. એમ સાબીતજ સમજાય છે.

વળી **સનાતન વૈદિક ધર્મ**—આ સંસ્કૃત શબ્દના અર્થ પ્રમાણેજ ઇંગ્રેજી શબ્દથી **"થિઓસોફીકલ સોસાઇટી"** એમ નામ રાખી એક મંડળ સારી અવસ્થાથી ભારતવર્ષમાં ચાલે છે. અને ગુજરાતમાં તેની અગ્રેસર શાખા સુરતમાં સ્થપાએલી છે. તેઓ પણ—"ૐ" પરમાત્માને પરબ્રહ્મ માને છે. એટલે મૂર્તિપૂજક છે એમ તે સિદ્ધજ ઠરે છે—અને તેની વ્યવસ્થા પણ સનાતન ધર્મની મર્યાદાએ ચાલે છે. સનાતન ધર્મના સિદ્ધાન્તો શિખવાય છે. હાલમાં તેના અને મુંબાઈની શાખાના નેતાઓ રા. રા. **મધુવચરામભાઈ બી. હોરા** માજી જડજ તથા રા. રા. **કૈસરેહિંદ** માળવી. **સોલીસીટર ત્રિભુવનદાસભાઈ** છે. તે ઊભય પુરૂષો પરમ ધાર્મિક અને સનાતન ધર્મના ચુસ્ત હિમાયતી છે. રા. સા. **મધુવચરામભાઈ** તરફથી કેટલાંએક સનાતન ધર્મનાં પૂર્ણ અનુભવી પુસ્તકો પણ બહાર પડયાં છે. અને તે સનાતન ધર્મિજનોને વાંચવા અને મનન કરવા ભલામણ પણ છે.

યોગ પણ શબ્દ—અને યોગાતીત પણ શબ્દ—તેમ સગુણ પણ શબ્દ—અને નિર્ગુણ પણ શબ્દ—તેમજ અક્ષર પણ શબ્દ અને અક્ષરાતીત એ પણ શબ્દ—એટલે આ સર્વ સ્વરૂપથી અને સર્વ ભાવથી પણ **શબ્દબ્રહ્મ** જ કહેવાય છે. અને વેદથી સિદ્ધ છે. માટે પરમાત્માના અભેદ સગુણ નિર્ગુણ સમાન ભાવમાં

આ સગુણ બ્રહ્મજ ૐકાર સ્વરૂપે પોતાનો આત્મા સિદ્ધ છે.

કંઈ પણ ભિન્નતા રૂપની કલ્પના કરવી એ સજ્જનોનું કર્ત્તવ્ય નથી. આપણે દેહ જોઈએ છીએ તે આપણી અજ્ઞાનતાજ છે. કેમકે શાસ્ત્રમાં દેહ **"અધ્યસ્ત"** એમ સાબીત થાય છે. અધ્યસ્ત–એટલે માયા–એટલે જે ના હોય અને ભાસે તે માયા કહેવાય–અથવા **અધ્યસ્ત** કહેવાય છે પણ આ જોવાની યુક્તિ એવા પ્રકારે છે કે આ પોતાનો **આત્મા** અજ્ઞાન બુદ્ધિ વિચારથી જે દેહની અંદર માનીએ છીએ. તે તેવી સમજણથી પૂર્ણ સમજ નથી પણ તેની પૂર્ણ સમજ એવી રીતે છે કે–દેહના રોમરોમાંચમાં–રોમ રોમાંચની બહાર, રોમરોમાંચની અંદર, રોમ રોમાંચની આગળ પાછળ ઊંચે નિચે સર્વ સ્થળે અને સર્વ સ્વરૂપથી સર્વ ભાવથી તેજ આત્મા વ્યાપક સમજવાનો છે. જ્યારે આમ જોઈએ ત્યારે દેહ દૃષ્ટિ ખોટીજ ઠરવાની છે. એટલે પરમાત્માજ સિદ્ધ છે. એમ આપોઆપ સમજાય છે. આવી સમજથી જેને જોતાં આવડે તેજ જુએ. અને આવડે તેનેજ ગડી બેસે અને સત્ય સાબીત થાય–(**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति**) પણ આજ કાલના લે ભાગુ બોધક વક્તાઓ શાસ્ત્ર મર્યાદાની કુંચી સમજ્યા વિના અને અંતર ગુહ્ય મર્યાદા જાણ્યા વિના માત્ર ગમેતેમ મુખ પાઠ કરી રાખેલા શ્રુતિ સ્મૃતિ પુરાણાદિકના પ્રમાણોથી ટેબલ ઠોકતા, અને વ્યવહારોપયોગી ગાડીઓ ગગડાવતા, ઉપરચોટીયા ઉપક્રમ ઉપસંહારના ભાવો અજ્ઞાતજનો આગળ વર્ણવી આ **સનાતન વૈદિક ધર્મની** કુલ શ્રેણી મર્યાદા ઢાંકી નાખવાનો પ્રયત્ન કરતા હોય તો જાણવું કે આ સનાતન વૈદિક ધર્મનો વિષય તેની દૃષ્ટિ બહાર છે. એટલુંજ નહિં પણ તે કોઇ એક આગ્રહી મતનો સાભમાની છે એમ જાણવું.

આત્માનું જ્ઞાન જાણનાર જીવન્મુક્ત સંત મૂર્તિમંત અને અમૂર્તિમંત સમાન પરમાત્માજ છે.

સનાતન વૈદિક ધર્મની મર્યાદાએ કર્મ, ઉપાસના અને જ્ઞાનના યથાર્થ મર્મને સમજી વેદ શાસ્ત્ર પુરાણ ઇતિહાસના ઐક્ય અનુભવથી જાગૃત થઈ–શ્રી સદ્‍ગુરૂ કૃપાએ નિરભિમાનતા ધારણ કરી સાત્વિક લક્ષણોના વિજ્ઞાન યુક્ત–દેહાધ્યાસ બુદ્ધિનો ત્યાગ કરી, કેવળ બ્રહ્મનિષ્ઠ સ્વભાવથી સર્વ યાવત્ યત્ કિંચ સ્થાવર જંગમાદિકને તથા જડ ચૈતન્યાદિકને પરમાત્મ સ્વરૂપથી જોતા વિચરતા માત્ર લોક કલ્યાણાર્થ પરમાર્થતાએ અહં મમતા–માનાપમાન રાગદ્વેષ, હર્ષ શોક, સુખ દુઃખ દ્વૈતાદ્વૈતના ત્યાગ પૂર્વક માત્ર સંત સ્વરૂપથી સ્વધર્મ મર્યાદા સેવતાં છતાં, કલ્પિત દેહના સત્યત્વથી રહિત દૃષ્ટિએ કલ્પિત પ્રારબ્ધ રૂપ દેહનો ક્ષય જોતા, જે મહાત્મા સદ્‍ગુરૂ દર્શનમાં આવે છે. તેને શાસ્ત્રકાર **જીવન્મુક્ત બ્રહ્મવેત્તા** કહે છે. એથી પણ આગળ વધતાં શ્રી

પંચદશીકાર વિશેષ બળથી કહે છે કે એવા બ્રહ્મવિદ્યાજ્ઞાનના અપાર સાગર સ્વરૂપ બ્રહ્મવેત્તાને તમો બ્રહ્મવેત્તા કહોછો તે યથાર્થ નામ અને મહિમા નથી. પણ તેમણે દર્શન અદર્શન ભાવનો ત્યાગ કરેલો છે અને કેવળ બ્રહ્મ સ્વરૂપ સ્વતઃ સિદ્ધ સ્વસ્વરૂપથી છે માટે તે બ્રહ્મવેત્તા નથી પણ તે સાક્ષાત્ શ્રુતિના અર્થ પ્રમાણે "**ब्रह्मविद् ब्रह्मैव**" બ્રહ્મજ છે. અથવા સગુણ બ્રહ્મજ છે. એવા બ્રહ્મ સ્વરૂપ બ્રહ્મવેત્તા જીવન્મુક્ત સંત પુરૂષોજ વૈદક સનાતન ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજાને સગુણ નિર્ગુણના અભેદ સ્વરૂપનો યથાર્થ બોધ કરે છે. કેમકે જે પૂર્ણતારૂપ પૂર્ણ સ્વરૂપથી જાગૃત હોય તેજ પૂર્ણપણાનો યથાર્થ બોધ આપે છે. શાસ્ત્રમાં પણ વર્ણવે છે કે—

परिपक्क मलायेतानुत्सादन हेतु शक्तिपातेन ।
योजयति परेतत्वे सदीक्षयाचायमूर्तिस्थः ॥

નિષ્કામ વૃત, જપ, તપ આદિ સાધનોએ કરીને જેઓના રાગદ્વેષાદિક રૂપ મનના મેલ પરિપકવ થયા હોય તેવા મુમુક્ષુ સજ્જનોને આત્મ તત્વ પ્રાપ્ત્યર્થે તારક મંત્રના ઉપદેશ સ્વરૂપ ગુરૂ દીક્ષા ધારણ કરાવી. બ્રહ્મવિદ્યા જ્ઞાન બળમાં પ્રતિબંધ કરનારા આવરણાદિ મળોનો નાશ કરવા રૂપ સત્તાનો પ્રકાશ કરી સ્વયં બ્રહ્મ પરમાત્મામાં અભેદ સ્વરૂપે સ્થિત કરે છે. તે તારક મંત્રોપદેશક જ્ઞાન પ્રદીપ્ત કરનારા બોધક ગુરૂમૂર્તિ સ્વરૂપમાં સ્વસ્વરૂપ તદાકાર વસી રહેલા પરમાત્માજ છે. માટે સદ્‌ગુરૂ જીવન્મુક્ત સંત અને પરમાત્મા એકજ સ્વરૂપે અભેદ છે. એમ યથાર્થ સમજનારા સનાતન ધર્મના વિવેકી પુરૂષો ગુરૂમૂર્તિને સગુણ બ્રહ્મ પરમાત્મા સ્વરૂપે અને કલ્પિત દેહ છતાં જ્ઞાન દૃષ્ટિથી નિર્દેહી નિર્ગુણ સ્વરૂપે પણ પરમાત્મા સ્વરૂપજ જાણે છે. આ અલૌકિક બુધ્ધિ બળ શ્રી સદ્‌ગુરૂ કૃપામાંજ દર્શન રૂપ થાય છે. અને મૂર્તિ અમૂર્તિ સમાન સમજે છે.

वल्ली २४ मी.

वैद्या ह वै ब्राह्मणमाजगाम गोपायमाशेवधिष्ठेहमस्मि ।
असूय काया नृजवेयताय नमाब्रुया वीर्यवती तथास्याम् । श्रुतेः ।

કોઇ એક કાળમાં **બ્રહ્મવિદ્યા**—બ્રહ્મવેત્તા **બ્રાહ્મણ** પાસે જઇને કહેવા લાગી કે હે બ્રાહ્મણ !!! તમે મને અત્યંત ગુપ્ત રાખો. જેથી હું તમારા પ્રતિ ભુક્તિ અને મુક્તિ બંનેની પ્રાપ્તિ કરીશ. જે પુરૂષ અસૂયાવાન છે, ઋજુભાવથી (સત્યભાવ) રહિત છે. તથા મન સહિત ઇન્દ્રિયોના નિગ્રહથી રહિત છે. એવા અનધિકારી પુરૂષોના પ્રતિ મારો ઉપદેશ કદાપિ પણ કરશો નહિં. અર્થાત્ જ્ઞાનાધિકારી પુરૂષોનેજ મારો ઉપદેશ કરજો. જેથી હું **બ્રહ્મવિદ્યા** નિશ્ચય ફળના હેતુ સ્વરૂપ છું.

तस्माच्च देवा बहुधा संप्रसूताः साध्या मनुष्याःपशवो वयांसि ।
प्राणापानौ व्रीहियवौ तपश्च श्रद्धा सत्यं ब्रह्मचर्यं विधिश्च. मु॰ ७

તે પરમાત્માથીજ બહુ (ત્રિવિધ) પ્રકારના દેવો શ્રેષ્ટ રીતે ઉત્પન્ન થયા. સાધકો, મનુષ્યો, ગ્રામ અને અરણ્યમાં રહેનારાં પશુઓ, પક્ષિઓ, તથા પ્રાણિઓના જીવનરૂપ પ્રાણ અને અપાન, તથા હવિષને માટે ડાંગર, જવ, કર્મના અંગરૂપ અને સ્વતંત્ર ફળ સાધનરૂપ તપ, આસ્તિક્ય બુદ્ધિરૂપ શ્રદ્ધા, કોઇને પીડા નહિં કરનાર અનર્થના ત્યાગરૂપ સત્ય, મૈથુનના ત્યાગરૂપ બ્રહ્મચર્ય અને કર્તવ્યપણા રૂપ વિધિ એ સર્વ ઉત્પન્ન થયાં.

આ સગુણ નિર્ગુણ અભેદ બ્રહ્મ ઉપાસનાના વિષયને જેટલો પ્રતિપાદન કરવા માગીએ તેટલો ઓછો છે. કેમકે ચારે વેદો, ષટ્શાસ્ત્રો, અઠ્ઠાવીશ સ્મૃતિઓ છત્રીસ પુરાણો અને ઇતિહાસો તેનેજ વર્ણવી રહ્યાં છે ત્યારે આ લખાણ તે કેટલું કહેવાય ? ? વળી **नेति** શબ્દથી પરમાત્માના સ્વરૂપનો નિર્ણય બતાવ્યો તેમજ **यतो वाचो** આ શ્રુતિથી વાણી અને મન પણ વિશ્રાન્તિ પામે છે એટલે આપણે તેનું વર્ણન કેવી રીતે કરીએ ? ? લક્ષાવધી ધારાથી વેદ વર્ણવે શહસ્ત્ર મુખથી શેષ વર્ણવે, અને ચાર મુખથી બ્રહ્મા વર્ણવે, પણ પરમાત્માના જ્ઞાનના સ્વરૂપનો અપરિમિતપણાથી પાર આવેજ નહિં. જેથી આ વિષય "હું **પુરોકરીશ**" આવી પ્રતિજ્ઞા ખપુષ્પવત્ મિથ્યા છે. ત્યારે જ્યાં વાગ્ધારા અટકે અથવા જ્યાં પૂર્ણ માનવાનો યોગ આવે ત્યાંજ પૂર્ણ માનવાનો વેદ શિષ્ટ સંપ્રદાય છે. એમ માન્ય કરી અવશેષ પાઠમાં ઉપસંહાર રૂપે તે ૐકાર સ્વરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક પરબ્રહ્મ પરમાત્મા, ગણેશ શિવ વિષ્ણુ સૂર્ય; શક્તિના અભેદત્વથી પૂર્ણ સ્વરૂપનાં દર્શન કરી સ્તુતિ રૂપથી વા સ્વસ્વરૂપના જ્ઞાનરૂપથી વર્ણવીશું કે—

આપણે સર્વ સનાતન વેદ ધર્મિ બ્રાહ્મણો છીએ. આપણે સર્વ સનાતન ધર્મી ક્ષત્રિઓ છીએ. આપણે સર્વ સનાતન ધર્મી વૈશ્યો છીએ આપણે સર્વે સનાતન ધર્મી શૂદ્રો છીએ આપણે સર્વ સ્વરૂપ છીએ. આપણે સર્વ જીવાત્માઓ છીએ. આપણે સર્વ ઇશ્વરાત્મા છીએ. આપણે સર્વે માયા સ્વરૂપ છીએ. આપણે સર્વ માયા સ્વરૂપને તરવાને મુમુક્ષુ સ્વરૂપ છીએ. આપણે સર્વે શક્તિબ્રહ્મના ઉપાસક છીએ. આપણે સર્વ સૂર્યબ્રહ્મના ઉપાસક છીએ. આપણે સર્વ વિષ્ણુબ્રહ્મના ઉપાસક છીએ. આપણે સર્વ શિવબ્રહ્મના ઉપાસક છીએ. આપણે સર્વ ગણુપતિબ્રહ્મના ઉપાસક છીએ. આપણે જ સર્વ સ્વરૂપ છીએ. આપણેજ સગુણ નિર્ગુણ સમાન ૐકાર સ્વરૂપ છીએ. આપણે જ સર્વ મૂર્ત્ત અમૂર્ત્ત સમાન પરમાત્મા છીએ. આપણે જ શબ્દબ્રહ્મ પરબ્રહ્મ અભેદ સ્વરૂપ છીએ. આપણે જ અધિષ્ઠાન સ્વરૂપ છીએ આપણે જ અધ્યસ્ત સ્વરૂપ છીએ. આપણે જ બુદ્ધિ રૂપ છીએ. આપણે જ મન રૂપ છીએ

આપણે જ આકાશ રૂપ છીએ આપણે જ વાયુ સ્વરૂપ છીએ. આપણે જ અગ્નિ સ્વરૂપ છીએ. આપણે જળ રૂપ છીએ, આપણે જ અહંકાર સ્વરૂપ છીએ આપણે જ દેહ રૂપ છીએ, આપણે જ બ્રહ્મા રૂપ છીએ, આપણે જ વિષ્ણુ રૂપ છીએ. આપણે જ રૂદ્ર રૂપ છીએ. આપણે જ ઇન્દ્ર રૂપ છીએ આપણે જ ચન્દ્ર રૂપ છીએ. આપણે જ ભૂર્લોક સ્વરૂપ છીએ, આપણે જ ભુવર્લોક સ્વરૂપ છીએ. આપણે જ સ્વર્લોક સ્વરૂપ છીએ. આપણે જ સ્વસ્વરૂપ છીએ. આપણે જ બ્રહ્મ સ્વરૂપ છીએ આપણે જ નિર્વિકાર છીએ. આપણે જ આત્મા છીએ. આપણે જ સર્વથી રહિત છીએ આપણે જ સર્વ સહિત છીએ. અને આપણે જ યોગ રૂપ છીએ આપણે જ યોગાતીત સ્વરૂપ છીએ. આપણે જ શાન્તિ સ્વરૂપ છીએ આપણે જ **"આપણે"** શબ્દથી રહિત નિજ સ્વરૂપ છીએ.

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।

આ સગુણ નિર્ગુણ સમાનાત્મક ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાન રૂપ નિબંધને સમજવાને માટે—

यस्यदेवे पराभक्ति र्यथादेवे तथा गरौ ।
तस्यैते कथिताह्यर्थाः प्रकाशन्ते महात्मनः । श्रुतेः ।

જેની દેવને વિષે જેવી શ્રેષ્ઠ ભક્તિ છે તેવીજ શ્રેષ્ઠ ભક્તિ જો ગુરૂને વિષે ગુરૂ અને દેવના અભેદપણા રૂપની હોય તો તેનેજ આ વેદોમાં કહેલા અર્થવાળા જ્ઞાનનો પ્રકાશ થાય છે અર્થાત્ તેવાજ અધિકારી પુરૂષને આ જ્ઞાન કહેવું એમ મહાત્માનું વચન છે. માટે આ લઘુ ગ્રંથ પણ દેવ ગુરૂના અભેદભાવ વાળા અધિકારીના હૃદયમાં સદાએ પ્રકાશમાન થાઓ ! ! !

આગળ આ ગ્રંથમાં આવી ગયા પ્રમાણે સિદ્ધાન્તને સમજવામાં જેને વિઘ્નો આવ્યાં છે તેના સાધારણ યોગે તેમાં સત્ય નિરિક્ષણ કરાવવાની પ્રભુની ઈચ્છાને આધિન થવું એ આપણો ધર્મ છે જાણી આગળ વર્ણવવામાં આવે છે કે—

અધિકારી મુમુક્ષુ પુરૂષે પ્રથમ તો ધર્મ શાસ્ત્રોના અભ્યાસ પૂર્વક વર્ણાશ્રમ ધર્મની મર્યાદા સાચવવી એ યોગ્ય ગણાય છે, ધર્મ શાસ્ત્રમાં દેહ ધર્મો અને તેની વર્ણ જાતીના પ્રમાણમાં વ્યવસ્થા, એમ અનુક્રમે ગોઠવી રાખી છે કે જે શ્રેષ્ઠ સત્વગુણી બુદ્ધિના ગાંભીર્યથી તપાસે તેનેજ આ સૂક્ષ્મ ગતિ રૂપે બુદ્ધિથી ધર્મ શાસ્ત્ર મર્યાદા યથાર્થ છે. એમ સમજાય છે. ધર્મ શાસ્ત્રની મર્યાદાને કલંક સમાન માનનારા પુરૂષોની બુદ્ધિ મોભાગ્ર છે.

ઉપાસના જ્ઞાન જાણવામાં સત્વ

એમ જાણો. કારણ તેમાંના ગુપ્ત રહસ્યોથી ભરેલાં કારણો તે સમજી શકવા જેટલી બુદ્ધિના વિચારો કરી શકતા

ગુણુની વૃદ્ધિની જરૂર.

નથી.* ધર્મ શાસ્ત્રોના મંતવ્યોને માન્ય રાખનારો જ્ઞાન અને શ્રદ્ધાથી તે પુરૂષ સાત્વિક વૃત્તિવાળો થાય છે. ધર્મ શાસ્ત્રમાં કલ્પિત દેહના ભાનને તોડવા માટે અને દેહના અભિમાનથી છુટવાને માટે વા દેહની મમતામાં ન લપટાવાના યોગને માટે જે બોધ કરવામાં આવ્યો છે. તે ધર્મશાસ્ત્રોની મર્યાદા પૂર્વક ચાલવાથી દેહોહં બુદ્ધિ ત્યાગ કરતાં સત્વ ગુણીજ બની શકે છે. એટલે યથાર્થ રીતે ધર્મ શાસ્ત્રની મર્યાદાનું પાલન કરનારો સત્વગુણી સત્ય રીતે **કર્મનો** અધિકારી થાય છે તેનેજ **બ્રહ્મકર્મ** કરવા ઉપર સારી શ્રદ્ધા ચોંટે છે. પ્રત્યક્ષ સિદ્ધ સમજાશે કે ધર્મ શાસ્ત્રોના મતવ્યમાં ભૂલો જોનારા, અને આ ધર્મ શાસ્ત્રો બરાબર નથી. તેમાં અમારા મનના મતવ્યો પ્રમાણે સુધારો કરવાની જરૂર છે એમ માનનારા બંધુઓ, **કર્મ** રૂપી ફળના મૂળ રૂપ આ **વર્ણાશ્રમ ધર્મ મર્યાદાને** જ ઊછેરતા નથી તેથી જ તેમની **કર્મ** ઉપર શ્રદ્ધા નથી અને તેથી જ તેઓ સંધ્યાવંદનાદિક કાઇપણ કરતા જ નથી. અને કરતા પોતાને માનતા હોય તો તેથી ધર્મ શાસ્ત્ર કે અન્ય વૈદિક સનાતન ધર્મ પદ્ધતિના સિદ્ધાન્તોમાં તે શ્રદ્ધાવાન જ હોય એમ **નિશ્ચય** છે. હવે જ્યાં કર્મ નથી ત્યાં **ઉપાસનાની** તો આશાજ શી!!! જ્યાં વર્ણાશ્રમધર્મ, કર્મ, ઉપાસના ત્રણે બરાબર વૈદિક સનાતન ધમ મર્યાદા **પૂર્વક** નથી ત્યાં જ્ઞાનને માટે તો **સ્વપ્નેપિ દુર્લભમ્** એમ નિશ્ચય જ જાણવું.

આજકાલ તો સનાતન વૈદિકધર્મના બ્રાહ્મણોના ઉપર-તેમ સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તોમાં વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થાના બોધક મહાત્મા સંત જનો ઉપર-તથા વૈદિક **કર્મ, ઉપાસના** ઉપર-**શ્રાદ્ધ** ઉપર-**મૂર્તિપૂજા** ઉપર-**વિધવાઓના** ઉપર-**પુરાણોના** ઉપર-વિગેરેના ઉપર એવી મારામારી અને તડાતડી ચાલે છે કે આ બધા **વિષયો** માત્ર જગતના કલ્યાણાર્થે અને જીવોના ઊદ્ધાર રૂપ છતાં-તે ઊદ્ધારક **વિષયો**-ક્ષુલ્લક બુદ્ધિના વાદી પંડિતો શાસ્ત્રીઓ અને શર્માઓના મુખના બન્ને ઓષ્ટરૂપી ઘંટીના પડમાં દળાય છે. અને એવા નિંદારૂપે પ્રસિદ્ધ મુકવામાં આવે છે. કે-આ ઉપરના વિષયોને

સનાતન વૈદિક ધર્મના ઉપર મુકાતા આક્ષેપો.

---

* **वर्णाश्रमस्य कर्माणि कृत्वा हित्वाऽशुभानिच ।**
पश्चादुपासनाकार्या चित्ते चैकाग्रकारिणि ।

શાસ્ત્ર કહે છે કે દરેક માણસે પ્રથમ પોતાના **વર્ણ** અને આશ્રમધર્મના કર્મોને ધારણ કરીને તથા રજોગુણી તમો ગુણી અશુભ ઉત્પન્ન કરનારાં કર્મનો ત્યાગ કરીને (**અર્થાત્** સત્વગુણી કર્મોને માન્ય કરી) પાપોનો નાશ કરી, પછી ચિત્તની એકાગ્રતા કરવાને સનાતન વૈદિક ધર્મમાં વર્ણવ્યા પ્રમાણે ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદ, મૂર્તિ અમૂર્તિ અભેદ, સાકાર નિરાકાર અભેદ, પ્રભુની ઉપાસના-શ્રીસદ્દગુરૂ દ્વારાએ મહામંત્રની પ્રાપ્તિ કરી કરવી.

સત્ય માનનારા પ્રાચીન ધર્માધિકારી સનાતન વેદ ધર્મિ—કપોળ કલ્પિત છે એમ કહે છે. પ્રભુની કૃપાથી સનાતન ધર્મના વક્તાઓના શાસ્ત્રબોધથી ઉપરના વિષયોનોઅનુભવ તેમના મોંઢાને બંધ કરતા થાય તો તુરતજ, તે વક્તાને **ક્રોધી કે વ્યભિચારી** ઠરાવી મશ્કરી કરી તાળીઓ પાડી ઊઠી જાય. અને તેને લોક સમૂહમાં નઠારો ઠરાવે. કે તેની પાસે બીજા સનાતન ધર્મિજનો સત્ય સિદ્ધાન્તો સમજવા, શ્રવણ કરવા પણ ન જાય. એમ આ ગુપ્ત હેતુ પારપાડવા માટે એવા સનાતન ધર્મના વક્તાઓને **ક્રોધી કે વ્યભિચારી** ઠરાવી—નાખે છે. આમ ઠરાવવાનો તેમનો ગુપ્ત હેતુ માત્ર એજ છે કે આ વક્તાના અનુભવથી આપણા મનકલ્પિત અને આળપંપાળ પોપ મંતવ્યોનું પોગળ ઉઘાડું પડશે—માટે તેને લોક સમૂહમાં નિંદવાની તજવીજ ચલાવી સનાતન ધર્મી બંધુઓમાંના શ્રદ્ધાળુ માણસોના કાન ઉપર તેમની નિંદવા લાયક વાતો કરે, અને કહેતા ચાલે કે અમારા કઇ તેઓ શત્રુ નથી તે વિદ્વાન છે પણ તેઓનામાં આ એક મોટું અપલક્ષણ છે. તેથી અમો પણ તેથી અલગ થયા છીએ—અને શ્રદ્ધા ઉડી છે. એમ સમજાવી પેલા માણસની—પોતાના સ્વધર્મના વક્તા સંત ઉપરની શ્રદ્ધાને તોડાવે છે. કે કદાપી શ્રવણ કરવા આવે, પણ તેમના મનમાં આ એક પ્રકારની શંકાતો રહે. તેથી તેની પ્રેમ રૂપ સત્ય ભાવના બેસે નહિ, વા તેના શ્રવણમાં પણ આવે નહિં. આવા આવા, તેવા ક્ષુદ્ર બુદ્ધિના નાસ્તિકજનોની કૃતિને કોઈ વિચારવાન સજ્જન શ્રદ્ધાળુ પુરૂષો સારી પેઠે સમજી શકયા છે પણ આવા સનાતન વૈદિક ધર્મ વિરૂદ્ધ સજ્જનોનો સનાતન ધર્મીજનોએ ઉપકાર માનવો ઘટિત છે કે—તેવા લોકોએ આપણા સત્ય ધર્મશાસ્ત્રોના ઉપર, કે અન્ય સિદ્ધાન્તો ઉપર, કે મહાત્માઓ ઉપર, આટલો બધો આક્ષેપ ન કીધો હોત, તો આપણા સનાતન વૈદિક ધર્મના મુખ્ય પુરૂષો કે મહાત્માઓ—આટલા બધા જાગૃતીમાં પણ આવ્યા ન હોત. બહુ સારૂજ થાય છે કે પ્રભુની કૃપાજ છે એમ માનવાની જરૂર પડે છે કે એવા મન કલ્પિત મંતવ્યોથી જાગૃત થવા વેદશાસ્ત્રો પુરાણોના મર્મને યથાવીધી જાણવાની અપેક્ષા વધી છે. અને કોઈ કોઈ અંશે પ્રકાશમાં પણ આવવા લાગી છે. હવેના વિદ્યાભ્યાસમાં પણ સંસ્કૃત ભાષા બીજી ભાષા તરીકે લેનારાઓ જે જે **ગ્રેજ્યુએટો** બ્હાર આવ્યા છે તે સંસ્કૃતના યથાર્થ મર્મને સમજી મૂર્તિ અમૂર્તિને સમ માનનારા થયા છે. અને આવા અધમ વિચાર બોધના મંતવ્યોને ધિક્કારવા પણ લાગ્યા છે. એ મોટો આભાર આ **ઇંગ્લીશ રાજ્યનો છે.** વળી વિચાર કરી જોતાં માલમ પડે છે કે ઉપાનહ દેવને સાફ કરવાના મલીન કપડાનો ખપ વધારે છે અને તેના ઉપર અપ્રિતી નથી; છતાં પણ તેને પ્હેરવાનાં સાફ ધોયેલાં વસ્ત્રના ભેળસેળ મુકી શકાતું નથી. જે જે સ્થાને અને તે તે સ્થાનેજ મુકરર રખાય છે. તેમ બ્રાહ્મણ બ્રાહ્મણના સ્થાન-

માં, અને શુદ્ર શુદ્રના સ્થાનમાં, અને મુસલમાનો મુસલમાનના સ્થાનમાં, રખાય તો ઠીકજ ગણાય તેમનો તિરસ્કાર કે તેમને હલકા ગણવા નહિં એ વાત તો નિઃસદેહ છે પણ તે બન્ને સાથે બેસીને એકજ ભાણામાં અગર સાથે સાથે અડકી અડકીને પ્રસાદ લે એ કેમજ બની શકે ? ?

स्थानेष्वेवनियोक्तव्या भृत्याश्चाभरणानिच ।
नहि चूडामणिः पादे नूपुरं मूर्ध्नि बध्यते ॥

પગનું પગરખું સો રૂપીએ તોલાનું હોય પણ માથાની પાગડી સાથે બંધાઈ શકાતું નથી. જ્યાં શોભતું હોય ત્યાંજ શોભે આથી **સત્વગુણની વૃદ્ધિને બદલે સત્વ ગુણનું સત્યાનાશ થાય છે.** તેનો વિચાર કરીને પગલું ભરાય તો વધારે સારૂં. વેદ અને શાસ્ત્ર પ્રમાણથી આત્માની ઐકયતા તો સપ્રમાણ સિદ્ધજ છે--અને તે યથાર્થ છે. પણ વર્ણાશ્રમ ધર્મથી જુદા જુદા કર્મોના સંસ્કારથી કર્મ સંસ્કારના યોગે, જુદી જુદી વર્ણમાં, જુદી જુદી ભૂમિમાં ઉત્પન્ન થયેલું અને જુદા જુદા ગુણ કર્મવાળા સંસ્કારથી ઊત્પન્ન થયેલું આ કલ્પિત શરીર તો ભિન્ન વ્યક્તિ રૂપે સ્વતઃ સિદ્ધ ભિન્નજ દેખાય છે. તે ભિન્ન ભિન્ન ગુણોવાળું ભિન્ન ભિન્ન જાતી વર્ણવાળું. ભિન્ન ભિન્ન કર્મોથી અવતાર પામેલું આ શરીર એકજ વિચારવાળું અને એકજ મંતવ્યવાળું કેમજ હોઇ શકે ? ? **तुण्डे तुण्डे मतिर्भिन्ना** એ પ્રમાણે શરીર દૃષ્ટિથી સર્વ શરીર ધારી જીવાત્માઓની મતિ ભિન્ન ભિન્નજ છે. અને તેઓ જુદા જુદા કાળે લયને પામતાં જણાય છે. તે તે ભેળા બેસી ખાવા ખવરાવ્યાથી ઐકયતાને શી રીતે પામશે ? ? અને તેથી તમારા ઊદયનો પાયો નથીજ નથી. કેમકે કલ્પિત શરીરથી ઐકયતા કરનાર કલ્પનાની ઐકયતા કરે છે. ખરેખરી રીતે પોપાંબાઇનું રાજ્ય ચલાવનાર છે એમ જાણો. પણ ખરી રીતે-તમો સર્વના આત્મારૂપે એવી સત્તા ચલાવોકે સર્વ ભાઇઓ તમારા ઉપર આત્મા સમાન પ્રેમ રાખે-અને તમો તેમના ઉપર આત્મા સમાન પ્રેમ રાખો. તેથીજ તમો તેમના ઉપર સમાનભાવ રાખવાવાળા દેખાશો તો તે ચાહે મુસલમાન હશે, કે શૂદ્ર કે પારસી, હશે પણ તે તમારા તરફ આત્મા સમાન પ્રેમથી જોશે અને પોતાના વ્હાલા પ્રાણ અર્પવા તૈયારજ રહેશે-**તમે તેને માટે હશો તો તે તમારે માટે જ હશે**-તમો આમ દેહની ઐકયતા કરવા માગો છો તેમાં તમે આત્મ ઐકયતા સમજનાર સનાતન વૈદિક ધર્મના અનુયાયી બંધુઓને શત્રુ રૂપ લેખીને તેમને જુદા માનો છો તેથી તમને તેઓ જુદા માને એમ તમને દેખાય એમાં વિશેષ શું ? ? જો તમો ખાવા પીવાના માત્ર કલ્પિત દેહ વ્યવહારની ઐકયતાને છોડી દો. તો તમારા અમારા અભિમતને સહસ્રશઃ ધન્યવાદ

આપવાને કશો બાધ નથી. આત્માની ઐક્યતાએ નિર્વૈર થવાય છે—એ સિદ્ધાન્ત મંત્રને ધ્યાનમાં રાખો. આગળના ઋષીશ્વરો મુનીશ્વરોના ઉપવનોમાં **આત્મૈક્યતાના બલથી ગાય અને વાઘ ભેળાં રમતાં હતાં.** તે આત્મૈકતાનું બળ હતું. **ભેગું જમવાનું બલ નહોતું** આતો ખાસ કરીને ભારતવર્ષને ડુબાડવાની, કલિબુદ્ધિના કલિ અગ્રગણ્યોની ગુપ્ત રહેણી છે—કલિ નૃપતિએ પોતાના અંધતમ ગુપ્ત પાર્ષદો, આ ભારતવર્ષમાં મોકલીને ગુજરાતી નિષ્કપટી બ્રાહ્મણોને ડુબાડવાની ક્રિયા કરાવેલી સ્પષ્ટ દેખાય છે. તાત્પર્ય કે જુદા જુદા ગુણ કર્મના સ્વભાવથી જુદા જુદા શરીર સ્વરૂપે જણાતા એવા કલ્પિત શરીરની ઐક્યતા ધારણ કર્ત્તાઓથી દેશનો ઉદય સંભવતો નથી. અને એમ જો હોય તો અત્રે રાજ્યકર્ત્તા અંગ્રેજ લોકમાં પણ જાતી કર્માદિકવડે ભેદ કોઇ એક રૂપે છે. લોર્ડ લોકો બીજા હલકા ધંધાધારી કે હલકા કુલના લોકો સાથે જોડે બેસી ખોરાક ખાતા નથી એમ શરીર વ્યવહાર જુદો રાખે છે છતાં ત્યાં પણ આત્મૈકયાના સિદ્ધાંતથી ઐકય બુદ્ધિના પ્રયોગે સર્વમાં ઐકયતા ધરાયેલી જણાય છે એ બુદ્ધિની ઐકયતાના સિદ્ધાંત ઉપર **પાર્લામેંટ** વિગેરે ચાલે છે શરીર ઐકયતાની પાર્લામેંટ તો આ ભારતવર્ષમાંજ આધુનિક પ્રચલિત થયેલી દર્શનમાં આવે છે અફસોસ!!! ચાહે તેમ કરો પણ ભલે આખી ભારતવર્ષની પ્રજા આ શરીર ઐકયતાના મનમંતવ્ય મતને અનુસરવાની નથી. બ્રાહ્મણ જેવી ઉચ્ચ સ્થિતિની, ઉચ્ચ બુદ્ધિની, ઉચ્ચ જ્ઞાનની, ઉચ્ચ ભક્તિની, અને ઉચ્ચ કર્મની, ઉચ્ચ શરીરને ધારણ કરવાવાળી પ્રજાને, ભ્રષ્ટ કરી તેથી ભ્રષ્ટ પ્રજા ઉત્પન્ન કરાવવાનો તમારો પ્રયત્ન—પ્રભુની **અકૃપાને** મેળવનારોજ છે. એમ સનાતન વૈદિક ધર્મના અનુયાયીઓ માને છે. અને દીલગીર થાય છે. કે હાથે કરીને પોતાનું અહિત ઇચ્છનાર બંધુઓનાં ઉપર પ્રભુ કૃપા કરો. અને આ મિથ્યા ભ્રષ્ટ સિદ્ધાન્તો તેમના હૃદયમાંથી સદનંતરને માટે વિલય પામો!!! અને સનાતન વૈદિક સ્વધર્મના ઉદયથી સ્વદેશીજનોની ઉન્નતિ થાઓ!!!

वल्ली ३५ मी.

स ब्रह्मा स शिवः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् ।
स एव विष्णुः स प्राणः स कालाग्निः स चन्द्रमाः ।
स एव सर्वं यद्भूतं यच्च भव्यं सनातनम् ।
ज्ञात्वा तं मृत्युमत्येति नान्यः पन्था विमुक्तये ।

सर्व भूतस्थमात्मानं सर्वभूतानि चाऽऽत्मानि ।
संपश्यन्ब्रह्म परमं याति नान्येन हेतुना ॥ कै० ॥

તેજ બ્રહ્મા છે. તેજ શિવ છે. તેજ ઇન્દ્ર છે. તેજ અક્ષર છે તેજ સ્વરાટ્ (અન્ય અનપેક્ષત્વથી પોતેજ જીવ) છે. તેજ (વ્યાપક) વિષ્ણુ છે. તેજ પ્રાણુ છે. તેજ વૈશ્વાનર છે. તેજ ચન્દ્ર છે. તેજ ભૂતાતીત પરમાત્મા ભૂતકાળમાં વર્ત્તમાનમાં અને ભવિષ્યકાળમાં સનાતન છે. તેને **अहंब्रह्मास्मि** સ્વરૂપે જાણીને અવિદ્યાના અંતરાયથી છુટે છે. આ બ્રહ્મજ્ઞાન વ્યાતિરિક્ત અન્યમાર્ગ નથી. નિખીલ એવાં સ્થાવર જંગમાદિકને વિષે પોતે આત્મા છે. અને આધારાધેય ભાવ વ્યુત્ક્રમાર્થ યાવત્ સ્થાવર જંગમાદિક તે આત્માને વિષે છે. એમ આત્મા શિવાય અન્ય કંઇ નથી. એવા નિશ્ચયથી પરમાત્માને જાણે છે. આ બોધ શિવાય અન્ય હેતુ વડે તે પમાતો નથી.

સનાતન વૈદિક મૂર્ત્તિપૂજા ઉપરનો મિથ્યા આરોપ.

મૂર્તિપૂજા ઉપર તો સદનંતરનો એવો ઘા પડયો છે તે રૂઝાવા પામતો નથી. અને આ ભારતવર્ષના ઉત્તમ વર્ણના બ્રાહ્મણાદિ સજ્જનો નવધા પ્રકારની સગુણ નિર્ગુણ અભેદ ૐકાર પંચાયતન સ્વરૂપ પરમાત્માની સેવા ભક્તિથી બીલકુલ વિમુખ રહેવા લાગ્યા છે. કારણ પોતાના કલ્યાણરૂપ સ્વધર્મ શાસ્ત્રની અતિ ગુહ્ય મર્યાદાથી ભ્રષ્ટ રહેવાના બોધ વડે સંગદોષના કુતર્કો થવા લાગ્યા. તેમાં એ પરિણામ આવ્યુ કે પ્રથમત: વર્ણાશ્રમ ધર્મનોજ ત્યાગ થયો. અને તેમાં બાહેરથી પણ ભ્રષ્ટતા થઇ. વર્ણાશ્રમ ધર્મ મર્યાદાનો બાહ્ય વ્યવહાર વિપરીત સ્થિતિમાં આવી પડયો જેથી બાહ્ય શુદ્ધિ જેની નથી તેની અંતર શુદ્ધિ તો કેવા પ્રકારેજ હોય ? ? ? જ્યારે આમ થયુ ત્યારે નિત્યકર્મતો વૈદિક મર્યાદાએ શ્રદ્ધાપૂર્વક કેમજ થશે ? ? અને જ્યારે કર્મમાં શ્રદ્ધા નથી તેમ વૈદિક વિધિથી કર્મ થતું નથી. ત્યારે અંતરબળ ઉત્પન્ન કરવારૂપ પ્રભુમાં ઉપાસના તો કેમજ ઉત્પન્ન થશે ? ? હવે ઉપાસના નથી તેથીજ **सर्वं खल्विदं ब्रह्म** ઇત્યાદિ શ્રુતિની અર્થ સત્તા ઉપર તેની શ્રદ્ધા કેમજ ઉત્પન્ન થશે. જે માણસ પોતાના સ્વવર્ણાશ્રમ ધર્મની વિધિ મર્યાદા સાચવી વૈદિક નિત્યકર્મ કરી બ્રહ્માર્પણ કરતો હોય તેના હૃદયમાં ઉપાસનાનો ભાવ ઉત્પતિને પામે છે અને તેના અંતરમાં ઉપરની શ્રુતિઓના અર્થની સંપૂર્ણ સત્તા પ્રકાશને પામે છે એટલે તેજ પુરૂષ સર્વવ્યાપક સત્તા રૂપે પરમાત્માને જાણે છે તેમજ જોઈ શકે છે—શ્રદ્ધાની સત્તાથી પ્રકાશમાં આવતું શ્રુતિનું તાત્પર્યબળ ગુપ્ત રીતે બુદ્ધિ તત્વના ઉપર ઊત્તમ પ્રકારની અસર કરે છે અને તેથીજ બુદ્ધિ વિચાર સર્વવ્યાપક તત્વને સમભાવથી અંગીકાર કરતાં જીવતત્વમાં ભેદ રહેતોજ નથી એટલે સમભાવની ચેતન દૃષ્ટિમાં ભેદ તેને ભાસતોજ નથી. જે જનો સ્વધર્મ, કર્મ, ઉપાસના આદિથી ભ્રષ્ટ થએલા છે તેઓના હૃદયમાં **ભેદબુદ્ધિજ** સદાકાળને મા-

ટેજ સ્થાપન થએલી છે. એમ જાણો—તેઓ તો સદાએ **જડ** અને **ચેતન** તેમજ **સાકાર** અને **નિરાકાર** તથા **સગુણ** અને **નિર્ગુણ** એવા ભેદોજ જાણી શકયા છે અને તે ભેદોને લઇને ખડન મંડન સમજી શકયા છે. જેથી સર્વવ્યાપક **સમ** સત્તાના ગુપ્ત મર્મને તે કદાપિ પણ સમજી શકતા નથી. વેદમાં **द्वावेव ब्रह्मणो रूपे मूर्त्तंचैवामूर्त्तंच इति। श्रुतेः।** એમ લખ્યું છે તેનો સત્ય અર્થ અને તે સમ સ્વરૂપની સત્તા તો કદાપિ પણ બુદ્ધિમાં આમતી નથી. જેથી ખંડન મંડનની બુદ્ધિએ—મૂર્તિ અને મૂર્તિપૂજાનું ખડન કરી મૂર્તિપૂજકોની નિંદા કરે છે. અને સનાતન ધર્મ સિદ્ધાન્તને વગોવે છે. તેમજ પરમાત્મા શબ્દના પ્રતિપાદનમાં સગુણ અને નિર્ગુણ એવા બે ભેદ ગણીને તે ભેદના જુદા જુદા ભાવથી પરમાત્માને જુદો માની એકભાવનું **ખંડન** અને એકભાવનું **મંડન** એમ કરતાં પરમાત્માનુંજ ખંડન કરે છે. જે સગુણ છે તેજ **નિર્ગુણ** છે. એટલે એકજ વસ્તુમાં સગુણ અને નિર્ગુણ સમજવાના પ્રકાર એમ કહેવાય છે. પણ તે તો સ્વતઃસિદ્ધ સ્વયપ્રકાશ પરમાત્માજ છે એટલે પરમાત્માનુ પ્રતિપાદન **સગુણ નિર્ગુણ સમાન** અથવા સગુણ નિર્ગુણ રહિત એમ યોગરૂપ શાસ્ત્ર વર્ણવે છે. જેમાં ભેદ ભિન્નતા તો કદાપિ પાડી શકાતી નથી. વ્યતિરેકાન્વય જુદી જુદી લક્ષણાથી જો **સગુણ** કહીએ તો પણ એક શબ્દ, અને બુદ્ધિથીજ પ્રતિપાદન થાય. તેમ **નિર્ગુણ** કહીએ તોપણ તે બુદ્ધિથીજ પ્રતિપાદન થાય છે. એટલે જે જે શબ્દોને બુદ્ધિથી પ્રતિપાદન કરવામાં આવે તે તે શબ્દો **બુદ્ધિરૂપ** કહેવામાં આવે છે જેથી તે પ્રકૃતિ સ્વરૂપ ગણાતાં સગુણ અને નિર્ગુણ એવા બન્ને શબ્દો પ્રકૃતિ વાચક છે જેથી પરમાત્મામાં ઘટી શકતા નથી. જેથી એમ જાણવું જોઇએ કે એકપક્ષે સગુણ કહેનારો જેમ ભૂલે છે તેમ પરમાત્માને એકપક્ષે નિર્ગુણ માનનારો પણ ભૂલે છે—એ બન્ને પરમાત્માને જાણી શકતા નથી વા શકયા નથી એમજ સિદ્ધ થાય છે. વાણી એટલે પ્રકૃતિ વિના શબ્દ નથી એટલે વાણીના વિલાસમાં તો સગુણ અને નિર્ગુણ બન્ને પ્રતિપાદન થાય છે. પછી બન્ને વાણીથી પ્રતિપાદન થતા શબ્દોની રીતે તો વાણીરૂપ હોવાથી બન્ને ખંડનરૂપ છે. એટલે સગુણ શબ્દરૂપ સાકારનું ખડન કરાય તો નિર્ગુણ શબ્દરૂપ નિરાકારનું પણ ખડન કરાય. એટલે માત્ર નિર્ગુણ અને નિરાકાર માનનારનુ સાચું શી રીતે છે ?? વેદ ઉપનિષદ્‌ના સિદ્ધાન્તથી માલમ પડે છે કે જે સ્વતઃસિદ્ધ **अस्ति** પ્રમાણરૂપ શાન્તિ સ્વસ્વરૂપાનંદ પરબ્રહ્મ પરમાત્મા છે, જે કે શબ્દ, અક્ષર, માત્રા, રૂપ, નામ, ભાવ, ગુણ, ક્રિયા, દ્રવ્ય, ઈત્યાદિક કોઈ વિધિથી પ્રતિપાદન થતો નથી. **अस्ति** કહેવાય તે પણ બોધને માટેજ કહેવાય છે. સ્વતઃસિદ્ધ સ્વયંપ્રકાશ કહેવાય તે પણ બોધને માટેજ કહેવાય છે બોધાતીત સ્વરૂપની લક્ષણા શબ્દ કે અક્ષરથી ન[illegible] "નથી" એમ કહેવાને કોઇપણ આધાર નથી અને

"છે" એ શબ્દ લક્ષણા પણ તેની નીચેના પાદમાં આવે એમ પરબ્રહ્મ પરમાત્માજ છે. તેની સાબીતીમાં શ્રુતિ કહે છે કે,—

नैव चिन्त्यं न चाचिन्त्यं न चिन्त्यं चिन्त्यमेव तत् ।
पक्षपातविनिर्मुक्तं ब्रह्म संपद्यते तदा ।

अमृ० बि०

આ ઉપનિષદ્‌ની અખંડ ધારા ઉપર શ્રી શંકરાનંદ વિરચિત દીપિકા છે. તેમાં તેઓ જણાવે છે કે—

मनोनिरोधे सति परमपुरुषार्थता कथमित्यत आह—नैवचिन्त्यं यस्मात्परं पदं मनोनुकूलशब्दादिरूपत्वेन चिन्तार्हं नैव । तर्हि किं प्रतिकूलशब्दादिरूपमित्याशङ्क्य नेत्याह । न चाचिन्त्यं चिन्तानर्हं दुष्टशब्दादिरूपमपि न । चकार शब्दाद्यगोचरत्वमप्याह । ननु माऽस्तु शब्दादिरूपं मा च शब्दादि विषयः किन्तु तज्जन्यसुखरूपमास्त्वित्यत आह । नचिन्त्यं चिन्तानर्हवैषयिक सुखरूपं न । तर्हि किं दुखरूपमित्याशङ्क्य नेत्याह—चिन्त्यमेव चिन्तार्हतोपलक्षितस्वयंप्रकाशमान नित्यानिरतिशयानन्दस्वरूपमेव न त्वन्यत् । तत्सत्यज्ञानादिलक्षणं प्रसिद्धम् । पक्षपात विनिर्मुक्तं हस्ति पुत्तिकादि वा साकारनिराकारादि शरीरे ष्वेकरूपेण वर्तमान् । ब्रह्म बृहत्सर्वस्मादधिकं देशकालवस्तुपरिच्छेदशून्यमित्यर्थः । संपद्यते मनः सम्यगशेश व्यापारशून्यत्वेन प्राप्तं भवति । तदातस्मिन्मनसो निरोधावसरे ।

तस्मात्परमपुरुषार्थतेत्यर्थः

જેથી તે પરમપદ મનોનુકૂલ શબ્દાદિરૂપપણાવડે કરીને ચિંતવન કરવા યોગ્ય નથી. ત્યારે શું પ્રતિકૂલ શબ્દાદિરૂપપણાવડે ચિતવન કરવાયોગ્ય છે?? તો ના. દુષ્ટ શબ્દાદિ રૂપવડે તો કદાપિ પણ નહિંજ—કેમકે અનુકૂલ પ્રતિકૂલ શબ્દાદિથી અગોચર તે પરમપદ છે. ત્યારે શું શબ્દાદિ રૂપ "નથી" અથવા શબ્દાદિ વિષય—અથવા તજ્જન્ય સુખરૂપ "છે" એમ કહો છો તો સાંભળો કે—તે ચિંતવન કરવાયોગ્ય પરમપદ—વિષયોથી પ્રાપ્ત થતા સુખરૂપ પણ નથી. ત્યારે શું દુઃખરૂપ છે?? તો ના. ચિંતવન કરવાયોગ્ય લક્ષિત સ્વયંપ્રકાશમાન, નિત્ય, નિરતિશય આનંદસ્વરૂપ છે. બીજા કોઈ પ્રકારે નહિંજ. કેમકે **सत्यं ज्ञानमनंतंब्रह्म** શ્રુતિથી તેનાં લક્ષણ પ્રસિદ્ધજ છે. અને મોટામાં મોટા હાથીમાં અને નાનામાં નાના સ્વરૂપમાં (અથવા સાકાર સ્વરૂપમાં પણ અને નિરાકાર સ્વરૂપના પક્ષપાતમાં) ... એક એટલે અભેદ સ્વરૂપથીજ વર્ત્તમાન છે. બ્રહ્મ શબ્દના અર્થથી

મોટામાં મોટા સર્વેથી પણ તે અધિક દેશ, કાલ, વસ્તુ પરિચ્છેદ રહિત છે. તે પરબ્રહ્મ પરમાત્મા મનના રૂડા પ્રકારના વ્યાપારથી રહિતપણાવડે પ્રાપ્ત છે. તેથીજ તે મનના નિરોધ વખતેજ તે પરમ પુરૂષાર્થરૂપ પરમપદ છે.

આ ઉપરથી સત્ય સિદ્ધ સમજાય છે કે તે પરમાત્મામાં નાના મોટાનો તેમ સાકાર નિરાકારનો અથવા સગુણ નિર્ગુણ એવા કોઈ પણ શબ્દનો પક્ષપાત નથી. તે પરમપદ રૂપ બ્રહ્મ પરમાત્મા શબ્દાદિ વિષયથી રહિત છે. પરબ્રહ્મ પરમાત્માના પરમપદમાં સાકાર નિરાકાર કલ્પના કરનાર બુદ્ધિહીન છે એમ જાણો. કોઈ પણ શબ્દની અનુકૂળ પ્રતિકૂળ ભાવનાથી તે બ્રહ્મ સ્વરૂપને જાણી શકતો નથી. ત્યારે તે મનોનિરોધરૂપ પરમ પુરૂષાર્થ સ્વરૂપ પરમપદ શી રીતે પ્રાપ્ત થાય તેને માટે કહે છે કે—

स्वरेण संधयेद्योगमस्वरं भावयेत्परम् ।
अस्वरेणानुभावेन भावो वाऽभाव इष्यते ॥

સ્વર શબ્દનો અર્થ (સગુણ) પ્રણવ (ૐકાર) થાય છે. તે ૐકારવડે યોગ ધારણ કરવો. તે ૐકારને વિષે **अकाराद्याभिर्मात्राभिर्यथोपदेशं ध्यानं कुर्यादित्यर्थः ।**) અકાર—ઉકાર, મકાર અમાત્ર (નાદ) અને પૂર્ણ—એમ (બિંદુ) એવા પ્રકારે સદ્‌ગુરૂના ઉપદેશ પૂર્વક (પંચાયતન સ્વરૂપ) ધ્યાન કરવું એવો અર્થ છે. અને ચિત્તવૃત્તિનો નિરોધ જે **યોગ,** તેનું **બોધ ફળ अहंब्रह्मास्मि** એ પ્રમાણે નિશ્ચય છે. સગુણ ૐકારને વિષે સ્થિર થતાં તે અસ્વર (નિર્ગુણ) પ્રણવને વિષે ભાવના કરવારૂપ પ્રત્યયાવૃત્તિ કરવી. અને તેથીજ તેની ભાવનાથી **અનુભવ ફળ** પ્રાપ્ત થાય છે. (જેમાં **अहमस्मि** રૂએ છે.) એ પ્રમાણે ભાવ અને અભાવ તે અવિદ્યાનું કાર્ય અસત્ત્વ છે. એમ સમજાતાં સર્વ પરિચ્છેદ (સાકાર નિરાકાર—દેશ, કાલ, વસ્તુ) રહિત **બ્રહ્મ સત્તા** અંગિકારાય છે. તેજ **સચ્ચિદાનંદ** સ્વરૂપ પરબ્રહ્મ અવશેષ છે. એવો અર્થ છે. અને તેને સિદ્ધ સમજતાં **निराकारं च साकारं बुद्ध्या संबुद्ध्यते जनैः । बुद्ध्यायद् बुद्ध्यते देवि बुद्धिरूपं तदेवच !** આથી નિશ્ચય થશે કે નિરાકાર અને સાકાર એવા શબ્દો બ્રહ્મને વિષે માણસો બુદ્ધિવડેજ જાણે છે. માટે હે દેવિ ! ! ! જે શબ્દો બુદ્ધિથી સમજાય છે. તે તમામ શબ્દો બુદ્ધિરૂપ એટલે પ્રકૃતિ અથવા માયારૂપ છે એમ જાણો. છતાં ઉપાસક ઉપાસ્યના અભેદ સિદ્ધાન્તને ધારણ કરવા યોગ્ય—ઉપરના મંત્રમાં વર્ણવ્યા પ્રમાણે ભાવ અભાવની ઐકયતાએ બ્રહ્મ સ્વરૂપના પ્રતિપાદનને માટે ભાવરૂપ સગુણ બ્રહ્મ પણ ૐકાર—અને અભાવ રૂપ નિર્ગુણ બ્રહ્મ પણ ૐકાર—એ બન્નેના અભેદરૂપે—એટલે સગુણ નિર્ગુણની અભેદતાએ ૐકારની ઉપાસના કરી ઉપાસક પુરૂષ (જીવ) ઉપાસ્ય ૐ બ્રહ્મમાં સગુણ નિર્ગુણ

સાકાર નિરાકાર ભાવ અભાવથી પરે પરમપદરૂપ પરબ્રહ્મ સ્વરૂપ સ્થિત થાય છે. કે જે શ્રુતિના અન્વયે " **ब्रह्मविद् ब्रह्मैव भवति** " સ્વત: સિદ્ધજ છે. અને ત્યાંજ **न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः। न मुमुक्षुर्न वै मुक्तः इत्येषा परमार्थता ॥** આ શ્રુતિ આગળ વર્ણવી ગયા છીએ તેથી સ્વસ્વરૂપ સ્વત: સિદ્ધ સ્વયંપ્રકાશમાન નિરતિશય સ્વસ્વાનંદ રૂપે સ્થિતજ છે.

આવી રીતે વેદોની તથા ઉપનિષદોની ઐક્યતા છે. અને તે માણ્ડુક્યની શ્રુતિઓ. **ॐ मित्येतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद् भविष्यदिति सर्वं ॐकार एव यच्चान्य त्रिकालातीतं तदपि ॐकार एव ।** થી સિદ્ધ થાય છે–કે જે ત્રિકાલભાવમાં તદ્રૂપ ॐकार છે તેજ ત્રિકાલરહિત ભાવમાં એટલે અભાવમાં પણ ॐकार તો તેનો તેજ છે. અર્થાત્ ત્રિકાલસ્વરૂપ સગુણ અથવા સાકાર –અને ત્રિકાલરહિત તે નિર્ગુણ, અથવા નિરાકાર–એમ સમજાતાં ॐकार તો ભાવ અભાવમાં પોતે તો તેનો તેજ છે. ॐकारને કોઇ એક પક્ષનો પક્ષપાત નથી. તેનો ઊભય પક્ષમાં સમાન અભેદ છે. એટલે એક પક્ષનું પ્રતિપાદન કરનારા અને મિથ્યાભિમાનથી પોતાના કક્કાને ખરો કરાવનારા સગુણ કે નિર્ગુણ પક્ષના પક્ષવાદીઓનો આ ॐकारમાં નાખ્યો દાવ પહોંચતો નથીજ નથી. માત્ર સગુણ નિર્ગુણ સમાન બુદ્ધિથી ॐकारને જાણનારા, અગર સગુણ નિર્ગુણ રહિત ॐकारને જાણવાવાળાઓ–સમજે છે એમ કહેવાને કિંચિત્ દૂષણ નથી. જો **ખંડન** માનીએ તો સગુણ–નિર્ગુણ–સાકાર નિરાકાર–બન્ને પક્ષનું ખંડન થાય છે અને **મંડન** માનીએ તો ઉપરના બન્ને પક્ષોનું મંડન થાય છે, ત્યારે આ ખંડન મંડન માનનારા–મિથ્યા લવારો સન્નિપાતથીજ કરે છે–એમ ઊભયશબ્દનો પક્ષ સ્વિકારનારાઓને માન્ય કરવું ઘટિતજ છે–કેમકે શ્રુતિ સમૂહમાં–**अपाणि पादो**થી આરંભકરનારી શ્રુતિ **तमाहुरग्र्यं पुरुषं महान्तम्** થી પૂર્ણ કરતાં નિર્ગુણ અને સગુણનો બ્રહ્મમાંજ સમાસ કરે છે. તેમાંજ આગળ વર્ણવી ગયા પ્રમાણે **न च तस्यास्ति वेत्ता** તેનો જાણનારો કોઈ નથી. એમ સમજાવતાં પોતાને સમજાય છે કે, જાણનારો કોઇ રહેતો નથી ત્યારે નિર્ગુણ કહેનારો કોણ કુટાય છે ??? અને સગુણ કહેનારો પણ કોણ કુટાય છે. નિર્ગુણનો કે સગુણનો પક્ષ તો પડતો નથી તો ખંડન મંડન કોનું ??? સગુણ–સાકારનું ખંડન મનાવનારાઓની વાણી **ख पुष्पवत्** જણાય છે. સગુણનું ખંડન કરતાં–શબ્દ કે ભાવનું ખંડન થાય તેમજ નિર્ગુણ–પણ શબ્દજ, કે ભાવરૂપે અભાવ છે. ત્યારે તેનું પણ ખંડન થયુંજ થયું. એટલે નિર્ગુણ મનાવનારાઓ પણ જીવતા રહ્યા નહિં. સગુણનું ખંડન કરતાં પોતાનુંજ ખંડન કરવા ઊભા થયા છે. માટે એવા બેડોળ બુદ્ધિના અને બેભાન અવસ્થાના જનોને પોતાના પગમાં કુહાડો વાગે છે તેનું પણ ભાન રહેતું નથી. એવા તે પોતાનું નાક કાપી અન્યને અપશૂકન કરવા વાળા

જીવન્મૃતક છે. યાવત્ શ્રુતિ સ્મૃતિના અવિરોધરૂપ આ પોતાનો **"સનાતન વૈદિક ધર્મ"** સગુણ નિર્ગુણ કે સાકાર નિરાકારના અવિરોધ સ્વરૂપથી પરબ્રહ્મ પરમાત્માનુ દર્શન આપે છે. આવા અખંડ અભેદ નિશ્ચયથી અજ્ઞાત અજાગૃત અવિવેકી પ્રજાના આગળ, સત્ય તત્વમાર્ગને ભુલાવામાં નાખવા પ્રયત્ન કરતા હોલેદિલ જનોની આંખે સદાયને માટે પાટા બંધાયા છે એમ નિશ્ચય જાણો. કેમકે **वेदाहमेतमजरंपुराणं सर्वात्मानं सर्वगतं विभुत्वात् ॥** આ શ્રુતિના અન્વયથી સમજાય છે કે નિર્ગુણ સગુણ સમાન ભાવ રૂપેજ તે પરમાત્મા છે. એમ સમજવાને માટે **અન્વય લક્ષણા** અને **વ્યતિરેક લક્ષણા**–સદ્દગુરૂ બ્રહ્મવેત્તા જીવન્મુક્ત સંત પાસે સારી પેઠે સમજી લેવી જોઇએ–કે મતામત કે પક્ષપાત થાય નહિં. સાકાર–તે મૂર્ત્ત સ્વરૂપ અને નિરાકાર તે અમૂત્ત સ્વરૂપ એમ સમાન સ્વરૂપથી એમ અભેદ રૂપકના સિદ્ધાન્ત રૂપે મૂર્તિ અમૂર્તિ અભેદજ છે. અને તે વેદ નિશ્ચય પુરાણ સુધી પણ અભેદ છે–છતાં અંધારામાં રહેનારા અંધારાને અજવાળા રૂપે મનાવવાનો પ્રયત્ન કરતાજ જણાય છે. પણ ભાઇ!! એજ કલિયુગના પ્રધાનોએ, દેશની અવ્યવસ્થા કરવા અને એક સનાતન વૈદિક ધર્મી બંધુઓમાં ભેદ પાડી દુ:ખ સાગરમાં ડુબાડવાની પ્રક્રિયા ચાલુ કરી છે તે આંખ ઊઘાડીને જોવા સરખી છે. વાંસનું જાળું–પવનના સપાટે આપોઆપ ઘસાતાં અગ્નિ ઊત્પન્ન કરી આપેજ બળીને ખાખ થાયછે–એવોજ કરવા માંડેલો પ્રયત્ન–હે ભારતનિવાસી સનાતન વૈદિક બંધુઓ!!! જરા અનુભવના ચક્ષુએ ઊઘાડી દૃષ્ટિએ જુઓ. અને સ્વદેશ–સ્વધર્મને ઊંધો વાળવાનો પ્રયત્ન કર્ત્તા તમારા બંધુઓને અધમ કર્મ કરતા બચાવવા. સત્ય પ્રબોધને પ્રસરાવી તમારૂં અને તેમનું ઊભયનું કલ્યાણ ઇચ્છો.

ઉપર પ્રમાણે પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ ૐકારજ સર્વ પ્રકારના શબ્દાક્ષર અને વાણી મનથી જેમ રહિત ગણાય તેમજ શબ્દાક્ષર વાણી મન સહિત પણ ગણાય છે. એટલેજ **सर्वं खल्विदं ब्रह्म** આ શ્રુતિના નિશ્ચય રૂપે સગુણ પણ તેજ અને નિર્ગુણ પણ તેજ. એવો દૃઢ નિશ્ચય છે. સગુણ અને નિર્ગુણ–અથવા સાકાર અને નિરાકાર એ બંન્ને ભેદ પાડનારા ખંડન મંડનના વિલાસીને સત્ય વાત ધ્યાનમાં આવતી નથી. બાકી જેમ સાકરનો ગાંગડો અને અને મિઠાશ એક બીજાથી ભિન્ન નથી સૂર્ય અને પ્રકાશ એક બીજાથી ભિન્ન નથી. ચન્દ્રમા અને રશ્મિ, એક બીજાથી ભિન્ન નથી. અધિષ્ઠાન અને અધ્યસ્ત એક બીજાથી ભિન્ન નથી. તેમજ સગુણ અને નિર્ગુણ એક બીજાથી ભિન્ન નથી. એવો સંપૂર્ણ અખંડ, અભેદ, સિદ્ધાન્તરૂપ વેદ છે. છતાં અજ્ઞાનતાનું પરિણામ એટલું બધું લાંબુ થયેલું જણાય છે. કે– બ્રહ્મમાં અભેદ પ્રકારે સગુણ–સાકાર–અછે નિર્ગુણ–નિરાકાર છતાં ભેદ પાડી દ્વૈત બુદ્ધિથી પ્રશ્ન ઊપસ્થિત કરે છે કે

સગુણ તે અંધકારરૂપ છે અને નિર્ગુણ નિરાકાર તે પ્રકાશરૂપ છે. તેથી સગુણ નિર્ગુણ ઐક્યાત્મ સંભવે નહિં. એવી અઘટિત કલ્પનાના પ્રશ્નોથી અજ્ઞાત જીવોને-વિશેષ ભ્રાન્તિમાં નાખી-સનાતન વિચાર ગતિથી ભ્રષ્ટ કરવાનો પ્રયોગ જે આરંભ્યો છે તેણે સમજવું ઘટે છે કે-સગુણ નિર્ગુણ અથવા સાકાર નિરાકાર બન્ને શબ્દો જો ભિન્ન પડતા હોય તો સાકાર સ્વરૂપ વસ્ત્ર અને નિરાકાર સ્વરૂપ સૂત્ર આ બંન્નેના ઓતપ્રોત અભેદ ભાવને જુદા પાડો જો??? સૂર્ય તથા પ્રકાશને ભિન્ન પાડો જો??? મૃત્તિકા અને ઘડાને ભિન્ન પાડો જો??? આકાશ અને વ્યાપ્તિને ભિન્ન પાડો જો??? આમલી અને ખટાશને ભિન્ન પાડો જો??? ખાંડ અને ગળપણને ભિન્ન પાડો જો??? મધુ અને અને મધુરતાને ભિન્ન પાડો જો??? પુષ્પ અને સુગંધીને ભિન્ન પાડો જો??? વૃક્ષ અને રસને ભિન્ન પાડો જો??? અજવાળું અને અંધારૂં એ બંન્ને પ્રતિપક્ષી ગુણો છે એમ લૌકિક માન્યતા છે. એમ લૌકિક માન્યતાના ભેદે પરબ્રહ્મ પરમાત્મામાં તેવા ભેદોથી સગુણ નિર્ગુણ કહેવાય છે એમ માનનાર કેટલી બધી ભુલ કરે છે??? સગુણ નિર્ગુણ એ અભેદ વાચક શબ્દો છે પણ જે પરબ્રહ્મમાં નિર્ગુણ ઘટે છે તેજ પરબ્રહ્મમાં સગુણ ઘટે છે. પરમાત્મા તો લક્ષણાતીત પ્રભુ છે. જેને માટે આગળ વર્ણવી ગયા પ્રમાણે.

तदिदं तादृशमीदृशमेतावत्तावदिति च यन्न भवेत् ।
ब्रह्म तादित्यवधेयं नोचेद्विषयो भवेत् परोक्षं च ॥

તે, આ, તેવું, આવું, એટલું, અને તેટલું એમ જે નથીજ તે પરબ્રહ્મ છે. એમ જાણવું જોઇએ. નહિં તો બ્રહ્મ વિષય પરોક્ષરૂપ થાય. ખુલાસાનું સ્વરૂપ એવા પ્રકારનું છે કે-જે વસ્તુ પરોક્ષપણ (તે) નથી. જે વસ્તુ પ્રત્યક્ષ પણ (આ) નથી. જે વસ્તુ અનુમાનના વિષયરૂપ (આવી) પણ નથી. જે વસ્તુ આટલા પરિણામવાળી છે એમ (એટલી) પણ કહેવાતી નથી. અને જે વસ્તુ આટલા પરિણામ વાળી છે એમ (તેટલી) પણ કહેવાતી નથી. તેજ વસ્તુરૂપ સ્વરૂપ **પરબ્રહ્મ પરમાત્મા છે** એમ વિવેકી વિદ્વાન પુરૂષો જાણે છે. પણ જો એમ ના માનીએ તો સર્વ પ્રમાણને પ્રકાશનાર બ્રહ્મ **પરમાત્મા** વિષય સ્વરૂપે થતાં પરોક્ષજ કહેવાય માટે બુદ્ધિના અવિષય રૂપે પરમાત્માનું પ્રતિપાદન થાય છે. કહો ભાઇઓ!!! હવે નિર્ગુણ કે સગુણ એમાંથી એક પક્ષ કેમજ કહેવાશે.?? એક પક્ષ કહેતાંજ પરોક્ષ પ્રતિપાદન થાય છે. અને બ્રહ્મ તે પરોક્ષ નથીજ નથી. માટે નિર્ગુણ-સગુણ જેમાં સમાય છે. એવા સગુણ નિર્ગુણ સમાન પ્રવાહવાળા પરમાત્મા પરબ્રહ્મ ૐકાર અભેદ સાકાર નિરાકાર સ્વસ્વરૂપ છે. અંધકાર મનુષ્ય કલ્પના છે. (અગર માયાવી છે) કેમકે સ્વતઃ પ્રમાણ, સ્વતઃ

સિદ્ધ **પરબ્રહ્મ** સવિતાના અખંડ **અભેદ અવિરોધ અમૃતમય કાલાતિત કાળમાં** સવિતાનું અખંડત્વ વિલાતું નથી. તેમાં અંધકારની માત્ર કલ્પના છે. કેમકે પૃથ્વી તત્વના સંબંધી જનોને પૃથ્વીના વિચરણમાં સૂર્ય ન દેખાય તેથી અંધકાર કલ્પે પણ તેથી સૂર્ય ગેબ જતો નથી. તે તો સદાએ છેજ. એટલે આ અજ્ઞાનતાથી કલ્પાયેલો અંધકાર અજ્ઞાત કાળના જીવોને જ્ઞાતરૂપે સમજાય છે **"यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति"** આ શ્રુતિના અર્થ પ્રમાણે અજ્ઞાની અંધકાર કલ્પે છે. પણ અજ્ઞાનીનો કલ્પેલો અંધકાર વાસ્તવિક નથીજ અસ્તુ ! ! !

વળી કેટલા એક ભાઈઓ **प्रतिमा** એવા સંસ્કૃત શબ્દને ગુજરાતીમાં પ્રતિમા એટલે મૂર્તિના અર્થમાં ઘટાવીને **प्रतिमा** સંસ્કૃત શબ્દના અર્થને બિલકુલ ડુબાવી પોતાનો કક્કો ખરો કરાવવા માગે છે. અને તેમણે જાણવું જોઈએ કે ગુજરાતી ભાષામાં પ્રતિમા શબ્દનો અર્થ **મૂર્તિ** કરો તો ભલે. પણ સંસ્કૃત શબ્દ **प्रतिमा**નો અર્થ તો **ઉપમા** વાચક સિદ્ધ છે. અને શ્રુતિનો માત્ર ટુકડો લઈ મૂર્તિના સનાતન વૈદિક ધર્મ મંતવ્યને ખોટો ઠરાવવાનો પ્રયત્ન કરોછો પણ તેથી વિદ્વાન પુરૂષો ગોથું ખાશે નહિં. પૂર્ણ શ્રુતિ એવા પ્રકારે છે કે-

नैनमूर्ध्वं न तिर्यंच न मध्ये परिजग्रभत् ।
न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः । શ્વે૦ ઉ૦

આ પરબ્રહ્મ પરમાત્માને અવિભક્તપણાથી તથા અંશરહિતપણાથી તથા નિરવયવપણાથી ઊર્ધ્વમાં પણ કોઈ પકડી શકતું નથી. તેમ ત્રાંસી દિશામાં પણ કોઈ પકડી શકતું નથી. તેમ મધ્યમાં પણ કોઈ પકડી શકતું નથી. એવા તે પરમાત્માના નામ તથા મહાન યશની કોઈપણ પ્રકારે **ઉપમા** નથી.

એવો સ્પષ્ટાર્થ છે છતાં સનાતન ધર્મિ બંધુઓને ધોખામાં નાખી ભ્રષ્ટ બુદ્ધિનો વલોપાત કરી યાવત્ તાવત્ બકી જાઓ. તેથી સનાતન બંધુઓમાંના વિદ્વાનો તમારી બુદ્ધિની સ્પષ્ટ પરીક્ષા કરે છે, પોતાની બુદ્ધિને પોતાના મંતવ્ય મનાવવા યોગ્ય લાગે તે માનવું અને યોગ્ય ન લાગે તો તેને ક્ષેપક ગણવું એ ઠીક ગણતરી કરી લીધી છે-પણ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે—

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।

બ્રહ્મભૂયપણાની સિદ્ધિને પ્રાપ્ત થયેલો પ્રસન્ન પુરૂષ કોઈપણ વસ્તુને માટે શોક પણ કરતો નથી અને કશાની ઇચ્છા પણ કરતો નથી. તેવો પુરૂષ, સર્વ ભૂત (પ્રાણીમાત્ર દૃશ્યાદૃશ્ય) ને વિષે સમબુદ્ધિ રાખી એટલે પરમાત્માને જાણી પરમભક્તિથી પરમાત્માનેજ પ્રાપ્ત થાય છે-પરમાત્માજ સર્વ છે એ સિદ્ધાંતને સમજવા માટે શ્રીકૃષ્ણ કહે છે કે:—

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ।
अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभ विष्णु च ॥

તે સર્વ ભૂતોને વિષે બહાર પણ છે અને અંતરમાં પણ છે. સ્થિર પણ તેજ છે અને ચળ પણ તેજ છે. તે અત્યંત સૂક્ષ્મપણાથી અવિજ્ઞેય છે. અજ્ઞાનતાથી દૂર પણ છે અને ઉપર પ્રમાણેના જ્ઞાનથી ઘણો પાસેમાં પાસે (નિકટ) પોતે રૂપ છે. તે અવિભક્ત એટલે નિરવયવ-ભાગ વિનાનો છતાં સર્વભુત પ્રાણી માત્રમાં વિભક્તપણાથી ભાસે છે. એટલે જુદા જુદા પ્રમાણમાં ભાસે છે. તેજ સર્વનું રક્ષણ કરનાર. તેજ સર્વને જાણનાર અને તેજ સર્વનો લય કરનાર એમ તે પોતે સદાએ વ્યાપકરૂપ છે. એ પ્રમાણે-સર્વ સ્વરૂપથી, સર્વ નામથી, સર્વ ગુણથી, સર્વ કર્મથી., સર્વ ક્રિયાથી, ભાસમાન થતો તે પરબ્રહ્મ પરમાત્માજ છે. પરમાત્માજ સર્વ છે એમ સિદ્ધ થાય છે. હવે પરમાત્મા શિવાય અન્ય શું છે ?? કે જેને તમો "જડ" કહો છો ?? આથી સિદ્ધ થાય છે કે "જડ" કહેનારાની બુદ્ધિજ જડરૂપે જુએ છે. અનુભવે છે અને બોલે છે. છતાં સનાતન ધર્મની મર્યાદાએ સનાતન બંધુઓ તેવા "જડ" માનનારાને પણ જડ જોતા નથી. વા "જડ" માનતા નથી. સ્વસ્વરૂપ ચૈતન્યરૂપજ માને છે એ સનાતન ધર્મનું ગૌરવજ છે. શત્રુની દૃષ્ટિએ જોનારને શત્રુ સમજાય છે પણ સનાતનધમ મર્યાદાએ જોનારને કોઈ શત્રુ નથી. એટલુંજ નહિં, પણ તે પરમાત્માજ છે. આ તેમની અપૂર્વ મહત્તા-અને અસ્ખલિત મર્યાદા છે. માટે સ્વદેશ અને સ્વધર્મની ઊન્નતિ ઇચ્છનાર આત્મદર્શિ બંધુઓને સમજવું ઘટે છે કે-સગુણ તેજ નિર્ગુણ અને સાકાર તેજ નિરાકાર-મૂર્તિ તેજ અમૂર્તિ અને સર્વ, એવાજ પ્રકારે નિર્ગુણ તેજ સગુણ. નિરાકાર તેજ સાકાર-અને અમૂર્તિ તેજ મૂર્તિસ્વરૂપે સ્વતઃ સિદ્ધ પરબ્રહ્મ પરમાત્મા અભેદ સ્વરૂપ છે-એમ વ્યતિરેકાન્વય અભેદ લક્ષણાથી સત્ય સમજી ખંડન મંડન કરવાપણું ત્યાગ કરવા જેવું છે. ખંડન મંડન માનનાર અજ્ઞાતપણાના ભ્રાન્તવાદમાં દટાયેલા છે એમ જાણો. सर्वं ह्येत ब्रह्मायमात्मा ब्रह्म-श्रुतेः તથા विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वस्पात् । सं बाहुभ्यां धमति संपतत्रैर्द्यावा भूमिजनयन्देवएकः । यजु० ॥ સર્વ સ્વરૂપે સર્વ ભાવથી, સર્વ નામથી, સર્વ આકારથી, સર્વ શબ્દ અર્થ સત્તાના દેખાવથી, સર્વ દૃશ્યથી, સર્વ અદૃશ્યથી, સર્વ જડથી, સર્વ ચેતનથી એમ સર્વ સમાન પ્રકારથી પરમાત્મા છે. સગુણ અને નિર્ગુણ એવા બે શબ્દો એકજ પરમાત્માનું સ્વરૂપ છે-સગુણ પ્રતિપાદન કરવાને પણ તેમનાં શબ્દ પ્રમાણ છે.

તેમ નિર્ગુણ પ્રતિપાદન કરવાને પણ વેદનાંજ શબ્દ પ્રમાણ છે. એટલે સગુણ નિર્ગુણ બન્ને ભેદોને પ્રતિપાદન કરનારાં શબ્દ પ્રમાણ સિદ્ધ છે–એટલે આ બન્નેને વેદજ પ્રતિપાદન કરે છે.

જુઓ યજુર્વેદ સંહિતામાં—

तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥ ४०—५ ॥

આ તે (આત્મા) બ્રહ્મ તત્વ–(બુદ્ધિ) ઉપાધિના સંગથી ક્રિયા કરતું હોય તેમ પ્રતીત થાય છે. પણ પોતે સ્વભાવથી કાંઇપણ કરતું નથી. અજ્ઞાની જનોને તે બ્રહ્મતત્વ કરોડો કલ્પે પણ પ્રાપ્ત થવા યોગ્ય નથી તેમને તે દૂર હોય એમ જણાય છે. પણ તે વિદ્વાનોનું સ્વરૂપ હોવાથી તેમને અત્યંત સમીપ એટલે પોતાના આત્મા સ્વરૂપેજ સિદ્ધ છે. તે આ (જગત્) ની અંતર છે. અને આકાશવત્ વ્યાપક હોવાથી અંતર બાહ્ય સર્વ રીતે સિદ્ધ છે. માટે વિવેકી અને જ્ઞાતાજનો દૃશ્ય કે અદૃશ્ય જડ કે ચેતન એમ સર્વ સ્વરૂપે સર્વ દિશાયુક્ત અંતર બાહેર પરમાત્માને જાણીને કોઇની કદાપિ પણ નિંદા કરતો નથી. એમ સત્ય સમજાવતાં આગળ વર્ણવે છે કે.

यस्तु सर्वाणि भूतान्यात्मन्नेवानुपश्यति
सर्व भूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ ४०—६ ॥

જે વિવેકી પુરૂષ અવ્યકત માયાથી લગાયત સ્થાવર પર્યંતનાં સર્વ ભૂતોને પોતાના બ્રહ્મ સ્વરૂપથી ભિન્ન જોતો નથી. પોતાના સ્વસ્વરૂપમાં સર્વને માળાની પેઠે પરોવાયેલા આરોપિત જાણે છે. એટલે સર્વ ભૂતોમાં પરમાત્મા રૂપે પોતાના આત્માનેજ જ્યાં ત્યાં જુએ છે. તે તત્ સ્વરૂપ બ્રહ્મ સ્વરૂપની જાગૃતિથી કોઇની પણ નિંદા કરતો નથી. દૃશ્યભાવ વડે વા દૃશ્ય બુદ્ધિ વડે દૃશ્ય કલ્પના મય ભાવનાથી દેખનારાજ આત્માથી ભિન્નતા સમજીને નિંદા કરે છે. આથી સાબીત થાય છે કે જે પુરૂષ **यतोवाचो०। सत्यज्ञानमनंतं ब्रह्म०।** તથા **एकमेवाद्वितीयं ब्रह्म** અને **सर्वं खल्विदं ब्रह्म** આ શ્રુતિના અર્થ જે બરાબર સમજ્યા હોય અને દૃશ્યાદૃશ્યનો અર્થ યથાર્થ ધ્યાનમાં રાખ્યો હોય તેવા વિવેકી જનો કોઇની પણ નિંદા કરતા નથી. કેમકે સર્વ રૂપ પરમાત્માજ છે. જેમાં નિંદા કરવા યોગ્ય નથી. જેની નિંદા થાય તે પરમાત્માનીજ થાય છે. એટલે પોતાનીજ થાય છે એમ વિદ્વાન હોય તેજ સમજે છે. આથી મૂર્તિનું ખંડન માનનારા તે પોતાના આત્માનાજ નિંદક છે એમ સિદ્ધ થાય છે.

વાદળી નામનો પદાર્થ—પાણી ચુસી લેવાના સ્વભાવવાળો છે તેથી ઘણું ખરૂં ઔષધશાળામાં તેનો ખપ પડે છે. તેથી સગુણ નિર્ગુણનો અભેદ સિદ્ધાન્ત દૃષ્ટિમાં આવશે. કે વાદળી પાણીથી ભરેલી હોય અને સુકી છાંડેલી હોય તોપણ બ્હારથી આવનાર માણસ તેને તેમાં પાણી ભરેલું જ નથી એમ જોઈ શકતો હોય તોપણ તે ભૂલ કરે છે.

વાદળીના દૃષ્ટાન્તથી બ્રહ્મ સ્વરૂપનું ભાન.

કેમકે એ વાદળીના રોમ રોમાંચમાં પાણી સંપૂર્ણ રીતે ભરાઈ રહેલું છે. પણ બ્હાર દેખાવ રૂપ નથી. જેમ પાણી ભરેલુ છતાં પણ બહારથી દેખાતું નથી તે તો વાદળીજ દેખાય છે. તેમ પાણી ન ભરેલું હોય તો પણ તે તો વાદળીજ દેખાય છે. એટલે પાણી ભરેલું હોય ત્યારે પણ વાદળી દેખાય; અને પાણી ન ભરેલું હોય ત્યારે પણ વાદળીજ દેખાય. એમ વાદળી નિર્ગુણમાં અને સગુણમાં સરખા સ્વરૂપે છે. પાણીના અભાવ વાળો કાળ તે વાદળીનો નિર્ગુણ પ્રકાર અને પાણીના ભાવ વાળો કાળ તે વાદળીનો સગુણ પ્રકાર છે. એમ વાદળીના સબંધે અભાવ અને ભાવ વાળા કાળમાં નિર્ગુણ અને સગુણ કહેવાય છતાં વાદળી તે તો વાદળીજ છે અને વાદળીમાં તો ભાવ પણ નથી અને અભાવ પણ નથી એ વાદળીનો **વ્યતિરેક** છે અને વાદળીમાં અભાવ પણ છે અને ભાવ પણ છે તે **અન્વય** છે. એમ વ્યતિરેક તથા અન્વયમાં સ્વસ્વરૂપ અને સિદ્ધાન્તરૂપે વાદળીજ છે. અર્થાત્ વ્યતિરેકાન્વય અભેદ સ્વરૂપે સગુણ નિર્ગુણ અભેદજ છે. વાદળીને સગુણ રૂપે કે નિર્ગુણ રૂપે કદાપિ પણ વર્ણવી શકાયજ નહિ. તેમ વર્ણવો તો પાણીના સબંધથી પાણીના ભાવ અભાવ રૂપેજ વર્ણવાય છે. તેમજ ૐકાર પરબ્રહ્મ પરમાત્માને સગુણ કે નિર્ગુણ રૂપે કદાપિ પણ વર્ણવી શકાય નહિં. છતાં વર્ણન કરવા ઇચ્છો તો કલ્પિત માયાના ભાવ અભાવ રૂપ સગુણ નિર્ગુણ સંબંધ વર્ણવાય છે. એટલે એક પક્ષ નિર્ગુણ કે એકજ પક્ષ સગુણ, એમ તો કદાપિ પણ ભેદ રૂપે કહેવાય નહિં કહો તો બેઊ અભેદ રૂપે કહો. અને ના કહો તો બન્નેને ના કહો એવો સિદ્ધાન્ત ઠરે છે. આ ઉપરથી સગુણ નિર્ગુણનો ભેદ માનનારા કેવળ ગપ ગોળાજ ચલાવી સનાતન સિદ્ધાન્તની વગોવણીજ કરે છે. વાદળીજ નિર્ગુણ રૂપે ઠરે એટલે સગુણ રૂપે ઠરીજ ચુકી. અને જે નિર્ગુણ તેજ સગુણ છે. કેમકે પાણીથી ભરેલી છતાં પાણી રૂપ જોઈ શકતા નથી. એટલે તેજ નિર્ગુણ છતાં સગુણજ છે. આ ઉપરથી સમસ્ત સનાતન વેદ ધર્મિ બંધુઓને સમજવું ઘટે છે કે સગુણ નિર્ગુણનો ભેદ પાડી, જડ ચૈતન્યનો ભેદ સમજાવી જડ ભાગના ખંડનને માટે યત્ન કરનારા ભાઈઓ—આપણા સનાતન વેદ ધર્મમાં ભ્રાન્તિ ઉત્પન્ન કરી આપણને પરમાત્માના અપરાધી બનાવવા માગે છે. માટે

સંભાળજો. એ તેમની છાકટી બુદ્ધિનો દુરુપયોગ આપણે કરવાનો નથી. આપણે તો ઉભય એક રસ અભેદ આ સગુણ નિર્ગુણ પ્રકારથી પરમાત્માજ છે.

માયા અને જીવને અનાદિ માનનાર ભુલ કરે છે.

વળી **રજ્જુ સર્પવત્** વિવર્ત્ત બુદ્ધિના અવિચારથી છીપમાં રૂપું ભાસે એટલે છીપને જ્યાં સુધી સત્ય સમજાઇ નથી ત્યાં સુધી રૂપાના સત્યત્વનો આભાસ છે એમ કહેવાય છે. તેમજ "બ્રહ્મ" ૐ" જ્યાં સુધી સત્ય ન સમજાય ત્યાં સુધી અવિચાર દૃષ્ટિ રૂપ **માયા** એવું એક કલ્પિત નામ આપી સત્ય વસ્તુના ભાનનો અભાવ સમજાવવાનો પ્રયત્નજ છે એમ જાણો. જ્યારે "બ્રહ્મ" ૐ-નિશ્ચય થાય છે ત્યારે આ કલ્પના કે અવિચાર રૂપ માયા આપોઆપ મુદ્દામાં હતી નહિ, અને ગઈ પણ નથી, એમ સિદ્ધાન્ત થાય છે. બ્રહ્મ ને વિશે બ્રહ્મ સંબંધીના જ્ઞાનની ખામીથી અવિચાર રૂપે જે **માયા** કલ્પાય છે. તે બ્રહ્મના અધિષ્ઠાનમાંજ અધ્યસ્ત રૂપે કહેવાય છે. હવે માયા "**અનાદિ**" શી રીતે ગણાય-??? અનાદિ શબ્દમાં અન્+આદિ અર્થ એવો થાય છે કે હવે જેના આદિ કોઈ નથી. અગર જે સર્વનો આદિ છે તેજ વસ્તુ **અનાદિ** છે. ત્યારે મિથ્યા માયાની કલ્પનાથી દ્વૈતાભાસ વાળું જગત્ તે તરફની દૃષ્ટિએ જે જુએ, તે માયાને કદાપિ અનાદિ માને, તોપણ તેની મોટી ભૂલ થાય છે. કેમકે માયાને જાણનારો માયા કાર્ય પહેલાં **અધિષ્ઠાન** સ્વરૂપ છે. એટલે સત્ય રીતે તો **અધિષ્ઠાન** બ્રહ્મ અનાદિ સિદ્ધ ઠરે છે. આ તો શાસ્ત્ર બુદ્ધિ છે. પણ જે જોનારો છતાં પોતાને અલ્પજ્ઞ-અને જીવ જાણે અને જીવ બુદ્ધિની શૉર્ટ સાઈટ-મંદ દૃષ્ટિથી જુએ તેથી તેની નજર પહોંચે નહિં તેથી જીવ-અને માયાને અનાદિ માને તેમાં નવાઈ પણ નહિં. હવે જ્યારે ગુરૂ કૃપા પ્રાપ્ત કરે ત્યારે જીવ માયાનું અનાદિ પણું આપોઆપ વિસરીને સત્ય સ્વરૂપ અધિષ્ઠાન બ્રહ્મનુંજ અનાદિ સિદ્ધપણું ઠરાવી આનંદ લે છે.

વલી ૩૬ મી.

आसीतामरणात्क्षान्ता नियता ब्रह्मचारिणी ॥
यो धर्म एकपत्नीनां काङ्क्षन्ती तमनुत्तमम् ॥

પોતાના પતિની સેવા કરીને વરદાન, શાપદાન, વગેરે અલૌકિક શક્તિ મેળવવાની ઇચ્છાવાળી પતિવ્રતા સ્ત્રીએ વિધવા થયા પછી મનની કામનાને શાન્ત પાડી દેવી-વિધવા સ્ત્રીના નિયમો પાળવા-અને મરણ પર્યંત બ્રહ્મચર્ય વ્રત પાળવું—

पतिं या नाभिचरति मनोवाग्देहसंयता ।
सा भर्तृलोकमाप्नोति सद्भिः साध्वीति चोच्यते । मनुः

પરપુરૂષનું સ્મરણ ન કરવું તેનું નામ મનસંયમ છે. પોતાના પતિના ગુણો કરતાં બીજાના ગુણોનાં વધારે વખાણ ન કરવાં તેનું નામ વાક્‌સંયમ છે. અને પરપુરૂષનો સ્પર્શ ન કરવો તેનું નામ શરીર સંયમ છે. આ ત્રણે પ્રકારના સંયમવાળી જે સ્ત્રી મન, વાણી અને કાયાથી પતિનીજ સેવા કર્યા કરે છે તે સ્ત્રી પતિના લોકમાં જાય છે–અને સત્ પુરૂષો તેને સાધ્વી સ્ત્રી એટલે પતિવ્રતા સ્ત્રી કહે છે—

સ્વદેશની અવનતિ કરનાર અને વિધવા સ્ત્રીઓને અધમ માર્ગે ચઢાવી પુનર્લગ્ન કરાવવાનો મિથ્યા આગ્રહ કરનારને ઉપદેશ.

આગળ ભારત વર્ષના સનાતન વૈદિક ધર્મના સત્ય સિદ્ધાન્તની પવિત્ર ધર્માચરણની, નીતિમાન, અને ધર્મ લગ્નની શુદ્ધ વીર્યની નિષ્કલંકિત પ્રજાના દેશને અને ધર્મને–ઉદયમાં મુકવાના બ્હાનાથી અસ્તનો ઉપદેશ કરનાર ભાઇઓએ દેશ ઉપર બહુજ મોટો ઉપકાર અને લાગણીઓ પ્રદર્શિત કરવાના વિચારો પ્રકટાવવાનો પ્રારંભ કીધો છે. સખેદાશ્ચર્યથી સનાતન વૈદિક ધર્મની અભ્યાસી પ્રજા તો સમજવા લાગી છે કે. આ મનુષ્ય જન્મ પાંચ પ્રકારથી પ્રભુનું જ્ઞાન જાણવાને સમર્થ થાય છે. અને જીવન્મુક્ત દશાને પામી પુનઃ જન્મમરણની વાસનામાંથી મુક્ત થાય છે.

૧. વૈદિક સનાતન ધર્મ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મવ્યવસ્થા–સત્વગુણ પ્રાપ્તિ.
૨. સનાતન વૈદિક ધર્મ પ્રમાણે વૈદિક વિધિનાં કર્મ કરી તે કર્મ પરમાત્માને અર્પણ કરી નિષ્કર્મ કરવાં તે.
૩. નવધા પ્રકારની ભક્તિથી જીવન્મુક્ત બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રોત્રિય. સદ્‌ગુરૂ સંત અને પરમાત્માને અભેદ જોઈ, જાણી, સદગુરૂ પ્રભુની અભેદ ઉપાસના કરવી.
૪. વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષતા આદિ સાધનની પ્રાપ્તિ.
૫. અનાત્મ બુદ્ધિજન્ય અનાત્મ દ્વૈત દૃષ્ટિના ત્યાગે સત્ય પરમાત્મ તત્વની પ્રાપ્તિ–બ્રહ્મ વિદ્યાજ્ઞાન વિચાર–તત્વજ્ઞાન.

આ શરીરનો તમામ આધાર વર્ણાશ્રમ મર્યાદાના “**ધર્મ**” શબ્દ ઉપરજ છે. વૈશેષિક શાસ્ત્રકાર લખે છે કે **यतोऽभ्युदयनिश्रेयससिद्धिःसधर्मः** જેથી અભ્યુદય એટલે ઉન્નતિ અને નિશ્રેયસ એટલે બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ–મોક્ષ થાય તેજ સિદ્ધાન્ત ધર્મ કહેવાય છે. આ ઉપરથી સમજાય છે કે સ્વદેશની, સ્વવર્ણની, સ્વજાતીની, સ્વબંધુની અને સર્વ રીતે સર્વની આબાદી અને ઉત્તમ પ્રકારની ઉન્નતિ એટલે ઉદય એવો જે માર્ગ તેજ ધર્મ માર્ગ છે–તેની સાથે–મોક્ષ એટલે કલ્યાણનું જ્ઞાન પણ જોડાતાં, બ્રહ્મવિદ્યાજ્ઞાનરૂપ જીવન્મુક્તતાનો પણ અનુભવ આપનાર તેજ આ “**ધર્મ**” છે.

ધર્મની વ્યાખ્યા પ્રમાણે વ્યવહારની ઉન્નતિ અને પોતાનું કલ્યાણ એ બે

ાગે સીધા એટલે વીધિપૂર્વક થાય તોજ જન્મ સાર્થક ગણાય. હવે પુનર્લગ્ન રવાથી વ્યવહારની ઉન્નતિ છે કે કેમ ? ? તેનો વિચાર કરતાં માલમ પડે છે —ધર્મ મર્યાદાના સેવનથી અર્થાત્ વર્ણાશ્રમ ધર્મની મર્યાદા પાલન કરતાં વ્યવ-ાર આપોઆપ સત્વગુણી થાય છે. સત્વગુણી વ્યવહાર—રજોગુણ તમોગુણના ર્યરૂપ વ્યવહારની એટલે કામ ક્રોધાદિક અથવા અવિદ્યામય નાસ્તિકતા વિ-ાસઘાત દંભ પાખંડાદિ અવિચારી અને અધર્મનેજ ધર્મરૂપ માનનારી બુ-દ્ધિનો વિલય કરનાર છે. ભગવદ્ગીતામાં લખે છે કે **अधर्मं धर्ममिति या मन्यते मसावृता । सर्वार्थान्विपरीतांश्च बुद्धिःसापार्थ तामसी ।** અંધકારવડે આવૃત્ત એલી બુદ્ધિ અધર્મનેજ ધર્મરૂપે અંગીકાર કરે છે—અને સર્વ પ્રકારથી વિપરીત રિણામ ઉપજાવનારાં કૃત્ય કરે છે તેને હે પાર્થ ! ! ! તામસી બુદ્ધિ જાણ. ાથી સત્ય સમજાય છે કે કેવળ તમોગુણી બુદ્ધિનો વ્યવહાર તે અંધકાર રૂપજ છે. અને સ્વધર્માનુકૂળ વર્ત્તન ચલાવનારા સાત્વિક પુરૂષો એવા ંધકારમય રજો તમોગુણી બુદ્ધિનો વ્યવહાર કદાપિ કરતાજ નથી. દ્વિજાતી ધવા સ્ત્રીઓ કે જેઓ દ્વિજાતીમાંની વૈદિક ધર્મની અધિકારી છે. તેમની ાતિમાં વિધવા લગ્નાદિક વ્યવહાર થતો નથી. વિધવા થયેલી સ્ત્રી પ્રથમ કોઈ ક પુરૂષની સાથે ધર્મ મર્યાદાપૂર્વક લગ્નમાં જોડાય છે ત્યારથી તે વિધવા ઈ અંતે શરીર પડી જાય ત્યાં સુધી તે પોતાના પતિની સાથેના પતિપણાના વહારમા જોડાયેલી છે. પતિ દેહાન્ત થાય તો પણ તેજ પતિની આ પત્નિ . પતિના મરણથી ધર્મલગ્ન ક્રિયાનો નાશ થયો નથી. તેમ તેના પતિત્વ કે ત્નિત્વનો પણ વિલય થતો નથી. કેમકે લગ્ન શરીરના નથી પણ બે જીવાત્મા-ાનાં પ્રેમરૂપ છે. શરીરનાં લગ્ન સમજતા જીવાત્માઓને તેમાંથી બાદ કરતાં ાત્ર બે મુડદાનાંજ લગ્ન સમજાશે. પુનર્લગ્નના હિમાયતીયો બે શરીરનાં એટલે ડદાનાંજ લગ્ન થયેલાં સમજ્યા છે. જે પેટ પકડીને હસવું પડે એવી તેમની ારે મૂર્ખાઈ છે એ બુદ્ધિમાનોને તો સ્વતઃસિદ્ધ છે. એક પતિને અર્પણ થ-લી ગણાયેલી આ વિધવા અન્યને પતિત્વરૂપે સ્વીકારે નહિં—કેમકે સદા સ દા એટલે યાવત્ જીવન પર્યંત તે પતિને અર્પણ થઈ ગયેલી વસ્તુનો બીજો ાક્તા વા માલીક અથવા પતિ થઈ શકે નહિ. વિધવાને પોતાના શરીર ઉપર ણ પોતાની સત્તા નથી. કેમકે એક વખત જે પતિનું પતિત્વ પોતે સ્વીકાર્યું યાવત્ જીંદગી પર્યંતને માટેજ સિદ્ધ થઈ ચુકયું છે. તે પતિત્વની ધર્મ ર્યાદામાં પોતાની સ્વચ્છંદ વૃત્તિવડે પોતાની ઈચ્છામાં આવે તેમ વર્ત્તવાને ધવાને કે વિધવાસ્ત્રીને સ્વતંત્રતા નથી. એમ છતાં ભોગ્ય વસ્તુ પરાધીનતા-ોજ છે ખરી, પણ તેથી તેને ગુલામ તરીકે માનવાનો અધિકાર કોઈને પણ થી. પતિ તેને પોતાના સલાહકાર, સાહ્યકારીરૂપે સ્વીકારે. અને સ્ત્રી પોતાના

પતિની આજ્ઞામાં રહી ગૃહસ્થાશ્રમનું **પ્રધાનપદ** ભોગવે એટલે સારી સમજથી નિરભિમાનતાએ પોતાના પતિથી પોતાને કોઈપણ કાળ અવસ્થામાં સ્વતંત્ર માનેજ નહિ. વિધવા આ વ્યવહારમાં હતી ત્યારે જેમ એક પતિની આજ્ઞામાં રહી સૌભાગ્યરૂપે કાર્ય કરતી હતી તેને હવે **પતિનું** શરીર નથી તોપણ અખિલ વિશ્વના પતિ, ત્રૈલોક્યાધિપતિ, પરબ્રહ્મ પરમાત્માની આજ્ઞામાં રહી કામ કરવાનું છે. કેમકે પ્રભુની આજ્ઞામાં તો સર્વકોઇ જીવાત્મા છે. એટલે પતિ જીવતો હોય તોપણ પતિ અને પત્નિ ઉભય પરમાત્માની આજ્ઞામાં છે. જીવાત્મા કોઈ કાળમાં પણ સ્વતત્ર નથી, સ્વતત્ર તો માત્ર પરમાત્માજ છે એટલે આ દેહી–પતિના વિલયમાં તો સ્ત્રી વિપરીત મતિની સ્વતંત્રતાવડે અન્ય પુરૂષથી પુનર્લગ્ન કરી શકે નહિ, પુનર્લગ્ન કરવાથી પતિ સંજ્ઞારૂપ દાન સ્વરૂપની ધર્મ મર્યાદાનો પણ ભંગ થાય છે. અને પરમાત્માની આજ્ઞાનો પણ ભંગજ થાય છે. અર્થાત્ પુનર્લગ્ન કરનારા અધર્મને ધર્મરૂપ માનનારા તામસી બુદ્ધિના જનો છે એમ જાણો. ગૃહસ્થાશ્રમમાં રહેનારાને ધર્મ મર્યાદાએ "પત્નિને એક પતિ" –અને "પતિને એકજ પત્નિ" એમ શાસ્ત્ર વર્ણવે છે. તેમાં પણ વિવેક વૈરાગ્યાદિક સાધનોની પૂર્તિમાં પોતાના સકલ વિશ્વના પતિની સેવા કરતાં, સત્વગુણી વ્યવહાર કરવોજ જોઇએ. એટલે ત્યાં પણ રજો તમો ગુણી વિષય પ્રવાહથી દૂર રહેવાને તો સર્વથા આજ્ઞા છે. જેમ બને તેમ વિષય જવાલામાંથી બચતાં, બ્રહ્મચર્ય સાચવતાંજ, સંતસમાગમ કરવાને જાગૃતી આપવામાં આવે છે. બ્રહ્મચર્ય સાચવતાંજ બ્રહ્મની પ્રાપ્તિ છે એમ ગૃહસ્થાશ્રમીને પણ **ઋતુકાલાભિગામી** રહેવાની સૂચના **છે** જેથી સ્ત્રીઓથી પણ બ્રહ્મચર્ય પળાય છે. હવે પતિ નથી તો બહુજ સારૂં થયું કે અખંડ બ્રહ્મચર્યનું સેવન થશે. જેથી પરમાત્માના જ્ઞાનની પ્રાપ્તિ સારી થશે–એટલે સદાકાળને માટે વિષય પ્રવાહના મારમાંથી બચશે–આ નિયમથી પોતાનુ કલ્યાણજ છે–જેથી પરમાત્માની કૃપાથી છુટયા પછી પણ જ્યારે પુનર્લગ્ન કરવાની ઇચ્છા થાય તો જાણવું કે તે વિષયરૂપ વિષના ભરેલા, ગંધાતા ખાડામાં હજુ પણ કીડાની પેઠે અવતરવા મરવા માગે છે. એટલે અધર્મનો પ્રવાહ ધર્મરૂપે અંગીકાર કરનારા પુનર્લગ્નના હિમાયતી ભાઇઓ–પુનર્લગ્નના અધર્મને ગળે ગાલનારાઓને કેવળજ ઊંધે માર્ગે દોરી બીચારાઓને ગરદન મારે છે પણ પોતાની અધમ દશાનો ખ્યાલ વિષય પ્રવાહ વાળી તમોગુણી બુદ્ધિમા કદાપિ આવતોજ નથી. આ વાત કોઈ સત્વ ગુણી સજ્જનો સમજી શકે છે. **को यो हि बद्धो विषयानुरागी। को वा विमुक्तो विषये विरक्तः।** વિષયાનુરાગી તેજ બદ્ધ છે. અને વિષયથી વિરક્તતા તેજ મુક્તતા છે. વિષયોની જ્વાલામાંથી બચે તોજ મુક્તિની પ્રાપ્તિ થાય છે. **ત્યારે** માનવ જન્મની સાર્થક્તા વિચારતાં આ બિચારા જીવોને વિષયના માર્ગમાં દો ?

તેમની અધોગતિ કરાવનાર ખરેખર દેશદ્રોહી ભ્રાતૃદ્રોહી કે ધર્મ દ્રોહીજ છે. એ વાત નિ:સંશય છે.

પુનર્લગ્ન કરાવનાર-નો કરાવવા સંબંધે વિધવાઓ ઉપર મુકાતો દોષ.

પુનર્લગ્ન કરાવતાં જન સમુહમાં એવી વાત ઊડાવે છે કે અમુક વિધવા નઠારાં કૃત્ય કરી બાલ હત્યાદિક દોષો ઉત્પન્ન કરે તેના કરતાં આ પુનર્લગ્ન કરવું વધારે ઉત્તમ છે. કેમકે તેથી પાપ થતું બચશે—તો તેનો જવાબ એવું કહેનારા ભાઈઓને જાણવો ઘટે છે—જે જ્ઞાતિ સમુહમાં નાતરાં કરવાનો રિવાજ નથી. એવી ત્રિવર્ણી વિધવા સ્ત્રીઓના સ્વધર્મના રક્ષણ ને માટે સુરતમાં તથા અમદાવાદમાં તથા મુંબાઈમાં **વનિતા વિશ્રામ** ઉઠાવ્યો છે. અને તેને માટે સતત્ પ્રયાસ કરી વિધવાઓને સ્વધર્મ માર્ગે દોરે છે. એવાં ગામેગામ વનિતાશ્રમ કાઢી વા તેવા વનિતા વિશ્રામમાં સોંપી તે વિધવા સ્ત્રી રૂપી ગાયનું સંરક્ષણ ઇચ્છી તેને વિષય પ્રવાહમાં તણાતી બચાવો. વા પોતાના ઘરોમાં સંરક્ષણ એવી રીતે આપો કે એ પોતાની આખી જીંદગી દેહાધ્યાસ બુદ્ધિની વૃદ્ધિના બળમાંથી મુક્તજ રહે. અને પૂર્ણ વૈરાગ્યવાન વિચારોથી પોતાનું જીવન સુધારવા પ્રભુનાજ વિચારોમાં જોડાય. નિત્ય કર્માદિક ક્રિયાથી જાગૃત કરી સ્તોત્ર પાઠ સ્તુતિ ભણાવો અને સત્સંગમાં સાધુ જનોના સમાગમથી પરમાત્માના ભક્તિ જ્ઞાનનો પ્રકાશ થાય તેમ તેમને બોધ આપો. આવાં આવાં સત્કર્મમાં દોરી તેમના કલ્યાણનો માર્ગ સૂચન કરવાની કોણે મના કરી છે. પણ તમોગુણી જનો પોતાની જ્ઞાતિ વધારવાનો પ્રયત્નજ કરી સત્વ ગુણને માર્ગે જનારાને વિષયનો મોહ વર્ણવી અને અંધ જનોને ખાડામાં નાખે છે. એ તમોગુણીજનો બીજાઓને પણ તમોગુણી બનાવે છે. તે જરા આંખ ઉઘાડીને જુઓ તો માલમ પડશે. કે આવા સ્વધર્મના માર્ગે જનાર વિધવા સ્ત્રીઓ તો કદાપિ પણ નીચ કૃત્યો કરતી નથી. વિષયને સેવવા ઇચ્છા ધરાવતી નથી અને પુનર્લગ્નરૂપી અધર્મના ફંદામાં સપડાતી નથી.

બીજી સ્ત્રી કરવાનો નિર્ણય અને બીજો પુરૂષ કરવાની સ્ત્રિ-વર્ણને મનાઈ.

હવે કેટલાએક તમો ગુણી પ્રવૃત્તિવાળા, અધર્મને ધર્મ માનનારા જનો એવા પ્રશ્નો ઉઠાવે છે કે પુરૂષો જ્યારે બીજી સ્ત્રી પરણી શકે છે. ત્યારે સ્ત્રીઓ વિધવા થયા પછી બીજા પુરૂષથી કેમ ન પરણી શકે ? ? આમ પ્રશ્ન કરી સ્ત્રીઓની ઉન્નતિના મોહનો ફાંકો રાખનાર અને વિપરીત અવનતી ઉપર લઈ જવાને સ્ત્રીઓને દુરાચાર ઉપર ચઢાવનારા હિતશત્રુ મિત્રોને સમજવું ઘટે છે કે પુરૂષો બીજી સ્ત્રી ક્યારે કરી શકે છે તો તેનો જવાબ કે એક (૧) જ્યારે પોતાની પાછળના વંશની વૃદ્ધિ ન હોય ત્યારે (૨) અથવા તે પુરૂષ વિષયી હોય ત્યારે—આ બે

કારણ શિવાય પુનઃ લગ્ન કરવાને ત્રીજુ કારણ જડતું નથી. એક સ્ત્રીને પ્રજા ન જીવતી હોય અગર વંઝા શરીર હોય અને પેલા પુરૂષને પુત્રની વાસના હોય ત્યારે તે પુનઃ પરણવા ઉભો થાય છે. ત્યારે જાણવું કે પુત્રની અપેક્ષાથી તે રજોગુણી સ્વભાવવાળો છે. વ્યવહારની દૃષ્ટિમાં રાચેલો વ્યવહારના મોહથી લોક સુખની અપેક્ષાવાળો છે. જેથી રજોગુણી સ્વભાવથી અન્ય સ્ત્રીથી પોતાને પુત્ર થશે એમ માની લગ્ન કરે છે. હવે સત્વ ગુણી માણસ હોય તો એમ સમજે કે પરમાત્માની ઇચ્છા તેમ નથી તો ભલે-પુત્રથી કાંઈ મોક્ષ નથી. વા પુત્રમાં કંઈ સુખ નથી. મોક્ષ સુખ તો પોતાના જ્ઞાનમાં અને પોતાના આત્માના કલ્યાણ સ્વરૂપ પરમાત્માના દર્શનમાં છે. જેથી પુત્રેષણા અને વિષય પ્રવાહની શાન્તિ ભોગવતો સંત સમાગમ ગુરૂગમ બુદ્ધિએ પરમાત્માના સ્વરૂપને જાણવા અને પોતાની પત્નિને પણ તેમ સમજાવવા રૂડો યત્ન કરે છે. પુત્ર છે તો તેની ભીડ નથી. પુત્ર હોય તો મારા જ્ઞાનને હાની નથી અને પુત્ર નથી તો પણ મારા જ્ઞાનને હાની નથી. તેથી મારા મોક્ષમાં પુત્રની પ્રાપ્તિ અપ્રાપ્તિની અપેક્ષા ગણાતી નથી એવું સમજનારા કદાપિ પણ વિષય પ્રવાહમાં તણાતા નથી. એટલુંજ નહિં પણ પુત્રની અપેક્ષાએ અન્ય સ્ત્રી કરવા ઇચ્છતાજ નથી. માત્ર પુત્રની અપેક્ષાવાળો-પુત્રેષણાવાળો-પુત્રથીજ મોક્ષ અને સુખ માનનારો લોકેષણાનો ભોગીજ ફરી પરણવા મથે છે. બીજા કારણસર તપાસીએ તો એક સ્ત્રીના ભોગમાં તૃપ્તિ ન ઇચ્છનારો પોતાની તૃપ્તિ સ્ત્રી વિષય ભોગમાંજ છે એમ તામસી બુદ્ધિના પ્રવાહથી અધર્મનેજ ધર્મ સમજેલા હોય છે. એવા પામર તામસી જનો વિષય સુખની અપેક્ષાએ ફરી પરણે છે. જો તેવા તામસી જનો સત્વગુણી થાય તો પોતાની પાછળની મતિને ધિક્કાર આપે. અને પસ્તાવો પણ કરે કે આમાં સત્ય સુખ નથી. વિષય સુખતો નિર્લજપણે પશુ પક્ષિઓમાં ભોગવાય છે, ત્યારે આ વખતે આવી નિર્લજતા વિચારનાર પશુ પક્ષિ સમાનજ છે એમ નિશ્ચય જાણો.

પુરૂષનો વંશ માનવા ધર્મશાસ્ત્રની આજ્ઞા છે.

પુરૂષ બીજરૂપ ભોક્તા છે. તેથી, તેનો વંશ શાસ્ત્રાધાર માન્ય કરેલોછે-સ્ત્રી ભોગ્ય એટલે ક્ષેત્ર છે-જેથી, તેનો વશ શાસ્ત્રમાં માન્ય નથી-તે દ્વારાએ પોતાના વશની વૃદ્ધિ જોવી. પણ બીજ રૂપ પુરૂષ હોવાથી પુરૂષના વંશનો નિર્ણય શાસ્ત્રકારોએ માન્યો છે તે અનુભવરૂપ છે-અને વંશવૃદ્ધિમાં યોગ્યરૂપ વ્યવહાર માન્ય છે. માટે પુરૂષ પુનઃ પરણી શકે છે-પણ એટલું તો યાદ રાખવું કે **પરણેલીને પરણી શકતા નથી** કુંવારી કન્યાને પરણી શકે છે-તે વાત ખાસ ધ્યાનમાં રાખવી ઘટિત છે. ધર્મશાસ્ત્રની મર્યાદાએ જેમ અન્ય પુરૂષ સાથે પરણેલી કન્યાને બીજો પરણી શકતો નથી. તેમજ એકજ

વખત પરણેલી ગણાયેલી કદાપિ વિધવા થાય, તોપણ તે બીજી વખત પરણી શકતી નથી. કેમકે સ્ત્રી જાતી પ્રકૃતિરૂપ હોવાથી તે સ્વતંત્ર નથી. એટલુંજ નહિ પણ સ્ત્રીથી વંશ નથી માટે સ્ત્રીએ પોતાની સ્વતંત્રતા ગણી અન્ય પુરૂષથી લગ્ન કરવાનો અનુભવ અધર્મની વૃદ્ધિ રૂપજ ગણાશે-એટલે વિષયી સ્ત્રીઓજ પુનર્લગ્ન કરી શકે છે એમ વિષયી તરીકે તેની ગણત્રી **પામરમાંજ** થાય છે-ત્યારે પામર અને પશુ સમાન છે. પશુમાં ગધેડા, કુતરા, જેમ નિર્લજપણે વિષયી વ્યાપાર ચલાવે છે-તેમ, આ પામર બુદ્ધિનાં પુરૂષ કે સ્ત્રી પણ પોતાનો વિષયી વ્યાપાર નિર્લજપણે ચલાવે છે-હવે ગધેડો પોતાના મનમાં મસ્તાઈ માને તો તેને કોણ ના કહે છે ? ? પણ આવા કૃત્યને આશ્રય આપનારા, ધર્મની વૃદ્ધિ કર્त्તા છે કે અધર્મની વૃદ્ધિ કર્त्તા છે તે સનાતની બંધુઓને આપોઆપ સમજાઈ શકે છે-જુઓ આ માનવ ધર્મશાસ્ત્ર કહે છે કે-

कामं तु क्षपये देहं पुष्प मूल फलैः शुभैः ।
न तु नामापि गृह्णीयात्पत्यौ प्रेते परस्य तु ।
आसीता मरणात्क्षान्ता नियता ब्रह्मचारिणी ।
यो धर्म एक पत्नीनां कांक्षन्ति तमनुत्तमम् ।
मृते भर्त्तरि साध्वी स्त्री ब्रह्मचर्ये व्यवस्थिता ।
स्वर्गं गच्छत्यपुत्रापि यथा ते ब्रह्मचारिणः ।

પતિવ્રતા સાધ્વી સ્ત્રીઓના ધર્મ.

સારી પેઠે ખાવા પીવાનું હોય તોપણ, વિધવા સ્ત્રીએ સત્વગુણી અનાજ ફળ ફૂલનો અલ્પ આહાર કરીને શરીરને ક્ષીણ બનાવવું. અર્થાત્ ઇન્દ્રિય નિગ્રહ થતાં તેની વિષયવૃત્તિ શાન્તિ પામે છે-તથા પતિના મરી ગયા પછી, વ્યભિચારવાળી વિષયવૃત્તિથી પરપુરૂષનું નામ સુદ્ધાંત પણ લેવું નહીં. તો તેનું સ્મણ તો કદાપિ પણ કરવું નહિ. પોતાના પતિની સેવા કરનારી તથા વરદાન અને શાપ વિગેરે-શક્તિ મેળવવાની ઈચ્છા રાખનાર, પતિવ્રતા સ્ત્રીએ વિધવા થયા પછી, પોતાના મનની તમામ કામના રૂપ વિષય વાસનાને શાન્ત પાડવાના નિશ્ચયો ધારણ કરવા. એટલુંજ નહિ પણ યમનિયમનું સારી રીતે સેવન કરી પોતાના શરીરના અંતપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળવું-પતિ મરી ગયા પછી જે પતિવ્રતા સ્ત્રી બ્રહ્મચર્યનું સારી રીતે સેવન કરે છે-તે પુત્ર વિનાની છતાં બ્રહ્મચારીની પેઠે સ્વર્ગમાં જાય છે. **न द्वितीयश्च साध्वीनां क्वचिद् भर्त्तोपदिश्यते-**

પરંતુ જે સ્ત્રી પુત્રના લોભથી કે વિષયના લોભથી વ્યભિચાર કરે છે-તે

પુનર્લગ્ન શાસ્ત્ર વિરૂદ્ધ છે એમ સિદ્ધ થાય છે.

આલોકમાં પણ નિંદાપાત્ર થાય છે. અને સ્વર્ગ પ્રાપ્તિમાંથી ભ્રષ્ટ થઈ નર્કમાં પડે છે. સ્ત્રીઓને તો પરપુરૂષનું સ્મર્ણ ન કરવું. તેનું નામજ સંયમ છે. તેમજ પોતાના પતિ શિવાય અન્ય પુરૂષનાં વખાણુ ન કરવાં એ વાક સંયમ છે-તેમ પરપુરૂષનો સ્પર્શ ન કરવો એ શરીર સંયમ છે. એ ત્રણે સયમોથી જાગૃત સ્ત્રી પતિવ્રતા કહેવાય છે-અને તેને માટે સ્વર્ગ છે.

આ ઉપરથી સિદ્ધ સમજાશે કે, પુનર્લગ્ન કરવાને શાસ્ત્ર પણ કેમજ આજ્ઞા કરશે-પણ બિચારી સ્વદેશી ભગિનીઓને અવળે માર્ગે ચઢાવી અધર્મ ન્યાય અપાવવા આ તેમના હિતશત્રુ બંધુઓએ મહાભારત પ્રયત્ન સેવવા માંડયોછે-અને તેમાં અધર્મને માર્ગે વહન કરનારી પશુ તુલ્ય તામસી ગુણોની વિષયી સ્ત્રીઓ ફસાય છે-આવા ઉપદેશકો અને મદદ આપનારાઓ ખરેખર દેશના અને ધર્મવાન પ્રજાના પાકા શત્રુ છે એમ જાણો-અને ધર્મના પણ દ્રોહિઓ છે—એમ જાણો.

સાંપ્રત સમયમાં "**સનાતન વૈદિક ધર્મ**" ના નામથી અનેક સ્થાને મંડળો સ્થાપન કરી તેમાં પોતાના ગુપ્ત મંતવ્યો જેવા કે દેહૈક્યતા-પુનર્લગ્ન, આદિ જાતી વર્ણાદિકમાં ભ્રષ્ટતા ઉત્પન્ન કરવાના સિદ્ધાન્ત વર્ણવે છે અને તે વક્તાઓએ એવો પ્રપચ ઊઠાવેલો જણાય છે કે, જાહેર પ્રસિદ્ધિમાં તો પોતે સનાતન વૈદિક ધર્મના વક્તા છે-એમ જણાવે છે. જેથી પ્રચલિત સનાતન વૈદિક ધર્મનાં સ્ત્રી પુરૂષો વક્તાના વ્યાખ્યાનમાં શ્રવણુ કરવા જાય છે. બે ચાર વ્યાખ્યાનો તો ભેદ ન પડી શકે એવી યુક્તિ રાખી લોકોને સંભળાવે છે એટલે લોકને કંઇક વ્યાખ્યાનમાં શ્રદ્ધા લાગે છે-એટલે ધીમે ધીમે પોતાના હ્રદયના ગુપ્ત અને જાતી વર્ણાદિકની ભ્રષ્ટતા સમજાવનારા મંતવ્યો લોકસમૂહમાં પ્રસિદ્ધ કરવા લાગે છે. લોકો વિશ્વાસ બેઠેલો હોય તેથી આએ પણ યુક્તિસર ઠસાવાતી વાત સાચી માનવા લાગે છે. અને જાતી વર્ણાદિકની ઐક્યતા કરી ભ્રાતૃભાવ વધારવાનો હેતુ-ભેળા જમાડવાના અર્થમાં ઊતારી, જાતી વર્ણાદિકની શુદ્ધતાનો ભંગ કરાવે છે. તેમજ વિધવાઓ ગર્ભહત્યા કરે તેના કરતા પુનર્લગ્ન કરે તે ઠીક. એમ કહી સિદ્ધાન્ત ઠસાવી બિચારી વિધવાઓને ધર્મશાસ્ત્રપ્રમાણે વિધવાધર્મ ન સમજાવી, સત્ય અને ધર્મમાર્ગે ન દોરી, તેવા બોધોથી વિમુખ રાખી, માત્ર વિષય પ્રવાહમાં તાણી, સ્વધર્મવાન બંધુઓનાં હ્રદયને પાપી બનાવવાનો પ્રયત્ન કરે છે-અને સ્વધર્મિષ્ટ પ્રજાને ભ્રષ્ટ કરે છે. એમ સનાતન વૈદિક ધર્મની પ્રજાને ભ્રષ્ટ કરવાની આ એક કલિ જમાનાની નવી શોધ અને નવી યુક્તિ-સોનાના કટોરામાં સોમલના રસને દુધમાં ભેળવી, પાવાની વાત

આ આપણા સનાતન વૈદિક ધર્મના, અંધ શ્રદ્ધાળુ બંધુઓ જ્યાં સુધી યથાર્થ સમજ્યા નથી ત્યાં લગી માનને ખાતર તેવા મંડળોમાં દાખલ થઇ, પોતાના ધર્મ ધનનો અને ધર્મ બુદ્ધિનો આવી રીતે દુરૂપયોગ કરે છે—તેથીપણ જાગૃત રહેવાને આ એક સૂચના કરવામાં આવી છે—

કોઈ એક દેહીનો દેહ એવો નથી કે તે દેહથી વિષય સુખ કે પ્રજા નથી અર્થાત્ વિષય સુખને પ્રજાના કારણુસર અન્ય દેહોની પ્રાપ્તિ તો છેજ છે—ત્યારે આ મનુષ્ય દેહમાં એક વિશેષ, તેજ છે કે—આ દેહમાં જો માણસ ધારે અને ગુરૂકૃપા હોય તો આ સંસારીક વિષયોમાં પ્રવાહરૂપ થતો થતો પણ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરીને જીવન્મુક્ત દશાની સ્થિતિ ભોગવી શકે છે. તેથીજ આ મનુષ્ય દેહ સર્વથી શ્રેષ્ટ છે. અને તેમાં પણ એકજ દિશા તરફનું વહન રાખી, ધર્મ કર્મથી ભ્રષ્ટ થઇ, ઉપાસના ભક્તિ અને શ્રદ્ધા તથા વિનય નમ્રતા આદિ સદ્ગુણોને ન સાચવી, સંતસમાગમને ન સેવી, વિષય પ્રવાહનું સ્વચ્છંદ વર્ત્તન ચલાવી પોતાના આત્માના સ્વરૂપનો વિચાર ન કરી, પોતાનું જીવન બગાડે તેના જેવો મનુષ્ય પશુ બીજો કોણ છે ? ?

વલ્લી ૨૭ મી.

अपि नः स कुले जायाद्यो नो दद्यात्त्रयोदशीम् ।
पायसं मधु सर्पिर्भ्यां प्राक्छाये कुंजरस्य च. मनुः ।

પિતૃઓ ઇચ્છે છે કે અમારા કુલમાં એવો પુરૂષ ઉત્પન્ન થાય કે જે પુરૂષ ભાદ્રપદની વદિ તેરશને દિવસે તથા હાથીની છાયા પૂર્વદિશાએ પડે તે વખતે એટલે ત્રીજા પહોરે ખીર મધુ અને ઘી અર્પણ કરે—વિ૦

જેને ધર્મ શાસ્ત્રો ઉપર શ્રદ્ધા છે. તેને માટે બધુંજ તૈયાર છે જેને શ્રદ્ધા નથી. તેને સાક્ષાત વેદ મહારાજ—પુરૂષનું રૂપ લઈ સમજાવવા આવે તો પણ તે માનનાર નથી. કેમકે શંકાશીલ હૃદયવાળાની મૂર્ખતા ભરેલી મગરૂરીમાં એમજ સમજાઈ ગયેલું હોય છે કે હું જાણું છું તેવું બીજો કોઇ સમજતોજ નથી. એટલે આ ગર્વાંધપણામાં ગુરૂ ભક્તિની માન્યતા કદાપિ પણ પ્રવેશ કરવા પામતી નથી. ભક્તિ તો વિનય, નમ્રતા અને વિવેક વૈરાગ્યાદિક વૃત્તિવાળા પુરૂષને ઉત્પન્ન થાય છે. અને તેજ સમજી શકે છે.

શ્રાદ્ધના વિષયમાં સનાતન ધર્મના વિચાર.

શ્રાદ્ધ શબ્દના પર્યાય અને તેની મર્યાદા મનુસ્મૃતિમાં બહુજ સારા વિવેકથી સમજાવવામાં આવી છે. ધર્મવાન્ પ્રજા ઉત્પન્ન કરવામાં માતાપિતા ધર્મવાન, ભક્તિવાન, શ્રદ્ધાવાન, વિવેકી, વૈરાગ્યવાન, સત્વગુણી સદાચરણી, સંત

સમાગમી, ક્ષમાવાન, દયાવાન, પ્રમાણિક, પરોપકારી ઉદારતાવાન, વિગેરે અનેક પ્રકારથી ધર્મ સુરક્ષિત જોઇએ–તો તેની પ્રજા પણ માતાપિતાના ગુણો પ્રમાણે ઉત્પન્ન થાય છે. તેની સ્હાયતામાં દેશ, કાળ, ગ્રહ, યોગ, કરણ, મુહુર્ત્ત, વિગેરે પણ સાચવવાં પડે છે. ઋતુ કાળ યોગમાં તેવાં નક્ષત્રો જેવાં કે વૈધૃત, વ્યતિપાત, કાળચન્દ્રમા, તેવો દિવસ અને તેવી સ્થિતિ પણ ન જોઇએ કે ધર્મવાનની પ્રજા વિપરીત પાકે. સાત્વિક મર્યાદામાં પ્રજાની ઉત્પત્તિ થાય તો અવશેષ પ્રજા પણ સાત્વિકજ થાય. માટે સ્વધર્મ મર્યાદા સાચવવાની અવશ્ય જરૂર છે. લગ્ન સમયે જે ધર્મ ક્રિયાઓ કરવામાં આવે છે. તેનું કારણ પણ ધર્મ પ્રજા ઉત્પન્ન કરવામાં આશ્રયભૂત છે. પતિ પત્નિના અભેદપણાના વૈદિક મંત્રો એક બીજામાં પ્રેમની ગાંઠ બાંધનારા છે. અને પુરૂષ પ્રકૃતિના અભેદ સ્વરૂપની સિદ્ધિ દર્શાવનારા છે. ઐક્ય પ્રેમની સત્તાએ પ્રજા પણ માતાપિતાના પવિત્ર સ્વભાવવાળી થાય છે. એટલે તેને પિતા માતા તરફ અભેદરૂપ પ્રીતિ રહે છે. અને તેથીજ શ્રુતિ કહે છે કે **आत्मा वै पुत्र नामासि** આત્માની અભેદ ભાવનાથી પિતા પુત્રનો અભેદ યોગ છે. અને તેથીજ પુત્રના ઉપર પિતા પોતાના આત્મા સમાન પ્રીતિ રાખે છે. તેમજ પુત્ર પણ પિતાના ઉપર આત્મા સમાન પ્રીતિ રાખે છે. પિતા તેને પોતાનું બાહ્યાંતર તમામ ધન વૈભવાદિકનો માલીક કરે છે. આવી મર્યાદા છે. એવીજ રીતે પુત્ર પોતાનોજ આત્મા હોવાથી આત્મારૂપ પિતાશ્રીની મર્યાદા સાચવી, પિતાના ઋણમાંથી મુક્ત થવાને માટે પ્રયત્ન કરે તોજ તે પુત્ર છે. **पुन्नाम्नो नरकात्त्रायते सपुत्रः । पुत्र** શબ્દનો અર્થ "**पुन्न**" એવા નામના નર્કથી પિતાને તારે છે. માટેજ "**पुत्र**" શબ્દથી તેને કહેવામાં આવે છે. પિતા–પુત્રની અપેક્ષા શાને માટે રાખે છે ? ? તો તેનો જવાબ સર્વ કોઈ સજ્જન બંધુઓના સમજવામાં હશે, કે અનેક પ્રકારે પણ પિતાને ઋણમાંથી મુક્ત કરે, પિતા જીવે છે ત્યાં પર્યંત પિતાની સારી સેવા બજાવે, અને તેમના શરીર ત્યાગમાં પુત્રરૂપથી પોતે જ્યાં સુધી ગણાય ત્યા સુધી પિતાના તિથીના દિવસે શ્રાદ્ધાદિકથી તે તે કાળે બ્રાહ્મણ ભોજનાદિક કરી પિતૃઓ સહપિતાને તૃપ્ત રાખે–પિતાએ પુત્રનો મૂળ આત્મા છે. જેથી પોતાના પરમાત્મારૂપ પિતાની તૃપ્તિ ઇચ્છી પોતાના ઉત્તમ પ્રકારના સત્વગુણી ધાર્મિક કૃત્યોથી પિતાની મુક્તિ કરે. પુત્ર ભક્તિવાન જ્ઞાની હોય તો પિતાનો ઉદ્ધાર શાસ્ત્ર વર્ણવે છે. તે એજ કારણસર વર્ણવે છે. બાહ્ય વ્યવહારમાં જેમ પિતાએ મેળવેલા ધનનો વારસો પુત્રને મળે છે. તેમ પિતાશ્રીનું દેવું પણ પુત્રને આપવું પડે છે. તેમ પિતાશ્રીની મર્ણ તિથિએ શ્રાદ્ધાદિક સ્વધર્મ મર્યાદાની ક્રિયા પણ પુત્રનેજ કરવી પડે, અને તેથી તેનો પિતા પિતૃલોકમાં રહી પોતાના પુત્રને આશીર્વચનોથી ધન ધાન્યાદિકની પ્રાપ્તિ કરે છે. અને પોતાને સુખી

કરનાર પોતાના પુત્રના ઉપર આશિષનો વરસાદ વરસાવી તેને સુખી કરે છે. આ પુત્ર તે કોણ ? ? જે ધર્મ બુદ્ધિથી, ધર્મ ક્રિયાથી, ધર્મ મર્યાદાથી, પોતાના ધર્મ વીર્યરૂપ બીજથી ઉત્પન્ન થએલો તે પોતેજ છે. વળી આ પુત્ર તે કોણ ? ? ધર્મ મર્યાદાની લગ્ન ક્રિયાથી, ધર્મ બુદ્ધિના વર્ત્તનથી, ધર્મ પતિની સેવાથી, ધર્મ બુદ્ધિથી ધર્મ પતિનાજ સંયોગે વૈદિક કર્મ બલના પુણ્ય પ્રભાવમાં ધારણ કરેલા ગર્ભનું રક્ષણ કર્ત્તા આ ધર્મ માતાના ઉદરથી ઉત્પન્ન થએલો તેજ પુત્ર છે. એમ ધર્મરૂપ પતિના ધર્મરૂપ શુદ્ધ વીર્ય—બીજથી ધર્મરૂપ માતાના ક્ષેત્રમાં ઉત્પન્ન થએલો માતાપિતાના ઉદ્ધારરૂપ—માતાપિતાની આજ્ઞારૂપ—માતાપિતાના ઋણમાંથી મુક્ત રહેનાર—માતાપિતાને વિષે શ્રદ્ધા વડે પોતાની પ્રેમ ભક્તિથી પિંડ અર્પણ કરીને માતાપિતાને સ્વર્ગ પર્યંત પણ સુખી રાખનાર—અને અંતે સુખી થનાર તેજ પુત્ર છે. કહો ભાઈઓ ! ! ! પુત્ર ધર્મ મર્યાદાની બલિહારીજ છે આવી રીતે ધર્મ મર્યાદાની ગતિ છે. હવે આ ઉપરથી ધર્મ બુદ્ધિવાન્ પુરૂષો સમજી ગયા હશે કે આવી રીતે સ્વધર્મ મર્યાદા પૂર્વક વૈદિક રીત્યા જે માતાપિતાએ પુત્રની ધર્મ રીતે ઉત્પત્તિ કરી હશે. તો તે પુત્ર યથા વિધિ ધર્મ મર્યાદા પાલન કરી પિતાની સેવા, પૂજા, શ્રાદ્ધાદિક ક્રિયા કરશેજ. અને સ્વધર્મની મર્યાદાએ પોતાનો શુદ્ધ વ્યવહાર દિપાવશે. એમાં કશી શંકા નથી. પણ આ મર્યાદાથી ઉલટી રીતે માતાપિતાનું વર્ત્તન હશે. માતાપિતા વૈદિક ધર્મ મર્યાદા પ્રમાણે ચાલતા નહિ હોય, સદ્વર્ત્તન રાખતા નહિં હોય—પુરૂષ અને સ્ત્રીની લગ્ન ક્રિયામાં કાંઈક વિઘ્ન થવાથી તેઓની બુદ્ધિનો ફેરફાર થયો હોય—ધર્મ પતિની વૃત્તિ, ધર્મ પત્નિ ઉપર પરમ પ્રેમાસ્પદ નહિં હોય, તેમ ધર્મ પતિના ઉપર ધર્મ પત્નિનો પરમ પ્રેમાસ્પદ ભાવ ન હોય. અથવા નિકૃષ્ટ કાલ યોગ કર્ણ મુહર્ત્ત નક્ષત્રાદિ પણ વિઘ્ન ભૂત થયાં હોય, એટલે આ વ્યવહારમાં તેવા પુત્રોની માતાપિતાના ઉપર આત્મ બુદ્ધિરૂપ પ્રીતિ શી રીતે હોઈ શકે ? વા તેની સેવા પણ શી રીતે કરી શકે ? ? વા તેમની પૂજા પણ કેવા પ્રકારે કરી શકશે ? ? વા પિતામાતાની શ્રાદ્ધ ક્રિયામાં પણ શી રીતે પ્રીતિ ધારણ કરશે ? ? વા શ્રાદ્ધાદિક ક્રિયા પણ શી રીતે કરશે ? ? તેમ તેને પિંડ મળતા નથી એટલે તે પિતારૂપ પિતૃનો તેના ઉપર દિનપરદિન કોપજ રહે છે જેથી, તેની દિનપરદિન અધમ બુદ્ધિજ થતી ચાલે છે—કેમકે સનાતન વૈદિક ધર્મની શ્રેણીનો યોગ નષ્ટ થતાં ધર્મ મર્યાદાનાં કોઈપણ કાર્યમાં તેઓ વિવેક સંભાળવા શક્તિમાન થવાના નથી. બાહ્ય કીર્તિરૂપ કૃત્યોમાં ભાગ લેતા, અને અધર્મ મર્યાદા સેવતા, શુદ્ધ તત્વજ્ઞાનની શ્રેણીનો ત્યાગ કરી, અનેક જન્મ આવી રીતે ધારણ કર્ત્તા થવાના છે. તેમને પછી કોઇ એક મહાન્ બળ સંસ્કારમાં ઊંચ બુદ્ધિ ઉત્પન્ન થતાં તે પોતાની ઊંચ ભૂમિકાને પામવાના છે.

મનુ સ્મૃતિમાં, કુંડગોલક અને પુનર્ભવ પુત્રોને માટે અનુભવો દર્શાવેલા છે-તે આજ મર્યાદાએ વર્ણવ્યા છે. માટે મર્યાદાપૂર્વક તે તે દર્શનિક થાય છે. આ ઉપરથી કુંડગોલક અને પુનર્ભવ પુરૂષોના સંસ્કારો જોઇ લેવા-અને તેથીજ ખાત્રી થશે-વૈદિક સનાતન ધર્મને વિષે સત્ય બુદ્ધિની સ્થિરતા થતી નથી તેનાં આવાં આવાં અનેક કારણો છે-કોઇને માત્ર એવા માણસોનો સંગ દોષ લાગવાથીપણ એવી બુદ્ધિ થાય છે, પણ તેના ઉપર સત્સંગની ભાવનાની અસર થતાંજ તે માણસ તુરત સુધરી શકે છે,-જે નથી સુધરી શકતા અને ઊલટી રીતે સનાતન ધર્મને શત્રુરૂપ લેખીને તેને અને તેના અનુયાયિઓને ધિક્કાર આપવાવાળા છે-તેઓના મન ઉપર સત પુરૂષો સારી રીતે અસર કરે તોપણ તેના હૃદયમાં સનાતન વૈદિક ધર્મની શ્રેણી, કદાપિ પણ મનાતી નથી. અને ઊલટા વધારે વધારે શંકાશીલ થતા ચાલે છે. તે જગાએ, શામાટે આમ થાય છે તો તેનો પ્રત્યુત્તર ધર્મશાસ્ત્રમાં વર્ણવેલો છે તે ઉપરથી સમજાઈ શકાશે-આમ સ્વધર્મ વ્યવહાર નષ્ટ પ્રાય થતાં સ્વધર્મની તમામ મર્યાદાઓ દિવસે દિવસે નષ્ટ થતીજ ચાલવાની છે. વર્ણસંકર પ્રજાની વૃદ્ધિ થતાં સનાતન ધર્મની શ્રેણીઓ અનુક્રમે ગુપ્ત થતીજ દેખાવા લાગતાં પણ એટલું યાદ રાખવું ઘટે છે કે, **यतो धर्मस्ततो जयः ।** એ તો નિશ્ચયજ છે—

શ્રાદ્ધનો વિષય જાણવાને વિશેષ ખુલાસો.

માનવધર્મ શાસ્ત્રમાં ત્રીજા અધ્યાયના ૧૮૭ મા મંત્રથી લગાયત અધ્યાયની પૂર્ણતા સુધી **શ્રાદ્ધ**ને માટે યોગ્ય સ્વરૂપ અને ક્રિયા વર્ણવેલી છે. તે વાંચવાને સનાતની બંધુઓને ભલામણ કરવામાં આવે છે. ઋષિઓના પિતૃઓ-દેવતાઓના પિતૃઓ-દૈત્ય દાનવાદિક કિન્નરોના પિતૃઓ બ્રાહ્મણોના પિતૃઓ, ક્ષત્રિઓના પિતૃઓ, વૈશ્યોના પિતૃઓ અને શૂદ્રોના પિતૃઓની વિગતવાર સ્થિતિ-ધર્મશાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રસિદ્ધજ છે-આ સર્વ પોતપોતાના પિતૃઓને શ્રદ્ધા વડે જળ પણ જો આપવામાં આવે તો તેથી પિતૃઓની અક્ષય તૃપ્તિ થાય છે. શુદ્ધ અરણ્યાદિક પ્રદેશોમાં નદીના તીરો ઉપર અને એકાન્ત પ્રદેશોમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓ સદાય સંતુષ્ટ થાય છે. "**श्रद्धया दीयते अन्न इति श्राद्धम्**" જે કર્મમાં પિતૃઓને શ્રદ્ધાપૂર્વક આપવામાં આવે છે તે શ્રાદ્ધ કર્મ કહેવાય છે. આ શ્રાદ્ધ કર્મમાં બ્રાહ્મણ ભોજન, પિંડદાન, અને તર્પણ એમ ત્રણ ક્રિયા સમાયલી છે. તેમાં બ્રાહ્મણ ભોજન મુખ્ય છે. પિતૃ શબ્દનો પ્રયોગ જનકમાં તથા મરણ પામેલા પિતા, પિતામહ અને પ્રપિતામહના સબંધમાં શાસ્ત્રકારોએ કર્યો છે. જે પિતૃઓનો પુત્ર શ્રાદ્ધ કર્મ કરે છે. તે તેના પિતૃઓને પહોંચે છે. પુરાણોમાં

શ્રાદ્ધ ક્રિયાને માટે ઠામ ઠામ સૂચનાઓ કરવામાં આવેલી છે એટલે શ્રાદ્ધ–તે વેદોક્ત વિધિજ છે. પોતાના પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવેલું શ્રાદ્ધ, યજ્ઞ, દાન વિગેરે, તેનું ફળ તેના પુત્રોનેજ મળે છે.

આ મનુસ્મૃતિમાં વર્ણવેલા શ્રાદ્ધ કર્મના પિતૃઓના વર્ણનને માટે પુરાણોમાંથી શોધ કરી તેનો વિશેષ ખુલાસો અને પિતૃઓની યાથાતથ્ય વિગત હાલમાં પ્રગટ થતા–"**मनुष्य जातिना क्रम विकाश**" નામની રા. સા. મધુવચરામભાઈ બળવચરામ હોરાની બનાવેલી બુકના પ્રકરણ પાંચમામાં છે. જે જોવાથી ખાત્રી થશે. માનવ ધર્મ શાસ્ત્રમાં બતાવેલા પિતૃઓનું વર્ણન જુદા જુદા સ્થળે છે એમ સાબીત કરવામાં તેમણે ઘણો પ્રયાસ કરેલો છે. **पुत्रादीन पान्तीति पितरः** પુત્રાદિકનું રક્ષણ કરવા વડે તેઓને પિતૃઓ કહેવામાં આવે છે. આ શ્રાદ્ધ કર્મ–આદિ દેવતાઓ સાથે પિતૃઓની તૃપ્તિનુંજ મુખ્ય કારણ છે આદિત્ય, રૂદ્ર અને વસુને પિતૃઓના યોગેજ મુખ્ય ત્રિપુરૂષના નામનું તે કર્મ છે.

वसवः पितरो ज्ञेया रुद्रा ज्ञेयाः पितामहाः ।
प्रपितामहाश्चादित्याः श्रुतिरेषा सनातनी । वाचस्पतो० ।

આ વસુ તે પિતા છે. રૂદ્ર તે પિતામહ છે. અને આદિત્ય તે પ્રપિતામહ છે એમ સનાતની શ્રુતિ પ્રમાણ છે.

સનાતન વૈદિક ધર્મના બોધક પુરૂષોના આ મનકલ્પિત મંતવ્યો નથી તેમ તેવા મનકલ્પિત મંતવ્યો મનાવવા ઇચ્છતા નથી વેદાદિનાં ગુપ્ત રહસ્યો કે જેના અર્થ સ્પષ્ટ રીતે અને સત્ય ભાવનાવાળા હોય તેજ સમજાવવાનો તેમનો નિશ્ચય છે જે લોકો એવાં ગુપ્ત રહસ્યોવાળાં વાક્યોનો ખોટો અર્થ કરી લોકોને ભમાવી સત્ય પ્રભુ ભક્તિમાંથી પ્રજાને ચ્યુત કરે છે. તેમ ન થવા દેવાનો તેમનો આ સત્ય નિશ્ચય છે.

वल्ली ३८ मी.

ब्रह्माकारतया सदास्थिततया निर्मुक्तबाह्यार्थधी
रन्यावेदितभोग्यभोगकलनो निद्रालुवत् बालवत् ।
स्वप्नालोकित लोकवज्जगदिदं पश्यन्कचिल्लब्धधी
रास्ते कश्चिदनन्त पुण्यफलभुग्धन्यः समान्योभुवि ॥

અનંત પુણ્ય ફળને ભોગવનાર–જીવન્મુક્ત સંત પુરૂષ કે જે સદા સર્વદા બ્રહ્માકાર બુદ્ધિથી રહેવા વડે જેની બાહ્યાંતર વિષયોની વૃત્તિ નિવૃત્ત થઇ છે. એવા નિદ્રાળુની પેંઠે તથા બાળકની પેંઠે રાગદ્વેષ રહિત બીજાઓએ (શિષ્યોએ) અર્પણ કરેલા ભોગ્યનો ઉપભોગ કરવામાં પ્રવર્ત્ત રહેલા જણાય છે. તથા આ જગતને સ્વપ્નમાં જોયેલા પદાર્થની પેંઠે જોતા છતાં કોઇ વેળા વૃત્તિના ઉદયવાળા જોવાતા. તે જીવન્મુક્ત મહાત્મા આ પૃથ્વી ઉપર માન આપવા યોગ્ય છે અને તેમને ધન્ય ધન્ય છે.

ઉપર પ્રમાણે સત્ય નિષ્ઠાથી શાસ્ત્ર મર્મ જાણી સાત્વિક બુદ્ધિથી ઉપાસના કરવાનો અધિકારી હોય એવા નિષ્કામ કર્મ કરનારા ભક્ત પુરૂષે પ્રથમ તત્વજ્ઞાની બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોત્રિય સદગુરૂ સંત પુરૂષનું શરણ ઇચ્છવું. અને દીક્ષા ધારણ કરવા માટે શાસ્ત્ર મર્યાદાપૂર્વક તેમનું પૂજન કરી સદગુરૂ પરમાત્માની કૃપાથી પ્રાપ્ત–એવા તારક મંત્રના જાપ વિધિથી પરમાત્માની નવધા પ્રકારે જ્ઞાન મર્યાદાથી ભક્તિ કરવી. **तत् विज्ञानार्थं सगुरूमेवाभिगच्छेत् । समित्पाणि श्रोत्रियं ब्रह्मनिष्ठम् । श्रुतेः ।** સંસાર સાગરમાંથી તરવા માટે ઉપાસના અને જ્ઞાનની સિદ્ધિને માટે સદ્ગુરૂનું શર્ણ શાસ્ત્રકાર લખે છે ત્યાં આગળ વર્ણવી ગયા પ્રમાણે. **ब्रह्मवेद् ब्रह्मैव भवति** શ્રુતિના આધારે જે બ્રહ્મતત્વના જ્ઞાતા કે જે સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ બ્રહ્મભૂય મુક્તિના જ્ઞાનથી યુક્ત છે. એવા બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ વિશેષણો યુક્ત–મુક્ત પરમાત્મા સદ્ગુરૂને શરણ જવું. તે મુક્ત પુરૂષ પરબ્રહ્મ પરમાત્માજ છે. જે જીવાત્માના ઊંચ સંસ્કારો આવી વળગ્યા હોય અને હવે તેને મુક્ત થવાનો સમય પાસે આવવા લાગ્યો હોય તેનેજ બ્રહ્મસ્વરૂપના અનુભવવાળા મુક્ત પરમાત્મા સંત સ્વરૂપમાં પ્રેમ લાગે છે.

જીવન્મુક્ત સંત અને પરમાત્માનો અભેદ છે.

એટલે જે પરમાત્માની તે ઉપાસના કરે છે તેજ પરબ્રહ્મ પરમાત્મા સંત મુક્ત સ્વરૂપ સ્વતઃ સિદ્ધ છે તેથી તે સંતના સ્વરૂપમાં તે અધિકારીને દર્શન આપે છે. અને એવો અધિકારી જીવાત્મા સંતને સાક્ષાત્ પ્રભુરૂપ માને છે. પરમાત્મા પરબ્રહ્મ અને સંતમાં ભેદ જોતો નથી. સંતના

જ્ઞાનમય દેહમાં સાકરનો ગાંગડો કેવળ ગણુપણુથી ભરેલોજ જાણે છે. એટલે તેને દેહ દૃષ્ટિ બાધ કરી શક્તી નથી. અને ખરી રીતે શાસ્ત્રથી સમજવામાં આવ્યા પ્રમાણે આત્માને વિષે આ દેહ વિવર્ત છે તેથી એવા શ્રદ્ધાળુ અધિકારીને દેહ મનાતોજ નથી. એ પ્રમાણે સદ્ગુરૂ સંતમાં પરમાત્માની દૃષ્ટિએ પરમાત્મા સ્વરૂપ જણાતાંજ ભેદ માનતો નથી. એટલે તે સંતમાં અને પરબ્રહ્મ પરમાત્મામાં અભેદ દૃષ્ટિએ ઉપાસના કરે છે—એવા જીવન્મુક્ત સંત પુરૂષો સાક્ષાત્ મૂર્તિ સ્વરૂપે છતાં પણ અમૂર્ત્ત સ્વરૂપે સગુણ નિર્ગુણ અભેદ સ્વરૂપ છે. એવા મહાન્ પ્રભુના શર્ણેથી અને તેમના બોધથીજ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેથી તેમના શરણુમાં કૃપામય ભાવનાથી, પ્રાપ્ત તારક મંત્રના ઉપદેશથીજ તે અધિકારી જીવાત્માનું કલ્યાણ છે. મહામંત્ર તારકમંત્રનો જાપજ ધ્યાન કરતાં કરતાં તદ્રૂપતા આપે છે અને બોધથી વિશેષ જાગૃતીમાં આવતાં તે સ્થિત રહી શકે છે. માટે તે પ્રભુના વિજ્ઞાન એટલે લક્ષ પૂર્વક જ્ઞાનની પ્રાપ્તિને અર્થે. તેજ પરમાત્મા–સદગુરૂ સ્વરૂપ બોધક છે. એમ શ્રુતિનું તાત્પર્ય છે. માટે અધિકારીએ સદગુરૂ જીવન્મુક્ત સંતને શરણ જવા માટેજ ઇચ્છા રાખવી. તત્વજ્ઞાની પુરૂષો–સિદ્ધિઓની પ્રાપ્તિને માટે કદાપિ પણ ઇચ્છા કરતા જ નથી. તેથીજ તેઓ તત્વજ્ઞાની જીવન્મુકતતા ભોગવે છે. અને અંતે વિદેહ કૈવલ્યતા યોગથી જન્મમર્ણાદિક બંધનમાંથી મુક્ત રહી બ્રહ્મસ્વરૂપતાને પામે છે. એમ બ્રહ્મજ્ઞાની બ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્મવેત્તા પુરૂષ જો

જીવન્મુક્ત સંતપુરૂષ પરમાત્માજ છે.

પોતાના યોગ બળરૂપ સાધન પૂર્ણ તપશ્ચર્યાને–સંસાર તરફની વૃત્તિ ધારણ કરી સંસારનાં ક્ષણિક વિષયાદિ સુખો તરફ એટલે ધન પ્રાપ્તિરૂપ, માનકિર્તિયશ પ્રાપ્તિ રૂપ, લોકોમાં શ્રેષ્ટ પુરૂષ કહેવરાવવારૂપ, યોગી કહેવરાવવારૂપ, જ્ઞાતિ જાતિમાં કે જનસમુહમાં દાતાર કહેવરાવવારૂપ, કે પ્રખ્યાત વકતા કહેવરાવવારૂપ, ખરચી નાખે તો સ્વકલ્યાણ માર્ગનો સમૂળો વિધ્વંસ કરે છે. એટલે વાક્ સિદ્ધિ આદિ વ્યવહારની કિર્તિની દૃષ્ટિમાં ગુંચાયેલો—બ્રહ્મ પ્રાપ્તિરૂપ બ્રહ્મવિદ્યાના ઉત્તમોત્તમ બુદ્ધિબળને પ્રાપ્ત કરવા શક્તિમાન નથી. પોતાનું આત્મબળ અન્ય પ્રાપ્તિમાં વાપરી પોતે ખાલીજ રહે છે. એટલે પોતાની મહત્તાને માન આપનારો બ્રહ્મ પ્રાપ્તિમાં શૂન્યતા સેવે છે. વ્યવહાર સિદ્ધિઓની પ્રાપ્તિને માટે પોતાનું યોગબળ ન વાપરતાં તેજ યોગબળ બ્રહ્મ પ્રાપ્તિને માટે વાપરી પોતાનું સ્વોન્નતિબળ જે સેવે છે. તેજ અજ્ઞાન ભ્રમણાનો નાશ કરી સ્વયંબ્રહ્મ થાય છે. બ્રહ્મવેત્તા પુરૂષ સંસાર દૃષ્ટીએ એટલે સંસારની દૃષ્ટીના જનોને લુખા જેવો દેખાતો હોય. તો તે પોતાને માટે શ્રેષ્ટ તરજ છે. સિદ્ધિના ભોગોની અપેક્ષા વાળોજ સિદ્ધિઓના મર્મને બતાવે છે.

આવો સિદ્ધિ યોગી બહારથી ડામાડોળ ધારણ કરી વ્યવહાર કિર્તિ, માન, યશ, આદિની અંતર અભિલાષાથી જનસમૂહમાં જન કલ્યાણાર્થે સાધન પ્રાપ્તિ બતાવતો ઊદારતાને આગળ લાવે, તોપણ સમજવું ઘટે છે કે તેની આ અતર અભિલાષા ઊત્કટ છે. બ્હારથી બ્રહ્મ પ્રાપ્તિના વિચારો દર્શાવતાં પણ બ્રહ્મવેત્તા તેની આ ચતુરાઇના પ્રપંચને જાણે છે. લોક માનને ધિક્કાર આપનારો ખરેખરો તપસ્વિ વિદ્યાવાન બ્રહ્મયોગી આત્મ યોગી, લોક સમૂહમાં કેવાએ પ્રકારથી તે ભળી શકતા નથી. માત્ર બ્રહ્મદર્શન રૂપ, કે બ્રહ્મ દર્શન બોધ રૂપેજ ઊભો રહેલો, શાસ્ત્ર વિચારપૂર્વક પોતાના માનનું હનન કરતો, પોતાનાજ હાથે પોતાની કિર્તિને હણતો જણાતો–મૂઢ, ઊન્મત્ત, પિશાચના સરખો, અક્રોધી છતાં ક્રોધી સરખો ગણાતો, નિષ્કામી છતાં કામનાવાળો ગણાતો જણાતો કોઈ જુદાજ રૂપકમાં, પોતાની બ્રહ્મવિદ્યાના અલૈકિક બળને સેવતો છતાં, અજ્ઞાન અવિદ્યા ભ્રમણાને દબાવતો છતાં, અજ્ઞાનીજનોને અજ્ઞાની જેવાજ ભાસે છે. માત્ર કોઈ તત્વ બુદ્ધિમાન તેની આ આશ્ચર્યવત્ ચેષ્ટાને જાણી શકે છે. સામાન્ય બુદ્ધિના જનો તેવાઓને ઓળખી શક્તા નથી. એવો બ્રહ્મવિદ્યા પ્રકાશક તત્વજ્ઞ યોગી છે. અહં બીજને સમૂળ બાળવાને ઊભો રહેલો યોગી, લોક માન્યતાના ભોગોમાં કદાપિ પણ આગળ આવી પોતાનું માન, કિર્તિ, અને યશના ભરેલા ચમત્કારો બતાવેજ નહિં. કેમકે સિદ્ધિયોગના ચમત્કારો બતાવવાથી લોક માન્યતાના યોગે પોતાનું અહં અંતર અભિલાષા યુક્ત છે. વા અંતર અભિલાષાની વૃદ્ધિ થાય છે એમ તત્ત્વજ્ઞ પુરૂષો સમજે છે. એટલુંજ નહિં. પણ તે અહંને વૈરાગ્ય લક્ષણાથી તિરસ્કારરૂપે જોવા અથવા તે અહંને બ્રહ્મવિદ્યામાં ડુબાડીને કેવળ નિર્વિકલ્પ સ્થિતિના અનુભવમાં રમવા જાગૃતી ધારે છે.

એવો નિરીક્ષા પૂર્વક નિરીચ્છાવાન્ જીવન્મુક્ત મહાત્માઓનું અધિકારી જનોએ શરણ ધારણ કરી તે જેવું સમજેલા છે તેવું સમજવાને યોગ્ય બુદ્ધિ પ્રાપ્ત કરવા પરમાત્મા સદ્‌ગુરૂમા અભેદ બુદ્ધિ ધારણ કરી **દેવ મૂર્તિ પુજા.** તથા **ગુરૂ મૂર્તિ પુજા** આદરવી જોઈએ.

वल्ली ३९ मी.

न खिद्यते नो विषयैः प्रमोदते न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन्सदा क्रीडति नन्दति स्वयं निरंतरानन्दरसेन तृप्तः ॥

સદા સર્વદા અભેદ આનંદ રૂપી રસવડે તૃપ્ત થયેલો જીવન્મુક્ત સંત પુરૂષ—પ્રતિકૂળ પ્રસંગમાં ખેદ પામતો નથી. તેમ અનુકૂલ પ્રસંગમાં પ્રસન્ન થતો નથી, સુખના સાધનોમા આશક્ત થતો નથી, તેમ દુઃખના યોગમાં ઉદ્વેગ પણ પામતો નથી, તે તો સદા સર્વદા પોતાના આત્મામાંજ રમ્યા કરે છે તથા પોતાના આત્મામાંજ પોતાના આનંદ સ્વરૂપને અનુભવે છે.

આ સગુણ નિર્ગુણ સમાનાત્મક સ્વરૂપ ૐકાર—જીવન્મુક્ત સંત પરમાત્મા યોગેશ્વરની નવધા પ્રકારે સેવા ભક્તિજ અભેદ જ્ઞાનરસને ઉત્પન્ન કર્ત્તા છે. **ભક્તિ**માં રસ છે પણ સેવારૂપે તેનો અનુભવ કરવાથી અને નિયમ પ્રમાણેજ નવધા પ્રકારે સેવવાથીજ જ્ઞાનરૂપી રસ પ્રાપ્ત થાય છે—અને તે પીવાથી અમૃત થવાય છે—માટે નવધા રસભક્તિ શાસ્ત્ર વિચારપૂર્વક ગુરૂ આજ્ઞાથી ગ્રહણ કરવી જોઇએ.

સગુણ બ્રહ્મઉપાસનામાં નવધા ભક્તિપ્રકાર.

શ્રીમત પરમયોગેશ્વર મુદ્દગલ મહામુનીએ શ્રી સગુણ નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપ પંચાયતન અભેદ શ્રીમહાગણપતિની ઉપાસના કરી હતી તે વખતે પ્રભુ પ્રસન્ન થઇ ભક્તિ ઉપાસનાના નવધા સ્વરૂપનું વર્ણન કથેલું છે—તે આ જગોએ વિસ્તારપૂર્વક જણાવવાની ખાસ જરૂર ધારી લખ્યું છે કે ભક્તજનને તેમ સમજવાને ઠીક પડે—

श्री गणेश उवाच ॥

॥ भक्तिः सा नवधा विप्र चित्ते ते रसदायिका ।
॥ दशमं नास्ति संस्थानं चित्तस्य रसधारणे ॥
॥ श्रवणं कीर्त्तनं चैव स्मरणं पादसेवनं ।
॥ अर्चनं वंदनं दास्यं सख्यं देह निवेदनं ॥
॥ नव चिन्हं प्रवक्ष्यामि भक्तिमाहात्म्यमुत्तमं ।
॥ तेनैव प्राप्यते भक्तिजनैर्मेनात्र संशयः । ९—२२.

ભક્તિ "**નવવિધા**" નવ પ્રકારથી છે. રસ જે પ્રેમ અથવા આનંદ તેને આપવાવાળી એવી "**ચિત્તરસદાયિકા**" તેજ ભક્તિ છે. કોઇ એક રાગ રાગીણી

યુક્ત ગાન કરવાની નવધા ભક્તિ સેવતો હોય તો તેની નવધા રસભક્તિ ગાનથીજ પૂર્ણ થાય છે. એ પ્રમાણે જપ ભક્તિ ઇત્યાદિકનું જાણવું એકજ ભક્તિ નવ પ્રકારે રસ ઉપજાવી શકે છે. માટે ચિત્ત રસ ધારણ ભક્તિમાં નવ સ્થાન છે દશમું નથી–તે નવધા ભક્તિનાં નામ ૧ **શ્રવણ** ૨ **કીર્ત્તન** ૩ **સ્મરણ** ૪ **પાદસેવન** ૫ **અર્ચન** ૬ **વંદન** ૭ **દાસ્ય** ૮ **સખ્ય** ૯ **દેહનિવેદન** એ પ્રકારે નવ છે. આ ભક્તિના ઉત્તમ મહાત્મ્યરૂપ આ નવ ઊત્તરોત્તર શ્રેણી વાળી ભક્તિનું વર્ણન કરૂં છું. જે વડે મનુષ્યોને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. એમાં સંશય નથી.

હવે શ્રવણ ભક્તિનું સ્વરૂપ કહેવાય છે.

श्रवणे मद्गुणानांच मननं तादृशं पुनः ।
तस्यानुकूलं कर्त्तव्यं जायतेनुभवस्ततः ॥ ९ ॥
रसोत्पत्तिस्त्वनुभवे तत्र सर्वा प्रजायते ।
श्रवणं मे त्वया कार्यं गुणानां जन्तुना सदा ॥१०॥
प्रियं भवति नान्यच्चमदेकरसभावतः ।
तेनान्य श्रवणे प्रीति र्यदानोत्पद्यते क्वचित् ॥११॥
तदा संपूर्णतां प्राप्ता भक्तिर्मे श्रवणात्मिका ।
अहं वसामि तत्कर्णे सदातत् भक्ति लालसः ॥१२॥

શ્રીપરમાત્મા પરબ્રહ્મ ૐકાર સ્વરૂપ શ્રીમહાગણપતિના ગુણોના મહાત્મ્યનુ **શ્રવણ** કરવાથી તેવા રસની ઉત્પત્તિ થાય છે. ત્યાર પછી તેનું **મનન** થાય છે. મનન વડે નિશ્ચયાત્મિકા બુદ્ધિ થાય છે. કે વેદાન્તોએ સત્ય કહ્યું છે કે આવા લક્ષણવાળો ગણેશ છે–કેમકે એવાં લક્ષણો ગણેશમાંજ દેખાય છે. અન્યત્ર તેવાં પૂર્ણ લક્ષણોનો અભાવ છે એમ અનુકુળ મનન કરવાથી સદા ગણેશ પરાયણપણુ જે **નિદિધ્યાસ** તે થાય છે. ગણેશ સેવા પરાયણપણાથી ગણેશનો સાક્ષાત્કાર અનુભવ થાય છે. (૯) અનુભવ પ્રાપ્ત થતાં તેમના વિષે પ્રેમની ઉત્પત્તિ થાય છે. અને અન્ય સર્વ તુચ્છ માલમ પડે છે. તે પ્રેમભક્તિ વડે કરીને ગણેશ ગુણાનુવાદનું શ્રવણજ પ્રિય લાગે છે. એમ પ્રેમભક્તિ રસ લાગ્યાથી તેને અન્ય પ્રિય લાગતુંજ નથી. તેને અન્ય શ્રવણમાં પ્રીતિ થતી નથી ત્યારેજ સંપૂર્ણ શ્રવણ ભક્તિ પ્રાપ્ત થઇ ગણાય. એવી ભક્તિરસની લાલસાથી હું તે ભક્તના કર્ણમાં નિવાસ કરૂં છું.

હવે કિર્ત્તન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે—

मद्गुणानां सदा यस्य कीर्त्तनं रसदायकं ।
नान्य कीर्तन भावेषु तस्य वै मनसो रसः ।
तदा भक्तिःस्तु संपूर्णा मदीया कीर्तनात्मिका ।
प्राप्तातेन सदातस्य जिव्हाग्रे प्रवसाम्यहम् ।

મારા ગુણોનું કિર્ત્તન જેઓને સદા રસદાયક થઈ પડયું છે. અને બીજા ભાવનાં કીર્ત્તનોમાં જેનું મન રસરૂપ નથી. તેની મારા વિષે કીર્ત્તનાત્મક ભક્તિ સંપૂર્ણ થએલી જાણવી. તેથી તેના જીભના અગ્ર ભાગ ઉપર સદાએ નિવાસ કરૂં છું.

હવે સ્મરણભક્તિનું સ્વરૂપ કહેવાય છે—

मदीय कार्य भावस्य विस्मृति नैव जायते ।
समये सावधानो यो व्रत पूजादि मार्गतः ।
तेन स्मरण रूपासा भक्तिः प्राप्ता महामुने ।
स्मृत्यां वसामि तस्याहं भक्ति भोगार्थमेवहि ।

મારા કાર્યમાં અને મારી ભાવનામાંજ તે અધિકારી જીવાત્માનું સ્મરણ રહે છે. અર્થાત્ વિસ્મૃતિ થતી નથી. અને વેદોએ કહેલાં એવાં મારાં વ્રત, પૂજા, મંત્ર વિગેરે વિવિધ માર્ગની યથા સમયે સ્મૃતિ જાગ્રત રહે છે. તેથી હે મહામુને ! ! તેને સ્મરણભક્તિ પ્રાપ્ત થયેલી ગણાય છે. ત્યારે તેવાની સ્મૃતિમાં ભક્તિનો સંપૂર્ણ રસ લેવાને માટે હું નિવાસ કરૂં છું.

હવે પાદસેવન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે—

मदीय पादपद्मं यत्सत्यमन्यदसत्यकं ।
ज्ञात्वा देहश्रमे वै यो नालस्येन प्रवर्त्तते ।
मम पादाश्रयः पूर्णः सदायेन कृतो मुने ।
अन्यत्रालस्य भावन मिथ्या भूतेस्थितेनच ।
तस्य भक्तिः समुत्पन्ना पादसेवन रूपिका ।
तस्यालसविहीनेहं देहे स्थास्यामि निश्चलः ।

મારૂંજ ચરણકમલ તેજ સત્ય—અને અન્ય સર્વ અસત્ય એમ જાણીને દેહથી સેવાશ્રમ ઉઠાવતાં કદાપિ પણ આલસ કરતોજ નથી. જેણે મારા ચરણનો સદાએ આશ્રય કર્યો છે. તેણે બીજી સર્વ મિથ્યાભૂત સ્થિતિમાં આલસભાવ રાખેલો છે—તેનીજ પાદસેવન ભક્તિ ઉત્પન્ન થએલી ગણાય છે. અને તેવા આલસ વિનાના દેહમાં હું સ્થિરપણે નિવાસ કરૂં છું. પાદસેવન ભક્તિમાં પાદાર્ચનનો સમાવેશ થતો નથી. પાદાર્ચનનો સમાવેશ અર્ચન ભક્તિમાંજ થાય છે.

હવે અર્ચન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે—

सांगोपांगं प्रकर्त्तव्यं मदीयं कर्म भावतः ।
अन्यच्च यादृशं जातं तादृशं किल तत् भवेत् ।
अर्चनात्मक भक्तिः सा सदा प्राप्ता नरेण वै ।
सांगोपांग तया तत्र वसेयं भक्ति भावितः ।

મને પ્રસન્ન કરવારૂપ કર્મ–પ્રેમભાવથી સાંગોપાંગ (પરિપૂર્ણ) વેદ શાસ્ત્ર પુરાણાદિમાં કહ્યા પ્રમાણે અને વ્રત ઉત્સવો આદિ કરે. અને બાકીનાં સર્વ કાર્ય જેવાં પ્રકારનાં થઈ શકે તેવા પ્રકારે કરી લે એવા નિશ્ચયથી તે અર્ચનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થઇ ગણાય છે. તે સાંગોપાંગ એટલે **ષોડશોપચાર** વિધિથી અર્ચન કરનારના સ્થાનમાં હું સદાએ નિવાસ કરૂં છું.

હવે વંદન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે—

नमत्समं भवेज्जातु वेदादिषु विचारतः ।
मयि श्रेष्ठत्वमापन्नं श्रेष्ठंमन्नमनं भवेत् ।
यदा वै मत्समं नास्ति चित्ते यस्य प्रतिष्ठितम् ।
तदा वंदनजा भक्तिः प्राप्तातेन न संशयः ।
तस्य श्रेष्ठत्व भावेहं सदातिष्ठामि सर्वतः ।
भक्ति भोक्ता स्वयं भूत्वाऽन्यत्र श्रेष्ठत्व नाशकः ।

વેદાદિ શાસ્ત્રોના વિચારપૂર્વક મારા સમાન કદાચિત્ શ્રેષ્ઠત્વ નથી તેથી મારામાંજ શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાય છે તેથી મારે વિષે જે નમસ્કાર કરવો તે સર્વથી શ્રેષ્ઠ છે–જેના ચિત્તમાં મારા સમાનપણું કશાનું પણ નથી. ત્યારે તેને વંદન ભક્તિ પ્રાપ્ત થઈ છે. એમાં શંશય નથી એવા ભક્તના શ્રેષ્ઠત્વ ભાવમાં હું સર્વત્ર નિવાસ કરૂં છું અને ભક્તિનો સ્વયં ભોક્તા થઇને અન્ય શ્રેષ્ઠત્વનો નાશ કરૂં છું.

હવે દાસ્ય ભક્તિનું સ્વરૂપ કહેવાય છે.

गणेशोपासनामार्गो यथा शास्त्रेषु दृश्यते ।
तं दृष्ट्वा तादृशंभूत्वा गाणपत्योभिमानतः ।
मां भजेत् यः स्वभावेन गाणेशाहंकृतेर्धरः ।
तेन दास्यं समापन्नं भक्तिभावेन भावितं ।
गाणपत्य स्वभावेहं तंस्थास्यामि स्वभावतः ।
दास्यभक्ति वियोगार्थं मेकानिष्ठा प्रकाशकः ।

જેવી રીતે વેદ શાસ્ત્રોમાં ગણેશજીની ઉપાસનાનો માર્ગ વર્ણવ્યો છે. તે

પ્રમાણે જોઇને તત્ રૂપ ચિન્હ ધારણ કરીને હું ગણપતિનો સેવક છું એમ અભિમાન ધારણ કરી તથા હું **સ્વાભાવિક** રીતે ગણેસનો દાસ છું એમ સ્વભાવથી મને ભજે છે. તે ભક્તિ ભાવના વડે પ્રાપ્ત થએલી દાસ ભક્તિ કહેવાય છે. તેની એક નિષ્ઠાનો પ્રકાશક થઈને દાસ્ય ભક્તિના ભોગને અર્થે તેના ગાણપત્ય સ્વભાવમાં હું **સ્વાભાવિક** રીતે નિવાસ કરૂં છું.

હવે સખા ભક્તિનું સ્વરૂપ કહેવાય છે.

मित्रस्य सन्निधानेतु यथा गोप्यं न विद्यते ।
बाह्यांतरं च मित्रस्य मित्रं जानाति सर्वतः ।
तथा बाह्यांतरै र्हीनो दंभहीनः स्वभावतः ।
भजते मां नरो यस्तु सख्यं प्राप्तं मदीयकं ॥
यत्र कुत्रस्थिते नैव यद्यन् मनसि संधृतं ।
गणेश्वरेण तज्ज्ञातं सर्वांतर्यामि नाखिलं ॥
एतादृशा विचारेण भययुक्तेम चेतसा ।
सर्वभावेम मां यस्तु भजतेऽनन्य चेतसा ॥
तस्य सख्ये सदाहं वै तिष्ठेयं भक्ति लोलुपः ।
बाह्यांतरैक भावेषु मोहितस्तस्य चेष्टया ।

જેમ માતા, પિતા, ગુરૂ, સ્ત્રી, બંધુ વિગેરેના દોષ ગુણોને કોઈ એક પુરૂષ–મિત્રના આગળ કહી શકે છે. કેમકે મિત્રના આગળ કંઇપણ છાનું રાખી શકાતું નથી. મિત્રનું બાહ્યાંતર કંઈપણ તે મિત્રજ જાણે છે. તે પ્રમાણે બાહ્યાંતરથી રહિત દંભ વિનાના સ્વભાવથી જે પુરૂષ મને ભજે છે. તેને મારી સખા ભક્તિ પ્રાપ્ત થાય છે. ગમે તેવી સ્થિતિમાં પણ જે જે કંઈ વાત મનમાં ધારણ કરી હોય તે સર્વ શ્રી ગણેશ જાણે છે કેમકે તે બુદ્ધિ રૂપી ગુહામાં સ્થિત અંતર્યામી છે. એવા વિચારથી ભય યુક્ત ચિત્ત વડે અનન્ય ભાવથી મને ભજે છે. તેની સખા ભક્તિ ભાવનામાં ભક્તિથી લોભાયલો, બાહ્યાંતરની એક રસ ભાવનાની ચેષ્ટાથી મોહ પામેલો, ભક્તિ વ્યતિરિક્ત વિચાર ન ઉદ્ભવ થાય એ હેતુથી હું તેનો સખા થઈને રહું છું.

હવે આત્મ નિવેદન કે દેહ નિવેદન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે.

पंचधा चित्तभूमिर्या तांत्यक्त्वाहं तयाविना
गणेशोहं न संदेहो येनात्मेतिनिवेदितः ।
अहंभाव विहाने भक्तिभावेन संस्थितः ।
नैव भिन्नो भविष्याम तस्माज्जानीहि भो मुने

હે મુનીશ્વર ! ! પાંચ પ્રકારની ચિત્ત ભૂમિકા (ક્ષિપ્ત-મૂઢ, વિક્ષિપ્ત એકાગ્ર, નિરૂદ્ધ) નો ત્યાગ કરીને અહંપણા વિના "હું ગણેશ છું" તેમાં સંદેહ નથી એ પ્રકારે જેણે આત્મ નિવેદન કરી જાણ્યું છે. એટલે પાંચે દેહનો ત્યાગ પ્રભુના ચરણમાં કર્યો છે. એવા અહંભાવ રહિત પુરૂષના સ્વરૂપમાં હું ભક્તિ ભાવ વડે સ્થિત થાઊં છું. તેનાથી હું કદાપિ ભિન્ન રહેતો નથી એમ જાણ. યોગ યોગી એક રૂપ છે. એજ આત્મ નિવેદન ભક્તિ કહેવાય છે.

वल्ली ४० मी.

तदेव निष्कलं ब्रह्म निर्विकल्प निरंजनम् ।
तद् ब्रह्मा मिति ज्ञात्वा ब्रह्म संपद्यते ध्रुवम् ॥

તેજ એટલે અવિદ્યાદિ નામ ભાવવડે-પ્રસિદ્ધ સત્વ સ્વરૂપ એવો (અન્ય નહિં.) જેમાં પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, પૃથ્વી, ઇન્દ્રિય, મન, અન્ન, બલ, તપ, મંત્ર, કર્મ, લોક, નામરૂપવાળી "કલા" નથી. એવો નિષ્કલ-તથા સર્વથી અધિક એવો બ્રહ્મ-કે જેને વિષે આ, તે, એવા વિકલ્પો વસ્તુ શૂન્ય છે એવો નિર્વિકલ્પ-તથા જેને વિષે સર્વના કારણરૂપ અવિદ્યા અજ્ઞાન નથી એવો નિરંજન-એ પ્રકારે બ્રહ્મવાદી પુરૂષો જેને બ્રહ્મ કહે છે કે જે સર્વ પરિચ્છેદ શૂન્ય છે. એવો **अहमस्मि**થી પ્રત્યય વ્યવહાર યોગ્ય સ્વયં પ્રકાશમાન ચિદાનંદ આત્માજ ભેદ રહિત છે. એમ જાણીને પોતાના આત્માથી અવ્યતિરિક્ત તેજ બ્રહ્મ છે. તેજ નિશ્ચય છે.

इत्येवं नवधा भक्तिं रसयुक्तां करोति यः ।
सहते क्षण मात्रं न चित्तं मद्रसहीनकं ।
तदा संपूर्ण भक्तो मे जातो वै नात्र संशयः ।
अहं मोहेन संयुक्त स्तत्रतिष्ठामि सर्वदा ।
न क्षणं तं परित्यक्तुं शक्तोहं भक्ति यंत्रितः ।
नवधा चित्त भावेन तं रक्षिष्यामि सर्वदा ।
नच भक्ति समोभावो मम प्रीति करः कदा ।
तेन बद्धो भविष्यामि हृदये तस्य धीमतः ।

मौ० १-२२-३८.

ઉપર પ્રમાણે વર્ણવાયેલી પ્રેમ યુક્ત નવધા ભક્તિ જે માણસ કરે છે તે ક્ષણ માત્ર પણ મારા પ્રેમથી રહિત-ચિત્ત સ્થિતિને સહન કરી શકતો નથી. ત્યારે તે મારો સંપૂર્ણ ભક્ત થયો છે એમાં શંશય નથી. તેથી હું તે ભક્તના

મોહથી સંયુક્ત થઇને ત્યાંજ નિવાસ કરૂં છું. એવા ભક્તને હું ભક્તિથી બંધાયેલો એક ક્ષણ પણ છોડી શકતો નથી. એવા ભક્તના નવધા ભક્તિના ચિત્તની ભાવના વડે તેનું સર્વદા હું રક્ષણ કરૂં છું. મારી પ્રીતિ મેળવનારા ભક્તનો મારા વિશેની ભક્તિ સમાન ભાવ મને બીજો પ્રિયકર નથી. તેથી તેવા બુદ્ધિમાન ભક્ત જનના હૃદયમાં સદાએ બંધાઇ રહેલો છું. ઇતિ.

ઉપર પ્રમાણે નવધા પ્રકારની પ્રેમ ભક્તિ કરનાર—અધિકારી મુમુક્ષુ સજ્જનો સર્વત્ર સ્વરૂપથી અને સર્વત્ર સ્થાને સગુણ નિર્ગુણ સમાન અને સગુણ નિર્ગુણ રહિત પરબ્રહ્મ પરમાત્મા ૐકાર સ્વરૂપ શ્રી મહા ગણપતિની ભક્તિ પંચાયતન અભેદભાવે કરતા કરતા પરમાત્મામય સ્થિતિએ જન્મ મર્ણના બંધન રૂપ આ સંસારથી મુક્ત થાય છે.

આવા પરમભક્ત પુરૂષે સગુણ નિર્ગુણ સમ—રહિત પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના ભક્તિ પ્રેમમય ભાવનાથી કરી છે. તેથીજ તેને પરમ **ગાણપત્ય** એટલે ૐકાર સ્વરૂપ ગણપતિનો ભક્ત વા બ્રહ્મવિત્ કહેવામાં આવે છે. અને તેવા ભક્તના વિચારો અને સમજ કેવી રીતે હોવી જોઈએ તેને માટે આ ગ્રંથમાં યોગ્ય ખુલાસો થઇ ગયો છે. તે પ્રમાણે સમજી વર્ત્તન રાખી પ્રભુમાં પ્રભુ રૂપ થવું દરેક માણસની ફરજ છે. હવે પરમાત્માની કૃપાથી જેમ યોગ્ય લાગે તેમ કરો.

શાસ્ત્ર મર્યાદા પૂર્વક ઉપસંહાર કરતાં ઇષ્ટ છે કે જે પરમાત્મા પરબ્રહ્મ સગુણ નિર્ગુણ અભેદ ૐકાર સ્વરૂપાકૃતિ સ્વરૂપ છે. તેજ આ જગતના યાવત્ જીવોની અવિદ્યા બુદ્ધિરૂપ વિઘ્નનું હરણ કરનાર છે અને તેજ **પ્રકાશક** (સૂર્ય) બુદ્ધિનો **અંતર્યામી** (વિષ્ણુ) અને બુદ્ધિનો **સાક્ષી** (શિવ) તેમજ બુદ્ધિ જેમાં વિલય થાય એવા બુદ્ધિના **પતિ** સ્વરૂપ (ગણપતિ) એમ અનંત સ્વરૂપે, સર્વ સ્વરૂપે સર્વ મય, પોતાનો પોતેજ પોતે **નિજ** સ્વરૂપ છે. જેનું **સમાપ્તિ કામો મંગલામાચરેત્** આ સનાતન વૈદિક ધર્મના શિષ્ટ સંપ્રદાય પૂર્વક સ્મરણ ચુકવું નહિ. એવો શાસ્ત્ર નિશ્ચય છે. આ અભેદ સગુણ નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ સર્વ સ્વરૂપે સર્વમય છે જેથી **મંગલાચરણની** શિષ્ટતાપૂર્વક આદિ અંત ગ્રંથની સમાપ્તિ કાર્યમાં તેજ પરમાત્મા ઉપસંહાર વિધિરૂપે સર્વ મય દર્શન રૂપ છે. અક્ષર સ્વરૂપ તેજ છે અક્ષરાતીત સ્વરૂપ તેજ છે. શબ્દ સ્વરૂપ તેજ છે. શબ્દાતીત સ્વરૂપ તેજ છે. અર્થ સ્વરૂપ તેજ છે અર્થાતીત સ્વરૂપ તેજ છે સત્તા સ્વરૂપ તેજ છે. જ્ઞાન સ્વરૂપ તેજ છે. ઉપાસના સ્વરૂપ તેજ છે. કર્મ સ્વરૂપ તેજ છે. કર્ત્તા સ્વરૂપ તેજ છે. ધર્ત્તા સ્વરૂપ તેજ છે હર્ત્તા સ્વરૂપ તેજ છે. નિર્મોહી સ્વરૂપ તેજ છે. ભોક્તા મોહી સ્વરૂપ તેજ છે. એમ યાવત્ દૃશ્યા દૃશ્ય, સ્થુલ સૂક્ષ્માદિ, સ્થાવર જંગમાદિ, સર્વ સ્વરૂપ તેજ

પરમાત્મા વાણી મન સહિત અને વાણી મન રહિત પણ તેનો તેજ છે. મંગલાચરણ મર્યાદામાં તેટલાજ માટે ગમે તે નામથી મંગલ અથવા સમાપ્તિ કરે તો તેજ નિર્વિઘ્નકર વિઘ્ન નિવર્ત્યર્થે સ્મરણ રૂપ છે. પછી ગમે તે નામથી કહેવાતો હોય પણ તેનેજ તે માન્ય સ્વરૂપ થાય છે. જેમ કે,—
श्री गणेशाय नमः॥ श्री ॐकाराय नमः। श्री प्रणवाय नमः। વળી **श्री रामाय नमः। श्री कृष्णाय नमः। श्री सदाशिवाय नमः।** અથવા **ॐ तत्सत् परमात्मने नमः। ॐ तत्सत्। ॐ। श्री सद्‌गुरवे नमः। श्री सरस्वत्यै नमः। श्री गुरवे नमः। श्री विष्णवे नमः। श्री वासुदेवाय नमः।**

વિગેરે અનંત નામો તેજ પરમાત્માનાં છે. અને અનંત સ્વરૂપો પણ તેજ પરમાત્માનાં છે. માટે ગમે તે નામથી અને ગમે તે સ્વરૂપથી કરેલું મંગલ—નમન પણ તેજ પરમાત્મા **મંગલમૂર્તિ** ૐકાર સ્વરૂપી—ૐકારાકૃતિ સ્વરૂપી પરમાત્માનેજ પહોંચે છે. એવી રીતે ૐકારથી ઉપક્રમ અને ૐકારમાંજ ઉપસંહાર કરતાં આ **ગ્રંથ** ૐકાર સ્વરૂપી પરમાત્મા પરબ્રહ્મ સગુણ નિર્ગુણ અભેદ, સાકાર નિરાકાર અભેદ,—જીવ બ્રહ્મ અભેદ—ઇશ્વર પરબ્રહ્મ અભેદ, માયા અને બ્રહ્મ અભેદ—અધ્યસ્ત અધિષ્ઠાન અભેદ—શ્રોતા વક્તા અભેદ—શિષ્ય ગુરૂ અભેદ—જગત પરમાત્મા અભેદ—સ્વસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુના ચર્ણમાં સદાને માટે સમર્પણ છે. આમ સમજનાર પોતાના આત્માના સ્વરૂપને જાણી જન્મ મર્ણ રૂપી સંસારની બ્રાન્તિથી સદાએ મુક્ત હુજો અને મુક્તજ છે. ઉપાસક ઉપાસ્યની અભેદતા સિદ્ધ—સમજવાને આવેલા યોગે આ વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણની અભેદ શ્રેણીના સમજવાવાળા, સનાતન વેદ ધર્માધિકારી વિદ્વાન સજ્જન પુરૂષોને સમજવું જોઇએ કે જે ૐકાર પરબ્રહ્મ પરમાત્મા સગુણ નિર્ગુણ અભેદ—સાકાર નિરાકાર અભેદ વ્યતિરેકાન્વય અભેદ, નિમિત્તોપાદાનકારણ અભેદ, સ્વયંપ્રકાશ, સ્વત:સિદ્ધ, સર્વ સ્વરૂપ, સર્વમય, સર્વ શક્તિમાન, સર્વવ્યાપક છે તેજ પોતે સર્વરૂપ સિદ્ધજ છે. અને તે આવું અગમ્ય તત્વ, બુદ્ધિના પ્રકાશક રૂપે—બુદ્ધિના અંતર્યામીરૂપે, બુદ્ધિના સાક્ષી રૂપે, બુદ્ધિના પતિ રૂપે, અને એકંદર બુદ્ધિ જેને જાણતી નથી. એવા અવાક—મન સ્વરૂપ અદ્‌ભૂત અલૌકિક સ્વરૂપ, અપરિમિત સ્વરૂપ, અખંડ અગાધ અપાર સ્વરૂપ, અમોઘ આનંદમય સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ યાવત્ **જીવોનું ઉપાસ્ય** છે. પોતેજ **ઉપાસક** સમજાય છે, પોતેજ **ઉપાસના** સમજાય છે અને પોતેજ **ઉપાસ્ય** છે. વળી આગળ જતાં ઉપાસક, ઉપાસના, અને ઉપાસ્ય સ્વરૂપથી પરે નિર્વિકલ્પ સ્વરૂપ, યોગ અયોગથી રહિત શાન્તિ સ્વરૂપ છે. પ્રભુના સ્વરૂપના વિચારો અપાર છે. શાસ્ત્ર મર્યાદા પ્રમાણે વ્યષ્ટિના જીવરૂપ (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ) પણ પોતેજ છે. સમષ્ટિના મહાન્ જીવરૂપ (વિરાટ્, હિરણ્યગર્ભ, અવ્યાકૃત—અથવા બ્રહ્મા,

વિષ્ણુ, રૂદ્ર) પણ પોતેજ છે. તૂર્ય—નેતિ—અમાત્ર, શિવ રૂપ—ઈશ્વર રૂપ—પણ પોતેજ છે. તૂર્યાતીત સ્વરૂપ કે જે સગુણ નિર્ગુણ સમાન ૐકાર સ્વરૂપ કે જેને વેદશાસ્ત્રમાં **ઉપાસ્ય** તરિકે—વા ઉપાસના કરવા યોગ્ય—ધ્યાન કરવા યોગ્ય પૂજવા યોગ્ય—સ્મરણ કરવા યોગ્ય—ૐકાર સ્વરૂપ—ૐકારાકૃતિ સ્વરૂપ—મૂર્ત અમૂર્ત સ્વરૂપ—સાકાર નિરાકાર સ્વરૂપ—જેને **ગણપતિ** અથવા **ગણેશ** કહે છે તે પણ પોતેજ છે. કે જેને સચ્ચિદાનંદ—પરમાત્મા—પરબ્રહ્મ પણ કહેવાય છે. તે પણ પોતેનો પોતેજ છે. એમ ઉપાસક પણ પોતે છે—અને ઉપાસ્ય પોતે પણ છે. પાંચ સ્વરૂપ અથ સમાત્મક યોગની ઉપાસના—બુદ્ધિની ઉત્તરોત્તર સ્થિતિને સમજાવે છે. ઉત્તરોત્તર—**પાદ** યુક્તિમાં **શક્તિબ્રહ્મ** પણ પોતે છે. તેથી પરે **સૂર્યબ્રહ્મ** પણ પોતેજ છે. તેથી પરે **વિષ્ણુબ્રહ્મ** પણ પોતેજ છે. તેથી પરે **શિવબ્રહ્મ** પણ પોતેજ છે. અને સર્વથી પરે—પરાત્પર—**ગણેશબ્રહ્મ** પણ પોતેનો પોતેજ છે. જેમ પાણીજ પરપોટારૂપે ભાસે છે. તેમ પોતેજ **દેહ** રૂપે ભાસે છે, પોતેજ **દેહિ** રૂપે ભાસે છે. પોતેજ **વ્યાપક** રૂપે ભાસે છે, પોતેજ **સાક્ષી** રૂપે ભાસે છે અને પોતેજ **પતિ** સ્વરૂપે ભાસે છે. છતાં પોતેનો પોતે તે સર્વમય—સર્વ રહિત સ્વસ્વરૂપ ચિદાનંદ ઘન છે. દેહબુદ્ધિના અધ્યાસ વડે **દાસ** પણ પોતેજ છે. જીવબુદ્ધિના અધ્યાસવડે **અંશ** સ્વરૂપ પણ પોતેજ છે. બ્રહ્મબુદ્ધિના અધ્યાસ વડે—બ્રહ્મ સ્વરૂપ (હું) પણ પોતેજ છે. સ્થાવર રૂપ, જંગમ રૂપ, યાવત્ દૃશ્યાદૃશ્ય રૂપ પણ પોતેજ છે. આ મારૂં છે અને આ તમારૂં છે એવો ભેદ જેમાં નથી તે પોતે બ્રહ્મ ૐકાર છે. એક અણુમાં અણુતર પણ પોતેજ છે. અને મહતમાં મહત્તર સ્વરૂપે પણ પોતેજ છે. બુદ્ધિના ભેદે જ્ઞાન અજ્ઞાન કલ્પાતાં પોતે તો જેવો ને તેવોજ છે. સ્ફટિકની પાછળ લીલું પાંદડુ લગાડવાથી સ્ફટિક લીલો દેખાય છે. લાલ પાંદડું લગાડવાથી લાલ દેખાય છે. કાળો કાગળ લગાડવાથી કાળો દેખાય છે. પણ પોતે તો પોતે શુદ્ધ સ્વરૂપ છે. બુદ્ધિના વિચારની અહંમમતવાળી દ્વૈત ભાવનામાં તેજ પોતે **દ્વૈતરૂપ** પ્રતિત થાય ત્યારે બુદ્ધિ વિચારની નિરાભિમાનતાવાળી અદ્વૈત ભાવનામાં તેજ પોતે **અદ્વૈતરૂપે** સિદ્ધ સમજાય છે. પણ પોતે તો પોતેજ **દ્વૈત અદ્વૈત** શબ્દ પ્રભાવનો પ્રકાશ કરનારો સ્વયં પ્રકાશ સ્વરૂપ છે. દ્વૈત પ્રભાવરૂપે ભાસતું જગત પણ પોતાનામાં "**રજત શુક્તિવત્**" (સ્થાણુ સ્તેનવત્) છે. જગતરૂપે પણ પોતેજ સ્વતઃ સિદ્ધ છે. જેમ રસજ (**રસાત્મકઃ**) વૃક્ષ સ્વરૂપે ભાસતાં પણ પોતે રસરૂપે તેમાંજ બાહ્યાં તર છે. તેમ પોતે પરમાત્મા ૐકાર જગતરૂપે વા દેહરૂપે ભાસતાં પણ પોતે બ્રહ્મ સ્વરૂપે તેમાંજ તદરૂપથી બાહ્યાંતર છે. એટલે શરીર વા જગત પોતાનાથી ભિન્ન નથી. પણ પોતેજ તે રૂપે જણાય છે. બ્રાહ્મણરૂપે પણ પોતેજ છે. ક્ષત્રિયરૂપે

પણ પોતેજ છે, વૈશ્યરૂપે પણ પોતેજ છે. શૂદ્રરૂપે પણ પોતે છે. ઈત્યાદિ અનંત સ્વરૂપે યાવત્ દૃશ્ય સ્વરૂપે પણ પોતેજ છે. સ્તુતિરૂપ પણ પોતેનો પોતેજ છે નિંદારૂપ પણ પોતેનો પોતે છે. સ્તુતિ કરનાર તે પોતાનીજ કરે છે ત્યારે નિંદા કરનાર તે પોતાનીજ નિંદા કરે છે. ખંડન કરનાર તે પણ પોતેજ છે. મંડન કરનાર પણ પોતેજ છે. ખંડન મંડન તે બુદ્ધિ વિચાર ગતી છે. પોતે તો ખંડન મંડન શબ્દ વાક્ પ્રલાપથી પર છે. **વ્યતિરેક** લક્ષણાથી બુદ્ધિ વિચારના સર્વ ભાવા ભાવવાળા સ્વરૂપથી **રહિત** એવી સંજ્ઞારૂપે પણ પોતેજ છે ત્યારે **અન્વય** લક્ષણાએ બુદ્ધિ વિચારના સર્વ ભાવાભાવ વાળા સ્વરૂપ (મય) **સહિત** એવી સંજ્ઞારૂપે પણ પોતેજ છે. વ્યતિરેક અને અન્વય પણ આ વાત સમજનારને સમજવા માટે બુદ્ધિની પૂર્ણતા કરવા યોગ્ય છે. પણ પોતે તો તેથી પર છે. પોતેજ પોતાનું સર્વ રીતે પ્રતિપાદન કરે છે અને પોતાનુંજ પ્રતિપાદન થાય છે. પોતેજ પોતે છે. અન્ય પણ પોતે અને અનન્ય પણ પોતેજ છે. પણ આ બધી સામાન્ય યુક્તિ સમજવાને સત્વ બુદ્ધિની જરૂર છે. રજોગુણી તમોગુણી બુદ્ધિથી સમજાતું નથી. ડોહળા પાણીમાં સ્પષ્ટ મુખ દર્શન થતું નથી. તેમ રજ તમ બુદ્ધિમાં સ્પષ્ટ દર્શન થતું નથી. આત્માજ છે તેજ પોતે છે એટલે અન્ય રૂપકથી **ઐક્યતા નથી** પણ આત્મ સ્વરૂપથી **ઐક્યતા છે.** **બાધરહુડ** કરવાનું નથી. પણ **ચૈતન્ય** હુડ કરવાનું છે. આત્માથી ભિન્ન આ દેહ કંઈ છે એમ જાણનારની બુદ્ધિના વિચારનું ખંડન કરવાનુ છે આત્માથી ભિન્ન કંઈ છે તેવા વિચારનું ખંડન કરવાનું સર્વ સામર્થ્ય આત્માને શિર ગાજે છે. સર્વ સ્વરૂપ, સર્વમય, સર્વ પરમાત્મા સત્ય છે તે ખંડન મંડનમાં આવતો નથી. આત્માથી ભિન્ન કંઈ છેજ નહિં. " **ॐ मित्येदं सर्वम्** "

આ ગ્રંથ પ્રસિદ્ધ થવાથી લખાણ લીપીમાં દૃષ્ટિ દોષ કે યંત્રાલયમાં કામ થતાં વખતો વખત સ્મૃતિ ચુકથી હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અજ્જુવરડુ વિરામ ઈત્યાદિ અનેક ભુલો થવા સંભવ છે. કેમકે દૃષ્ટિ નિચેથી દોષને નીકળતાં વાર લાગતી નથી. માટે વાચક વિદ્વાન સાક્ષર વર્ગ થયેલી દૃષ્ટિના દોષથી રહેલી ભુલોને સુધારી લેશે—એવી વિજ્ઞાપના છે.

ચાવી ચાવી ખાજો, ચાવી ચાવીને ગળે ઉતારજો, ચાવી ચાવીને ઉતારેલું સારી રીતે પચાવવા સંત સમાગમ બોધરૂપ અમૃત જળનું સિંચન કરજો કંટાળશો નહિં. બધું કામ ચાવી ચાવીનેજ કરીએ—એટલે આનંદ—આનંદ

॥ ॐ तत्सत ब्रह्मार्पणम् ॥

ॐ श्री गणेशाय नमः

पूर्णपाद-पूर्णब्रह्म. (पंचमपा ब्रह्म.)

"पूर्ण वल्ली."

પાછળ વર્ણવ્યા પ્રમાણે સગુણ નિર્ગુણ અભેદાત્મક, સાકાર નિરાકાર અભેદાત્મક, મૂર્તિ અમૂર્તિ અભેદાત્મક, ૐકાર નામાત્મક, ૐકારાકૃતિ સ્વરૂપ, પંચાયતન અભેદાત્મક, પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ ઘન, સ્વસ્વરૂપ, સ્વયં પ્રકાશ, સ્વયંજ્યોતિ, સ્વતઃસિદ્ધ, નિત્યમુક્ત, નિજ અભેદાત્મક જીવન્મુક્ત સંત બ્રહ્મવિદ્, તત્વવેત્તા, ને વિષે અમૃત, અખંડ ભાવથી ઐક્યરસ અભેદ ભક્તિ કરી છે. અને નિજ સ્વરૂપ અભેદ યાવત્ શબ્દ, અક્ષર, વાણી, મન સમેત પરમાત્માને જાણે છે. કોઇના ઉપર રાગ દ્વેષ કરતો નથી, કોઇને શત્રુ મિત્ર જોતો નથી. કોઇને શરીરના ભાનપૂર્વક પુરૂષ કે સ્ત્રી માનતો નથી. સુખ દુઃખ સમજતો નથી, માનાપમાનમાં તણાતો નથી, હર્ષશોકમાં ગોથાં ખાતો નથી, એમ અનેક વિધ પ્રકારથી જાગૃત રહેનારો પરમ ભક્તરાજ પુરૂષ, શ્રીપ્રભુ ભક્તિના તેમ શ્રીસદ્ગુરૂ ભક્તિના સંપૂર્ણ બળથી-પોતાનો જીવ-શિવ ભાવ ટાળીને પ્રભુમાં પ્રભુરૂપ ભાવથી તન્મય વિરમે છે. શરીર છતાં શરીરથી રહિત પોતાને આત્માસ્વરૂપ જાણે છે. મન છતાં મનરહિત પોતાને બ્રહ્મ સ્વરૂપથી અનુભવે છે. બુદ્ધિ છતાં બુદ્ધિ રહિત પોતાને પોતે રૂપે પરબ્રહ્મતાથી નિહાળતો સર્વને તેજ રૂપે જોઈ આનંદ પામે છે. એવા નિશ્ચય પૂર્વક-પોતાના સ્વરૂપનો વિચાર કરવાને આ સ્તોત્રનું મનન કરવા સૂચના કરવામાં આવે છે. તેનો અભ્યાસ કરવો.

"वि ान नौका."

। श्री गणेशाय नमः ।

॥ तपो यज्ञ दानादिभिः शुद्धबुद्धिर्विरक्तो नृपादौ पदे तुच्छबुद्ध्या ॥
॥ परित्यज्य सर्वं यदाप्नोति तत्त्वं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ १
॥ दयालुं गुरुं ब्रह्मनिष्ठं प्रशान्तं समाराध्य मत्या विचार्य स्वरूपम् ॥
॥ यदाप्नोति तत्त्वं निदिध्यास्य विद्वान्परं ब्रह्म० ॥ २ ॥
॥ य ानन्दरूपं प्रकाशं स्वरूपं निरस्त प्रपंचं परिच्छेद शून्यम् ॥
॥ [illegible]वृत्त्यैकगम्यं तुरीयं परं ब्रह्म० ॥ ३ ॥

॥ यदज्ञानतो भाति विश्वं समस्तं विनष्टं च सद्यो यदात्मप्रबोधे ॥
॥ मनोवागतीतं विशुद्धं विमुक्तं परंब्रह्म० ॥ ४ ॥
॥ निषेधे कृते नेति नेतीति वाक्यैः समाधिस्थितानां यदाभाति पूर्णम् ॥
॥ अवस्थात्रयातीतमेकं तुरीयं परं ब्रह्म० ॥ ५ ॥
॥ यदानन्दलेशैः समानन्दि विश्वं यदाभाति सत्वे तदाभाति सर्वम् ॥
॥ यदालोचने रूपमन्यत्समस्तं परं ब्रह्म० ॥ ६ ॥
॥ अनन्तं विभुं सर्वयोनिं निरीहं शिवं संगहीनं यदोङ्कारगम्यम् ॥
॥ निराकारमत्युज्ज्वलं मृत्युहीनं परं ब्रह्म० ॥ ७ ॥
॥ यदानन्दसिन्धौ निमग्नः पुमान्स्यादविद्याविलासः समस्तप्रपंचः ॥
॥ यदा न स्फुरत्यद्भुतं यन्निमित्तं परं ब्रह्म० ॥ ८ ॥
॥ स्वरूपानुसंधानरूपां स्तुतिं यः पठेदादराद्भक्तिभावो मनुष्यः ॥
॥ शृणोतीह वा नित्यमुद्युक्तचित्तो भवेद्विष्णुरत्रैव वेदप्रमाणात् ॥ ९ ॥
॥ विज्ञाननावं परिगृह्य कश्चित्तरेद्यदज्ञानमयं भवाब्धिम् ।
॥ ज्ञानासिना यो हि विछिद्य तृष्णां विष्णोःपदं याति सएवधन्यः ॥१०॥

इति श्रीमच्छंकराचार्य विरचिता विज्ञाननौक संपूर्णा ।

અર્થ.

શ્રી ગણેશજીને નમસ્કાર છે.

૧ તપ, યજ્ઞ, અને દાનાદિક વડે શુદ્ધ થઇને બુદ્ધિ તે જેની, એવા તથા નૃપાદિના વૈભવોમાં સુખની તુચ્છબુદ્ધિ છે તે જેમની, એવા વૈરાગ્યવાન. હૃદયથી સર્વનો પરિત્યાગ કરી જે તત્વને પ્રાપ્ત કરે છે. તેજ પરમ બ્રહ્મ સ્વરૂપ અને નિત્ય સ્વરૂપ તેજ હું છું.

૨ મહાન દયાળુ એવા-બ્રહ્મનિષ્ટ એટલે સર્વત્ર બ્રહ્મ સ્વરૂપને જોતા જાણતા એવા-પ્રશાન્ત હૃદયવાળા સદ્દગુરૂની આરાધના કરી બુદ્ધિવડે પોતાના સ્વરૂપનો વિચાર કરવો. અને તેમ કરી નિદિધ્યાસનથીજ તત્વને પ્રાપ્ત કરે છે. તેજ પરમબ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૩ જે પરમાત્માનું સ્વરૂપ આનંદરૂપ છે. તથા પ્રકાશરૂપ છે. તથા જ્યાં પ્રપંચનો વિલય થાય છે અને જે પરિચ્છેદ રહિત છે. અને જે તુર્યાતીત પ્રભુનું તુર્યસ્વરૂપ અહં બ્રહ્મ એવી વૃત્તિવડે ગમ્ય છે તેજ પરમબ્રહ્મસ્વરૂપ નિત્ય સ્વરૂપ હુંજ છું.

૪ જે પરમાત્માને ન જાણવાથીજ આ સમસ્ત વિશ્વ ભાસે છે. અને જેને જાણવાવડેજ અથવા જેના પ્રબોધવડે તે જગત નષ્ટ થઇ જાય છે.

સદાએ મન અને વાણીથી રહિત, વિશુદ્ધ અને વિમુક્ત છે તેજ પરમ એટલે શ્રેષ્ટ બ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૫ જે પરમાત્મા "નેતિ" "નેતિ" એવા વાકયોવડે નિષેધ કરતાં અવશેષ રહે છે. અને જે તે રૂપ સમાધિ કરતાં સંપૂર્ણતાથી સમજાય છે. જે અવસ્થા ત્રયથી રહિત છે. જે એક છે અને જે તૂર્ય છે તેજ શ્રેષ્ટ બ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૬ જેના લેશ આનંદવડે આ સંપૂર્ણ વિશ્વ આનંદ સ્વરૂપ લાગે છે. જે સત્વને વિષે આ જગત ભાસે છે તે સર્વ તેજ રૂપ છે. જેને તપાસીને જોતાં આ સર્વ સ્વરૂપ પણ પોતાનુંજ છે તેજ શ્રેષ્ટ બ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૭ જે પરમાત્મા અનંત સ્વરૂપ છે જે પરમાત્મા સદાએ વ્યાપક છે. જે પરમાત્મા સર્વનું કારણ છે જે પરમાત્મા "અહં" થી રહિત છે. જે પરમાત્મા શિવ સ્વરૂપ છે જે પરમાત્મા સંગ રહિત અસંગ છે. જે પરમાત્મા ૐકારસ્વરૂપ છે. અર્થાત્ ૐકારથીજ ગમ્ય છે. (એટલે પ્રત્યક્ષ ૐકાર મૂર્તિ-સ્વરૂપ સાકાર છે) તથા જે પરમાત્મા નિરાકાર છે. તથા જે પરમાત્મા અતિ ઊજ્વલ-અંધકાર રહિત નિર્મલ છે. જે પરમાત્મા મૃત્યુ રહિત છે તેજ શ્રેષ્ટ બ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૮ જે પરમાત્મારૂપી આનંદના સિન્ધુમાં પુરૂષો નિમગ્ન થાય છે. તે પુરૂષોનાં સમસ્ત પ્રપંચરૂપ અવિદ્યા વિલાસ ડુબી જાય છે. જેના નિમિત્ત વિના અદ્ભૂત જગત સ્ફુરાયમાન થયું નથી તેજ શ્રેષ્ટ બ્રહ્મસ્વરૂપ નિત્યસ્વરૂપ હુંજ છું.

૯ જે મનુષ્ય ભક્તિભાવ વડે, આદર પૂર્વક આ સ્વરૂપાનુસંધાનરૂપ સ્તુતિનો વિચાર કરે છે. વા જે આદરપૂર્વક શ્રવણ કરે છે. વા તે પ્રમાણે ઊદ્યુક્ત ચિત્તવાળો હોય છે. તે વેદના પ્રમાણ રૂપ સાક્ષાત્ વિષ્ણુસ્વરૂપ વ્યાપક બ્રહ્મ સ્વરૂપ થાય છે.

૧૦ જે કોઈ માણસ આ "વિજ્ઞાનનૌકા" વિજ્ઞાન એટલે લક્ષાર્થ જ્ઞાનરૂપી નૌકાનો આશ્રય લે છે તે આ સંસાર સાગરના અજ્ઞાન ભાવથી અવસ્ય તરે છે. અને જ્ઞાનરૂપી અમૃતનું પાન કરી તૃષ્ણાનો ત્યાગ કરે છે તે અવસ્યમેવ વ્યાપકપણાના પદને પામે છે. અને તેનેજ ધન્ય ધન્ય છે.

(આ વિજ્ઞાન નૌકા-સમ બ્રહ્મપાદનું જ્ઞાન આપનારી છે) એ પ્રમાણે શ્રીમત્ આદ્ય શંકરાચાર્ય મહારાજની રચેલી વિજ્ઞાન નૌકા-આ ભારતવર્ષના અધિકારી ભક્ત-સંતસમાગમી. પરમપ્રેમી: દાનધર્મ ઊદારતા આદિ નાના પ્રકારના સાધનોથી યુક્ત પુરૂષોના કલ્યાણરૂપ હો. તથાસ્તુ:

"ૐ" ૐ તત્સત્.

ॐ श्री गणेशाय नमः ॥

शुद्धि पत्रक.

(ભૂમિકાનું શુદ્ધિ પત્રક.)

પાન	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૬	૩૨	વ્યષ્ટિ તે સમષ્ટિનો	વ્યાષ્ટ ને સમષ્ટિનો
૭	૭	તૂય	તૂર્ય
૯	૯	(શી)	શી
૧૦	૧૧	રૂપે ન રહે	રૂપે રહે
૧૧	૨૩	चेवा	चैत्रा
૧૩	૧૮	સ્વભિમાની	સાભિમાની
૧૫	૨૮	જાણુશો	જાણુશે
૧૬	૨૩	વણુસંકર	વર્ણુસંકર
૧૮	૩૪	સમવાદ	સમપાદ
૨૪	૧૧	સમજી જાવી	સમજી સમજાવી
૨૪	૨૫	પચાયતનું	પંચાયતનમાંના કોઇ એકનુ-
૨૪	૩૩	પોતાના કલ્યાણુને માટે સર્વ વર્ણાશ્રમ ધર્મવાન બંધુઓને વેદાદિ શાસ્ત્ર સમજાવવાને	પોતાના કલ્યાણુને માટે સર્વ વર્ણાશ્રમ ધર્મવાન બંધુઓને પોતપોતાના અધિકારપૂર્વક વેદાદિ શાસ્ત્ર પુરાણની સર્વભૂત હિત-કારિણી વાણી. સમજાવવાને
૨૫	૨	(કોઇ)	(યજ્ઞ સમાપ્તિ પછી યજ-માન કહે છે)
૨૫	૫	ભૃત્ય	ભ્રાતૃ
૨૫	૬	અતિ શૂદ્રને	આત્માયથી ભિન્ન—જનને
૪૧	૭	ધમ સંકરો	ધર્મ સંકરો
૪૫	૧૯	ક્રર	ક્રુર

(ગ્રંથનું શુદ્ધિ પત્રક)

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨	किरण १ लुं	वल्ली १ लो

૭	૫	ભ્રાનઓ	ભ્રાન્તિઓ
૮	૧૮	किरण २ जुं	वल्ली २ जी
૯	૨૩-૨૪	માણુ	માણુસ
૧૩	૧	किरण ३ जुं	वल्ली ३ जी
૨૭	૧૫	અધ	અર્થ
૨૭	૧૬	ભૂતત્વો	ભૂતતત્વો
૨૮	૨૦	वराग्य	वैराग्य
૩૧	૨૧	અથ	અર્થ
૩૭	૨૦	अव्यक्तां	अव्यक्त
૩૭	૨૨	शात्युयबृंहितं	शात्युपबृंहितं
૪૩	૩	સવના	સર્વના
૪૩	૪	સવ	સર્વ
૫૧	૨૫	चतन्य	चैतन्य
૫૩	૬	जीयकों	जीवकों
૬૧	૨	વણુવી	વર્ણુવી
૭૪	૨૧	शबलमजनी ल्याह	शवलमजनीस्याह
૭૮	૨૩	ધમ	ધર્મ
૭૮	૨૮	ગતિ	શ્રુતિ
૮૦	૨૩	श्वर	इश्वर
૮૩	૨૮	क० ३०	कै० उ०
૮૫	૧૧	અથ	અર્થ
૮૬	૧૨	તૂર્યાશ્રમી	તુર્યાશ્રમી
૮૭	૩૦	खणुबोधं	खण्डबोध
૧૦૬	૧૩	સમજાવ્યો	સમજાયો
૧૧૦	૨૭	विष्णुब्रह्म	विष्णुब्रह्म
૧૩૩	૧૫	शुन्यं	शून्यं
૧૩૩	૧૬	शुन्यं शुन्यार्धं	शून्यं शून्यार्धं
૧૩૩	૧૭	शुन्यं	शून्यं
૧૩૮	૧૦	सप्तशोले	सप्तशैले
૧૪૨	૧૫	सूर्या चन्द्रमसौ	सूर्या चन्द्रमसौ
૧૫૦	૧૬	बध्यायत्	बुध्यायत्
૧૬૦	પા ન—	૬૦	૧૬૦
૧૬૩	૨	સર્ગુણુ	સગુણુ
૧૬૬	૨૮	शिलब्रह्म	शिवब्रह्म
૧૬૭	૧૬	विणणुब्रह्म	विष्णुब्रह्म

૧૬૮	૩૨	સંભાળી છે કે	સમજાવી છે કે
૧૭૭	૨૮	तमोहो	तन्मोंहो
૧૮૨	૧	એટ	એટલે
૧૮૫	૨૦	प्राणश्चमे व्यानश्चमे ध्यानश्चमे	प्राणश्चमेऽपानश्चमे व्यानश्चमे
૧૮૫	૨૪	घनस्पतयश्चमे	वनस्पतयश्चमें
૧૮૫	૨૮	कल्पन्ताम् कल्पन्ताम् }	{ कल्पताम् कल्पताम्
૧૮૯	માર્જનમાં	બ્રહ્ય	બ્રહ્મ
૧૯૨	૭	કદાપિ મણ	કદાપિ પણ
૧૯૨	૨૨	વણીથી	વાણીથી
૧૯૭	૩૧	घिश्व	विश्व
૨૦૧	માર્જનમાં	પંચયતનની	પંચાયતનની
૨૦૬	૯	सिद्धयथमनघ	सिद्ध्यर्थमनघं
૨૦૭	૪	गणेशात्परः	गणेशात्परः

આ શિવાય મૂર્ત્તિને બદલે મુર્તિ–અને અમૂર્ત્તિને બદલે અમૂર્તિ છપાયું છે. તે વાંચક વર્ગ દૃષ્ટિ રાખી સુધારીને વાંચી લેશે અને અન્ય પણ દૃષ્ટિદોષથી રહી ગયેલું ભાસે તો તેને પણ સુધારીને વાંચશે.

૨૨૬	૫	मूर्त्तव	मूर्त्तत्व
૨૩૦	૩૩	અછે	અને
૨૫૬	૨	ગણેસનો	ગણેશનો

આ શિવાય, હ્રસ્વઈ–દીર્ઘઈ–વિગેરે તથા વિરામોની ભુલચુક રહેલી દર્શાય–અગર પોતાને ગમેતેવી ભુલ દર્શનમાં આવે તો તેનું યોગ્ય રીતે શોધન કરી લેવા વિજ્ઞપ્તિ છે.

પ્રકાશક.

" ॐ तत्सत्ब्रह्मार्पणम् "

સુરત.

૧ શ્રીમદ્ વલ્લભકુલ ભૂષણ શ્રીમદ્ ગૌસ્વામી શ્રીબ્રિજ રતનલાલજી મહારાજ
૧ રા. રા. મોરારભાઇ વિજભુખણદાસ માળવી
૧ ,, સા. મધુવચરામ બલવચરામ હોરા [માજી જડજ]
૧ ,, ,, લલીતાશંકર લાલશંકર વ્યાસ
૧ ,, ,, વામનશંકર મણીશંકર દીક્ષિત (બી. એ. એલ. એલ. બી.)
૧ ,, બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
૧ રા. રા. છબીલારામ દોલતરામ દીક્ષિત
૧ ,, બાલકૃષ્ણ વિરભદ્ર પાઠેકજી (બી. એ. એલ. એલ. બી.)
૧ ,, મોહનલાલ પાર્વતીશંકર દવે (એમ. એ. એલ. એલ. બી.)
૧ ,, ગુલાબજીભાઇ કંથડજીભાઈ દેશાઇ [પેન્સનર મામલતદાર]
૧ પરમવિદુષિ બાજીગૌરી બ્હેન—મુનશી
૧ રા. રા. ઇશ્વરલાલ ગૌરીશંકર દાક્તર
૧ ,, કેશવલાલ મોતીલાલ મેહેતા દાક્તર
૧ ,, એસ. એલ. બર્મન ડાકટર
૧ ,, મણીશંકર પાર્વતીશંકર વૈદ્યશાસ્ત્રી
૧ ,, રણછોડલાલ કાશીરામ જ્યોતિર્વિદ
૧ ,, ચીમનલાલ ઠાકોરદાસ પંડ્યા
૧ ,, દ્વારકાંદાસ કેવલરામ મારફતીયા
૧ ,, ગોરધનદાસ કેવળરામ મારફતીયા
૧ ,, મંછારામ શિવલાલ ખાંડવાળા
૧ ,, વરજદાસ લાલભાઇ ખાંડવાળા
૧ ,, નગીનદાસ નરોતમદાસ ખાંડવાળા
૧ ,, ગંગારામ વરજદાસ ભરતીયા
૧ ,, ઘેલાભાઇ ભગવાનદાસ ચોકસી
૧ ,, વસનજી દયાળજી ગણાત્રા.
૧ ,, જનસુખરામ નરહરરામ કવ
૧ ,, અમૃતલાલ જગન્નાથ ભાભી—નાજર
૧ ,, ગોપાળ ત્રિંબક દાંડેકર
૧ ,, પ્રેમજી દયાળજી ઇન્જીનીયર
૧ ,, વિઠ્ઠલભાઇ જેકીશનદાસ ઝવેરી
૧ ,, ભુલાભાઇ ખુશાલદાસ દેશાઈ
૧ ,, ઠાકોરદાસ પ્રાણજીવનદાસ શાહ
૧ ,, કલ્યાણદાસ કાશીદાસ મેહેતા
૧ ,, નરભેરામ હરનારાયણ માસ્તર
૧ ,, નીછાભાઇ ગાંડાભાઈ શુકલ
૧ ,, ઓચ્છવલાલ મણીશંકર શુકલ
૧ ,, દયાશંકર ભાઇશંકર શુકલ
૧ ,, દેવશંકર વજેરામ ભટ્ટ
૧ ,, હરિપ્રસાદ ગણપતરામ ભટ્ટ.
૧ ,, અંબાલાલ વિષ્ણુશંકર જાની
૧ ,, નરનારાયણ કાશીરામ જોશી
૧ ,, રતનરામ જમીયતરામ ત્રીવેદી
૧ ,, મીઠુભાઇ મણીલાલ દેશાઇ
૧ ,, તુલજારામ રામશંકર ભટ્ટ
૧ ,, માધવરામ કલ્યાણદાસ વ્યાસ.
૧ ,, કુશળરામ રઘુરામ તલાટી (કુડસદ)
૧ ,, ચુનીલાલ ભીખારીદાસ મજમુંદાર
૧ ,, વિજુભાઇ હરગોવિંદદાસ ઝવેરી
૧ ,, જેકીશનદાસ લાલભાઇ પચીગર
૧ ,, હરિશંકર ધનજીભાઇ જોશી
૧ ,, નાનાભાઇ હરજીવનદાસ સુખડીયા
૧ ,, જેઠાભાઈ ગોવીંદદાસ સુખડીયા
૧ ,, જીણાભાઇ નરોતમદાસ સુખડીયા
૧ ,, છોટુભાઇ નાથુભાઇ સુખડીયા
૧ ,, સુમનલાલ પ્રાણજીવનદાસ શાહ
૧ ,, ઠાકોરદાસ મોતીરામ દલાલ
૧ ,, જેકીશનદાસ ત્રિભોવનદાસ કાપડીયા
૧ ,, વિઠ્ઠલદાસ મોતીરામ ચોકસી
૧ ,, નાથુભાઇ શીવલાલ પટેલ
૧ ,, નારણદાસ મોતીરામ ગાંધી
૧ ,, ચીમનલાલ મગનલાલ લુહાર
,, ખંડુભાઇ નરોતમભાઇ દેશાઇ
૫ ,, મણીલાલ દુર્લભભાઇ દેશાઇ
૧ ,, કેશવલાલ પરસોતમદાસ સોની
૧ ,, છોટાલાલ બાલમુકનદાસ સોની

૧ ,, જેઠાભાઇ જગજીવનદાશ સોની
૧ ,, શંકરલાલ ભુલાભાઇ સોની
૧ ,, નાગરભાઇ વસનજી દેશાઇ
૧ ,, જેકીશનદાસ કુબેરદાસ સોની
૧ ,, નાથુભાઇ મોતીરામ સોની
૧ ,, છોટાલાલ અંબારામ સોની
૧ ,, ધીરજલાલ રતનલાલ સોની
૧ ,, ઇશ્વરલાલ નગીનદાસ સોની
૧ ,, નાથુભાઇ માણેકલાલ સોની
૧ ,, નાથુભાઈ ભગવાનદાસ સોની
૧ ,, ઠાકોરદાસ નગીનદાસ સોની
૧ ,, માણેકલાલ નગીનદાસ સોની
૧ ,, માણેકલાલ જમનાદાસ સોની
(ભક્તરાજ)
૧ ,, મણીલાલ છોટાલાલ સોની
૧ ,, હરીકીશનદાસ લાલભાઇ ચલકપાડનાર
૧ ,, ખુશાલદાસ કેશવજી પટેલ
૧ ,, રંગીલદાસ ભુખણદાસ પારેખ
૧ ,, રણછોડદાસ ભુખણદાસ જરીવાળા
૧ ,, જેકીશનદાસ જગજીવનદાસ જરીવાળા
૧ ,, ચીમનલાલ ત્રિભોવનદાસ જડીયા
૧ ,, કાળીદાસ હરગોવીંદદાસ ટોપીવાળા
૧ ,, દયારામ રામચન્દ્ર ખતરી
૧ ,, પ્રેમજી અવિચલ સુતાર
૧ ,, છગનલાલ નાથાભાઇ સુતાર
૧ ,, ઘેલાભાઇ પરસોતમ સુતાર
૧ ,, નાથાભાઇ ભગવાન સુતાર
૧ ,, ભીખાભાઇ નારણભાઇ સુતાર
૧ ,, આતમારામ ગોપાળ ખતરી
૧ ,, ચુનીલાલ જગજીવનદાશ લુહાર
૧ ,, જીણાભાઇ જગજીવનદાસ ઘાંચી
૧ ,, નથ્થુભાઇ મોતીરામ ગજ્જર
૧ ,, કહાનભાઇ ફકીરચંદ પટેલ
૧ ,, વલ્લભદાસ પરસોતમદાસ ખતરી
૧ ,, ભીખાભાઇ મોતીરામ વેપારી
૧ ,, નાથુભાઇ કીરપારામ સથવારા
૧ ,, લલ્લુભાઇ રામભાઇ રાણા

૧ ,, પરભુદાસ લક્ષ્મીદાસ પટેલ
૧ ,, ઠાકોરદાસ નાથુભાઇ
૧ ,, ચીમનલાલ ડાહ્યાભાઇ વેરાગીવાળા
૧ ,, ગુલાબદાસ છબીલદાસ સોની
૧ ,, જગમોહન બાલુભાઇ સોની
૧ ,, રંગીલદાસ કાશીદાસ શાહ
૧ ,, નાનાભાઇ કૃષ્ણરામ સોની
૧ ,, ચીમનલાલ સુરજરામ શાહ
૧ ,, રતનલાલ વેણીલાલ
૧ ,, લલ્લુભાઇ જગજીવન ખતરી
૧ ,, ઠાકોરદાસ લક્ષ્મીદાસ સુખડીયા
૧ ,, કલ્યાણદાસ સેવકરામ સુખડીયા
૧ ,, છોટાલાલ ભગવાનદાસ હીરાઘસુ
૧ ,, નાથુભાઇ તાપીદાસ હીરાઘસુ
૧ ,, ગુલાબચંદ દેવચંદ દલાલ
૧ ,, નાથુભાઈ આતમારામ ગજીવાળા
૧ ,, જેકીશનદાસ કલ્યાણદાસ ગજ્જર
૧ ,, નાનાભાઇ ગગલભાઇ ગજ્જર
૧ ,, જગમોહનદાસ વિજભુખણદાસ પચીગર

માંડવી જી. સુરત.

૧ રા. રા. પ્રાણશંકર પ્રેમશંકર શુકલ
૧ ,, જમીયતરામ રઘુરામ જોખાકર
૧ ,, હરીશંકર રામશંકર શુકલ
૧ ,, ઉત્તમાનંદ ગીરજાનંદ વજીર
૧ ,, પરસોતમ ઘેલાભાઈ સોની
૧ , છગનલાલ મોતીરામ સોની
૧ ,, દલપતરામ મોતીરામ સોની
૧ ,, નાથાભાઇ ગરબડ સોની
૧ ,, રતીલાલ જમનાદાસ સોની
૧ , રણછોડ ભગવાનદાસ સુખડીયા
૧ ,, ભુખણદાસ બાલુભાઇ સુખડીયા
૧ ,, જીવણલાલ તારાચંદ શાહ
૧ ,, આતમારામ ગુલાબચંદ સુખડીયા.
૧ ,, નાગરભાઇ નરસીભાઇ સુખડીયા.

નાંદોદ.

૧ રા. રા. બ્રહ્મચારી નાગેશ્વર મહારાજ
(લક્ષ્મીનારાયણનું મંદિર)
૧ ,, વિશ્વનાથ દામોદરભાઇ રાજગોર વકીલ

૧ ,, નારણજી અંબાલાલ દવે,
સરવે સે. હેડ ક્લાર્ક.
૧ ,, કેશવલાલ દલસુખરામ પુરાણી
૧ ,, અમૃતલાલ જગન્નાથ વ્યાસ
૧ ,, હીરાલાલ સુરજરામ જોશી
૧ ,, દેવપ્રસાદ વિશ્વનાથ જોષી
૧ ,, નવલરામ કાશીરામ પરોત
૧ , જસવંતરામ જગજીવન વૈદ્ય
૧ ,, હરીલાલ છગનલાલ પાઠક
૧ ,, સોમનાથ મોતીરામ શુકલ
૧ ,, ડાહ્યાભાઇ ભોગીલાલ ત્રિવેદી
૧ ,, રતનલાલ નાથાભાઇ પંડયા
૧ ,, તોળાશંકર હીમતરામ ભટ્ટ
૧ ,, જયશંકર રામચન્દ્ર પંડયા
૧ ,, અંબાલાલ ધનેશ્વર પંડયા
૧ ,, પરસોતમ ત્રીભોવનદાસ દોશી
૧ ,, જગન્નાથ મોતીલાલ પારેખ

મુંબાઇ.

૧ સ. રા. ત્રીભોવનદાસ નરોતમદાસ માલવી
સોલીસીટર એમ. એ. એલ.
એલ. બી.

કૈસરે હિન્દ

૧ પરમ વિદુષિ બ્હેન—શિવગૌરી બ્હેન ગજ્જર
૧ રા. રા. દામજી કેશવજી વૈશ્ય
૧ ,, વીરજી પેરાજી
૧ ,, વીઠ્ઠલભાઇ નાથાલાલ
૧ ,, ગુલાબભાઇ રઘનાથજી દેશાઇ
ડે. સ્ટે. માસ્તર મરીન લાઇનિ
૧ ,, કીનારીવાળા બ્રધર્સ
૧ ,, ચંદુલાલ ખુલાખીદાસ જરીવાળા
૧ ,, રમણલાલ માણેકલાલ સોની
૧ ,, રતનલાલ મૂળચંદ કંસારા
૧ ,, લલ્લુભાઇ અંબારામ કંસારા
૧ ,, ગીરધરભાઈ પ્રાણજીવનદાસ ઝવેરી
૧ ,, જમનાદાસ જેકીશનદાસ પાશાતાણીયા
૧ ,, જમનાદાસ જેકીશનદાસ જરીવાળા
૧ ,, ઉતમભાઇ નથુભાઇ જરીવાળા
૧ ,, છગનલાલ રણછોડદાસ જરીવાળા
૧ ,, લલ્લુભાઇ પરભુદાસ જરીવાળા
૧ ,, ફકીરચંદ ગંગારામ જરીવાળા
૧ ,, હીરાલાલ મગનલાલ શાહ
૧ ,, દેવીદાસ વિજભુખણદાસ માસ્તર
૧ ,, હરીલાલ ચુનીલાલ ઝવેરી
૧ ,, ભાઇલાલ બાપુજી બાલભટ્ટ
૧ ,, ગૌરીશંકર જેઠારામ રાવળ
૧ ,, ફકીરજી નવરોજજી દલાવીયા.
૧ ,, ભુખણદાસ ભગવાનદાસ હોટેલવાળા

ભરૂચ.

૨ રા. રા. સાકરલાલ ડાહ્યાભાઇ દેશાઇ (વકીલ)
૧ ,, દીનકરરાય નરભેરામ દેશાઇ
(એમ. એ. એલ. એલ. બી.)
૧ ,, ચુનુભાઇ ડાહ્યાભાઇ દેશાઇ
૩ ,, ઉત્તમરામ ધીરજરામ પરોત
૧ ,, અંબાલાલ દામોદરભાઇ
૧ ,, ફુલચંદ જગજીવનદાસ સોની
૧ ,, પ્રાણલાલ પરસોતમદાસ સોની
૧ ,, શંકરલાલ ઝવેરીદાસ ડાકટર
૧ ,, અમૃતલાલ જેઠાભાઇ જોશી
૧ ,, ચુનીલાલ શિવલાલ સોની
૧ ,, પરસોમદાસ હરજીવનદાસ સોની
૧ ,, કનૈયાલાલ નાથાલાલ સોની

અમદાવાદ.

૨ રા. બા. મનસુખરામ મૂળજીભાઇ
૧ ,, શિવશંકર બ્હેચરભાઇ વ્યાસ
૧ ,, વિશ્વનાથભાઇ
૧ ,, હરીલાલ મગનલાલ ભટ્ટ
૧ ,, રેવાશંકર મૂળજીભાઇ શુકલ
૧ ,, લક્ષ્મીલાલ ગુણવંતરાય
૧ ,, વૈકુંઠલાલ ઉત્તમરામ અલમૌલા
૧ ,, હરીપ્રસાદ પીતામ્બરદાસ

વીરપુર (વાડાસીનોર)

૨ રા. રા. મગનલાલ દલપતરામ ખડાયતાગોર

બોરસદ જી. ખેડા.

૧ રા. રા. મનસુખ ભુરાભાઇ સોની

હાંસોટ જી. ભરૂચ

૧ રા. રા. ભગુભાઇ પ્રાણવલ્લભદાસ દેસાઇ

ચાણોદ.

૧ રા. રા. બંસીલાલ ઉજમરામ ભટ્ટ
૧ ,, દોલતરામ કરસનલાલ ડાકટર
માંડવા ડીસ્પેન્સરી
૧ ,, રાજારામ નરભેરામ
૧ ,, મોતીલાલ ત્રીભોવન વૈદ્યરાજ

ડભોઈ

૧ રા. રા. મગળદાસ કેશવલાલ સોની
૧ ,, અંબાલાલ ગીરધરલાલ મેહેતા
૧ ,, ગંગાશંકર મહાશંકર વૈદ્ય
૧ ,, કૃષ્ણશંકર રેવાશંકર જડીયા

બારડોલી.

૧ રા. સા. લાભશંકર શામળભાઇ દ્વિવેદી
બી. એ. મામલતદાર
૧ રા. રા. મે. ડીસ્પેન્સરી ડાકટર સાહેબ

હાલોલ પચમહાલ.

૧ રા. રા. હરગોવીંદ પરભુરામ પંડ્યા
૧ ,, મોતીરામ પરભુરામ પંડ્યા
૧ ,, શંકરલાલ કુરણાશંકર

ઉમરેઠ

૧ રા. રા. હીરપાશંકર કુશળજી

વરસોડા દરબાર.

૧ શ્રીયુત્ ઠાકોર સાહેબ સુરજમલસિંહજી સાહેબ

લુણાવાડા.

૫ રા. રા. રસીકપ્રસાદ ભુલેશ્વર મહેતા
૧ ,, ચુનીલાલ તુળજાશંકર દવે
૧ ,, ચુનીલાલ શોભારામ ડાકટર
૧ ,, ત્રીકમલાલ કાળીદાસ જોશી
૧ ,, રણછોડ વિદ્યારામ ત્રવાડી
૧ ,, સબુર હરજીવન પંડયા
૧ ,, નર્મદાશંકર ગીરધર જોશી
૧ ,, મણીલાલ દામોદર પરીખ
૧ વે. શા. સં. સબુર હરીશંકર પુરાણી
૧ ,, નારણ રણછોડ દરજી
૧ ,, અરદેશર મંચેરશા મનાભાઇ
૧ ,, ત્રીકમલાલ બાપુજી
૧ ,, બાપુલાલ ઇશ્વર ઉપાધ્યા
૧ ,, દામોદર મોતીરામ ત્રીવેદી મહાલકરી
૧ ,, મનસુખ મોતીરામ પંડયા
૧ ,, જયશંકર મોતીરામ દવે
૧ ,, બાલમુકુંદ વૈદરાજ
૧ ,, પરસોતમ ગણપતરામ પંડયા
૧ ,, મહાસુખ પીતાંબર ઉપાધ્યા
૧ ,, સોમેશ્વર મોતીરામ સેવક
૧ ,, મણીલાલ ભાઇચંદ દોશી
૧ ,, મનસુખ મોતીરામ સુતાર

લંડન—વિલાયત.

૧ રા. રા. સદાશિવ નારાયણ મણીનારાયણ
દીક્ષિત્ બી. એ. એલ. એલ.
બી. વકીલ સુરતના

પરૂજણ તા. સુરત.

૧ રા. રા. નાથુભાઈ ડાહ્યાભાઇ દેસાઇ

ઓરપાડ

૧ રા. રા. પાર્વતીશંકર હરીશંકર જોશી
અવલકારકુન

ગોધરા.

૧ રા. રા. કેશવલાલ અમૃતરામ
ટેલીગ્રાફ માસ્તર
૧ ,, ધનેશ્વર ગીરજાશંકર વ્યાસ
૧ રા. સા. ભાઉરાય રણછોડરાય દેસાઈ
૧ ,, માધવલાલ મથુરભાઇ પાઠક

ફતેપુરા પ્રાંત વડોદરા.

૧ રા. રા. ચતુરભાઇ ગીરધરભાઇ પટેલ

આલીરાજપુર (દાહોર થઇને)

૧ રા. રા. ઝવેરલાલ ત્રિભોવનદાસ મહેતાજી

કતાર ગામ (સુરત)

૧ રા. રા. બાબરજી વસનજી દેસાઇ

આમોદ.

૭ રા. રા. સાંકળેશ્વર ભગવાનલાલ પંડયા
ડીસ્પેન્સરી ડાકટર

વડોદરા.

૧ રા. રા. બળવંતરાય નાનકેશ્વર ભટ્ટ
૧ ,, દોલતરામ પ્રભુરામ પંડયા
૧ ,, ત્રીકમલાલ પીતાંબરદાસ સોની

જનોડ (ખેડા).

૧ રા. રા. કાશીરામ હરજીવન ભટ્ટ કારભારી

સીંગનલી (લુણાવાડા)

૧ રા. રા. મગનલાલ મૂળશંકર ધોળકાના
સ્ટેશન માસ્તર

પ્રાંતીજ—અમદાવાદ

૧ રા. રા. નાનાલાલ કુબેરદાસ દેસાઇ
૧ ,, મોતીલાલ કુબેરદાસ દેસાઈ
૧ ,, કેશવલાલ મલુકચંદ દેસાઇ
૧ ,, મગનલાલ નારણદાસ દેસાઇ
૧ ,, નાથાલાલ મગનલાલ દેસાઇ
૧ ,, મણીલાલ દોલતરામ શાહ
૧ ,, છોટાલાલ નરભેરામ પંડયા
૧ ,, શિવશંકર ગીરજાશંકર ભટ્ટ
૧ ,, કાળીદાસ દલછારામ મીસ્ત્રી
૧ ,, શ્રી માર્કંડેશ્વર લાયબ્રેરી

મેહેલોલ તા. ગોધરા

૧ રા. રા. મણીશંકર મોતીરામ પંડયા
અવલકારકુન
૧ ,, આદીતરામ રાજારામ જાની
ફર્સ્ટ આ. માસ્તર

વાસણા (બહાદરપુર)

૧ રા. રા. હેતશંકર માધવલાલ

વસો (ખેડા).

૧ ,, મોહનલાલ દોલાભાઇ સોની

વલસાડ (સુરત).

૧ ,, ગોપાળજી દુર્લભભાઇ દેશાઇ

॥ श्रीगणेशाय नमः ॥

ॐकार स्वरूप श्रीमन्महागणाधिपतेः आरार्तिक्यम् ॥

जय देव जय देव जय सिद्धिजाने । जय बुद्धिजाने;
स्वीकुर्वारार्तिक्यं त्वद्दते नहि जाने ॥ ध्रु० ॥
देह चतुष्टयपुञ्जायितबिन्द्वालापं, ब्रह्मासत्वं वाच्यं चानेकितरूपम् ॥
तत्रैकंसूत्रितमण्यभिमान्यंकंपं, ब्रह्मन्तुर्धाभासंसोहंसद्रूपम् ॥१॥ जयदेव०
एतद्‌योगेब्रह्मासिपदाभिधानं, विकल्पकरणाद्वैधातत्स्वतउत्थानम्;
सांख्यंब्रह्मसदैवाहियत्स्वसुखेमग्नं,क्रीडाहीनतयापरमापिपरतोत्थानम् ॥२॥ जयदेव०
स्वपरोत्थानाविहीनं स्वानंदैकभरं, ब्रह्म तु सकलाभेदं तत्संयोगकरम्;
स्वसुखंत्रेधामितितो बोद्धव्यंतदरं, समाधिरूपं जातंपञ्चविधं मत्परम् ॥३॥ जयदेव०
द्वेधा पंचसु यदभिजभावाद्भिन्नं, स्वतश्च परतोभेदात्तस्यपदुत्थानम्;
तत्संयोगेश्रौतं ब्रह्मेति च कथनं, ब्रह्मासीत्यनुभवमययोगिहृज्ज्ञानम् ॥४॥ जयदेव०
ब्रह्मासद्रूपं तत्खलु निगमोद्गीर्णं, शाक्तमसन्मयरूपं ज्ञातव्यं पूर्णम्;
तत्रात्मत्वात्सौरंचामृतमयशरणं, सूर्याख्यंसद्ब्रह्माखिलसवनात्पूर्णम् ॥५॥ जयदेव०
शाक्तमसत्सौरंसत्तदुभययोगेतत्, ब्रह्मसमाख्यंवैष्णवमुभयोर्नन्दनकृत्;
त्रिविधमयंब्रह्मपरंत्रिविकृतिहीनंयत्, तुर्यंसहजंशैवंत्रिः कृत्वानयभृत् ॥६॥ जयदेव०
शाक्तं सौरं वैष्णवमेतत्त्रयगात्रं, ब्रह्मस्वस्वविहारे धृतमोहिनमात्रम्;
एवं त्रिविधविहीनंब्रह्मतु तद्दात्रं, तुर्यंस्वाधीनंशिवमिति मोहापात्रम् ॥७॥ जयदेव०
एवं वेदाभेदे यद्वेदविभाव्यं, ब्रह्मतु निजवेद्यात्मकयोगेनाप्तव्यम्;
स्वानंदाख्यं सर्वाभेदाभेदमयं, पूर्णभवमत्ययमपरूपं मुनिभव्यम् ॥८॥ जयदेव०
शाक्तमसन्मयसुन्दरलंम्बोदरदेहं, सौरं मकटं विकटं सत्वृत्तमदेहम्;
वैष्णवमानन्दसममथ वैघ्नेशोहं, सुभ्रूमवर्णे शैवंनैति निर्मोहम् ॥९॥ जयदेव०

त्रिविधांसिद्धिमचुरंतुर्यंबुद्धिमयं, उभयपतेमोचयममगमनागमसमयम् ;
भोस्वानंदनिवासिन्गणेशंतनयं,कृपयापाहिगणाधिपकुरुनिजपदसनयं।१०।जयदेव०
आद्यं देवंहृद्यं त्रिभुवनयंतारं, निगमशिखासंवेद्यं जगदुर्यंतारम् ॥
शंभ्वादीन्कथयंतंत्विातिगीतासारं,याथार्थ्येनोपास्यंवरनैगमसारम् ॥११॥ जयदेव०

॥ इतिशम् ॥ श्रीहेरंबार्पणमस्तु ॥

॥ वेदान्ते परमं गुह्यं पुरा कल्पे प्रचोदितम् ॥
॥ ना प्रशान्ताय दातव्यं ना पु[illegible]शिष्याय वा पुनः ॥१॥
॥ यस्यदेवे पराभक्ति यथाः देवे तथा गुरौ ॥
॥ तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥२॥

ॐ सहना ववतु । सहनौ भुनक्तु । सह वीर्य्यं [illegible]रवा वहै ॥ तेजस्विना वधीतमस्तु मा विद्विषा वहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः॥ ॐ ॐ ॐ

ॐ तत् सत

ૐ



॥ श्री मन्महागणाधिपतये नमोनमः ॥

ૐકારસ્વરૂપિ શ્રી પંચાયતન સદ્દગુરૂ પરમાત્માની

आरति

ૐ જયજય સદ્દગુરૂ દેવ, પ્રણુવ સ્વરૂપ મૂર્તિ (૨)
પ્રીતે આરતિ ગાઉં (૨) પંચાયતન મૂર્તિ—ૐ જયજય ટેક.
ૐ આદિ કારણુ ઈશ, ધી પ્રેરક ઢુંઢી ગુરૂ (૨)
સગુણુ નિર્ગૂણુ રૂપ, (૨) હૃદવાસિત ઢુંઢી ॥
સ્વાનંદે પરમાનંદ, સિદ્ધિપતિ ઢુંઢી ગુરૂ (૨)
દૂર્વા પ્રિય લંબોદર, (૨) સચ્ચિદાનંદ ઢુંઢી—ૐ જયજય. ૧
ૐ શિવહર શિવહર શંકર, ઇંદુધર શંભો ગુરૂ (૨)
માયાધર ગંગાધર, (૨) મદનાંતક શંભો ॥
અદ્વૈત વાસી તુર્યક, કૈલાસી શંભો ગુરૂ (૨)
વૃષાભાસંન હલાહલ, (૨) પાનકરા શંભો—ૐ જયજય. ૨
ૐ વૈકુંઠાધિપ માધવ, પીતાંબર વિષ્ણુ ગુરૂ (૨)
કમલાધર ગરૂડાસન, (૨) નારાયણુ વિષ્ણુ ॥
ત્રીસમ પદ ગોવરધન, ક્ષીરવાસિ વિષ્ણુ ગુરૂ (૨)
વાસુદેવ ગોપાલક, (૨) ગોવિંદ મુલ વિષ્ણુ—ૐ જયજય. ૩
ૐ ઉદયાચલ શિખરાગ્રે, પ્રકાશકર ભાનું ગુરૂ (૨)
આત્મા સ્વાત્મા દેવ, (૨) સવિતા શ્રી ભાનું ॥
અત્પદ તિમીરહંતા, ભાસ્કર શ્રી ભાનું ગુરૂ (૨)
આદિત્ય પરમાલ્હાદં, (૨) જ્ઞાનસુતે ભાનું—ૐ જયજય. ૪
ૐ જય દેવી ગુણુજનની, પ્રણુવાત્મક દુર્ગા ગુરૂ (૨)
ત્રિગુણાતીત ત્રિએકા, (૨) સર્વેશ્વરી દુર્ગા ॥
પતીત પાવનિ અંબા, બુદ્ધિરૂપ દુર્ગા ગુરૂ (૨)
त्वंतत् પદ જગદંબા, (૨) **पूर्णानंद** દુર્ગા—ૐ જયજય. ૫

॥ શ્રી સદ્‌ગુરૂવેનમોનમઃ ॥

શ્રી ગાયત્રી પુરશ્ચરણાલય-શ્રી ગણપતિ મંદિર-લુણાવાડા

તરફથી

અત્યાર સુધીમાં પ્રકટ થયેલા સનાતન વેદધર્મના ગ્રંથોની યાદી.

स्वानन्द ब्रह्म विलास-पूर्वार्ध-વેદાન્ત કાવ્યમાળા.	૧—૪—૦
स्वानन्द ब्रह्म विलास-उत्तरार्ध-વેદાન્ત કાવ્યમાળા.	૧—૪—૦
स्वानंद महोदधि વેદાન્ત કાવ્યમાળા.	૧—૮—૦
अद्वैत चिन्तामणि. (શ્રીશંકરાચાર્યના વેદાન્તની સમજણ.)	૨—૦—૦
निरालम्बोपनिषद्-ગુજરાતી ટીકા ભાષા મૂળ સાથે.	૦—૮—૦
सनातन धर्म भास्कर.	૦—૬—૦
श्री गणेशाथर्वशिर्ष-મૂળ સાથે ભાષ્ય-ગુજરાતીમાં.	૦—૮—૦
गणेश महिम्न મૂળ-ગુજરાતી ટીકા સાથે.	૦—૨—૦
कलि दिग्दर्शन મૂળ-ગુજરાતી ટીકા સાથે.	૦—૨—૦
प्रणव दर्शन ૐકારનો નકશો.	૦—૨—૦
प्रणव दर्शन रहस्य-ૐકારની પંચપુટીનો નકશો.	૦—૧—૬
ब्रह्मांड वृक्ष.	૦—૧—૦
जिवन्मुक विलास-ગુજરાતી કાવ્ય.	૦—૧—૦
ॐकार-ब्रह्म उपासना અને **मूर्तिपूजा.**	૨—૮—૦

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

લુણાવાડા—શ્રી ગણપતિ મંદિર.

સુરત—રા. રા. ગોપાલત્ર્યંબક-દાંડેકર.

ભાગાતલાવ—

અથવા શ્રી શારદાપીઠના પ્ર. પ્ર. શ્રીસદ્‌ગુરૂ શ્રીમાન્ પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજના મુકામ ઉપરથી મળશે.